# અમૃત-પ્રવચન

## (ભાગ-૬)


(પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના અમૃત પ્રવચનોનું અક્ષરશઃ પુસ્તક)




: પ્રકાશક :

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

દાદર (વેસ્ટ), મુંબઈ



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પૂજ્ય શ્રી કહાન અમૃતવાણી પુષ્પ-૬

ૐ

# અમૃત પ્રવચન

## (ભાગ-૬)

**પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર**
**પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના**
**અમૃત પ્રવચનોનું અક્ષરશઃ પુસ્તક**

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન નં. ૧૫૧ થી ૧૮૧)
(પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત નં. ૩૮૦ થી ૪૩૨)

—: પ્રકાશક :—

**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**

દાદર (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૮

પ્રથમ આવૃત્તિ   પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૭૦   વીર સં. ૨૫૪૦   ઈ.સ. ૨૦૧૪

-: **પ્રકાશન તિથિ** :-

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૫મો જન્મ મહોત્સવ,

વૈશાખ સુદ-૨, તા. ૧-૫-૨૦૧૪

## : પ્રાપ્તિસ્થાન :

* **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦**
જિ. ભાવનગર
**ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪**

* **શ્રી મહાવીર ભગવાન દિ. જિનમંદિર**
**C/o શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,**
૨૭૧-૨૯૩, એન.સી. કેલકર રોડ,
શિવાજી પાર્ક પોસ્ટ ઓફિસ સામે
દાદર (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૨૮**
**ફોન નં. ૦૨૨-૨૪૩૦ ૩૧૫૭**

* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨-૨૬૧૩ ૦૮૨૦ / ૨૬૧૦ ૪૯૧૨

* **શ્રી સીમંધર ભગવાન દિ. જિનમંદિર**
**C/o શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
પ્લોટ નં. ૭૪૨, પૂજ્ય ગુરુદેવ
શ્રી કાનજીસ્વામી માર્ગ, સીંપોલી કોર્નર,
સોનીવાડી સામે, બોરીવલી (વેસ્ટ),
**મુંબઈ-૪૦૦૦૯૨**
**ફોન નં. ૦૨૨-૨૮૯૯ ૧૩૭૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**

# પ્રકાશકીય નિવેદન

ભારતની ભવ્ય વસુંધરા એ સંતરત્નો પાકવાની પવિત્ર ભૂમિ છે. તેમાં સૌરાષ્ટ્ર આગળ પડતું નામ છે. અર્વાચીનયુગમાં સૌરાષ્ટ્ર એ અધ્યાત્મપ્રધાન જૈન ગગનમંડળમાં ચમકતા નક્ષત્રો સમા સમીપ સમયજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્ર, અધ્યાત્મયુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ સ્વાનુભવ વિભૂષિત પવિત્રાત્મા બહેનશ્રી ચંપાબેન** જેવા અસાધારણ સ્વાનુભૂતિ ધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપી સૌરાષ્ટ્રની ધરતી પુણ્યભૂમિ બની છે.

પરમ દેવાધિદેવ ચરમ તીર્થંકર પરમ પૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુ પરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ''પરમાગમ સમયસાર' વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ સમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી જેમણે સૌરાષ્ટ્ર, ગુજરાતમાં, સમગ્ર ભારતવર્ષમાં તેમજ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવી વર્તમાન સદીના વિષમય ભૌતિક યુગમાં દુઃખી જીવોનો ઉદ્ધાર કર્યો છે તે જિનશાસન પ્રભાવક, કરૂણામૂર્તિ, **પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની** શુદ્ધાત્મ સુધારસ મંગલમય પવિત્રતા, પુરુષાર્થથી ધબકતું ધ્યેયનિષ્ઠ સહજ વૈરાગ્ય નીતરતું ઉત્તમ બાલબ્રહ્મચર્ય સહિત પવિત્ર જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તો પણ ઘણા પૃષ્ઠો ભરાય તેમ છે. તેઓશ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર કે તેઓશ્રીએ પૂજ્ય બહેનશ્રીની ઓળખ જગતને આપી. પૂજ્ય બહેનશ્રીના પરિણમનમાંથી નીકળેલા શબ્દો એટલે ''બહેનશ્રીની વચનામૃત'' આ વચનામૃતમાં અનુભવનો સાર, સમયસારનો સાર, બધા જ શાસ્ત્રોનો સાર આવી ગયો છે. સાદી ભાષામાં પરમ સત્ય બહાર આવ્યું છે. જૈન-જૈનેતર બધાને સમજાય તેવો અધ્યાત્મમાર્ગનો ખજાનો આ વચનામૃતમાં છે. જગતના ભાગ્ય છે કે આ અલૌકિક પુસ્તક બહાર આવ્યું—

વિશિષ્ટ જ્ઞાન વિભૂષિત, સ્વાનુભૂતિ પરિણત **પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની** પવિત્ર મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્તરૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ ગંભીર છતાં સાદા-સરળ એવા તેમના ''વચનામૃત'' વિધવિધ કોટિના સર્વજીવોને અતિ ઉપકારક થાય છે. વસ્તુસ્વરૂપને શુદ્ધાત્મ દ્રવ્ય સામાન્યની મુખ્યતાપૂર્વક

અનેકાંત સુસંગત દ્રવ્ય પર્યાયસ્વરૂપ નિજ આત્મતત્ત્વને હસ્તકમલવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે.

કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીની સભામાં પણ પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિ વિભૂષિત પવિત્રતા, અનેક ભવસંબંધી ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણ જ્ઞાન અને ''વચનામૃત''ની વિશિષ્ટતાનો મુક્ત કંઠે પ્રકાશ કરતા પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રસન્ન મુદ્રા હજારો શ્રોતાઓની સ્મૃતિપટમાં સ્પષ્ટપણે તરે છે.

પૂજ્ય બહેનશ્રીની ગુણ-ગંભીર દેવ-ગુરુના પરમભક્ત, અંતરંગમાં ખૂબ જ મહાન અને પવિત્ર અને બાહ્યમાં અતિ નિર્લેપ હતા તેમની નિર્વિકલ્પ આનંદમય અદ્ભુતદશા પારખી પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમને ''ભગવતી'', ''જગદમ્બા'' જેવા અસાધારણ વિશેષણો આપ્યા છે.

જૈન ધર્મની ગીતા એટલે 'બહેનશ્રીનાં વચનામૃત' અને મુમુક્ષુજગત માટે અમૃતની વેલડી, પૂજ્ય બહેનશ્રી લઘુવયથી જ ઉગ્ર પુરુષાર્થી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે તેવી તીખી તમન્ના, ખટક, પુરુષાર્થ, ગુરુનો મહિમા, મુમુક્ષુની ભૂમિકા, ભેદજ્ઞાન, જ્ઞાની પુરુષની અંતર-બાહ્યદશા, આત્મ પ્રાપ્તિ કરવાની રુચિ, મુનિદશાનું વર્ણન વચનામૃતના બોલમાં દેખાય છે. 'વચનામૃત'માં ૪૩૨ બોલ છે તેના પર ૧૮૧ પ્રવચનો થયા છે તે ટેપ પ્રવચનો અક્ષરશઃ લખીને ૬ ભાગમાં પ્રકાશિત કરવાનું નક્કી કરેલ. **તેમાંનો આ છેલ્લો છઠ્ઠો ભાગ છે. આ અમૃત પ્રવચન ભાગ–૬મા વચનામૃત ૩૮૦ થી ૪૩૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૧૫૧ થી ૧૮૧ સુધી લીધા છે.** ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી ટેપ પ્રવચન સાંભળતી વખતે **અક્ષરશઃ પ્રવચન** વાંચન પદ્ધતિ સ્વાધ્યાય હેતુએ મુમુક્ષુઓને ઘણી જ સુગમ અને અનુકૂળ થઈ હોવાથી પ્રકાશિત કરતા અત્યંત હર્ષ થાય છે.

'બહેનશ્રીનાં વચનામૃત'માં સમાવિષ્ટ અનેક આધ્યાત્મિક વિષયો પર પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવચનગ્રંથમાં જે અદ્ભુત છણાવટ કરી છે—તળસ્પર્શી ખુલાસા કર્યા છે તે વાંચીને આશ્ચર્ય થાય છે. અહા ! આવા અલૌકિક ભાવો ભર્યા છે ! આ વચનામૃત અમૃત છે અને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પણ અમૃત છે તેથી આ પ્રવચનગ્રંથનું નામ **''અમૃત પ્રવચન''** એમ રાખ્યું છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્ય દેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય! કેવો ભવ્ય સંગમ! આ દિવ્યદેશનાનું મૂલ્ય કઈ રીતે થાય? પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કરી દીધા છે.

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું વારંવાર અમૃતપાન કરી લેવા જેવું છે. એકેક બોલમાં અર્થ, ગાંભીર્ય, તત્ત્વના વિષયનું ઉંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, જગતના જીવો પ્રત્યે કરુણાપૂર્ણ પવિત્રતાની ભાવના વગેરે અનેકાનેક ગુણોનું દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવને અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

આ પ્રવચનો ટેપમાંથી અક્ષરશઃ લખી લેવા બદલ તેમજ ફરી તપાસી જવા બદલ શ્રી નિલેશભાઈ જૈન—ભાવનગરનો આભાર માનવામાં આવે છે. અમારા મંડળના શ્રીમતી જાગૃતિબેન નલિનભાઈ વોરા, શ્રીમતી સ્મિતાબેન અતુલભાઈ ટીમ્બડીયા આ લખાણ ફરીથી ટેપ પ્રવચન સાંભળીને કોઈ મુદ્રણદોષ નથી તે ચકાસી લેવા બદલ તેમ જ શ્રી વિનોદભાઈ સાવલાએ પણ પ્રવચનમાંથી કાંઈ ન રહી જાય તેમ દરેક પ્રકારે તપાસીને સહકાર આપ્યો છે. તે સર્વનો શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ હૃદયપૂર્વક આભાર માને છે. આ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થયેલ ''અમૃત પ્રવચન'' ૬ ભાગમાં પ્રસિદ્ધ થશે તેમાં અનુમોદના કરી દાન આપ્યું છે તે સર્વેનો હૃદયથી આભાર માનવામાં આવે છે. દાનની રાશિ અન્યત્ર છાપવામાં આવી છે. આ પ્રવચન ગ્રંથ માટે દાનરાશિ આપનાર મુમુક્ષુઓની ભાવના અનુસાર આ પુસ્તક દરેક તત્ત્વપ્રેમી મુમુક્ષુને **વિનામૂલ્યે સ્વાધ્યાય અર્થે** આપવું તેવું નક્કી કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં આવેલ વ્યક્તિ નામ/સંબોધન લીધેલ નથી.

આ પ્રવચન ગ્રંથને સુંદર રીતે સમયસર છાપી આપવા બદલ સ્મૃતિ ઓફસેટ, સોનગઢનો હૃદયપૂર્વક આભાર માને છે.

અંતમાં ''પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત'' ઉપરના અમૃત પ્રવચનોનાં અક્ષરશઃ પુસ્તક ભાગ ૧ થી ૬ સ્વાધ્યાય કરી આપણે સૌ પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરી, જ્ઞાની ધર્માત્માઓના ઉપકારને યથાર્થ કરીએ એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

અમારા મંડળને પ્રત્યક્ષ ઉપકારી બન્ને ધર્માત્માઓના અમૃત વચનોને પ્રકાશિત કરવાનો અવસર મળ્યો તે બદલ અમે દેવ-શાસ્ત્ર-ગુરુની કૃપા સમજીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
૧૨૫મો જન્મ મહોત્સવ, સોનગઢ
વૈશાખ સુદ-૨, તા. ૧-૦૫-૨૦૧૪
પૂજ્ય બહેનશ્રી જન્મ-શતાબ્દિ વર્ષ

લિ.
શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુ મંડળના
જય જિનેન્દ્ર

{ ૪ }

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં. બહારનો અભ્યાસ તો જીવોને અનાદિથી છે પરંતુ ચૈતન્યનો અભ્યાસ તો આ કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ઘણાં વર્ષો સુધી કરાવ્યો છે. તેમની વાણી રસબસતી-કસદાર હતી. તેમના અંતરમાં શ્રુતની ધારા અને તેમની વાણીમાં પણ શ્રુતની ગંગા વહેતી હતી. તેમની મહા આશ્ચર્યકારી મુખમુદ્રા-શાંતરસ ઝરતી. તેમનાં નયન ઉપશમરસ ભરપૂર. અહો! પૂજ્ય ગુરુદેવશ્રી તો ભરતનું સૌભાગ્ય હતાં, ભરતક્ષેત્ર ભાગ્યશાળી કે પૂજ્ય ગુરુદેવશ્રી અહીં વિદેહથી સીધા પધાર્યા. સૌરાષ્ટ્ર ભાગ્યશાળી, જૈનસમાજ મહાભાગ્યશાળી. પૂજ્ય ગુરુદેવશ્રીએ સાચું જિનશાસન પોતે પ્રગટ કર્યું. પ્રસિદ્ધપણે સમજાવ્યું અને આવો કાળ તો કોઈક કાળે આવે છે. અહો! આ સોનગઢમાં તો ૪૫-૪૫ વર્ષ સુધી મૂશળધાર વરસાદની માફક મિથ્યાત્વના બાઝી ગયેલા ચીકણા સેવાળ જેવા પાપભાવને ઉખેડી નાખવા ઝંઝાવાતી વાયરાની જેમ પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્યક્શ્રુતની પ્રભાવના કરી હતી. તેમની કૃપા આપણાં ઉપર સદૈવ હતી. આપણે તો તેમના દાસ છીએ. અરે દાસ તો શું? દાસાનુદાસ જ છીએ.

❀

અહો! પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમગ્ર ભરતને જાગ્રત કરી દીધું છે. તેમનો તો આ ક્ષેત્રના સર્વ જીવો ઉપર અમાપ ઉપકાર છે. અનંત અનંત ઉપકાર છે, પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અનાદિ મંગળરૂપ તીર્થંકરનું દ્રવ્ય હતું. વળી તેમને વાણીનો યોગ અદ્ભુત–અનુપમ અને અપૂર્વ હતો. પૂજ્ય ગુરુદેવશ્રી અનુપમ દ્રવ્ય હતા. અપૂર્વતાના દાતાર–તેમની વાણી સાંભળનારા પાત્ર જીવોને અંતરથી અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નહિ. ઉપાદાન સૌ સૌને પોતપોતાનું પણ તેઓશ્રીનું નિમિત્તપણું પ્રબળમાં પ્રબળ હતું. તેમને સાંભળનારને અપૂર્વતા ભાસ્યા વિના રહે જ નહીં. તેમની વાણીનો એવો અતિશય હતો કે તેમને સાંભળનાર કોઈપણ જીવ કદી પણ કંટાળીને ઊભો થઈને તેમનું વક્તવ્ય સાંભળવાનું છોડીને ઊઠી ગયો હોય તેમ બનતું નહિ. એવો પરમ કલ્યાણકારી ઉપદેશ હતો.

**–પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી**

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | વચનામૃત | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૧૫૧ | ૧૫-૧૧-૧૯૭૮ | ૩૮૦, ૩૮૧ | ૧ |
| ૧૫૨ | ૧૬-૧૧-૧૯૭૮ | ૩૮૨, ૩૮૩ | ૧૫ |
| ૧૫૩ | ૧૭-૧૧-૧૯૭૮ | ૩૮૪, ૩૮૫ | ૨૯ |
| ૧૫૪ | ૧૮-૧૧-૧૯૭૮ | ૩૮૫, ૩૮૬ | ૪૪ |
| ૧૫૫ | ૧૯-૧૧-૧૯૭૮ | ૩૮૭, ૩૮૮ | ૫૭ |
| ૧૫૬ | ૨૦-૧૧-૧૯૭૮ | ૩૮૮, ૩૮૯ | ૭૪ |
| ૧૫૭ | ૨૧-૧૧-૧૯૭૮ | ૩૯૦ | ૮૯ |
| ૧૫૮ | ૨૨-૧૧-૧૯૭૮ | ૩૯૧, ૩૯૨, ૩૯૩ | ૧૦૪ |
| ૧૫૯ | ૨૩-૧૧-૧૯૭૮ | ૩૯૩, ૩૯૪ | ૧૧૮ |
| ૧૬૦ | ૨૪-૧૧-૧૯૭૮ | ૩૯૫, ૩૯૬ | ૧૩૧ |
| ૧૬૧ | ૨૫-૧૧-૧૯૭૮ | ૩૯૭, ૩૯૮, ૩૯૯ | ૧૪૪ |
| ૧૬૨ | ૨૬-૧૧-૧૯૭૮ | ૩૯૯, ૪૦૦, ૪૦૧ | ૧૫૬ |
| ૧૬૩ | ૨૭-૧૧-૧૯૭૮ | ૪૦૧, ૪૦૨, ૪૦૩ | ૧૭૦ |
| ૧૬૪ | ૨૮-૧૧-૧૯૭૮ | ૪૦૪, ૪૦૫, ૪૦૬ | ૧૮૪ |
| ૧૬૫ | ૨૯-૧૧-૧૯૭૮ | ૪૦૬, ૪૦૭ | ૧૯૮ |
| ૧૬૬ | ૩૦-૧૧-૧૯૭૮ | ૪૦૮, ૪૦૯ | ૨૧૨ |
| ૧૬૭ | ૧-૧૨-૧૯૭૮ | ૪૦૯ | ૨૨૭ |
| ૧૬૮ | ૨-૧૨-૧૯૭૮ | ૪૧૦ | ૨૪૦ |
| ૧૬૯ | ૩-૧૨-૧૯૭૮ | ૪૧૦, ૪૧૧ | ૨૫૫ |
| ૧૭૦ | ૨૬-૧૨-૧૯૭૮ | ૪૧૧ | ૨૬૯ |

| પ્રવચન ક્રમાંક | તારીખ | વચનામૃત | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૧૭૧ | ૨૭-૧૨-૧૯૭૮ | ૪૧૨, ૪૧૩ | ૨૮૨ |
| ૧૭૨ | ૨૮-૧૨-૧૯૭૮ | ૪૧૪, ૪૧૫ | ૨૯૬ |
| ૧૭૩ | ૨૯-૧૨-૧૯૭૮ | ૪૧૩–૪૧૭ | ૩૧૦ |
| ૧૭૪ | ૩૦-૧૨-૧૯૭૮ | ૪૧૭, ૪૧૮ | ૩૨૪ |
| ૧૭૫ | ૩૧-૧૨-૧૯૭૮ | ૪૧૯, ૪૨૧ | ૩૩૮ |
| ૧૭૬ | ૦૧-૦૧-૧૯૭૯ | ૪૨૨, ૪૨૩ | ૩૫૨ |
| ૧૭૭ | ૦૨-૦૧-૧૯૭૯ | ૪૨૩, ૪૨૪ | ૩૬૭ |
| ૧૭૮ | ૦૩-૦૧-૧૯૭૯ | ૪૨૫, ૪૨૬, ૪૨૭ | ૩૮૧ |
| ૧૭૯ | ૦૪-૦૧-૧૯૭૯ | ૪૨૭, ૪૨૮, ૪૨૯ | ૩૯૭ |
| ૧૮૦ | ૦૫-૦૧-૧૯૭૯ | ૪૨૯, ૪૩૦, ૪૩૧ | ૪૧૪ |
| ૧૮૧ | ૦૬-૦૧-૧૯૭૯ | ૪૩૨ | ૪૨૯ |

ૐ

नमः श्रीसिद्धेभ्यः

# વચનામૃત પ્રવચન

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રશમમૂર્તિ પૂજ્ય ‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર પ્રવચન)

(ભાગ–૬)

**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.**

**કારતક વદ ૧, બુધવાર તા. ૧૫-૧૧-૧૯૭૮.**
**વચનામૃત–૩૮૦-૩૮૧, પ્રવચન–૧૫૧**

૩૮૦ બોલ છે. બહુ સાદા દૃષ્ટાંતથી વસ્તુ સિદ્ધ કરી છે. આપણે ગુજરાતીમાં તો એમ કહે, કંચનને કાટ લાગે નહિ. **‘જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી,...’** ઊધઈ-ઊધઈ. અહીંયા એમ કહે છે. **‘જેમ કંચનને કાટ લાગતો નથી,...’** કંચનને કાટ–જંગ નથી લાગતો. આહા..હા..! **‘અગ્નિને ઊધઈ લાગતી**

**નથી,...'** ઊધઈ-ઊધઈ હોય છે ને ? **'અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ...'** આહા..હા..! **'જ્ઞાયકસ્વભાવમાં...'** ભગવાન જ્ઞાયકસ્વભાવ વસ્તુ, જે દ્રવ્યસ્વભાવ છે એને આવરણ નથી. દ્રવ્યને આવરણ નથી. આહા..હા..! વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. બહુ ઝીણી વાત છે. આહા..હા..! આવરણનું નિમિત્ત અને રાગનું નિમિત્ત તો એક સમયની પર્યાયની સાથે છે. વસ્તુમાં આવરણ નથી. આહા..હા..! ચૈતન્યદ્રવ્ય જે વસ્તુ છે, એમાં આવરણ નથી. અગ્નિમાં ઊધઈ નથી, કંચનને કાટ લાગતો નથી. એમ ભગવાન આત્મામાં આવરણ નથી. દ્રવ્યમાં આવરણ છે જ નહિ. આહા..હા..! આ તો મૂળ ચીજ છે.

**'ઊણપ...'** નથી. ઊણપ નથી. વસ્તુ સ્વભાવ છે એમાં ઊણપ નથી. એ તો પૂર્ણ પૂર્ણ વસ્તુ છે. આહા..હા..! **'ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.'** વસ્તુમાં અશુદ્ધિ કેવી ? એક સમયની પર્યાયમાં અશુદ્ધતા છે. એક સમય. વસ્તુ છે એ તો ત્રિકાળી શુદ્ધ જ છે. આહા..હા..! **'અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી...'** આહા..હા..! એકલો માલ છે. તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર લગાવીને... આહા..હા..! કેમ કે દ્રવ્ય છે એ અનાવરણ છે, અશુદ્ધિ નથી, ઊણપ નથી. પૂર્ણ છે. એવા વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ લગાવ, તને સમ્યગ્દર્શન, આત્માનું અવલોકન થશે. આહા..હા..! આત્મ અવલોકન. આત્મા નિરાવરણ, ઊણપ નહિ, અશુદ્ધતા નથી. એવી પૂર્ણ, નિરાવરણ, શુદ્ધ એવી ચીજ જે આત્મતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ છે એને ઓળખીને. આહા..હા..! એવા દ્રવ્યને, આત્મતત્ત્વને ઓળખીને. આહા..હા..! આ જાણવાનું છે. બાકી બીજી વાતું ગમે તે જાણી હોય (બધું થોથા છે). આહા..હા..!

**'તું તેને ઓળખી તેમાં લીન થા...'** એનું જ્ઞાન કરીને એમાં લીન થા. દર્શન-ચારિત્ર હવે આવશે. આહા..હા..! ઝીણી વાત બહુ પણ મૂળ અત્યારે લોકોને એવું લાગે કે વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... વ્યવહારથી .. પણ વ્યવહારથી લાભ થવા માટે કહ્યું છે. એ તો બધી ખબર નથી ? વાંચ્યું નથી ? એ તો એમાં વ્યવહાર ભેદ પાડ્યા વિના સમજે નહિ એટલે વ્યવહારથી સમજાવે છે. એ તો ૮-૯ ગાથામાં આવ્યું ને ? આહા..હા..! વ્યવહારથી સમજાવે માટે વ્યવહાર કહેનારને અનુસરવા લાયક છે અને સાંભળનારને અનુસરણ કરવા લાયક છે, એમ નથી. આ મોટો ફેર અત્યારે. આહા..હા..!

એક સમયની પર્યાય છે. પણ એ પર્યાય અનુસરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! રાગ છે તો એ પણ અનુસરવા કે આશ્રય કરવા લાયક નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ હોય પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! આશ્રય–અવલંબન કરવાલાયક તો એક પ્રભુ ! નિત્યધાતુ ધ્રુવ... આહા..હા..! એનું અવલંબન લે. એને ઓળખ. પર્યાયને ઓળખ કે રાગને ઓળખ એમ અહીં નથી કહ્યું. આહા..હા..! **'તેને ઓળખી...'** તો જે જ્ઞાન થશે એ બધા ભેદને, રાગને, નિમિત્તને જાણી લેશે. આહા..હા..! આવી વાત છે.

**'તું તેને ઓળખી...'** આહા..હા..! એટલે કોઈ ઓળખાવનાર છે તો ઓળખે છે એમ નથી. તું તેની ઓળખાણ કર. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ સ્વરસ, ચિદ્‌ઘન ધ્રુવ, નિરાવરણ, ઊણપ નથી, અશુદ્ધતા નથી. એવી ચીજને ઓળખીને... આહા..હા..! **'તેમાં લીન થા..'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણ...'** જેટલા ગુણો છે... આહા..હા..! એની ચમક. પર્યાયમાં એની ચમક... આહા..હા..!

દ્રવ્ય લીધું. જ્ઞાયકસ્વભાવ દ્રવ્ય લીધું. એમાં આવરણ નથી, ઊણપ નથી, અશુદ્ધતા નથી. એને ઓળખીને પર્યાયથી લીન થા, પર્યાય અંદર દ્રવ્યમાં લીન થાય, તો સર્વ ગુણો, ગુણ આવ્યા, તો જેટલા પરિપૂર્ણ ગુણો છે એ બધા ગુણોની ચમક પર્યાયમાં આવશે. આહા..હા..! આવી સાદી ભાષા ને...

જ્ઞાયકભાવ ધ્રુવ ચૈતન્ય ત્રિકાળ નિરાવરણ... આહા..હા..! ત્રિકાળ પૂર્ણ, ત્રિકાળ શુદ્ધ. ત્રિકાળનો અર્થ વર્તમાન પૂર્ણ શુદ્ધ. એવી ચીજને પર્યાયદૃષ્ટિ છોડીને અંતરદૃષ્ટિ લગાવી, ઓળખી તેમાં લીન થા. આહા..હા..! **'તો તારા સર્વ...'** જેટલા ગુણ છે તે સર્વ ગુણની પર્યાયમાં વ્યક્ત પર્યાય ચમક પ્રગટ થશે. આહા..હા..! એ ગુપ્તરૂપ છે, અનંત ગુણ જે ગુપ્તરૂપ છે એ દ્રવ્યને ઓળખી તેમાં લીન થવાથી એ ગુપ્ત શક્તિની વ્યક્તતા થશે. આવી વાત છે. આહા..હા..! કહો, આવી વાત છે. ધર્મ ક્યાં પ્રગટે ? કોને અવલંબે પ્રગટે ? અને ગુણ કેટલા અંદર છે ? એ દ્રવ્યનું અવલંબન લેવાથી જેટલા ગુણ છે એટલી પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા થશે. આહા..હા..! આવી સાદી ભાષા ! આહા..હા..!

મુમુક્ષુ :– સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તે સમકિત. આ તો દ્રવ્ય-ગુણ. ત્રિકાળ જ્ઞાયકભાવ, અનાવરણ, પૂર્ણ અને શુદ્ધ, અપૂર્ણ નહિ, અશુદ્ધિ નહિ, એનો અર્થ પૂર્ણ શુદ્ધ. એવી મોજૂદગી ધરાવતી ચીજ છે. સત્ એવી હયાતી ચીજ છે. એ ધ્રુવ, એને પર્યાયમાં ઓળખી, પર્યાયથી એને ઓળખીને... આહા..હા..! દ્રવ્યને દ્રવ્યથી ઓળખાતું નથી. આહા..હા..! આવી વાત. મંત્રો છે આ તો, ભાઈ ! અરે..! ક્યારે આ ? એકાંત એકાંત લોકો તાણીને પડ્યા છે ને. આને એકાંત કહે છે. અરે..! એને ખબર નથી. ભાઈ ! એ દુનિયા માનશે. દુનિયા પાગલ છે બિચારી. ખબર ન મળે. આહા..હા..! તેથી વસ્તુનું સ્વરૂપ એમ નહિ થઈ જાય. આહા..હા..! પર્યાયમાં વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો... કરતા કરતા નિશ્ચય થશે. આહા..હા..! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, અપવાસ, સંયમ લઈ લ્યો, ચારિત્ર ગ્રહણ કરો. આ સમકિતદર્શન વિના. આહા..હા..! આવું છે.

શાસ્ત્રમાં એવું આવે કે સમકિતી જ્ઞાની આટલી નાની પ્રતિમા પણ સ્થાપે, તો એના પુણ્ય સરસ્વતી ન કહી શકે. આવે છે કે નહિ ? 'પદ્મનંદિ પંચવિંશતિ' આહા..હા..! પણ એનો અર્થ શું ? જેને આત્મજ્ઞાન થયું છે, હું પૂર્ણાનંદ પ્રભુ છું એવું વેદન થયું છે એને એવો ભાવ આવે છે. તો એ ભાવથી પુણ્યબંધ થાય છે. પુણ્ય કેટલા ? કે એ તો પુણ્યાનુબંધી પુણ્ય છે. એટલું કહેવું છે. આહા..હા..! એનાથી કોઈ આત્માને લાભ છે (એમ નથી). એવી વાતું આકરી લોકોને પડે. પ્રતિમા સ્થાપે, નાખે જરી એમ કે... આહા..હા..! શું આજે કામ કર્યું ! એ તો શુભભાવ છે. એ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! દૃષ્ટિ જ્યાં શુદ્ધ ચૈતન્ય ઉપર પડી, એના અવલંબને જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ, એ તો શુભભાવને જાણે છે. મારી છે અને મેં કરી, એમ વાત નથી. આહા..હા..! અરે..! આવું ! આહા..હા..!

ભાઈ ! ચોરાશી લાખના અવતાર... આહા..હા..! ૨૫-૫૦-૧૦૦ માણસ કુટુંબી હોય, પૈસાવાળા કરોડપતિ હોય, એકલો માણસ વેદન કરી... આહા..હા..! ડબલ ન્યુમોનિયા (થયો હોય). પીડાનો પાર ન મળે. આંખમાંથી આંસુ ચાલ્યા જતા હોય. એ દેહ છોડી, પ્રભુ ! અજ્ઞાનપણે આત્માનું ભાન નહિ... આહા..હા..! એ ક્યાં જઈને ચોરાશીના અવતારમાં અવતરે. ભાઈ ! એ અવતરવાનું કારણ મિથ્યાત્વભાવ છે, પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય નિરાવરણ વસ્તુ, એને ઓળખ. જ્ઞાનમાં એને જ્ઞેય બનાવ. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એને જ્ઞેય બનાવ અને એમાં લીન થા. આહા..હા..! આવી સાદી ભાષા. આવી વાત લોકોને એવું લાગે. આમાં કાંઈ સમજાય નહિ ઝટ શું કરવું એ. એટલે એને લાગે કે આ તો.. બાપુ ! માર્ગ જ આ છે. ગમે તેટલો વિકૃત થયો, પણ સ્વભાવ જે પૂર્ણ છે એમાં અપૂર્ણતા આવી નથી. આહા..હા..! એ વિકૃત અવસ્થા ઉપર... ઉપર.. ઉપર.. ઉપર થઈ છે. સ્વભાવમાં બિલકુલ કમી આવી નથી. આહા..હા..! અને જેવો સ્વભાવ હતો એવી દૃષ્ટિ જ્યાં થઈ, (ત્યાં) વિકૃત અવસ્થા ઉપર હતી એ નીકળી જાય છે. આહા..હા..! આવી વાતું છે. એમાં દસ-દસ હજાર, વીસ-વીસ હજારની સભા ભરાય. રાજી થાય. આ વાતમાં કાંઈ પકડાય નહિ, તો રાજી શી રીતે થાય ? ઓલા તો કહે, દેશ સેવા કરો, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. તમારું કલ્યાણ થશે. માણસ આમ સાંભળીને રાજી થાય. એ તો મિથ્યાત્વનું પોષક છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માના દેશની સેવા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ આત્માની પુષ્ટિ નથી, પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! એ આનંદના ડુંગર, સાગર પ્રભુ નિરાવરણ અંદર પડ્યો છે. એ ચૈતન્યરત્નાકર, આ સ્વયંભૂ સમુદ્ર જેમ સ્વયંભૂ આત્મા... આહા..હા..! પોતાની ભુમિકામાં જે અસંખ્ય પ્રદેશમાં સ્વયં અનંત ગુણથી ભરેલો છે, પ્રભુ ! આહા..હા..! એને તું પર્યાયદૃષ્ટિ, રાગદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિને છોડીને (ત્યાં દૃષ્ટિ લગાવ). આહા..હા..! અહીં તો નિશ્ચય ત્યારે થાય છે. ઓલો કહે કે નિશ્ચય સિદ્ધમાં થાય. અરે..! પ્રભુ ! શું કર્યું તેં ? અરે..! ભાઈ ! આહા..હા..!

વસ્તુ અંદર નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ પૂર્ણ છે એનું અવલંબન લેતાં જ ધર્મ થાય છે. બાકી વ્યવહારથી અને નિમિત્તથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી, દેવ-ગુરુની વાણીથી પણ નથી થતું. આહા..હા..! આવું છે. શાંતિનું કામ, શાંતિથી કામ ચાલે એવું છે. આહા..હા..! ભાષા તો જુઓ ! એ વસ્તુ જે નિરાવરણ, પૂર્ણ શુદ્ધ (છે) એ ચીજને ઓળખીને લીન થા. આહા..હા..! તદ્દન સાદી ભાષા. એકલું બાર અંગનું તાત્પર્ય. આહા..હા..!

**'તું તેને ઓળખી તેમાં લીન થા...'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણરત્નોની...'** જે શક્તિરૂપ ગુપ્ત છે ગુણો એને ઓળખીને, લીન થતાં **'સર્વ ગુણરત્નોની ચમક**

**પ્રગટ થશે.**' પર્યાયમાં. આહા..હા..! અંદર ચમક પ્રગટ થશે. શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી સર્વ શક્તિઓ ચમકી ઉઠશે. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? આવી વાત સાંભળનારા પણ થોડા હોય. ઓલું કહ્યું ને ? 'વીરલા જાણે તત્ત્વને, વીરલા સાંભળે કોઈ.' વીરલા માને... આહા..હા..! સાડા ચાર લીટી છે. સાડા ચાર પણ પૂરી નથી. એમાં એટલું ભર્યું છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેની વાત (આવી ગઈ). આહા..હા..! દ્રવ્ય કેવું ? કે અનંત પૂર્ણ ગુણ ભર્યા એવું. અને તેને ઓળખીને લીન થતાં શું થાય છે ? કે જેટલા અનંત ગુણ છે એટલી પર્યાયમાં ચમક પ્રગટ થશે. અંશ વ્યક્ત થશે. આહા..હા..! કહો, ભાઈ ! આ તમારા ઝવેરાતની મજૂરીમાં કાંઈ નથી. એ બધા કોલસા છે. લાખ પેદા કરે, બે લાખ પેદા કરે તો... આહા..હા..! અને ઓલો વળી ત્યાં પેદા કરે મોટું. 'હોંગકોંગ'માં. આહા..હા..! લાખ રૂપિયા અહીંયા આપ્યા, ફલાણાને આપ્યા. પણ એ તે શું ? એ તો એક શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! એના નાના ભાઈ છે. લાખ રૂપિયા આપ્યા છે ત્યાં. 'ભાવનગર'. સાહિત્ય સસ્તુ કરવા માટે. એ તો હોય. મેરુ પર્વત મોટો કરોડોનો બનાવે. એ ક્રિયા તો જડની એને કારણે થાય છે. એ કંઈ આત્મા કરી શકતો નથી. એને કરવાનો ભાવ હોય. કરોડો રૂપિયા, અબજો રૂપિયા ખર્ચે એ તો શુભભાવ છે. માન માટે, મારી પ્રસિદ્ધિ થશે (એવો ભાવ હોય) તો તો પાપ છે. આહા..હા..! આવી વાતું આકરી બહુ, બાપા ! આહા..હા..! બહુ સરસ પેરેગ્રાફ છે. પેરેગ્રાફ કહેવાય ને ?

મુમુક્ષુ :– ટૂંકામાં..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ટૂંકામાં તો એકલો માલ. શરૂઆતથી પૂર્ણ કેમ થાય ? આહા..હા..! બાકી પંડિતાઈ-પંડિતાઈ તારી એક કોર પડી રહી. આહા..હા..! એ પેરેગ્રાફ પૂરો થયો.

**જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ ફેરવે પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. ૩૮૧.**

૩૮૧. '**જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે,...**' જુઓ તો ખરા. આહા..હા..! બહુ જ ટૂંકામાં સંગ્રહાત્મક સંગ્રહ થઈ ગયો. '**જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે,...**' જાણે, હોં વાદવિવાદ કરી જાણે. તો શું થયું ? આહા..હા..! '**પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે,...**' પ્રમાણ, દ્રવ્ય અને પર્યાયનો વિષય આવો છે.. આવો છે. નય એક અંશને ધ્રુવને કે પર્યાયને વિષય કરે છે. નિક્ષેપને જ્ઞેયના ભેદના તર્કથી '**વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે,...**' શાસ્ત્રની ધારણા જે કરી છે... આહા..હા..! એ '**જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ...**' આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી અસ્તિત્વ મોજૂદગી ચીજ જે છે... આહા..હા..! એને પર્યાયમાં ત્યાં આગળ લઈ જઈને ન સ્થાપે. આહા..હા..! '**અસ્તિત્વને પકડે નહિ...**' પકડેનો અર્થ એ છે કે પર્યાયમાં એનું અહંપણું થવું. પૂર્ણાનંદનું અહંપણુ થવું. સમજાણું કાંઈ ? આહા..હા..! જે શાસ્ત્રના જ્ઞાન આદિમાં અહંપણું છે એ મિથ્યાભાવ છે. તર્કણા કરતા આવડે, મોટો વાદવિવાદ કરે. એથી શું થયું ? બાપુ ! આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! એના અસ્તિત્વને પકડે નહિ. એનું સત્ સત્ સ્વરૂપ પ્રભુ ! આહા..હા..! એની પૂર્ણતાના અસ્તિત્વને પકડે નહિ '**અને તદ્રૂપ પરિણમે નહિ,...**'

આહા..હા..! તદ્રૂપ–જેવો આનંદકંદ પ્રભુ છે, એવું પરિણમન ન થાય ત્યાં સુધી એણે કાંઈ કર્યું નથી. આહા..હા..! કહો, પંડિતજી ! એવી વાત છે. આહા..હા..!

ગમે તેટલા વાદવિવાદ (કરે), ધારણા ફેરવે, લાખો શ્લોકો કંઠસ્થ કરે અને ફેરવે આમથી આમ, આમથી આમ. એમાં શું છે ? આહા..હા..! પોતાની ચીજ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને પકડે નહિ, ગ્રહણ કરે નહિ, એમાં દૃષ્ટિને આશ્રય દે નહિ. દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય છે. આહા..હા..! અને તદ્રૂપ પરિણમે નહિ. ભાઈ ! જીવાદિ... વ્યાખ્યા થઈ હતી ને 'દિલ્હી'. ત્યાં 'વિદ્યાનંદજી'એ પૂછ્યું કે આ શું ? એને એમ કે આ જીવાદિ શ્રદ્ધા એ શ્રદ્ધા. બાપુ ! એ શ્રદ્ધા એટલે શું ? ભગવાન અનંત ગુણનો પિંડરૂપ પ્રભુ ! એ આનંદ અને જ્ઞાન ને અનંત ગુણરૂપે પરિણમન કરે, એનું નામ શ્રદ્ધા છે. આહા..હા..! એ વાત સાંભળી પણ બોલ્યા નહિ. બોલે નહિ, બધા બેઠા હતા. અરે..રે..!

**'જો જ્ઞાનસ્વરૂપ...'** જ્ઞાનની પ્રધાનતા લીધી છે. **'આત્માના અસ્તિત્વને...'** આત્માની મોજૂદગી, હયાતીને, ત્રિકાળ હયાતીને **'પકડે નહિ...'** દૃષ્ટિમાં ન લે, પર્યાયમાં એને જ્ઞેય બનાવે નહિ **'અને તદ્રૂપ પરિણમે નહિ,...'** આહા..હા..! આનંદની ધારારૂપ પરિણમે નહિ, શાંતિની ધારારૂપ પરિણમે નહિ **'તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'** આહા..હા..! જ્ઞેયનિમગ્ન. એ શાસ્ત્રનું જ્ઞાન તો પરજ્ઞેય છે. આહા..હા..! વાત તો ગજબ છે. શાસ્ત્રની ધારણા થઈ લાખો, કરોડો શ્લોકની, એ તો જ્ઞેયનિમગ્ન–પરજ્ઞેય નિમગ્ન છે. ત્યાં સ્વજ્ઞેય નિમગ્ન ન આવ્યું. આહા..હા..! આવી વાત છે. સ્વજ્ઞેયમાં નિમગ્ન રહે તો તો યથાર્થ થયું. પણ એ બધું વાંચન-બાંચન કરીને ત્યાં રોકાયો અને સ્વરૂપનું જ્ઞાન અંતરમાં અંતર્મુખ ન થયું... આહા..હા..! **'તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'** આહા..હા..! ભાષા તો જુઓ !

સ્વજ્ઞેયને જાણીને અંદર લીન ન થાય, તદ્રૂપ પરિણન ન કરે, ત્યાં સુધી તે શાસ્ત્ર જ્ઞાન પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..! રાગમાં નિમગ્ન થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ શાસ્ત્રનું જ્ઞાન એ પરજ્ઞેય છે એમાં નિમગ્ન થાય (તો તે પરજ્ઞેય નિમગ્ન છે). આહા..હા..! આવી વાતું છે, પ્રભુ ! સ્વજ્ઞેય પરમાત્મસ્વરૂપ ભગવાન, એને ઓળખીને અંતરમાં લીન ન થાય, તો એ જ્ઞેય પરજ્ઞેય નિમગ્ન છે. આવું તો કોઈ દિ' સાંભળ્યું પણ નથી. અરે..રે..! બિચારા કેટલા ચાલ્યા ગયા. અરે..! આવા તત્ત્વને

છોડીને, મનુષ્યપણું મળ્યું અને ચાલ્યું ગયું.

અહીં તો કહે છે કે શાસ્ત્રો વાંચ્યા, ભણ્યો અને એટલી પરિપાટી કરે. આહા..હા..! સંપ્રદાયમાં રાત્રે ત્રણ-ત્રણ કલાક સજ્ઝાય, બબ્બે કલાક સજ્ઝાય (કરતા). ૧૫૦૦-૨૦૦૦ શ્લોક. બે કલાકમાં. ચર્ચા-બર્ચાનું ત્યાં હતું નહિ. અમારે હીરાજી ... સજ્ઝાય કરે. ૧૫૦૦-૧૫૦૦, ૨૦૦૦ શ્લોક બે કલાકમાં, અઢી કલાકમાં. પહોર હોય મોટો સવા ત્રણ કલાકનો. પણ એ તો ગડિયા છે. આહા..હા..!

મુમુક્ષુ :– છતાં એ આવે ખરું કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે એ વસ્તુ નહિ. આહા..હા..! આવે તો પરવસ્તુ અનાદિથી રાગ અને નિમિત્ત આવી છે. આહા..હા..! રાગ અને નિમિત્ત તો અનાદિથી આવી છે. એમાં શાસ્ત્રજ્ઞાન અનાદિથી અનંત વાર આવ્યું છે. અગિયાર અંગનું જ્ઞાન પણ થયું છે. આહા..હા..! શાસ્ત્ર ભણ્યો હોય, વાતું કરતા ઘણી આવડે માટે તે સ્વજ્ઞેયમાં નિમગ્ન છે એમ નથી. આહા..હા..! આવી વાત છે. રાગમાં નિમગ્ન હોય એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પણ શાસ્ત્રજ્ઞાન પરલક્ષી જે જ્ઞાન થયું... આહા..હા..! એમાં નિમગ્ન રહે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ગજબ વાત કરી છે. સાર સાર કર્યો છે એકલો. આહા..હા..! બે વાત કરી છે. શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરે, પ્રમાણ-નય-નિક્ષેપથી વસ્તુની તર્કણા કરે. તર્કણા ઉઠાવે. નિશ્ચય આમ છે, વ્યવહાર આમ છે. આહા..હા..!

મુમુક્ષુ :– લોકો તો જ્ઞાની માને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનાદિથી માને છે ને. આહા..હા..! એ જ કહે છે, ભાઈ ! એ ધારણાવાળું જ્ઞાન તો પર છે. એ પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..! ત્યાં સ્વજ્ઞેય ન આવ્યું. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ, પ્રભુ ! એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એ તો જ્ઞાનમાં આવ્યો નહિ. આહા..હા..! વાત બહુ સારી આવી ગઈ. થોડી ભાષા, ટૂંકી ભાષા. રામબાણ છે. દૃષ્ટિ પલટી નથી અને એમાં રોકાઈ ગયો છે તો એ તો પરજ્ઞેયમાં નિમગ્ન છે, પરમાં નિમગ્ન છે.

**'તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'** આહા..હા..! એ જ્ઞેય એટલે પરજ્ઞેય. સ્વજ્ઞેય જે જ્ઞાનસ્વરૂપ છે. ભગવાન ! એમાં તો આ દૃષ્ટિ આવી નહિ. આહા..હા..! એ તો પર્યાયમાં પરજ્ઞેય સંબંધી જ્ઞાન એ પરજ્ઞેય છે. આહા..હા..! સ્વજ્ઞેય ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ,

આનંદસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ પવિત્ર પૂર્ણ, એમ એને ઓળખીને એમાં નિમગ્ન તદ્રૂપ પરિણમે નહિ... આહા..હા..! તો એ તો શાસ્ત્રના જ્ઞાનમાં નિમગ્ન, પરજ્ઞેયમાં નિમગ્ન છે. આવી વાત છે. આહા..હા..! આ બાજુના જ્ઞાનમાં નિમગ્ન છે એ પરજ્ઞેયમાં નિમગ્ન છે. આ બાજુ જે જ્ઞાયકસ્વભાવ ભગવાન પૂર્ણાનંદ, એમાં નિમગ્ન છે એ સ્વજ્ઞેય નિમગ્ન છે. આહા..હા..! એવી વાત છે. રાગમાં નિમગ્ન હો, નિમિત્તમાં નિમગ્ન છે એ તો પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ, એમાં જો નિમગ્ન છે, એ તો અશુદ્ધ વિકાર પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..!

અહીં તો કહે છે કે ભગવાન જ્ઞાનસ્વરૂપી, પ્રભુ ! પૂર્ણ આનંદ અને પૂર્ણ ધ્રુવ જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, એને જો ન ઓળખે, એ તરફની દૃષ્ટિનો ઝુકાવ જ્યાં નથી... આહા..હા..! એ શાસ્ત્રના જ્ઞાનમાં નિમગ્ન, પરજ્ઞેયમાં નિમગ્ન છે. જો એ પરજ્ઞેય ન હોય તો અનંતવાર એવું થયું છે. તો સ્વજ્ઞેયમાં આવી જાત. પરજ્ઞેયમાં નિમગ્ન થતાં સ્વજ્ઞેયને જો લાભ થાય, તો એવું તો અનંતવાર થયું પણ લાભ તો થયો નહિ. શું કહ્યું એ ? કે જે આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એ તરફની દૃષ્ટિ થઈ લીન થવું જોઈએ એ ન થયો, તો આ તો પરજ્ઞેયમાં નિમગ્ન છે. કેમ કે પરજ્ઞેય નિમગ્ન છે એ તો અનંત વાર એવું થયું છે. પરજ્ઞેય શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે, તો આત્માને લાભ થતો હોય તો તો ભવભ્રમણ મટી જાય. આહા..હા..! સમજાણું કાંઈ ? એ તો પરજ્ઞેય છે. શાસ્ત્રનું જ્ઞાન તો પરજ્ઞેય છે. આહા..હા..! ગજબ વાત કરી છે ને !

મુમુક્ષુ :– એકવાર શાસ્ત્રને શબ્દજ્ઞાન કહેતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શબ્દજ્ઞાન છે. એ બંધ અધિકારમાં શબ્દજ્ઞાન કહ્યું છે. આત્માનું જ્ઞાન નથી. આહા..હા..! કરોડો શ્લોકો, અબજો શ્લોકો કંઠસ્થ (હોય). પાણીના પૂરની પેઠે ધારણા ચાલતી હોય આમ ફડાક-ફડાક-ફડાક. શું છે એ ? એ દૃષ્ટિમાં નિમગ્ન છે. આ ભગવાન ત્રિકાળ-ત્રણ લોકનો નાથ, પ્રભુ ! એકલા જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ, એને ઓળખ્યો નહિ, એ તરફ દૃષ્ટિ કરી નહિ અને તદ્રૂપ પરિણમન થયું નહિ. '**તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...**' આહા..હા..! આવી વાત છે. આહા..હા..!

અહીં તો હજી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરતા કરતા કલ્યાણ થશે. આહા..હા..! ભાઈ ! શું થાય ? બાપુ ! તું માન અને મનાવ બાપા ! એ જગત તત્ત્વ નહિ સહન કરે. તત્ત્વ નહિ સહન કરે. તત્ત્વમાં એવી ચીજ નથી. આહા..હા..!

બહુ આકરું કામ છે. છે તો એ છે એની પ્રાપ્તિ કરવી છે અને નથી તેને છોડી દેવું છે. શાસ્ત્રનું જ્ઞાન એ સ્વરૂપમાં નથી. આહા..હા..! અહીં તો જરા શાસ્ત્ર જ્ઞાન કાંઈક થયું ત્યાં તો એને અંદર થઈ જાય. આહા...! અમે ક્યાંય વધી ગયા અને આગળ વધી ગયા. આહા..હા..! એ મિથ્યા અભિપ્રાયમાં મગ્ન છે. આહા..હા..! આવી વાતું. ચાર અનુયોગનું વાંચન હોય, લ્યો ને. કરોડો શ્લોકોનું. એમાં શું થયું ?

ભગવાન આનંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપી તત્ત્વ આખો, મોટો ડુંગર, જ્ઞાનનો ડુંગર, પર્વત, પ્રભુ. એના ઉપર ચડે નહિ, ત્યાં આરૂઢ થાય નહિ અને એ શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન રહે, આરૂઢ રહે એ કોઈ ચીજ નથી. આત્માને નુકસાન કરનારી ચીજ છે. સમજાણું કાંઈ ?

**'જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે,...'** જુઓ ! સ્વનું જ્ઞાન નહિ અને બહારનું જાણે એમ કહે છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી જ્ઞાનમૂર્તિ પ્રભુ, એ અંતરનું જ્ઞાન તો છે નહિ. અને બહારનું (જાણે). જુઓ ! એ બધું બહારનું જ્ઞાન. આહા..હા..! એ શાસ્ત્રજ્ઞાન બહારનું જ્ઞાન, ચાર અનુયોગનું જ્ઞાન બહારનું જ્ઞાન. આહા..હા..!

**'જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે,...'** આહા..હા..! ન્યાય શું કહ્યો છે પાછો ? આહા..હા..! કે **'જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય...'** એ જાણવાનું થયું ને ? તો જાણે બહારથી આવ્યું હોય. **'બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે.'** આહા..હા..! **'જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે.'** આહા..હા..! ભારે શ્લોક. પેરેગ્રાફ ગજબ છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ છે એનું જ્ઞાન કરતો નથી અને જે બહારનું જ્ઞાન છે એને માને છે કે મને જ્ઞાન થયું. આહા..હા..! અને વેદનમાં એને એમ કે મને જ્ઞાન થયું... મને જ્ઞાન થયું. આહા..હા..! એવું બહારના જ્ઞાનનું વેદન છે. આહા..હા..! **'બધું ભણી ગયો,...'** ચારે અનુયોગ ભણી ગયો. લખ્યું છે. 'સ્યાદ્વાદ ક્રિયા અલૌકિક' સ્યાદ્વાદના સુવિદિત થયા પછી ચાર અનુયોગ કહેવાય છે એમ કહે. અરે..! ભગવાન ! બાપુ ! શું થાય ? ભાઈ !

મુમુક્ષુ :- સ્યાદ્વાદ વારિદ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સ્યાદ્વાદ વારિદ એ તો નામ આપે છે. પણ આ તો સ્યાદ્વાદ ... સ્યાદ્વાદ ... જોઈને આ બધું કહેવામાં આવે છે. એમ. અરે..રે..! પ્રભુ ! આહા..હા..!

**'બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે.'** પહેલા જ્ઞાન થોડું હતું અને વિશેષ જ્ઞાન થયું, વિશેષ થયું તો બહારથી આવ્યું કે નહિ ? ખરેખર તો જ્ઞાનનો વિકાસ અંદરથી થયો છે. અંદરથી એટલે સ્વનું નહિ. પણ વિકાસ રાગની મંદતાથી ત્યાં થયો છે પણ એ સ્વનું નહિ. આહા..હા..! એકદમ જ્ઞાનનો ખ્યાલ આવી જાય. પણ એ તો બહારનો છે. આહા..હા..! અને આ જ્ઞાન પહેલા થોડું હતું માટે આવ્યું.

**'બધું ભણી ગયો,...'** બહુ સરસ પેરેગ્રાફ છે. આહા..હા..! **'ઘણું યુક્તિ-ન્યાય જાણ્યાં,...'** આહા..હા..! **'ઘણા વિચારો કર્યા,...'** આહા..હા..! ઘણા વિચારો કર્યાં, પરના હોં ! **'ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં,...'** આહા..હા..! **'પણ જાણનારને જાણ્યો નહિ,...'** જાણનારને જાણ્યો નહિ. ચાર અનુયોગનું જ્ઞાન થયું. હું આવો, તેવો, તર્ક ને ન્યાય. આહા..હા..! **'પણ જાણનારને જાણ્યો નહિ,...'** જાણનાર ભગવાન આત્મા એને તો જાણ્યો નહિ. સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળી અને જ્ઞાન અંદર થયું. એ તો પર્યાયમાં પોતાથી (થયું છે). પણ એ પોતાથી થયું એમ જાણે. જ્ઞાનની પર્યાય પોતાથી વિકાસ પામે છે પણ એ જાણે બહારથી આવતી હોય એમ માનીને વેદે છે. આહા..હા..! અરે..રે..! આહા..હા..! રાગની ક્રિયા જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ... આહા..હા..! એમાં જે નિમગ્ન છે. એ વીતરાગ સ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી. શું કહે છે ? જે કંઈ રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, પૂજા એમાં નિમગ્ન છે, એ વીતરાગસ્વરૂપમાં નિમગ્ન નથી. એમ શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે એ જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ સ્વભાવ ત્રિકાળ મોજૂદ છે એમાં નિમગ્ન નથી, એ પરશાસ્ત્રના જ્ઞાનમાં નિમગ્ન છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભરાગ એમાં ઘણો રાગ થયો, ઘણો શુભભાવ થયો... ઓહો..હો..! પણ એનાથી રહિત વીતરાગસ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી, તો એ રાગમાં નિમગ્ન છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે ? આ તો તત્ત્વનો નિચોડ છે. આહા..હા..!

મુમુક્ષુ :– જ્ઞાનને ... એકમાં લગાવું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ સ્વમાં લગાવવું એ જ્ઞાન છે. જ્યાં જ્ઞાનસ્વરૂપ છે, જ્યાં જ્ઞાનસ્વરૂપ છે ત્યાં લગાડવું એ જ્ઞાન છે. આ જ્ઞાનસ્વરૂપ બહારમાં ક્યાં છે ? આહા..હા..! એ 'બંધ અધિકાર'માં કહ્યું ને ? વ્યવહારજ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન એટલે

શબ્દજ્ઞાન. અગિયાર અંગનું જ્ઞાન કર્યું એ શબ્દજ્ઞાન છે–શબ્દનું જ્ઞાન છે. જ્ઞાનનું જ્ઞાન નથી. આહા..હા..! જ્ઞાનનું જ્ઞાન નથી એટલે ? જ્ઞાનસ્વરૂપ ભગવાન અંદર ભંડાર ભર્યો છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત જ્ઞાન. એ અનંત જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન નથી અને શાસ્ત્રનું બહારનું જ્ઞાન થયું એમાં અહંપણું માન્યું કે જ્ઞાન અમને થયું છે. આહા..હા..! સિદ્ધાંત એને કહીએ. આહા..હા..! વાતું કરે, આમ છે ને તેમ છે. આહા..હા..!

**'પણ જાણનારને જાણ્યો નહિ,...'** એટલે ? જેમા પ્રભુમાં જ્ઞાન જ ભર્યું છે એ જ્ઞાનને જાણ્યું નહિ. આહા..હા..! **'જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ,...'** ભાષા તો જુઓ ! આહા..હા..! એ તો બોલાઈ ગયું છે અને દીકરીઓએ લખી લીધું. એને ક્યાં ખબર હતી કે આ બહાર પડશે.

મુમુક્ષુ :– લોકોના પુણ્ય હોય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાગ્ય જગતના. આવી વાત બહાર આવી. આહા..હા..!

**'જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ,...'** આહા..હા..! શું કહ્યું ? ધારણામાં શાસ્ત્રજ્ઞાન ખૂબ કર્યું. મૂળ જ્ઞાનની ભૂમિ હાથ ન આવી. એ તો નકલી ભૂમિ છે. આહા..હા..! આ લોકોએ પુસ્તક લીધા છે. ભાઈએ. કેટલા લીધા ? પુસ્તક કેટલા લીધા ? ૧૫૦-૨૦૦ ? કેટલા લીધા ? ૧૫૦. એ કહેતા હતા. ત્યાં ભેટ દેવા છે. ... આ તો અલૌકિક ચીજ છે. આહા..હા..! આ તો સગાવહાલાને પણ દેવાની ચીજ છે, ભાઈ ! આ તો અલૌકિક છે. બહુ ટૂંકામાં, ઘણી સાદી તદ્દન ગુજરાતી ભાષા. આહા..હા..!

**'જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ,...'** આહા..હા..! જે સમ્યગ્જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા, એ જ્ઞાનની અસલી ભૂમિ તો આત્મા સ્વભાવ જ્ઞાન છે. આહા..હા..! એ તો નજરમાં આવ્યું નહિ. સમજાણું કાંઈ ? પહેલા શું કીધું ? **'યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચાર કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ,...'** એક વાત. હવે કહે છે કે જાણનારને જાણ્યો નહિ એટલે શું ? **'જ્ઞાનની મૂળ ભૂમિ...'** જ્ઞાનની મૂળ ભૂમિ તો એ વસ્તુ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ તો મૂળ ભૂમિ છે. આહા..હા..! માનીના તો માન ગળી જાય એવું છે આમાં. આહા..હા..! **'જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ ?'** આહા..હા..! તો એ બધા શાસ્ત્રને જાણવાનું ફળ

શું ? આહા..હા..!

**‘શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે.’** આહા..હા..! એ બંધ અધિકારમાં આવ્યું ને ? બંધ અધિકારમાં જ્ઞાન. શાસ્ત્રાભ્યાસનું પ્રયોજન તો એ છે કે અંતર જ્ઞાનસ્વરૂપ ભગવાનને જાણવો. આહા..હા..! એ તો પ્રયોજન આવ્યું નહિ. આહા..હા..! ત્યાં રોકાઈને સંતોષ થઈ ગયો. આહા..હા..! આકરું કામ છે, બાપુ ! આહા..હા..! ઘણું સ્પષ્ટ, ઘણું સત્ય. આહા..હા..! રાગમાં રોકાય એ તો મિથ્યાદૃષ્ટિ છે, નિમિત્તમાં રોકાય એ તો મિથ્યાદૃષ્ટિ છે... આહા..હા..! પણ શાસ્ત્રજ્ઞાનમાં રોકાય જાય એ (પરજ્ઞેય) નિમગ્ન મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**‘શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે.’** ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. આહા..હા..! એને જાણવું. એ તો શાસ્ત્રભ્યાસનું પ્રયોજન છે. એ તો આવ્યું નહિ. આહા..હા..! એ ૩૮૧ (બોલ પૂરો) થયો. ૩૮૧ થયા ને ? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે. શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દ્રઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાન વૈરાગ્ય શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તો પણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન નિઃશંક જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તો પણ સ્વરૂપ- અનુભવમાં નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે તો પણ તે નીચે જ રહે છે. દ્રવ્ય દૃષ્ટિવંતને આવું અદ્ભુત જોર વર્તે છે. ‘પરમાગમસાર’ બોલ નં. ૫૬૭.**

**આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.**

**કારતક વદ ૨, ગુરુવાર તા. ૧૬-૧૧-૧૯૭૮.**
**વચનામૃત–૩૮૨-૩૮૩, પ્રવચન–૧૫૨**

૩૮૨. એ છે ને ? ૩૮૨ બોલ. પેરેગ્રાફ–૩૮૨.

'**આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.**' આત્મા, ઉત્પાદ-વ્યય પર્યાયમાં છે અને ધ્રુવ સ્વરૂપ છે. '**તે કાયમ રહીને પલટે છે.**' કાયમ રહીને પલટે છે. '**તેનું કાયમ રહેનારું સ્વરૂપ...**' એનું જે કાયમ રહેનારું સ્વરૂપ છે, સ્થાયી છે એ '**ખાલી નથી,...**' એ વસ્તુ નિત્ય છે એ ખાલી નથી. '**ભરપૂર ભરેલું છે.**' આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છે. એમાં કાયમ રહેનારી વસ્તુ જે છે (એ ખાલી નથી). એ '**કાયમ રહીને પલટે છે.**' ધ્રુવ રહીને ઉત્પાદ-વ્યય-પર્યાયમાં પલટે છે. છતાં એ નિત્ય વસ્તુ જે છે એ ખાલી નથી. ભરેલી છે. નિત્ય વસ્તુ અનંત ગુણથી ભરેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! અને એટલું કહ્યું માટે એને જ્ઞાન થઈ ગયું (એમ નથી). આ તો જણાવે છે. સમજાણું કાંઈ ?

જે તારી ચીજ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. અને એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો એક ગુણ પણ આત્મામાં છે. આહા..હા..! જેથી ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે. પણ જે ધ્રુવ ચીજ જે નિત્ય સ્થાયી છે, જે સ્થાયી સ્થિર, ધ્રુવબિંબ, કાયમ ટકતી ચીજ... આહા..હા..! એ ચીજ કોઈ ખાલી નથી. એમાં તો અનંત અનંત ગુણ ભર્યા છે.

આહા..હા..! સમજાણું કાંઈ ? કેટલી સાદી ભાષા છે ! એમ જણાવ્યું અને જાણનારે લક્ષમાં લીધું. જાણનારે લક્ષમાં લીધું. એનાથી જ્ઞાન થઈ ગયું એમ નથી. કેમ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણનો વિચારમાં રહેશે તો એ તો વિકલ્પ છે. આહા..હા..! આત્મા છે તો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત. પણ એ ત્રણના વિચારમાં જો રોકાશે તો... આવે છે ને આવશ્યક. આવશ્યકમાં નહિ ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો એ પરવશ છે. એ પરાધીન રાગ આવે છે, એ તો પરવશ આવશ્યક નથી. એ અવશ્ય કર્તવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ તો ચીજ આ છે અને એ નિત્ય છે એ ખાલી નથી. અનંત ગુણનો ભંડાર ભગવાન આત્મા ધ્રુવ છે. એમ બતાવ્યું છે. અને એના ખ્યાલમાં પણ આવ્યું. પણ ખ્યાલ આવ્યું એથી એને સમ્યગ્દર્શન થઈ ગયું (એમ નથી). આહા..હા..! વ્યવહારથી એને બતાવ્યું, ત્રણ બતાવ્યા એથી એને સમ્યગ્દર્શન થયું. વ્યવહારથી સમ્યગ્દર્શન છે એમ છે નહિ, ભાઈ !

ગુરુએ અનુગ્રહ કરીને... 'કુંદકુંદાચાર્યે' કહ્યું, અમારા ગુરુ જે વિજ્ઞાનઘનમાં નિમગ્ન (હતા). એમણે અમને બતાવ્યું એ તો વિકલ્પ અને વ્યવહાર થયો. અમને અનુગ્રહ કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એ તો વ્યવહાર થયો. લક્ષમાં આવ્યું કે આ આમ કહે છે. પણ એથી શુદ્ધાત્મા પ્રગટ્યો (એમ નથી). આહા..હા..! આવી વાત છે ભારે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો હજી લક્ષમાં આવ્યું કે આ તો આમ કહે છે, એટલું. પણ એથી કરીને જ્ઞાન થયું અને સમ્યગ્દર્શન થયું (એમ નથી). આહા..હા..! સમ્યગ્જ્ઞાન પણ નહિ. લક્ષ કર્યું માટે સમ્યગ્જ્ઞાન થયું (એમ નથી). આહા..હા..! સમ્યગ્જ્ઞાન તો ત્રિકાળી ઉત્પાદ-વ્યયની પરિણતિને ધ્રુવ તરફ વાળતા જે જ્ઞાન, મૂળ ભૂમિ તો જ્ઞાન છે. એ આવ્યું હતું ને ? શાસ્ત્રનું જ્ઞાન એ કાંઈ મૂળ અસલી ભૂમિ નથી. આહા..હા..! સાંભળ્યું ને ખ્યાલ આવ્યો એ કાંઈ મૂળ ભૂમિ નથી. આહા..હા..! મૂળ જ્ઞાનની ઉત્પત્તિ, ભૂમિ એટલે ઉત્પત્તિનું સ્થાન તો ભગવાન ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો ફક્ત ઓલા ગૌતમે કહ્યું વ્યવહારથી, તો વ્યવહારથી લાભ થાય, શિષ્યોને લાભ થાય, ગૌતમે વ્યવહાર બતાવ્યો માટે લાભ થાય (એમ કહે). અરે..રે...! શું કરે છે પ્રભુ તું ? આહા..હા..! અને તે પણ દિગંબરમાં આવીને. શ્વેતાંબરમાં તો એ બધી વ્યવહારની વાત કહે છે એટલે એ તો લોકો માને અને કહે. પણ આવો

આવું સનાતન જૈનદર્શન, વસ્તુ સ્વભાવદર્શન, વિશ્વદર્શન... આહા..હા..! એવો જે ભગવાન વિશ્વ નામ સમસ્તને દેખનારો. આહા..હા..! એનું આ દર્શન, એનું નામ આ જૈનધર્મ છે.

એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ અને ઉત્પાદ-વ્યયની પરિણતિ છે અને ધ્રુવ છે એ ગુણથી ખાલી નથી. એ ધ્રુવ અનંત ગુણનો પિંડ છે. એવો ખ્યાલ કરાવ્યો. સમજાણું કાંઈ ? એના ખ્યાલ થવાથી એને સમ્યગ્દર્શન થઈ ગયું, અરે..! ખ્યાલ કરે તો સમ્યગ્જ્ઞાન થયું એમ નથી. એ તો કાલે નહોતું આવ્યું ? શાસ્ત્રજ્ઞાન છે એ તો પરજ્ઞેય છે. આહા..હા..! શાસ્ત્રે કહ્યું, દિવ્યધ્વનિ દ્વારા કહ્યું, પોતાથી ખ્યાલમાં આવ્યું, વાણીથી નહિ. છતાં એ ખ્યાલ છે એ તો પરલક્ષીજ્ઞાન છે. આહા..હા..! એ તો હજી પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..! માર્ગ અલૌકિક છે, ભાઈ ! આહા..હા...!

એ ધ્રુવ કાયમ અનંત ગુણોનો ભરેલો ભંડાર પ્રભુ છે. એના ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્રણેનું જ્ઞાન થયું અને આત્મામાં અનંત ગુણ છે, પર્યાય પલટે છે એવું જ્ઞાન થયું માટે સમ્યગ્દર્શન થયું (એમ નથી). આહા..હા..! અરે..રે...! કોને પડી છે આ ? મારું શું થશે ? ભાઈ ! અહીંથી ક્યાં જઈશ ? ભગવાન તો કાયમ રહેનાર છે. કાયમ રહેનાર છે (તો) રહેશે ક્યાં ? ભાઈ ! જેણે એવા ભેદ ઉપર દૃષ્ટિ રાખી છે... આહા..હા..! એ તો સવારમાં ન આવ્યું ? ભેદ એ પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! ગજબ વાત છે. અભેદ ઉપર દૃષ્ટિ કરવાથી એમાં ભેદ આવતો નથી. એ અપેક્ષાએ ભેદ, રાગ, રંગ અને ભેદથી ભિન્ન ભગવાન આત્મા છે. આહા..હા..! ખરેખર તો ઉત્પાદ-વ્યયની પર્યાયના ભેદથી પણ ભિન્ન છે. આહા..હા..! એવો ખ્યાલ કરે પણ એને જ્ઞાન ક્યારે થાય ? સમજાણું કાંઈ ?

એ ધ્રુવ અનંત અનંત ગુણનો દરિયો ભર્યો છે, ભગવાન ! આહા..હા..! એના ઉપર પર્યાયની દૃષ્ટિ લગાવ. પર્યાયમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર આવે એ પણ રાગમાં રોકાવાનું છે. હું ધ્રુવ છું, આ પર્યાય છે એવો વિચાર પણ રાગમાં રોકાવાનું સ્થાન છે. આહા..હા..! 'નિયમસાર'માં છે કે બહિર્‌તત્ત્વ અને અંતર્‌તત્ત્વ એની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત. એટલે રાગ, વિકલ્પ... આહા..હા..! ગજબ વાત કરે છે ને. 'નિયમસાર'ની પાંચમી ગાથા. બહિર્‌તત્ત્વ એટલે સંવર, નિર્જરા, આસ્રવ આદિ. જીવની એક સમયની પર્યાય આદિ. એ બહિર્‌તત્ત્વ છે. અને અંતર્‌તત્ત્વ પરમાત્મસ્વરૂપ ધ્રુવ.

એ બેની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત એ વ્યવહાર છે. આહા..હા..! બે આવ્યા ને ? 'નિયમસાર'માં છે.

તે પણ 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે મેં તો મારા માટે બનાવ્યું. આહા..હા..! જે ત્રીજે નંબરે આવ્યા. 'મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમો ગણી, મંગલમ્ કુંદકુંદાર્યો.' આહા..હા..! એ એમ કહે, કે આ 'નિયમસાર' મારી ભાવના માટે બનાવ્યું છે. આહા..હા..! એમાં એમ કહે અને ટીકાકારે ટીકા પણ એવી લીધી છે. વ્યવહારના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ (છે). આવ્યું ને ? આહા..હા..! મેં મારી ભાવના માટે બનાવ્યું હતું. આ ભાવના એ. આહા..હા..! કે ઉત્પાદ-વ્યય અને પર્યાયનો જે વ્યવહાર છે.. આહા..હા..! એના પરિહાર અર્થે ત્રિકાળી જ્ઞાયકભાવના અવલંબે આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને અનુભવ થાય. એ માટે મેં આ બનાવ્યું છે. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય' એટલે... આહા..હા..! પહેલા નંબરે તીર્થંકર, બીજા નંબરે ગણધર અને ત્રીજા નંબરે કુંદકુંદાચાર્ય. આહા..હા..! અને તે પણ બીજા આચાર્યો વચમાં મૂકીએ ગૌતમ પછી તો ઘણા આચાર્યો હતા. નહોતા ? કે ગૌતમ પછી એના શિષ્ય આ 'કુંદકુંદાચાર્ય' હતા ? આહા..હા..!

એ 'કુંદકુંદાચાર્ય' જ્યાં ગણધર પછી ત્રીજે નંબરે આવ્યા એ એમ કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ... આહા..હા..! કે તારી ચીજ જે ધ્રુવ છે એમાં અનંત અનંત ગુણ ભરેલા છે. આહા..હા..! એ ધ્રુવ ઉપર જા, ધ્રુવને પકડ. આહા..હા..! ધ્રુવને ધ્યાનનો વિષય બનાવ. આહા..હા..! તો તને સમ્યગ્દર્શન થશે એમ જણાવ્યું. પણ લક્ષમાં આવ્યું એથી એને સમ્યગ્દર્શન થઈ ગયું ? આહા..હા..! આ તો શાસ્ત્ર દ્વારા જણાવ્યું.

કહે છે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ જે છે એ ત્રણનો વિચાર છોડીને એક ધ્રુવ તરફ જા. જ્યાં કાયમ બિંબ પડ્યો છે. જિનબિંબ. ભગવાન આત્મા ધ્રુવ તો જિનબિંબ છે. વીતરાગબિંબ છે. આહા..હા..! સાક્ષાત્ ભગવાન શક્તિ સમૂહ પિંડ છે. એ ભગવાનસ્વરૂપી પ્રભુ આત્મા છે. આહા..હા..! અરે..! એનો વિશ્વાસ ક્યારે આવે ? આહા..હા..! એ વસ્તુ ધ્રુવ ઉપર દૃષ્ટિ લગાડતા એ ધ્રુવનો ભરોસો, વિશ્વાસ સમ્યગ્દર્શન થાય છે. એ વિના બધું થોથા છે. આહા..હા..! એ શાસ્ત્રમાં આવ્યું કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે આત્મા છે, એ સત્ છે. આહા..હા..! અને ધ્રુવમાં અનંત ગુણ ભરેલા છે. પણ ભરેલા છે એ પ્રતીતમાં આવ્યા વિના ભરેલા ક્યાંથી આવ્યા ? એ તો ધારણાના

જ્ઞાનમાં લીધું એટલું. સમજાણું કાંઈ ? આહા..હા..!

એ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ જે અનંત ગુણથી ભરેલો છે, એને ધ્યેય બનાવીને ત્યાં રોકાય જા. દૃષ્ટિને ત્યાં સ્થાપ. કેમ કે સ્થિર છે તો દૃષ્ટિ ત્યાં ટકે છે. પર્યાય અસ્થિર છે તો દૃષ્ટિ ત્યાં નથી ટકતી. માટે પર્યાયની દૃષ્ટિ છોડાવીને... આહા..હા..! એમાં પર્યાય છે પણ એ તો અસ્થિર અને પલટતી દશા છે. એમ કહ્યું ને ? પલટતી પર્યાય ઉપર દૃષ્ટિ લગાડતા દૃષ્ટિ ત્યાં ક્યાં જામે છે ? આહા..હા..! જે ધ્રુવ છે... આહા..હા..! એ રાજકુમારો આઠ વર્ષની ઉંમરના, ચક્રવર્તીના દીકરા, તીર્થંકરના દીકરા જે સમકિત પામે, બાપા ! ધ્રુવ ઉપર થાપ મારી અંદરથી. આહા..હા..! અને આનંદ જ્યાં આવ્યો... આહા..હા..! બાકી લુખું (લાગે), રાજ-પાટ બધું લુખું (લાગે). આહા..હા..!

અનંત અનંત ગુણથી ભરેલો ધ્રુવ પ્રભુ, એ ધ્રુવમાં દૃષ્ટિ લગાડતા, એ શક્તિમાંથી અનંત ગુણની વ્યક્તતા પ્રગટી, આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! એ સાંભળવાથી નથી આવ્યો. આહા..હા..! આઠમી ગાથામાં તો એમ કહ્યું ને ? હું નિશ્ચય અને વ્યવહારને જાણનાર બે રથ .. એ આચાર્ય કહે છે. જેને આત્મા કહો એ કહે છે અથવા બીજો એ પણ કહે છે. નિશ્ચય આત્માનો આશ્રય છે અને વિકલ્પમાં વ્યવહારમાં આવ્યો છે. એ કહે છે, કે ભાઈ ! દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ આત્મા. એ આત્મા જે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થયો તે આત્મા, એવો ભેદ બતાવ્યો. અને શિષ્યે સાંભળ્યું પણ ખરું. સમજાણું કાંઈ ? પણ કહ્યું કે મેં ભેદથી કહ્યું, એ મારે પણ અનુસરણ કરવા લાયક નથી અને તને પણ ભેદથી સંભળાવું છું, તો તારે પણ ભેદ અનુકરણ કરવા લાયક નથી. આહા..હા..! હું ભેદથી સંભળાવું છું, તો મને પણ અનુકરણ કરવા લાયક નથી, જાણવાલાયક છે. અનુકરણ કરવાનું તો દ્રવ્યનું છે. આહા..હા..! અને તને પણ તારા અનુગ્રહને કારણે ભેદથી કહ્યું, એનાથી તારું કલ્યાણ થશે... આહા..હા..! એમ નથી.

જ્યાં ભગવાન ધ્રુવપણે અંદર બિરાજે છે... એ કહે છે ને ? જુઓ ? **'અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** આહા..હા..! ઓરડા ભર્યા છે અંદર. ઓરડા-ઓરડા. આ તમારી હિન્દી ભાષામાં કમરા કીધા. આપણી ગુજરાતી ભાષામાં ઓરડા કહે છે. આહા..હા..! એક એક ઓરડામાં અનંતી શક્તિ, અનંતી પર્યાયની તાકાત એક એક ગુણમાં (ભરી છે). અનંતી શક્તિ અને અનંતી પર્યાય, બે વાત લીધી. જુઓ !

ભાઈ ! 'નિયમસાર'માં બે-ત્રણ ઠેકાણે એક-એક ગુણમાં અનંતી શક્તિ અને અનંતી પર્યાય છે. એમ બે વાત (લીધી) છે. અનંતી શક્તિ વર્તમાન. આહા..હા..! 'ચિદ્વિલાસ'માં લીધું છે. ખબર છે ? નથી. 'ચિદ્વિલાસ'માં બે-ત્રણ ઠેકાણે છે.

ભગવાન આત્મા જેમાં અનંત ગુણના ઓરડા–કમરા. એટલે એક એક ગુણમાં અનંતી તાકાત છે. અનંત ગુણના રૂપ એ અનંતી તાકાત છે. પોતામાં રહેવું અને પરથી ન હોવું, બીજા ગુણથી ન થવું, અનંત ગુણથી ન હોવું, પોતામાં રહેવું એવી અનંતી તાકાત એક એકમાં છે. અને પરરૂપે ન થવું છતાં પરના રૂપપણે હોવું... આહા..હા..! ભગવાન જ્ઞાનના ઓરાડા. આ તો ઓરડા કીધા ને ? એક ગુણ ને અનંતા ઓરડા. એમ એક એક ગુણમાં અનંત ગુણનો એમાં અભાવ, એવો નાસ્તિત્વ ધર્મ એકમાં. અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ–અસ્તિત્વ. આહા..હા..! શું કહ્યું ? આહા..હા..!

**'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** એક એક ગુણના ઓરડા આહા..હા..! એવા અનંતા ગુણના ઓરડા. એક એક આત્મામાં અનંત ગુણ અને એક એક ગુણમાં અનંતુ રૂપ અને એક એક ગુણમાં અનંત ગુણનો નાસ્તિભાવ. છે. આહા..હા..! અનંતુ થયું ને ? ભાઈ ! એક ગુણમાં અનંત. એક ગુણ અનંત ગુણરૂપે નથી એવું નાસ્તિત્વ અને એક ગુણમાં અનંત ગુણનું રૂપ. જ્ઞાન છે તો પોતાથી છે એવું અસ્તિત્વરૂપ. અસ્તિત્વગુણરૂપ નહિ, અસ્તિત્વગુણનો એમાં અભાવ છે. આહા..હા..! પણ એવું જ્ઞાન છે, એવું અસ્તિત્વરૂપ પોતાથી છે. આવી વાતું બહુ આકરી બાપા ! દ્રવ્ય-ગુણ-પર્યાયની હજી તો ખબરું ન મળે. આહા..હા..!

**'તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.'** કેમ ? **'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** આહા..હા..! અનંત ગુણરૂપી ઓરડા, એમાં એક એક ગુણ અનંત શક્તિરૂપે ઓરડો. છે કે નહિ ? આહા..હા..! અને એ 'ચિદ્વિલાસ'માં લીધું છે, ભાઈ ! પહેલા એક ફેરી વાત થઈ ગઈ છે. એક એક ગુણમાં અનંતી શક્તિ અને એક એક ગુણમાં અનંતી પર્યાય. એ બે બોલ ભિન્ન લીધા છે. સમજાણું કાંઈ ? 'ચિદ્વિલાસ' નથી. આહા..હા..! એક એક ગુણ એવા અનંત ગુણ. અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંત ગુણ. અને એક એક ગુણમાં અનંતી શક્તિ. પરગુણરૂપે ન થવું. પરગુણના અભાવરૂપ રહેવું. અને પરગુણનું જે સ્વરૂપ છે એવા રૂપપણે રહેવું...

આહા..હા..! પરગુણપણે ન રહેવું. પણ અસ્તિત્વગુણ આદિ પરરૂપ પોતામાં રહેવું. એવા અસ્તિત્વ અનંતા ગુણો. આહા..હા..! એક એક ગુણમાં એનું રૂપ અને એક એક ગુણમાં અનંત ગુણની નાસ્તિ. આહા..હા..! એવા એક એક ગુણમાં અનંત અનંત શક્તિ અને સામર્થ્ય છે. આહા..હા..! એ ચૈતન્યચમત્કાર છે. આહા..હા..! પણ પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી વસ્તુ અંદર સમીપ પડી છે એની ખબર નથી. આહા..હા..! ઉત્પાદ-વ્યયની દૃષ્ટિથી... આહા..હા..!

'સમયસાર'ની બીજી ગાથામાં આવ્યું ને. **'કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...'** આહા..હા..! બીજી ગાથામાં આવ્યું છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ રાગથી ભિન્ન, પર્યાયથી ભિન્ન. આહા..હા..! એવું જે ભેદજ્ઞાન તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન, સાંભળ્યું એ જ્ઞાન થયું માટે કેવળજ્ઞાનનું કારણ છે એમ છે નહિ. આહા..હા..! ગુરુએ કહ્યું અમારા ઉપર અનુગ્રહ કરીને, મહેરબાની કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એ લક્ષમાં આવ્યું, પણ એથી આત્માનું જ્ઞાન થઈ ગયું (એમ નથી). આહા..હા..! અરે..રે...! આવું આકરું. ચાલનારને ચાલવું છે, દેખનારને અંદર દેખાડ્યું. આ... આ... આ... આ (વસ્તુ છે). સમજાણું કાંઈ ? તારો ધ્રુવ ભગવાન અંદર છે ને, ભાઈ ! અનંત અનંત ગુણનું રૂપ તારું છે ને. અરે..રે...! સાંભળવા મળે નહિ એને. એની મહિમાની ખબર ન મળે. આહા..હા..!

**'તેમાં અનંત ગુણરત્નો...'** ગુણરત્નો. એના **'ઓરડા ભરેલા છે.'** આહા..હા..! આપણી ગુજરાતી ભાષામાં ઓરડા છે. ગુજરાતી છે, ભાઈ ! કમરા એટલે ઓરડા. આહા..હા..! **'તે અદ્ભુત ઋદ્ધિયુક્ત...'** આહા..હા..! **'તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે...'** આહા..હા..! જુઓ ! સાર આવ્યો. પહેલા એમ કહ્યું, કે વસ્તુ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ છે. હવે જે ધ્રુવ છે એ સ્થાયી છે. પર્યાય પલટે છે. પર્યાય પલટે છે અને આ સ્થાયી છે. સ્થાયી છે, સ્થિર છે તો એમાં એ ખાલી નથી. એ તો ભરેલો છે. અનંતા... અનંતા... અનંતા... ગુણની ઋદ્ધિથી ભરેલો છે. આહા..હા..! એ **'અદ્ભુત ઋદ્ધિયુક્ત...'** નિત્ય સ્વરૂપ ઉપર દૃષ્ટિ દે. આહા..હા..! એવું એને પહેલું જ્ઞાન કરાવ્યું. પણ દૃષ્ટિ દેવી છે તો એને ને ? આહા..હા..! દૃષ્ટિ દે એમ જણાવ્યું માટે એની દૃષ્ટિ થઈ ગઈ એની ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નહિ. નહિ. પછી એના ઉપર લક્ષ જ નથી. એ ખ્યાલમાં આવ્યું એટલું, બસ.

આ ભગવાન આત્મા ધ્રુવ ઉપર દૃષ્ટિ દે, પ્રભુ ! આહા..હા..! તારા કલ્યાણનો, સુખનો પંથ પ્રગટશે. સુખનો ભંડાર ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો ભંડાર. એક ગુણ નહિ એવા અનંત ગુણનો ભંડાર. આહા..હા..! પર્યાયને, દૃષ્ટિને ત્યાં સ્થાપ એમ. પછી ઉત્પાદ-વ્યય પર્યાય લીધી. દ્રવ્યમાં અનંત ગુણનો ભંડાર ભરેલો છે. ત્યાં પર્યાય એટલે દૃષ્ટિ સ્થાપ. તે દૃષ્ટિ ઉત્પાદ-વ્યયવાળી છે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! જૈનદર્શન સમજવું એ કોઈ અલૌકિક વાતું, બાપા ! જૈનદર્શન કોઈ પક્ષ નથી, વાડો નથી, વસ્તુનું સ્વરૂપ (છે). આહા..હા..! એ વસ્તુ જિનસ્વરૂપ... આહા..હા..! એમાં દૃષ્ટિ દે તો જૈન થા. આહા..હા..! જિન ઉપર દૃષ્ટિ દે તો જૈન થા. આહા..હા..! બાકી અમે જૈન છીએ... જૈન છીએ... ગમે તે નામ આપે. આહા..હા..!

કહ્યું ને એ ? ‘ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. પણ મત મદિરા કે પાન સો...’ પર્યાયબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, એ મતવાલા, અભિપ્રાયવાળા. આહા..હા..! ‘મત મદિરા કે પાન સો, મતવાલા સમજે ન.’ આહા..હા..! આવો માર્ગ એટલે લોકો એકાંત છે એમ કરીને કાઢી નાખે છે, ભાઈ ! એ દૃષ્ટિ આવી, પર્યાય આવીને ભેગી ? પલટતી પર્યાયને જેમાં ભંડાર ભર્યા છે તેમાં સ્થાપ. આહા..હા..! એ પર્યાય આવી ગઈ. આહા..હા..! પર્યાય ઉપર દૃષ્ટિ છે એ પર્યાયને દ્રવ્ય ઉપર સ્થાપ. આહા..હા..! ઝીણું બહુ, ભાઈ ! આહા..હા..! પણ વસ્તુનું સ્વરૂપ જ આવું છે, પ્રભુ ! શું કરવું ? આહા..હા..! એમાં વળી મશ્કરી કરે એ તો કે ઝીણું-ઝીણું કહીને તમને નહિ સમજાય. ઝીણું-ઝીણું કહીને એ એમ કહે છે–એ આવ્યું હતું. સરળ છે એને ઝીણું-ઝીણું કહે છે. બાપા ! એ ઝીણું પોતે, ભગવાન પોતે ઝીણો છે ને. આહા..હા..! અરૂપી પ્રભુ ! આહા..હા..! શુભભાવને તો સ્થૂળ પરિણામ કીધા છે. કહો, સ્થૂળ ઉપયોગ જે દયા, દાન, વ્રત, ભક્તિ એને તો સ્થૂળ પરિણામ કીધા છે. છે તો એની પર્યાય વિકારી. પણ પરલક્ષવાળી છે એટલે સ્થૂળ પરિણામ છે. ભગવાન એનાથી સૂક્ષ્મ છે. એનાથી નહિ જણાય. આહા..હા..! એ સ્થૂળ પરિણામથી નહિ જણાય. જે પરિણામ શુભ છે એની દશાની દિશા પર છે. એને સ્વભાવની દશાની દિશા સ્વ છે. ત્યાં દૃષ્ટિને સ્થાપ. આહા..હા..! આવું છે.

**'તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે...'** સંતોષ એટલે આનંદ થશે. આહા..હા..! **'તો તને સંતોષ થશે...'** આનંદ થશે. આહા..હા..! જ્યાં ભંડાર ભરેલો છે ત્યાં દૃષ્ટિ સ્થાપ, તને આનંદ થશે. પર્યાય ઉપર દૃષ્ટિ સ્થાપતા તને દુઃખ થશે. આહા..હા..! પાછળના પેરેગ્રાફો બધા બહુ સારા છે. ૩૭૬, ૩૭૭, ૩૭૮... આહા..હા..!

**'તને સંતોષ થશે કે...'** શું સંતોષ થશે ? **'કે 'હું તો સદા કૃતકૃત્ય છું.'...'** વસ્તુએ તો કૃતકૃત્ય જ છે. એને કાર્ય કરવું પડે છે કે (એવું નથી). એ તો વસ્તુ કૃતકૃત્ય ત્રિકાળ જ્ઞાયક છે. આહા..હા..! કૃતકૃત્ય છે. આહા..હા..! **''હું તો સદા કૃતકૃત્ય છું.''** કોણ ? દ્રવ્ય, હોં ! હું ઇ. પર્યાય એમ કહે છે કે હું આ દ્રવ્ય જે છું એ તો કૃતકૃત્ય છું. આહા..હા..! આવી વાતું, બાપા ! આહા..હા..! અરે..! ભગવાન વયા ગયા, આ ભગવાન રહી ગયા. કહે છે,.. એક પેરેગ્રાફમાં કેટલું (ભર્યું છે) ! સહજ આવ્યું છે. એ કાંઈ લખ્યું નથી, લખાવ્યું નથી. આહા..હા..! અરે..! દીકરીઓએ, બહેનોએ લખી લીધું. આહા..હા..! અને એ બહાર આવ્યું, અને (ભાઈએ) બધું સરખું કર્યું. આહા..હા..!

**''હું તો સદા કૃતકૃત્ય છું.''** કોણ ? દ્રવ્ય, હોં ! સંતોષવાળી પર્યાય એમ કહે છે... આહા..હા..! પર્યાયમાં જે આનંદ થયો, શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું, અંશે સ્થિરતા થઈ, એ એમ કહે છે કે આ વસ્તુ તો કૃતકૃત્ય છે. દ્રવ્યમાં કાંઈ નવું કરવાનું છે કે કોઈ કાર્ય બાકી છે એમ નથી. એ તો કૃતકૃત્ય જ છે. આહા..હા..! હવે **''હું તો સદા કૃતકૃત્ય છું.''** આહા..હા..! **'તેમાં ઠરતાં...'** જે દ્રવ્ય વસ્તુ છે, એની દૃષ્ટિ થતાં જે આનંદ થયો, એ આનંદની પર્યાય અને જ્ઞાનની પર્યાય પ્રગટી, એ પર્યાય એમ માને છે, જાણે છે કે આ હું દ્રવ્ય સદા કૃતકૃત્ય છું. આહા..હા..! દ્રવ્યને કાંઈ કરવું છે તો દ્રવ્ય છે ? આહા..હા..! હું તો કૃતકૃત્ય છું એમ કોણ જાણે છે ? પર્યાય. આહા..હા..! આ હું કૃતકૃત્ય છું. આહા..હા..! **'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'** આહા..હા..! જુઓ ! કેટલો ન્યાય ! સમજાણું કાંઈ ? ઓલા ભાઈનો કાગળ આવ્યો છે. આપણો ભાઈ આવ્યો હતો ને આ 'ભાવનગર'નો, નહિ ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. ભાઈએ કીધું પછી આપણે આપ્યું.

મુમુક્ષુ :– ખાલી પુસ્તક આપી દીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ અર્ધમાગધીના ભાઈ પ્રોફેસર. એનો કાગળ આવ્યો. આપણે 'બહેન'નું પુસ્તક આપ્યું છે ને ? કાગળ આવ્યો છે. એટલી ખુશી બતાવી છે. આહા..હા..! અરે..રે..! ત્યાંથી નીકળવું મને ગોઠતું નહોતું. મને આ વાંચીને મારી વાત શું કરું ? હું ખુશી-ખુશી. મોટો અર્ધમાગધીનો પ્રોફેસર છે. આહા..હા..! કાલે કાગળ આવ્યો છે, હોં ! ત્યાં પડ્યો હશે. આહા..હા..! અરે..! આમાં તો ભણ્યાના અભિમાન હોય એના પાણી ઉતરી જાય એવું છે. આહા..હા..!

શું કહે છે ? જે નિત્ય પ્રભુ ધ્રુવ છે એના ઉપર દૃષ્ટિ લગાવતા તને પર્યાયમાં સમ્યક્ આનંદ અને જ્ઞાન થશે. અને એ પર્યાય એમ જાણે છે કે હું તો કૃતકૃત્ય છું. એ કૃતકૃત્ય ઉપર લક્ષ, આશ્રય કરતા પર્યાયમાં કૃતકૃત્ય થઈ જશે. કાંઈ કરવાનું રહે નહિ એવો કૃતકૃત્ય થઈ જશે. આહા..હા..! આવી વાત છે. આ દિગંબર ધર્મ. આહા..હા..! એ કોઈ પક્ષ નથી. આહા..હા..! આ દિગંબર ધર્મ, એ જૈનધર્મ, એ વસ્તુ ધર્મ (છે.) આહા..હા..! ભાગ્યવાનને તો કાને પડે એવી વાત છે. આહા..હા..!

કહેવડાવ્યું હતું મેં. એના બાપને. કીધું ? ભાઈ ! (તમારા દીકરાને) કીધું હતું કે તારા બાપને કહેજે કે આ પાંચ લાખ છે એ ભાગ્યવાન નથી. એ કીધું ? તને કીધું હતું ને તારા બાપને કહેજે કે પાંચ લાખ મળ્યા માટે ભાગ્યવાન નથી. પણ આ સાંભળવાનું મળે માટે ભાગ્યવાન છે એમ કહેવડાવ્યું હતું. આહા..હા..! એમ કે ઓલા પાંચ લાખ મળ્યા એટલે આપણે ભાગ્યવાન. આ કરોડપતિ બધા ઘણા હતા, સાંઈઠ-સીત્તેર લાખવાળા કરોડોપતિઓ ઘણા છે. એ ભાગ્યવાન નથી, બાપા ! આહા..હા..! વીતરાગની આવી વાણી. પરમ ધ્વનિમાં, દિવ્યધ્વનિમાં આવી એ વાણી છે આ. આહા..હા..! એ વાણી એના ન્યાય સહિત કાને પડવી... આહા..હા..! દુનિયા માનો ન માનો, દુનિયા એકાંત કહો અને ગમે તે કહો. આહા..હા..!

કૃતકૃત્ય છે, વસ્તુ કૃતકૃત્ય છે. **'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'** આહા..હા..! દ્રવ્યમાં પૂર્ણ આનંદ છે. એમાં ઠરતાં સ્થિર થતાં પર્યાયમાં પૂર્ણ આનંદ પ્રગટશે. કરવું પડે અને એ કૃતકૃત્ય થશે. ભગવાનમાં અનંત જ્ઞાન છે, એમાં સ્થિર થવાથી એ પૂર્ણ જ્ઞાન છે, એ તો કૃતકૃત્ય છે. એમાં સ્થિર થવાથી પર્યાયમાં કૃતકૃત્ય નામ કેવળજ્ઞાન થશે. પછી કાંઈ કરવાનું રહેશે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન ઋષભદેવે છ મહિના ઉપવાસ કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો એ સમયે આનંદમાં રહ્યા, આહારનો વિકલ્પ આવ્યો નહિ એ અપેક્ષાએ અપવાસ કહેવામાં આવ્યા. એ લખ્યું છે. મહાન ભગવાન જેવાએ બાર વર્ષના અપવાસ કર્યા, તપસ્યા કરી. અરે..! ભાઈ ! તું માને એ તપ નથી. ભગવાનને.. આહા..હા..! ભગવાન તો અતીન્દ્રિય આનંદમાં મસ્ત રહે. છ મહિના સુધી આહાર લેવાનો વિકલ્પ આવ્યો નથી. અને આહાર નહિ આવવાનો યોગ પણ એવો હતો. એ આનંદમાં રહે છે. એ આનંદ જે ઉભરાણો. પ્રતપંતે ઇતિ તપઃ. ભગવાન અનંત ગુણનો પિંડ પોતે પર્યાયમાં અનંત-અનંત શાંતિ, આનંદ લઈને જે દશા અંદરમાં તપે છે. ચારિત્રથી પણ ઉગ્ર પુરુષાર્થ છે એનું નામ તપ છે. આહા..હા..! આ તો સમ્યગ્દર્શન વિના આ બધી લાંઘણું છે. અપવાસ-બપવાસ એ લાંઘણ છે. ઉપવાસ નહિ, આ તો અપવાસ છે. આહા..હા..!

ઉપ નામ ભગવાન સમીપે વાસ અંદર. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ અનંત આનંદ અને અનંતી ગુણની ઋદ્ધિનો સંપન્ન, પ્રભુ ! આહા..હા..! એની સમીપમાં જઈને વસવું, એનું નામ ઉપવાસ છે. બાકી એના ભાન વિના રાગાદિ એ તો અપવાસ- માઠાવાસ છે. રાગમાં જેનો વાસ છે. આહા..હા..! માણસને આકરું પડે. એ દરેક સંપ્રદાયને આકરું પડે. સ્થાનકવાસી, દેરાવાસીને તો પડે જ. કારણ કે એમાં વ્યવહાર પ્રધાન એનું શાસ્ત્ર છે. પણ આ દિગંબરના શાસ્ત્રોમાં આવું ભર્યું છે એની એને ખબર ન મળે. લોકો ગાડા હાંકે રાખે છે. આહા..હા..! ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે. બધાએ કહ્યું. આહા..હા..!

ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. એ 'પંચાસ્તિકાય'ની ૧૭૨ (ગાથામાં કહ્યું). વીતરાગતા ક્યારે થાય ? કે વીતરાગ જિનબિંબ પ્રભુ છે એની દૃષ્ટિ કરતા, સ્થિરતા કરતા વીતરાગતા થશે. આહા..હા..! જેમાં વીતરાગતા ભરી છે. આહા..હા..! (એની દૃષ્ટિ કરતાં) તારી પર્યાયમાં વીતરાગતા થશે. અને વીતરાગી પર્યાય જાણે છે કે હું તો પૂર્ણ કૃતકૃત્ય થયો. સમ્યગ્દર્શનની પર્યાય અને સમ્યગ્જ્ઞાનની પર્યાય થઈ એ તો જાણે છે કે હું તો કૃતકૃત્ય પૂર્ણ વસ્તુ આ તો ઓહો..હો..! આ તો પરમાત્મા છે, પૂર્ણ છે. એને કાંઈ કરવાનું, ધરવાનું છે નહિ. પણ એમાં સ્થિર થતાં પર્યાયમાં કૃતકૃત્ય થઈ જશે. કંઈ કરવાનું રહે નહિ એવું કેવળજ્ઞાન તને થશે. આહા..હા..! પણ એમાં સ્થિર થવાથી કહ્યું છે. કોઈ અપવાસ કરવાથી કે ભક્તિ કરવાથી નહિ.

આહા..હા..! છ લીટી છે. પણ છેલ્લે થઈ જાય. છ. આહા..હા..! કેટલું ભર્યું છે ! આહા..હા..! અને સહેજે વાણી નીકળી છે. ૩૮૨ (બોલ પૂરો) થયો.

**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી, મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે. જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે. બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્ન ભિન્ન પ્રકારો છે. જેટલા વર્ણનના પ્રકારો છે, તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે. ૩૮૩.**

‘**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી,...**’ ૧૪૪માં આવે છે ને ? આગમથી આત્મા જ્ઞાયક છે એમ જાણીને. પછી વિકલ્પ રહિત થઈને મતિ-શ્રુતને આત્મામાં લાવ. એ વાત અહીંયા છે. નહિતર કહે આત્માનો નિર્ણય કરીને. નિર્ણય કરવો એ તો સમ્યગ્દર્શન થઈ ગયું. પણ એનો અર્થ આ. આહા..હા..! ‘**જ્ઞાયકસ્વભાવ...**’ ચૈતન્યચંદ્ર શીતળતાના સ્વભાવથી જિનબિંબ પડ્યો છે. એનું જ્ઞાન કરી, ‘**મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો,...**’ એ શૈલી છે. ૧૪૪ની. આહા..હા..! કર્તા-કર્મ અધિકાર છે ને ? અરે..! ‘સમયસાર’ તો રત્નથી ભરેલું છે. આહા..હા..! કેવળજ્ઞાનના પટારામાંથી નીકળેલી વાત છે. આહા..હા..!

‘**જ્ઞાયકસ્વભાવનો આત્માનો નિર્ણય કરી, મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે...**’ મતિ-શ્રુતનો ઉપયોગ આમ બહાર રાગમાં, પરમાં લક્ષમાં જાય છે. આહા..હા..! ‘**ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે...**’ એ જાણન-જાણન-દેખન મતિ-શ્રુતનો જે ઉપયોગ છે... જાણન અહીં તો જ્ઞાન લેવું છે ને ? એને ‘**જ્ઞાયકના અવલંબન વડે...**’ ત્રિકાળી ભગવાન અનંતા ગુણરત્નો ભર્યા છે એવો, પ્રભુ ! એ તરફના અવલંબન વડે... આહા..હા..! ‘**વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો,...**’ ‘**અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો,...**’ આહા..હા..!

**'તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે.'** તે જ. શું ? કે આત્મા જ્ઞાયક છે એમ જાણીને, પછી મતિ-શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને... આહા..હા..! એના **'અવલંબન વડે વાંરવાર અંદરમાં સ્થિર કર્યા કરવો...'** આહા..હા..! **'તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે.'** શિવપુરી–મોક્ષ. નિરુપદ્રવ કલ્યાણમૂર્તિ પૂર્ણ એ શિવપુરી. શિવ એટલે પૂર્ણ કલ્યાણની પ્રાપ્તિ એ શિવપુરી. આહા..હા..! નમોત્થુણંમાં શ્વેતાંબરમાં આ આવે છે. આ શિવમય... નમોત્થુણં. એમાં આવે છે ને ? એના અર્થની ખબર ન મળે. એય...! ભાઈ ! ગોખી રાખ્યું હશે... ણમો... આહા..હા..! શિવપુરીના પંથ. હે શિવપુરીના પથિક ! એ આવે છે ને ક્યાંક ? એક કાગળમાં લખ્યું છે. 'નિયમસાર'માં એક શ્લોક છે. આહા..હા..!

ભગવાન આત્મા અનંત ગુણનો ધામ ધ્રુવ સ્થિર, એમાં દૃષ્ટિ દે, દૃષ્ટિ લગાવી દે અને એમાં સ્થિર થા. અને **'સ્થિર કર્યા કરવો,...'** રાગ કરવો, વ્યવહાર કરવો એ વાત તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! રાગ કાળે પણ અંદરમાં સ્થિર રહેવાનો પ્રયત્ન કરવો. અહીં જ્ઞાનધારાની વાત છે ને ? **'સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે.'** પૂર્ણ કલ્યાણસ્વરૂપ ભગવાન પર્યાયમાં, એ શિવપુરી પહોંચવાનો આ માર્ગ છે. આહા..હા..! છે ? અંદર છે. હજી તો આગળ વધશે. લોકો વાંચશે ત્યારે હજી આની... આહા..હા..! એમાં આ વ્યાખ્યાનો થશે એ બહાર પડશે ત્યારે એને ખ્યાલ આવશે કે... આહા..હા..!

મુમુક્ષુ :– હજાર વાર વાંચીએ તો પણ તૃપ્તિ ન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ કે એવી વાત છે આમાં. વાત સાચી. (આ ભાઈએ) ચાર વાર વાંચ્યું. આ કરોડપતિ ઘણા કરોડપતિ. એ મરવાને છેલ્લે ટાણે પણ એ વિચાર કરતા હતા. એમાં એકદમ હાર્ટ એટેક આવ્યો. આ પુસ્તક ચાર વાર વાંચ્યું છે. કેટલા કરોડપતિ છોકરાઓ છે. પોતે મરી ગયા એની પાસે પૈસા નીકળ્યા. એમાં સરકારને એમાંથી બાવીસ લાખ દેવા પડ્યા. છ છોકરાના પૈસા જુદા. છ છોકરા એના પૈસા જુદા. બધા ભેગા જ હતા, પણ એના જુદા. આ બાપના જુદા. મરી ગયા (પછી) બાપનો વારસો આવ્યો ને ? તો એમાં વારસામાં બાવીસ લાખ તો સરકારને ભરવા પડ્યા. તો એટલા પૈસા તો એની પાસે કેટલા ? અને પછી છોકરા પાસે કેટલા ? એણે આ પુસ્તક ચાર વાર વાંચ્યું. છેલ્લે પછી કહે, હું જાવ છું. છોકરાને

બોલાવ્યો હતો. મોટા પાંચ-પાંચ લાખના ઓરડા છે. છ છોકરા જુદા જુદા રહે છે. પોતાનો પાંચ લાખનો રૂમ જુદો. સાતના ૩૫ લાખના સાત ઓરડા એટલે મોટા દીકરાને બોલાવ્યો. કેમ છે બાપુજી ? જાવ છું. આહા..હા..! બસ, દેહ છૂટી ગયો. આ હાર્ટફેઈલ કહે છે ને ? મૂળ તો લોહી જામી જાય. લોહી બરફની જેમ જામી જાય. શ્વાસ લેવાય નહિ. આહા..હા..! આપણે પહેલા એને શું કહેવાય ? હાડકા ભીંસાય છે. છાતીના પાટિયા ભીંસાય છે એમ કહેતા. છે ને. અમે જોયું હતું. (સંવત) ૧૯૮૨ની સાલમાં. આ લોકો છે ને '? એના એક કુટુંબીભાઈ હતા. એને આ થયેલું. ઘણા માણસો બેઠા હતા. આહા..હા..! 'ચલો સખી વહાં જાઈએ જહાં અપના ન કોઈ.' આહા..હા..!

**'તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે.'** રાજમાર્ગ તો આ છે. **'જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે,...'** આહા..હા..! જ્ઞાયકઆત્મા સ્વરૂપ ભગવાન ! એની અનુભૂતિ એટલે આનંદની પર્યાયનું વેદન... આહા..હા..! **'તે જ શિવપુરીની સડક છે,...'** શિવપુરની સડક એ છે. આહા..હા..! પણ એનું કાંઈ સાધન ? એમ લોકો કહે છે. આ સાધન છે. આહા..હા..! પહેલા એની પાકી શ્રદ્ધા તો કર. કે આ માર્ગ છે. વીર્યને ત્યાં રોકી દે, બસ. આહા..હા..!

**'તે જ મોક્ષનો માર્ગ છે.'** છે ? એ શિવપુરીનો રાજમાર્ગ, શિવપુરીની સડક, મોક્ષનો માર્ગ. આહા..હા..! **'બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્ન ભિન્ન પ્રકારો છે. જેટલા વર્ણનના પ્રકારો છે, તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે.'** આહા..હા..! અખંડાનંદ પ્રભુ એમાં દૃષ્ટિ કરીને સ્થિર થવું એ એક જ માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં મોક્ષમાર્ગનો પંથ.' વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**'હું શુદ્ધ ચિદ્રૂપ છું' એવા નિર્ણયથી શુદ્ધ ચિદ્રૂપ પ્રાપ્ત થાય છે. તે શ્રુતસમુદ્રમાંથી નીકળેલું ઉત્તમ રત્ન છે. સર્વ તીર્થોમાં તે ઉત્કૃષ્ટ તીર્થ છે, સુખોનો તે ખજાનો છે, મોક્ષનગરીમાં જવા માટેનું તે ઝડપી વાહન છે. ભવના વનને બાળી નાખવા માટે તે અગ્નિ છે. 'પરમાગમસાર' બોલ નં. ૧૦૦૪.**

કારતક વદ ૩, શુક્રવાર તા. ૧૭-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૮૪ થી ૩૮૫, પ્રવચન–૧૫૩

**તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે ? તારામાં છે તેને જો ને ! તારામાં શી ખામી છે ? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એક વાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ. પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ. ૩૮૪.**

૩૮૪, ગુજરાતી છે. **'તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે.'** ગુણ છે ગુણ, એને અહીં નિધાન (કહે છે). આત્મામાં અનંતા ગુણો પૂર્ણ ઠસોઠસ નામ પૂર્ણ છે. આહા..હા..! **'અનંતગુણનિધાનને રહેવા માટે...'** એવા અનંત ગુણને, નિધાનને અનંત અનંતને માટે રહેવા માટે **'અનંત ક્ષેત્રની જરૂર નથી,...'** આહા..હા..! ક્ષેત્ર તો એક પરમાણુનું છે છતાં એમાં અનંત ગુણ રહે છે. આહા..હા..! જેટલા ગુણ આત્મામાં છે ચૈતન્ય, એટલી સંખ્યા એક પરમાણુમાં ગુણ છે એટલે કાંઈ એને ક્ષેત્રની જરૂર છે, આકાશનું ક્ષેત્ર એટલું તો પણ અનંત ગુણ અને એક પરમાણુનું ક્ષેત્ર એક પ્રદેશ જેટલું તોય અનંત ગુણ. આહા..હા..!

એને **'રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ...'** અસંખ્યાત પ્રદેશનું ક્ષેત્ર સ્વદેશ એમાં **'અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે.'** આહા..હા..! **'તારામાં આવા નિધાન છે,...'** આહા..હા..! **'તો પછી તું બહાર શું લેવા જાય છે ?'** બહારથી કાંઈ મળશે, કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર આપી દેશે કે અંદર રાગની મંદતાના પરિણામમાંથી મળશે એમ બહારમાં શા માટે લેવા જાય છે ? **'તારામાં છે તેને જો ને !'** તારામાં અનંત અનંત ગુણો નિધાન ભર્યા છે એને જો ને આહા..હા..!

સવારમાં એક આવ્યું હતું ને ? ચૈતન્ય સ્વભાવ આત્મા, ચૈતન્ય સ્વભાવથી આત્મા વ્યાપ્ત છે. એટલે ચૈતન્ય સ્વભાવ તે વ્યાપક છે, આત્મા વ્યાપ્ય છે સવારમાં આવ્યું હતું. આહા..હા..! પાછળેય આવે છે ચેતના. એમ કે ચેતના વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે. સર્વ વિશુદ્ધ (અધિકારમાં) પાછળ. આહા..હા..! અનંતા અનંતા ગુણો એવો ચૈતન્ય સ્વભાવ તે આત્મા એમાં વ્યાપ્ય છે, સ્વભાવ વ્યાપક છે, આત્મા વ્યાપ્ય છે. આહા..હા..! પુદ્ગલ વ્યાપક છે અને રાગાદિ ભેદ તેનું વ્યાપ્ય છે. આહા..હા..! જ્યાં ચેતના સ્વભાવ જે નિધાન ગુણો છે એ ચેતના વ્યાપક છે, વ્યાપ્ય આત્મા છે. આહા..હા..! એવો જે ભગવાન અનંતા અનંતા ગુણનો નિધાન. શબ્દે શું થાય ? આહા..હા..!

**'તારામાં શી ખામી છે ?'** આહા..હા..! તે બહારમાં લેવા માગે છો, એમ કહે છે. આહા..હા..! **'તારામાં પૂર્ણ સુખ છે,...'** આત્મામાં પૂર્ણ સુખ, સુખ, આનંદ. આત્મામાં પૂર્ણ આનંદ ભરેલો છે. આહા..હા..! વિશ્વાસ દૃષ્ટિ પડવી આકરી છે. આહા..હા..! દૃષ્ટિના વિષયમાં અનંત આનંદ ને અનંત સુખ શાંતિ પડી છે. આહા..હા..! તારામાં, આહા..! **'પૂર્ણ જ્ઞાન છે,...'** પૂર્ણ સુખ છે ને વસ્તુના સ્વભાવમાં પૂર્ણ જ્ઞાન છે. આહા..હા..! **'બધુંય છે.'** બે મુખ્ય કરીને કહ્યું–જ્ઞાન ને સુખ. ઘણા આચાર્યો જ્ઞાન ને સુખ જ બધે ઠેકાણે. ઓલામાં વળી કીધું તો અહં કહ્યું છે તરંગણી. એ પણ બાકી તો ઘણે ઠેકાણે કળશ-ટીકા આવે છે ન્યાં જ્ઞાન ને આનંદ, જ્ઞાન ને આનંદ બેય મુખ્ય વસ્તુ છે. આહા..હા..!

ભગવાનઆત્મામાં પૂર્ણ આનંદ છે, પૂર્ણ જ્ઞાન છે, પૂર્ણ શાંતિ છે, પૂર્ણ ઈશ–પ્રભુતા છે, પૂર્ણ સ્વચ્છતા છે. આહા..હા..! પૂર્ણ સ્વસ્થ છે ઇ. પૂર્ણ એ સ્વમાં રહેલ છે. આહા..હા..! એમ પૂર્ણ જીવતર શક્તિ જે ગુણ છે એ પણ પૂર્ણ છે, ચિતિ શક્તિ

પૂર્ણ છે, દશિ શક્તિ પૂર્ણ છે, જ્ઞાન શક્તિ પૂર્ણ, સુખ શક્તિ પૂર્ણ છે, વીર્ય–પુરુષાર્થ શક્તિ પૂર્ણ છે. આહા..હા..! વિભુત્વ, પ્રભુત્વ, સર્વદર્શી(ત્વ), સર્વજ્ઞ(ત્વ), સ્વચ્છત્વ, સ્વસંવેદન પ્રત્યક્ષ શક્તિ પણ પૂર્ણ છે અંદર. બે તો મુખ્યપણે વર્ણવીને એની સાથે અવિનાભાવ આવા અનંતા ગુણો રહેલ છે. આહા..હા..!

**'સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી.'** એટલે શું કહ્યું ? કે આનંદ બહારથી લેવા જાવું પડે ને જ્ઞાન બહારથી લેવું પડે (એમ નથી). જ્ઞાન અને સુખથી ભરેલો જ છો. આહા..હા..! કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે, સ્વચ્છતા, શાંતિ, પ્રભુતા, કર્તા, કર્મ–કાર્ય એવી જે શક્તિઓ છે એ પૂર્ણ છે. કોઈ ચીજ બહાર લેવા જવી પડી કર્તાનું કાર્ય કે કાર્યનું કાર્ય કર્તા એમ છે નહિ. આહા..હા..! **'કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી.'** સાધન પણ બહાર લેવા જવા પડે એમ નથી એમ કહે છે. સાધન નામનો ગુણ પણ તારામાં પૂર્ણ છે. કરણ, કરણ. આહા..હા..! કર્તા નામનો ગુણ પણ તારામાં પૂર્ણ છે. બહારનું કોઈ કર્તાપણું લઈ જવું એ છે નહિ. આહા..હા..! કાર્ય શક્તિ પણ તારામાં પૂર્ણ છે કે, પરને લઈને કાર્ય થાય એવું તારામાં છે નહિ. આહા..હા..! દાન પોતાના અનંત ગુણનું દાન પર્યાયમાં દેવું તેવું સંપ્રદાન–દાન ગુણ તો તારામાં પૂર્ણ છે. આહા..હા..! સંપ્રદાન નામનો ગુણ પૂર્ણ છે કે ક્યાંયથી લેવા જવું પડે ને કો'કને દેવું પડે એવું છે નહિ. આહા..હા..! એમ કે આહાર લેવો પડે ને આહાર કોઈને દેવો એ તારા સ્વરૂપમાં નથી. પૈસા લેવા પડે ને પૈસા દેવા પડે. આહા..હા..! તારા સ્વરૂપમાં તો અનંત અનંત શાંતિ પડી છે એ સંપ્રદાન પોતે કાઢીને પોતે પોતાને આપે. આહા..હા..! પોતે કાઢે, પોતે દે, પોતે પાત્ર ને પોતે દેનાર, દાતાર પણ પોતે ને દેય પણ પોતાની ચીજ. આહા..હા..! એવો એનામાં ગુણ છે, હોં ! પર્યાયની દાતાર નથી એ વળી બીજો પ્રશ્ન. આ તો અંદર દાતા નામનો સંપ્રદાન નામનો ગુણ છે. શું કહ્યું સમજાણું ?

એક વાર એમ કહેવું કે આત્માની નિર્મળ પર્યાયનો પણ આત્મા દાતા નથી. એ તો પર્યાયની અપેક્ષાએ વાત છે. પણ વસ્તુમાં તો દાતા ગુણ સંપ્રદાન પૂર્ણ ભર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ફક્ત તે ગુણને ને દ્રવ્યને લક્ષે થાય છે માટે તેને આશ્રયે થાય માટે એને દીધું એમ કહેવાય. એ વ્યવહાર. આહા..હા..! બહારના પૈસા હોય, અનાજ હોય, કપડા હોય તો બીજાને દે. અહીં તો દાતારનો ગુણ પણ સંપ્રદાન

તારામાં પૂર્ણ છે ને પ્રભુ. આહા..હા..!

મુમુક્ષુ :– એમાં દાણા છે ?

ઉત્તર :– એ દાણા અનંતના દાણા છે ત્યાં. શાંતિના ત્યાં ભંડાર નિધાન છે. આહા..હા..! એ ખોરાક જીવનો છે. આહા..હા..! પરનો ખોરાક તો જડની ક્રિયા, રાગનો અનુભવ એ તો વિકારનો અનુભવ ખોરાક, એ કાંઈ ચીજ એની નથી. આહા..હા..! એ પૂર્ણ અકર્તા અભોક્તા ગુણથી પણ પૂર્ણ ભર્યો છે ને. આહા..હા..! માટે દેવાની ચીજ માટે બહારમાં લેવી પડે ને બહારને દેવું પડે એવું તારામાં છે નહિ. આહા..હા..!

**'એક વાર તું અંદરમાં પ્રવેશ કર,...'** આહા..હા..! જ્યાં ભગવાનઆત્મા વીતરાગી ગુણોથી ભરેલો પ્રભુ. આહા..હા..! અકષાય સ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા, ત્યાં તું એક વાર જો કે મારામાં શું છે ? આહા..હા..! એનામાં રાગ, દયા, દાનના વિકલ્પો તો એનામાં નથી. આહા..હા..! એમ શરીર, વાણી, મનની ક્રિયા પણ એનામાં નથી. આહા..હા..! જો કે એનામાં એક સમયની પર્યાય પણ નથી. આહા..હા..! પણ એ પર્યાય થાય છે જેના લક્ષે તે ત્યાં પૂર્ણ છે. આહા..હા..! કેવળજ્ઞાન જે થાય છે ત્યાં જ્ઞાન પૂર્ણ છે એને લક્ષે થાય છે, એનાથી થાય છે એમ ભલે ન કહો. આહા..હા..!

જ્યાં પૂર્ણ ભર્યું છે, આહા..હા..! એના ધ્યેયે પૂર્ણતા પ્રગટ થાય છે. ઇ આવી ગયું ૩૭૬માં. પૂર્ણ ગુણથી અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય, પહેલો શબ્દ હતો. તેની દૃષ્ટિ કરતાં તને આનંદ આદિ દશા થશે અથવા તેનો આશ્રય કરતાં પૂર્ણ ગુણનું અભેદ પૂર્ણ આત્મદ્રવ્ય તેનો આશ્રય કરતાં પૂર્ણ પર્યાય પ્રગટ થશે. આહા..હા..! ન્યાં તો કેવળજ્ઞાન પ્રગટ થશે મોક્ષમાર્ગથી થશે એમ ન કહ્યું. ભગવાનઆત્મા પૂર્ણ ગુણોથી ભરેલો પ્રભુ અભેદ ચીજ એક, આહા..હા..! એમાં શું ખામી છે કે, તારે બહાર લેવા જાવું પડે. આહા..હા..!

મુમુક્ષુ :– પૈસા ક્યાં છે આમાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા ધૂળ પણ પૈસા હતા જ ક્યાં આત્મામાં ? આત્મા પૈસા રાખી ક્યાં શકે છે, આત્મા લઈ ક્યાં શકે છે, આત્મા દઈ ક્યાં શકે છે. એ.. ભાઈ ! આ પૈસા લઈ શકે છે કે દઈ શકે છે કે રાખી શકે એ આત્મામાં છે ક્યાં ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વાતું. બેંકમાં એટલા પડ્યા છે, ધૂળમાં એટલા

છે ને આહા..હા..! એ તો જડ માટી, માટીને લઈને એમાં કર્તા અથવા કર્મપણું, કરણપણું છ શક્તિ પરમાણુમાં પણ પડી છે. આહા..હા..!

મુમુક્ષુ :– બેંકમાં જુના ખાના હોય એમાં ઘરેણા હોય ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખાના-ફાના ધૂળમાંય નથી. આહા..હા..! આત્મામાં ખાના પડ્યા છે– અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ. આહા..હા..! આ ખાનામાં સો રૂપિયાની નોટો હજાર છે ને આ ખાનામાં હજાર રૂપિયાની નોટો હજાર છે. એ અહીં છે ક્યાં ? ઇ ખાનું જ જડનું છે. જડને કોઈ મુકે નહિ ને જડને કોઈ લે નહિ ને જડને કોઈ રાખે નહિ. આવી વાત છે. વીતરાગ વીતરાગ માર્ગ. આહા..હા..! એ પરમાણુમાં ક્યાં પરિણમન સ્વભાવ નથી કે બીજો એને પરિણમાવે રાખે. આહા..હા..! એ ટકીને બદલવું એ તો એનું સ્વરૂપ છે. એને ઠેકાણે બીજો એને બદલાવે એટલે દે ને લે, એ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– લોકોત્તર જ્ઞાન છે પણ લૌકિકમાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– લૌકિક મુકે પોક, લોક મુકે પોક. અજ્ઞાનીઓ પોક મુકે છે અમે રાખીએ ને પૈસા પેદા કર્યા ને આ પૈસા આટલા વાપર્યા. કોણ વાપરે ને કોણ રાખે, બાપા ! તને ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :– વ્યાખ્યાન પૂરું થઈ જશે પછી ભાઈ બોલશે કે આટલા રૂપિયા આના છે ને આટલા રૂપિયા આના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વાતું છે. આહા..હા..! એ રજકણો જ્યાં જવાના એ પોતાની ક્રિયાશક્તિ વડે જવાય છે, બીજો દે માટે જાય છે (એમ નથી). આકરું કામ ભાઈ !

મુમુક્ષુ :– આપણે જાહેર કરવામાં અત્યારે એમ કહેવાય ને કે રૂપિયા આવ્યા....

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભલે કહેવાય. બીજું શું થાય ? ભાષા શું કહેવાય ? ઓલા કાલનું જાહેર થયું ? નથી થયું ને ?

મુમુક્ષુ :– નથી થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આજ કરશે. કાલ એક જણ આવ્યો. કેટલા કાજુ મુક્યા ને કેટલી દ્રાક્ષ ને કેટલા આ નોટુ મુકી કે બોલ્યો નહિ કાંઈ. ત્રણસોને બે રૂપિયા હતા. પચાસ પચાસની છ નોટુ. હશે કીધું દસ, વીસ. છ નોટ તો પચાસ પચાસની.

મુમુક્ષુ :– આવી ખરી ને.

ઉત્તર :– એ તો એને ન્યાં આવવાની હતી તે આવી છે અને એને જ્યાં રહેવાની ત્યાં રહેશે. આહા..હા..! ઇ તો પચાસ હજારની નોટ. નહોતું કહ્યું એક ફેરી ? હું તો આમ બેઠો હતો. ત્યાં શેઠિયા આવ્યા એક, બે ભાઈઓ બેઠા આમ મુક્યું ને અહીં મુક્યું પગે હેઠે. મેં કીધું હશે બે, પાંચ હજાર. પણ જોયું તો દસ દસ હજારની પાંચ નોટ. દેનાર બોલે નહિ કે કેટલી મૂકુ છું. એ જાણે કે અહીં મહારાજ પાસે કાંઈ બોલાય એવું નથી કે આમાં આટલા. આમ જ્યાં ગણ્યા ત્યાં દસ હજારની પાંચ નોટ. ઇ બેઠા હતા. ભાઈને આપી દીધી. પચાસ હજારની નોટ એક રકમ. એ તે શું પણ ? એ તો ચીજ તે આવવાના રજકણો તે આવે, આવે ને આવે. એ..ઇ..! શેનું ?

મુમુક્ષુ :– એ તો ધર્મમાંય એમ છે. આવે, આવે ને આવે જ.

ઉત્તર :– ધર્મ આવે ને આવે એ ક્યારે પણ ? એનો આત્માનો નિર્ણય કરે ત્યારે. ક્રમબદ્ધમાં આવે. એ આવે ત્યારે એને કાળે આવે. પણ કોને ? એનો જેણે અકર્તાપણાનો નિર્ણય કર્યો છે કે, રાગનો કે પર્યાયનો કર્તા હું નથી, હું તો પર્યાયનો પરિણમનાર છું. દ્રવ્ય પણ પરિણમનાર નથી. પર્યાય પર્યાયથી પરિણમે છે. આહા..હા..! આવી વાતું બહુ (આકરી). પર્યાય પર્યાયથી પરિણમે છે, મારું દ્રવ્ય (પરિણમતું નથી). આહા..હા..!

'સોગાની'માં એક આવ્યું હતું. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં. પર્યાય પરિણમી ગઈ, હું તો એવો ને એવો રહી ગયો. આવે છે ને ? એ દ્રવ્યનું જોર છે. પર્યાય પરિણમી ગઈ, હું એવો ને એવો રહ્યો. પણ જાણ્યું કોણે ? આહા..હા..! એવી અટપટી વાતું. આહા..હા..! પર્યાય પરિણમી ગઈ, હું તો એવો ને એવો રહ્યો. હું તો ધ્રુવ છું એવો ને એવો છું, એમ પર્યાયે જાણ્યું. આહા..હા..! આવી વાતું. વીતરાગ, વીતરાગ, વીતરાગ. આહા..હા..!

**'એક વાર તું અંદરમાં પ્રવેશ કર,...'** જ્યાં પૂર્ણ આનંદ, જ્ઞાન આદિ અનેક અનેક ગુણો અનંત પૂર્ણ પડ્યા છે ત્યાં એક વાર જો અંદર. જોનારને જો. આહા..હા..! **'એક વાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે.'** ભાઈ ! જે શાંતિ જોઈએ, સ્વચ્છતા જોઈએ, મોટપ જોઈએ, ઇશ્વરતા જોઈએ એ બધી તારામાં ભરી છે, પ્રભુ ! તારે બહારની

મોટપ જોઈએ છે ? આહા..હા..! બહારમાં મોટપ ક્યાં છે ? આહા..હા..!

મુમુક્ષુ :- પ્રમુખને મોટપ ?

ઉત્તર :- પ્રમુખની મોટપ વાતું બધી છે. પ્રમુખેય મૂંઝાય છે અંદર. કેટલી વાર તો અટપટુ આવી પડે શું કરે ? આહા..હા..! સંસાર એવો છે કોઈ. આહા..હા..!

અહીંયા કહે છે **'બધું અંદર છે.'** સુખ જોઈતું હોય તો અંદર છે, સંતોષ જોઈતો હોય તો અંદર છે, શાંતિ જોઈતી હોય તો અંદર છે. નીરોગતા જોઈતી હોય તો આત્મા બધા નીરોગતા ગુણથી ભરેલો છે પ્રભુ. આહા..હા..! એની આ રોગ આ નીરોગતા જડની એમાં શું છે ? આહા..હા..! ક્ષણમાં મરી દેહ છૂટી જાય, જુઓને આ. આહા..હા..!

'વીછીયા'ની વાત નો કરી ? ભાઈએ. જાડા ભાઈ આવે છે એનો નાનો ભાઈ. 'વીછીયા' ૩૪ વર્ષની ઉંમર. ચાર દિવસમાં કાંઈ રોગ નહિ, ચાર દિ'માં કમળી. કમળો, કમળામાંથી કમળી થઈ ગઈ. દેહ છૂટી ગયો. આહા..હા..! આપણે અહીં નહિ ભાઈ ! બિચારા. આહા..હા..! ચાર, પાંચ દિ'માં એ કફમાં વધી ગયું. એ દેહ છૂટવાનો જે સમય છે બાપુ ! એને આઘોપાછો એક સમય નહિ કરાય. ભાઈ ! ત્યાં નજર સાચવવાની ન રાખ. સચવાયેલા ગુણ પડ્યા છે ત્યાં નજર રાખને, સચવાયેલા ગુણ પડ્યા છે. આહા..હા..! આવું કામ છે.

**'અંદર ઊંડે પ્રવેશ કરતાં,...'** આ ઊંડાનો વિચાર નહોતો કર્યો એક ફેરી ? ભાઈ ! ... ઊંડું આવ્યું નહિ ? અને ઊંડે ઊંડે આ સ્તુતિમાં તમારે આવે છે. રાત ને દિ' આહા..હા..! એમ અહીં ઊંડે ઊંડે. બહેનના (વચનોમાં) બહુ ઊંડે ઊંડે આવે છે. ઊંડે એટલે ઓલી પર્યાય છે એમાં આ ઊંડું એટલે અંદર દ્રવ્ય. પર્યાય ઉપર છે. ઊંડે એટલે પર્યાયની સમીપમાં અંતરમાં ઊંડે. આહા..હા..!

**'અંદર ઊંડે પ્રવેશ કરતાં,...'** આહા..હા..! **'સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે...'** તારામાં ઈશ્વરતાની મોટપનો પાર નથી, પ્રભુ ! એ મોટપ ત્યાંથી તને મળશે. આહા..હા..! રાજની પદવી હાટુ મોટા બિચારા એકબીજા... આહા..હા..! શું કહેવાય એ ? મત મત લે એને ? વોટ લે. જાજા વોટ પડે એને મોટા ગણો. બહારના ભિખારા માગ્યા કરે મોટપ. પ્રભુ ! તારામાં મોટપનો પાર નથી ને. તારો એક એક ગુણ ઈશ્વરતાથી ભરેલો છે. આહા..હા..! એક એક ગુણ પ્રભુતાના રૂપથી ભરેલો

છે, પ્રભુ ! જ્ઞાનગુણ ઈશ્વરતાથી ભરેલો, દર્શનગુણ ઈશ્વરતાથી ભરેલો, ચારિત્રગુણ ઈશ્વરતાથી ભરેલો. આહા..હા..! સ્વચ્છતાગુણ ઈશ્વરથી ભરેલો, જીવતરશક્તિ ઈશ્વરતાના સ્વભાવથી ભરેલી ગુણ છે. આહા..હા..! જ્ઞાન, દર્શન ચાહે વીર્ય. એ વીર્ય પુરુષાર્થ નામનો ગુણ એમાં પણ ઈશ્વરતા પૂર્ણ ભરી છે. આહા..હા..! ત્યાં જોને, ત્યાં નજર કરને. આહા..હા..!

**'સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે...'** આહા..હા..! અત્યારે આ વાંધા મોટા વ્યવહારના, વ્યવહારના. એમાં લખાણ આવ્યું. એમાં એક ઓલું નથી ? 'સન્મતિ સંદેશ'. એમાં (એક વિદ્વાનનું) આવ્યું છે. એમ કે વ્યવહારથી પણ કથંચિત્ થાય છે, શુભભાવથી પણ. દ્રવ્યાનુયોગ સમયસાર નામ નહિ પણ બીજા શાસ્ત્રો... આહા..હા..! અરે..રે..! શું થાય ?

મુમુક્ષુ :– વાત બેઠી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાઈએ લખ્યું છે પણ એ માને છે કે હું બહુ (જાણકાર છું). આમ બીજા કરતાં માણસ નરમ છે પણ આમ જરી એ પડિમા લઈને બેઠા છે ને તો એમાંથી કાંઈ એનાથી શુદ્ધતા થાશે. શું થાય ? પ્રભુ ! અહીં તો રાગને પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ કહ્યું ને, પ્રભુ ! એ પડિમાના રાગને તો પુદ્‌ગલ કહ્યા. એ પુદ્‌ગલથી જીવ આપે ? એ તો ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત પ્રભુ છે ને ! આહા..હા..! આત્મા વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એમ અહીં નથી લેવું. આહા..હા..! અનંતા ગુણરૂપ ચેતનાસ્વભાવ એ વ્યાપક, એમાં વ્યાપ્ય આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– આત્મા વ્યાપક ને અનંત ગુણ વ્યાપ્ય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બીજી રીતે. અત્યારે અહીં તો પુદ્‌ગલ વ્યાપક છે અને ભેદ વ્યાપ્ય છે માટે પુદ્‌ગલ છે. અહીં ચેતના સ્વભાવ વ્યાપક છે માટે આત્મા વ્યાપ્ય છે એ ચેતન છે. આહા..હા..! અરે..! 'સમયસાર' તે 'સમયસાર' છે. આહા..હા..! આમ નો કહ્યું સંવરમાં ? ભાઈ ! કે આત્મા આધાર અને ગુણ આધેય, એ એક કોર રહી વાત પણ ત્યાં તો કહ્યું કે પર્યાય આધાર ને આત્મા આધેય. 'સંવર અધિકાર'. કેમ ? કે એ પરિણતિ વીતરાગ પરિણતિ થઈ તેનાથી આત્મા જણાણો. વીતરાગ ભાવથી વીતરાગ ભાવ ન જણાણો, વીતરાગ ભાવ એટલે ત્રિકાળ. આહા..હા..! જે સમ્યક્ પરિણતિ નિર્મળ થઈ તે આધાર છે અને વસ્તુ તે આધેય એમાં રહી છે એટલે એનાથી

જણાય છે. આહા..હા..! બાકી તો 'પ્રવચનસાર'માં આવે છે ને ? દ્રવ્ય, ગુણ છે એ આધાર છે ને પર્યાય આધેય, આધેય છે ને પર્યાય આધાર. આમ તો દ્રવ્ય ગુણ પહેલો આધાર કહ્યો, પર્યાય આધેય એમ પણ છે. પણ પાછું કીધું કે પર્યાય આધાર છે ને દ્રવ્ય ગુણ આધેય છે, પહેલાં 'પ્રવચનસાર'માં. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે કે, રાગ આધાર છે ને નિર્મળ પર્યાય આધેય છે એમ નહિ. તેમ રાગ કારણ છે ને નિર્મળ પર્યાય કાર્ય છે એમ નહિ. આહા..હા..! એ ભારે કામ, બાપા ! આકરું છે. એ કારણપરમાત્મા કારણસ્વભાવ ત્રિકાળી વ્યાપક છે, આત્મા વ્યાપ્ય છે. આહા..હા..! એટલે પૂર્ણ કારણ ગુણની પ્રતીત કરતાં, અનુભવ કરતાં પર્યાયમાં અનંતા ગુણો તેને જણાય છે. છે ભલે, છે ભલે પણ છે એમ જણાય કોને ? આહા..હા..! એ વર્તમાન સમ્યગ્દર્શન જ્ઞાનની પરિણતિમાં તે આ છે એમ જણાય, છે તો છે પણ કોને માટે છે ? જેને જણાણો એને માટે છે. આહા..હા..!

મુમુક્ષુ :- મૂળ સાધન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- મૂળ સાધન છે. આહા..હા..! આમ સાધન નામનો એનો ગુણ છે અંદર પણ એ સાધન ગુણ પોતે પરિણમ્યો છે આમ જ્યારે, ત્યારે સાધન ગુણ છે એમ એનો ખ્યાલ આવ્યો. શું કહ્યું ? સાધન ગુણ છે, કરણ ગુણ છે નિધાનનું બધું પણ એ જ્યારે પરિણમન થયું નિર્મળ પરિણતિ (થઈ), અંદર જોતા નજર નાખતા જે પરિણતિ થઈ એમાં એ જણાણા કે આમાં સાધન ને કર્તા ને જ્ઞાન ને આનંદ પૂર્ણ છે. અરે..! આવો માર્ગ વીતરાગ, અરે..! ક્યાં છે ? ભાઈ ! બીજા સાથે સમન્વય કરવા માગે છે. જૈન ધર્મને અન્ય ધર્મની સાથે. આહા..હા..! બાપુ ! છે એટલું બે સમન્વય ખરું, આ પણ છે ને ઇ પણ છે. પણ બેય સાચા છે (એમ નથી). આહા..હા..! પણ એ સાચા છે તો એક બીજા ખોટા પણ છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે નિધાન ભગવાનને જોયો એ જાણીને કહ્યું કે જો તારી પરિણતિ ત્યાં વળે તો તને આ છે એમ જણાશે, તું રાગમાં રહીને ઊભો રહીશ ત્યાં નહિ જણાય તને. આહા..હા..! ભગવંત તારી મહિમાનો પાર નથી, પ્રભુ ! એ રાગથી જણાય એવો એ આત્મા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ એનો મહિમા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એનો મહિમા છે એ, મહિમા ઇ છે. નિમિત્તથી જણાય એવો

એ આત્મા નથી. એ તો એની શુદ્ધ પરિણતિથી જણાય એવો એ આત્મા છે. શુદ્ધ પરિણતિ કરે, શુદ્ધ ઉપયોગ... આહા..હા..! એમાં જણાય એવો આત્મા (છે). માટે શુદ્ધ પરિણતિને આધાર કહી એને આધારે આ જણાણો માટે એમાં આ છે આધેય જણાણો. આહા..હા..! અરે..! વીતરાગ માર્ગ લોકો નવા બિચારા જુના રૂઢિના માણસો હોય એને આ સાંભળવું કઠણ પડે. શું કહે છે આ પણ ? આહા..હા..!

**'તારાં નિધાન તને દેખાશે...'** શું કીધું એ ? **'અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં,...'** ઊંડે દૃષ્ટિ થતાં, પરિણમન થતાં એમ. આહા..હા..! **'તારાં નિધાન તને દેખાશે...'** આહા..હા..! આવો સમય મળવો. આહા..હા..! અરે..! અનંત અનંત કાળથી બહારમાં રખડીને મરી ગયો છે ઇ. મરી ગયો એટલે ચૈતન્યને મરણ તુલ્ય કરી નાખ્યો છે. આવ્યું છે ને ? આવ્યું ને કળશમાં ? અઠયાવીસ પાને કળશમાં આવે છે. જીવને મરણ તુલ્ય કરી નાખ્યો એણે. આવો અનંત ગુણનો નિધાન ભગવાન એની હયાતી છે એમ ન માનતા, આ રાગ ને દયા ને દાન ને વ્રત ને વિકલ્પ એની હયાતી માની. એની હયાતીએ ત્રિકાળની હયાતીને મરણ તુલ્ય કરી નાખી. આહા..હા..!

'કળશ-ટીકા'માં છે, એમાં નથી. 'કળશ-ટીકા' છે ને ? આ 'કળશ-ટીકા' ૨૮ મો કળશ છે ને ? આ ૨૮ મો, પાનું ત્રીસ છે. **'કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...'** રાગાદિના વિકલ્પને પોતાનો માન્યો ત્યાં ભગવાન અંદર ચિદાનંદ વીતરાગ સ્વરૂપ તેને મરણ તુલ્ય કરી નાખ્યો કે તું નહિ, હું છું. આહા..હા..! શુભરાગથી આત્માને લાભ થાય એમ માનનારા, શુભરાગને પોતે મોટપ આપી દીધી અને ભગવાનનું ત્રિકાળી ટકતું જીવન છે એનો નકાર કરી નાખ્યો. આહા..હા..! આકરું કામ. અત્યારે ચાલતા પ્રવાહમાં,... છે ?

**'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે,...'** ઉપદેશ સાંભળતા મટે છે એનો અર્થ ? એના ખ્યાલમાં આવે છે ભગવાન આમ કહે છે કે તારી પરિણતિથી તને, તને સમજાય એવું છે, રાગથી તે સમજાય એવો નથી. એમ એના ખ્યાલમાં આવે છે અને પછી પોતે પરિણતિ પ્રગટ કરે છે. એથી ભગવાનના વચનથી ભ્રાન્તિ ટળી એમ કહેવામાં આવે છે. આહા..હા..! તે ભ્રાન્તિ પરમ એટલે અહીં જણાવવું છે ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ જિનેશ્વરદેવ પરમેશ્વર અરિહંત. આહા..હા..! પરમગુરુએ શ્રી તીર્થંકરનો ઉપદેશ

સાંભળતાં. એ તીર્થંકરનો એ ઉપદેશ છે કે, તું જીવ ત્રિકાળ છો તેનો આદર કર, એને ઉપાદેય માન. એમ એવો ભગવાનનો આદેશ છે એવું એના લક્ષમાં આવ્યું એ લક્ષ છોડીને પછી સ્વભાવનો આશ્રય કર્યો ત્યારે ભ્રાન્તિ ટળી એમ કહેવામાં આવ્યું. આહા..હા..! આવી વાતું છે, ભાઈ ! શબ્દની શૈલીથી વાતું કરવી... આહા..હા..!

**'અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી...'** શું કીધું ઇ ? અંદર ઊંડે પ્રવેશ કરતાં ધ્રુવમાં જતા, સમ્યગ્દર્શન થતાં, શુદ્ધ પરિણતિ થતાં તારા નિધાન તને શુદ્ધ પરિણતિથી દેખાશે. આહા..હા..! એ વ્યવહાર શુભરાગથી નહિ દેખાય, પ્રભુ ! આહા..હા..! એની શુદ્ધ છે તે શુદ્ધ પરિણતિથી શુદ્ધ દેખાશે. એ અશુદ્ધ નથી તે અશુદ્ધ પરિણતિથી તે દેખાય. આહા..હા..! થોડા ફેરમાં ઘણો ફેર.

**'તારા નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી...'** નિર્મળ આનંદ ને શાંતિને વેદીશ, આહા..હા..! **'તું તૃપ્ત થઈશ.'** તને તૃપ્તિ થશે. આહા..હા..! એ બીજાને પૂછવું નહિ પડે. આવે છે ને ? 'નિર્જરા અધિકારમાં'. આહા..હા..! તારા અનંત નિધાન ગુણને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ અંશ સ્થિરતા એ દ્વારા દેખતા, તને અંશ જે પ્રગટ્યો છે તેનું તને વેદન થશે. આહા..હા..! એ વેદનમાં રાગના વેદન તને દુઃખરૂપ લાગશે. આહા..હા..!

**'પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે...'** એટલે કે સ્વભાવ તરફનું જે વલણ થઈ ગયું એમ ને એમ વલણ રાખજે. આહા..હા..! આ વલણ ચુકાવ્યું, નથી ચુકાવતા ઓલા સટ્ટામાં. આહા..હા..! એની તિથિ હોય વલણ ચુકવવાની. ન પહોંચી શકે તો પછી કાઢી નાખે એમાંથી. આ તો વલણ ફેરવી નાખ્યું. રાગ ને નિમિત્ત ને પર્યાય ઉપર વલણ હતું એ વલણને આમ ફેરવી નાખ્યું. આહા..હા..! ભાઈ ! આવી વાતું છે હવે. આહા..હા..! એના હાટુ રોકાણા છે ને. એ દુનિયાની પેદાશું ને ધૂળમાં કાંઈ નથી, બાપા ! એ મરીને દુઃખ પાપ છે. આહા..હા..! એ પૈસાના દુઃખ... વર્તમાન દુઃખી છે ક્યાં ધૂળમાં હતો ? લક્ષ્મી ઉપર લક્ષ જાય છે એ જ વિકાર છે ને દુઃખ છે. આહા..હા..!

અહીં કહે છે પ્રભુ ! તારા નિધાનને તું જોઈશ ને તો તને પર્યાયમાં આનંદ વેદાશે. આહા..હા..! કેમ કે એ શુદ્ધ પરિણતિ દ્વારા જાણાણું. તેથી શુદ્ધ પરિણતિ તને વેદાશે, ધ્રુવ નહિ વેદાય. આહા..હા..! જે શુદ્ધ પરિણતિ શુદ્ધ ઉપયોગની પરિણતિ

દ્વારા જણાણો પણ ત્યાં શુદ્ધ પરિણતિ જ વેદાશે. જણાણી ચીજ એ નહિ વેદાય. સમજાણું ? જેમાં જણાણું તેને વેદે છે, જે જણાણું તે નહિ વેદાય. આહા..હા..! પછી સ્વભાવ સન્મુખ જે દશા થઈ છે એ દશાનું વલણ સ્વભાવ સન્મુખ રાખજે. આહા..હા..! પાછો પડી જાઈશ તો પાછો હાથ નહિ આવે. આહા..હા..! માન ને સન્માન ને મોટપમાં જો ગરી ગયો, થઈ રહ્યું, ચુકી ગયો, સ્વભાવનો પુરુષાર્થ ચુકી ગયો એ. આહા..હા..!

**'પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ...'** પહેલું અંશ છે ને ? સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ. આહા..હા..! હવે પછી સ્વભાવ સન્મુખના આશ્રયનું વલણ રાખજે. આહા..હા..! પૂર્ણ નિધાનનો ભોક્તા થઈશ, **'જેથી પૂર્ણ નિધાનનો...'** નિધાન તો પૂર્ણ છે એ છે, એનો ભોક્તા નથી, પણ પર્યાયનું અપૂર્ણ વેદન છે એ પૂર્ણ વેદન થશે. આહા..હા..!

**'તું સદાકાળ...'** ભાષા તો એમ આવે ને ? આહા..હા..! આમ નથી આવતું કે અનાદિથી તો પર્યાયને રાગને વેદે છે. હવે જ્યારે ધ્રુવનું જ્ઞાન થયું ત્યારે ધ્રુવ અને પર્યાય બેયને જાણશે ને વેદશે એમ કહે. આહા..હા..! છે તો વેદન પર્યાયમાં. ભાષા એવી આવે શાસ્ત્રમાં, ધ્રુવને વેદશે ને પર્યાયને વેદશે. એટલે ધ્રુવ તરફનું જે જ્ઞાન થયું ને, ધ્રુવ તરફની શ્રદ્ધા થઈ ને, આહા..હા..! એને વેદશે એ ધ્રુવને વેદશે એમ કહેવાય. આહા..હા..! આવી વાતું.

મુમુક્ષુ :– 'ન્યાલભાઈ' એમ કીધું છે કે બંને ભાવોનો અનુભવ એક સાથે થાય છે.

ઉત્તર :– એક જ સાથે. વાત આવી ગઈ નહિ આપણે ? આવીને ત્રિપુટીમાં, અહીં આવી ગઈને બે દિ' પહેલાં. ત્રણ ત્રિપુટી. એક તો દ્રવ્ય તરફનો ધ્રુવનો પુરુષાર્થ ચાલુ છે. તે વખતે પર્યાય શુદ્ધ ને અશુદ્ધની ઉપેક્ષા છે એક. પછી શુદ્ધ અંશ છે એ સુખરૂપ વેદાય છે–બે. પછી અશુદ્ધ અંશ છે એ દુઃખરૂપ વેદાય છે–ત્રણ. પહેલા આવી ગયું છે. આહા..હા..!

આમાં તો બધું આવી ગયું છે એટલું બધું આવ્યું છે. અને સાદી ભાષા ગુજરાતી અને તે સહજપણે આવી ગઈ છે. આહા..હા..! એ તો ત્યારે કહ્યું હતું નહિ ? (એક મુમુક્ષુને) યાદ કરીને. જુઓ ! એના પહેલાં જ છે. ૧૩૬ પાને ૩૭૮. **'સાધકની દશા એક સાથે ત્રણપટી...'** એક પાના ફેરે જ છે. **'એક તો તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ**

**ઉપેક્ષા હોય છે; બીજું શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું અશુદ્ધ પર્યાયાંશ-જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે-દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.'** આહા..હા..! રાડ નાખે છે. વ્રત, તપ એ દુઃખરૂપ વેદાય, બાપુ ! એ વિકલ્પ છે, ભાઈ ! આ અપવાસ કરું છું ને આ કરું છું ને આ છોડું છું ને. આહા..હા..!

આકરું કામ બહુ. એનું ફળ પણ કેટલું બાપા ! આહા..હા..! અનંત અનંત ભવનો અંત ને અનંત અનંત સમાધિની શરૂઆત થઈ ગઈ પ્રાપ્તિની. આહા..હા..! જેના ફળ તરીકે અનંત સમાધિ આવશે, અનંત આનંદ આવશે, અનંત જ્ઞાન આવશે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! વ્રત, તપ, ભક્તિ, શુભભાવો એ દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય. હવે અહીં કહે છે વ્રત, તપ ને ભાવ શુભ છે એનાથી શુદ્ધમાં જવાશે. પ્રભુ પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! ભાઈ ! તને નહિ હાથ આવે એમાં અને રખડવાનું બંધ નહિ થાય. આહા..હા..! એ દુઃખના દરિયા ચોરાશીના અવતાર, ભાઈ ! તું ક્યાં જઈશ ? આહા..હા..! અહીં દુનિયા તને કબુલશે ને તને પણ એમ થાશે કે અમે પણ કાંઈક છીએ. પણ એનું ફળ આવશે ત્યારે આકરું પડશે, ભાઈ ! આહા..હા..!

ઇ અહીં કહ્યું ને ? **'પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત...'** ઓલામાં કહ્યું હતું ને કે અંશે વેદી તૃપ્ત થઈશ. એ ભાષા જ એવી શૈલી આવી છે. આહા..હા..! **'પછી સદાકાળ પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.'** તૃપ્ત-તૃપ્ત થઈશ પછી તૃપ્ત-તૃપ્ત રહીશ. આહા..હા..! આવી વાત છે.

પૂર્ણ પૂર્ણ નિધાન અનંત ગુણનો સાહ્યબો એવો પરમાત્મા બાદશાહ. આહા..હા..! એને તું શુદ્ધ પરિણતિથી ઊંડે જતા જો. તને પર્યાયમાં વેદન શાંતિનું આનંદનું આવશે, અંશે આવશે અને અંશે તું તૃપ્ત-તૃપ્ત થઈશ. પછી પણ (પુરુષાર્થ) ચાલુ જ રાખજે ત્યાં સ્વભાવ તરફ. આહા..હા..! તો તને પૂર્ણ પર્યાય થઈને તેનું પૂર્ણ વેદન થશે ને પૂર્ણ તૃપ્ત-તૃપ્ત થઈશ. ત્યાં બે શબ્દ વાપર્યા. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ આ. આહા..હા..! અત્યારે તો બીજું ચાલે છે આખું. આહા..હા..! શું થાય ? અને આને એકાંત ઠરાવવું છે. સમ્યક્ એકાંત નહિ, મિથ્યા એકાંત ઠરાવવું છે.

પ્રભુ ! તને પહોંચી ન શક, શુદ્ધથી આગળ જઈને, એથી તેમ શ્રદ્ધામાં તું આમ કેમ વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર શ્રદ્ધા હોં ! નિશ્ચય શ્રદ્ધા તો અનુભવ થાય એ. પણ

વ્યવહાર શ્રદ્ધામાં પણ રાગથી રુચિ થાય અંદર. કરણાનુયોગ ને ચરણાનુયોગમાં એમ કહ્યું છે. એમ નથી કહ્યું, ભાઈ ! એ તો વ્યવહારનયથી વ્યવહાર વ્રત પાળ ને અતિચાર ટાળ ને એમ કહ્યું છે. પણ છે એ બધો શુભરાગ ને દુઃખ. આહા..હા..!

મુમુક્ષુ :– વ્યવહારનો લોપ થઈ જશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારનો લોપ થઈ જશે એમ કહે છે. પણ લોપ કર્યે નિશ્ચય આવશે. વ્યવહાર એ રાગાદિ મારામાં છે જ નહિ. આહા..હા..! એ તો દુઃખરૂપ ઝેર છે. આહા..હા..! તું એને ન જો, જોનારની નજરુંમાં નિધાનને જો. આહા..હા..!

દેહ છૂટવા ટાણે બાપુ ! તારો પુરુષાર્થ સ્વ તરફ નહિ હોય, શું તું કરીશ ત્યાં ? આહા..હા..! એ તારા જાણપણા એકના બોલમાં ન્યાં આડા નહિ આવે. અને દુનિયાએ તને કબુલ્યો હોય એથી ત્યાં તને ત્યાં તૃપ્તિ થશે (એમ નહિ માન). આહા..હા..! એક શેઠિયો હતો. મરવા ટાણે મર્યો. ગામમાં બહુ કામ કરતાં સૌને મદદ કરતાં ને આમ કરતાં ઘણી જિંદગી ગઈ છેલ્લી. એકદમ દેહ છૂટવાનું ટાણું આવ્યું. શેઠિયાઓ ગૃહસ્થો બધા જોવા આવે. આંખમાંથી આંસુ હાલ્યા જાય. અરે..રે..! મેં કાંઈ ન કર્યું મારા માટે. મેં આને ને આને ને આનું કર્યું ને આને સમજાવ્યો ને આને મારી જિંદગી ગઈ આમાં. રોવે... રોવે... રોવે... રોવે... દેહ છૂટી ગયો. આહા..હા..! ગામના ઠેકાણે પાડ્યા, ને આ ઝઘડાને ઠેકાણે પાડ્યા ને નાતમાં વેર-વિરોધો ઠેકાણે પાડ્યા ને એમાં તને તારે (શું) ? એ..ઇ..! ભાઈ ! આહા..હા..! એ ૩૮૪ (બોલ પૂરો થયો).

**જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ. દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય-આત્માની પ્રાપ્તિ થાય. તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડ્યા બરાબર છે. ૩૮૫.**

૩૮૫. **'જીવે અનંત કાળમાં, જીવે અનંત કાળમાં અનંત વાર, અનંત કાળમાં અનંત વાર બધું કર્યું...'** એટલે શુભાશુભ ભાવ એ બધું. **'પણ આત્માને ઓળખ્યો નહિ.'** આહા..હા..! અરે..! શાસ્ત્રનું જ્ઞાનેય અનંત વાર કર્યું, શુભાશુભ ભાવેય અનંત વાર કર્યા. આહા..હા..! બધું કર્યું (એટલે) ઇ. બીજાનું બધું કર્યું એમ નહિ, એ માનતો હોય કે, મેં આનું આનું કર્યું પણ કર્યા છે તો શુભાશુભ ભાવને. આહા..હા..! કાં એ જગતના જ્ઞાન, આ વકીલાતના ને ડૉક્ટરના ને.

મુમુક્ષુ :– ઘણાને જીતાડ્યા છે.

ઉત્તર :– ધૂળેય જીતાડ્યા નથી. પાપ બાંધ્યું હતું ત્યાં. આહા..હા..! કહે છે કે ઘણું તેં કર્યું. શું ? શુભ-અશુભભાવ ને પરના જાણપણા. એમ કહ્યું ને ? જુઓને ! **'પણ આત્માને જાણ્યો નહિ, ઓળખ્યો નહિ.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ધર્મનું સાધન બતાવે છે. સાધન નામનો આત્મામાં ગુણ છે તે ન હોત તો સ્વરૂપ પરિણમન સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષ દશા થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે. ચોથો કાળ મજબૂત સંહનન વગેરેને અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે. પણ તે સાધન નથી. કરણ નામનો ગુણ પરિણમીને સાધન થાય છે. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને ઉપચારથી સાધન કહેવાય છે. પણ જો કરણ નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્માના સ્વરૂપનું સાધન ન થાત, તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે. નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડ્યું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી. 'પરમાગમસાર' બોલ નં. ૬૭૬.**

**કારતક વદ ૪, શનિવાર તા. ૧૮-૧૧-૧૯૭૮.**
**વચનામૃત–૩૮૫ થી ૩૮૬, પ્રવચન–૧૫૪**

૩૮૫, **'જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું...'** બધું કર્યું એટલે શુભાશુભ ભાવ. અનંત વાર, અનંત કાળમાં એવા શુભ-અશુભભાવ અનંત વાર કર્યા **'પણ આત્માને ઓળખ્યો નહિ.'** આત્મા એ શુભાશુભ પરિણામથી ભિન્ન એને ઓળખ્યો નહિ. એના તરફ નજર કરી નહિ. એને આત્મા તરીકે અસ્તિત્વ શુદ્ધ ચૈતન્યદળ (છે) એની એણે પિછાણ ન કરી. આહા..હા..! **'દેવ-ગુરુ શું કહે છે, દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ...'** આહા..હા..! આત્માની અસલ નક્કર ધ્રુવ ભૂમિ, અસલ ભૂમિ એટલે ઇ. બદલતા વિનાની ધ્રુવ જ્ઞાનની વજ્રમય ભૂમિ, એકલું જ્ઞાનદળ, આનંદદળ, શાંતિનું દળ એવી જે નક્કર ભૂમિ. આહા..હા..! જેમાં પર્યાયનો પ્રવેશ નહિ અને જેનું પર્યાયમાં આવવું નહિ. આહા..હા..! એવી જે નક્કર ભૂમિ એને સાંભળી અને એ નક્કર ભૂમિ જે ભૂમિ અસ્તિત્વ એટલે કે **'નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ...'** કાયમ રહેનારું અસ્તિત્વ ધ્રુવ **'તેને ખ્યાલમાં લઈ...'** કેમ કે દેવ-ગુરુને એ કહેવું છે, દેવ-ગુરુ શું કહે છે એ ખ્યાલમાં લઈ એનો અર્થ જ ઇ. આહા..હા..! દેવ-ગુરુ એ ધ્રુવ ચૈતન્ય ભગવાન તેના તરફ જા એ એમનું કહેવું છે. લાખ વાતની વાત હોય (તો આ છે). આહા..હા..! આવે છે ને 'છ ઢાળા'માં

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિજ આતમ ધ્યાઓ.**

ધ્યાવે એ પર્યાય છે પણ નિજ આત્મા જે ધ્રુવ અસલ ભૂમિ, અસ્તિત્વ જેનું મહાન હોવાપણું જેની સત્તા. આહા..હા..! એને ઓળખી, તેને ખ્યાલમાં લઈ, આહા..હા..! **'નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે...'** ખ્યાલમાં લે ત્યારે અંદર સ્થિર થઈ શકે ને ? આ વસ્તુ છે ત્રિકાળ ચૈતન્યજ્યોત, જળહળ જ્યોતિ ધ્રુવ એ ખ્યાલમાં

લે તો તેમાં લીનતા કરે. નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે. આહા..હા..! ત્રણ શબ્દ વાપર્યા. આત્માની નક્કર ભૂમિ કે જે આત્મ-અસ્તિત્વ, આહા..! કે જે નિજ સ્વરૂપમાં લીનતા, તેને ખ્યાલમાં લઈને નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તો આત્મા ઓળખાય...'** કેમ કે ભગવાનની વાણી ને ગુરુની વાણી ને શાસ્ત્ર, એ આત્મા વીતરાગમૂર્તિ છે તેમાં તેનું વજન ત્યાં લઈ જાય છે, આખા સિદ્ધાંતનો સાર. આહા..હા..! એ નક્કર ભૂમિ, ધ્રુવ ભૂમિ, અસલ અસ્તિત્વ. આહા..હા..! પર્યાયનું અસ્તિત્વ છે એ તો નકલ એક સમયનું અસ્તિત્વ છે, આ તો અસલ-અસ્તિત્વ જે કાયમી રહેનારું એકરૂપ અસ્તિત્વ. આહા..હા..! તેને ખ્યાલમાં લઈ, તેમાં લીનતા કરી. આહા..હા..! **'આવે તો આત્મા ઓળખાય...'** કે, આ આત્મા તો નિત્યાનંદ ચેતના ધ્રુવ વસ્તુ છે, એમ પર્યાય જાણે. જાણે પર્યાય શું ? કે આ અસલી તત્ત્વ જે વસ્તુ અસ્તિત્વ, અસલ અસ્તિત્વ છે તે હું આત્મા, એમ પર્યાય જાણે. આહા..હા..!

**'તો તેને આત્માની પ્રાપ્તિ થાય.'** ઓળખાય એટલે કે એમ. ઓળખાયને લીટી કરીને (લખ્યું છે). ઓળખાય એટલે શું ? કે આત્માની પ્રાપ્તિ થાય. અસ્તિત્વ ભૂમિને ખ્યાલમાં લઈ, તે સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્માની પ્રાપ્તિ થાય, આત્મા ઓળખાય એટલે આત્માની પ્રાપ્તિ થાય એમ. આહા..હા..! આટલા શાસ્ત્રના જ્ઞાન હોય તો આત્માને (ઓળખાય) એમ નથી કહ્યું. એ વસ્તુ છે તેને ખ્યાલમાં લઈને (તેમાં લીનતા કરે). આહા..હા..! બહુ ટૂંકી ભાષા, એકદમ સિદ્ધાંતનો સાર. સદૃશ ધ્રુવ ધાતુ. આહા..હા..! જેણે ધ્રુવપણું ધારી રાખ્યું છે એવી ચૈતન્ય ધાતુ અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ, તેમાં લીનતા કરી આત્માની પ્રાપ્તિ કરાય–આત્માની પ્રાપ્તિ થાય. આહા..હા..!

**'તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે...'** આહા..હા..! આમ શાસ્ત્ર ભણું ને આમ દયા, દાન ને વ્રત ને ક્રિયા કરું ને અઠ્યાવીસ મૂળ ગુણ કરું ને આ કરું ને તે (કરું), બધા બહારના ફાંફાં છે. આહા..હા..! **'તે સિવાય બહારથી જેટલાં ફાંફાં...'** એટલે મફતના ઝાંવા નાખવા કે, આ શાસ્ત્ર આટલું ભણું તો પમાય, આટલી ક્રિયા કરું તો પમાય. આહા..હા..! **'તે ફોતરાં ખાંડ્યા બરાબર છે.'** આહા..હા..! છીલકા, છીલકા. ફોતરાં ખાંડ્યા એમાં કણ ન મળે. આહા..હા..!

કણ તો અસ્તિત્વ મહાપ્રભુ એને ખ્યાલમાં લઈ ઓળખાણ કરે, તો તેને અસ્તિત્વ તત્ત્વ પ્રાપ્ત થાય. જે છે તે રીતે પ્રાપ્ત થાય. ચૈતન્ય સ્વરૂપ... ચૈતન્ય સ્વરૂપ... ચૈતન્ય સ્વરૂપ..., જ્ઞાયક સ્વરૂપ... જ્ઞાયક સ્વરૂપ... જ્ઞાયક સ્વરૂપ. એ અસલી તત્ત્વ, એ અસલી ભૂમિ એની ઓળખાણ કરીને લીનતા કરે તો તેને પ્રાપ્ત થાય, એને ઓળખાય કહો કે તેને પ્રાપ્ત થાય કહો. આહા..હા..! ભાઈ ! આવ્યા છે એક ઓલા 'વડીયા', 'વડીયા' છે ? 'વડીયા'ના નહિ બેંકના ? નથી આવ્યા ? ચાર દિ'થી છું એમ કીધું. 'વડીયા'માં ભાઈ બેંકમાં છે. 'મહુવા'ના શ્વેતાંબર છે જુવાન માણસ ન્યાં આવ્યા હતા હમણાં બપોરે હું 'આત્મધર્મ' વાંચું ને આ બહેનનું પુસ્તક વાંચ્યું. હું આ જ અભ્યાસ કરું છું. શ્વેતાબંર છે 'વડીયા'માં બેંકમાં. આવ્યા ને ચાર દિ'થી છું એમ કહેતા હતા, ચાર દિ'થી અહીં છું. આહા..હા..! બહુ સરસ પુસ્તક છે, બહેનનું પુસ્તક. 'આત્મધર્મ' મગાવું છે મારે ભેટ આવ્યું છે. આહા..હા..!

આ એક પેરેગ્રાફમાં બધી વિધિ આવી ગઈ. આહા..હા..! દેવ-ગુરુ શું કહે છે એ પણ એમાં આવી ગયું. દેવ-ગુરુ ને શાસ્ત્રને જે કહેવું છે એ ભગવાનઆત્મા તરફ લઈ જવો છે એને એ કહેવું છે. આહા..હા..! ચારેય અનુયોગમાં શાસ્ત્રને, દેવ-ગુરુને એમ કહેવું છે. ભગવાન તારી અસ્તિત્વ ધાતુ, ધ્રુવ ધાતુ, ભગવાન ધ્રુવ સ્વરૂપ ચૈતન્ય ધાતુ, જેણે ચૈતન્યપણું ધારી રાખ્યું છે એવો જે ભગવાનઆત્મા... આહા..હા..! તેને ઓળખ અને તેમાં લીન થા. તને જરૂર આત્મા ઓળખાશે એટલે કે આત્મા પ્રાપ્ત થશે. આહા..હા..!

મુમુક્ષુ :– ખ્યાલ અને લીનતા વચ્ચે કેટલો કાળ ?

ઉત્તર :– એટલો ખ્યાલ કે આ છે હવે એમાં એકાગ્ર થઉં. ખ્યાલ (આવ્યો કે) આ છે. પછી એકાગ્ર થાવું. આહા..હા..! શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા ત્રણેય સાથે હોય છે ને ! વસ્તુ એક સમયમાં ધ્રુવ ધ્રુવ તેનું જ્ઞાન કરી, તેની શ્રદ્ધા કરી અને તેમાં સ્વરૂપ આચરણ સ્થિર થવું. આહા..હા..! તે સિવાય બહાર જેટલાં ફાંફાં (મારે), આવી ક્રિયા કરીએ ને આમ કરીએ ને આમ કરીએ ને પંચ મહાવ્રત પાળીએ ને ઉપસર્ગ પરિષહ સહન કરીએ, જંગલમાં રહીએ... આહા..હા..! એ કોઈ ક્રિયા આત્માને પ્રાપ્ત કરવાની નથી. આહા..હા..! એ ૩૮૫ (બોલ પૂરો થયો).

**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ-પ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. ૩૮૬.**

'**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી,...**' આહા..હા..! બહારની ક્રિયા એવી લાગે, પરિષહ સહન કરે, કાયામાં પરસેવા ઉતરી જાય, ધોમ તડકાથી આમ ગરમ... ગરમ... ગરમ... શરીર થઈ જાય, ધોમ પત્થરની ગરમી ઉપર બેસે અને આમ સહન (કરે). એ બધી બહારની ક્રિયા એથી કાંઈ ચીજ (પ્રાપ્ત ન થાય). આહા..હા..!

મુમુક્ષુ :- એમાંથી લબ્ધિ પ્રાપ્ત થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમાંથી ધૂળેય થાય નહિ કાંઈ. આહા..હા..! એ તો સમ્યક્ આત્માની ધાતુ ચૈતન્ય છે, એને પકડ્યા પછી એને લબ્ધિ કોઈ થાય સાચી, સાધારણ થાય અજ્ઞાનીનો તો વિભંગજ્ઞાન થાય છે. સાત દ્વીપ, સાત સમુદ્ર દેખે છે. વિભંગ અજ્ઞાન. સાત દ્વીપ, સાત સમુદ્ર (દેખે). એથી શું ? આહા..હા..! એ પાછું અવરાય જવાનું. મિથ્યાત્વનો જોર છે તે નિગોદમાં જવાનો. એ અક્ષરના અનંતમા ભાગે થઈ જવાનું પાછું, બાપુ ! આહા..હા..! આવી વાત છે.

ધ્રુવમાંથી અંકુરા ફૂટ્યા જે જ્ઞાનના... આહા..હા..! જે દળ છે આખું ચૈતન્યદળ, જેમાં બંધ અને મોક્ષની પર્યાય પણ નથી. આહા..હા..! બંધ અને મોક્ષની પર્યાયવાળો જાણવો એ પણ એક મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! કેમ કે એ તો પર્યાય છે. આહા..હા..! દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પ્રભુ... આહા..હા..! એને ઓળખીને એમાં સ્થિર થા, ત્યાં ટકી જા જરીક. તને ઓળખાશે કે આત્મા પૂર્ણાનંદ નાથ છે અને તને તેની પ્રાપ્તિ પર્યાયમાં થશે. પર્યાયમાં જે રાગની પ્રાપ્તિ અનાદિથી છે (એ

છૂટી જશે). આહા..હા..! આવી વાતું છે હવે.

**'બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી,...'** આહા..હા..! જંગલમાં રહે, ધોમ તડકાની તપેલી પત્થરની શીલા ઉપર બેસે અને શિયાળામાં પાણી ભરેલું મોટું તળાવ હોય, પાંચ, પચ્ચીસ કોશમાં, એની ઠંડી હવા, ઠંડી આવે, પોષ મહિનાનો વખત હોય, પાળે બેસી એ ઉઘાડે ડીલે (શરીરે) સહન કરે, એ કોઈ ચીજ નથી. આહા..હા..! એ ક્રિયાઓ કાંઈ માર્ગ દેખાડતી નથી. આહા..હા..!

**'જ્ઞાન માર્ગ દેખાડે...'** જાણક સ્વભાવ છે એનો અને અહીં જાણક સ્વભાવ પ્રગટ કરે તો એને માર્ગ દેખાડે. આહા..હા..! જેને સઘળા વિષયાનંદમાંથી રુચિ ખસી જાય અને જેને બહારની અગવડતા ને સગવડતામાં ભેદ પાડવું ખસી જાય કે આ પ્રતિકૂળ છે ને આ અનુકૂળ છે એ વસ્તુ ચાલી જાય. આહા..હા..! જેને આત્મા જણાતા પરવસ્તુ જ્ઞેય તરીકે જાણે, પણ આ વસ્તુ મને પ્રતિકૂળ છે ને અનુકૂળ છે એવું ચીજમાં નથી. ચીજમાં તો પ્રમેયત્વ શક્તિ છે તો પ્રમાણજ્ઞાનનો વિષય થાય. આહા..હા..! શું કીધું એ ?

ભગવાનઆત્માનો જ્ઞાન સ્વભાવ, એનું ભાન થતાં તેને બધી ચીજો જ્ઞેય તરીકે– પરજ્ઞેય તરીકે, પર જ્ઞેય તરીકે જાણે. પણ આ પ્રતિકૂળ છે કે અનુકૂળ છે એ દૃષ્ટિ ઉઠી ગઈ હોય છે. આહા..હા..! આવી ચીજ, આહા..હા..! કારણ કે પરચીજ તો પરજ્ઞેય તરીકે છે. એમાં પર ચીજ કોઈ અનુકૂળ-પ્રતિકૂળ એવી કોઈ એમાં છાપ નથી. એવો કોઈ જ્ઞેયમાં ગુણ નથી કે આ પ્રતિકૂળ ને અનુકૂળ થવું. આહા..હા..! ફક્ત એ વસ્તુ જે છે, પોતે જ્યાં જ્ઞાન સ્વરૂપ (છે), એનું જ્યાં ભાન થયું એટલે બધી ચીજો તેને જ્ઞેય તરીકે જાણવામાં રહે. આહા..હા..! પણ ક્યારે ? સ્વ પ્રકાશક પર્યાય પ્રગટી ત્યારે. સમજાણું કાંઈ ? કેમ કે ભગવાનઆત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. તેથી સ્વપ્રકાશક ભગવાનઆત્માના અસ્તિત્વનો અનુભવ થયો, ઓળખાણ થઈ, પ્રતીતિ થઈ અને અંશે લીનતા પણ થઈ. આહા..હા..! ત્યારે તે જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવાથી પરજ્ઞેયને જાણવા તરીકે જાણે પણ એમાં પરજ્ઞેય મને ઠીક નથી ને અઠીક નથી એવું એમાં નથી. આહા..હા..!

આવે છે ને નિંદા પ્રશંસા. પાછળ નથી આવતું ? નિંદા પ્રશંસા છે એ તો શબ્દની પર્યાય છે. આહા..હા..! કોઈ પ્રશંસા કરે, કોઈ નિંદા કરે. એ તો સ્વપ્રકાશક જ્ઞાન

થયું છે તેમાંથી પરજ્ઞેયને તરીકે જાણવા જેવું છે પણ આ નિંદા ને આ પ્રશંસા મારી કરે છે એમ છે નહિ એમાં. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ આવે છે ને પાછળ નહિ ? નિંદા પ્રશંસા. એ એમ કહેવા માગે મૂળ કે એ પરજ્ઞેય છે. એમાં આ મારી નિંદા ને મારી પ્રશંસા એ વસ્તુ નથી. આહા..હા..! જેને સ્વ આત્માનું પ્રતીતિ ને આત્મા પ્રાપ્ત થયો સમ્યક્‌માં એને પરવસ્તુ જ્ઞેય તરીકે છે. કેમ કે આત્માનો પ્રમાણ સ્વભાવ છે તેથી સ્વ-પરપ્રકાશક તરીકે પરને જ્ઞેય તરીકે જાણે. પણ પર મારો આ દુશ્મન છે ને આ મારો સજ્જન છે એવું કોઈ જ્ઞેયમાં નથી તેથી જ્ઞાનમાં પણ એ નથી. આહા..હા..!

આ મારો દીકરો છે ને આ તારો છે એ એમાં રહેતું નથી, એમ કહે છે. આ મારી બાયડી છે ને આ છોકરાની વહુ છે. પ્રભુ પ્રભુ ! તું જો તો ખરો એક વાર. આહા..હા..! શરીરમાં હું નીરોગી છું ને આ રોગી છું એવું સ્વ-પરપ્રકાશક એવો ભગવાન એનું ભાન થયે તે વસ્તુ પર તરીકે, પરજ્ઞેય તરીકે જાણવામાં રહે. પણ હું રોગી ને નીરોગી, આ મારો દીકરો ને તારો, આ બાયડી મારી ને તારી, એવું એમાં રહેતું નથી. જો એવા ભેદ પાડે તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! કેમ કે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. સ્વને માનવું ને પરને માનવું એટલે કે જાણવું. પણ પરમાં આ મારા ને તારા એવું જ્ઞાનના સ્વભાવમાં નથી અને સામી ચીજમાં પણ એ મારા-તારાનો ભેદ નથી, એ તો જ્ઞેય તરીકે છે. આહા..હા..! આહા..હા..! શું એની શૈલી, આહા..હા..!

મુમુક્ષુ :– 'શ્રીમદ્' તો પ્રતિકૂળતાને પરમ મિત્ર કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો કઈ અપેક્ષાએ ? એ તો જ્ઞેય તરીકે છે, મારે જોઈતું નથી ને એ લઈ જાય, એ અપેક્ષાએ. મિત્ર એટલે વહાલો છે એમ નથી ત્યાં. આ તો જે શરીર છે એ પરજ્ઞેય તરીકે છે અને મારું, મારું છે એ છે નહિ. તો એ જીવ આવીને લઈ જાય તો એમાં મને તો મિત્ર મારો, મારી શ્રદ્ધામાં છે તેવું એણે કામ કર્યું. આહા..હા..!

**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો;**
**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;**

**અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,**

આહા..હા..! વાઘ આવ્યો ને આમ પકડવા માટે ... એમ નથી. જ્ઞાનસ્વરૂપ તો જાણે છે. આહા..હા..! ભાઈ ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું જેને પ્રાપ્ત ભાન થયું એ જ્ઞાન તો જાણે છે. આહા..હા..! એ બે ભાગ પાડતો નથી કે, સિંહ મને પ્રતિકૂળ છે અને સગા-વહાલા મારી સેવા-ચાકરી કરે માટે અનુકૂળ છે. આહા..હા..! સ્ત્રી છે એ નાગા-ભૂખ્યાને ઢાંકે માટે મારી વહાલી સ્ત્રી છે અને દુશ્મન આવીને માથું કાપે માટે પ્રતિકૂળ (છે), એવું જ્ઞાનમાં નથી. આહા..હા..! અને તેથી જ્ઞેયમાં એવા ભેદ નથી. આહા..હા..!

'જાણે પામ્યા મિત્રનો' એટલે અમે તો જાણીએ છીએ કે અમે જ્ઞેય સ્વરૂપ જે પર છે તેને જાણનાર છીએ. તે અમારું જ્ઞેય જાણ્યું તેથી જાણનાર છીએ. અમારો ભગવાન આત્મા જ્ઞાન એ સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી અમે એને જાણ્યો. એથી અમે પરપ્રકાશક જ્ઞેયને જાણનારા છીએ. પણ આ જ્ઞેય ઠીક છે ને અઠીક છે એવું છે નહિ. આહા..હા..! પરમ મિત્રનો અર્થ ઇ કે અમારું શરીર છે નહિ અને પર છે તો પર તરીકે ચાલ્યું જશે અને ચાલ્યું જતા કોઈ લેનાર આવે લેનાર તો એ તો મારે ચાલ્યું જશે તો એ લઈ જાય છે, એ તો અનુકૂળ છે. આહા..હા..! આવો માર્ગ. આહા..હા..! રાગમાં ગળકા ખાઈને ગરી ગયા (હોય) એને આકરું પડે. આહા..હા..! આહા..હા..! માન ને અપમાનમાં ઘૂંટાઈ ગયા છે એને આ વાત આકરી પડે. આહા..હા..!

કેમ કે પ્રભુ તું તો જ્ઞાન સ્વરૂપ પ્રભુ ચૈતન્ય ધાતુ છો ને ! એ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય ધાતુ ધ્રુવ અસ્તિત્વ નક્કર ભૂમિનું જ્ઞાન જ્યાં થયું... આહા..! પર્યાયનું જ્ઞાન થયું એમ ન કહ્યું અહીં. રાગનું જ્ઞાન એ નહિ, પહેલું આ થયું. આહા..હા..! એ સ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્ય સ્વરૂપની નક્કર ભૂમિ, ધ્રુવ ભુમિ. આહા..હા..! જેમાં પર્યાયનો પ્રવેશ નહિ તો રાગનો ને પરનો પ્રવેશ ક્યાં આવ્યો ? એવી જે નક્કર ધ્રુવ ભૂમિ પ્રભુ ! એનું જેને ઓળખાણ (થઈને) પ્રાપ્ત થયું... આહા..હા..! એને પરજ્ઞેયમાં નિંદા ને પ્રશંસા એવા ભેદ રહેતા નથી. આહા..હા..!

'કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી ગુરુ ગમકી' ભગવાનને એમ કહે પ્રભુ આપની કરુણા એટલે ? આપના જ્ઞાનમાં મારું જ્ઞાન છે એનું ભાન થયું તમને, તમારા જ્ઞાનમાં આવ્યું કે આ તો જ્ઞાની છે, એ આપની કરુણા છે. આહા..હા..! એ

કરુણા છે. આહા..હા..! પ્રભુ ! તારા જ્ઞાનમાં હું અત્યારે સમકિતી જ્ઞાની છું, જ્ઞાન છે એવું તારા જ્ઞાનમાં આવ્યું એ આપની કરુણા છે. આહા..હા..! એ..ઇ..! આવી વાતું છે. આહા..હા..!

વીતરાગી અમૃતનો પિંડ પ્રભુ ! આહા..હા..! વીતરાગી અમૃતનો સાગર નાથ ! આહા..હા..! એવી ધ્રુવ ધાતુ જેણે પકડી અંદરથી, આહા..હા..! એને બધું અનુકૂળ-પ્રતિકૂળ જ્ઞેય તરીકે જાણવામાં રહે છે. એવો સમતા ભાવ તો સમ્યગ્દર્શન થતા સાથે આટલો તો આવે છે, એમ કહે છે. આહા..હા..! અસ્થિરતાને લઈને જે થાય એ શ્રદ્ધાને લઈને નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! અસ્થિરતાને લઈને જરી વિકલ્પ આવે એ શ્રદ્ધાને લઈને નહિ. શ્રદ્ધામાં તો અનુકૂળ ને પ્રતિકૂળ બધું એકરૂપે જ્ઞેય છે, સમભાવે જાણે છે. આહા..હા..! એને દુનિયાને જોવી નથી, એને દુનિયા શું કહે છે તે જાણવું નથી. આહા..હા..! એ અહીં કહે છે. આહા..હા..!

**'બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, (અંતરનો) જ્ઞાન માર્ગ દેખાડે છે.'** આહા..હા..! માર્ગ દેખાડે છે, હોં ! **'જ્ઞાન માર્ગ દેખાડે છે.'** આહા..હા..! સમ્યગ્જ્ઞાન જે થયું તે માર્ગ દેખાડે છે. આહા..હા..! **'મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે,...'** એ સમ્યગ્જ્ઞાન જે સાચા તત્ત્વનું થયું એનું જે જ્ઞાન (થયું), એનાથી મોક્ષની શરૂઆત થાય છે, કોઈ ક્રિયાકાંડ કરવાથી મોક્ષની શરૂઆત થાય છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ ? **'મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણ...'** સત્ય સમજણ. ત્રિકાળ ધ્રુવને પકડતા જે જ્ઞાન થયું તે સાચી સમજણ છે. આહા..હા..!

**'ક્રિયાથી નહિ.'** ગમે તેટલા વિકલ્પો કર તું. આહા..હા..! એનાથી, આહા..! મોક્ષમાર્ગની શરૂઆત નથી. 'સાધ્ય-સાધક'માં આવે છે. 'અનુભવ પ્રકાશ'માં 'સાધ્ય-સાધક' આવે છે અને 'આત્માવલોકન'માં 'સાધ્ય-સાધક' (આવે છે). શુભભાવ પરંપરા. પરંપરા. એ તો પરંપરાનો અર્થ શુદ્ધની દૃષ્ટિ થઈ છે, શુદ્ધ પરિણતિ થઈ છે એને લીધે શુભભાવ આવ્યો છે એ પછી જશે એથી પરંપરા એમાં 'સાધ્ય-સાધક'માં કહ્યું છે. હવે ન્યાં પકડે એ. અરે..! ભાઈ ! એ બધી વાતું છે. આહા..હા..!

એ તો 'સમયસાર'માં આવે છે, પરંપરા કારણ આવે છે. એનો અર્થ શું ? એ શુભરાગ થતાં શુદ્ધતાનું ભાન ને વેદન છે તેથી એમાં અશુભ ટળ્યો છે. આને, હોં ! અજ્ઞાનીને શુભમાં અશુભ ટળ્યો નથી. સમજાણું કાંઈ ? કેમ કે જે શુદ્ધ સ્વભાવનો

આશ્રય લીધો છે એમાં અશુભમાં આશ્રય થોડો છે, શુભમાં જરી આમ આશ્રય વધ્યો છે અહીં શુભ થયો, શુભને લઈને નહિ. આહા..હા..! અને શુદ્ધમાં આશ્રય વિશેષ વધ્યો છે. પર્યાય શુદ્ધમાં હોં ! એમ. આહા..હા..!

ચૈતન્ય સ્વભાવ જે ભગવાન આત્મા એનો જે આશ્રય લીધો છે તેથી એને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. હવે એને અશુભભાવ હોય છે ત્યારે જે શુભભાવ વખતે જરીક આશ્રય વધારે છે એ શુભભાવને લઈને નહિ. જરી જરી વિશેષ છે, અશુભમાં થોડો આશ્રય છે. આહા..હા..! આશ્રય તો કાયમ છે સમ્યગ્દષ્ટિને ધ્રુવનું ધ્યેય તો કાયમ છે. એ તો ત્રણ બોલ આવી ગયા ને ? ત્રણ બોલ આવી ગયા એ, ત્રણ પટી છે સાધક જીવને. આહા..હા..!

ધ્રુવનું ધ્યેયનો આશ્રય તો કાયમ છે પણ આશ્રયમાં વધી જવું, વધવું એની પર્યાયમાં એ ફેર છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં જે આશ્રય લીધો એથી જ્યારે પંચમ ગુણસ્થાનની સ્થિરતા અંશે વધી ત્યારે આશ્રય વિશેષ છે. આહા..હા..! એવા આશ્રયને લઈને અશુભ વખતે આશ્રય, આશ્રય તો છે પણ શુભ વખતે જે આશ્રયનો અંશ વધે છે એ અશુભ વખતે નથી. તેથી શુભભાવ આશ્રયનું કારણ છે એમ નથી. આહા..હા..! અને શુદ્ધ ભાવ જ્યારે ઉપયોગ શુદ્ધ થાય છે ત્યારે પ્રભુનો આશ્રય વિશેષ છે. વિશેષ છે માટે શુદ્ધ ઉપયોગ થાય છે એનો અર્થ કે વિશેષ આશ્રય છે માટે શુદ્ધ ઉપયોગ થાય છે. શુદ્ધ ઉપયોગને આશ્રયે શુદ્ધ ઉપયોગ થાય છે એમ નથી. આહા..હા..! તેથી શુભ ઉપયોગમાં જરી આશ્રય હોય... આવ્યું છે ને ? ભાઈ ! 'મોક્ષ અધિકાર'માં ? શુભમાં ધીમે ધીમે–છને છને આ આપેક્ષા છે. છે ખ્યાલ છે. 'મોક્ષ અધિકાર'માં આવે છે. શુભભાવ વખતે ક્ષણે ક્ષણે આશ્રય વધતો જાય છે. આહા..હા..! એ તે શુભથી નહિ પણ રાગની મંદતા વખતે જ્યાં પહેલો આશ્રય જે હતો એથી થોડો વધે છે. આહા..હા..! અને એનાથી શુદ્ધ ઉપયોગ થતાં વિશેષ આશ્રય વધે છે, એટલે કે આશ્રય વિશેષ વધે છે એટલે શુદ્ધ ઉપયોગ થાય છે. આહા..હા..!

એમાં પરજ્ઞેયમાં એ ભેદ પાડતો નથી. આહા..હા..! ચાહે તો સાતમી નરકની વેદના હો ને ચાહે તો ચક્રવર્તીના સોળ હજાર દેવ સેવા શરીરની (કરતા હોય). અને જેનો ખોરાક એક કોળિયો અબજો રૂપિયાનો જેને છન્નું કરોડ પાયદળ પચાવી શકે (નહિ), એવો હો. આહા..હા..! છતાં ત્યાં જ્ઞેય તરીકે છે. આ ઠીક છે ને આ અઠીક

છે એવું નથી. આહા..હા..! કેમ કે પ્રભુ પોતે વીતરાગ સમતા સ્વરૂપનો પિંડ છે. આહા..હા..! એનો આશ્રય લીધો છે તે સમતા, સમતાના રસ,... આહા..હા..! શાંત રસ વધતો જાય છે. આહા..હા..! એ **'ક્રિયાથી નહિ.'** આહા..હા..! **'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ...'** પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ, પરોક્ષ નહિ, એમ કહે છે. સીધો. એ તો 'શ્રીમદ્'માંય આવે છે.

**પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧.**

આહા..હા..! કેટલી વાર તો વાતું બહુ સરસ કરી છે. પણ જરી ઓલા શ્વેતાંબર-દિગંબરને બે ભિન્ન પાડ્યા નથી ને... આત્મસિદ્ધિમાં પણ કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કરે એ વાત બહુ ખટકી, એ વાત છે નહિ, એ શ્વેતાંબરની જળક ગરી ગઈ છે. કેવળજ્ઞાની વિનય કોનો કરે ? 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન, એવો માર્ગ વિનય તણો...' અતિરેક થઈ ગયો. એ શ્વેતાંબરની ઝળક છે. 'દશવૈકાલિક'નું નવમું અધ્યયન છે એમાં આ છે. 'અનંત ....' એ રહી ગઈ હતી જરી. આહા..હા..!

મુમુક્ષુ :- વંદ્ય-વંદક ભાવ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- છઠ્ઠા સુધી જ હોય, પછી કેવું ? અને કેવળીને ક્યાં એ વિકલ્પ છે ? અને એનાથી અધિક છે કોણ ? આહા..હા..! અને તીર્થંકર તો દીક્ષા વખતે પણ ણમો અરિહંતાણં નથી કહેતાં. આહા..હા..! ણમો સિદ્ધાણં. આહા..હા..! નહિતર ણમો અરિહંતાણં પહેલા કેમ આવ્યું ? કે જેની વાણી છે એનો અહીં ઉપકાર થાય છે. અહીં તો કાઢી નાખી. તીર્થંકર છે એ જ્યાં દીક્ષા (લે)... આહા..હા..! બીજા દીક્ષા લે તો પંચ નૌકાર ગણે ... આહા..હા..! આ તો સીધું ધ્યેય. એકલું સર્વ ણમો સિદ્ધાણં, બસ. ગજબ વાત છે.

મુમુક્ષુ :- એને પણ પહેલાં તો અરિહંતપદ જ પ્રાપ્ત થશે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- થાય ભલે પણ વંદન કરે પ્રભુ સિદ્ધને પૂર્ણ. અરિહંતને ચાર ગયા છે ને ચાર (કર્મો) રહ્યા છે. મારો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ છે એ પૂર્ણ જેની પર્યાય પ્રગટ થઈ તેને નમસ્કાર કરીને હું ચારિત્ર અંગીકાર કરું છું. આહા..હા..! દરેક વાક્યમાં મર્મ છે. સંતોની વાણી કાંઈ સાધારણ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! અને તીર્થંકરનો જીવ છે. આહા..હા..!

**'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન...'** પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન. આમ જાણપણું (થયું) ને આ ને આ, એમ નહિ. આહા..હા..! પ્રયોજનભૂત જ્ઞાન જે આત્માને સ્પર્શે એમ જે બતાવે એ પ્રયોજનભૂત જ્ઞાન છે. આહા..હા..! **'પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગપ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે.'** પ્રબળ નિમિત્ત (છે). બીજા નિમિત્ત છે એ કરતાં પ્રબળ નિમિત્ત છે એમ કહે છે. આહા..હા..! નિમિત્ત તો ભગવાનની મૂર્તિ કહેવાય, વેદના નિમિત્ત કહેવાય, આકરી વેદના થાય ઇ. આહા..હા..! મોટા દેવની ઋદ્ધિ વૈમાનિકની મોટી દેખે એ પણ નિમિત્ત કહેવાય. શાસ્ત્રમાં આવે છે ને. પણ એ ક્યારે ? પોતે કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..!

અહીંયા એ કહે છે. પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન. ભાષા તો જુઓ ! આહા..હા..! પરમાગમનું જ્ઞાન એમ નહિ. આહા..હા..! અને ગુરુનો પરોક્ષ ઉપદેશ પણ નહિ, 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;' પરોક્ષ વીતરાગ પણ (હોય), એનો ઉપકાર એવો નહિ, પ્રત્યક્ષ જેવો. આહા..હા..! **'પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન...'** આહા..હા..! **'માર્ગપ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે.'** નિમિત્ત છે, હોં ! ઉપાદાન નહિ. આહા..હા..!

**'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...'** આહા..હા..! સ્પર્શીને વાણી નીકળે ? પણ એનો અર્થ કે વાણીમાં નિમિત્ત છે. આહા..હા..! 'શ્રીમદ્' એમ કહ્યું છે આત્મસ્પર્શી વાણી. પત્રમાં આવે છે. આહા..હા..! એટલે કે જ્યાં આનંદનું વેદન છે તેના સંબંધમાં જે વાણી નીકળે એ આત્મસ્પર્શી વાણી કહેવાય. આહા..હા..! વાણી નથી અડતી આત્માના જ્ઞાનને, જ્ઞાન નથી અડતું વાણીને. આત્મસ્પર્શ નથી કહ્યું ? ૩જી ગાથામાં. આહા..હા..! દરેક દ્રવ્ય પોતાના ગુણધર્મ, પર્યાય ધર્મને ચુંબે પણ પરદ્રવ્યને ચુંબે નહિ. અને અહીં કહે સ્પર્શી. કઈ અપેક્ષા છે ? આહા..હા..! 'શ્રીમદ્' પત્રમાં લખ્યું. આહા..હા..! અપેક્ષાથી બરાબર છે. એટલે કે અજ્ઞાનમાંથી વાણી અજ્ઞાનીની આવે એ નહિ પણ આ તો જ્ઞાનમાંથી આવે છે એટલે જ્ઞાન નિમિત્ત છે એને, એમ કહેવું છે. આહા..હા..!

એ તો કેવળજ્ઞાન છે એ લોકાલોકને નિમિત્ત છે. નિમિત્ત છે એટલે ? એક છે એટલી ચીજ. કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે ? અને લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. આવે છે ને ? છેલ્લું પાછળ. 'સમયસાર'. અમૃત ભર્યા છે, બાપા !

'સમયસાર'માં. સત્યના રેલમછેલા કર્યા છે. આહા..હા..!

ચૈતન્યને એટલે કે જે વાણીમાં ચૈતન્યની નિર્મળતાનું નિમિત્ત છે. કેવળજ્ઞાન નિમિત્ત છે લોકાલોકનું એથી શું ? કેવળજ્ઞાન નિમિત્ત છે માટે લોકાલોક છે ? **'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.'** આહા..હા..!

મુમુક્ષુ :– પુદ્ગલ ઊતરી જાય આત્મામાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઊતરી જાય એટલે બેસી જાય. પણ મુમુક્ષુને. આ જવાબદારી. જિજ્ઞાસા યથાર્થ છે જેને. મુમુક્ષુ–મોક્ષનો અભિલાષી. આહા..હા..! એક હજાર ને આઠ નામમાં... કેવા ? 'જિનસેનાચાર્ય' એણે કહ્યું, હે પ્રભુ ! આપ તો મુમુક્ષુ છો, એમ કહ્યું. આહા..હા..! એક હજાર ને આઠ નામ, 'આદિ પુરાણ'. હમણાં એક પુસ્તક આપી ગયા કો'ક 'જેતપુર'વાળા. એણે છાપ્યું ને ? પહેલું આવી ગયું હતું, વંચાઈ ગયું. 'જેતપુર'થી છાપણું. એક હજાર ને આઠ નામ 'આદિ પુરાણ'ના અને એક હજાર ને આઠ નામ ભાઈના 'આશાધર'ના. ઇ 'જેતપુર'વાળાએ છપાવ્યું છે. આ મુમુક્ષુ મંડળ તરફથી. હમણાં આવ્યા હતા એક જણા એ આપી ગયા બીજું.

**'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...'** આહા..હા..! સદ્ગુરુ ઉપદેશથી આવ્યું ને ? 'છે દેહાદિથી ભિન્ન આત્મા રે,' એમ આવ્યું ને ? પણ સમજે એ ગુરુના ઉપદેશથી સમજે એમ આવ્યું છે, નિમિત્તથી કથન છે. આહા..હા..! અને ઓલામાં એમ કહ્યું 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;' વીતરાગ છે એ ભલે પરોક્ષ થઈ ગયા. આહા..હા..! પણ પ્રત્યક્ષ જે છે, આહા..હા..! એવો ઉપકાર પરોક્ષનો ન હોય.

**'મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.'** આહા..હા..! એ 'વડિયા'ના છે. 'મહુવા'ની બેંકમાં મેનેજર છે. આવ્યા હતા, ઓહો..હો..! પુસ્તક બહુ સરસ, બહુ સરસ. જે વાંચે છે એને (એમ થઈ જાય છે). અન્યમતિ મધ્યસ્થી હોય એ જરી વાંચે તો ઘા ખાઈ જાય છે. એવી શૈલીથી સહેજ આવી ગયું છે, એ તે કાંઈ લખ્યું નથી પોતે, લખ્યું તો કો'કે. આહા..હા..!

**'આત્મસ્પર્શી વાણી...'** જુઓ ! ફરીને આવ્યું, **'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...'** અહીં **'આત્મસ્પર્શી વાણી આવતી હોય...'** આહા..હા..! **'અને એકદમ રુચિપૂર્વક જીવ...'** આહા..હા..! પણ આ શરતું. એકદમ રુચિપૂર્વક–એ શરત. આહા..હા..! **'રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'** કહો, આ ભાઈએ પ્રશ્ન કર્યો ને

રાતે. ક્યાં ગયા ? ભાઈ. આ પ્રશ્ન આવ્યો આ સમ્યક્ સન્મુખનો રાતે પ્રશ્ન હતો ને ?

મુમુક્ષુ :– કેટલા કલાક ધ્યાન કરવું ?

ઉત્તર :– અહીં તો કહે એકદમ. આહા..હા..! પણ શરત તો એ કે રુચિ અંદર જવી એને પોતે. આહા..હા..! અને ઓલામાં આવ્યું ને ? 'પદ્મનંદિ પંચવિશતિઃ'. જે અધ્યાત્મની ધારા ઉપદેશ. આહા..હા..! રુચિ પૂર્વક સાંભળે છે. .... આહા..હા..! ત્યાં આ શરત છે, ઇ શરત અહીં મુકી છે. આહા..હા..! .... આહા..હા..! પ્રેમથી જેને રુચિ અંદરથી (જાગી છે)... આહા..! શું ચીજ આ ? એમ પ્રેમ રુચિપૂર્વક જેણે સાંભળી છે. આહા..હા..! ભાવી નિર્વાણ ભાજન, એને અંતરમાં પોષાય ગયો છે ભાવ, પોહાય ગયો છે અંદર. આહા..હા..! એ અલ્પ કાળમાં સિદ્ધનું ભાજન થશે એટલે કે સિદ્ધપદ પ્રાપ્ત થશે. ભાવિ નિર્વાણ ભાજનનો અર્થ ઇ. આહા..હા..! આકરી વાત, ભાઈ ! એ વાતું... આહા..હા..! અંદરથી બેસવી વાતું... ભાઈ ! **'એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે...'** એમ ભાષા છે ને અહીં તો ? વિશેષણ છે. **'તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'** સમ્યક્‌ની નજીક થાય. આહા..હા..! ૩૮૬ (બોલ પૂરો થયો). વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**આત્માની જેમ દરેક દ્રવ્યમાં છ કારકો સ્વતંત્ર રહેલા છે. અહીં આત્માની વાત ચાલે છે. જો રાગના આધારે ધર્મ હોય તો રાગ ટળી જતાં ધર્મનો પણ અભાવ થઈ જાય. મનુષ્ય દેહ અથવા મજબૂત સંહનનનો આધાર હોય તો તે ખસી જતાં નિર્મળતા રહેત નહીં પણ એમ નથી. શાસ્ત્રમાં કથન આવે કે જિનમંદિરો હોય, મુનિઓ વિચરતા હોય તો ધર્મની પ્રભાવના થાય. એ નિમિત્તથી કથન છે. શુભ વિકલ્પ આવે પણ તેના આધારે કે મંદિરોના આધારે ધર્મ પ્રગટતો નથી. પણ અધિકરણ ગુણના આધારે ધર્મ પ્રગટે છે, ટકે છે ને વધે છે, જો રાગ અને પુણ્યને લીધે ધર્મ હોય ને શાસ્ત્રથી ધર્મ હોય તો તે ખસી જતાં અથવા રાગ ટળી જતાં તે ધર્મનો નાશ થઈ જાય પણ એમ બનતું નથી. 'પરમાગમસાર' બોલ નં. ૬૭૭.**

**કારતક વદ ૫, રવિવાર તા. ૧૯-૧૧-૧૯૭૮.**
**વચનામૃત–૩૮૭ થી ૩૮૮, પ્રવચન–૧૫૫**

**આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને ! તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ. ૩૮૭.**

૩૮૭, બોલ છે. અહીંયા શું સિદ્ધ કરવું છે ? કે, બાહ્યની જડની ક્રિયા અને પુણ્ય-પાપના પરિણામની ક્રિયા એ કોઈ આત્મા નથી. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, એ કાંઈ કલ્યાણનો માર્ગ નથી. આહા..હા..! કલ્યાણનો માર્ગ તો આત્માનું જ્ઞાન કરે ને અનુભવ કરે તો કલ્યાણનો માર્ગ શરૂ થાય. તો એ આત્મા કેવો છે ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જોયો, જાણ્યો ને કહ્યો એ આત્માને જાણવો જોઈએ. બાકી બધી ક્રિયાકાંડો અનંતવાર કરી પણ એણે આત્મા શું ચીજ છે એની એને મહિમા અંતરમાં આવી નહિ. પરની મહિમા છૂટી નહિ ને અંતરની મહિમા આવી નહિ. કેમ ? કે અજાયબ ચીજ જે છે તેને એણે જાણી નહોતી. સાધુ થયો અનંત વાર પણ એ આત્મા અંદર ચીજ કોણ છે એને જોવાને પ્રયત્ન કદી કર્યો નહિ. બહારનું જોવામાં રોકાય ગયો છે.

મુમુક્ષુ :– આત્મા કેવો છે એ તો સાધુ થયા પહેલા (વિચાર) કરવો જોઈએ ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાધુ થયા પહેલા, સાધુ કે દિ' હતો ? સાધુ છે એ સાધુ હતા કે દિ' ? હજી આત્મા કેવો છે એની ખબર ન મળે સાધુપણું ક્યાંથી આવ્યું ? ઝીણી વાત છે, બાપુ !

**'આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે.'** ક્યાં અજાયબઘર છે ને ક્યાંક ? ક્યાં ? 'હૈદ્રાબાદ', 'હૈદ્રાબાદ'માં છે ? આપણે ન્યાં ગયા હતા પણ જોવા નહોતા ગયા. મોટું અજાયબ (ઘર). 'હૈદ્રાબાદ' તો આ ફેરી જ ગયા હતા ને પહેલાં ? પહેલાં ગયા હતા ? ત્યારે ગયા હતા. હા, જોવા ગયા હતા. આ તો પરમાત્મા પોતે અંદર આત્મા. શુભ-અશુભ ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ રાગ છે એનાથી ભિન્ન એ આત્મા તો અજાયબ કોઈ ઘર છે. આહા..હા..! એક પચ્ચીસ, પચાસ લાખનું મકાન કરાવે તો એને અજબ લાગે, ઓહો..હો..! ૭૦ લાખનું મકાન. અમે ઉતર્યા હતા ને ? અહીં 'મુંબઈ'. 'આમોદ'વાળા ૭૦ લાખનું એક મકાન. પાંચ, છ કરોડ રૂપિયા છે. એક તો ૭૦ લાખનું એક મકાન. ધૂળમાંય નથી કીધું. ઉતર્યા હતા ત્યાં.

મુમુક્ષુ :– ધૂળમાં ઉતરાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉતરે કોણ ? ન્યાં હતા એટલું નિમિત્તમાં એમ કહેવાય. આહા..હા..! આત્મા તો આત્મામાં હતો. આહા..હા..! એ કોઈ મકાનમાંય નથી, અરે..! એની દેહની ક્રિયામાં પણ એ આત્મા નથી, અરે..! એના દયા, દાન ને વ્રત, ભક્તિના, તપના, દર્શન ભગવાનના કરે ભાવ એ રાગ એમાંય આત્મા નથી, એ તો વિકાર છે. આહા..હા..! એ **'આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે.'** પાછી ભાષા એટલી. અજાયબઘર છે પ્રભુ અંદર. આહા..હા..!

**'તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે.'** આહા..હા..! ભગવાન આ આત્મા અંદર જે વસ્તુ છે એમાં અનંત ગુણરૂપ, અનંત ગુણ જેની સંખ્યાનો પાર નહિ. આહા..હા..! અનંત... અનંત... અનંતને અનંત ગુણા કરી નાખો તો પણ છેલ્લો અનંત એમ એમાં આવે જ નહિ, છેલ્લો અનંત આવે નહિ. આહા..હા..! અનંતનો છેલ્લો એક એ તો આવે નહિ... આહા..હા..! પણ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એને અનંત અનંતગુણા કરો તો પણ એનો પહેલો જે અનંત છે એનો અંત ન આવે. આહા..હા..! એવો એ ભગવાનઆત્મા ઉત્કૃષ્ટ અનંત ગુણોની અલૌકિક અજાયબી ભરી છે. આહા..હા..! એ ન્યાં જોતો નથી ને આ પુણ્ય

ને દયા પાળી ને વ્રત કર્યા ને અપવાસ કર્યા ને... એ તો રાગની ક્રિયા છે ત્યાં જોવે છે. જેમાં તો એકલો દુઃખ ને આકુળતા છે. આહા..હા..!

ભગવાનઆત્મા તો આનંદ ને અનાકુળ શાંતિ, આનંદ ને શાંતિ એ બે ચીજ છે. એક સુખ અને શાંતિ એટલે સ્થિરતા, ચારિત્રની. આહા..હા..! એવી અનંતી અનંતી શાંતિ અને અનંતા અનંતા ગુણ (ભર્યા છે). કેમ કે જે અનંતા અનંતાનો પાર નહિ એટલા જે ગુણ, એમાં એક એક ગુણ અનંત ગુણથી નાસ્તિરૂપ છે. એક એક ગુણમાં અનંતા ગુણની નાસ્તિ છે. એવી એક એક ગુણમાં તાકાત અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે એવી તાકાત અને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. આહા..હા..! એને ક્યાં ખબર છે કે, આત્મા કોણ છે. આહા..હા..! એ અજાયબી ઘર છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! જેની ઉત્કૃષ્ટ અજાયબી કેમ (કહ્યું) ?

**'અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે.'** અજાયબી ઘર કેમ ? એમ છે ને ? આહા..હા..! અનંત ગુણરૂપ અલૌકિક. આહા..હા..! અજાયબો ભરી (છે), પ્રભુ ! તને ખબર નથી. આ તો આત્મા કોણ ? આ હાલે-ચાલે એ આત્મા ને સ્થિર રહે એ સ્થાવર, હાલે-ચાલે તે ત્રસ. અરે..! આવી વાતું બિચારા જૈનમાં જન્મ્યા એને પણ ભાન ન મળે. આહા..હા..! એને જૈન જ કહેતા નથી અહીં.

અહીં તો જૈન એને કહે કે જિનસ્વરૂપી અજાયબી ઘર, જેમાં અનંતી અજાયબી ગુણ પડ્યા છે. આહા..હા..! એમાં દૃષ્ટિને સ્થાપે–અહંપણું કરે ત્યાં. પર્યાયને રાગ ને આમ નિમિત્ત છે એમાં અહંપણું છે. હું આ છું, એ હું આ છું. આહા..હા..! એવી જેને દૃષ્ટિ પ્રગટે અંદર ત્યારે તો તેને જૈન કહેવાય છે. જૈન કોઈ વાડો નથી, જિન એ સ્વરૂપ છે જીવનું, અજાયબી ઘરથી ભરેલો ભગવાન. આહા..હા..! બધા ગુણો વીતરાગી ગુણો છે. ચારિત્ર ગુણ છે ને ? વીતરાગ સ્વભાવ. તો દરેક ગુણમાં પણ વીતરાગી સ્વરૂપ–રૂપ પડ્યું છે. એ વીતરાગી ચારિત્ર ગુણ બીજા ગુણમાં ન હોય. આહા..હા..! આવો એક ભગવાન. આહા..હા..!

**'અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે એમાં.'** પ્રભુ ! જોવા જેવું છે, હોં ! આહા..હા..! જોવા જેવું બધું ત્યાં છે. આ તો મકાન એક કરાવે પાંચ, દસ લાખનું, વાસ્તુ કરે માણસને બોલાવે બધા મોટા મોટા અજ્ઞાની હોય એને, કાર્યવાહકોને

ને (બોલાવે). ભાઈ ! અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો. તારા ઘરમાં તેં વાસ્તુ કદી કર્યું નથી. આહા..હા..! એ તો અજાયબી ઘર અંદર છે પ્રભુ, અંદરમાં અનંતા ચૈતન્ય રત્ન ભર્યા છે. આહા..હા..! એ એક એક ચૈતન્ય ગુણ અનંત ગુણના રૂપથી ભરેલો અને અનંત ગુણની એમાં નાસ્તિવાળા ભરેલો ગુણ. આહા..હા..!

એ અજાયબી જોવા જેવી છે, કહે છે. છે ? જોવા જેવું બધું ત્યાં છે. આ બહારમાં જોવા જાયને જ્યાં, આહા..હા..! એક દસ, વીસ હજારનું આ શું કહેવાય તમારે ? કરીયાવર. છોડી હાટુ કરે તો બધાને બોલાવે સગા વહાલાને. આ છોડીને આટલું આપીએ છીએ. પચાસ તોલા સોનું ને ઘણા તોલા ધૂળ ને... ખાટલામાં પાથરે ને ? જોડ ભેગા... ન્યાં તો પાપ છે, સાંભળને ! આહા..હા..! આ તો જોવા જેવી ચીજ તો અજાયબી પ્રભુ તારા ઘરમાં પડી છે. આહા..હા..! ઘરવખરી એક સારી મોટી હોય પાંચ, દસ લાખ, વીસ લાખની તો આમ જોઈને ! આહા..હા..!

મુમુક્ષુ :– એના પ્રમાણમાં હોય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એના પ્રમાણમાં, આહા..હા..! એને અજાયબી લાગે. ઓલા ‘મૈસુર'માં નથી સાડા ત્રણ કરોડનું ? બાદશાહનું મકાન. બાદશાહ વયો ગયો ખાલી જોવા ગયા હતા એકફેરી. સાડા ત્રણ કરોડનું એક મકાન. પણ બીજાને એમ લાગે ઓહો..! શું છે પણ ત્યાં.

મુમુક્ષુ :– જોવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શું જોવા જેવું છે ? ધૂળ, આ જોવા જેવું તો અંદર વસ્તુ છે, પ્રભુ ! એમ સર્વજ્ઞ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આવ્યું તે આ વાત છે. આહા..હા..! ભાઈ ! તું ચૈતન્યરત્નથી ભરેલો ભગવાન છો ને ! તારામાં અજાયબી રત્નો પડ્યા તે જોવા જેવું (છે). જોવા જેવું હોય તો બધું ત્યાં છે, એમ કહે છે. જોવા જેવું બધું, એમ કહ્યું છે ને ? એનો અર્થ કે જોવા જેવું બહારમાં કાંઈ નથી. આહા..હા..! દયા ને દાનના, વ્રતના પરિણામ એ તો રાગ છે. એ જોવા જેવું નથી, બાપુ ! એ તો વિકાર દુઃખ છે. આહા..હા..! અરે..! કેમ બેસે ?

મુમુક્ષુ :– એક કોર આપે પુદ્‌ગલના પરિણામ કહ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુદ્‌ગલ. પરિણામ એક કોર રહ્યા. બે દ્રવ્ય–એક કોર ચૈતન્ય સ્વભાવી આત્મા. એક કોર પુદ્‌ગલસ્વભાવી ભેદ, રાગ ને રંગ. આહા..હા..! એ જોવા

જેવું બધું ત્યાં છે. ભાષા તો જુઓ ! જોવા જેવું છે એમેય નહિ, જોવા જેવું બધું ત્યાં છે. એ જ્ઞાન સ્વરૂપ ભગવાન, આનંદ સ્વરૂપ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત આનંદ, જ્ઞાન આદિ અનંત ગુણનો ભંડાર પોતે. જેવું જોવા જેવું હોય તો બધું ત્યાં છે. આહા..હા..! આ મોટી ફિલમ હોય તો જોવા જાય. આહા..હા..! ધૂળેય નથી ત્યાં, સાંભળને ભાઈ ! એ જોવે છે જે આ એને જોને, જોનાર આને જોવે છે જે એનામાં નથી. તો એ જોનાર એનામાં છે એને જોને. આહા..હા..!

મુમુક્ષુ :- એને જોનારને ટીકીટ ક્યારે મળે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ટીકીટ જોવે ત્યારે મળે. આહા..હા..! આમ તો પાંચ-પાંચ, દસ-દસ લાખની ઘરવખરીઓ ને મોટા મકાન પચાસ લાખ ને સાંઈઠ લાખ ને દસ લાખ, કરોડ. આહા..હા..! શું છે પણ ? એ બધા મસાણના લાકડા છે. આહા..હા..! જેને જોવા જેવું તેને જોયો નહિ, જે તેનામાં નથી તેને જોવામાં રોકાય ગયો. શું કહ્યું આ ? બધું છે ને એમાં અર્થ આ છે. જોવા જેવું હોય તો બધું અહીં છે અંદર. ભગવાન આ વીતરાગ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ઇન્દ્રની સમક્ષ કહેતા હતા તે આ છે. આહા..હા..! જરીક કાંઈક પાંચ, પચ્ચીસ, પચાસ હજાર મળી જાય તો રાજી રાજી થઈ જાય. આહા..હા..! મૂર્ખાઈ તે કાંઈ છે. આહા..હા..!

મુમુક્ષુ :- રૂપિયા મળે ત્યારે રોવા માંડવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ એને રૂપિયા આવે છે ક્યાં ? રૂપિયા તો રૂપિયામાં રહ્યા છે.

મુમુક્ષુ :- એ માને છે ને ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ માને છે કે મને મળ્યા એ તો મમતા એની પાસે આવી. ભાઈ ! ધૂળેય નથી ત્યાં હવે. રોવે છે ઇ, પૈસા મારા એ રોવે છે. આત્માનું ખૂન કરી નાખે છે. આહા..હા..! આત્મામાં અનંતા અનંતા અજાયબી ગુણો, એનો અનાદર કરીને આમાં અજાયબી માને છે એ ચૈતન્ય ભગવાન સ્વરૂપે પ્રભુ (છે) એનું એ મરણ કરી નાખે છે, મારી નાખે છે અને આ રાગ તે મારો ને પૈસા મારા, જીવનની જ્યોતી ત્યાં અટકાવી દીધી એણે. આહા..હા..!

અલિંગગ્રહણમાં એક આવે છે. મન ને ઇન્દ્રિય જેનું જીવન નથી. પૈસા ને કુટુંબ, બાયડી એ તો ક્યાંય પર વસ્તુ એને સંબંધ શું ? એ ક્યાંય મરીને આવે ને ક્યાંય

મરીને હાલ્યો જાય. આહા..હા..! ક્યાં એની બાયડી ને ક્યાં છોકરા શું છે આ તે બધું ? આહા..હા..! ભ્રમણામાં જોવામાં પડ્યો પણ ભગવાનમાં અજાયબી ચૈતન્ય ભરી છે અંદરમાં એને જોતો નથી, કહે છે. આહા..હા..! બધું.

ત્રણ શબ્દ આવ્યા. એક તો આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર પહેલું એટલું. હવે એ ઘરમાં શું છે ? કેમ એને અજાયબી કીધો ? કે **'તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે.'** માટે તેને અજાયબ ઘર કહ્યું. આહા..હા..! બે (થયા). ત્રીજું **'જોવા જેવું બધુંય,...'** ત્યાં છે, હોં ! આહા..હા..! જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ ગુણો અજાયબી ભર્યા છે અંદર. આહા..હા..! ગમે તેટલી પર્યાય નિર્મળ પ્રગટ હો, તો એ અજાયબી ગુણ છે એમાં ઘસારો લાગતો નથી. આહા..હા..! ઇ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તો પણ અજાયબી ગુણમાં ઓછપ આવતી નથી. એવું એ જોવા જેવું અજાયબી આત્મ-ઘર. આ શું કહે છે ? આવી વાતું હવે. આહા..હા..! એટલે કે તારી જ્ઞાનની પર્યાયમાં, જે તારામાં નથી તેને તેં જ્ઞેય બનાવ્યું છે એ ભ્રમણા છે. જ્ઞેય બનાવ્યું એ ભ્રમણા છે. પણ જે જ્ઞાનની પર્યાય છે એને સ્વજ્ઞેયમાં લઈ જા તો અજાયબી તને જ્ઞાનની પર્યાયમાં લાગશે. આહા..હા..! અને એ જ્ઞાન જ્યારે પર જાણે, તો એ સ્વના સામર્થ્યથી પરને જાણે છે, એથી પર બરાબર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતેય સાંભળી ન હોય જોકે. આ તો દયા પાળો ને સામાયિક કરો ને પોહા કરો ને પડિકમણા કરો ને ચોવિહાર કરો. મરી ગયો હવે કરી કરીને, સાંભળને ! કરવું કરવું એ તો મરવું છે. એ તો રાગની ક્રિયા, ભગવાન ! તું એ નથી. આહા..હા..! તારામાં તો જ્ઞાન આનંદ આદિ ચમત્કારી અજાયબી ગુણો ભર્યા છે.

**'આશ્ચર્યકારી એવું બધુંય,...'** જોવા જેવું બધું અને આશ્ચર્યકારી એવું બધુંય. આ બહારમાં આશ્ચર્યકારી લાગે કે, આ..હા..! ઓલા જાદુગર કરે છે ને ? 'કે લાલ' આમ છોડીને કાપે ત્યાં પાછી બોલાવે ત્યાં વળી (આવી જાય). અજાયબી લાગે લોકોને. ધૂળેય નથી. બિચારો અહીં આવીને કહેતો હતો 'રાજકોટ' આવ્યો હતો. ખબર છે ? આવ્યો હતો 'રાજકોટ' એક ફેરી. મહારાજ ! લાખો રૂપિયા રળે. એક એક રાતના પાંચ હજાર તો ત્યાં લેતો, 'રાજકોટ'. અમારી પાસે આવીને શું કહે ? અહીં તારા લાખ ને કરોડ ને શું કિંમત, ધૂળ (છે). મહારાજ ! અમે ધતીંગ ચલાવીએ છીએ.

હાથ ચાલાકીનું ધતીંગ છે, બીજુ કાંઈ નથી. પૈસા પણ બહુ પેદા કરે. પાંચ પાંચ લાખ ત્રણ એક ફેરી તો ત્રણ લાખ બે, ત્રણ રાતમાં પેદા કર્યા. બહાર ગયો હતો 'જાપાન'માં તે હાથ ચાલાકી બહુ છે. પચાસ-એકાવન વર્ષની ઉંમર છે. આમ પહેરીને આવે તો આમ બીજાને તો આમ અજાયબી કરી દે. ઇ બિચારો કહે કે મહારાજ ! અમારુ ધતીંગ છે બધું, બાપુ ! મરી જશો, હોં ! આ પુણ્ય છે એ આવે છે માટે એમાં મરી જશો એકવાર. હાલ્યા જશો નરક ને નિગોદ, બાપુ ! આહા..હા..! પછી કહે, મહારાજ ! કાંઈક આપો. આપ્યું, પુસ્તક આપ્યું. એક-બે પુસ્તક આપ્યા. 'આત્મસિદ્ધિ'. હતા તમે ? આપ્યા હતા બે, ત્રણ પુસ્તક. પણ ઓલા પૈસા બહુ મળે એટલે એમાં વખત મળે નહિ વાંચવાનો. ધૂળ મળે ધૂળ, મસાણની. આહા..હા..!

મુમુક્ષુ :– ધૂળ વિના રોટલા ખાવા શી રીતે ?

ઉત્તર :– રોટલા ધૂળ, રોટલા પણ ધૂળ છે. એ તો લોકો નથી કહેતા ? આપણે કાઠિયાવાડમાં કહે છે, દાણે દાણે ખાનારનું નામ છે. એટલે શું ? નામ લખ્યું છે ન્યાં ? એનો અર્થ કે, જે રજકણો ત્યાં આવવાના એ આવવાના, નહિ આવવાના, નહિ આવવાના. તું રાગ કર માટે આવે ને એનું ધ્યાન ન કર તો ન આવે એ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા..! તમારે 'હિન્દુસ્તાન'માં કહેવાય ને ? શું કહે છે ?

મુમુક્ષુ :– 'દાને દાને પર લીખા હે ખાનેવાલા કા નામ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખાનેવાલા કા નામ દાને દાને લીખા હૈ. નામ ક્યાં ? એ તો પરમાણુ રજકણ (છે). નામનો અર્થ એ કે જે રજકણો ત્યાં આવવાના છે એ આવશે, આવશે ને આવશે. તું રાગ કર તો આવે ને રાગ ન કર તો ન આવે, એ વસ્તુમાં માલ નથી કાંઈ. આહા..હા..! કેમ બેસે ?

અહીં તો કહે છે, એવું બધુંય–આશ્ચર્યકારી એવું બધુંય, **'જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે,...'** આહા..હા..! દૃષ્ટિને ફેરવ એટલે દેખાય તને. બહુ કામ આકરું. **'નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી.'** એ ઇન્દ્રના ઇન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ, આહા..હા..! ચક્રવર્તીના નવ નિધાનો, છન્નું હજાર સ્ત્રીઓ. પ્રભુ ! એ કોઈ તારી નથી, તારામાં નથી. એ કોઈ જોવા જેવું નથી. આહા..હા..! જ્ઞેય બનાવવા લાયક હોય તો તે વસ્તુ છે, એમ કહે છે. તારા જ્ઞાનમાં જ્ઞેય બનાવવા યોગ્ય હોય તો તે આત્મા છે. અરે..રે..! આ

કેમ પણ (થાય) ? કોઈ દિ' સાંભળ્યું ન હોય. પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ એમ ને એમ મૂઢતામાં ગયા. બહારમાં ડાહ્યા કહેવાય દુનિયાના. એ... ભાઈ ! આહા..હા..! લાખો રૂપિયા પેદા કરે, લાખો રૂપિયા દાનમાં આપે, લ્યો ! લાખો રૂપિયા દાનમાં આપે તો આય મોટા શ્રાવક શીરોમણીના પદવી આપી દે બધા ભેગા થઈને. ધૂળેય નથી ત્યાં. શ્રાવક હજી કહેવો કોને એની ખબરું ન મળે. આહા..હા..!

આત્મા અંદર ભગવાન અજાયબી ઘર, અજાયબી ગુણથી ભરેલું, અજાયબી બધું જોવા જેવું તે, આશ્ચર્યકારી હોય તો પણ તે. આહા..હા..! એ નિજ **'અજાયબઘરમાં જ છે બધું, બહારમાં કાંઈ જ નથી.'** અરે..! રાગ થાય દયા, દાનનો એમાં કાંઈ નથી, બાપા ! એ તો રાગ છે, વિકાર છે, એ તારામાં નથી, એ તારી જાત નથી, કજાત છે. કજાતને જોવા રોકાણો, સજાતને જોવા આવતો નથી. આહા..હા..! આવી વાતું, લ્યો !

**'તું તેનું જ અવલોકન કર ને !'** છે ? પાના ફેર છે ? ગુજરાતી છે ? ગુજરાતી છે ? બીજી વારની શું કહેવાય ? આવૃત્તિ બીજી હશે. આ આવૃત્તિમાં અહીં આ પાને છે. **'તું તેનું જ અવલોકન કર ને !'** આહા..હા..! જે જોવા લાયક આશ્ચર્યકારી ચીજ છે તેને જોવા જા ને. આહા..હા..! અત્યારે આત્મા પડ્યો રહ્યો અને આત્મા સિવાય બધી વાતું કરવા મંડ્યા. આત્મા કોણ છે ને કેવો છે એ વાત મુખ્ય, વર મુકીને જાન જોડી દીધી. એ જાન કહેવાય જ નહિ, એ તો માણસના ટોળા કહેવાય. એમ ભગવાનઆત્મા મુકીને બધી વાતું. આ સામાયિક કરો ને પોહા કરો ને પડિકમણા (કરો). શેના પણ સામાયિક પોહા ? તેં હજી આત્મા કોણ છે એ તો જાણ્યો નથી. એ..ઇ..! ભાઈ ! એ બધું કરીને આ બધે તમે મોટા એમાં ને એમાં ઘુસી ગયા હતા બધા. આહા..હા..! એવી વાત છે. આહા..હા..!

**'તું તેનું જ...'** તેનું જ, એમ ભાષા છે. એકાંત થઈ ગયો આ તો. ભગવાન આશ્ચર્યકારી ગુણોનો ભંડાર પ્રભુ, અનંત આનંદ પરમાત્માને–અરિહંતને પ્રગટ્યો એ તો પર્યાય છે પણ એવા એવા અનંત આનંદ પ્રગટ્યા કરે, અનંત કાળ સુધી તો પણ ખુટે નહિ એવો આનંદગુણ અંદર છે. ઇ શું કહેવાય ? આ ગુણ શું ને પર્યાય શું એને નામેય ન આવડતા હોય અને અમે જૈન છીએ ! ધૂળેય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? અરે..!

**'તેની અંદર એકવાર ડોકિયું કરતાં...'** આહા..હા..! શું કહે છે ? **'તેની અંદર એકવાર ડોકિયું કરતાં પણ...'** એકલું ખ્યાલમાં નહિ પણ અંદર ડોકિયું કરતાં. આહા..હા..! શ્રદ્ધા ને જ્ઞાનની પર્યાયને અંદરમાં વાળતા. આહા..હા..! **'તને અપૂર્વ આનંદ થશે.'** અનંત કાળમાં જે આનંદ નથી આવ્યો એ આનંદ થશે. આહા..હા..! તને સમ્યગ્દર્શન થશે, સમ્યગ્જ્ઞાન થશે, અનંત આનંદનો અંશ સ્વાદમાં આવશે, તારી ઈશ્વરતા પર્યાયમાં પ્રગટ થશે. એક ગુણમાં પ્રભુ ઈશ્વર પડ્યો છે તો એક ગુણનું અનંત ગુણમાં રૂપ (છે) તો દરેક ગુણ ઈશ્વર છે. આહા..હા..! એવા અનંત ઈશ્વરના ગુણથી ભરેલો ભગવાન, પ્રભુતાથી ભરેલો મોટો પ્રભુ ! આહા..હા..! પ્રભુ ગુણ છે ને પ્રભુ ? તો પ્રભુત્વનો ગુણ ઇ છે કે, જેનો પ્રતાપ કોઈ ખંડ કરી શકે નહિ અને સ્વતંત્રતાથી શોભે એવું એક એક ગુણમાં સ્વરૂપ છે. આહા..હા..! અનંત ગુણમાં એવું આ એક-એક પ્રભુતાનું રૂપ છે. જેની સ્વતંત્રતાના પ્રતાપને કોઈ ખંડી ન શકે અને સ્વતંત્રતાથી શોભે, ઓપે. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા, આહા..હા..! એકવાર ડોકિયું કરતાં તને આનંદ આવશે, આનંદ.

**'ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ.'** આહા..હા..! સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ત્યાં જણાશે તને એ ચીજ (તો) તને આનંદ આવશે અને એ આનંદમાં રહેતા બહાર નીકળવું નહિ ગોઠે. આહા..હા..! **'બહાર નીકળવું તને ગમશે જ નહિ.'** ભાષા તે... આહા..હા..! **'બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે.'** આહા..હા..! હીરા ભર્યા છે એકલા ! એ..ઇ..! આ તમારા હીરા એ નહિ. આ તો ચૈતન્ય હીરલો ભગવાન. આહા..હા..! બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું વિસ્મયપણું, આશ્ચર્યપણું, અદ્ભુતપણું એ બધું તૂટી જશે. આહા..હા..! છેલ્લા પેરેગ્રાફો બધા બહુ ઊંચા આવ્યા છે. આહા..હા..!

**'બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ.'** આમાં રક્ત થતાં અહીંથી વિરક્ત થઈ જઈશ. આમાં રક્ત થતાં સ્વભાવથી વિરક્ત છો. રાગના વિકલ્પમાં રક્ત થતાં, સ્વભાવથી વિરક્ત છો. આહા..હા..! પણ ભગવાન સ્વભાવમાં રક્ત થતાં, રાગાદિ બધાથી વિરક્ત થઈ જઈશ. પહેલી દૃષ્ટિમાં (થશે). આહા..! ક્યાંય રસ નહિ લાગે તને. આહા..હા..! એ અબજો રૂપિયા એક એક કલાકની પેદા થાય (તો પણ) અજાયબ નહિ લાગે તને. આહા..હા..! છે ને અત્યારે ? 'ઇરાક'

પણ એને તો એક કલાકની દોઢ કરોડની પેદાશ છે. અને એક છે બીજો દેશ એમાં એક દિવસની એક અબજની પેદાશ છે. છે મુસલમાન. શું કહેવાય એ? અરબી, અરબ આરબી લોકો દેશ નાનો છે પણ એમાં પેટ્રોલના કૂવા એ ભરેલા નીકળ્યા છે એવા નીકળ્યા છે, એક દિવસની એક અબજની પેદાશ, હોં! મૂડી નહિ. અત્યારે છે, 'અરબસ્તાન'માં. એક દિવસની અબજની પેદાશ ને એક આ કીધો જે એક કલાકની દોઢ કરોડની પેદાશ એને તો છત્રીસ કરોડ થયા ને ઓલાને એક અબજ થયા. પણ મરીને નરકે જવાના. આહા..હા..! એથી શું ચીજ છે એ ? આહા..હા..! રાજી રાજી થઈ જાય કે, આહા..! એક દિવસના એક અબજ એવા ૩૬૦ દિવસના ૩૬૦ અબજ એટલી તો પેદાશ. આહા..હા..! ધૂળમાંય નથી કાંઈ, સાંભળને હવે. આપણો વાણિયો નથી અહીં 'જામનગર'નો એક ? ભાઈનો દીકરો ત્યાં નોકર છે ને ? વીસાશ્રીમાળી છે. સાડા ત્રણ કરોડની પેદાશ છે એક વર્ષની.

મુમુક્ષુ :– અમર ડાય કેમ.

ઉત્તર :– અમર.... જે નામ હશે એ, અહીં આવ્યો હતો, ન્યાંય મળ્યો હતો 'મુંબઈ' સાડા ત્રણ કરોડની પેદાશ, હોં ! ને હજી વધારે કરવા માગે છે. મમતાના પોટલા છે બધા. આહા..હા..! એ..ઇ..! અરે.. અરે ! આવી વાતું ?

અનંત રત્નના ઓરડા ભર્યા પ્રભુમાં. આહા..હા..! એક એક ગુણમાં અનંતી અનંતી તાકાત છે, એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. અનંતી તાકાત છે એ બીજી વાત પાછી અનંતી પર્યાય થવાની એ ત્રીજી વાત. આહા..હા..! એવો જે ભગવાન આ આત્મા ત્રિલોકનાથ તીર્થંકરનો આ પોકાર છે. આહા..હા..!

કહે છે કે **'તું પરથી વિરક્ત થઈશ.'** આહા..હા..! આ સાધારણ વાત કરી, સમ્યગ્દર્શનની કરી. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં.. એ સમ્યગ્દર્શન એટલે ત્રિકાળી અજાયબ ઘર જેમાં અજાયબ રત્ન ભર્યા છે, એની અંદરમાં એનું જ્ઞાન કરીને પ્રતીતિ થવી, એનું જ્ઞાન થઈને પ્રતીતિ થવી એવી જે સમ્યગ્દર્શન દશા. આહા..હા..! તને ત્યાં અંદરમાંથી નીકળવું નહિ ગોઠે. વિકલ્પ આવશે પણ તને દુઃખરૂપ લાગશે. આહા..હા..! એ દયા, દાન, વ્રતનો પણ વિકલ્પ આવશે પણ એ દુઃખરૂપ તને લાગશે. આહા..હા..! વિષય વાસનાનો રાગ પણ આવશે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી, ત્યાં સુધી અપૂર્ણ વીતરાગતામાં એવો રાગ આવશે પણ તને દુઃખદાયક લાગશે,

કાળો નાગ સર્પને દેખતા જેમ ભય પામે છે એમ એ રાગ તને કાળા નાગ જેવો લાગશે. અર..ર..! ક્યો રાગ ? દયાનો, દાનનો, વ્રતનો, અપવાસનો એ રાગ છે, વિકલ્પ છે. પાપના રાગની તો શું વાત કરવી. આહા..હા..! પણ એ શુભ રાગ પણ અમૃતના ઓરડા ભરેલા ભગવાનને તેં જોયો... આહા..હા..! અને વર્તમાનમાં તેનો તને આનંદ આવ્યો ત્યારે જોયો કહેવાય. આહા..હા..! અનંત ગુણનો અંશ આવે છે ને ? સમકિત આ ભાષા. સર્વ ગુણાંશ તે સમકિત. તને અંતર સ્વરૂપ ભગવાન અનંત ગુણ અમાપ એનું જ્ઞાન થઈને પ્રતીતિ નિર્વિકલ્પ થતાં જેટલા ગુણોની સંખ્યા એનો અંશ બધો પ્રગટ થશે.

અરે..! અજોગ નામનો ગુણ છે એનો પણ એક અંશ પ્રગટ થશે. સમજાય છે ? પ્રતિજીવી ગુણ જે છે... આહા..હા..! પ્રતિજીવી ગુણનો સર્વથા અભાવ ચૌદમાને છેલ્લે થાય, પણ એક અંશ તો અહીં તને અભાવ થશે. અરે..! આવી વાત ! જોગનું કંપન છે એનો એક અંશ અકંપપણે તને દેખાશે. આહા..હા..! શું છે આ ? અજાયબઘર છે, ભાઈ ! એમાં અજોગ નામનો એક ગુણ છે. અજોગ. એ જોગપણે કંપન છે ને તને અંતર દૃષ્ટિ પડતા એનો અંશ અકંપપણાનો પ્રગટ થશે. આહા..હા..! પૂર્ણ અકંપ તો ચૌદમે થશે છતાં ત્યાં હજી પ્રતિજીવી ગુણની વિપરીતતા તો ત્યાંય પડી છે હજી. તેથી એને સંસારી કહેવાય છે, સિદ્ધ નહિ. આહા..હા..!

એ અનંત ગુણનો આશ્ચર્યકારી ભગવાન એને જોતા, આશ્ચર્ય લાગતા બીજી બધી ચીજોનું આશ્ચર્ય ને વિસ્મયતા તારી તૂટી જશે. આહા..હા..! અને તેની ચીજથી સ્વ સ્વરૂપની દૃષ્ટિમાં રક્તને લઈને, રાગાદિ બધી ચીજથી વિરક્ત થઈ જઈશ. આહા..હા..! આ તો હજી સમ્યગ્દૃષ્ટિની અહીં સુધીની વાત કરી. આહા..હા..! સમજાણું કાંઈ ? અરે..! અત્યારે તો શું કરવું એની ખબર ન મળે. સવારમાં ઉઠ્યો સામાયિક કરો.. ઓલો કહે દેરાવાસી કે ભગવાનના દર્શન કરો.. પણ તારા દર્શન કરવા તો જા અંદર. આહા..હા..!

મુમુક્ષુ :- એ કોઈ ગુરુ કહેતા નહોતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત સાચી બચારા. આહા..હા..! ગરણીજી હતા બીચારા ગ્યા ત્યારે પધારો કહ્યું. બેઠાતા. બેન કીધું, માર્ગ (આ નથી). એક બીજા ગરણીજી નાની ઉંમરના સેવક હતા. સમ્યગ્દર્શનનું સ્વરૂપ બીજી ચીજ છે, ભાઈ ! બેન.

આહા..હા..! આ બધા લઈને બેઠા માટે સાધુ છે એમ નથી, એમ નહોતું કહ્યું પણ હવે. આહા..હા..! અરે..રે..! લોકોને સત્ય છે એ સાંભળવા મળે નહિ, એ સત્‌ને કેવી રીતે શોધે ? શોધવા જેવો તો તારો ભગવાન છે ત્યાં શોધને એને. આહા..હા..! એક છોડી ખોવાય ગઈ હોય. પાંચ છોકરા ને ત્રણ છોડીઓને આઠ ખાટલા પાથરીને (જોવે) ને એમાં એક ખાલી દેખે તો (પૂછે), ક્યાં ગઈ ? કેમ આવી નથી આ ? તપાસ કરે. પણ તું આખો ખોવાય ગયો એને તો તું જો. એ..ઇ..! ખાટલા પાથરેને બધા.

મુમુક્ષુ :– એને પોતે ખોવાય ગયેલો લાગતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને ભાનેય ક્યાં છે. ખોવાય ગયો કે નથી ખોવાણો એની ખબરું ક્યાં છે. એમ ને એમ મૂઢતા આમ મૂઢપણે જિંદગી ગાળે છે. દુનિયાના ડાહ્યા તે મોટા મૂર્ખ છે. એ..ઇ..! ભાઈ ! શું છે આ ? દુનિયાની વાતું કરવા બેસે તો જાણે ડાહ્યાના દીકરા ઉતર્યા જાણે. આને આમ થયું ને આનું આમ કર્યું ને આનું આમ કર્યું ને ન્યાં ગયા ને પછી સટ્ટામાં આમ મેં કર્યું, એકદમ એક પચ્ચીસ લાખ પેદા થયા ને. આહા..હા..! શું છે પણ આ ? તારી મૂર્ખાઈના પ્રદર્શન છે આ બધા.

મુમુક્ષુ :– જ્ઞાનીને તો એવું જ લાગે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુની સ્થિતિ જ એવી છે ને. અહીં તો તેથી કહ્યું વસ્તુ અંદર અજાયબઘરથી ભરેલો પ્રભુ, જે જોવા લાયક બધું અને આશ્ચર્યકારી બધું એ તારામાં પડ્યું છે ને પ્રભુ ! તને તે ખબર નથી. આત્મા એટલે કાંઈ નહિ. બસ આ કરે ને આ કરે ને એ આત્મા. આહા..હા..!

મુમુક્ષુ :– જોવાની ચાવી આપી દ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ ચાવી આ છે. પરને જોવા રોકાયેલો એને સ્વ જોવામાં અટકાવી દે, આ ચાવી છે. જોનારને જો, જોનાર પરને જોવે છે એ તારામાં નથી. એ જોનારમાં જોનારની ચીજ જે છે... આહા..હા..! એને જો. આ એની કુંચી છે. ત્યાં અનંતા ગુણના તાળા ખીલી જશે. આહા..હા..! રાગની એકતા ને રાગને જોવા બેઠો, ત્યાં અનંતા ગુણોને તાળા માર્યા તેં, પ્રભુ ! આહા..હા..! એની કુંચી આ. પરમાત્મા ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે પ્રભુ ! તું આમ જોવા ગયો છો (તો) આમ જોને, જોનાર કેવડો છે, જોનાર આને આટલું આટલું જોનાર માટે એવડો, એમ

નહિ. આ નથી નીકળતા આ તમારે શું કહેવાય ? આગબોટ... પર્યટન કરવા નથી નીકળતા ? હજાર, બે હજાર ભરીને મોટી આગબોટ (નીકળે). પર્યટન કરવા દેશ જોવા મોટો. આમ જોવા ગયા હતા, આમ બે હજાર આપ્યા હતા ... ધૂળમાંય નહિ પાપ છે બધા બાંધ્યા. આહા..હા..!

જોનારને જોયો નહિ, રાંડીને બેઠો માથાકૂટ. આહા..હા..! જીવતી જ્યોત ચૈતન્ય સ્વભાવનો ભરેલો ભગવાન એને જોયો નહિ. જોઈશ તો તને પરની વિરક્તતા થઈ જશે. ભલે રાગ આવશે, સંયોગો દેખવામાં આવશે પણ ત્યાં રક્તપણું નહિ થાય. આહા..હા..! જુઓ ! આ ભાષા. એ ૩૮૭ (બોલ પૂરો થયો).

**મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે. આખું બ્રહ્માંડ ફરી જાય તો પણ મુનિરજાની આ દઢ સંયમપરિણતિ ફરે એમ નથી. બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે. બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે. બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનના અજવાળાં પ્રસરી ગયા છે. બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે. ઉપસર્ગના ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'. અંતરંગ મુનિદશા અદ્ભુત છે; દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. ૩૮૮.**

હવે મુનિરાજ, મુનિ કોને કહેવા, બાપા ! **'મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને...'** જે અનંત અનંત અજાયબ ગુણ એનો ભંડાર ભગવાન એના અવલંબે શુદ્ધાત્મ તત્ત્વનું ઉગ્ર અવલંબન, એમ કેમ કહ્યું ? કે સમકિતીને અવલંબન છે પણ ઉગ્ર અવલંબન નથી. શુદ્ધ ચૈતન્યનું અવલંબન છે દૃષ્ટિ (થઈ છે) પણ ચારિત્ર જોઈએ તેટલું અવલંબન નથી. માટે આ ઉગ્ર અવલંબન થયું. આહા..હા..! એ..ઇ..! કોઈ દિ' સાંભળ્યું નથી આ. ભાઈ ! આ મોટા થઈને ફરે જ્યાં હોય ત્યાં. અને સ્થાનકવાસી ને દેરાવાસીમાં તો ધર્મની ગંધ નથી. ધર્મ કોને કહેવો એની ખબરું નથી. અમને ખબર છે ને બધી. અમે તો ક્યાં ૫૦-૪૫ વર્ષ ગાળ્યા છે ને.

મુમુક્ષુ :– શેની ગંધ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગંધ છે વિકારની, રાગની, અધર્મની ગંધ છે. આવી વાત બાપા આકરી પડશે, ભાઈ ! આહા..હા..! અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરે કહ્યું તે અહીંયા બહેનની વાણીમાં આવ્યું. આહા..હા..!

મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વ જે આશ્ચર્યકારી તત્ત્વ જે કહ્યું એના ઉગ્ર અવલંબને, ઉગ્ર આશ્રયથી. આહા..હા..! **'આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે.'** એ સંયમ આત્મામાંથી પ્રગટ થાય છે. કોઈ છ કાયની દયા પાળી ને ઢીંકણું (પાળ્યું), એ કોઈ સંયમ નથી, એ તો વિકલ્પ રાગ છે. આહા..હા..! અરે..રે..! આવી વાતું આકરી પડે જગતને. શું થાય ? અરે..! મરીને જશે ક્યાંક, બાપા ! આહા..હા..! કોઈ સગું નહિ, વહાલું નહિ, અજાણ્યા દ્રવ્ય, અજાણ્યા ક્ષેત્ર, અજાણ્યા કાળ, ભાવમાં. જાણનારને જોયો નહિ તો જાણનાર ક્યાં જન્મશે ? જેને જોવામાં આશ્ચર્યતા લાગી હતી ત્યાં સંયોગમાં જન્મશે. આહા..હા..!

**'આખું બ્રહ્માંડ ફરી જાય...'** અહીં તો પહેલા સંયમ કેમ પ્રગટે એની વાત કીધી. પહેલાંમાં સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે આનંદ આવે, ત્યારે અંદર રક્ત થાય, પરથી વિરક્ત થાય એટલી વાત કરી. હવે આગળ જતા મુનિ જે સાચા હોય છે... સમજાણું કાંઈ ? આહા..હા..! **'મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને...'** જુદું પુસ્તક છે ને ઓલું ? 'ધન્ય મુનિદશા' એમાં આ બધા પેરેગ્રાફ આવી ગયા છે. 'ધન્ય મુનિદશા' નહિ ? અરે..! ક્યાં મુનિ છે, બાપા ! અત્યારે કોઈ. આહા..હા..! આકરું પડે. શું થાય ?

શુદ્ધાત્મતત્ત્વનું ઉગ્ર અવલંબન. એ પંચ મહાવ્રત પાળે છે ને નગ્ન થઈને ફરે

છે માટે મુનિ, એમ નહિ. આ લુગડાવાળા તો દ્રવ્યલિંગ પણ નથી. એ તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી છે. કુલિંગી, હોં ! દ્રવ્યલિંગી નહિ, મિથ્યાદૃષ્ટિ કુલિંગી. પણ જેની દશા દિગંબર છે નગ્ન વસ્ત્ર રહિત થઈ એવા લિંગમાં પણ જેને રાગ ને મહાવ્રતના પરિણામમાં અટકી ગયો છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એને આત્મતત્ત્વનું જઘન્ય અવલંબન તો છે નહિ, તો ઉગ્ર તો છે જ નહિ. આહા..હા..! આવી વાતું બહુ આકરી પડે જગતને. શું થાય ? વીતરાગ પરમાત્મા જિનેશ્વરનું ફરમાન તો આ છે.

**'આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે.'** એ મહાવ્રતના પરિણામ ને નગ્નપણું થયું માટે સંયમ થયો છે એમ નથી. સમ + યમ છે ને ? સમ એટલે સમ્યગ્દર્શનપૂર્વક. સમ્યક્ આત્માની દૃષ્ટિના અનુભવપૂર્વક. યમ નામ વસ્તુમાં સ્થિરતા થઈ છે. આહા..હા..! એ દશા જોવી, મળવી,.. આહા..હા..! આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે. કેમ ? શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબનને લઈને. આહા..હા..! કારણ પણ બતાવ્યું પાછું.

**'આખું બ્રહ્માંડ ફરી જાય તો પણ મુનિરાજની આ દૃઢ સંયમપરિણતિ ફરે એમ નથી.'** આહા..હા..! અંતર આનંદની ધારા વહે. મુનિરાજ તો એને કહીએ, અતીન્દ્રિય આનંદની ઉગ્ર ધારા (વહે). પ્રચુર સ્વસંવેદન આવ્યું ને પાંચમી ગાથામાં ? આહા..હા..! અતીન્દ્રિય આનંદની પ્રચુર સંવેદન ધારા એ મુનિની મહોરછાપ છે. આહા..હા..! એ મહાવ્રત પાળે, નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..! ભગવાનઆત્મા જઘન્ય અવલંબનમાં જે દૃષ્ટિ ને જ્ઞાન થયું, એમાં પણ આનંદના અંશનું વેદન છે પણ જેણે ત્રિકાળ તત્ત્વના અવલંબનની ઉગ્રતા લીધી છે... આહા..હા..! ધ્રુવ સ્વભાવનું ઉગ્ર અવલંબન કર્યું... આહા..હા..! એનાથી એને સંયમ પ્રગટ્યું છે. એટલે સંયમ કેમ પ્રગટ્યું ? પંચ મહાવ્રતના વિકલ્પ (કર્યા), નગ્નપણું લીધું માટે પ્રગટ્યું એમ નહિ. આહા..હા..! ઝીણી વાત ભાઈ ! આહા..હા..!

'કુંદકુંદાચાર્ય' તો એમ કહે **'नग्गे मोको भण्यो, सेसा मोका'** વસ્ત્ર રહિત જે બાહ્ય દ્રવ્યલિંગ થાય અને અંદરમાં વિકલ્પ રહિત સંયમ ચારિત્ર પ્રગટ થાય એ માર્ગ છે. બાકી બધા ઉન્માર્ગો છે. આવો માર્ગ ? આહા..હા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે એ વળી અન્યમતિને ... પણ અહીં તો આ 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે. ... અંદરમાં વિકલ્પ રહિત નગ્ન દશા– વીતરાગતા અને બહારમાં કપડાના ટૂકડા વિનાની દશા,

એને મોક્ષમાર્ગ હોય. બાકી જેટલા વસ્ત્રવાળા ને રાગ સહિત માને ધર્મ એ બધા ઉન્માર્ગીઓ છે. અર..ર..! હવે આમાં મોટપ શેની છોડવી ? સ્થાનકવાસીના અગ્રેસર થઈને ફરે બધા. આહા..હા..!

એવી વાતું, બાપુ ! બહુ આકરું કામ, હોં ! જીરવવું આ તો નગ્ન સત્ય છે. પરમ સત્ય પરમાત્મા જિનેશ્વરદેવનો એ પોકાર છે. આહા..હા..! જ્યાં શુદ્ધાત્મ વસ્તુ જે ત્રિકાળ તેનું ઉગ્ર અવલંબન. પણ જેણે હજી અવલંબન લીધું નથી એને તો ઉગ્ર અવલંબન ક્યાંથી આવે ? પહેલું જેણે અવલંબન લીધું છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે. આહા..હા..! એ જીવ જ્યારે દ્રવ્ય શુદ્ધાત્મતત્ત્વનું ઉગ્ર અવલંબન કરે, ત્યારે તેને આત્માંથી સંયમ નામ ચારિત્ર દશા પ્રગટ થાય. આહા..હા..! એ વ્યવહાર ક્રિયાકાંડથી, નગ્નપણાથી ચારિત્ર પ્રગટ થાય એ ત્રણ કાળમાં નથી. આહા..હા..! આવી વાત છે. હવે તો બહાર બધું આવ્યું ખુલ્લું કરતાં. આહા..હા..!

**'આખું બ્રહ્માંડ ફરી જાય તો પણ મુનિરાજની આ દૃઢ સંયમપરિણતિ...'** જે આત્માના અવલંબનથી પ્રગટી. ત્રિકાળ આનંદનો નાથ ભગવાન એના ઉગ્ર આશ્રયથી-અવલંબનથી પ્રગટી, એ સાધના... આહા..હા..! આખું બ્રહ્માંડ ફરી જાય તો ફરે એવું નથી. આહા..હા..! **'બહારથી જોતા તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં...'** વનમાં એકલા વસે, એમ. શબ્દ વજન અહીં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે.'** આહા..હા..! સાચા સંત જે મુનિ જૈનદર્શનના, એ તો બાપુ અત્યારે 'હિન્દુસ્તાન'માં નથી. આહા..હા..! શું થાય ? અરે..રે..!

**'મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે.'** આમ એકલા છે, અંદરમાં અનંત ગુણનો વાસ, અનંત ગુણનું નગર ભર્યું છે ત્યાં વાસ છે. આહા..હા..! એ મુનિરાજ-સાધુ-એને કહીએ. આહા..હા..! અંદરમાં જોતાં, એમ છે ને ? એકલા વસે છે, પણ એમ આવું હોવા છતાં, એકલા વસે છે તો પણ— અનંત ગુણનગરમાં વસે છે ઇ કહેવું છે ને એટલે 'પણ' શબ્દ મુક્યો. અંદરમાં જોતા સંત મુનિ, જેને વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેને મુનિ કહે. અંતરથી જેને સંયમ આત્મામાંથી પ્રગટ્યો છે. એ અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં (વસે છે). ઓલો વનમાં એકલો એમ દેખાય. તો આ

સ્વરૂપમાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં એમનો વાસ છે. આહા..હા..! ભાષા ભારે. આહા..હા..! અનંત ગુણથી ભરેલા ભરપૂર સ્વરૂપનગરમાં મુનિરાજનો વાસ છે, ત્યાં વાસ છે. એ અનંત ગુણથી ભરેલું ઘર ત્યાં એનો વાસ છે, વાસ્તુ ત્યાં લીધું છે. આહા..હા..! અહીં તો કહે, પાંચ મહાવ્રત પાળે છે ને દયા પાળે છે એ સાધુ. ધૂળેય નથી હવે સાંભળને. આહા..હા..! બહારમાં જોતા વનમાં એકલા વસે, અંદરમાં જોતા અનંત ગુણનું ભરપૂર સ્વરૂપનગર એમાં વસે છે. આહા..હા..! ભાઈ ! ભાષા તો જુઓ ! એક એક શબ્દની. આહા..હા..! પછી એ બહારથી જોતા શું છે એ વાત કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

ચોથા ગુણસ્થાને ઉપાદેયરૂપ શુદ્ધભાવ અલ્પ છે. પાંચમે, છઠ્ઠે તે વધતો જાય છે. તથા હેયરૂપ વિકાર ચોથા ગુણસ્થાન કરતાં પાંચમે-છઠ્ઠે મંદ થતો જાય છે. જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર સ્વજ્ઞેયને પકડવાની તાકાત વધતી જાય છે. પરદ્રવ્યને છોડવાથી ગુણસ્થાન વધે એમ નથી. લંગોટી હતી ત્યારે પાંચમું ને લંગોટી છૂટતાં છઠ્ઠું-સાતમું એમ નથી... પણ અંદરમાં દ્રવ્યને પકડીને તેના આચરણની ઉગ્રતા થતાં ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર બાહ્યમાં નિમિત્તોનો સંબંધ છૂટી જાય છે. જેમ કે છઠ્ઠા ગુણસ્થાને સદોષ આહાર લેવાનો ભાવ ન આવે, ત્યાં વસ્ત્રનો સંયોગ ન હોય પણ ત્યાં ગુણસ્થાન તો અંદરની શુદ્ધિથી ટક્યું છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તેથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન થઈ જતું નથી. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. કાંઈ ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન ન હોય. તેમ જ ક્રિયા એટલે શુભભાવ, તે પણ ગુણસ્થાન અનુસાર હોય છે. અંદર ચોથું ગુણસ્થાન હોય ને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હોય એટલે છઠ્ઠા ગુણસ્થાન જેવી ક્રિયા હોય, પણ તેની અહીં વાત નથી. અહીં તો જેટલું ગુણસ્થાન પ્રગટ્યું તેને અનુસાર ક્રિયા હોય છે. અંદર છઠ્ઠું ગુણસ્થાન હોય ને વેપાર કરતો હોય–એમ ન બને. પણ તેથી શુભપરિણામને લીધે ગુણસ્થાન હોય છે– એમ નથી. 'પરમાગમસાર' બોલ નં. ૬૭૨.

## કારતક વદ ૬, સોમવાર તા. ૨૦-૧૧-૧૯૭૮. વચનામૃત–૩૮૮ થી ૩૮૯, પ્રવચન–૧૫૬

૩૮૮, થોડું ચાલ્યું છે. ફરીને. પહેલી તો સમ્યગ્દર્શનની વાત આવી કે આત્મા જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ (છે) તેનો આશ્રય ને અવલંબન લે તો એને સમ્યગ્દર્શન થાય. પ્રથમ ... એ કોઈ નિમિત્તથી થાય કે દયા, દાનના, ક્રિયાના, રાગની મંદતાથી થાય, એમ નથી. આહા..હા..! એ તો સવારમાં પણ આવ્યું હતું. ચૈતન્ય લક્ષણથી જ તે જણાય, રાગથી કે એનાથી જણાય નહિ. ત્યારે ચૈતન્ય લક્ષણને જેનું છે તેમાં વાળે ત્યારે એનું લક્ષણ કહેવાય ને ? આહા..હા..! ચૈતન્યની પ્રગટ પર્યાય જે છે એને અંતરમાં વાળે ત્યારે એ લક્ષણ એનું કહેવાય. આહા..હા..! આવી વાત છે. ત્યારે તેને આત્માનું અવલોકન થાય. આત્મામાં અનંત અનંત ગુણો ભર્યા છે, અનંત અનંત શાંતિ ને આનંદ છે એનું એને સમ્યગ્દર્શનમાં, એ કાળે સમ્યગ્જ્ઞાનમાં ભાન થાય. આહા..હા..! ત્યાં લગી તો એ ચોથે ગુણસ્થાને ધર્મની શરૂઆતમાં હોય છે. હવે મુનિરાજ. આહા..હા..!

**'મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે.'** આહા..હા..! હવે આ તો (અત્યારે એક સાધુ એમ કહે છે), છઠ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહાર જ હોય, બસ અરે..! પ્રભુ ! શું કરે છે તું ? સાતમે નિશ્ચય હોય. પણ સ્વ ચૈતન્યમૂર્તિ સ્વ છે એના આશ્રય વિના નિશ્ચય ક્યાંથી આવ્યો ? અને એ આશ્રય વિના નિશ્ચય ન હોય. પછી રાગ આવે વ્યવહાર, એ નિશ્ચય હોય એને વ્યવહાર કહેવામાં આવે, આવી વાત છે. એકલો વ્યવહાર છે એ તો વ્યવહારાભાસ છે. અનંત વાર કર્યો, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો;' આહા..હા..!

અહીંયા તો ચૈતન્ય ભગવાન જેની જ્ઞાનની પર્યાયમાં તેને જણાણો છે. આહા..હા..! એ તો નિશ્ચય છે, જેની શ્રદ્ધાની પર્યાયમાં એ જ્ઞાનમાં જણાણો તેની પ્રતીત થઈ

છે. આહા..હા..! ત્યારે તો એને નિશ્ચય કહેવાય છે. એને હજી જે રાગાદિ મંદતા રહી છે... આહા..હા..! એને વ્યવહાર કહે છે. પણ એકલો વ્યવહાર છે ત્યાં તો સમ્યગ્દર્શન જ નથી. આહા..હા..!

એથી અહીં કહ્યું **'મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબન...'** સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી શરૂઆતમાં ચૈતન્યનું અવલંબન (છે), પણ મંદ હોય છે, ઉગ્ર નહિ. આહા..હા..! એથી 'ઉગ્ર' શબ્દ વાપર્યો છે. મુનિને તો આત્મદ્રવ્યમાં પ્રભુ પરમાત્મ સ્વરૂપ એનો ઉગ્ર આલંબન–આશ્રય–આધાર હોય છે. આહા..હા..! ત્યારે તો તેમાંથી, આત્મામાંથી સંયમ પ્રગટ થાય છે. આત્મામાંથી ચારિત્ર દશા પ્રગટ થાય છે. એ કોઈ મહાવ્રતના પરિણામ ને ક્રિયાકાંડ કરી એમાંથી સંયમ આવે છે (એમ નથી). એમાંથી નથી એ તો ... ત્રિકાળ. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન દ્રવ્ય સ્વભાવ એનો ઉગ્ર આશ્રય, ઉગ્ર આલંબન. આહા..હા..! એને અંતરમાંથી સંયમ, આત્મામાંથી સંયમ પ્રગટ થાય છે. એ કોઈ પંચમહાવ્રતના પરિણામ ને નગ્ન દશા, એમાંથી સંયમ–ચારિત્ર આવતું નથી. આહા..હા..!

**'આખું બ્રહ્માંડ ફરી જાય તો પણ મુનિરાજને આ દૃઢ સંયમપરિણતિ ફરે એમ નથી.'** આહા..હા..! શાશ્વત જે દ્રવ્ય સ્વભાવ એનું જ્યાં ઉગ્ર અવલંબન લીધું, દ્રવ્ય ફરે નહિ, તેની પરિણતિ ફરે નહિ હવે. એવી વાત છે. સમજાય છે કાંઈ ? એ મુનિરાજ દશા, બાપુ ! જુદી હોય છે. આહા..હા..! ધન્ય મુનિદશા, પુસ્તક આવે છે ને આપણે. આહા..હા..!

**'બહારથી જોતા તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે,...'** વનમાં બહારથી, વનમાં એકલા વસે છે. આ ત્રણ શબ્દ. બહારથી જોતા વનમાં, જંગલમાં એકલા વસે છે. **'પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર...'** એકલાની સાથે અનંત ગુણ ભરપૂર, આ વનમાં એ અહીં સ્વરૂપ નગરમાં. બહારમાં વસે છે, આ અંદરમાં વસે છે. આહા..હા..! **'અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગર...'** જેમાં અનંતા ગુણો ભરેલા છે એવા સ્વરૂપનગરમાં અંતરમાં અનંત ગુણથી (ભરપૂર) સ્વરૂપનગરમાં (વસે છે). (બહારમાં) વનમાં એકલો વસે, આ (અંદરમાં) અનંત ગુણમાં. અનંત ગુણમાં એકલો નહિ અનંત ગુણમાં. આહા..હા..! અને એ **'સ્વરૂપનગરમાં તેમનો વાસ છે.'** અહીં સુધી તો કાલ આવ્યું હતું. અહીં સુધી કાલ આવ્યું હતું. આહા..હા..! હજી મુનિપણું

કોને કહેવું એની ખબરું ન મળે. આહા..હા..!

**'બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય,...'** ક્ષુધા પેટમાં હોય એમ દેખાય, પેટ મળી ગયું હોય. આહા..હા..! ત્રણ-ત્રણ, ચાર-ચાર, પાંચ-પાંચ દિ' સુધી આહાર મળ્યો ન હોય. કારણ કે એને તો નિર્દોષ–અંતરાય રહિત આહાર હોય છે ને ? આહા..હા..! એવા જેને ક્ષુધાવંત હોય બહારથી, **'તૃષાવંત હોય,...'** બે, **'ઉપવાસી હોય,...'** ત્રણ, **'પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.'** આહા..હા..! બહારના ક્ષુધા, તૃષા, આહા..હા..! અને ઉપવાસી. છતાં અંદરમાં તો મુનિરાજને, આહા..હા..! અંતર આનંદની કિલ્લોલ હોય છે. **'તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.'** આહા..હા..! આત્માનો જે અતીન્દ્રિય આનંદ, જે સુખ... આહાહા..! એવા આનંદની પર્યાયમાં મધુર રસને આસ્વાદી રહ્યા છે. આને મુનિ કહીએ. આહા..હા..! કહો ! બાપુ ! વીતરાગ કહે છે એ મુનિપણું કોઈ અલૌકિક છે. એની એને શ્રદ્ધાની ખબર નથી. આહા..હા..!

**'બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય,...'** આહા..હા..! સામે સામે વ્યાખ્યા કરી છે. બહારથી જોતાં તે ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય, **'પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનના અજવાળાં પ્રસરી ગયા છે.'** આહા..હા..! ઘનઘોર અમાસની રાત્રી હોય ને જંગલમાં અંધારું દેખાય પણ અંદરમાં તો આત્માના અજવાળા પ્રસરી ગયા છે. જ્ઞાનના પ્રકાશના તેજ પ્રગટ્યા છે. આહા..હા..! આ શું હશે આ ? ચૈતન્યની જે શક્તિ જે અનંત છે, એમાંથી ઉગ્ર અવલંબે ચૈતન્યના પ્રકાશના પુર આવ્યા છે. આહા..હા..! **'મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનના અજવાળાં પ્રસરી ગયા છે.'**

**'બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય,...'** આહા..હા..! **'પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની...'** આહા..હા..! (બહારમાં) આતાપ છે, તો અહીં અંદર કલ્પવૃક્ષનો છાયો છે. આહા..હા..! **'સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.'** આહા..હા..! અતીન્દ્રિય શાંત શીતળ સ્વભાવ ભગવાનઆત્માનો, એની પર્યાયમાં અતીન્દ્રિય શીતળ છાયામાં બિરાજે છે. આહા..હા..! વસ્તુમાં જે અનંત શીતળ શાંત સ્વભાવ જે ભર્યો છે એનું ઉગ્ર અવલંબન છે એથી તેની પર્યાયમાં અનંતી શીતળ છાયામાં એ વસી રહ્યા છે. આહા..હા..! એ સૂર્યના

આતાપમાં નહિ. આહા..હા..! છે ? **'કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.'**

**'ઉપસર્ગના ટાણાં આવે...'** આહા..હા..! બહારમાં કોઈ ઉપસર્ગ આવે, આહા..હા..! વીંછીનો કરડ, સર્પનો કરડ, મનુષ્યનો કોઈ પ્રહાર, દેવની પણ પ્રતિકૂળતાના પ્રહાર. આહા..હા..! વરસાદની ધારા પ્રતિકૂળતાવાળા દેવો આવીને વરસાવે, આહા..હા..! એ વખતે પણ, આહા..હા..! **'એવા ટાણા આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો...'** આહા..હા..! **'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો અજમાયશ કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'.'** આહા..હા..! જેના લક્ષ દ્રવ્ય ઉપર પડ્યા છે. આહા..હા..! જેની દૃષ્ટિ અને સંયમનું ધ્યેય તો દ્રવ્ય છે. આહા..હા..! એમાંથી શીતળ છાયા અંદર પ્રગટે છે. આહા..હા..! તેથી પ્રતિકૂળતા વખતે પણ, ઉપસર્ગ વખતે એમ લીધું છે. અંતરના આનંદની ધારા અંદર વહેતી હોય છે, આહા..હા..! એથી ઉપસર્ગ છે એ મારો મિત્ર છે, મારી સ્થિરતાનો અજમાયશ કરવાનો એ વખત, ટાણું છે આ. આહા..હા..!

**'અંતરંગ મુનિદશા અદ્‌ભુત છે;...'** આહા..હા..! **'દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે.'** આહા..હા..! અંદર ત્રણ કષાયના અભાવના ઉપશમ ઢાળા શાંતિની ધારા પર્યાયમાં વસે છે પણ શરીરમાં શાંત... શાંત... શાંત... મરી ગયેલા જાણે. આહા..હા..!

મુમુક્ષુ :- આ ચોથા કાળની વાત છે કે પાંચમા કાળની ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ પાંચમા આરાની નહિ, સાધુ હોય ત્યારની. જ્યારે ચોથે આરે હોય કે પાંચમે આરે (હોય). આ તો પાંચમા આરાના સાધુની વાત છે. પાંચમા આરાના સંત સાધુપણું કેવું એમ કહે છે. પાંચમા આરાના સાધુ હોય તો આવા હોય છે. આહા..હા..!

મુમુક્ષુ :- અત્યારે તો શુભ જોગ હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કહે છે ને. પ્રભુ... પ્રભુ... પ્રભુ... એવું થઈ જાય છે. અરે..! પ્રભુ ! તેં શું કર્યું ? ભાઈ ! આહા..હા..! (બીજા સાધુ) પણ 'સમયસાર'માં લખે છે. ઠેકાણે ઠેકાણે... નિર્વિકલ્પ સમાધિમાં હોય ત્યારે જ્ઞાની કહેવાય. ત્યાંથી ભ્રષ્ટ થઈને બહાર આવે તો અજ્ઞાની કહેવાય, સમ્યગ્દૃષ્ટિ ન કહેવાય. આહા..હા..! અરે..રે..!

વસ્તુનું સ્વરૂપ છે એ તો પવિત્ર ને શુદ્ધ છે. તો તેના આશ્રય અવલંબને તો

પવિત્ર ને શુદ્ધતા પ્રગટે, શુભજોગને અવલંબે પ્રગટે નહિ. આહા..હા..! શુભજોગ તો નિમિત્તને આશ્રયથી પ્રગટે છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..!

**'અંતરંગ મુનિદશા અદ્ભુત છે;...'** ચોથા આરાની અહીં વાત નથી અત્યારે. આ તો પાંચમા આરાના મુનિઓ મુનિ દશા કેવી હોય એનું વર્ણન કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? અને એ દશા વિના મુક્તિ નથી. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાન ને સ્વરૂપ આચારણ થયું માટે એને મુક્તિ થઈ જાય, થવાની છે એ બરાબર છે પણ એનાથી એટલાથી થાય એમ નહિ, ભાઈ ! આહા..હા..! જેને અંતરના તીવ્ર સ્વભાવના અવલંબન ઉગ્ર લઈને અંદર શાંતિ ને આનંદની પ્રચુર ધારા વહે, એ મુનિપણું તે મુક્તિનું મોક્ષનું કારણ. એ પણ વ્યવહારથી છે. એટલે ? કે એવી જે ધારા નિર્મળ તેનાથી મોક્ષ (થાય) એ તો તે ધારા છે માટે મોક્ષની કેવળની પર્યાય થાય એવું છે નહિ.

સાધકને સાધ્ય એને કહીએ કે પૂર્વ પર્યાય હોય પછી પર્યાય આવે એને આ સાધક ને સાધ્ય કહીએ પણ સાધક એ સાધ્યની દશાને જોરથી લાવે છે (એમ નથી). આહા..હા..! ફક્ત સાધક એને કેમ કહ્યું ? કેવળજ્ઞાનરૂપી ભાવમોક્ષ એને આ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, આનંદની દશા એ સાધક છે, કેવળજ્ઞાન પૂર્ણ આનંદ એ સાધ્ય છે. એ પૂર્વ જે પર્યાય હતી એના પછી થાય એને સાધ્ય કહીએ અને એના પહેલાની સાધક કહીએ. છતાં એ સાધક છે માટે બળજબરીથી સાધ્યની પર્યાયને લાવે છે, એમ નથી. આહા..હા..! એ..ઇ..! આવી વાતું છે.

એ તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું ઉગ્ર અવલંબન લે છે ત્યારે તેને કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! એ દ્રવ્ય સ્વભાવમાંથી કેવળજ્ઞાન આવે છે. મોક્ષમાર્ગની પર્યાય છે એમાંથી નથી આવતું, આવી વાતું છે. તે પણ સિદ્ધની અને કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યના લક્ષથી આવે છે એટલે કાંઈ દ્રવ્યનો આધાર મળ્યો માટે મળે છે, એ વસ્તુ જ એના તરફ ઢળી ત્યાં પોતાનું પરિણમન સ્વતંત્ર કર્તા, કર્મ, કરણ, સંપ્રદાનથી તે મોક્ષ દશા પ્રગટ થાય છે. આહા..હા..! આવી વાત છે.

**'ઉપશમરસના ઢાળા ઢળી ગયા...'** શરીરમાં હોં ! આમ શાંત... શાંત... શાંત... ચપળાઈ દેખાય નહિ, ચંચળતા દેખાય નહિ, આહા..હા..! શરીરની, હોં ! આહા..હા..! એવા જેને ઢાળા ઢળી ગયા છે. આહા..હા..! એને અહીંયા મુનિરાજ નામ નિર્ગ્રંથ

ગુરુ એને કહેવામાં આવે છે. આહા..હા..! નગ્નપણું તો નિમિત્તપણે હોય જ પણ એથી એ કાંઈ માર્ગ નથી.

મુમુક્ષુ :– પીંછી, કમંડળ ભલે ન આવ્યા હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભલે ન હોય. તીર્થંકરને તો એ પણ ન હોય. એની સાથે શું સંબંધ છે ? આહા..હા..! પણ પંચ મહાવ્રત હોય એનાથી પણ મોક્ષ નથી. એ ચારિત્ર નથી. નગ્નપણું તો એક બાજુ રહ્યું, આહા..હા..! મોરપીંછી અને કમંડળ એક બાજુ રહ્યું. આહા..હા..! એ તો પરદ્રવ્ય છે. પણ નજીકની નગ્ન દશા એ નહિ, એ તો નહિ પણ અંદરમાં શુભભાવ જે મહાવ્રતના વર્તે છે એ પણ મોક્ષનું કારણ નથી. આહા..હા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો... આવ્યું હતું ને પહેલાં ? અજાયબઘર, અનંતા ગુણથી ભરપૂર એવું અજાયબઘર. આહા..હા..! એને જોતા જગતની વિસ્મયતા તૂટી જાય છે. આહા..હા..! રાગના પરિણામની મંદતા પણ, ભગવાનઆત્માના અતિશય અનંત ગુણને જોતાં, એ રાગની મહિમા પણ ત્યાં તૂટી જાય છે. આહા..હા..! મારે પંચ મહાવ્રતના પરિણામ થયા ને આ થયા ને (એ હોય નહિ). સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું.

અમારે તો કહેતા, 'મૂળચંદજી' (સંવત) ૧૯૮૦ની સાલ. તત્ત્વની વાત જરી ચાલી વિશેષ. અઠયાવીસમું અધ્યયન. ૧૯૮૦ની વાત છે, હોં ! કેટલા વર્ષ થયા ? ૫૫. અઠ્યાવીસમું અધ્યયન વાંચ્યું હતું એમાંથી ઘણી વાત તત્ત્વની મુકી હતી. કીધું, ભાઈ ! આ સંપ્રદાયની માન્યતા છે એમાંથી સમ્યગ્દર્શન એ નથી. સંક્ષેપ રુચિની વ્યાખ્યા ચાલતી હતી. ૫૫ વર્ષ પહેલાં. હજારો માણસ સભામાં... એમાંથી એને એમ થયું, જ્યારે ઉઠવાનું ટાણું આવ્યું. બધાને બોલાવીને કહે જો ભાઈ ! આપણને મળ્યું છે એ સમ્યગ્દર્શન ગણધર જેવું, ગૌતમ જેવું છે. આડા-અવળા શંકા કરશો નહિ. આપણે હવે અંદર ચારિત્ર લેવું. વ્રત ને એ ચારિત્ર એમ. ચારિત્ર અંગીકાર કરવું ને એનાથી મુક્તિ છે આપણે તો. આહા..હા..! અને એ કહેવાતા જૈનના બારિસ્ટર. (આમના) ગામના ગુરુ હતા. આહા..હા..! આવી વાતું છે. શું કહે છે ? શું કરે છે આ ? તે દિ' કહ્યું હતું, હોં ! અરે..! સ્વરૂપના અનુભવ વિના કોઈ દિ' ત્રણ કાળમાં સમ્યગ્દર્શન ન હોય. શું થાય ? એવું બોલતા હતા. અઠ્યાવીસમાં અધ્યયનમાં વ્યાખ્યા એવી

તત્ત્વની આવી, જીરવાણી નહિ એને. હજારો માણસો ત્રણસો. ત્રણસો ઘર, વ્યાખ્યાનમાં બહુ માણસ આવે, સમાય નહિ, અપાસરામાં તો સમાય નહિ, પાછળ શેરી ભરાય. એમાં એને જીરવાણું નહિ. એક વખત તો એ તત્ત્વની વાત ચાલતા સંપ્રદાયની શ્રદ્ધા માટે તે ધર્મ સમકિત છે એમ નથી કીધું. સંક્ષેપ રુચિનો અર્થ એવો નથી. થોડું જાણપણું હોય પણ એને સાચું તત્ત્વ હોય છે. આહા..હા..! અને સંપ્રદાયની શ્રદ્ધાથી એ સંક્ષેપ રુચિ છે એમ નથી કીધું. એ..ઇ..! અઠ્ઠાવીસમું અધ્યયન છે. દસ રુચિ. અને સહન ન થયું. બહાર બેઠા હતા. બહાર પતરા છે ને ત્યાં પાછળ વાડો છે ત્યાં બેઠા હતા. સહન ન થયું તો ચાલ્યા ગયા, ભાગી ગયા. જંગલમાં દિશાએ ચાલ્યા ગયા. આવીને પછી અમુક દિ'એ વાત કરી, જુઓ ! ભાઈ ! તમે આ વાતને જો બહાર ખુલ્લી પાડશો તો અમે તરત છોડી દેશું તમને ને વાડાને બધાને. અમે આવી ગયા માટે એમ ન માનો. ચાર પાંચ જણા હતા ખાનગી.

મુમુક્ષુ :– બધાને બીવરાવ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીવરાવ્યા નહિ. એ લોકો બહુ જોર કરતાં ઊંધું કે આમ શ્રદ્ધા હોય ને આમ શ્રદ્ધા હોય ને, સંપ્રદાયની શ્રદ્ધા એ યથાર્થ છે ને. કીધું, જુઓ ! તમને અમે મિથ્યાદૃષ્ટિ માનીએ (છીએ), યાદ રાખો. તમે જૈન બારિસ્ટર કહેવાઓ. આ તો ૫૫ વર્ષ પહેલાંની વાત છે. સામે મેડી... 'બોટાદ'ની. જો બહાર પાડશો એ વખતે આ સંપ્રદાય ને તમને આખાને છોડી દેશું. અમે કાંઈ બંધાય ગયા નથી અહીં. આહા..હા..!

એ પછી એક વાર જોર ઊંધું માર્યું. મહુપત્તિ ખેંચીને, લઈ લઉં વેષ. લઈ લ્યો. એક જણો હતો, વૃદ્ધ માણસ આવ્યો એ વખતે. એક હતો 'લવજીભાઈ' કરીને 'રાયચંદ ગાંધી'ના મુનિમ હતા, વિસા શ્રીમાળી ડોસા હતા. એ આવ્યા તાકડે અને એણે કહ્યું શું કરો છો આ તમે ? એટલે બંધ રહ્યા. આ તો છોડશો તો ભાગીને વયા જશે. એ કાંઈ વાડામાં રહેશે એમ નથી. ત્યારે લેવાનું બંધ કર્યું. નહિતર મુહપત્તિ અને વેષ લઈ લઉં (કહેતા હતા). આહા..હા..! માર્ગ આ નથી, બાપુ ! કીધું. માર્ગ તો આ છે. આહા..હા..!

અંતર સ્વભાવનું સંક્ષેપ ભલે ધ્યાન થોડું હોય પણ અંતરના આનંદના સ્વભાવની જેને રુચિ પ્રગટી છે એને અહીંયા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. બાકી સંક્ષેપ રુચિ

એટલે થોડું જ્ઞાન હોય એને સંપ્રદાયની દષ્ટિ હોય માટે એ સંક્ષેપ રુચિ છે એમ બિલકુલ નથી. માનો, ન માનો, સભા માને, ન માને એની સાથે સંબંધ નથી અમારે. આ તો ૧૯૮૦ની વાત છે. એ તો ઉઠતા છેલ્લે બીજાને ભલામણ કરતાં, આપણને તો જુઓ બરાબર સમ્યગ્દર્શન ગણધર જેવું મળ્યું છે, હોં ! સ્થાનકવાસી 'હીરાજી મહારાજ' નહોતા. ત્યારે 'હીરાજી મહારાજ' ગુજરી ગયેલા. એ (સંવત) ૧૯૭૪માં ગુજરી ગયા. આહા..હા..!

અહીં કહે છે, બાપુ ! મુનિરાજ મુનિ કોને કહીએ ? ભાઈ ! આહા..હા..! જેને આત્માનું જ્ઞાન પ્રગટ પ્રથમ થયું છે. આહા..હા..! જેને આત્માના આનંદનો સ્વાદ થોડો પહેલો આવ્યો છે. આહા..! એને તો હજી સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં અવિરતી સમ્યગ્દષ્ટિ કહીએ. આહા..હા..! જેને હવે ઉગ્ર આસ્વાદ આનંદનો આવ્યો છે. આહા..હા..! પાંચમામાં પણ આનંદનો સ્વાદ જરી ચોથા કરતાં વિશેષ છે, છટ્ઠામાં એથી વિશેષ, સાતમામાં વિશેષ. એ ઉગ્ર આનંદની ધારા અંદર પર ભગવાન અતીન્દ્રિય આનંદનો પર્વત ડુંગર છે. આહા..હા..! એમાં એકાગ્ર થતાં આનંદની ઉત્કૃષ્ટ ધારા વહે છે એને સ્વના સ્વાદ આગળ પરની પ્રતિકૂળતા કાંઈ ગણતરીમાં દેખાતી નથી. આહા..હા..! ચાહે તો દુનિયા નિંદા કરો. આહા..હા..! એના આત્મામાં તો અદ્ભુત દશા છે પણ દેહમાં ઉપશમરસ ઢળી ગયો છે. આહા..હા..! ૩૮૮ (બોલ પૂરો થયો).

**દ્રવ્યદષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ-ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.**

**તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે, હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું,**

**નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તો પણ છૂટો જ છે.-આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને-ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે. ૩૮૯.**

૩૮૯, '**દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે,...**' આ પરનું કરી શકું છું ને દેશની સેવા કરી શકું છું ને ગરીબોને આહાર-પાણી દઈને હું કાંઈક ધર્મ કરું છું, એ દૃષ્ટિ મહા મિથ્યાત્વ છે. આહા..હા..! કાર્યવાહકો હોય છે એ બધાના કાર્ય કરીએ તો (માને કે અમે) બધા સેવા કરીએ છીએ. આહા..હા..! અહીં કહે છે કે દ્રવ્યદૃષ્ટિ સેવા તો કરી શકતો નથી પણ દેહની ક્રિયા એ પણ મારી નથી અને રાગ થાય છે એ પણ મારી ચીજ નથી, તેમ રાગને જાણનારી એક સમયની પર્યાય છે તેટલોય હું નથી. આહા..હા..!

વસ્તુ જે ભગવાન પૂર્ણ વસ્તુ છે દ્રવ્ય, દ્રવ્ય એટલે આ પૈસો નહિ, હોં ! વસ્તુ જે આખી પરમાત્મ પિંડ પ્રભુ ! આહા..હા..! એની દૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે. યથાર્થ એની દૃષ્ટિ પ્રગટ થાય છે. '**તેને દૃષ્ટિના જોરમાં,...**' એને દૃષ્ટિના જોરમાં, આહા..હા..! '**એકલો જ્ઞાયક જ-ચૈતન્ય જ ભાસે છે,...**' લીટી કરી છે ને ? આહા..હા..! એ તો કાલ આવી ગયું હતું. અજાયબ અનંત ગુણોનું અજાયબી ઘર છે. આહા..હા..! એની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું, દ્રવ્યનું સામર્થ્ય આવ્યું. આહા..હા..! એને અનંતા ગુણો નજરમાં પડ્યા. આહા..!

'**તેને એકલો જ્ઞાયક જ, ચૈતન્ય જ ભાસે છે,...**' સમ્યગ્દૃષ્ટિને પ્રથમ દ્રવ્યદૃષ્ટિ થઈ તેને એકલો જ્ઞાયક એટલે કે ચૈતન્ય. છે ને ? લીટી કરી છે ને ? જ્ઞાયક જ એટલે કે ચૈતન્ય જ ભાસે છે. આહા..હા..! ભગવાન જાણનાર-દેખનાર જ્ઞાયક છે તેની દૃષ્ટિ થઈ છે તો એ જ ભાસે છે. આવી વાતું છે. એ વિના ભવના અંત નથી, પ્રભુ ! આહા..હા..! ચોરાશીના અવતાર કરી કરીને એ દુઃખમાં ડુબી ગયો છે. આનંદના

સાગરની દ્રવ્યદષ્ટિ કરતાં તેને આનંદ આવે છે ત્યાં ભવના અંત આવે છે. આહા..હા..!

**'તેને દષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ–ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી.'** ક્યાં ? દષ્ટિના વિષયમાં. આહા..હા..! યથાર્થ દષ્ટિ પ્રગટ થાય છે તેને દષ્ટિના જોરમાં, એમ કહ્યું છે ને ? આહા..હા..! એકલો જ્ઞાયક જ–ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ તેના દષ્ટિના જોરમાં ભાસતા નથી. એમ કહે છે. આહા..હા..! શરીર, વાણી, રાગ આદિ કાંઈ પણ દષ્ટિના જોરમાં બીજું ભાસતું નથી. આહા..હા..! જુઓ ! આ દષ્ટિ એટલે સમ્યગ્દર્શન. આહા..હા..! હવે અહીં તો એ સમ્યગ્દર્શન એટલે કાંઈ નહિ, એ તો એક શુભજોગ કરે એ સમ્યગ્દર્શન. અરે..! પ્રભુ, પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! મહાપ્રભુને તું અનાદર કરે છો. મહા ચૈતન્ય ચમત્કારી પ્રભુ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકભાવ. આહા..હા..! એને શુભજોગથી લાભ થાય એ મહા અનાદર ચૈતન્યનો કરે છે. આહા..હા..! અને જેને દષ્ટિમાં ભાસ્યો ભગવાન એના દષ્ટિના જોરમાં શરીર ને રાગાદિ પણ ભાસતા નથી. એનું જ્ઞાન થાય ને જોવે પણ દષ્ટિના જોરમાં એ ભાસતા નથી, એમ કહે છે. દષ્ટિ તો એકલો જ્ઞાયક ચૈતન્ય પ્રકાશ. આહા..હા..! શરીરાદિ કાંઈ ભાસતું નથી, ઓલો એકલો ભાસે છે. આહા..હા..! અહીં કાંઈ નહિ. આહા..હા..! આ જુઓને આવ્યું આ બહાર.

**'શરીરાદિ કાંઈ ભાસતું નથી.'** એકલો ભાસે છે. દષ્ટિના જોરની અપેક્ષા છે, હોં ! જ્ઞાન છે એ ભલે જાણે, પણ દષ્ટિ જે છે એમાં દ્રવ્ય ઉપર જેનું જોર છે... આહા..હા..! એને દષ્ટિના વિષયમાં એકલો જ્ઞાયક–ચૈતન્ય ભાસે. એના વિષયમાં રાગ ને શરીર કાંઈ ભાસતું નથી, એમ કહે છે. આહા..હા..! આવી વાતું હવે. આખો દિ' પાપ કરવા ધંધા એને આવી વાતું બેસવી. આહા..હા..!

દષ્ટિ છે એ નિર્વિકલ્પ છે અને તેથી દ્રવ્ય જે છે એ પણ નિર્વિકલ્પ અભેદ છે. આહા..હા..! નિર્વિકલ્પ દષ્ટિના દ્રવ્ય ઉપરના જોરને લઈને... આહા..હા..! એકલો ચૈતન્ય પ્રકાશનો નૂર તે એકલો જ્ઞાયક ભાસે છે. કેમ કે દષ્ટિનો વિષય જ્ઞાયક છે. આહા..હા..! એ વિષયમાં દષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે. આહા..હા..! **'શરીરાદિ કાંઈ ભાસતું નથી.'** આહા..હા..! કેમ કે એ દષ્ટિનો વિષય જ નથી. આહા..હા..!

**'ભેદજ્ઞાનની પરિણતિ એવી દઢ થઈ જાય છે...'** આહા..હા..! હવે જ્ઞાન લીધું સાથે. ભેદજ્ઞાનની પરિણતિ રાગ ને શરીરાદિથી ભગવાન ભિન્ન એવું જે પર્યાયમાં

ભેદજ્ઞાન થયું એની પરિણતિ, પરિણતિ લેવી છે ને ? એની દશા, વર્તમાન ચાલતી પરિણતિ, સમ્યગ્દૃષ્ટિની ભેદજ્ઞાનની પરિણતિ પર્યાય લેવી છે અહીં. આહા..હા..! **'એવી દઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.'** આહા..હા..! ભેદજ્ઞાનની પરિણતિ નામ દશા એવી દઢ થઈ જાય છે કે, સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. આહા..હા..! આવી ભેદજ્ઞાનની પરિણતિ. પહેલું સમ્યગ્દર્શન લીધું, દ્રવ્યદૃષ્ટિના જોરમાં (એકલો જ્ઞાયક ભાસે છે, એમ કહ્યું). આહા..હા..! હવે અહીંયા ભેદજ્ઞાનની પરિણતિ લીધી. જ્ઞાન લીધું સાથે. આહા..હા..!

**'ભેદજ્ઞાનની પરિણતિ એવી દઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી (રાગથી) જુદો ભાસે છે.'** આહા..હા..! એ શરીર જ કહેવાય, રાગ ને શરીર બધું શરીર કહેવાય. આ બાજુ આત્મા અશરીરી ચૈતન્ય સ્વરૂપ છે. આહા..હા..! **'દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે...'** દિવસે જાગતા તો ઓલી નિદ્રા કીધી ને ? અને એમાં સ્વપ્ન આવ્યું છે એમ કીધું. સ્વપ્નમાં પણ આત્મા શરીરથી (જુદો ભાસે છે). નિદ્રામાં એમ ન કહ્યું, અહીં તો સ્વપ્નમાં. સપના આવે તો એને નિરાળો ભાસે એમ કહે છે. આહા..હા..! શું ઇ કહ્યું ? નિદ્રામાં નિરાળો ભાસે છે એમ નથી કહ્યું, ભાઈ ! એમાં સ્વપ્ન આવે. આહા..હા..! નિદ્રામાં સ્વપ્નું આવે, એમ કહે છે. આહા..હા..!

**'શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.'** ભાસે છે એ સ્વપ્નમાં લીધું અને આમાં નિરાળો લીધો. આહા..હા..! શું કહ્યું ? સ્વપ્ન આવે તો જાણે નિરાળો ગોળો પડ્યો હોય. આહા..હા..! ભાસે છે એમ લેવું છે ને ત્યાં ? અને અહીં નિદ્રામાં ભાસે છે એમ નહિ પણ નિદ્રામાં નિરાળો રહે છે. શું કહ્યું સમજાણું કાંઈ ? અહીં તો એક એક શબ્દની કિંમત છે અને તે સહજપણે નીકળેલી ભાષા છે. આહા..હા..!

ત્રણ વાત લીધી. એક તો દ્રવ્યદૃષ્ટિમાં તો એકલું જોર દૃષ્ટિથી ચૈતન્ય ભાસે અને સ્વપ્નમાં ભેદજ્ઞાનની પરિણતિથી પણ શરીર જુદો ભાસે, ભાસે હોં ! એમ કહે છે. હવે દિવસે જાગતા તો જ્ઞાયક નિરાળો રહે. અહીં નિરાળો રહે. ભાસે એની વાત ત્યાં પૂરી થઈ. આહા..હા..! **'દિવસે જાગતા તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.'** આહા..હા..! ઊંઘમાં કાંઈ એકત્વ થઈ ગયું નથી એમ કહે છે. ભલે ભાસે નહિ જ્ઞાન ત્યાં ઊંઘમાં છે માટે પણ નિરાળો રહે છે. આહા..હા..!

આવી વાત છે. આહા..હા..! રાતે ઊંઘમાં દૃષ્ટિની વાત કરી, ભેદજ્ઞાનની પરિણતિમાં સ્વપ્નની વાત કરી, હવે દિવસે જાગતા તો નિરાળો રહે. આહા..હા..! **'પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.'** આહા..હા..!

**'નિરાળો તો છે જ...'** વસ્તુ છે એ નિરાળો તો છે જ એમ કહે છે. પણ અહીં તો પર્યાયમાં નિરાળો થઈ જાય છે. ભલે ઊંઘમાં ભાસે નહિ પણ નિરાળો જ રહે છે ત્યાં. આહા..હા..! **'નિરાળો તો છે જ...'** એટલે કે દ્રવ્ય વસ્તુ છે એ તો નિરાળો જ છે. વસ્તુ જે ભગવાન પરમાત્મ સ્વરૂપ છે, એ તો મુક્ત ને અબંધસ્વરૂપ જ છે. **'એ તો નિરાળો જ છે પણ પ્રગટ નિરાળો થઈ...'** પર્યાયમાં પ્રગટ નિરાળો થઈ ગયો, પર્યાયમાં પ્રગટ કીધું ને ? સમજાણું કાંઈ ? આહા..હા..! બહુ સરસ, બહુ મીઠી મધુરી ભાષા છે. આહા..હા..! એની મેળાએ વાંચે તો બરાબર સમજાય એવું નથી. આહા..હા..! એવી ગૂઢ ગંભીર. આહા..હા..!

ઊંઘમાં નિરાળો રહે છે એમ જે કહ્યું પણ દ્રવ્ય તો નિરાળું છે પણ પ્રગટ નિરાળો પર્યાયમાં થઈ જાય છે. ભલે ઊંઘમાં હો. સમજાણું કાંઈ ? આહા..હા..! ઘણી વાત આવી એક પેરેગ્રાફમાં ! આહા..હા..! આવો માર્ગ. દૃષ્ટિના જોરમાં ચૈતન્ય જ ભાસે છે. આહા..હા..! શરીરાદિ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે. આહા..હા..! જાગતા તો જ્ઞાયક નિરાળો રહે, પર્યાયથી હોં ! પણ રાત્રે ઊંઘમાં આત્મા નિરાળો જ રહે છે. આહા..હા..! પછી કહે કે પણ **'નિરાળો તો છે જ વસ્તુ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.'** પર્યાયમાં પ્રગટ નિરાળો થઈ જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા..! રાગથી ભિન્ન વસ્તુ તો નિરાળો છે પણ પર્યાયમાં રાગથી ભિન્ન નિરાળો થઈ જાય છે. આહા..હા..! એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આ વસ્તુ.

હવે કહે છે, **'તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે...'** રાગાદિના પરિણામ હોય છે. આહા..હા..! ઓલો તો એકલો નિરાળો ભાસે છે, ભેદ પરિણતિ એવી દૃઢ થઈ છે કે, સ્વપ્નમાં પણ નિરાળો ભાસે, દિવસે તો જાગ્રત પરિણતિમાં નિરાળો છે, ઊંઘમાં પણ નિરાળો રહે છે. આહા..હા..! ત્યારે કહે કે આ પ્રવૃત્તિનો વિકલ્પ આવે છે એનું શું ? એ..ઇ..! આહા..હા..! ભૂમિકા પ્રમાણે એમ કેમ લીધું ? કે ચોથું ગુણસ્થાન છે, પાંચમું છે, છઠ્ઠું છે એ ભૂમિકા.

**'ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે...'** ચોથા ગુણસ્થાન પ્રમાણે એને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ હોય, એને વ્રતનો વિકલ્પ ન હોય. ભક્તિનો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનયનો હોય. એની ભૂમિકા પ્રમાણે એ હોય. આહા..હા..! પાંચમા ગુણસ્થાનની ભૂમિકા પ્રમાણે એને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય આદિ હોય, એ ઉપરાંત વ્રતનો વિકલ્પ હોય. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે,...'** ભૂમિકા પ્રમાણે બાહ્ય વિકલ્પ વર્તન હોય છે. આહા..હા..! પણ ગમે તે સંયોગમાં સમકિતીની ચોથે, પાંચમે, છઠ્ઠે જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ હોય છે. આહા..હા..! 'નિર્જરા અધિકાર'માં આવે છે ને જ્ઞાન ને વૈરાગ્ય બે. ઇ કહે છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપનું જ્ઞાન અને રાગથી અભાવરૂપ વૈરાગ્ય. આહા..હા..! એ જ્ઞાન વૈરાગ્ય શક્તિ કોઈ જુદી જ રહે છે. આહા..હા..!

**'હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું,...'** જ્ઞાયક ચૈતન્ય જ્ઞાયક દ્રવ્ય તે હું તો જ્ઞાયક જ છું. **'નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા;...'** આહા..હા..! વિકલ્પ જે વર્તન પ્રમાણે આવે એમ કીધું પણ એની સાથે એકત્વ કદી થયો નથી ને થાતો નથી. આહા..હા..! આવી વાતું હવે આમાં ક્યાંય,.. આહા..હા..! દૃષ્ટિ ને જ્ઞાન ને સ્વપ્નમાં ભાસે ને ઊંઘમાં નિરાળો રહે ને જાગતો નિરાળો રહે. શું છે આ તે ? ભાઈ ! બાપુ ! એ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! એ વર્તનના પરિણામ હોય છતાં પણ.. એમ છે ને ? વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં રાગાદિના પરિણામ વખતે પણ રાગ જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ કોઈ જુદી જ રહે છે.

જ્ઞાન સ્વરૂપ હું છું એવું જ્ઞાન અને રાગથી રહિત એવી વૈરાગ્ય શક્તિ તો જુદી જ રહે છે. આહા..હા..! ટૂંકામાં ઘણું ઘણું નાખ્યું છે. આહા..હા..! આચરણના વિકલ્પ વખતે પણ જ્ઞાન ને વૈરાગ્ય શક્તિ કોઈ જુદી કામ કરે છે, એમ કહે છે. આહા..હા..! આ પુસ્તક તો સૌ પાસે આવ્યું છે હવે. ભેટમાં આવ્યું છે. વાંચ્યું છે કે નહિ ? કેટલી વાર ? બે વાર ઠીક. ભાઈ ! વાંચ્યું કે નહિ ? આહા..હા..! વાંચ્યું હોય એને સમજવામાં ઠીક પડે કે અમે તો આમાંથી આમ સમજ્યા હતા, આ તો કાંઈક બીજું નીકળ્યું.

અમારો માસ્તર હતો છઠ્ઠીમાં ભણતા, પાંચમી-છઠ્ઠી. એક નરોત્તમ બ્રાહ્મણ હતો. બાયડી, બાયડી ત્યાં નહોતી. એ વખતે ક્યાંક બીજો એકલો રાંધતો. રાંધે પછી જે

છોકરા હોશિયાર હોય ને કલાસમાં બે-ચારને બોલાવે ને બોલાવીને કહે તમે વાંચીને આવજો અને હું એ વખતે દાળ, ભાત રાંધીને નવરા હોય આમ વાત-ચીત કરે. તમે શું (સમજ્યા) ? જુઓ ! એનો અર્થ આવો છે. તમે શું સમજ્યા હતા ? કે અમે તો આમ સમજ્યા હતા. એનો અર્થ આમ છે. કણબીવાડમાં મકાન સુતારનું હતું એમાં માથે રહેતા. પણ આ તો ૭૮ વર્ષ પહેલાંની વાતું છે. આહા..હા..! એમ અહીં કહે છે કે જો એણે એકવાર વાંચ્યું હોય આ તો એ સમજવામાં શું આવ્યું હતું ને અહીં શું (કહે) છે (એ ફેર સમજાય). આહા..હા..!

**'હું તો નિઃશંક જ્ઞાયક છું; વિભાવને હું કદી એક નથી થયા;...'** આહા..હા..! અજ્ઞાનપણે પણ કાંઈ રાગ ને સ્વભાવ એક થયા જ નહોતા, માન્યું હતું. આહા..હા..! વિભાવના અધ્યાસને લઈને માન્યું હતું પણ વસ્તુ વિભાવ રાગને બે એક થઈ નથી કોઈ દિ' આહા..હા..! **'જ્ઞાયક છૂટો જ છે,...'** ભગવાનઆત્મા જ્ઞાયક તે તો છૂટો જ છે. આહા..હા..! **'આખું બ્રહ્માંડ ફરે તો પણ છૂટો જ છે.—આવો અચળ નિર્ણય હોય છે.'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિનો–ધર્મીનો આવો નિર્ણય હોય છે. આહા..હા..! **'આવો અચળ નિર્ણય હોય છે.'** પછી વિશેષ આવો નિર્ણય હોય છે એટલું નથી કર્યું. આવો અચળ નિર્ણય હોય છે. આહા..હા..!

**'સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે.'** આહા..હા..! સ્વરૂપનો જે આનંદ આદિનું વેદન છે એમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. આહા..હા..! **'જ્ઞાયક ઊંચે ચડીને-ઊર્ધ્વપણે બિરાજે છે,...'** શું કહે છે ? રાગ હોય કે પર્યાય હોય એનાથી ભિન્ન નિઃશંકપણે ઊંચે અધિકપણે જુદો વર્તે છે. **'णाणसहावाधियं मुणदि आदं'** કીધું ને ? ૩૧ ગાથા. એ રાગ (આવે) છતાં એ જ્ઞાયક ભાવ તો નિરાળો ભિન્ન વર્તે છે. આહા..હા..! ઊંચે એટલે જુદો વર્તે છે, ઊંચો એટલે અધિકપણે વર્તે છે. આહા..હા..! પર્યાયથી પણ અધિકપણે જુદો વર્તે છે, કહે છે. આહા..હા..! એકલો નીચોડ છે. ઊંચે ચડીને, ઊંચે ચડીને એટલે ? રાગ ને પર્યાયથી ભિન્ન અધિક જુદો વર્તે છે. આહા..હા..! **'બીજું બધું નીચે રહી ગયું હોય છે.'** આહા..હા..! પર્યાય ને રાગ ને દયા, દાનના, વ્રતના વિકલ્પ ને એ બધા હેઠે રહી ગયા, આ ઊંચે ચડી ગયો. આહા..હા..! આવું સ્વરૂપ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું તે આ રીત છે. આહા..હા..!

**'બીજું બધું નીચે રહી ગયું હોય છે.'** એટલે કે અધિક જુદો જ્ઞાયકભાવ એનાથી

નીચે એટલે જુદો (રહી ગયો હોય છે). અહીં અધિક એટલે અહીં હેઠો, અહીં આ મુખ્ય ત્યારે એ ગૌણ પણે અંદર રહી જાય છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એ ૩૮૯ (બોલ પૂરો થયો). વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

જગતમાં આત્માના ભાનવાળા સંતો તથા જે ગુણવંત કહેવાય તે આત્માનો અનુભવ કરો. દયા-દાનાદિ પરિણામ થાય તે આસ્રવ છે. ધર્મ નથી-તેમ જાણો. બહારની તપશ્ચર્યા કરે, અભિગ્રહ કરે તેને ગુણવંત કહ્યા નથી. આનંદ સ્વભાવની ખોજ કરે તે ગુણવંત સંત છે. એકલી ક્રિયાકાંડ કરે તેને સંત કહેતા નથી. બધા જીવરાશિ સ્વરૂપને અનુભવો, (આ) અનુભવ એક જ મુક્તિનો માર્ગ છે.

'પરમાગમસાર' બોલ નં. ૭૧૧.

ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, દેડકો હો પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી. એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવે છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ આનંદકંદનો અનુભવ થયો એટલે સ્વરૂપ અનુભવની સર્વ જાતિ પિછાણી છે. સિદ્ધ, અર્હંત વગેરેનો આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે, અનુભવ પૂજ્ય છે. પોતે શુદ્ધ આનંદકંદ છે એવી શ્રદ્ધા સહિત અનુભવ પૂજ્ય છે. તે જ પરમ છે. તે જ ધર્મ છે. એ જ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ ભવનો પાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષનો નાશ કરે છે. આત્માની શક્તિમાં જ્ઞાન ને આનંદ ભર્યા છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે. તે જ સુધાર છે.

'પરમાગમસાર' બોલ નં. ૭૧૨.

કારતક વદ ૭, મંગળવાર તા. ૨૧-૧૧-૧૯૭૮.
વચનામૃત-૩૯૦, પ્રવચન-૧૫૭

મુનિરાજ સમાધિ પરિણત છે. જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે. મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ 'સકળ વિમળ કેવળજ્ઞાન-દર્શનના લોલુપ' છે. 'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે ? ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થાય ? ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય ?' આવી મુનિરાજને ભાવના વર્તે છે. આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે. ઘણી શાન્તિ વેદાય છે. કષાયો ઘણા મંદ પડી ગયા છે. કદાચિત્ કાંઈક ઋદ્ધિ-ચમત્કાર પણ પ્રગટતાં જાય છે; પણ તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે. 'અમારે આ ચમત્કાર નથી જોઈતા. અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે. તેના સાધનરૂપે, એવું ધ્યાન—એવી નિર્વિકલ્પતા—એવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય, ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટે.'

—આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે. ૩૯૦.

૩૯૦. સમ્યગ્દર્શનમાં પ્રથમ દ્રવ્યસ્વભાવનો આશ્રય થાય છે. તે સમયે પણ શુદ્ધોપયોગનો ભાવ હોય છે. શુદ્ધોપયોગ શુભ અને અશુભ ઉપયોગથી રહિત શુદ્ધ

ચૈતન્યઘન વસ્તુ છે તો શુદ્ધ ઉપયોગથી એમાં પ્રતીતિ થાય છે. આહા..હા..! કેટલાક કહે છે કે ચોથે ગુણસ્થાને તો શુભયોગ જ હોય. એ દૃષ્ટિ વિપરીત છે. શુભયોગ તો રાગ છે. એ રાગથી ચોથું ગુણસ્થાન પ્રગટતું નથી. આહા..હા..!

અહીં તો હમણા મુનિરાજની વ્યાખ્યા ચાલશે. માથે એ આવ્યું ને કે સમ્યગ્દર્શનમાં આત્મા મુખ્ય અને ઊર્ધ્વ રહે છે. રાગાદિ થાય છે પણ એ નીચે ગૌણપણે રહે છે. આહા..હા..! ત્યારે તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

હવે એ ઉપરાંત જ્યારે મુનિપણું પ્રગટે છે, એ '**મુનિરાજ સમાધિ પરિણત છે.**' આહા..હા..! શાંત અને વીતરાગ સ્વરૂપ આત્મા છે. એની પરિણતિમાં શાંત અને વીતરાગ પરિણતિરૂપ સમાધિ હોય છે. ઓલા બાવા સમાધિ કહે છે એ સમાધિ નહિ. આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત આત્માની શાંતિને અહીંયા સમાધિ કહે છે. વ્યાધિ નામ શરીરની દશાથી રહિત. આધિ, વ્યાધિ, ઉપાધિ. બહારની ઉપાધિથી રહિત, અંદરમાં સંકલ્પ-વિકલ્પથી રહિત. એવી જે આત્મામાં આનંદરૂપ સમાધિ. આહા..હા..! એવા સમાધિ પરિણત મુનિરાજ છે. આહા..હા..! એકલું નગ્નપણું છે અને પંચ મહાવ્રતના પરિણામ છે એ મુનિપણું નથી. આહા..હા..!

'**મુનિરાજ સમાધિ પરિણત છે. જ્ઞાયકને અવલંબીને...**' (જ્ઞાયકનું અવલંબન લઈને) આહા..હા..! દ્રવ્ય સ્વભાવ જે સનાતન શુદ્ધ છે એને અવલંબીને. આહા..હા..! '**વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને...**' સમાધિ પરિણત તો છે. આહા..હા..! પણ '**જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે.**' આહા..હા..! જેમ લક્ષ્મીવાળાને પાંચ લાખ, દસ લાખ મળે તો પચ્ચીસ-પચાસ લાખની ભાવના કરે છે. એમ મુનિ આત્માની સમાધિ વીતરાગ શાંતિરૂપ પરિણતિ થઈ (તેની ભાવના કરે છે).

મુમુક્ષુ :– .. લોલુપ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોલુપ છે એ આવે છે. કેવળજ્ઞાનના લોલુપી છે એ. આહા..હા..! અજ્ઞાની પૈસાના, આબરૂના, પુણ્યના લોલુપી છે. ધર્મી આત્માના લોલુપી છે. એમાં આ મુનિરાજ તો આત્માના વિશેષ લોલુપી છે. આહા..હા..!

એક વાત તો એ છે કે આઠ જડ કર્મ છે એ તો જડની દશા છે. આત્મામાં જે વિકાર આદિ અવસ્થા છે એ આત્માની આત્માના કારણે વિકારદશા છે. કેમ કે

વિકાર અવસ્થા છે એ કર્મને અડતી નથી. અને કર્મ છે એ વિકાર અવસ્થાને અડતા નથી. આહા..હા..! કર્મ જે જડ છે એ તો દ્રવ્ય સંસાર છે. જડ. પણ આત્મામાં એ પ્રમાણે વિકૃત અવસ્થા થાય છે એ ભાવસંસાર આત્માની પર્યાયમાં છે. એ ભાવસંસાર કર્મથી નથી. સમજાણું કાંઈ ? પોતાની વિકારી પરિણતિમાં પોતાથી સ્વતંત્ર વિકાર છે. અજ્ઞાનપણે એ વિકારીનું પરિણામ પોતાથી થાય છે, તો એમાં ભાવસંસાર વિકારીદશા છે. એને સંસારથી મુક્ત કરવાનો અભિલાષી... આહા..હા..!

સ્ત્રી, કુટુંબ, પરિવાર એ સંસાર છે અને એનાથી મુક્તિ થવું એમ નથી. એનાથી તો મુક્ત જ છે. અજ્ઞાની પણ એનાથી તો મુક્ત જ છે. આહા..હા..! જ્યાં આઠ જડ કર્મ રૂપી છે તેને ભગવાન અરૂપી સ્પર્શતો નથી. તો વળી સ્ત્રી, કુટુંબ, પરિવારને સ્પર્શે અને મકાન બનાવે, સ્ત્રીને પરણે એ વાત છે જ નહિ, એમ કહે છે. આહા..હા..! પણ એની પર્યાયમાં, જીવની પર્યાયમાં પોતાથી જે વિકૃત અવસ્થા થઈ, એ સંસાર છે. એનાથી મુક્ત થવાનું છે. એ સંસારથી મુક્ત થવાનું છે. કર્મથી નહિ, પરથી તો મુક્ત જ છે. આહા..હા..!

આ સમાધિ કહ્યું ને ? તો પર્યાયમાં જે અસમાધિ હતી, રાગ અને દ્વેષની અસમાધિ હતી... આહા..હા..! એ કર્મને લઈને નહિ. પોતાની નબળાઈને લઈને જે અસમાધિ રાગ-દ્વેષ હતા, એનાથી રહિત સમાધિ પરિણત થયા. પોતાના આત્માના અવલંબનથી... આહા..હા..! વીતરાગી શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... આહા..હા..! એ સમાધિ પરિણત થયા. પોતાની પર્યાયમાં જે અસમાધિ હતી એ કર્મથી નહિ. સમજાણું કાંઈ ?

એ પ્રશ્ન એકવાર (સંવત) ૧૯૮૪ની સાલમાં થયો હતો. (એક ભાઈએ) 'રાણપુર'માં પ્રશ્ન કર્યો હતો. ૧૯૮૪ની સાલ. કેટલા વર્ષ થયા ? ૫૧ વર્ષ પહેલા. કે આ કર્મ અને આત્માને શું સંબંધ છે ? મેં કીધું, કાંઈ નહિ. કર્મ કર્મમાં છે, વિકારી પર્યાય વિકારમાં છે. જેટલા પ્રકારે કર્મ, પ્રદેશ, સંખ્યા અને સ્થિતિ, અનુભાગ છે એ તો એમાં છે. એટલા પ્રમાણમાં વિકારની અવસ્થા પોતાની યોગ્યતાથી પોતામાં છે. સમજાણું કાંઈ ?

અહીં તો એમ કહેવું છે કે સંસારથી રહિત થવું એ સમાધિ છે. સંસાર જે અંદર વિકારની દશા છે. આહા..હા..! ભ્રમણા અને રાગ-દ્વેષ એ જે અસમાધિ ને દુઃખ છે, સંસાર છે, એનાથી મિથ્યાત્વથી મુક્ત થાય છે તો મિથ્યાત્વ સંસારથી મુક્ત થયો.

સ્વના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, તો મિથ્યાત્વરૂપી સંસારથી મુક્ત થયો. સમજાણું કાંઈ ? અને સ્વરૂપમાં જેટલી શાંતિની સ્થિરતા થઈ એટલા અનંતાનુબંધી ભાવ જે સંસારના હતા એનાથી રહિત થયો. આવી વાતું છે. અત્યારે તો એ જ માંડે કે કર્મને લઈને વિકાર... કર્મને લઈને વિકાર.. કર્મને લઈને વિકાર (થાય). પણ કર્મ તો જડ છે. ભગવાન તો અરૂપી ચૈતન્ય છે. તો ત્રીજી ગાથામાં કહ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ચુંબતા નથી. આહા..હા..! અહીં આત્મા છે એ શરીરને અડ્યો જ નથી. આહા..હા..! અજ્ઞાનપણે પણ આત્મા શરીરને અને કર્મને અડ્યો જ નથી. પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! એ પોતાની પર્યાયમાં વિકૃત અવસ્થાને કરે એને પર્યાયમાં અડ્યો છે, દ્રવ્યમાં નહિ. સમજાણું કાંઈ ? અનાદિથી કર્મને અને શરીરને આત્મા અજ્ઞાનમાં પણ કદી અડ્યો નથી. આહા..હા..!

હવે અડ્યો છે તો પોતાની વિકારી પર્યાયમાં અડ્યો છે. વિકારી પર્યાય વિકારીમાં સ્પર્શ્યો છે. દ્રવ્ય તો વિકારી પર્યાયને પણ સ્પર્શ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ દ્રવ્યનું અવલંબન લેતા જે વિકારને, પર્યાયને દ્રવ્ય અડ્યું પણ નથી... આહા..હા..! એવો ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવીને જે જ્ઞાન થયું, એટલો વિકારી અસમાધિથી ભિન્ન થયો. આહા..હા..! મુનિરાજ તો ઘણી વિકારી અવસ્થા હતી એનાથી ભિન્ન થયા છે. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ છોડ્યા, કર્મ છૂટ્યા માટે છૂટ્યો એમ અહીં નથી. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ જે શુદ્ધ છે એ તો કદી પર્યાયને પણ સ્પર્શ્યો નથી. આહા..હા..! પર્યાય કર્મને, શરીરને અડી નથી. આહા..હા..! એવો વસ્તુનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. હવે જે વિકારી પર્યાય પરિણમે છે એ દુઃખરૂપ છે, આકુળતા છે. ઉપર ઉપર પર્યાયમાં દ્રવ્યથી ઉપર વિકૃત અવસ્થા પર્યાયમાં થઈ છે. આહા..હા..! એ દ્રવ્યમાં નથી. તો દ્રવ્ય જે જ્ઞાયક આનંદ અને શાંત સ્વભાવનો પિંડ પ્રભુ છે, એના અવલંબનથી જેટલું અવલંબન લીધું એટલી અશુદ્ધતાનો વ્યય થયો. જેટલી અસમાધિનો નાશ થયો, એટલી સમાધિ પ્રગટ થઈ. અરે...! આહા..હા..!

લોગસ્સમાં આવે છે. ભાઈ! **'समाहिवरमुत्तमं दिंतु'** ઘડિયો કર્યો હશે કે નહિ પહેલો ? લોગસ્સનો કર્યો નથી ? લોગસ્સમાં આવે છે ને ? **'समाहिवरमुत्तमं दिंतु'** એને અર્થની પણ ક્યાં ખબર છે. લોગસ્સમાં આવે છે, લોગસ્સ. **'लोगस्स उज्जोअगरे,**

**धम्मतित्थयरे जिणे;'** ભાઈ ! લોગસ્સ કર્યું હતું કે નહિ ? નહિ કર્યું હોય. પાધરા આ બાજુ આવી ગયા ને. એમાં આવે છે. અહીં તો દસ વર્ષની ઉંમરથી કરેલું. સમજાણું કાંઈ ?

એમાં સમાધિ આવે એ સમાધિ કઈ ? કે આત્મામાં આનંદપણે શાંતિ જે પડી છે એના અવલંબનથી પર્યાયમાં સમાધિ અને શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આનંદની દશા સમાધિરૂપે હો, એનું નામ અહીંયા સમાધિ કહે છે. અરે...! આવી વાતું છે. તમે નહિ કર્યું હોય લોગસ્સ. કર્યું હશે કે નહિ ? એય..! સામાયિકના પાઠમાં નથી આવતું ? ણમો અરિહંતાણં, ઇચ્છામી, તત્સુત્રી, લોગસ્સ, નમોથુણં... એ પાંચ બોલે એટલે સામાયિક થઈ જાય. આહા..હા..! ધૂળમાંય સામાયિક (નથી). એ તો શબ્દો છે. એ પાઠ બોલે એ તો શબ્દો છે. શબ્દ તો આત્માને અડતા નથી. આહા..હા..! આત્મા અડ્યો હોય તો વિકારી પર્યાયને, પર્યાય પર્યાયથી અડી. દ્રવ્ય તો એને પણ અડ્યું નથી. આહા..હા..!

એ વિકારી પર્યાયને, જે દ્રવ્યનું શુદ્ધ ચૈતન્યભગવાનનું અવલંબન લઈને અભાવ થયો એટલી સમાધિ થઈ. શાંતિ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ.. આહા..હા..! તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ... આનંદનું ભોજન કરીને તૃપ્તિ (થાય). જેમ લાડવાનું ભોજન કરીને તૃપ્ત થાય એમ આ આનંદનું ભોજન કરીને તૃપ્તિ થાય છે. આહા..હા..!

એ **'જ્ઞાયકને અવલંબી...'** આ તો સમાધિ કેમ થાય એ બતાવવું છે. આહા..હા..! એ **'જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને...'** પહેલા આત્માના અવલંબને સમાધિ થઈ છે પણ વિશેષ સમાધિ થવાને કારણે... આહા..હા..! મુનિ તો **'સમાધિસુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે.'** ક્યારે હું ઉગ્ર આલંબન લઈને આનંદ... આનંદ... આનંદ... ઉગ્ર આનંદમાં આવું ? આહા..હા..! એવી મુનિરાજની ભાવના છે.

**'મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ 'સકળ વિમળ કેવળજ્ઞાન-દર્શનના લોલુપ' છે...'** આહા..હા..! પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન અને પૂર્ણ આનંદ. આહા..હા..! એના મુનિઓ લોલુપી છે–એના અભિલાષી છે. આહા..હા..! પૂર્ણ થવાની અભિલાષા છે. અપૂર્ણ શાંતિ અને સમાધિમાં રહ્યો છે, એ પૂર્ણ થવાની અભિલાષામાં લોલુપ છે. આહા..હા..! જુઓ ! આ મુનિદશા.

**'ક્યારે સ્વરૂપમાં એવી જમાવટ થાય...'** આહા..હા..! અનાકુળ આનંદનો સાગર, પ્રભુ ! એવા સ્વરૂપમાં વિશેષ સ્થિરતા ક્યારે થશે ? થોડી સ્થિરતા તો છે. સમાધિ ત્રણ કષાયનો ભાવ (થયો છે), પણ અંદર વિશેષ સ્થિરતા... આહા..હા..! **'થાય કે શ્રેણી ઊપાડીને...'** ક્ષપકશ્રેણી. ધારાવાહિ ધારા. નિર્મળ ધારાવાહિ ધારા થતાં **'શ્રેણી ઊપાડીને વીતરાગદશા પ્રગટે ?'** ઓહો..હો..! એ તો બારમે ગુણસ્થાને વીતરાગભાવ કેમ પ્રગટે એવી ભાવના છે. આહા..હા..!

પહેલા આવી ગયું. ઓલું આવ્યું નથી ? ઘડામાંથી પાતળું પાણી... કાલે આવી ગયું છે. અમૃતનો ઘડો ભર્યો હોય, એમાંથી આ પાતળી ધારાએ પીવે પણ એને વિશેષધારાની ભાવના છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય અનંત શાંતિ, અતીન્દ્રિય અનંત સુખથી ભરેલો ઘડો છે. એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ (પ્રગટી) એ પાતળી ધારા છે. આહા..હા..! આવો શબ્દ પણ ક્યાંય સાંભળ્યો ન હોય. ભાઈ ! આ તમે તો દિગંબર હતા. આહા..હા..!

મુમુક્ષુ :– દુકાળ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..! અરે...! પ્રભુ ! માર્ગ તો... આહા..હા..! અનાદિ ધોખ માર્ગ છે એ વર્તે છે. વીતરાગમાર્ગ. આહા..હા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ.. સ્વરૂપ. મુનિરાજ વીતરાગ... વીતરાગ... વીતરાગનો ઉપદેશ દે છે. આહા..હા..! મુહુ મુહુ. વારંવાર વીતરાગતા પ્રગટ કર... વીતરાગતા પ્રગટ કર... વીતરાગતા પ્રગટ કર. આહા..હા..! એ મુનિરાજનો ઉપદેશ છે. વ્યવહાર, વ્રત આદિનો ઉપદેશ આવ્યો એ તો જ્ઞાન કરાવ્યું કે એ સમયે એવો રાગ થાય છે, પણ વીતરાગતા પ્રગટ કરવાની છે. આહા..હા..! આવી વાત.

ચોથે ગુણસ્થાને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન અંશે સ્થિરતા (પ્રગટ્યા) એ વીતરાગ પર્યાય છે. આહા..હા..! એને વળી શુદ્ધોપયોગ ત્યાં ન હોય. એનો દાખલો આપ્યો છે. છે ને ? 'સુવિદિત'. 'સુવિદિત' શાસ્ત્ર નહિ ? 'પ્રવચનસાર'માં શ્લોક છે ને ? એને શુદ્ધોપયોગ હોય એમ કહે છે. હેઠે ન હોય. આહા..હા..! અરે..! પ્રભુ ! શું થાય ? એ શુદ્ધ સ્વરૂપ જ છે. અલિંગગ્રહણમાં નથી આવ્યું ? શુદ્ધ સ્વભાવ એ વિકારનો કર્તા છે જ નહિ. એ શુદ્ધોપયોગી જીવ છે. અલિંગગ્રહણમાં આવ્યું છે. આહા..હા..! એ રાગાદિની ક્રિયાનો કર્તા આત્મા છે જ નહિ. આહા..હા..! અલિંગગ્રહણમાં છે. એ

તો શુદ્ધોપયોગ જ છે. એમ આવ્યું છે. આહા..હા..! આત્મા રાગને ગ્રહણ કરતો જ નથી. આહા..હા..! એ તો શુદ્ધ ઉપયોગી આત્મા છે. આહા..હા..! હવે અહીંયા તો હજી ચોથે ગુણસ્થાને શુભરાગ હોય. બસ, થઈ રહ્યું. અરે..! પ્રભુ ! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! તું આ. તને પહોંચી શકતો નથી માટે આવા બચાવ ! આહા..હા..!

એ શુદ્ધ ચૈતન્ય ગંજ મોટો પડ્યો (છે). ઓહો..હો..! શું કહેવાય ઓલું ? ભરોટું. ભરોટું કહે છે ને ? ગાડામાં ભરે. ભરોટું ગાડું આમ ભરે. એમ આ આત્મા અનંત ગુણનું ભરોટું છે અંદર. અરે..રે...! અનંત અનંત ગુણનું ભરેલું એ ભરોટું છે. આહા..હા..! એને અવલંબે અશુદ્ધતાનો નાશ થાય છે અને એને અવલંબે શુદ્ધતા, શાંતિ અને ધર્મ પ્રગટ થાય છે. આવી વાત છે. લોકોને આકરું લાગે. એ જાણે કે આ 'સોનગઢ'ની વાત છે. 'સોનગઢ'ની છે કે શાસ્ત્રની છે ? અરે..! પ્રભુ ! આહા..હા..! એને શ્રદ્ધામાં જ હજી ન લે એને આ પ્રગટે કે દિ' ? સમજાણું કાંઈ ?

શુભરાગ તે ચોથે ગુણસ્થાને જ હોય. અને ઓલો (એક મુનિ) વળી એમ કહે છે, છે તો મોટો ઓલા (પરંપરાએ) ચોથી પેઢીએ (બીજા મુનિ) છે. એની સાથે (આ છે). વાંચેલું ઘણું. અત્યારે આચાર્ય છે ને ? એ કહે, અત્યારે પંચમકાળમાં તો શુભયોગ જ હોય. એવું છાપામાં આવ્યું છે. અર..ર..! એનો અર્થ ધર્મ હોય જ નહિ. શુભયોગ એ ધર્મ નથી. અરે..રે..! શું જગત ચાલે છે ? ક્યાં ચાલે છે ? લોકો હજારો માણસો.. નગ્નદશા, દિગંબર દશા. આ અમારા ગુરુ છે. એની પ્રરૂપણા આવી મહામિથ્યાત્વની. આહા..હા..! શુભયોગ તે પંચમકાળમાં શુભયોગ જ હોય, એમ છાપામાં આવ્યું છે. અરે..! ભગવાન ! શુભયોગ તો વિકાર છે ને ? ભાઈ ! વિકારરૂપે તો દ્રવ્ય પરિણમ્યું જ નથી ને, પ્રભુ ! એ તો પર્યાયમાં વિકૃત છે. એ સમ્યગ્દર્શન થતાં વિકારથી રહિત દ્રવ્ય સ્વભાવ છે એનું પરિણમન થાય છે એ નિર્વિકારી પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ નિર્વિકારી પર્યાય વિના સમ્યગ્દર્શન થતું જ નથી. આહા..હા..! આવી વાત છે પણ શું થાય ? ઘણો ફેરફાર થઈ ગયો. અને વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. એય..! ભાઈ ! આ ઠપકો આપે છે તમને. વેપારમાં-વેપારમાં આખો દિ' આ કર્યું... આ કર્યું... આ કર્યું. હવે આ નાના વેપારીને દીકરો પણ નથી તો પણ ત્યાં ને ત્યાં એમ ને એમ વળગી રહે છે. એય..! આ તો દાખલો આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- દીકરો હોય તો રોકાવું પડે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દીકરો તો કોણ થાય ? એ ક્યાં એના હતા. આ તો દીકરો નથી. બાયડી-ભાયડો, હુતો-હુતી (બે છે) તો પણ મજૂરી (મુકતા નથી). બરાબર છે ને ? ભાઈ ! આ તો નિવૃત્તિ લઈને નિર્ણય કરવાનો કાળ લેવો એમ કહેવું છે. આહા..હા..! કેમ કે ભગવાન આત્મા તો વિકૃત પર્યાયથી નિવૃત્ત છે. આહા..હા..! હજી બાહ્યથી તો અનાદિથી નિવૃત્ત જ છે પણ બાહ્યથી નિવૃત્તિ માની નથી. આહા..હા..! કહો, એ મોટા વ્યવસાયી છે. નાની ઉંમરમાંથી મોટા પૈસાવાળા, ઘણા લાખોપતિ. એય..! ધંધા. 'મુંબઈ'માં દુકાન, 'આસામ' માં દુકાન, 'ગયા' માં દુકાન. અરે..રે..! ભારે આ. પ્રભુ ! તારી દુકાન અંદર આ છે ને.

મુમુક્ષુ :– આમાંથી ઘઉં, બાજરો ક્યાં આવે છે, ઓલામાંથી ઘઉં, બાજરો આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમાંથી આનંદ બાજરો આવે. ભાઈ ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એવો એ આત્મા છે. આહા..હા..! બાજરાનો સ્વાદ આત્મા લેતો નથી. બાજરો તો જડ છે. જડને તો આત્મા સ્પર્શતો નથી. ફક્ત જડ તરફ લક્ષ કરીને 'ઠીક છે' એ રાગને અડે છે. રાગને પર્યાય અડે છે, દ્રવ્ય નહિ. આહા..હા..! આવી વાતું છે, બાપા ! પરમ સત્ય તો આવું જ છે. આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ, એનો સત્યનો પોકાર જગત પાસે જાહેર કરવાનો છે.

અહીંયા તો એમ કહેવું છે **'કે મુનિ 'સકળ વિમળ કેવળજ્ઞાન-દર્શનના લોલુપ' છે...'** આહા..હા..! એ પંચ મહાવ્રત ધારીના વિકલ્પના લોલુપ નથી. એના તો એ જ્ઞાતા છે. અને જ્ઞાતાની અપૂર્ણ પર્યાય છે એને પૂર્ણ કરવાના લોલુપી છે. આહા..હા..! સમ્યક્ મતિ-શ્રુત જ્ઞાન તો થયું છે. વસ્તુના અવલંબને જેમાં જ્ઞાનનો સાગર ભગવાન છે, એની પર્યાયમાં ભરતી આવી છે. આહા..હા..! મુનિને, સમકિતીને એવું મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તો છે પણ કેવળજ્ઞાન, પૂર્ણ કેવળજ્ઞાન, એક સમયમાં પૂર્ણ એવું જે કેવળજ્ઞાન એના એ અભિલાષી, લોલુપી છે. આહા..હા..! સાધ્ય તો ત્યાં છે. ધ્યેય દ્રવ્ય છે પણ સાધ્ય તો પૂર્ણ કેવળજ્ઞાન-દર્શન લેવાનું છે. છે ? લોલુપ છે.

**'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ (સ્થિરતા) થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે ?'** આહા..હા..! **'ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે...'** ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે **'કે આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન...'** આહા..હા..! એવી ભાવના છે. મહાવ્રતનો વિકલ્પ આવે છે, એવી

ભાવના રાખું (એમ નથી). વ્યવહારનયમાં એમ આવે છે, કે મહાવ્રત છે એની ભાવના. એક એકની પાંચ પાંચ, પાંચની પચીસ. એ તો આવે છે એનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ ? પચ્ચીસ ભાવના નથી ? એક એકનો અર્થ પાંચ, પાંચની પચ્ચીસ ભાવના કરવી એ ભાવપાહુડમાં આવે છે. એ તો અશુભથી બચવાની અપેક્ષાએ વાત છે. આહા..હા..! બાકી પ્રભુ તો સમ્યગ્જ્ઞાન-દર્શનમાં આનંદનો ભાસ થયો, એની પરિણતિમાં જે મતિ અને શ્રુતજ્ઞાનની દશા થઈ, એ દશા કેવળજ્ઞાનને સાધે છે. કેમ કે મતિ-શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાનનો અંશ છે. કેવળજ્ઞાન અવયવી છે અને મતિશ્રુતજ્ઞાન એનો અવયવ ભાગ છે. તો એ ભાગ અવયવી પૂર્ણ ચીજને પ્રાપ્ત કરવાની અભિલાષા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ હવે. આમાં કાંઈ મોં માથું (હાથ આવે નહિ). બાપુ !

મુમુક્ષુ :– આમાં જ મોં માથું હાથ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા..! એમાં આત્મા હાથ આવે એવો છે. આહા..હા..!

જેને મુનિદશા.. બાપુ ! એ ક્યાં છે ? હજી તો ક્રિયાકાંડ આકરી કરે એ મુનિપણું. આહા..હા..! જડની ક્રિયા જંગલમાં રહે, અપવાસ કરે, ત્રણ-ચાર દિ'એ આહાર લે, મહિને આહાર લે. ઓહો..હો..! એનો અર્થ શું છે ? આહા..હા..!

મુનિ તો પોતાના સ્વરૂપમાં રહે છે, એ જંગલમાં નહિ. આહા..હા..! આનંદ... આનંદ... આનંદ... આનંદની જ્યાં... આહા..હા..! ધારાવાહી જ્ઞાન છે, ધારાવાહી આનંદ છે. ભેદજ્ઞાન ધારાવાહી. પણ એમાંથી... આહા..હા..! મુનિને કેવળજ્ઞાનની ભાવના છે. કેવળજ્ઞાન ક્યારે પ્રગટ થાય ? **'ક્યારે એવું પરમ ધ્યાન જામે...'** આહા..હા..! આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, એવો જ્યાં અનુભવ થયો, એના આનંદનો સ્વાદ આવ્યો, તો આ પૂર્ણાનંદના નાથમાં મારી પૂર્ણાનંદ પર્યાય ક્યારે થશે ? આહા..હા..! એવી મુનિઓને ભાવના છે. આહા..હા..!

**'ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય ?'** આહા..હા..! વિકલ્પમાત્ર તો નહિ પણ અપૂર્ણ દશા પણ નહિ. આહા..હા..! **'ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય ?'** સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં. આહા..હા..! **'આવી મુનિરાજને ભાવના વર્તે છે.'** આ ભાવના વર્તે છે. દુનિયાને હું સમજાવું. આહા..હા..! સમજાણું કાંઈ ? દુનિયા સમજે

એ ભાવના મુનિની નથી. સમજાણું કાંઈ ? વિકલ્પ આવે છે તેથી શાસ્ત્રો રચાય છે. પણ એવી ભાવના નથી કે હું શાસ્ત્ર ક્યારે બનાવું. એ આવ્યું ને ? 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે ને ? મને વર્તમાનમાં આ ટીકા કરું એવો વિકલ્પ આવ્યા કરે છે. વિકલ્પ આવ્યા કરે છે. આહા..હા..! શરૂઆતનો પહેલો અધિકાર છે. આહા..હા..! એ કારણે આ ટીકા બની. અને એ ટીકા બની છે, મેં નથી બનાવી. એ તો વાણીથી બની એ તો ઠીક, પણ એ ટીકા તો ગણધરથી બનેલી છે. એમાં આવે છે ને ? ગણધરોએ કહી છે એ વાત અહીં આવી છે. અમે વળી ટીકા કરનાર કોણ ? આહા..હા..!

'પદ્મપ્રભમલધારિદેવ' જેણે ટીકામાં પરમ પંચમભાવ, એવો... એવો... આહા..હા..! લડાવ્યો છે ને શોભાવ્યો છે. આહા..હા..! કે પંચમભાવની આગળ ક્ષાયિકભાવની પર્યાય પણ જેમાં નથી. ક્ષાયિકભાવની પર્યાયની પણ ભાવના નથી. આહા..હા..! આવે છે ને એ ? ચાર ભાવની ભાવના નથી, એમ કહે છે. આહા..હા..! ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ, ઉદયની ભાવના નથી. ભાવના તો પચંમ પારિણામિકની ભાવના છે. આહા..હા..! છે એ ભાવના ક્ષયોપશમ, ક્ષાયિક પણ ક્ષયોપશમ, ક્ષાયિકની ભાવના નથી. આહા..હા..! ત્રિકાળી પરમ સ્વભાવભાવ ધ્રુવ, જ્ઞાયકભાવ પરમ પારિણામિક ભાવ, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ, નિજ પરમાત્મતત્ત્વ દ્રવ્ય. આ ૩૨૦ 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. એવા નિજ પરમાત્મદ્રવ્યમાં એકાકાર થાય છે. આહા..હા..!

પંચમ ભાવ. રાગની તો ભાવના નથી. પણ સમકિત આદિનો જે ક્ષાયિકભાવ પ્રગટ્યો છે, એની પણ ભાવના નથી. આહા..હા..! કેમ કે એની ભાવના પર્યાયની છે. પર્યાયની ભાવનાથી શું થશે ? પર્યાયમાંથી કોઈ પર્યાય નહિ આવે. આહા..હા..! જેમાં અનંત આનંદ નિધિ, અજાયબ અનંત ગુણનો ભરપૂર ભગવાન અજાયબઘર (છે)... એ આવ્યું હતું. આહા..હા..! એના અવલંબનથી, એની ભાવનાથી મોક્ષમાર્ગ પ્રગટે છે. એ ભાવના એ જ મોક્ષમાર્ગ છે. પંચમ ભાવની, હોં ! મોક્ષમાર્ગની પર્યાયની ભાવના નહિ. કેમ કે મોક્ષમાર્ગ ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે. આહા..હા..! મારો નાથ પૂર્ણાનંદ અને શાંતિથી ભરેલો, પ્રભુ ! તે નિજ પરમાત્મદ્રવ્ય હું છું. એવી જ્ઞાનીની ભાવના હોય છે.

અહીં એ કહે છે, **'આવી મુનિરાજને ભાવના વર્તે છે. આત્માના આશ્રયે એકાગ્રતા**

**કરતાં કરતાં...**' જોયું ? આત્મા પરમ સ્વભાવભાવ જે ત્રિકાળ. આહા..હા..! સાદી ભાષામાં એ મૂકી દીધું છે. આહા..હા..! '**આત્માના આશ્રયે...**' એ પર્યાય પ્રગટ થઈ એના આશ્રયે નહિ. આહા..હા..! ભગવાન આત્મા નિત્યાનંદ સહજાનંદમૂર્તિ પ્રભુ, જે પર્યાયમાં પણ આવ્યો નથી, તો રાગમાં તો આવે ક્યાંથી ? જ્ઞાનની પર્યાય રાગને અડતી નથી. જ્ઞાનની પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..!

એવા '**આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.**' આહા..હા..! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' વગેરે સંતો... આહા..હા..! પંચમ આરાના સંત પણ આવી ભાવના કરે છે. આ તો પંચમ આરાના મુનિની વાત છે ને. સાચા સંત, હોં ! એવી ભાવના કરતાં કરતાં એ '**કેવળજ્ઞાનની સમપી જઈ રહ્યા છે.**' પૂર્ણ કેવળજ્ઞાનની સમીપ મુનિરાજ જઈ રહ્યા છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

(પ્રચૂર) '**ઘણી શાંતિ વેદાય છે.**' જો કે મુનિને તો પ્રચુર શાંતિ. પાંચમી ગાથામાં આવ્યું ને ? એ શબ્દ છે. પાંચમી ગાથામાં છે. અમારો નિજ વૈભવ. સંતો કહે છે કે અમારો નિજ વૈભવ. પ્રચુર સ્વસંવેદન અને પ્રચુર આનંદની જેમાં મહોરછાપ છે, એવા અનુભવથી અમે કહીશું. આહા..હા..! એ અહીં કહે છે. પ્રચુર શાંતિ વેદાય છે. આહા..હા..! જેને મુનિ કહીએ, પરમાત્મા સર્વજ્ઞના પંથના મુનિ, એને તો પ્રચુર શાન્તિ વેદાય છે. આહા..હા..! અરે..રે..! અહીંયા તો કહે છે કે છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભરાગ હોય, વ્યવહાર હોય, બસ. નિશ્ચય ત્યાં નહિ. અરે..! પ્રભુ ! એ તો નિશ્ચયનય તો ચારિત્રનો નિશ્ચયનય નહિ. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનનો નિશ્ચય તો ચોથેથી શરૂ થાય છે અને ત્યાં સમ્યગ્દર્શન પૂરું થાય છે. ક્ષાયિક પણ ચોથે (ગુણસ્થાને) પૂર્ણ હોય છે.

(પ્રચૂર) '**ઘણી શાંતિ વેદાય છે.**' એ પાંચમી ગાથાનો ભાવ અહીંયા લઈ લીધો છે. '**કષાયો ઘણા મંદ પડી ગયા છે.**' સંજ્વલનની મંદતાનો ઉદય વર્તે છે. પંચ મહાવાદિનો વિકલ્પ, ઘણો કષાય મંદ છે. આહા..હા..! '**કદાચિત્ કાંઈક ઋદ્ધિ–ચમત્કાર પણ પ્રગટતાં જાય છે;...**' આહા..હા..! ચમત્કાર–ઋદ્ધિ પણ પ્રગટ હો. આહા..હા..! બે લાડુ હોય અને એમાંથી ચક્રવર્તીની સેના જમી જાય એવી લબ્ધિ આવી જાય. પણ લબ્ધિ ઉપર એનું લક્ષ નથી. હું તો કેવળજ્ઞાનનો લોલુપી છું. મને કેવળજ્ઞાન

ક્યારે થાય ? બસ. આહા..હા..! એક શેર પાણી હોય, ઉષ્ણ પાણી છન્નુ કરોડ પાયદળ પીવે એવી લબ્ધિ હોય છે. એ શું ? પ્રભુ ! એ ચીજ શું છે ? એ કહે છે. **'ચમત્કાર પણ પ્રગટતાં જાય છે;...'** પણ એટલે ? શાંતિ છે, પ્રચુર સ્વસંવેદન છે, અને એમાં ચમત્કાર પણ પ્રગટતાં જાય છે.

**'પણ...'** આહા..હા..! **'તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે.'** આહા..હા..! મુનિની વાત નથી આવતી ? એને મુનિપણાની લબ્ધિ હતી. પણ ખબર નહોતી. આ કુમાર શું કીધું ? 'વિષ્ણુકુમાર'. 'વિષ્ણુકુમાર મુનિ' એક ક્ષુલ્લકે સાંભળ્યું કે અહીં હસ્તિનાપુરમાં ઘણો ઉપદ્રવ છે. સાધુને ઉપદ્રવ છે. ચારે કોર અગ્નિ લગાવી છે. અને મંત્રીના હાથમાં સાત દિવસ રાજ આવ્યું. મુનિને ઘણો ઉપદ્રવ છે. આહા..હા..! મુનિરાજ ધ્યાનમાં ઊભા છે. ચારે કોર અગ્નિ સળગાવી છે. ક્ષુલ્લકને કોઈએ કહ્યું, કે આમ છે. તમે 'વિષ્ણુકુમાર' પાસે જાવ. 'વિષ્ણુકુમાર'ને લબ્ધિ પ્રગટી છે. આહા..હા..! તો એ ક્ષુલ્લક ગયા. મહારાજ ! હસ્તિનાપુરમાં આવું થયું છે. તો શું છે ? તમને લબ્ધિ છે ને પ્રભુ ! એમને લબ્ધિની પણ ખબર નહિ. એય..! આહા..હા..! છે ને ? કેવી લબ્ધિ ? આહા..હા..! પ્રભુ ! હાથ લાંબો કરો. લાંબો થઈ જશે. આહા..હા..! એની પણ ખબર નથી કે આ લબ્ધિ પ્રગટી છે. આહા..હા..! જેને આત્માના આનંદ આગળ એ ચમત્કારોનું પણ દુર્લક્ષ થઈ જાય છે. આહા..હા...! કે ચમત્કાર થયા અને દુનિયાને બતાવું અને મને માન મળે. આહા..હા..! મને તો કેવળજ્ઞાન મળે એવી ભાવના છે, કહે છે. આહા..હા..!

**'કાંઈક ઋદ્ધિ–ચમત્કાર પણ પ્રગટતાં જાય છે; પણ તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે. 'અમારે આ ચમત્કાર નથી જોઈતા.'...'** આહા..હા..! જેનું પવન કોઈને અડી જાય તો રોગ મટી જાય. એવી લબ્ધિ પ્રગટી હોય, તેથી શું ? એ તો પુણ્યની પ્રકૃતિનું ફળ છે. એમાં આત્મા નથી આવ્યો. આહા..હા..! **'અમારે આ ચમત્કાર નથી જોઈતા.'** આહા..હા..! કેવળજ્ઞાનના લોલુપીને આવા ચમત્કારનું શું કામ ? આહા..હા..! અમારે તો ઘણો માર્ગ કાપવાનો છે. એ ચમત્કારમાં હું ઊભો નહિ રહું. રસ્તે જાવું હોય. દસ ગાઉ કાપ્યા હોય અને પાંચ ગાઉ બાકી હોય, અંધારુ થઈ જશે. વચ્ચે બહુ માન આપે તો કહે, ભાઈ ! હું અહીં નહિ ઊભો રહું. મારે તો ત્યાં જવાનું છે. આહા..હા..!

મુનિરાજને પોતાની પર્યાયમાં ચમત્કારની લબ્ધિ થઈ હોય. પણ એ મારી નથી.

મારે તો માર્ગ કાપીને કેવળજ્ઞાનમાં જવાનું છે. હું ચમત્કારમાં રોકાઉં નહિ. આહા..હા..! **'અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે.'** આહા..હા..! ભાષા તો જુઓ ! આહા..હા..! અમારો આત્મા પૂર્ણાનંદથી ભરેલો છે. એ પર્યાયમાં પૂર્ણાનંદ હો એ અમારો ચમત્કાર છે. બસ. આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત જ્ઞાન અનંત દર્શન સહિત જો.' આહા..હા..! 'અપૂર્વ અવસર ઐસા કબ આયેગા ?' આહા..હા..! જ્યાં વીતરાગની કેળવણી અંદર ચાલતી હોય.. આહા..હા..! વીતરાગની કેળવણી ચાલતા ચાલતા વીતરાગ પૂર્ણ થઈ જાઉં. આહા..હા..! એ મારો ચમત્કાર છે. મુનિરાજની આવી ભાવના હોય છે, એમ કહે છે. અરે..રે..!

**'તેના સાધનરૂપે, એવું ધ્યાન—'** કોનું ? **'અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે.'** કેવળજ્ઞાન પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે. **'તેના સાધનરૂપે,...'** હવે સાધન બતાવે છે. એનું સાધન શું ? **'એવું ધ્યાન—'** પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન શું ? પંચ મહાવ્રત અને વિકલ્પ એ નહિ. આહા..હા..! **'એવું ધ્યાન—'** એટલે કે **'એવી નિર્વિકલ્પતા—'** લીટો કર્યો છે ને ? આહા..હા..! **'પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે. તેના સાધનરૂપે, એવું ધ્યાન—'** આત્માના સ્વરૂપનું ધ્યાન એ સાધન છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ રાગ અને સંઘયણ મજબુત હોય એ કાંઈ સાધન નથી. આહા..હા..!

**'એવું ધ્યાન—'** કેવું ? કે **'પૂર્ણ ચમત્કાર જોઈએ છે. તેના સાધનરૂપે એવું ધ્યાન...'** એટલે કે **'એવી નિર્વિકલ્પતા–'** અર્થાત્. અર્થાત્ **'એવી સમાધિ...'** એકના ત્રણ અર્થ થયા. આહા..હા..! **'એવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશે...'** આહા..હા..! અસંખ્ય પ્રદેશમાં અંદર લીલાલહેર થઈ જાય. આહા..હા..! મારો અસંખ્યપ્રદેશ–દેશ. એમાં **'દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય,...'** આહા..હા..! **'જેના પરિણામે...' 'સમાધિ જોઈએ છે કે જેના પરિણામે...'** સમાધિ જોઈએ એવું ધ્યાન, એવી નિર્વિકલ્પતા એવા પરિણામથી અસંખ્ય પ્રદેશોમાં (પ્રગટ થાય). આહા..હા..! પાછા અસંખ્ય પ્રદેશ સિદ્ધ કર્યા. સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા..! અસંખ્ય પ્રદેશી, પ્રભુ ! એ અસંખ્ય પ્રદેશમાં જે ગુણ વ્યાપક છે... આહા..હા..! **'દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય,...'** જુઓ ! આહા..હા..! પોતાનો, ભગવાન આત્માના અસંખ્ય પ્રદેશ, એમાં પ્રત્યેક ગુણ એની.. એમાં અનંત અનંત ગુણ જે

છે એમાં **‘દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય,...’** દરેક ગુણ... આહા..હા..! અનંતા અનંતા અનંત અસંખ્યપ્રદેશમાં ગુણ છે. એ દરેક ગુણની... આહા..હા..!

એક તો અસંખ્યપ્રદેશી દ્રવ્ય સિદ્ધ કર્યું. એમાં અનંત ગુણ સિદ્ધ કર્યા. અને અનંત ગુણમાં એક એક ગુણ દરેક પોતાના પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય. કેમ કે એક ગુણની પર્યાય પરિપૂર્ણ પ્રગટે એમાં બીજા ગુણની પર્યાય પરિપૂર્ણ પ્રગટવાનું કોઈ સાધન નથી. એમ કહેવું છે. આહા..હા..! એ ગુણ જો ત્રિકાળ અસંખ્યપ્રદેશમાં અનંત છે. એના એક એક ગુણની પરિપૂર્ણ પરિણતિમાં બીજા ગુણ અને બીજી પર્યાય સાધન નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એથી એ શબ્દ વાપર્યો. **‘અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય,...’** અનંત અનંત ગુણ પોતાની પર્યાયે પ્રગટ થાય. આહા..હા..! અનંત ગુણનો પિંડ પ્રભુ ! અસંખ્ય પ્રદેશમાં એના પ્રત્યેક ગુણની પરિપૂર્ણ પર્યાય પ્રગટે, એવી મુનિરાજની ભાવના છે. આહા..હા..! ક્યારે શિષ્ય બનાવું ? ક્યારે મારી આબરુ વધે ? ક્યારે પુસ્તક બનાવું ? એવી ભાવના નથી. બનાવે છે, બને છે. પણ એ વિકલ્પ આવ્યો અને છુટી ગયો એટલું. આહા..હા..! આવી ભાવના ! ઓહો..હો..!

**‘દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે...’** પ્રત્યેક ગુણ પોતાની પર્યાયમાં અપૂર્ણ પર્યાયે તો પ્રગટ્યા છે. દરેક ગુણ અનંત ગુણ છે. એ ચોથે ગુણસ્થાને એક અંશ પ્રગટ્યો છે, તો મુનિને તો ઘણો અંશ વ્યક્ત પ્રગટ થયો છે. આહા..હા..! પર્યાયપણે, હોં ! સર્વગુણ તે સમકિત. આવ્યું ને ? સર્વગુણાંશ તે સમકિત. અહીં જ્ઞાનાદિ એકદેશ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એ આવ્યું છે. એકદેશ અને સર્વદેશ પૂર્ણ દશા પરમાત્મા થયો. એક દેશ તો પ્રગટ છે. આહા..હા..! પણ એક ગુણની પરિપૂર્ણ પર્યાય. આહા..હા..! જ્યાં કોઈ અપેક્ષા જ ન મળે. આહા..હા..!

**‘પ્રગટ થાય, ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટે.’** પર્યાય પ્રગટે એનો અર્થ એ કે **‘ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટે.’** શું કીધું ? કે પ્રત્યેક ગુણ અસંખ્ય પ્રદેશમાં છે એની પરિપૂર્ણ પર્યાય પ્રગટ થાય એટલે ? કે ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટ હો. ભગવાન જે આત્મા અનંત ગુણથી ભરેલો છે એનો પૂર્ણ વિલાસ પ્રગટે. આહા..હા..! પંચમ આરાના સંત પણ આવા હોય છે એમ કહે છે. એની વાત છે ને ? આહા..હા..!

મુનિરાજ **‘આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે...’** આહા..હા..!

'જયસેનાચાર્ય'માં ઓલી ભાવના આવે છે ને ? શ્રાવક સામાયિકમાં ભાવના. એનો અર્થ એણે ઇ કર્યો કે ભાવના એટલે ચિંતવનનો વિકલ્પ છે. ભાવનાનો અર્થ કોઈ શુદ્ધોપયોગ કરે છે એ વાત નથી. અરે..રે..! ભગવાન !

મુમુક્ષુ :- શુદ્ધોપયોગની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્યાં શુદ્ધોપયોગની ભાવના છે. સામાયિક છે, સમ્યગ્દષ્ટિ છે. અંદર સમતામાં આનંદમાં પડ્યા છે. એમાં શુદ્ધોપયોગ આવી જાય છે. આહા..હા..! 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવે છે ને ? એ લોકો નહિ. શુદ્ધ ભાવનાનો અર્થ ખોટો કરે છે. એની ચિંતવના છે કે આવું થાય છે. અરે..રે..! શું થાય ? થોડું વાંચ્યું હતું આ 'જ્ઞાનસાગર'નું. આહા..હા..! ક્યાં આત્મ અવલોકનની ભાષા અને ક્યાં એ ?

**'આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે...'** એ કેમ કહ્યું ? લીનતા તો છે. પણ **'અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે.'** આહા..હા..! શું પેરેગ્રાફ છે ને ! આહા..હા..! **'આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે.'** આહા..હા..! અંતર લીનતા દ્વારા સફળ કરે છે. આહા..હા..! કોઈ રાગ દ્વારા કે નિમિત્ત દ્વારા સફળ કરે છે એમ નથી. આહા..હા..! આવી વાતું !

મુમુક્ષુ :- અજાયબ ઘર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અજાયબ ઘર અજાયબ ગુણથી ભરેલું. ચૈતન્યચમત્કારથી પ્રભુ ભરેલો છે. આહા..હા..! જેનો એક એક ગુણ અનંતી શક્તિરૂપ અને એક એક ગુણ અનંતી પર્યાયમાં પ્રગટ થવાની લાયકાત છે. આહા..હા..! રાગાદિ ભેખ તો ઉપરની પર્યાયમાં વિકૃત છે. એનાથી (ભિન્ન) જ્યાં આત્મભાન થયું તો એનાથી ભિન્ન થઈ ગયો. એ વિકૃત અવસ્થાઓ તો નીચે રહી ગઈ. આવી ગયું હતું ને ? નીચે રહી ગઈ. ઊર્ધ્વ તો જ્ઞાયકભાવ રહ્યો. કાલે નીચે આવી ગયું. ૩૮૯ મો બોલ. **'જ્ઞાયક ઊંચે ચડીને-ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે.'** આહા..હા..! આનું નામ સિદ્ધાંત કહેવાય. છે ? આહા..હા..! લ્યો, **'સફળ કરે છે.'** ૩૯૦ થઈ ગયો, પૂરું થઈ ગયું, હોં ! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❀

કારતક વદ ૮, બુધવાર તા. ૨૨-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૯૧ થી ૩૯૩, પ્રવચન–૧૫૮

**અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.**

**જ્ઞાનીએ ચૈતન્યમહેલના તાળાં ખોલી નાખ્યા છે. અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે. ૩૯૧.**

૩૯૧, છે ને ? ૩૯૦ થયો. '**અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે...**' રાગનો કણ–અંશ છે, અંશ એ મારો છે એમ દૃષ્ટિ ત્યાં છે એથી એણે અનંત ગુણથી ભરેલા ભગવાનને તાળાં માર્યાં છે. આહા..હા..! ખજાનો ખોલ્યો નહિ. રાગનો કણ પણ ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ હોય એ પણ રાગ છે, એ ખરેખર તો પુદ્‌ગલ છે. આહા..હા..! એની જેને એકતા (છે), સ્વભાવ ત્રિકાળની સાથે એની એકતાબુદ્ધિ થઈ (નથી), એણે નિજ સમૃદ્ધિથી આનંદ આદિથી ભરેલા ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે. આહા..હા..! આવી વાત છે.

વસ્તુ છે આખી પૂર્ણાનંદ ને અનંત જ્ઞાન આદિ સ્વભાવથી ભરેલી સમૃદ્ધિથી, આદિ શબ્દ છે ને ? એટલે અનંત. જ્ઞાન-આનંદ આદિ એટલે અનંત સમૃદ્ધિથી ભરેલો. આહા..હા..! નિજ ચૈતન્યમહેલને પાછું એમ કે કોઈ બીજાના આત્માને, ભગવાનને એમ નહિ, પોતાનો નિજ આત્મ મહેલ. આહા..હા..! અંદર પ્રવેશ કરવો જોઈએ એને

ઠેકાણે તાળાં માર્યાં. આહા..હા..! બહુ ટૂંકા શબ્દો પણ એકદમ મૂળ મૂળ છે.

કહ્યું ને ? હમણાં ઓલો કાગળ આવ્યો છે કોઈ અર્ધ માગધીનો મોટો પ્રોફેસર છે. અહીં આવ્યો હતો રાજી થયો, બ્રાહ્મણ છે ... એમાં લખે તો નવ પદ ... સુધી અભ્યાસ કર્યો હશે. એમ કે, આ મેં વાંચ્યું છે, આ ભણ્યો છું ને, ગુરુની આવી વાણી હોય. આહા..હા..! વચનામૃતમાં તો એકલા રત્નો ભર્યા છે એમ લખ્યું છે. મોટો પ્રોફેસર અર્ધ માગધીનો. આહા..હા..! હવે હું એ રીતે મારા આત્માને ઉજ્જવળ કરવા પ્રયત્ન કરીશ, એમ લખ્યું છે. આહા..હા..!

અહીં એ કહે છે, પ્રભુ ! તારું તત્ત્વ જે છે, એમાં ન જતા તું બધે તત્ત્વમાં નથી, એવા રાગ ને પુણ્ય-પાપ ને બાહ્યમાં એકત્વબુદ્ધિથી, સ્વભાવની એકતા તોડી નાખીને રાગની એકતા કરી. આહા..હા..! એ અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન એને તેં તાળાં માર્યાં, પ્રભુ ! આહા..હા..! ભલે એ અગિયાર અંગ ભણ્યો હોય. આહા..હા..! અગિયાર અંગમાં તો અબજો, અબજો શ્લોકો પણ એ ભણેલા જ્ઞાનની પર્યાય છે એ તો પરલક્ષી છે. એમાં લીન છે એણે ચૈતન્ય સમૃદ્ધિના તાળાં માર્યા છે. આહા..હા..! રાગ અને પરલક્ષી જ્ઞાન, એની જેને અંતરમાં મહિમા છે એણે ભગવાન અનંત સમૃદ્ધિથી ભરેલો પ્રભુ એને સજ્જડ તાળાં માર્યાં. આહા..હા..! આવી વાત છે, બહુ ટૂંકામાં.

**'અને પોતે બહાર રખડ્યા કરે છે.'** આહા..હા..! આ શુભ વિકલ્પ ને આ અશુભ વિકલ્પ ને આ ઠીક છે ને આ અઠીક છે. આહા..હા..! પોતાની અનંત અનંત સમૃદ્ધિથી ભરેલો ભગવાન તેના સન્મુખમાં ન જતાં તેનાથી વિમુખ થઈને. આહા..હા..! એ શુભ-અશુભ ભાવમાં શોધી રહ્યો છે, જાણે આમાં કાંઈક છે, આમાં કાંઈક છે. એમ શાસ્ત્રનું જ્ઞાન કરીને પણ ગોતી રહ્યો છે કે આમાં કાંઈક છે. આહા..હા..! એ બહાર રખડ્યા કરે છે. આ રખડાવ થઈ ગયો છે, કહે છે.

**'જ્ઞાન બહારથી શોધે છે,...'** એટલે જ્ઞાન સ્વરૂપી ભગવાન છે તેનામાં ન જતા જાણે જ્ઞાન બહારથી આવતું હોય શાસ્ત્ર ભણવાથી, સાંભળવાથી. આહા..હા..! ભગવાનની વાણી ને શાસ્ત્રોને સાંભળતા એ જ્ઞાન જાણે બહારથી આવતું હોય. કારણ કે બાહ્યલક્ષી છે ને. આહા..હા..! જ્ઞાન તો અંતરના સ્વભાવમાંથી આવે તેને જ્ઞાન કહીએ. આહા..હા..! **'પોતે બહાર રખડ્યા કરે છે.'** આહા..હા..! વિકલ્પની જાળમાં રોકાયને બહારમાં રખડે છે. આહા..હા..! મહાપ્રભુ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણની

સમૃદ્ધિથી ભરેલો ભગવાન તેને જોતો નથી અને આ બહારનું જ્ઞાન અને રાગ એને જોવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? મુદ્દાની રકમની વાત ઝીણી પડે, બાપા ! પ્રભુ ! તું મહાપ્રભુ છો, ભાઈ ! આહા..હા..! એ પ્રભુતાને તેં તાળાં માર્યા. આહા..! અને પામર એવા રાગ અને અલ્પ પર્યાય જે છે જાણવાની એને તેં મહત્તા આપી. આહા..હા..!

હવે એ બહાર રખડ્યા કરે છે એની વ્યાખ્યા કરે છે. **'જ્ઞાન બહારથી શોધે છે,...'** જોયું ? પહેલી સાધારણ બે વાત કરી–તાળાં માર્યા ને બહાર શોધે છે, હવે બહાર શું ? આહા..હા..! **'જ્ઞાન બહારથી શોધે છે,...'** જાણે વાંચું ખુબ, સાંભળું ખુબ તો મને જ્ઞાન થાય. આહા..હા..! જ્ઞાન અંતરમાં સ્વભાવમાં છે એમાં એકાગ્ર થતાં જે જ્ઞાન આવે તે જ્ઞાન છે. એને ઠેકાણે અહીંથી જાણે જ્ઞાન (થાય). રાગ મંદ કરું તો જ્ઞાન થાય. આહા..હા..! અક્ષરના અનંતમાં ભાગે નિગોદના જીવને છે. એ જ્યારે માણસ થાય, આહા..હા..! ત્યારે દિગંબર સાધુ થાય ને અગિયાર અંગનું જ્ઞાન થાય. એ અગિયાર અંગનું જ્ઞાન છે એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનનું નિધાન, જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય અનંતી અનંતી કાઢ્યા કરે તો ખુટે નહિ એવું જ્ઞાન નિધાન છે, તેમાંથી જ્ઞાન કાઢતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :– નિધાન દેખે તો કાઢે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માટે જ કહે છે ને દેખવા જા ને. અહીં ક્યાં પડ્યો છો ? એ માટે જ કહે છે. આહા..હા..! જ્ઞાન જેની જ્ઞાનની પર્યાય છે એને અંદર જ્ઞાનમાં વાળ ને. આહા..હા..! ત્યારે જ્ઞાન થાય. બાકી બહારથી જેટલું ભણતર ને ભણતર એ બધું જ્ઞાન નથી. આહા..હા..! એ ભણતરના જ્ઞાનમાં પણ એકત્વબુદ્ધિ છે એણે જ્ઞાન સ્વરૂપી ભગવાનને તાળાં માર્યા છે. આવી વાત છે. ભાઈ ! 'નાઈરોબી'માં ક્યાંય નથી ત્યાં. આહા..હા..! શાસ્ત્ર બનાવું ને શાસ્ત્ર બહાર પાડું બહુ તો જ્ઞાન મારું બહારમાં પ્રગટે. એ એક બાહ્ય બુદ્ધિ છે. આહા..હા..!

**'જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે,...'** જાણે કે સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, પૈસામાં સુખ છે. અરે..! અશુભભાવમાં સુખ છે અને શુભભાવમાં સુખ છે એમ માની ત્યાં અટકે છે. આહા..હા..! બે બોલ મુખ્ય લીધા છે. આહા..હા..! **'બધું બહારથી શોધે છે.'** પછી મેળ કર્યો. ઓલો આનંદ આદિ છે

ને ? આદિ. આહા..હા..! **'જ્ઞાન બહારથી શોધે છે,...'** બહુ વાંચુ ને બહુ ભણું, બહુ સાંભળું તો મને જ્ઞાન થાય. આહા..હા..! આવી વાતું છે.

એમ **'આનંદ બહારથી શોધે છે,...'** આહા..હા..! પૈસામાં સુખ, સ્ત્રીના વિષયમાં સુખ, આબરૂમાં સુખ, બહારથી મારા કોઈ વખાણ કરે તો એમાં સુખ. આહા..હા..! અર..ર..! મારી કોઈ પ્રશંસા કરે ને તો મને ઠીક પડે. આહા..હા..! **'બધું બહારથી શોધે છે.'** જોયું ? ત્રણે આવી ગયું. જ્ઞાન, આનંદ અને બીજા બધાય. આહા..હા..! બધું બહારથી શોધે છે. હવે એનો સરવાળો કરે છે. આહા..હા..!

**'પોતે ભગવાન હોવા છતાં...'** સમજાણું કાંઈ ? **'પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.'** આહા..હા..! પોતામાં બધું પડ્યું છે એવો ભગવાન હોવા છતાં બહારથી કાંઈ મળે એમ ભિક્ષા માગે છે. ભગવાન ભિક્ષા માગે છે. આહા..હા..! ભિક્ષા માગ્યા કરે છે, પાછું ભિક્ષા માગ્યા કરે છે એમ ભાષા છે. ભિક્ષા માગે છે એમ નહિ. ભિક્ષા માગ્યા કરે છે. જ્યારે-ત્યારે બહારથી, બહારથી. ભિક્ષા માગે છે તે એકવચન થઈ ગયું એકવાર. આહા..હા..! **'ભિક્ષા માગ્યા કરે છે.'** આહા..હા..! આ એક પેરેગ્રાફ, હવે એની સામે.

**'જ્ઞાનીએ...'** ધર્મીએ, સમ્યગ્દષ્ટિએ, આહા..હા..! **'ચૈતન્યમહેલના તાળાં ખોલી નાખ્યા છે.'** ઓલા જ્યારે તાળાં મારી દીધા છે ત્યારે અહીં ખોલી નાખ્યા છે. આહા..હા..! અનંત ગુણનો પિંડ પ્રભુ, તેની સન્મુખમાં જે એકાગ્રતા થઈ. આહા..હા..! એ રાગની એકતા તૂટી ગઈ અને સ્વભાવની એકતા થઈ (તો) ખુલી ગયા નિધાન. આહા..હા..! ભલે થોડું જ્ઞાન હોય પણ એ જ્ઞાનને વિજ્ઞાન કહ્યું છે. ૧૪મી ગાથામાં અર્થમાં (છે). અને અજ્ઞાનીનું અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન. આહા..હા..! તે અજ્ઞાન છે અને ધર્મીને દ્રવ્ય સ્વભાવનું–વસ્તુના સ્વભાવનું એકાગ્ર થઈને જે જ્ઞાન થયું છે, ભલે એ થોડું હોય છતાં તે વિજ્ઞાન છે અને ચૈતન્યના એકતાબુદ્ધિના તાળાં ખુલી ગયા છે. આહા..હા..! હવે આવો ઉપદેશ. આહા..હા..!

**'અંદરમાં જ્ઞાન-આનંદ આદિની...'** માથે શબ્દ હતો ને ? **'અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા...'** હવે સવળું આવ્યું. **'અંદરમાં જ્ઞાન ને આનંદ આદિ...'** એટલે બધું આવી ગયું, ઉપર કહ્યું તે. **'અખૂટ સમૃદ્ધિ દેખીને,...'** આહા..હા..! અજાયબ ગુણથી ભરેલું અજાયબઘર. આહા..હા..! એ આવી ગયું છે. આહા..હા..! એને જેણે અંદર

જોયો અને અનુભવ્યો. આહા..હા..! એને જ્ઞાન આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, ખૂટે નહિ એવી સમૃદ્ધિ છે. આહા..હા..! ખજાનો છે આખો. આહા..હા..!

**'જ્ઞાન-આનંદ આદિ (એટલે અનંત ગુણો) એની અખૂટ સમૃદ્ધિ દેખીને,...'** આહા..હા..! **'અને થોડી ભોગવીને,...'** આહા..હા..! જાણવામાં-દેખવામાં પૂર્ણ અખૂટ સમાધિ આવી પણ ભોગવવામાં પૂર્ણ અખંડ સમાધિ આવી નથી. આહા..હા..! **'થોડી ભોગવીને,...'** અનંત... અનંત... અનંત ગુણની સમૃદ્ધિના તાળા ખૂલી ગયા પણ ખીલવટમાં જે પર્યાય આવી છે એ તો અલ્પ છે. ત્રિકાળ જે ગુણનો દરિયો ભગવાન, આહા..હા..! એમાંથી એક નમૂનો બહાર આવ્યો. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ શાંતિ, આનંદ એને ભોગવીને. આહા..હા..!

**'તેને પૂર્વે કદી નહોતી અનુભવી...'** આહા..હા..! **'તેને પૂર્વે કદી...'** અહીં ભોગવીને કીધું ને ? અનંત આનંદમાંથી થોડો આનંદ, થોડું જ્ઞાન, થોડું વીર્ય વગેરે ... શુદ્ધ અનંત ગુણની થોડી ભોગવીને, **'તેને પૂર્વે કદી નહોતી અનુભવી...'** અનંત... અનંત... અનંત... અનંત... કાળમાં, પ્રવાહમાં. આહા..હા..! **'એને નહોતી ભોગવી (અનુભવી) એવી નિરાંત થઈ ગઈ છે.'** લ્યો ! સંતોષાય ગયો છે, કહે છે. આહા..હા..! જેને હવે બહારથી કાંઈ જોઈતું નથી. આહા..હા..! અંદરમાં અખૂડ ખજાનો જાણ્યો, જોયો એમાંથી થોડો બહાર અનુભવ્યો. આહા..હા..! **'એવી નિરાંત થઈ ગઈ છે.'** લ્યો ! આ એક પેરેગ્રાફ થયો. ૩૯૧. આહા..હા..!

**એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતા કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ ? જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો ? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે. ૩૯૨.**

૩૯૨, **'એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.'** આહા..હા..! એક ચૈતન્યતત્ત્વ જે વસ્તુ... વસ્તુ... વસ્તુ... આહા..હા..! ચૈતન્ય તત્ત્વ, ચૈતન્ય વસ્તુ, ચૈતન્ય સત્ત્વ, આહા..હા..! એ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. પહેલાં આવી ગયું છે. ઉત્કૃષ્ટ છે એમ આવી ગયું છે ક્યાંક. ઉત્કૃષ્ટ છે ને ક્યાંક ? સર્વોત્કૃષ્ટ હતું. ૩૭૯. **'જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે.'** ઇ. આહા..હા..! **'તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી...'** આહા..હા..! અહીં એ કહે છે.

હવે અહીં બીજી વાત છે જરીક, **'એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.'** આહા..હા..! **'વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય.'** આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! વિશ્વમાં, અનંત અનંત પદાર્થ સ્વરૂપી વિશ્વ, એમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. આહા..હા..! ચક્રવર્તીનું રાજ ને ઇન્દ્રના ઇન્દ્રાસનો એ કાંઈ વિભૂતિ ચૈતન્યથી વિશેષ નથી, એ તો બહારની ધૂળ છે. આહા..હા..! **'કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય.'** આહા..હા..!

**'તે ચૈતન્ય તો તારી પાસે જ છે.'** એટલે તું જ છો એમ. તારી પાસે શબ્દ લઈ, પર્યાયની પાસે છે ને. આહા..હા..! એક સમયની પર્યાયની પાસે જ છે એ તત્ત્વ. આહા..હા..! અને તે તું જ છો, **'તું જ તે છો.'** એમ ભાષા લીધી, **'તું જ તે છો.'** આહા..હા..! પાસે છે કહીને પછી તું, તું જ છો (એમ કહ્યું). આહા..હા..! ચૈતન્ય તો તારી પાસે જ છે. આહા..હા..! **'તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ ?'**

કો'ક હમણાં કહેતું હતું કે, 'મુંબઈ'માં એ કમળાનો રોગ છે એમ કો'ક કહેતું હતું. એમ કો'ક કહેતું હતું. બે હમણાં મરી ગયા ને બે ? કહે છે કમળાનો રોગ છે. એ પણ હશે, હોં ! એ તો લીવરમાંથી કાંઈક થાય છે, કો'ક કહેતું હતું. આહા..હા..! બે, ચાર દિ'માં ફડાક દેહ છૂટીને ચાલ્યો જાય. આહા..હા..! આ તો એક સેકન્ડમાં રાગથી છૂટીને અંદરમાં ચાલ્યો જાય. આહા..હા..! એવી નીરોગી વસ્તુ ભગવાન,.. આહા..હા..! એને પકડ. આહા..હા..!

આ ઉપસર્ગ કહ્યો ને ? આ કમળાનો રોગ આવે, ક્ષય રોગ થઈ જાય, સર્પ કરડે, વીંછી કરડે, દેહ છૂટવાનો પ્રસંગ આવી જાય, હાડ અટકી જાય, હાડ ફેઈલ

આ લોહી જામીને શ્વાસ પણ લેવાય નહિ. આહા..! એવો ઉપસર્ગ આવતા કે શરીર છૂટવાના પ્રસંગમાં, એમ છેલ્લી સ્થિતિ, પહેલી સ્થિતિ શરૂઆતમાં આવી, મૃત્યુ પહેલાં. આહા..હા..! **'ઉપસર્ગ આવતા કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ ?'** આહા..હા..! ભગવાન તું પૂર્ણાનંદનો નાથ તો તું છો ને અંદર. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! દુનિયા ક્યાં પડી ને વસ્તુ ક્યાં રહી ગઈ.

**'જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે,...'** આહા..હા..! રોગ છે એ તો શરીરમાં છે, છરાના ઘા પડે તો એ શરીરમાં છે, અડતા તો નથી પણ... આહા..હા..! આવી વાતું. પણ બાધા પહોંચાડે છે એ તો પુદ્‌ગલને પહોંચાડે છે, ભગવાનઆત્માને કોઈ બાધા પહોંચાડી શકે છે ? આહા..હા..! શાશ્વતનું ચૈતન્ય રત્ન ભગવાન અનંત ગુણથી શોભતું જળહળતું, જળહળતું તેજ જેનું, એને કોણ બાધા પહોંચાડી શકે ? આહા..હા..! બાધા પહોંચાડે તો શરીરને, આહા..હા..! એટલે પુદ્‌ગલને.

મુમુક્ષુ :– બીજાને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજાની વાત તો શું કરવી, અહીં તો શરીર ઉપરની વાત આવી. સ્ત્રી, કુટુંબ ને ફલાણા-ઢીંકણા મળ્યા ને પછી મર્યા ને એની સાથે કાંઈ નહિ. અહીં તો હવે અહીં શરીરની સાથે ઉપસર્ગ આવે અંદર. આહા..હા..! તો એ કાંઈ ઉપસર્ગ આત્માને નથી આવતો. આહા..હા..!

**'જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ, હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે.'** આહા..હા..! તારું તો મંગળકારી.. આહા..હા..! અને આશ્ચર્યકારી તત્ત્વ છે. મંગળ સ્વરૂપ, મંગળકારી એમ. આહા..હા..! આશ્ચર્યકારી તારું તત્ત્વ પ્રભુ તને, આહા..હા..! **'તો પછી તને ડર શાનો ?'** આવું છે તત્ત્વ પછી તને ડર શાનો ? આહા..હા..! **'સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર,...'** આહા..હા..! દેહ છૂટવાનો પ્રસંગ આવે ખ્યાલ આવે કે આ દેહ છૂટવાનો પ્રસંગ જ છે. અંદર જા ને ! એ છૂટશે તો છૂટું હતું તે છૂટશે. આહા..હા..!

અંતર આનંદ સ્વરૂપમાં સમાધિમાં જા ને ! આત્માનું ધ્યાન સમાધિમાં સ્થિર થઈ, સમાધિ એટલે ? આહા..હા..! આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત જે વીતરાગી શાંતિ એ સમાધિ. આહા..હા..! ભાષા જુદી, બાપુ ! ભાવ જુદી ચીજ છે. આહા..હા..! ભગવાનઆત્મા સમાધિ સ્વરૂપ જ છે. એટલે કે જેમાં આધિ, વ્યાધિ, ઉપાધિ છે નહિ.

એની અંદરમાં દૃષ્ટિ કરીને એનું સ્થિર ધ્યાન કર. આહા..હા..! પર્યાયને દ્રવ્યમાં વાળી લે. એ સમાધિનું ધ્યાન કહેવાય. આહા..હા..! આત્મામાં સ્થિર થઈને, આત્મામાં સ્થિર થઈને એટલે સમાધિમાં સ્થિર છે. ઓલો રાગમાં છે ને એને અહીં સ્થિર થઈને એમ કહે છે. આહા..હા..! હવે આવી વાતું.

**'સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર,...'** આહા..હા..! ભગવાન ભગવાન, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... એ કાંઈ આત્માનું ધ્યાન નથી, એ તો વિકલ્પ છે, એ તો દુઃખરૂપ છે. ણમો અરિહંતાણં કહેતા દેહ છૂટી ગયો, તો શું થયું ? એ તો વિકલ્પ છે અને એ તો દુઃખરૂપ છે. આહા..હા..! તારો નાથ જે યાદ આવ્યો છે તને વસ્તુના અનુભવમાં એમ કહે. આહા..હા..! એને યાદ કરીને ત્યાં જા ને, એકાગ્ર થા ને. આહા..હા..! બીજા ભગવાનને યાદ ક્યાં કરવા જા છો. આહા..હા..!

જે વસ્તુ સ્વભાવ પરિપૂર્ણ આનંદ આદિ એની દૃષ્ટિ થઈને વેદન થયું છે તો હવે તું ત્યાં જા. એવા અવસર કાળે કે દેહના છૂટવા કાળે. બે વાત લીધી. જિંદગીમાં જીવન-મૃત્યુ પહેલાં ઉપસર્ગ કાળે અને મૃત્યુ વખતે, બે (વાત) આવી. આહા..હા..! **'સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર,...'** આહા..હા..! નવકારનું ધ્યાન કર, એમેય ન આવ્યું અહીં તો. ગુરુને યાદ કર, ભગવાનને યાદ કર. આહા..હા..! એક આત્માનું એટલે કે ગુણ, પર્યાયનું ને ભેદ નહિ. આહા..હા..! પરનું તો નહિ, પર દેવ-ગુરુનું (તો નહિ), પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનું પણ નહિ. આહા..હા..! કારણ કે ત્રણનું જ્યાં ધ્યાન કરવા જાય તો વિકલ્પ દુઃખ થશે. આહા..હા..! આવશ્યકમાં આવે છે ને ? આહા..હા..! તેથી એક આત્મા એમ લીધો છે. આહા..હા..! આ દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે, એવા ત્રણ ભેદના વિચારમાં જઈશ તો પણ રાગ થશે. આહા..હા..! એ પણ આકુળતા થશે. આહા..હા..!

**'એક આત્માનું,...'** આહા..હા..! એનું ધ્યાન એ પર્યાય છે. એક આત્મા તે દ્રવ્ય ત્રિકાળી અભેદ. આહા..હા..! તેનું ધ્યાન તે પર્યાય છે. આહા..હા..! મરતા મને સંભળાવો, એ તો બધો વિકલ્પ છે, સાંભળવું એ તો. આહા..હા..! એક આત્મા, આહા..હા..! એનું અંદર ધ્યાન કર. **'ભય છોડી દે.'** એ તો પછી નાસ્તિથી વાત કરી. અરે..! શરીર છૂટે છે, આ થાય છે, હાય..હાય..! ક્યાં જાશું ? ક્યાં જાય, અંદરમાં

જા ને. ત્યાં રહીશ. આહા..હા..! શબ્દો તો સાદા છે પણ ભાવ તો (ગંભીર છે). આહા..હા..!

ઓલો પ્રોફેસર ખુશી થઈ ગયો. મોટો પંડિત. કો'ક ભાઈ કહે છે, અહીં શિક્ષક હતાં પહેલાં. ગુરુકુળમાં. એવો કાગળ આવ્યો છે ખૂબ... આહા..હા..! અરે..! મને આ ચૈતન્ય વચનામૃત આપ્યું. આહા..હા..! હું ઘણો ભાગ્યશાળી. આ તો ચૈતન્ય રત્ન ખજાના ભર્યા છે અંદર. આહા..હા..! એમાં શું જેની જેટલી કિંમત છે એટલી કરવી એનો અર્થ શું ? આહા..હા..! એ..ઇ..! **'ભય છોડી દે.'** આહા..હા..! બે પેરેગ્રાફ થયા. એકલા ... થાય છે ને બહારના દાખલાથી. આહા..હા..!

**જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો. જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ? જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.**

**સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને;-તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે, પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.-આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે. ૩૯૩.**

૩૯૩, **'જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય...'** ખરેખર છૂટવું હોય. મારે ભવભ્રમણ નથી કરવું, નથી કરવું એવી વાતું ભલે કરે. આહા..હા..! સમજાણું કાંઈ ? 'ભવભયથી ડરી ચિત' નથી આવતું ?

મુમુક્ષુ :– 'યોગસાર'.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, 'યોગસાર'. ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય, એમ શબ્દ છે. અમારે તો ભવ જોતો નથી એમ વાતું કરે પણ ખરેખર મારે ભવભ્રમણ જ કરવું નથી એવી અંદરમાં (લય લાગે). આહા..હા..! ભવ કરવા એ તો કલંક છે. ભગવાનને ભવ ? આહા..હા..!

**'ભવ ભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી,...'** એટલે ? છૂટવું હોય ભવથી તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પર પદાર્થથી ભિન્ન ભગવાન છે એમ નક્કી કરી. આહા..હા..! જેને રાગ ને કર્મની સાથે સંબંધ જ નથી કાંઈ. એવી ચીજ છે એમ એણે નિર્ણય કરી. આહા..હા..! નક્કી કરી. છે ? આહા..હા..! **'પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી,...'** તેમાં દેવ, ગુરુ ને શાસ્ત્ર એ પરદ્રવ્ય આવ્યા. આહા..હા..! **'પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી,...'** રાગથી માંડીને બધા પરદ્રવ્ય છે, બધા. અજીવ છે. આહા..હા..! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, એનાથી રાગાદિ બીજા બધા પરપદાર્થ છે એમ નક્કી કરી. આહા..હા..! એ ધર્માસ્તિ આદિમાં આવી ગયું છે નહિ ? છ ધર્મ આદિ હું નથી, એમ પરજીવ પણ હું નથી. 'જીવ અધિકાર'માં 'જીવ અધિકાર'માં આવ્યું છે. આ પરજીવ નથી એટલે દેવ-ગુરુ-શાસ્ત્રનો જીવ છે એ હું નથી. આહા..હા..! લોકોને આકરું લાગે.

તે દિ' (સંવત) ૨૦૧૦ની સાલમાં વ્યાખ્યાન ચાલતું હતું. 'બોટાદ'માં. (એક ભાઈ) હતા. કારણ કે એ તો ભક્તિમાં ને બધા અગાસ જનારા. એટલે દેવ-ગુરુ એ પર ? એ તો શુદ્ધ છે ને ! પણ શુદ્ધ છે તો શું ? ભક્તિ કરે, અગાસ જાય વારંવાર. આહા..હા..! હવે આ આટલી એને ખબર નહિ. આહા..હા..! તે દિ' તો 'લલ્લુજી' ત્યાં હતા. એમાં જતા, ત્યાં મકાન રાખ્યું હતું. આહા..હા..! આ તો ૨૦૧૦ની સાલની વાત છે, પચ્ચીસ વર્ષ થયા. 'બોટાદ'માં શું કહેવાય એ ? મકાન, મ્યુનિસિપાલીટીના મકાન, હોલ. ત્યાં વ્યાખ્યાન થાતું. દેવ-ગુરુ એ તો શુદ્ધ છે, પવિત્ર છે એ પરદ્રવ્ય કહેવાય આત્માથી ? એમ કહે. અરે..! બાપુ ! પાંચ પરમેષ્ઠી છે એ પણ પરદ્રવ્ય છે, પ્રભુ ! આહા..હા..!

**'પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી,...'** આહા..હા..! **'પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી,...'** આહા..હા...! પોતાનો જે ધ્રુવ સ્વભાવ છે એનો મહિમા, પર્યાયમાં એનો મહિમા લાવી. આહા..હા..! પરપદાર્થથી ભિન્ન નક્કી કરી અને ધ્રુવ સ્વભાવનો પર્યાયમાં મહિમા લાવી. આહા..હા..! એટલે પરદ્રવ્યથી ભિન્ન થયું. હવે ધ્રુવ જ્ઞાયક સ્વભાવ છે તેનો મહિમા લાવી એ પર્યાય થઈ. ત્રિકાળી જ્ઞાયક ભગવાન પૂર્ણ આનંદમૂર્તિ પ્રભુ ! આહા..હા..! એનો મહિમા, પર્યાયમાં મહિમા લાવી. ધ્રુવનો પર્યાયમાં મહિમા લાવી. આહા..હા..! કારણ કે અનુભવ તો પર્યાયમાં છે, કાંઈ ધ્રુવનો અનુભવ નથી. છતાં શાસ્ત્રમાં એમ આવે, પર્યાયનો અનુભવ ને ધ્રુવનો અનુભવ. એટલે ? ધ્રુવ ઉપર લક્ષ ગયું છે તેથી ધ્રુવનો અનુભવ એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**'પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો...'** ભગવાનઆત્મા પોતાનો ધ્રુવ સ્વભાવ જે જ્ઞાયક છે. આહા..હા..! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** આવ્યું છે ને ? આહા..હા..! એવો જે જ્ઞાયક ભગવાનઆત્મા, આહા..હા..! જેમાં અનંત શાંતિ ને સમૃદ્ધિ આનંદની ઋદ્ધિ પડી છે. આહા..હા..! એવો જે આ ભગવાનઆત્મા, આહા..! તેની મહિમા લાવી. પરદ્રવ્ય ને રાગની ને પર્યાયની મહિમા છોડી દઈ. આહા..હા..! પર્યાયમાં રાગ અને પોતાની પર્યાયની મહિમા છોડી દઈ, પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ સ્વભાવની મહિમા લાવી. આહા..હા..! **'સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.'** આહા..હા..! સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો,... આહા..હા..! પ્રયાસ કરવો. પ્રથમ ધર્મની દશા. જો કે ધર્મ તો ચારિત્ર છે. 'चरित्तं खलु धम्मो' પણ એ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય શકે નહિ. આહા..હા..! સમ્યગ્દર્શન જે આત્માનો અનુભવ, એની જે પ્રતીતિ, એવી જ્યાં પ્રતીતિ આવી નથી, સમ્યગ્દર્શન આવ્યું નથી, સાચું પૂર્ણ દર્શન... આહા..હા..! એને તો ચારિત્ર હોય શકે જ નહિ. ભલે વ્રત ને તપ ને ભક્તિ લાખ, કરોડ કરે, એ ચારિત્ર નથી. આહા..હા..!

એથી કહે છે કે **'સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.'** આહા..હા..! **'જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય...'** આહા..હા..! શું કહે છે ? ભગવાનઆત્મા જે ધ્રુવ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ સત્ એમાં જે આત્મા ધ્રુવ છે, ધ્રુવ છે. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ ! આહા..હા..! એનો જો આશ્રય ન હોય, ધ્રુવરૂપી જ્ઞાયક ભૂમિનો

આશ્રય ન હોય. એકલો ધ્રુવ એમ નહિ પણ ધ્રુવ કોને કહેવો અહીં ? ધ્રુવ તો પરમાણુ પણ ધ્રુવ છે. એથી આ ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય. આહા..હા..! જેની ધ્રુવ જ્ઞાયકભૂમિ છે ત્રિકાળ. આહા..હા..! ભગવાનઆત્માની **'એનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ?'** આહા..હા..!

**'ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ...'** આહા..હા..! મોક્ષનો માર્ગ જે સાધન એ સાધનાનું બળ કોને આશ્રયે પ્રગટશે ? આહા..હા..! **'કોના આશ્રયે પ્રગટ કરે ?'** જ્ઞાયક ચિદાનંદ પ્રભુ ધ્રુવ, એના આશ્રયની ભૂમિકા વિના. આહા..હા..! **'સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ?'** આહા..હા..! શું પર્યાયને આશ્રયે પ્રગટ થાય સાધન ? આહા..હા..! દયા, દાન, વ્રત, વ્યવહાર, રત્નત્રયને આશ્રય આ સાધન પ્રગટ થાય ? આહા..હા..! ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય... આહા..હા..! તો જીવ સાધનાનું બળ, સ્વરૂપના સાધનનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ? આહા..હા..! બહુ થોડાક શબ્દોમાં...

મુમુક્ષુ :– પરમ સત્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરમ સત્ય છે એકલું. કહે છે કે, પૂર્ણ જ્ઞાયક ધ્રુવ સ્વભાવ એના આશ્રય વિના... આહા..હા..! **'જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ?'** આહા..હા..! ધ્રુવ જ્ઞાયક સ્વભાવને આશ્રયે સાધનાનું બળ પ્રગટ થાય. આહા..હા..! સિદ્ધાંત ગોઠવ્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ સાધના એનું બળ એ ધ્રુવને આશ્રયે પ્રગટ થાય. આહા..હા..! એને સાધના જે પ્રગટી છે એને આશ્રયે પણ એ સાધના પ્રગટ ન થાય. સમજાણું કાંઈ ? આહા..હા..! બહુ ટૂંકું. ત્યાં લીટી કરી છે તે દિ'.

ધ્રુવ જ્ઞાયકભૂમિ, ધ્રુવ પણ જ્ઞાયકભૂમિ આત્મા. પરમાણુ ધ્રુવ છે પણ એ કાંઈ જ્ઞાયકભૂમિ નથી. આહા..હા..! આવો ઉપદેશ હવે આમાં ક્યાં... ઓલા વ્રત કરો ને અપવાસ કરો ને.. 'શ્રેણિક રાજા'ની રાણીએ ઉપવાસ કર્યા હતા બહુ. ... આવે છે એટલે આ કરો તમારે નિર્જરા થશે. આહા..હા..! એક આર્જિકા કહેતી હતી કે બીજી બધી તમે વાત (કરો) પણ તપમાં નિર્જરા ન માનો ? તપ તો નિર્જરા છે, ઉપવાસ કરવો. અરે..! ભાઈ ! અપવાસ છે એ તો રાગની મંદતા હોય તો ઉપવાસ કહેવાય. અપવાસ છે, માઠો વાસ છે. આહા..હા..! ઉપવાસ વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકભાવ એના સમીપમાં વસે નહિ તો એને ઉપવાસ કહેવાય જ નહિ. આહા..હા..!

આમાં એ તતની વ્યાખ્યા કરી છે, હોં ! આમાં આ છે ને ? 'આત્માવલોકન' નહિ ? દયાની વ્યાખ્યા કરી છે. વિકારમય પરિણામો દ્વારા અપને નિજ સ્વભાવકા ઘાત નહિ કરના, અપને સ્વભાવકા પાલન કરના દયા હૈ. આ દયા છે. પરની દયા એ દયા (નથી). 'દીપચંદજી'. પછી એણે તપ લીધો છે ક્યાં છે ? વ્રતનું લક્ષણ :– એ બધામાં બહુ સારું આવે છે. ક્યાંક તપનું મુક્યું છે. તપકા લક્ષણ :– તપ કોને કહેવો ? શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઇષ્ટ મિત્ર, શત્રુ, પરજ્ઞેયોંકો છોડના આદિ મમતા રહિત પરિણતિ હોના, તથા ઉસમે .... હોના ઔર અપને સ્વભાવમેં સ્થિરતા હોના ઐસી તપસ્યા હી તપ કહલાતી હૈ. આહા..હા..! આ 'દીપચંદજી'નું છે, 'આત્માવલોકન'. આનું નામ તપ છે. અપવાસ-ઉપવાસ કર્યા ને થઈ ગઈ તપસ્યા, લાંઘણું છે એ તો. આહા..હા..! છે ? આહા..હા..! .... અંતર આનંદ સ્વભાવમાં શોધન કરવું, સ્થિરતા કરવી એનું નામ તપ છે. બાકી બધી લાંઘણું છે. બહુ વ્યાખ્યા કરી છે.

વ્રતનું લક્ષણ :– ઇન્દ્રિય મન અને ભોગાદિક(કી) ઓર જાનેસે અપને પરિણામોંકા રોકના. ઇન્દ્રિય મન ને ભોગ તરફ જાને સે મનકો રોકના એ વ્રત. બહુ સારી કરી છે (વ્યાખ્યા). આહા..હા..! પહેલાંના પંડિતો તો,.. શું કીધું ઇ ?

જે સ્વભાવનું સાધન છે, પૂર્ણ સ્વભાવનું કેવળ પામવાનું એ સાધન જ્ઞાયકના આશ્રય વિના કોના બળે સાધન કરીશ ? બરાબર છે ? આહા..હા..! **'ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ?'** આહા..હા..! નિમિત્તને આશ્રયે સાધનાનું બળ ન આવે, રાગને આશ્રયે ન આવે, પર્યાયને આશ્રયે ન આવે. આહા..હા..! દ્રવ્ય, ગુણ ને ભેદને આશ્રયે ન આવે. એ ધ્રુવ છે તેને આશ્રયે સાધનાનું બળ આવે. આહા..હા..! બહુ જ ભાષા ટૂંકી અને એકદમ મર્મ રહેલ છે. આહા..હા..!

**'ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ? જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં,...'** આહા..હા..! ચૈતન્ય દળ જે ધ્રુવ છે એની ભૂમિ એટલે સ્થાન. તેની દૃષ્ટિ જામતાં. આહા..હા..! **'જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.'** નિર્મળતા પ્રગટ થતી જાય છે, થાય છે એમ નહિ, થતી જાય છે. જેના આશ્રયે વિશેષ નિર્મળતા પ્રગટી. આહા..હા..! ધ્રુવને આશ્રયે. **'भूदत्थमस्सिदो खलु'** ત્રિકાળી

ભગવાન પરમાનંદ પ્રભુ ધ્રુવ એના આશ્રયે સાધનાનું બળ પ્રગટ થાય છે બાકી નિમિત્તને ને પર્યાયને આશ્રયે એ બળ પ્રગટ થતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❁

સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં વસ્તુસ્વરૂપની એવી પરિપૂર્ણતાની જાહેરાત કરી છે કે દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂરો પરમેશ્વર છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી તેમ જ દરેક જડ પરમાણુ પણ તેના સ્વભાવથી પરિપૂર્ણ-જડેશ્વર ભગવાન - છે. આ રીતે ચેતન ને જડ દરેક પદાર્થ સ્વતંત્ર અને પોતાથી જ પરિપૂર્ણ છે, કોઈ તત્ત્વ કોઈ બીજા આશ્રય માંગતું નથી. આમ સમજીને પોતાના પરિપૂર્ણ આત્માની શ્રદ્ધા અને આશ્રય કરવો ને પરનો આશ્રય છોડવો તે પરમેશ્વર થવાનો પંથ છે.

'પરમાગમસાર' બોલ નં. ૭૩૭.

❁

આ આત્મસ્વભાવની વાત ઝીણી પડે તો વધુ ધ્યાન રાખીને સમજવા જેવી છે. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ હોય. જીવે એક સ્વની સમજણ વિના બીજું બધું અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઈક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાંચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠાં-વાર્તા સંભળાવે છે, બાહ્ય પ્રવૃત્તિ બતાવે છે, એ રીતે બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી ધર્મનું સ્વરૂપ ભાજી મૂળા જેવું સોંઘુ બનાવી દીધું છે. આત્મસ્વભાવની જે વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મક બુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર ધર્મની વાત તદ્દન જુદી હોય છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વરૂપ છે તે ન સમજાય એવું અઘરું હોય જ નહિ. રુચિથી અભ્યાસ કરે તો દરેક જીવ પોતાનું આત્મસ્વરૂપ સમજી શકે છે. માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ. ૭૩૮. 'પરમાગમસાર' બોલ નં. ૫૧૪.

કારતક વદ ૯, ગુરુવાર તા. ૨૩-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૯૩-૩૯૪, પ્રવચન–૧૫૯

૩૯૩ બોલ. બીજો પેરેગ્રાફ છે.

**'સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે,...'** શું કહે છે ? જેને ધર્મની દૃષ્ટિ થઈ, તો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, એના ઉપર દૃષ્ટિ હોય છે. દૃષ્ટિ છે એ પર્યાય છે. પણ પર્યાયવાન વસ્તુ ધ્રુવ છે. ધર્મીની, સાધકજીવની એ ઉપર કાયમ દૃષ્ટિ હોય છે. આહા..હા..! છે ? **'સાધક જીવની દૃષ્ટિ નિરંતર...'** એમ શબ્દ પડ્યો છે. જે ધ્રુવ ધામ ધ્રુવ ધામ ધ્રુવની **'દૃષ્ટિ નિરંતર...'** ગમે તે શુભાશુભ વિકલ્પ આવે, તો પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર કાયમ **'શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે,...'** આહા..હા..! આવી વાત છે.

એમ હોવા છતાં. **'છતાં...'** એટલે. **'સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે,...'** આહા..હા..! એની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર નહિ, એની દૃષ્ટિ પર્યાય ઉપર નહિ, એની દૃષ્ટિ નિમિત્ત ઉપર નહિ. આહા..હા..! આવી વાત છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ, એની દૃષ્ટિ તો કાયમ ધ્રુવ ઉપર છે. આહા..હા..! **'છતાં સાધક જાણે છે...'** ધર્મી સમ્યગ્દૃષ્ટિ, દૃષ્ટિ કાયમ શુદ્ધાત્મ દ્રવ્ય ઉપર હોવા છતાં એના જ્ઞાનમાં **'સાધક જાણે છે બધાંને;—'** આહા..હા..! ત્રિકાળને પણ જાણે, પર્યાયને પણ જાણે, રાગ હોય એને પણ જાણે. આહા..હા..! આવું કામ છે.

**'તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે...'** આહા..હા..! આત્મા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન, પ્રભુ, એની દૃષ્ટિ ત્યાં હોવા છતાં પણ નિરંતર દૃષ્ટિ ત્યાં હોવા છતાં પણ સાધક જ્ઞાનમાં ત્રિકાળને પણ જાણે, પર્યાયને પણ જાણે, રાગને પણ જાણે, એ ગુણ-ગુણી ભેદને પણ જાણે. આહા..હા..! આવી વાત છે. વીતરાગમાર્ગ... વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળી આનંદરસકંદ પ્રભુ, એ ઉપર દૃષ્ટિ હોવા છતાં, નિરંતર ત્યાં દૃષ્ટિ

હોવા છતાં, સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળને પણ જાણે, પર્યાયને પણ જાણે, રાગને પણ જાણે, **'શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે...'** આહા..હા..! છે ? **'અને તે જાણતાં...'** શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે. આહા..હા..! આકરી વાત, બાપુ ! પ્રભુ ! તારો માર્ગ... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમણે જે દિવ્યધ્વનિમાં માર્ગ આવ્યો, તો ભગવાન આમ કહે છે એ વાત સંતો, દિગંબર સંતો જગતને જાહેર કરે છે. આહા..હા..!

**'તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો,...'** આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનો અને પર્યાયમાં જે શુભ-અશુભ વિભાવ, **'તેમના સુખ–દુઃખરૂપ વેદનનો,...'** આહા..હા..! સ્વભાવનું વેદન અને વિભાવનું વેદન. આહા..હા...! સાધક છે ને ? આવો માર્ગ છે. આહા..હા..! લોકોને આકરું પડે. એ ચીજ કોઈ દિ' સાંભળવા મળી નથી. બહારથી આ કરો. આ વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો. ધર્મ થશે. ધૂળમાંય નથી. આહા..હા..! ધર્મ તો આત્મા ધર્મી જે છે એમાં જે અનંત... અનંત... અનંત... ધર્મ જે ગુણ પડ્યા છે, એ અભેદની દૃષ્ટિ કરવાથી... આહા..હા..! સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી.

એમ હોવા છતાં પર્યાયમાં સ્વભાવનું વેદન પણ જાણે છે. આહા..હા..! શું કહ્યું ? બધુ એકદમ માખણ છે. કાલે કાગળ વાંચ્યો ને ? પ્રોફેસર. એ કહે, પેરેગ્રાફે-પેરેગ્રાફે રતનના ખજાના ભર્યા છે. મોટો પ્રોફેસર છે. આહા..હા..! આત્મા એક સમયમાં જે ધ્રુવ નામ પૂર્ણ સ્વરૂપ છે, એના ઉપર દૃષ્ટિ પડતાં સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી. ત્યારે તે સાધક થયો. પૂર્ણ સ્વરૂપનું સાધન. એ સાધક. આહા..હા..! એ સાધકજીવને ત્રિકાળી જ્ઞાયક ઉપર દૃષ્ટિ નિરંતર–અંતર વિના રહેવા છતાં પણ જ્ઞાન સ્વભાવને અને વિભાવને જાણે છે. આહા..હા..! એ દૃષ્ટિનો વિષય નથી. સ્વભાવની શુદ્ધતા આનંદની દશા પ્રગટી અને અશુદ્ધતા જે દુઃખરૂપ છે, એ કાંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! આવી વાત છે.

છતાં જ્ઞાની, ધર્મી જીવ સ્વભાવની આનંદની, શાંતિની પર્યાય જે વ્યક્ત થઈ, એના વેદનને પણ જાણે છે અને સાથે હજી નબળાઈને લઈને અશુદ્ધતા શુભ-અશુભભાવ આદિ થાય છે એને વેદે છે, એ જાણે છે. આહા..હા..! છે ? પુસ્તક સામે છે, ભાઈ ! આ તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર, એની શૈલી છે. 'બહેન'ના વચનમાં આવી ગઈ છે. આહા..હા..! વસ્તુસ્થિતિ આ છે. એ તો સહેજે બોલાઈ ગયું અને

આવી ગયું છે. આહા..હા..!

**'તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ–દુઃખરૂપ...'** સ્વભાવનું સુખ વેદન. જેટલી સ્વભાવની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા પ્રગટી એટલું સુખ છે. અને જેટલો અંદર શુભ-અશુભભાવ બાકી રહ્યો એ દુઃખ છે. આહા..હા..! સાધકજીવને વિભાવ પણ આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ અશુદ્ધ છે. પણ અશુદ્ધનું વેદન પણ જાણે છે અને જે સ્વભાવની દૃષ્ટિ થતાં શક્તિમાંથી અનંત ગુણની વ્યક્તતા પર્યાય અંશ પ્રગટ્યો એના વેદનને પણ જાણે છે. આહા..હા..!

**'વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે.'** આહા..હા..! જેટલું શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય, એના આશ્રયથી જે નિર્મળ દશા પ્રગટી, એને પણ જાણે છે. એ સાધક... આહા..હા..! અને બાધક, વચ્ચે રાગાદિ શુભરાગ આવે છે. એ સાધક-બાધક બેયને જાણે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! **'સાધક-બાધકપણાનો ઇત્યાદિ...'** એટલે રાગાદિ, શુભ-અશુભ આદિ **'ઇત્યાદિનો વિવેક વર્તે છે.'** આહા..હા..! હું તો શુદ્ધ સ્વભાવ પવિત્ર છું. એવી જે પ્રગટ દશા છે એ હું છું. અને રાગાદિ હું નથી પણ વેદનમાં આવે છે. રાગ આવ્યા વિના રહે નહિ. આવો માર્ગ હવે. આહા..હા..! લોકોએ કંઈક કરી નાખ્યું પછી માર્ગને વીખી નાખ્યો. આહા..હા..! વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો. એ તો બધી રાગની ક્રિયા છે. શરીરની ક્રિયા તો જડની છે. પણ અંદર રાગ છે એ શુભરાગ તો આકુળતાની, દુઃખની ક્રિયા છે. આહા..હા..!

ભગવાન આત્મા નિરાકુળ અતીન્દ્રિય આનંદનો સ્વભાવ, એના આશ્રયથી જે સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય પ્રગટી, એ સાધક છે એને પણ જાણે છે. વચ્ચે રાગાદિ બાધક વિઘ્ન છે એને પણ જાણે છે. આહા..હા..! આવો માર્ગ હવે. ઓલા કહે, ભાઈ ! સમ્મેદશિખરની જાત્રા, ગિરનારની જાત્રા, પાલિતાણાની જાત્રા. ધમાલ-ધમાલ.

મુમુક્ષુ :– બાર મહિનામાં એક વાર જાય તો પાપ ધોવાઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– થઈ રહ્યું. પાપ ધોવાઈ જાય, લ્યો. ધૂળમાં પણ પાપ ધોવાતા નથી. ભાઈ ! તને ખબર નથી. ભગવાન પવિત્રતાનો પિંડ, પ્રભુ ! એની દૃષ્ટિ વિના મિથ્યાત્વ ધોવાય નહિ. આહા..હા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન એ તીર્થ છે એમાં

અંદર જતાં મિથ્યાત્વનો નાશ થાય છે. ત્યારે થોડી અશુદ્ધતાનો નાશ થાય છે. બાકી અશુદ્ધતા છે. એને જાણે છે કે આ બાધકપણું અંદર છે. આહા..હા..! કહો, ભાઈ ! આવું છે આ. 'દિલ્હી'થી આવ્યા છે ને ?

**'સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે...'** આહા..હા..! આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, પવિત્રનું ધામ, ધ્રુવ ધામ, એને દૃષ્ટિમાં લીધો તો પર્યાયમાં શુદ્ધ નિર્મળ દશા થઈ, એ સાધક. આહા..હા..! અને તે **'સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે...'** પર્યાય અનેક છે. એ નિર્મળ પણ હોય. આહા..હા..! એને યોગ્ય એટલે જે ભૂમિકા છે. ચોથું, પાંચમું. એને યોગ્ય શુભભાવ પણ હોય. આહા..હા..! **'પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે.'** આહા..હા..! સમુદ્રમાં વહાણ ચાલે છે તો ધ્રુવ તારાને લક્ષે ચાલે છે. ધ્રુવ-ધ્રુવ. ધ્રુવ તારો છે ને ? ધ્રુવ. એમ આ ધ્રુવ વસ્તુ ભગવાન આત્મા, એને લક્ષે પર્યાયમાં નિર્મળતા આવે છે. આહા..હા..! બાકી આત્મજ્ઞાન અને આત્મ અનુભવ નથી, ત્યાં જે કાંઈ વ્રત, ભક્તિ અને તપાદિ કરે એ બધો સંસાર છે. ચાર ગતિમાં રખડવાની ચીજ છે. આવી વાતું આકરી પડે. શું થાય ? ભાઈ ! અરે..! આવો મનુષ્યદેહ મળ્યો, વીતરાગમાર્ગનું સાંભળવાનું મળે એ વખતે આ ન સમજે તો પ્રભુ ! કે દિ' સમજશે આ ?

એ ક્રિયાઓ બધી વ્રત, અપવાસ, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય અને ભક્તિ એ બધો ભાવ તો રાગ છે. એ સાધકને આવે છે. પણ એ સાધકને સ્વરૂપની શુદ્ધતાનો આશ્રય હોવાથી જે નિર્મળતા પ્રગટી એ સાધક અને એ ધર્મ છે. આહા..હા..! **''હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે.'** સાથે ને સાથે રહે છે. શું ? કે પર્યાયમાં અનેક પ્રકારના સાધક અને બાધકના પરિણામ થાય છે. આહા..હા..! છતાં **''હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે.'** આહા..હા..! આવી વાતું હવે. વસ્તુ છે એ પરિપૂર્ણ આનંદકંદ પ્રભુ. એનું તો બળ સતત રહે છે. ગમે તે શુદ્ધ-અશુદ્ધ પરિણામ હો. આહા..હા..! પણ **''હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે.'** અનેક પ્રકારના સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામ અને શુભાદિક પરિણામ હો, પણ નિરંતર સાથે પરિપૂર્ણ છું એ દૃષ્ટિ ખસતી નથી. આહા..હા..! ખસતી નથી ને શું કહે છે ? હટતી નહિ. આહા..હા..! **'એવું બળ સતત સાથે ને સાથે રહે છે.'**

**'પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે...'** આહા..હા..! પુરુષાર્થ જે સ્વભાવ

સન્મુખ પ્રયત્ન જાય છે એ પુરુષાર્થ થાય છે. પુરુષાર્થરૂપ ક્રિયા એટલે પરિણતિ પર્યાયમાં. પુરુષાર્થ એ **'પોતાની પર્યાયમાં થાય છે...'** એ પુરુષાર્થની ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે. આહા..હા..! દ્રવ્ય છે એમાં નહિ. આહા..હા..! વસ્તુ જે ભગવાન આત્મા એની પર્યાયમાં અનેક પ્રકારનો પુરુષાર્થ વર્તતો હોય અને સાધક એને જાણે છે. આહા..હા..! પર્યાયમાં છે ને ? પુરુષાર્થ છે ને ? આહા..હા..!

**'છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય...'** ઓલી ક્રિયા કહી ને ક્રિયા ? **'પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં...'** અરે...! પર્યાય શું ? દ્રવ્ય શું ? કાંઈ ખબર ન મળે. આહા..હા..! વર્તમાન જે પર્યાય છે એમાં પુરુષાર્થની ક્રિયા, સ્વસન્મુખની ક્રિયા થાય છે. આહા..હા..! **'છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય...'** આહા..હા..! જે વસ્તુ છે એ તો નિષ્ક્રિય દ્રવ્ય છે. પર્યાય સિવાયનું દ્રવ્ય છે. પર્યાય એનાથી ભિન્ન છે. આહા..હા..! પુરુષાર્થની પર્યાય પર્યાયમાં થાય છે. પુરુષાર્થની ક્રિયા પર્યાયમાં થાય છે. એ ક્રિયા થવા છતાં... આહા..હા..! **'નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.–'** આહા..હા..! એ પર્યાયમાં ચાહે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થાય. મોક્ષમાર્ગ. છતાં એનું લક્ષ તો **'નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.'** આહા..હા..!

પર્યાય વિનાનું નિષ્ક્રિય દ્રવ્ય, પુરુષાર્થ એ ક્રિયા પર્યાયમાં છે. પુરુષાર્થ (અર્થાત્) દ્રવ્ય તરફ જુકવું એ પુરુષાર્થ પર્યાયમાં છે. પુરુષાર્થની ક્રિયા. આહા..હા..! છતાં **'નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.'** એ પુરુષાર્થની પર્યાય છે એનાથી નિષ્ક્રિય દ્રવ્ય તો ભિન્ન અધિક ને અધિક રહે છે. આહા..હા..! જે ધ્યેય, દ્રવ્યનું ધ્યેય જે કંઈ હોય એ તો નિષ્ક્રિય દ્રવ્ય છે. નિષ્ક્રિય દ્રવ્ય છે. એ પુરુષાર્થ, પર્યાયમાં મોક્ષના માર્ગનો પુરુષાર્થ... આહા..હા..! પર્યાયમાં થવા છતાં નિષ્ક્રિય દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. તે અધિક ને અધિક રહે છે. પછી ગમે તેટલો પુરુષાર્થ પર્યાયમાં હોય પણ દ્રવ્ય તો ભિન્ન ને અધિક રહે છે. આહા..હા..! આવી વાત છે.

**'નિષ્ક્રિય દ્રવ્ય...'** સક્રિય પુરુષાર્થ. પુરુષાર્થ સક્રિય, હોં ! સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ જે સક્રિય છે, નિર્મળ (છે). આહા..હા..! એમ હોવા **'છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે...'** એ તો ભિન્ન, અધિક અને ઊંચે રહે છે. આહા..હા..! શું કહે છે આ ? પર્યાયમાં દ્રવ્ય તરફનો પુરુષાર્થ, પુરુષાર્થની–વીર્યની ક્રિયા પર્યાયમાં

હોવા છતાં... આહા..હા..! નિષ્ક્રિય એવું જે દ્રવ્ય, એ અધિક ને અધિક રહે છે. એનાથી ભિન્ન ને ભિન્ન રહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! આવો માર્ગ છે. વીતરાગ જિનેશ્વરદેવ પરમાત્મા, એની વાણી એ સંતોની વાણી, સંતોની વાણી એ સમ્યગ્દૃષ્ટિની વાણી. આહા..હા..!

શું કહે છે ? કે દ્રવ્ય, પર્યાય વિનાની વસ્તુ જે નિષ્ક્રિય છે, તો એની પર્યાયમાં પુરુષાર્થની ક્રિયા હોવા છતાં **'નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક...'** ભિન્ન રહે છે. આહા..હા..! એ પુરુષાર્થની પર્યાયમાં નિષ્ક્રિય દ્રવ્ય આવતું નથી. આહા..હા..! આ શું કહે છે ? પર્યાયમાં જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાયમાં નિષ્ક્રિય દ્રવ્યની જ્ઞાન અને શ્રદ્ધા થાય છે. પૂર્ણ નિષ્ક્રિય છે એવી શ્રદ્ધા અને પૂર્ણ છે એનું જ્ઞાન. એમ હોવા છતાં... આહા..હા..! પર્યાયથી ભિન્ન અધિક દ્રવ્ય રહે છે. આહા..હા..! આવું સાંભળ્યું ન હોય એને એમ થાય આ શું કહે છે ? આવો માર્ગ ! અમે તો ભાઈ ! વ્રત કરવા, તપસ્યા કરવી, જાત્રાઓ કરવી, ગજરથ કાઢવા (એને ધર્મ સમજતા હતા). અરે..! ભાઈ ! આહા..હા..! આ મંદિર બનાવાના. મંદિર તો પરમાણુની પર્યાય છે. એ કાંઈ આત્મા કરી શકે છે ? આહા..હા..! એનો ભાવ હોય તો શુભરાગ હો. રાગ એ અશુદ્ધ ક્રિયા છે.

મુમુક્ષુ :- એમાં ધર્મ કેટલો થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જરીએ ધર્મ નથી. એય..! આ બધા 'નાઈરોબી'માં કરવાના છે ને ? આહા..હા..! કોણ કરે ? ભાઈ ! આહા..હા..! જે સમયે તે પુદ્ગલ સ્કંધની પર્યાય જે સમયે જે ઉત્પન્ન થવાની છે તે ઉત્પન્ન થશે. બીજા કોઈ કરે એમ નથી. આહા..હા..! એને તો કરે નહિ, પણ રાગ છે એ કર્તૃત્વબુદ્ધિથી નથી આવતો. સાધકને... આહા..હા..! કેમ કે ભગવાન તો જ્ઞાનસ્વરૂપી (છે). આહા..હા..! એમાં રાગ આવે છે એ આત્માનું કાર્ય નથી. આહા..હા..! છતાં પરિણમનની અપેક્ષાએ જ્ઞાન જાણે કે મારામાં પરિણમન છે. બસ. આહા..હા..!

**'આવી સાધકપરિણતિની...'** આવી સાધકપરિણતિની.. શું ? **'અટપટી રીતને...'** આહા..હા..! પર્યાયમાં દ્રવ્ય તરફનો પુરુષાર્થ છે. પુરુષાર્થની ક્રિયા પર્યાયમાં છે. છતાં નિષ્ક્રિય દ્રવ્ય એનાથી ભિન્ન રહે છે. એવી અટપટી વાત જ્ઞાની જાણે. અજ્ઞાનીને પત્તો નહિ લાગે. આહા..હા..! આવી વાતું છે. અહીં તો સમાજનો સુધારો કરવો.

અરે...! ભગવાન ! કોનો સુધારો કરે ? ભાઈ ! આહા..હા..! કન્યાને દહેજ આપે એનો સુધારો કરો. આહા..હા..! શું કરે ? ભાઈ ! એ તો જડની ક્રિયા જડને કારણે થાય છે. તારો ત્યાં ભાવ હોય તો શુભભાવ હોય. પણ અશુભભાવની ક્રિયા પણ પર્યાયમાં છે. દ્રવ્ય જે નિષ્ક્રિય છે એ તો એનાથી ભિન્ન સદા અધિક રહે છે. સામે પુસ્તક છે ને ?

**'એવી સાધક પરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે,...'** આહા..હા..! ધર્મી, સાધક વસ્તુની દૃષ્ટિ થઈ અને દૃષ્ટિ નિરંતર ધ્રુવ ઉપર છે, એવા સાધકને એવી અટપટી (પરિણતિ)નું બરાબર જ્ઞાન હોય છે. આહા..હા..! ત્યારે લોકો એમ કહે છે કે ભરત ચક્રવર્તી અને બાહુબલીજી લડ્યા એ જ્ઞાની હતા ? અરે..રે..! ભગવાન ! જ્ઞાની તો સપ્તમ ગુણસ્થાનમાં, નિર્વિકલ્પ સમાધિમાં રહે, એમ કહે છે. શું થાય ? આહા..હા..! અહીં તો 'કરે કર્મ સોહિ કર તારા, જો જાણે સો જાણનહારા. જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' આહા..હા..! આવી વાતું વીતરાગ સિવાય ક્યાંય નથી. આહા..હા..! ઇતિહાસમાં એક લખાણ આવ્યું છે. શ્વેતાંબરનું મોટું લખાણ (છે કે) ભગવાન માંસ ખાતા હતા. અર..ર..! મોટો લેખ છે. અરે..! પ્રભુ ! માંસ શું કેવળીને આહાર ન હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આહાર કેવો ? આહા..હા..! એકલો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય કેવળજ્ઞાન જ્યાં પૂર્ણ પ્રગટ્યું, ત્યાં ભગવાનને આહાર કેવો ? દાળ-ભાતનો આહાર કેવો ? માંસની તો વાત નહિ, ભાઈ ! માંસનો ખોરાક તો સમ્યગ્દૃષ્ટિને નથી હોતો. મોટો લેખ છે. કોઈએ લખ્યો છે મોટો વિસ્તાર કરીને. શ્વેતાંબરની સામે નાખ્યું છે. બાપુ ! આ માર્ગ કોઈ જુદો છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાનને પણ કર્મ, નોકર્મ આહાર તો હોય છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કર્મ હોય છે એમાં શું ? એમાં દાળ-ભાત-રોટલા. ભગવાન પાણી પીવે છે, ભગવાનને રોગ થાય, દવા લે છે (એમ કહે છે). ભગવાનને કાંઈ હોતું નથી. આહા..હા..! મોટો લેખ છે. કોઈક માણસ છે એણે બનાવ્યું છે. પછી આ લોકોએ ટીકા કરી છે. પણ એ શ્વેતાંબરના પંદરમાં શતકમાં એ વાત છે. આહા..હા..! કે મૂળ માંસ લેવું, વૃદ્ધ આચાર્યો એમ કહે છે. અર..ર...! અરે...! માંસ તો સમ્યગ્દૃષ્ટિને

ન હોય. આહા..હા..! ભગવાનને માંસ ! પ્રભુ ! પ્રભુ ! શું કરે છે તું આ ? અરે..રે..! ભગવાનના વિરહ પડ્યા એમાં આવો માર્ગ ચલાવે. એ આત્માને નુકસાન કરશે, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :– એ તો કેવળીને મોટો અવર્ણવાદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોટો અવર્ણવાદ. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ એવું માને. ભગવાનને આહાર. અને એમાં પણ માંસ. પ્રભુને આહાર હોય જ નહિ. અનંત અનંત આનંદનો આહાર અનુભવ છે. એને આહાર લેવો એ વિકલ્પ કેવો ? આહા..હા..! એને બીજાને વંદન કરું એવો વિકલ્પ કેવો ? આહા..હા..! પૂર્ણાનંદના નાથ, એવી પર્યાય પ્રગટ થાય, ઓહો..! એમાં આહાર કે રોગ હોય નહિ. શરીરને રોગ હોય નહિ. આહા..હા..! તીર્થંકરને તો જન્મથી આહાર હોય છે પણ નિહાર ને પેશાબ નથી હોતા. આહા..હા..! એ જિનેશ્વર પ્રભુ ! આહા..હા..! એને ઠેકાણે કેવળીને માંસ આહાર. અર..ર..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! તું. એ પંથ નીકળ્યો ત્યારથી ગોટાળા ઉઠ્યા છે. આહા..હા..! બે હજાર વર્ષ (પહેલા) દિગંબરમાંથી શ્વેતાંબર પંથ નીકળ્યો. ઘણી ગડબડ થઈ ગઈ, ભાઈ ! આહા..હા..!

અહીંયા તો કહે છે સાધકને રાગાદિ આવે છે અને શુદ્ધતા આદિ હોય છે. **'આવી સાધક પરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.'** આહા..હા..! રાગ હોય છે અને કર્તા થતો નથી. રાગ કરવા લાયક છે એવું જ્ઞાનીને હોય નહિ. છતાં રાગ આવે છે. આહા..હા..! અરે..! પ્રભુ ! આહા..હા..! જિનેશ્વરદેવ ભગવાન તો મહાવિદેહમાં રહ્યા. આહા..હા..! ત્રિલોકનાથ ત્યાં તો સમવસરણમાં બિરાજે છે. આહા..હા..! એની વાત અત્યારે પંચમકાળમાં ફેરફાર કરી નાખ્યો. એ ૩૯૩ (બોલ પૂરો) થયો. આહા..હા..!

**મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારેકોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા**

**ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે. આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્‌ભુત દશા છે ! ૩૯૪.**

હવે મુનિરાજની વાત આવી. આહા..હા..! મુનિ એટલે શું ? બાપા ! આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં આવે છે. આહા..હા..! એ નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ મુનિપણું નથી. આહા..હા..! મુનિપણું તો અંદર આનંદનો નાથ, પ્રભુ ! આહા..હા..! પ્રચુર સ્વસંવેદનથી પ્રગટ થયો છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉગ્રમાં પ્રગટ થયો છે. એને મુનિ કહીએ. બાપુ ! આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદના સ્વાદ વિના પંચ મહાવ્રતાદિની ક્રિયા કરે એ કાંઈ મુનિ નથી. આહા..હા..!

**'મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે.'** આહા..હા..! 'ધ્રુવ ધણી માથે કિયો રે કુણ ગંજે નર ખેટ...' ધ્રુવ... આહા..હા..! મુનિને તો ધ્રુવ ઉપર દૃષ્ટિ છે. અને સ્વરૂપમાં એટલી સ્થિરતા છે કે પ્રચુર આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! એને મુનિપણું કહીએ. રાગની ક્રિયા આવે એને મુનિપણું છે એ તો બંધનું કારણ છે. આહા..હા..! સાધક છે, પૂર્ણ સાધ્ય પ્રગટ્યું નથી, તો રાગ આવે છે. પણ એ કાંઈ ધર્મ નથી, એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! ચારિત્ર તો અંતર આનંદનો નાથ, એમાં તરવું, રમવું, જમવું. અતીન્દ્રિય આનંદનો... આહા..હા..! ઘટક ઘટક આનંદનો સ્વાદ લેવો. આહા..હા..! મુનિરાજના હૃદયમાં તો ભગવાન આત્મા બિરાજે છે. આહા..હા..! કહો, ભાઈ ! એ મુનિ થવાના હતા. 'દિલ્લી-દિલ્લી'.

મુમુક્ષુ :– આપનો ઉપદેશ બરાબર લાગુ પડી ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાપુ ! માર્ગ આ છે, પ્રભુ ! મારો ક્યાં એ તો ભગવાનનો માર્ગ છે. આહા..હા..! અરે..રે..! હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી. અને ત્યાં મુનિ થઈ જાય. બાપુ ! એ તો દ્રવ્યલિંગી પણ નથી.

અહીં તો કહે છે, **'મુનિરાજના હૃદયમાં એક આત્મા...'** એક આત્મા એમ શબ્દ છે ને ? ભેદ નહિ. આહા..હા..! પર્યાય નહિ, ગુણભેદ નથી. આહા..હા..! **'એક આત્મા જ...'** પાછું જોયું ? **'બિરાજે છે.'** આહા..હા..! **'તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે.'** આનંદ... આનંદ... આનંદ... આનંદની રમણતા એ એમનું પ્રવર્તન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું વેદન એ એનું પ્રવર્તન છે. આહા..હા..! પંચ મહાવ્રતના વિકલ્પ આવે પણ એ કાંઈ સાધકદશા નથી. એ તો વચ્ચે વિકલ્પ આવે છે. એ સાધક નથી. એ સિદ્ધને, મુક્તિને, સાધતો નથી. આહા..હા..!

**'તેમનું સર્વ પ્રવર્તન...'** ભાષા જુઓ ! **'મુનિરાજના હૃદયમાં એક આત્મા જ...'** આત્મા જ. જેને પર્યાયમાં ભગવાનનો ભેટો થયો છે. આહા..હા..! એ આત્મા જ એના હૃદયમાં બિરાજે છે. આહા..હા..! **'તેમનું સર્વ પ્રવર્તન...'** રાગાદિની અહીં વાત નથી. **'સર્વ પ્રવર્તન આત્મામય જ છે.'** અંદરમાં રમણતા.. રમણતા... રમણતા... રમણતા... આહા..હા..! આત્મામય સર્વ પ્રવર્તન કહ્યું ને ? રાગ નહિ. આહા..હા..! રાગ આવે છે તો એને જાણે છે. એ જાણવાનું પ્રવર્તન એનું છે. આહા..હા..! અરે..રે..! આવી વાતું. અને એ દશા વિના મુક્તિ નથી. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી મુક્તિ થાય એમ નથી. આહા..હા..!

**'તેમનું સર્વ પ્રવર્તન આત્મામય...'** જુઓ ! અહીંયા આત્મામય પ્રવર્તન શું ? જ્ઞાનમાં એકાગ્રતા, આનંદમાં એકાગ્રતા, સ્વભાવમાં, ઈશ્વરતામાં એ બધું પ્રવર્તન આત્મામય છે. આહા..હા..! સમજવું કઠણ પડે એવું છે. **'સર્વ પ્રવર્તન આત્મામય...'** રાગાદિ પ્રવર્તન એમનું નહિ. આહા..હા..! **'આત્મામય જ છે.'** આહા..હા..! એ તો શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તરફ અંદર ઢળી ગયા છે. આહા..હા..! એના તરફનું બધું પ્રવર્તન, શુદ્ધ પર્યાયનું પ્રવર્તન આત્મામય છે. આહા..હા..! અરે..! આવી વાતું. અહીં તો પંચ મહાવ્રત અને લુગડા છોડીને નગ્ન થયો એટલે થઈ ગયો સાધુ. અરે..! ભાઈ ! સમ્યગ્દર્શન પણ હજી કોને કહેવું ? બાપુ ! ત્રણ લોકનો નાથ, પૂર્ણાનંદ પ્રભુ ! આહા..હા..! પર્યાયમાં એના ભેટા ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી. આહા..હા..!

**'આત્માના આશ્રયે...'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! અનંત... અનંત... અનંત ગુણનો પિંડ, પ્રભુ ! એના આશ્રયે... આહા..હા..! **'નિર્ભયતા ઘણી પ્રગટી છે.'** આહા..હા..! નિઃશંકતા કહે છે ને ? નિર્ભયતા. આહા..હા..! આનંદના નાથમાં રમત કરે છે.

આહા..હા..! મુનિરાજ તો એને કહીએ. આહા..હા..! અંતરમાં આનંદ ને જ્ઞાન ને શાંતિમાં રમે છે. નિર્ભયતા પ્રગટી છે. આહા..હા...! ભય કોનો ? સિંહ, વાઘ અને કાળા નાગ. નજરમાં આવે તો પણ ભય નહિ. આહા..હા..!

'શ્રીમદ્'માં આવ્યું છે ને ? આહા..! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં.' એકલો આત્મા આનંદનો નાથ ને વિચરતો સ્મશાનમાં. આહા..હા..! 'વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો.' વાઘ અને સિંહનો પર્વતમાં સંયોગ થાય. 'અડોલ આસનને મનમાં...' આસન તો અડોલ ભલે હો. પણ મનમાં ક્ષોભ નહિ. આહા..હા..! 'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' આહા..હા..! આ પરિષહ ઉપસર્ગના કાળે દ્રવ્યને ઝડપથી પકડે છે. આહા..હા..! જ્ઞાયકમૂર્તિ વસ્તુ દ્રવ્ય છે. આહા..હા..! મુનિરાજ એવા પરિષહ અને ઉપસર્ગના કાળે ત્રિકાળમાં લપેટ થઈ જાય છે. આહા..હા..!

**'આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય,...'** ઘોર જંગલ... આહા..હા..! જેમાં **'સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય,...'** પણ મુનિરાજ તો અંદર આનંદમાં કેલી કરે છે. આહા..હા..! **'સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, ગીચ ઝાડી હોય,...'** ઝાડી હોય. ઝાડ... ઝાડ... ઝાડ... ઝાડ.. હજારો-લાખો ઝાડ. એકલા નીચે. આહા..હા..! **'સિંહ–વાઘ ત્રાડ નાખતા હોય,...'** ત્રાડ મારતા હોય. સિંહ અને વાઘ જેની ત્રાડ સાંભળીને માણસ ભાગે. એમ આ ત્રાડ સાંભળીને અંદરમાં જાય છે. અંતર આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદનો સ્વાદ એને એવે ટાણે ઉગ્ર હોય છે. આહા..હા..! મારા સ્વરૂપ સાધનની અત્યારે પરીક્ષા છે. એમ માને છે. આહા..હા..! મુનિપણું બાપુ એ તો કોઈ અલૌકિક વાત છે. હજી સમ્યગ્દર્શન જ અલૌલિક છે ત્યાં મુનિપણાની શું વાત કરવી ! આહા..હા..!

સમ્યગ્દર્શન હજી ચોથું ગુણસ્થાન. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ધ્રુવ પ્રભુ ! એના તરફ વલણ થયું. આહા..હા..! છતાં નિષ્ક્રિયમાં એ વલણની પર્યાય આવતી નથી. વલણની પર્યાયમાં નિષ્ક્રિય દ્રવ્ય આવતું નથી. આહા..હા..! એ તો આવી ગયું, નહિ ? પર્યાયમાં પુરુષાર્થની ક્રિયા હોવા છતાં, નિષ્ક્રિય દ્રવ્ય વસ્તુ અંદર છે એ તો એનાથી અધિક ભિન્ન રહે છે. એનું નામ ચારિત્ર મુનિપણું છે. આહા..હા..! જેને ગણધર નમસ્કાર કરે. ચૌદ પૂર્વની અને બાર અંગની અંતર્મુહૂર્તમાં રચના કરે. આહા..હા..!

એ પણ ણમો લોએ સવ્વસાહૂણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. આહા..હા..! જેના ચરણમાં ગણધરના નમસ્કાર પહોંચે. આહા..હા..! એ મુનિપણું કેવું હોય ? પ્રભુ !

**'મેઘલી રાત જામી હોય,..'** વરસાદ ધોધમાર પડે અને મેઘલી રાત. ધોધમાર વરસાદ. મુનિ તો ત્યાં આનંદમાં-આનંદમાં ગરી ગયા છે. **'ચારે કોર અંધકાર વ્યાપ્ત હોય,...'** ચારે કોર અંધકાર વ્યાપ્ત હોય, અંદર ચૈતન્યપ્રકાશ પૂર્ણાનંદમાં વ્યાપ્ત છે. આહા..હા..! **'ચારે કોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા...'** આહા..હા..! **'ચૈતન્યમાં જ મસ્તપણે...'** આહા..હા..! બહારનું જ્ઞાન પણ ભૂલી જાય છે. અંદર ખ્યાલ હોય, પણ અંદર ઉપયોગ જામી જાય છે. આહા..હા..! અંતરમાં આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં-અવસ્થામાં આવે છે.

એ અંધારી રાતમાં પણ **'ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ...'** એકલા ચૈતન્યમાં જ **'મસ્તપણે...'** સમ્યગ્દર્શનમાં દ્રવ્ય સ્વભાવ જે અનંત ગુણનો પિંડ, પ્રભુ ! એનું જે જ્ઞાન થયું છે અને એની પ્રતીતિ થઈ છે એમાં રમણતા કરે છે. આહા..હા..! **'એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે.'** અંદરમાં. **'આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય...'** આહા..હા..! ધ્યાન અને આનંદમાંથી બહાર નીકળે છે, તો ભગવાને કહેલા સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા એવા **'શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય...'** દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રુતાદિ વગેરે. આદિ છે ને ? **'ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય.'** આહા..હા..!

શું કહે છે ? સપ્તમ ગુણસ્થાનમાં અંદર આનંદમાં ઝૂલે છે. જરી વિકલ્પ આવ્યો તો શાસ્ત્ર આદિ સ્વાધ્યાય (કરે). વળી પાછા અંદર ચાલ્યા જાય છે. આહા..હા..! શાસ્ત્ર આદિ સ્વાધ્યાય કર્યો માટે અંદર ચાલ્યા ગયા એમ નથી. આહા..હા..! **'અંદરમાં ચાલ્યા જાય.'** આનંદ આનંદ અપ્રમત્ત દશા. આહા..હા..! **'બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય...'** શુભ વિકલ્પ. **'અને પાછા અંદરમાં ચાલ્યા જાય.'** આહા..હા..! આનંદના ઘરમાં, નિજઘરમાં ચાલ્યા જાય છે. વિકલ્પ આવ્યો એ તો બાહ્ય ઘર છે. એ નિજ ઘર નથી. આહા..હા..! એટલી નિર્મળતા પ્રગટી છે, એટલો દ્રવ્યનો ઉગ્ર આશ્રય લીધો છે કે વિકલ્પ આવ્યો તો સ્વાધ્યાય કરીને પાછા અંદર ચાલ્યા જાય છે. આહા..હા..! સમાજ અને બહારની એને કાંઈ પડી નથી. પ્રકરણમાં એ શબ્દ

છે. માથે કોઈ કામ ન લેવું. કે ભાઈ ! આટલી પાઠશાળામાં તમારે હાજર રહેવું પડશે, કે આટલા પુસ્તક બનાવવા. આહા..હા..!

મુમુક્ષુ :– શિષ્યોની સંભાળ રાખવી...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શિષ્યની સંભાળ માટે નહિ. વિકલ્પ આવ્યો તો એમ કહે છે કે શિષ્યની સંભાળનો વિકલ્પ. અંદરમાં ચાલ્યા જાય એટલે બધું છૂટી જાય. આહા..હા..!

**'આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય.'** આહા..હા..! સપ્તમ ગુણસ્થાનમાં અંતર આનંદમાં રમે છે. જ્યાં વળી વિકલ્પ આવ્યો તો છટ્ઠું ગુણસ્થાન થયું. પાછા સાતમા ગુણસ્થાનમાં ચાલ્યા જાય છે. સાચા મુનિ જે ભાવલિંગી સાચા છે, એને તો છટ્ઠા-સાતમા ગુણસ્થાન અંતર્મુહૂર્તમાં સેંકડો વાર આવે છે. આહા..હા..! અંતર ઘરમાં જામી જાય છે. બહાર થોડો વિકલ્પ આવે તો સ્વાધ્યાય કરે છે. વળી અંદર ચાલ્યા જાય છે. આહા..હા..! આવું મુનિપણું.

**'સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે.'** મુનિરાજ તો પોતાના આનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદના ઝૂલામાં ઝૂલે છે. આહા..હા..! આવું મુનિપણું છે. આવું મુનિપણું હોય એને મુનિ માનવા એમ (કહે છે). આહા..હા..! એથી વિરૂદ્ધને માનવા એ તો શ્રદ્ધા ખોટી છે. આહા..હા..! આકરી વાત બહુ. દુનિયાથી તો એક તરફ થઈને બહાર જુદો પડી જાય. માણસો હજારો, દસ-દસ હજાર, વીસ-વીસ હજાર... ઓહો..હો..! વખાણતા હોય, બહારની ક્રિયા કરે. એમાં શું થયું ?

**'સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે.'** સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. આહા..હા..! **'મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે.'** મુનિરાજને એક આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એમાં લીનતાનું એક જ કામ છે. આહા..હા..! **'અદ્‌ભૂત દશા છે !'** મુનિદશા તો અદ્‌ભૂત છે. જેને ગણધર નમસ્કાર કરે એ દશા કેવી હોય ? ભાઈ ! આહા..હા..! બાર અંગ અને ચૌદ પૂર્વની રચના અને ચાર જ્ઞાન અંતર્મૂહુર્તમાં ગણધરને થાય છે. એ પણ ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં (કહે છે). આહા..હા..! જેના ચરણમાં ગણધરના નમસ્કાર પહોંચે, બાપુ ! એ મુનિપણું કેવું હોય ? આહા..હા..! **'અદ્‌ભૂત દશા છે !'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**કારતક વદ ૯, શુક્રવાર તા. ૨૪-૧૧-૧૯૭૮.**
**વચનામૃત-૩૯૫ થી ૩૯૬, પ્રવચન-૧૬૦**

**ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે અને તેથી દેવાદિની ગતિ મળશે પણ ચાર ગતિનો અભાવ નહિ થાય. ૩૯૫.**

૩૯૫, '**ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.**' આહા..હા..! શું કહે છે ? ચેતન એવો જે આત્મા, તેનું ચૈતન્યસ્વરૂપ, તેને ઓળખી તેમાં અનુભવ થતાં વિભાવની એકતાનો રસ તૂટી જાય છે. આવા શબ્દો છે. ચેતનનું, ચેતન એટલે દ્રવ્ય વસ્તુ. એનું ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી. એને ઓળખી. એક પ્રશ્ન એવો આવ્યો હતો કે પર્યાયમાં છ દ્રવ્યને જાણે ત્યારે તો હજી એણે પર્યાય માની કહેવાય, દ્રવ્ય નહિ. એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય (જાણે). પણ એને કીધી છે ને પર્યાય ? ૩૯૨ કળશ. એક ફેર વાત થઈ ગઈ હતી કે પર્યાયને જાણે એણે છ દ્રવ્યને જાણ્યું એણે પર્યાયની જાણી. બીજી રીતે કહીએ તો દેવ-ગુરુને જાણ્યા એ પર્યાયમાં જાણ્યા. આહા..હા..! એની ભક્તિનો ભાવ તો રાગ છે પણ એનું જ્ઞાન થયું... પરદ્રવ્ય છે ને એ ? આહા..હા..! એનું જે જ્ઞાન થયું એ પર્યાયમાં થયું ને એ પર્યાય છે. આહા..હા..! એમાં ઊભો રહીને ચૈતન્યનું જ્ઞાન નહિ થાય. આહા..હા..! આવી વાતું હવે. બિચારા શું કરે ? એ 'વડોદરા'ના આવ્યા હતા. અમે બધું જાણીએ છીએ પણ અમે કરી શકીએ. શું ? આ વ્રત ને તપ. ધૂળેય નથી. આહા..હા..! ભાઈ!

અહીંયા તો ચેતન જે વસ્તુ છે દ્રવ્ય, પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય, ત્યારે તે પર્યાયની એટલી તાકાત છે એનું જ્ઞાન થયું. આહા..હા..! બીજી રીતે કહીએ તો દેવ-ગુરુનું જ્ઞાન થયું એ પર્યાયમાં જ્ઞાન થયું. એ પરદ્રવ્યનું જ્ઞાન થયું, સ્વદ્રવ્યનું નહિ. ઓલી પર્યાય પરદ્રવ્ય ... આહા..હા..!

અહીં તો ચેતનદ્રવ્ય એનું ચૈતન્યસ્વરૂપ. આહા..હા..! એને ઓળખી. પર્યાયે એને ઓળખી. પર્યાયમાં જે દેવ-ગુરુનું જ્ઞાન હતું એ પણ એ તો પરદ્રવ્યનું જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે પણ એથી સ્વદ્રવ્યનું જ્ઞાન ન આવ્યું. આહા..હા..! આવો માર્ગ ભારે.

મુમુક્ષુ :– એ વિભાવનું લક્ષ કહેવાયને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પરદ્રવ્યનો પ્રેમ છે એનો અર્થ એ. એનો અર્થ કે, વિભાવ ઉપર એનું લક્ષ છે. પર્યાય ઉપર લક્ષ છે એટલે વિભાવ ઉપર લક્ષ છે. આશ્રયની અત્યારે વાત નથી. પર્યાયનો આશ્રય કરવો કે એ અહીં (નથી). પર્યાયમાં એને... પર્યાય એને કહીએ કે જેમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય એને પર્યાય કહીએ. ભાઈ ! આહા..હા..!

એક વાર કહ્યું હતું, પર્યાયમાં... ઝીણી વાત, ભગવાન ! આહા..હા..! કોઈ એમ કહે કે દેવ-ગુરુની ભક્તિથી (થાય). તો એ તો રાગ છે, એ તો કાંઈ નથી. પણ દેવ-ગુરુનું જ્ઞાન થયું અહીંયા પર્યાયમાં પણ એ પરદ્રવ્યનું જ્ઞાન થયું. તો એ પર્યાયમાત્ર રહ્યું. આહા..હા..! એ ચેતનનું ચૈતન્યસ્વરૂપ તેનું જ્ઞાન નહિ. આહા..હા..! આવી વાતું હવે. કહો ! આવું છે.

ભગવાનઆત્મામાં બે અંશ : એક પ્રભુનું-ચેતનનું ચૈતન્યસ્વરૂપ અને એક પર્યાય અંશ. હવે બેની વચમાં પર્યાય જે છે એને પર્યાય કહીએ કે જે છ દ્રવ્યને જાણે એનું નામ પર્યાય. આહા..હા..! અને તે પર્યાય દેવ-ગુરુને પણ જાણે, દેવ-ગુરુને જાણે કે આ દેવ આવા છે, આવા અરિહંત આવા છે. આહા..હા..! એક બાજુ એમ કહ્યું કે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે. એ તો નિમિત્તનું કથન જણાવ્યું પણ દેવ-ગુરુ ને પર્યાયને જાણે એ તો પર્યાયમાં જ્ઞાન થયું. ભાઈ ! પછી તો એણે જાણ્યું વ્યવહારે ક્યારે કહેવાય કે જ્યારે દ્રવ્ય સ્વભાવ તરફ, ચૈતન્ય સ્વરૂપ તરફ પર્યાયને ગુણમાં ભેળવી, ગુણને દ્રવ્યમાં ભેળવી. એક બાજુ એમ કહેવું કે દેવ-ગુરુનું જ્ઞાન એ પર્યાયનું જ્ઞાન છે, એ પરદ્રવ્યનું જ્ઞાન છે. પર્યાય સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. આહા..હા..!

'નિયમસાર'માં કહ્યું ને ? બહુ ગજબ વાત. ઓહો..હો..! શું એની શૈલી, શું એની રીત ! સંતોના સિદ્ધાંત ગહન ઘણા. આહા..હા..! એ પર્યાય.. છે ને અતત્‌નો બોલ છે ઘણું કરીને. તત્ અને અતત્ છે ને ? પહેલાં બે બોલ. ચૌદ બોલ, નહિ ? તત્, અતત્, એક, અનેક, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, અસ્તિ-નાસ્તિ, બાર ને નિત્ય-અનિત્ય ચૌદ. ચૌદ બોલ છે ને ? તેમાં આ છે. તે દિ' કહેવાય ગયું હતું. પર્યાય એને કહીએ કે જે છ દ્રવ્ય જાણે એટલી પર્યાયમાં (તાકાત છે). એને જ પર્યાય કહીએ. આહા..હા..! તો એમાં દેવ-ગુરુ આવી ગયા. અને ૩૭ ગાથામાં કહ્યું ને ? ધર્મ આદિ. ધર્મ આદિ એટલે છએ દ્રવ્ય. જીવ આવ્યા એમાં. દેવ, ગુરુનો જીવ પણ આવી ગયો. છે ને ? એ હું નથી. હું તો ઉપયોગ, આનંદ જ્ઞાનસ્વરૂપ ઉપયોગ તે હું છું. આવે છે ને ? ભાઈ ! ૩૭. ઓહો..! એનો અર્થ એ થયો કે જેને એક સમયની પર્યાયમાં દેવ-ગુરુ જણાણા પણ એ નિમિત્ત થઈ ગયું, વ્યવહાર થયો. અને તેથી આત્મા જણાય એમ જે કહ્યું એ તો એને જાણે તો આને વ્યવહારે જાણ્યો એમ કહેવામાં આવે. આહા..હા..! શું કહ્યું એ ? આહા..હા..!

**'जा जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं'** ત્યાં તો એમ કીધું. એ તો એને જાણીને અહીંયા જાણવામાં અભેદ થાય છે એની અપેક્ષાએ વાત લીધી છે. એને જાણવું એ તો પર્યાયમાં જાણવું થાય છે. સમજાય છે ? ભાઈ ! આહા..હા..! દ્રવ્ય, ગુણ, કેવળજ્ઞાનની પર્યાય. આહા..હા..! પણ એ તો પરદ્રવ્ય છે. એનાથી સ્વદ્રવ્યનું જ્ઞાન થાય એ તો વ્યવહારની વાતું થઈ. આહા..હા..!

અહીંયા તો એમ કહ્યું કે પરદ્રવ્યનું જ્ઞાન કરે એટલો માત્ર આત્મા માને એ એકાંત મિથ્યાત્વ છે. એટલે ? છ દ્રવ્યને ને એમાં જીવને, દેવ-ગુરુના જીવને પણ પર્યાયમાં જાણે એટલું માને... આહા..હા..! એણે પરદ્રવ્યને માન્યું, મિથ્યાત્વ છે. આહા..હા..! પછી સ્વદ્રવ્યને જાણતા જે જ્ઞાન થયું એમાં પરદ્રવ્યનું જ્ઞાન સ્વપરપ્રકાશક આવે. એટલું. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીંયા તો ચૈતન્ય દ્રવ્ય જ અહીંથી ઉપાડ્યું. આહા..હા..! એનું જે ચૈતન્ય સ્વ...રૂપ, ચેતનનું ચૈતન્યસ્વરૂપ એને ઓળખી. આહા..હા..! સ્વદ્રવ્યને ઓળખી એમ એનો અર્થ. પર્યાયમાં દેવ-ગુરુને ઓળખીને એમ વાત ન આવી. આહા..હા..! તેમ શાસ્ત્રને ઓળખ્યા, શાસ્ત્રનું જ્ઞાન થયું એ પણ પરજ્ઞાન, પર્યાયમાં જ્ઞાન છે, એ પર્યાય

છે ઇ. આહા..હા..! અહીંયા તો **'ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી...'** આહા..હા..! **'તેનો અનુભવ કરતાં વિભાવનો રસ (એકતા) તૂટી જાય છે.'** એકતા તૂટી જાય છે એમ વિભાવનો રસ તૂટી જાય છે. આહા..હા..! વિભાવનો રસ તૂટવાનો આ એક જ ઉપાય છે. આહા..હા..! આકરું પડે. અરે..! ચાલતું નથી, અભ્યાસ નહિ. વસ્તુ તો આ સીધી છે.

**'માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને...'** આહા..હા..! ચૈતન્યસ્વરૂપની ભૂમિ, ધ્રુવ એમાં ઉભો રહી (એટલે) પર્યાયને ત્યાં રાખી, **'તું વિભાવને તોડી શકીશ.'** આહા..હા..! આવા ટૂંકા શબ્દો સિવાય આખું તત્ત્વ ભર્યું છે એમાં. આહા..હા..! માટે પર્યાયમાં દેવ-ગુરુને જાણ્યા, ભક્તિ કરવી એ તો વિકલ્પ વળી. સમજાણું ? પણ એનું દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન કર્યું એ પરલક્ષી જ્ઞાન. એ પર્યાયમાં થયું એ પર્યાયની એટલી તાકાત, બસ. એમાં ઊભો રહીને વિભાવ નહિ તૂટે. આહા..હા..! ચૈતન્ય સ્વરૂપની ભૂમિ, ધ્રુવ, જ્ઞાયક. જ્ઞાયક કહો કે ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ કહો. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ.'** એ કથનને સમજાવવું શી રીતે ? વિભાવ ત્યાં તૂટી જાય છે. તેને તોડી શકીશ એમ કહ્યું. કથન તો એ જ આવે ને શાસ્ત્રમાં. આહા..હા..! પચ્ચખાણમાં પણ એમ આવ્યું ને ? જેણે પહેલું જાણ્યું એ પછી છોડી દે છે, છોડી દે છેનો અર્થ કે આ સ્થિર થાય છે ત્યારે એ થતું નથી. આહા..હા..! **'વિભાવને તોડવાનો એ જ ઉપાય છે.'** આહા..હા..! એટલે ? દુઃખની દશાને ટાળવાનો, સુખની, સુખ સ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ એનો ધરનાર જે ચેતન, એવા ચૈતન્યસ્વરૂપમાં એટલે કે આનંદ સ્વરૂપમાં... આહા..હા..! રહીને દુઃખની દશાને નાશ કરી શકીશ. આહા..હા..! આવું છે.

મુમુક્ષુ :- બીજો કોઈ ઉપાય નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાચી વાત. પણ એ વાતને લોકોએ એવી કરી નાખી. આ શું ? અમને પકડાય નહિ તો અમારે કરવું શું ? પણ પકડીને તો બેઠો છો પરને. પકડાય નહિ એટલે શું ? એક સમયની પર્યાયને પકડીને તો બેઠો છો. 'પર્યાયમૂઢા પરસમયા.' આહા..હા..! પકડતા તો આવડે છે. આહા..હા..! ધ્યાન કરતાં આવડે છે. એને આર્તધ્યાન ને રુદ્રધ્યાન નથી આવડતું ? તો પછી આ બાજુ ધ્યાન કરતા ન આવડે એનો અર્થ શું ? આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! ત્યાં જોર દે. આહા..હા..!

મુમુક્ષુ :– દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાય થઈ. જાણ્યું એમાં એ કાંઈ મૂળ મિથ્યાત્વ ટળ્યું નથી. એથી કરીને શું ? ગૃહીત મિથ્યાત્વ એ કાંઈ ચીજ નથી, એવું તો અનંત વાર ટળીને નવમી ગ્રૈવેયક ગયો. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, પાંચમા અધ્યાયમાં. એમ કે દેવ-ગુરુ-શાસ્ત્રની, દેવ-ગુરુને પણ અનંતવાર માન્યા છે એવા સાચા દેવ-ગુરુને માન્યા વિના સ્વર્ગમાં નવમીએ જઈ શકે નહિ. ભાઈ ! એમાં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાંચમા અધ્યાયમાં છે અને એક ચોથામાં પણ છે. ચોથામાં છે. આહા..હા..! એ નવમી ગ્રૈવેયક જાય એણે દેવ-ગુરુના માન્યા છે પણ એ પરદ્રવ્ય તરીકે જાણ્યા છે ને ? સ્વદ્રવ્ય નથી જાણ્યું. ગજબ વાત છે. આ કોઈ દિ' સાંભળ્યું ન હોય તો એમ લાગે આ તે (શું છે) ? બાપુ ! માર્ગ આ છે, ભગવાન ! આહા..હા..! 'અનંત કાળથી આથડ્યો વિના જ્ઞાન ભગવાન.' આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ.'** આહા..હા..! **'વિભાવને તોડવાનો એ જ ઉપાય છે.'** આહા..હા..! અરિહંતના ગુણ, દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને પણ પાછું તો એમ કહ્યું છે ને ? એ તો ખ્યાલમાં લીધું એટલું પણ પછી આમ વળે ત્યારે, ત્યારે તેને સમ્યગ્જ્ઞાન થાય. આહા..હા..! પછી કોઈ એમ કહે કે આ પર્યાયને જાણતો હોય તો ન્યાં ૮૦ ગાથામાં એમ કીધું છે ને ? આહા..હા..! ત્યાં તો જાણનાર એવો લીધો છે કે જેને કેવળજ્ઞાનની પર્યાય અરિહંતની આવી હોય એવું જેને ખ્યાલમાં આવ્યું, પછી પોતાનો ખ્યાલ કરવા... આહા..હા..! એ પર્યાયને ગુણમાં ભેળવે ને ગુણને દ્રવ્યમાં ભેળવી દે. આહા..હા..! ત્યારે એનાથી થયું હોય એમ ન કહેવાય. આહા..હા..! એ તો નિમિત્તના વ્યવહારના કથન છે. આહા..હા..!

**'વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે;...'** આહા..હા..! બીજી રીતે કહીએ. આહા..હા..! દેવ-ગુરુના દ્રવ્ય અને પર્યાય જાણ્યા અને એમાં ઊભો રહીને, પર્યાયમાં ઊભો રહીને વિભાવને નહિ તોડી શક. આહા..હા..! બહુ આકરું. આ દેવ-ગુરુ ઉપર ફિદા થઈ જાય તો આપણને... આહા..હા..! વિભાવમાં ઊભા રહીને એ આમથી આમ કહ્યું, **'પર્યાયમાં ઊભા રહીને વિભાવ નહિ તૂટે; મંદ થશે,...'** દેવ-ગુરુની ભક્તિનો રાગ છે, રાગ એ ઘાતિકર્મને બાંધે છે. મુખ્યપણે રાગ છે પુણ્યને બાંધે પણ સાથે ઘાતિકર્મ પણ બંધાય છે ભેગું. આહા..હા..! વીતરાગ માર્ગ અલૌકિક (છે), બાપા !

અરે..! વસ્તુની સ્થિતિ શું છે એને જ્ઞાન ન થાય એ ક્યાં જાય ? આહા..હા..! **'મંદ થશે,...'** એટલે પર્યાયમાં ન્યાં દેવ-ગુરુને જાણ્યા, છ દ્રવ્યને જાણ્યા.. અરે..! રાગની મંદતા થઈ તેને જ્ઞાને જાણ્યું. આહા..હા..! પણ તે પર્યાયબુદ્ધિ છે. આહા..હા..!

**'અને તેથી દેવાદિની ગતિ મળશે,...'** આહા..હા..! ગતિ મળશે, સિદ્ધપદ નહિ મળે. આહા..હા..! દેવાદિની છે ને ? મનુષ્ય થાય, દેવ થાય. આહા..હા..! પણ ચાર ગતિનો અભાવ નહિ થાય. આહા..હા..! પર્યાયમાં વિભાવ રહે અને પર્યાયમાં જ્ઞાન એનું રહે. આહા..હા..! અને ત્યાં આગળ લક્ષ રહે ત્યાં ચાર ગતિનો અભાવ ન થાય, ગતિ મળશે. આહા..હા..! આવું છે. વ્યવહારવાળાને તો આકરું એવું લાગે. એમાં ગુરુની, દેવની ભક્તિ કરશું હવે સાધન ? એમ પૂછતા હતા. ત્યાં અગાસ. દિવસે વ્યાખ્યાન સાંભળ્યું ત્યારે કે નિશ્ચય એટલે બરાબર, પણ એનું સાધન ? એમ એ લોકો સાધન (એટલે) આ ભક્તિ કરવી ને દેવ-ગુરુને માનવા એ સાધન. અરે..! ભગવાન ! ભાઈ ! પરદ્રવ્યને માનવા એ તો વિકલ્પ છે અને એનું જ્ઞાન એ પરલક્ષી છે. આહા..હા..! એને ગતિ મળશે કે જેમાંથી પાછી બીજી ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ થઈને સિદ્ધ ગતિ નહિ મળે કે ફરીને ગતિ નહિ જાય, ગતિમાં. આહા..હા..! દેવાદિ શબ્દ છે ને ? મનુષ્ય થાય. આહા..હા..! એવો મંદ આદિ હોય તો મનુષ્ય, તિર્યંચ થાય ભોગભૂમિનો, ભોગભૂમિ દેવકુરુ, ઉત્તરકુરુ. પણ એ તો ગતિ છે, પ્રભુ ! એ કાંઈ તારી જાત નથી. આહા..હા..!

**'મંદ થશે,...'** આહા..! પર્યાયમાં ઊભો રહીને રાગની મંદતા થશે કદાચિત્, આહા..હા..! તેથી દેવ, મનુષ્ય આદિની ગતિ મળશે. **'પણ ચાર ગતિનો અભાવ નહિ થાય.'** આહા..હા..! હવે આની ટીકા કરે છે, લ્યો ! 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રો મુકીને બહેનના શબ્દો વાંચે છે. બાપા ! પણ વસ્તુ છે એ છે. 'કુંદકુંદાચાર્ય' આ કહે છે ને આ પણ આ (કહે) છે. આહા..હા..! આ એક પેરેગ્રાફ જુઓ તો... વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. આહા..હા..! એ ૩૯૫ (બોલ પૂરો થયો).

**ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો ? આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે. આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે ? બધી ૠદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ૠદ્ધિનું શું કામ છે ? જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રુચિ નથી. અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી, સુખ પ્રગટતું નથી. ૩૯૬.**

૩૯૬, **'ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે...'** એમાં તો આત્મા પણ આવી ગયો. આત્મા ને ત્રણલોક એને જાણનારું એ તત્ત્વ છે. આહા..હા..! પર્યાય દ્રવ્યમાં આશ્રય જ્યાં થઈ, એ પર્યાય પ્રગટ થઈ એનો પણ સ્વભાવ ત્રણ લોકને ને સ્વને જાણનારો છે. આહા..હા..! પણ આ તો ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે. ઉપયોગમાં આવે છે ને ? 'નિયસાર'માં ત્રિકાળી ઉપયોગ. ત્રિકાળી ઉપયોગ સ્વને અને પરને જાણવાની શક્તિવાળું, ભલે શક્તિવાળું. આહા..હા..! 'નિયમસાર'માં છે. ત્રિકાળી જ્ઞાન ઉપયોગ, જ્ઞાનશક્તિ એ સ્વ જે ત્રિકાળી વસ્તુ છે એને જાણે. આહા..હા..! ત્રિકાળી ગુણને જાણે અને પર્યાયને બધા લોકાલોકને જાણે. એવો એનો ત્રિકાળી સ્વભાવ છે. એ તારું તત્ત્વ આવું છે. ત્રણ લોકને જાણનારું, લોક શબ્દે અલોક આવી ગયો. તારું તત્ત્વ છે, પ્રભુ ! આહા..હા..! ઉપયોગે ઉપયોગ. શુદ્ધ પરિણતિથી ઉપયોગ આત્મા જણાય છે. એ આત્મા ત્રણ કાળ, ત્રણ લોકના તત્ત્વને જાણનારું છે. આહા..હા..! તેનો મહિમા તને કેમ નથી ? આહા..હા..! અને આ કોઈ દયા, દાનના પરિણામ ને કોઈ ભક્તિના પરિણામ ને એનો તને મહિમા આવે છે. આહા..હા..! એક સમયની પર્યયાના અનંતા અનંતા તીર્થંકરોને જાણ્યા. આહા..હા..! એની પર્યાયનો મહિમા તને કેમ આવે છે ? આહા..હા..! ભગવાનઆત્મા, આહા..હા..! સંસારમાં રચ્યા-પચ્યા પ્રાણી એને આ સમજવું બહુ કઠણ છે.

**'ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો ?'**

કેમ નથી આવતો ? આહા..હા..! **'આત્મા પોતે જ સર્વસ્વ છે,...'** આહા..હા..! સર્વ...સ્વ. આહા..! બધું સર્વ પોતે જ છે. આહા..હા..! એની આગળ બીજી ચીજ અભાવ સ્વરૂપ છે એમાં. આહા..હા..! ખરેખર તો એની પર્યાયમાં પણ જ્યારે સ્વને, પરને જાણવાનો સ્વદ્રવ્યને જાણે ત્યારે કેમ કહેવાય કે તેની ત્રણેય કાળની પર્યાયવાળું દ્રવ્ય છે ને. આહા..હા..! થઈ રહ્યું એ તો. ત્રણે કાળ આદિ અંત વિનાનું. એવી જે પર્યાય છે એને જાણે તો એ ત્રિકાળી દ્રવ્ય જણાય. આહા..હા..! કારણ કે, ત્રણેય કાળની પર્યાય તો દ્રવ્યમાંથી થાય છે. આહા..હા..! આમાં ધ્યાન રાખ્યા વિના સમજાય એવું નથી. આહા..હા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- **'આત્મા પોતે જ સર્વસ્વ છે,...'** પોતે 'જ' એકાંત થઈ ગયું, સ્વ એકાંત. આહા..હા..! સર્વસ્વ છે. એ બધું જાણવું અને સ્વને જાણવું એમાં બધું આવી ગયું. એ બધું જાણવાનો સ્વભાવ આત્મા સર્વસ્વ છે. આહા..હા..! **'આત્મા પોતે જ સર્વસ્વ છે,...'** આહા..હા..! ભગવાનઆત્મા, આહા..! સર્વ-સ્વ. બધાનું જ્ઞાન ને સ્વનું જ્ઞાન સર્વસ્વ પોતે છે. આહા..હા..! સંપ્રદાયમાં આ વાત ન આવે એટલે એ એકાંત છે એમ કહેવાય. બિચારા શું કરે ? આહા..હા..! ભાઈ ! પ્રભુ ! તું આવડો છો ને પ્રભુ ! એ પર છે માટે તું જાણે છો એમેય નહિ. તારો સ્વભાવ જ સર્વસ્વ ... તને જાણવાનો તારો પોતાથી છે. આહા..હા..! એ બીજી ચીજો આટલી લોકાલોક છે માટે અહીં સર્વસ્વ જ્ઞાન સ્વભાવ છે એમ નહિ. આહા..હા..!

એ સર્વસ્વ પોતે જ પોતે એમ કીધું ને અહીંયા ? પોતે સર્વસ્વ છે, પરને લઈને નહિ. આહા..હા..! પરવસ્તુ છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નહિ. એ તારું પોતે જ સર્વસ્વ (છે). બધું સ્વને, પરને જાણવાનું સ્વરૂપ એ તું છો. આહા..હા..! 'ચંદુભાઈ' ! આવી વાતું છે. આહા..હા..! અરે..! એને ચૈતન્યનો મહિમા આવ્યો નથી. આહા..હા..! અને એના વિના કડાકુટા કરીને મરી ગયો. બહારમાં રખડપટી કરીને. આહા..હા..! આત્મા પોતે જ સર્વસ્વ છે એટલે કે લોકાલોકનું જ્ઞાન એ લોકાલોકને લઈને નહિ, એ પોતે સર્વસ્વ છે. આહા..હા..! એક જ પોતે સર્વસ્વ વસ્તુ છે. આહા..હા..! બીજી છે કે નહિ એ તો બીજામાં ભલે રહી વાત. સમજાણું કાંઈ ? આહા..હા..!

ચેતનનું ચૈતન્યસ્વરૂપ એ સર્વસ્વ પોતે છે. આહા..હા..! પર છે માટે જાણે છે,

પર છે માટે પરને જાણવાનું અહીં કામ છે (એમ નથી). એ પોતે જ સર્વસ્વ છે. આહા..હા..! કેટલાકને તો કાને પહેલું પડવું મુશ્કેલ પડે એવું લાગે. આ તે જૈનધર્મ આવો હશે ? આહા..હા..! બાપુ ! જૈનધર્મ તો વસ્તુનું સ્વરૂપ છે, વસ્તુ આવી છે.

એ સર્વસ્વ સ્વરૂપ આત્મા એટલે કે આહા..હા..! પોતાને, પોતાના ગુણને, પોતાની ત્રણ કાળની પર્યાયને, અનંતા દ્રવ્ય, ગુણની પર્યાયને, પોતાથી, પોતા વડે, પોતે જાણે એ સર્વસ્વ છે. આહા..હા..! **'પોતામાં જ બધું ભરેલું છે.'** આહા..હા..! બધું ભરેલું છે એટલે ? બધું અને પોતાનું એવું જે જ્ઞાન એ તારામાં બધું ભરેલું છે. આહા..હા..! પોતામાં જ બધું ભરેલું છે. એ લોકાલોક ભર્યું છે એમ નહિ. પણ લોકાલોક અને તારું એનું જ્ઞાન બધું તારામાં તારાથી ભરેલું છે. આહા..હા..! જ્ઞાન તો લોકાલોકને જાણે એ જાણવું તો પોતાનો સ્વભાવ છે, સર્વસ્વ પોતાનો સ્વભાવ છે. આહા..હા..!

**'આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા...'** છે ? આખા વિશ્વ એટલે સમસ્ત પદાર્થનો જ્ઞાતા-દૃષ્ટા (છે). એ એનો પોતાનો સ્વભાવ છે. આહા..હા..! વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા એ એનો સ્વભાવ છે. વિશ્વ છે માટે જ્ઞાતા-દૃષ્ટા છે એમ નહિ. આહા..હા..! ઝીણું પડે એવું છે આ. ક્યાં પણ ધંધો કોઈ દિ' કર્યો છે કે દિ' આ ? એવી વાત છે, બાપા ! આહા..હા..! પ્રભુ ! તારી પ્રભુતા કોઈ અલૌકિક છે. આહા..હા..! આત્મા આખું વિશ્વ લોકાલોક. વિશ્વ શબ્દે સમસ્ત. એનો અર્થ જ્ઞાતા-દૃષ્ટા. એ પોતાના સ્વભાવથી જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! પરને લઈને જ્ઞાતા-દૃષ્ટા છે એમ નહિ. આહા..હા..! આ 'કલકત્તા-બલકત્તા'માં મળે એવું નથી. હમણાં રોકાય ગયા તો ઠીક કર્યું. આહા..હા..!

શ્રોતા :- જે દુકાને માલ મળતો હોય ત્યાં આવે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવું કરવા જેવું (છે), બાપા ! આ છે. આહા..હા..! એ દેહ છૂટતા પ્રભુ, આવું જાણ્યું હશે જેને તે દેહ છૂટી જશે જ્ઞાનમાં, આનંદમાં. આહા..હા..!

એવો જે ભગવાનઆત્મા, અહીં પરમાત્મા કહે છે તે જ આ છે. વિશ્વનો લોકાલોક જે વિશ્વ છે તેનો તું જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ ! તું છો. આહા..હા..! એનો કર્તા નથી, એને લઈને જ્ઞાતા-દૃષ્ટા નથી એમ કહે છે. આહા..હા..! અરે..! પ્રભુ ! જો તો ખરો એકવાર. લોકાલોક જગતના... આહા..હા..! વિશ્વ સારું, આહા..હા..! એ લોક-અલોકનો અંત નહિ, આહા..હા..! એક દ્રવ્યના ગુણનો અંત નહિ. આહા..હા..! એવા એક એક દ્રવ્યમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણોનો અંત નહિ એવા

એવા અનંતા દ્રવ્યો. આહા..હા..! લોક-અલોકનો અંત નહિ એવા જે અનંત પ્રદેશોનો ક્યાંય અંત નહિ. આહા..હા..! પ્રભુ ! તું એનો જ્ઞાતા-દૃષ્ટા છો. એને લઈને નહિ, તારો સ્વભાવ એવડો છે. આહા..હા..! જુઓ ! આ વીતરાગમાર્ગનો પંથ. આહા..હા..! અરે..! લોકોએ કાંઈકનું કાંઈક કરી નાખ્યું છે. પરની દયા પાળવી, જાઓ. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ.' પરની. આપણે તો અહીં વાત કરી હતી. નથી આવી ? નહોતી હમણાં કરી ? દયા. ઓલામાં છે 'આત્માવલોકન'માં. દયાની વ્યાખ્યા છેલ્લી. અંદરમાં વીતરાગ ભાવની પર્યાય પ્રગટ થાય તે દયા છે. આહા..હા..! એટલે કે જેટલું એનું જીવન તાકાતવાળું ને સ્વભાવવાળું છે તેટલું તેણે કબૂલ્યું એ એની દયા થઈ. આહા..હા..! નહિતર તો મારી નાખ્યો એને. એને રાગવાળો ને પરના જાણવાવાળો જેટલો ને એટલો માન્યો. આહા..હા..! મરણતુલ્ય કરી નાખ્યો, પ્રભુ ! તારા જીવનની હયાતી જેવડી મોટી છે અને એ રીતે તેં ન જાણ્યું. આવું છે, બાપુ ! આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા. આહા..હા..! એ ઇન્દ્રોની વચ્ચે એકાવતારી ગણધરોના મોક્ષની વાત કહેતા હશે પ્રભુ ! શું હશે ? આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! જેમાં એકાવતારી ઇન્દ્રો આમ ગલુડિયાની જેમ બેસે આમ. આહા..હા..! સાંભળવા. એટલો તો એને વિનય હોય. આહા..હા..! એ વાણી કેવી હોય, ભાઈ ! આહા..હા..! જ્યાં અમૃતધારા વરસતી હોય. આહા..હા..!

**વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,**
**ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ.**

આહા..હા..! આવો જે **'આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે.'** જ્ઞાતા-દૃષ્ટા એ જ્ઞાન ને દર્શનની પર્યાયની વાત કરી, પાછી બીજી બધી ... લીધી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ તો ફક્ત જ્ઞાન ને દર્શનની જાણવા, દેખવાની સર્વને, સર્વને લઈને નહિ, એ શક્તિ તારી એટલી છે. જ્ઞાન-દર્શનની એટલી શક્તિ. આહા..હા..! કોઈનું કાંઈ કરવાની કે કોઈને રાખવાની, એ નહિ. આહા..હા..! પરની દયા પાળવાની ને પરની.. એ નહિ તારામાં, પ્રભુ ! આહા..હા..!

તારો સ્વભાવ તો પ્રભુ ! લોકાલોકને જ્ઞાન-દર્શન એટલે જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે. એ તારો સ્વભાવ છે તેનાથી તું જાણે. આહા..હા..! **'અનંત શક્તિનો ધરનાર...'** એ

સિવાય બીજી અનંત શક્તિ છે. બે ગુણરૂપે નથી પછી. આહા..હા..! સમજાણું કાંઈ ? ઓલો બ્રાહ્મણ પ્રોફેસર 'ભાવનગર'નો અન્યમતિએ આ વાંચીને તો આમ... આહા..હા..! આ તો રત્ન ખજાના ભર્યા છે. અરે..! બાપુ ! એ કાંઈ છતી ચીજ હોય એ કાંઈ જાતી રહે ? આહા..હા..! આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટામાં બે ગુણ આવ્યા– જ્ઞાન ને દર્શન. અને એ ઉપરાંત અનંત શક્તિનો ધરનાર છે. આહા..હા..! અનંત ગુણોનો ધરનાર છે. આહા..હા..! કર્તા, કર્મ, કરણ, ષટ્કારક, જીવતર, ચિતિ, દર્શી, જ્ઞાન, સુખ, વીર્ય એવા અનંત શક્તિનો ધરનાર છે. દ્રવ્ય લેવું છે ને ? એટલે અનંત શક્તિનો ધરનાર છે.

**'તેનામાં શું ઓછું છે ?'** આહા..હા..! પ્રભુ ! તારામાં શું ઓછું છે ? આહા..હા..! પ્રભુ ! તારામાં શું કમી છે તે બહાર લેવા જા છો, ભાઈ ! મને શાસ્ત્રથી જ્ઞાન થશે, આનાથી મને આમ થાશે ને દેવ-ગુરુનો પ્રેમ થશે ને કૃપા થશે તો મને જ્ઞાન થશે, શું છે પણ તને આ ? આહા..હા..! આમ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એમ કહ્યું કે આગમનો અભ્યાસ કર તારું કલ્યાણ થશે, આવે છે ને ? એ તો અભ્યાસ ન્યાં જાણવા માટે અભ્યાસ છે ને ? આહા..હા..! એને તો એ આગમનો અભ્યાસ કરીને પોતે શું છે એનું જ્ઞાન કરવું છે એ માટે છે. આગમનો અભ્યાસ કરીને ત્યાં રોકાય જવું છે એમ નથી. આહા..હા..! આરે..! આવી વાતું હવે. પાગલ જેવું લાગે, પ્રભુ ! શું પણ તે ? આહા..હા...! અભ્યાસ નહિ, હમણાં (એક મુમુક્ષુ) કહેતા હતા, ભાઈ ! ઝીણું બહુ પડે. વાત તો સાચી, અભ્યાસ નહિ ને બાપા ! આહા..હા..!

લોકાલોકને જાણનાર-દેખનાર. એ પોતાનો સ્વભાવ એટલો છે કે એને જાણવું-દેખવું એટલે એને જાણવું-દેખવું એમ નથી. છે એને જાણવું એ જાણવા ને દેખવાનું પોતાથી પોતામાં પૂર્ણ સ્વભાવ છે અને એ સિવાય અનંતી અનંતી શક્તિઓનો ભંડાર ભગવાન છે. આહા..હા..! જેના જ્ઞાતા-દૃષ્ટામાં લોકાલોક જણાય ને દૃષ્ટા પોતાથી પોતે થાય છે. આહા..હા..! જેના બે ગુણની બે પર્યાયમાં... આહા..હા..!

મુમુક્ષુ :– અનંત લોકાલોક હોય તોય જણાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, તોય જણાય. આ તો આટલા આ બે ગુણની શક્તિ એટલી. બેની, એવી તો અનંતી શક્તિ પડી છે, પ્રભુ ! આહા..હા..! ભગવાન તું છો સમીપે, પર્યાયની (સમીપે) તું છો. આહા..હા..! અરે..! તેં નજરું ન કરી, આહા..હા..!

જ્યાં નિધાન પડ્યું છે પ્રભુનું, જેના બે ગુણમાં વિશ્વનું, લોકાલોકનું ને પોતાનું જ્ઞાન પોતાથી થાય છે. આહા..હા..! ભાષા તો સાદી છે. કોઈ ચોપડી ચાર ભણ્યા હોય, અમારે ભાઈ કહે છે, ચાર ચોપડી ભણેલો હોય એ પણ સમજી શકે. ક્યાં ગયા માસ્તર ? ઇ કહે છે. આહા..હા..!

શું કહ્યું ? કે જેટલા લોકાલોક છે દ્રવ્ય-ગુણ-પર્યાય ને અંત વિનાનું ક્ષેત્ર, અંત વિનાના ગુણો, અંત વિનાની એક સમયની પણ એટલી પર્યાયો. એ બધાને પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે. એવો તો એનો સ્વતઃ સ્વતઃ સ્વથી સ્વભાવ છે, પરથી નહિ. આહા..હા..! કહો ભાઈ ! આ ગુણ આવા ભર્યા છે, એમ કહે છે. આહા..હા..! બે ગુણની અથવા એની પર્યાયની આટલી તાકાત, ગુણમાં તો તાકાત છે શક્તિરૂપે અને પર્યાયમાં તાકાત વ્યક્તરૂપે. આહા..હા..! અને અનંત શક્તિ બીજી અનંત, આહા..હા..! જેના બે ભાવમાં બધું આવી ગયું. આહા..હા..! કાંઈ બાકી ન રહ્યું. ક્ષેત્રનું, કાળનું, ગુણની સંખ્યાનું. આહા..હા..! એવા જે અનંતા ગુણો, અનંત શક્તિઓ બીજી પ્રભુ તારામાં ભરી છે. આહા..હા..!

**'અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે ?'** આહા..હા..! તારામાં શું ઓછું છે ? શેની કમી છે ? આહા..હા..! આવા જ્ઞાતા-દૃષ્ટાના પૂર્ણ સ્વભાવથી ભરેલો ને એ સિવાય એથી અનંત ગુણા જ્ઞાતા-દૃષ્ટાના ગુણથી પણ અનંત ગુણા... આહા..હા..! ભલે જ્ઞાનની શક્તિ અનંત છે એ જુદી વસ્તુ છે પણ એની શક્તિ ને એની પર્યાયથી બીજા અનંત ગુણા ગુણો છે. આહા..હા..! **'શું ઓછું છે ? બધી ૠદ્ધિ તેનામાં જ છે.'** આહા..હા..! અજાયબઘર છે એ. આહા..હા..!

હવે આવી વાતું એને બહારમાં કાંઈક વ્રત કરે ને તપ કરે ને અપવાસ કરે ને તપ કર્યું કહેવાય. અરે..! ભગવાન ! તેં અલ્પજ્ઞ ને ઓછો માન્યો એને આવો માનવો ને આવા અલ્પજ્ઞ ઓછાનો ત્યાગ થવો એ કાંઈ ત્યાગ નથી. આહા..હા..! શું કહ્યું ઇ ? તને અલ્પજ્ઞ માન્યો, અલ્પજ્ઞ અલ્પ શ્રદ્ધાવાળો, અલ્પ ક્ષેત્રમાં રહેનારો. આહા..હા..! એને જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણ ને બીજા અનંતા ગુણો પૂર્ણ એમાં આટલું માનવું જેનો ત્યાગ થયો ને પૂર્ણ માનવું જેનું પ્રસિદ્ધ થયું. આહા..હા..! એ ત્યાગ નથી ? આહા..હા..! આ તો બાહ્ય ત્યાગ કરે ને વ્રત કરે તો એ ત્યાગી. અરે પ્રભુ ! શું થાય ? ભાઈ ! ઓલા કહે છે તમે ૪૪ વર્ષ ૪૦ આટલા વર્ષ થયા, તમારે એણે

નહિ કીધું હોય પણ કોઈ પાંચમા ગુણસ્થાનવાળો નીકળ્યો ? અરે ભગવાન. આહા..હા..!

ભાઈ ! તું ભગવાન ! આવડો છો, તારી એક શક્તિ પ્રભુતાની પૂર્ણતાથી ભરેલી. આહા..હા..! એવા અનંતી શક્તિ ને અનંતી શક્તિની પર્યાયો અનંતી અને એ સિવાય આખું લોકાલોક, એને તારો જ્ઞાન ને દર્શનનો પર્યાય જાણવાને સમર્થ છે એ એની હયાતીને લઈને નહિ, એ આ પોતાના સ્વભાવનું એવડું જ, એટલું સામર્થ્ય છે. આહા..હા..! એથી અનંત ગુણા ગુણોનો ધરનાર એ ગુણો પણ બેહદ છે. સંખ્યાએ બેહદ છે પણ એની શક્તિએ પણ બેહદ છે. જેમ જ્ઞાતા-દષ્ટા જેમ અનંતને એમ અનંતને શ્રદ્ધવું, અનંતને વીર્યમાં રોકીને રચના કરવી. આહા..હા..! અનંતને પોતાથી જાણ્યું તેનું કર્મ કર્તા થઈને પોતાનું કાર્ય થવું. આહા..હા..!

**'બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે ?'** આહા..હા..! જેને સ્વ ઋદ્ધિનું ભાન થયું એને બહારની ઋદ્ધિનું શું કામ છે ? આહા..હા..! 'અંતરકી લક્ષી સો અજાતિ લક્ષપતિ હૈ' આ બહાર લક્ષ્મી ધૂળ નહિ. આબરૂ ને માન ને દુનિયા માને ને એ બધી બહાર ધૂળ. આહા..હા..!

**અંતરકી લક્ષી સો અજાતિ લક્ષપતિ હૈ,**
**દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સો.**

ભગવંત એટલે આત્મા. આહા..હા..! સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ. આહા..હા..!

**'જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે...'** એટલે જેને ભગવાનઆત્માની મોટપ સિવાય કાંઈક બીજી ચીજ પર્યાયમાં, રાગમાં કાંઈ પરચીજના દેખાવામાં વિસ્મયતા લાગે છે, કુતૂહલતા લાગે છે. આહા..હા..! **'તેને અંદરની રુચિ નથી.'** કુતૂહલતા (લાગે છે) તેને અંદરની રુચિ નથી. આહા..હા..! કેવા શબ્દો આવ્યા છે ને ! જેને બહારના પદાર્થોમાં કાંઈક વિસ્મયતા અચિંત્યતા, આશ્ચર્યકારી કાંઈક ઠીક છે એમ જ્યાં થવું. આહા..હા..! **'તેને અંદરની રુચિ નથી. અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી,...'** આહા..હા..! બહુ સરસ આવ્યું. આહા..હા..! અને **'સુખ પ્રગટતું નથી.'** આહા..હા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

કારતક વદ ૧૦, શનિવાર તા. ૨૫-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૯૭ થી ૩૯૯, પ્રવચન–૧૬૧

**ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને !-આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ. ૩૯૭.**

૩૯૭ બોલ છે, એકલું માખણ છે. આ ચૈતન્ય વસ્તુ જે ચૈતન્ય છે, '**ચૈતન્ય મારો દેવ છે;...**' આહા..હા..! એવું અંદર જોર આવ્યા વિના દૃષ્ટિ ત્યાં જામશે નહિ. આહા..હા..! આ કરવાનું છે.

મુમુક્ષુ :– કમાવાનું કે દિ' ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કમાવું એ તો વાત થઈ ગઈ ને કે આ પરમાણુઓ શરીર આદિ જડ છે એને આત્મા તો કરે નહિ પણ એ પરમાણુની જે પર્યાય છે આમ એને એ પરમાણુ કરે નહિ. આહા..હા..! તું પ્રભુ છો, ચૈતન્યદેવ છો. તારી દિવ્ય શક્તિનો તું સ્વામી છો. તારા સિવાય આ પરપદાર્થ જે છે, શરીર, વાણી, જડ આદિ પરમાણુ એની કોઈ ક્રિયા કાંઈ આત્મા કરી શકતો નથી. (કરી શકું છું એમ) માને તો ભ્રમ છે. એ પરમાણુઓ જે છે એની જે પર્યાય–અવસ્થા થાય છે એને એ પરમાણુ પણ કરતો નથી. એ પર્યાયને પર્યાય કરે છે. આહા..હા..! આ વાત. પરમ સત્ય તો આ છે. એક વાત રહી ગઈ, પરની.

હવે આત્મામાં દેવ, ગુરુ ને શાસ્ત્રનું જ્ઞાન થાય. આહા..હા..! તે જ્ઞાનની પર્યાય

પરલક્ષી છે એટલે ત્યાં પણ ધ્યાન દેવા જેવું નથી. આહા..હા..! પરની પર્યાયમાં તો નહિ, પરના દ્રવ્યની કર્તા (તો નહિ), આહા..હા..! પણ પોતાની જે પર્યાયમાં દેવ, ગુરુનું જ્ઞાન થાય કે આ દેવ છે, આ ગુરુ છે, પરદ્રવ્યનું, એ જ્ઞાનેય પર છે. એ પરનું જ્ઞાન એ પણ પર છે, સ્વ નહિ. સમજાણું કાંઈ ? આવું છે, ભાઈ. આહા..હા..! આત્મા સિવાય પરદ્રવ્યો જેટલા અનંત છે તે દ્રવ્ય તેની પર્યાયને પણ કરે નહિ. આહા..હા..! કેમ કે દ્રવ્ય છે એ તો ધ્રુવ છે. એની વર્તમાન પર્યાય જે થાય એની પર્યાય પોતે કરે ને પર્યાય પોતાનું કાર્ય. એ દ્રવ્યનું કાર્ય નહિ તો આત્માનું તો એ કાર્ય છે જ નહિ ત્રણ કાળમાં. આહા..હા..! આવી વાતું છે.

હવે અહીંયા દેવ, ગુરુ ને શાસ્ત્ર રહ્યા. એ પણ પરદ્રવ્ય છે. એનું અહીંયા જ્ઞાનમાં, એનું જ્ઞાન થાય કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે. આહા..હા..! તે પણ આત્માને તે લક્ષ કરવા જેવું નથી એના ઉપર. આહા..હા..! હવે રહી ગઈ પોતાની પર્યાય. એ પર્યાયને દ્રવ્ય કરતું નથી પણ પર્યાય એના ચૈતન્યદેવને સ્વીકારે. સ્વીકારનો અર્થ એનો આશ્રય કરે એટલે એ વર્તમાન પર્યાય છે એ એનું લક્ષ કરે. આ દેવ છે, ચૈતન્યદેવ છે એમ લક્ષ કરે. આહા..હા..! આવી વાતું. એ ચૈતન્ય જે પર્યાય છે, એ પોતાનો દેવ ભગવાન ચૈતન્યદેવ ત્રિકાળ ધ્રુવ તે દેવ છે એમ એ પર્યાય સ્વીકારે. રાગ નહિ, પુણ્ય નહિ. આહા..હા..! એવો જે ચૈતન્યદેવ, દિવ્ય શક્તિઓનો ભંડાર ભગવાન ચૈતન્યદેવ તે હું છું. પરના લક્ષનું જ્ઞાન એ હું નહિ, વર્તમાન પર્યાય છે તેટલો, તે હું નહિ. આહા..હા..!

**'ચૈતન્ય મારો દેવ છે;...'** એમ કોણ માને ? પર્યાય. આહા..હા..! ચૈતન્ય વસ્તુ અનંત અનંત ગુણોનો, હદ વિનાના ગુણોનો પિંડ છે તે હું છું. એ મારો દેવ છે ઇ. **'તેને જ હું દેખું છું.'** પરને નહિ. આહા..હા..! દેખનારને દેખું છું. સમજાણું કાંઈ ? 'વચનામૃત'નું ઘણું ભરીને આવ્યું છે. વાંચ્યું કે નહિ ? ભાઈ ! વાંચ્યું નથી ? પૈસા આડે ધંધા, પાપ. કહો, આ વાંચ્યું નથી. ઓલા અન્યમતિના હાથમાં આવે છે તો બબ્બે વાર વાંચી ગયા છે. કે આ તે આ શું ચીજ છે ? ભાઈ ! વાંચ્યું કે નહિ તમે ? રોજ વંચાય છે.

અહીંયા એક બ્રાહ્મણ પ્રોફેસર આવ્યો હતો, 'ભાવનગર'નો બ્રાહ્મણ પ્રોફેસર છે. અર્ધમાગધીની મોટી પાઠશાળા છે. એને (આ પુસ્તક) આપ્યું, ન્યાં ગયો, વાંચ્યું (પછી લખે છે), મહારાજ ! મને આપના કરકમળે જે (પુસ્તક) આપ્યું એનો પેરેગ્રાફ, એ

બધા રત્નથી નિધાન ભર્યા છે. (છે) બ્રાહ્મણ, આ તો વસ્તુ છે. જેમાં એક એક પેરેગ્રાફમાં, એક એક બોલમાં રત્નના નિધાન ભર્યા છે. ભાઈ ! હવે ન્યાં વાંચવાને નવરાશ ન મળે તમારે. આહા..હા..! આ એમ કહે છે અહીંયા. જુઓ ! ૩૯૭. આહા..હા..!

જેને ચૈતન્ય દ્રવ્ય નિત્યાનંદ પ્રભુ તે દેવ છું, તે મારો દેવ છે. આહા..હા..! **'તેને જ હું દેખું છું.'** આ નહિ, આ બધું નહિ. આહા..હા..! 'તેને જ' ભાષા છે, જોયું ? હું તો મારા ભગવાનને દેખું છું. જ્યાં દેખું ત્યાં ભગવાન ચૈતન્ય. આહા..હા..! પરને દેખે છે એ કાંઈ વસ્તુ નથી, એ પર્યાયમાં સ્વને દેખે તે વસ્તુ છે. આહા..હા..! તેને 'જ', તેને 'જ'. જેની સત્તામાં આ છે, આ છે, આ છે જે દેખાય છે, એ સત્તાને હું દેખું છું. આહા..હા..! આવી વાતું છે. વીતરાગ માર્ગ.

**'બીજું કાંઈ મને દેખાતું જ નથી ને !'** મારો નાથ ! આહા..હા..! ચૈતન્યદેવ એને જ હું દેખું છું. આહા..હા..! એના સિવાય મને કાંઈ દેખાતું નથી. આવું જોર દ્રવ્ય ઉપર આવ્યા વિના... આહા..હા..! છે ? **'આવું દ્રવ્ય ઉપર જોર આવે,...'** આહા..હા..! અન્યમતમાં એમ કહે છે..

હરતા-ફરતા પ્રગટ હરી દેખું, મારું જીવ્યું સફળ તવ દેખું
મુક્તાનંદનો નાથ વિહારી, ઓધા જીવન દોરી અમારી રે
હરતા-ફરતા પ્રગટ...

હું તો ધ્રુવ ચિદાનંદ દેવ છે એ મને દેખાય છે. આહા..હા..! એવું અંદરમાં જોર આવ્યા વિના. આહા..હા..! છે ? **'આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે,...'** આહા..હા..! જેને નિમિત્તની અધિકતા નહિ, રાગની નહિ, એક સમયની પર્યાયની અધિકતા નહિ. આહા..હા..! ભાષા તો બહુ સાદી છે પણ અંદર ભાવ ભર્યા છે. આહા..હા..! દ્રવ્યની જ અધિકતા રહે. પરની તો નહિ પણ પોતાની પર્યાયની અધિકતા નહિ. આહા..હા..! ઝીણી વાતું છે, પ્રભુ ! એ મોટો ભગવાન મહાપ્રભુ છે. એની જો દૃષ્ટિ થઈ, જોર આવ્યું,.. આહા..! (તો) બીજાની અધિકતા નહિ રહે. આહા..હા..! પર્યાયે દ્રવ્ય જ્યાં જોયું તો પર્યાયની અધિકતા ન રહી ત્યાં. નિર્મળ પર્યાય પ્રગટે તો પણ એની અધિકતા ન રહે. આહા..હા..! હવે આ તમારા પૈસા ધૂળમાં ને એમાં ક્યાં અધિકતા આવી ગઈ ? આહા..હા..!

**'દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે.'** જ્ઞાયક ભગવાન એ

હું, એ મારો દેવ એની અધિકતા રહે તો પર્યાયમાં નિર્મળતા વધતી જાય. આહા..હા..! આવી વાતું છે. આ (ભાઈ) ગુજરી ગયા. આહા..હા..! અહીં બિચારા બેઠા હતા, આવતા હતા. અહીં મોઢા આગળ બેસવાનું કહીએ તો પેશાબનું કારણ થાય ... આ દેહની સ્થિતિ, બાપુ ! આહા..હા..! 'અમદાવાદ'માં વાંચનારો મુખ્ય જે અને રુચિવાળો.

મુમુક્ષુ :– ઘણા વર્ષોથી ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘણા વર્ષોથી. ઓહો..! બ્લડ પ્રેશર ઘટ્યું. ઇસ્પિતાલમાં લઈ ગયા. કહે છે ત્યાં ખલાસ થઈ ગયા. આહા..હા..! આ દેહની સ્થિતિ. એને તું ન જો. હવે અહીં તો કહે છે. આહા..હા..! તારી પર્યાય ઉપર તે દૃષ્ટિને રોકવી રહેવા દે, પરને દેખવાનું તો રહેવા દે... આહા..હા..! દેખનારની જે પર્યાય છે તેના ઉપર જોર રહેવા દે હવે. આહા..હા..! આમ અધિકતા (રહે), ભગવાન જ્ઞાયકદેવ, પર્યાયમાં એની અધિકતા જણાય... આહા..હા..! તો પર્યાયમાં બધું નિર્મળ થતું જાય છે. જુઓ ! આ પેરેગ્રાફ. આહા..હા..!

**'પોતે પોતામાં ગયો,...'** પોતે જે આમ બહાર રખડતો હતો, પર્યાયમાં ને રાગમાં લક્ષ કરીને... આહા..હા..! એ જ્યાં પોતાના જ્ઞાનઘરમાં ગયો. આહા..હા..! પર્યાયે નિજ ઘર ભાળ્યું. અનંત અનંત નિધાન–ગુણ રત્નના ઓરડા જેમાં ભર્યા છે. આહા..હા..! એવા બાદશાહને જેણે પર્યાયમાં ભાળ્યો. આહા..હા..! આવી વાતું હવે. **'પોતે પોતામાં ગયો,...'** જ્યાં પોતે છે ત્યાં ગયો. ધ્રુવ જે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ઇ જ્યાં પોતે ત્યાં છે, ત્યાં ગયો. આવો ઉપદેશ છે. આ તો એકલું માખણ છે. આહા..હા..!

**'એકત્વબુદ્ધિ તૂટી ગઈ,...'** પર્યાયે જ્યાં મારો દેવ આ છે એમ જ્યાં જોયું, જોર જ્યાં આવ્યું ત્યાં રાગની એકતા તૂટી ગઈ, તોડવી પડી નહિ. આહા..હા..! ભગવાન અનંત ગુણનું નિધાન... આહા..હા..! આઠ વર્ષના રાજાના પુત્ર હોય. આહા..હા..! અને જ્યાં આ ભાળે અંદરમાં, આમાં બધું મને ઠીક છે ને આને લઈને ઠીક છે ને, એ રસ છૂટી ગયો. આહા..હા..! હવે આવો ઉપદેશ હવે. માર્ગ તો આ છે, પ્રભુ !

તારી પ્રભુતા અનંત ગુણની મોટપથી પ્રભુ બિરાજે છે. પ્રભુતા નામનો એક ગુણ છે તો દરેક ગુણમાં પ્રભુતાનું રૂપ છે. અનંત ગુણો છે, અનંત... અનંત... અનંત... અપાર જેના અનંતના અનંત ભાગ ગુણાકાર કરે તો પણ છેલ્લો અનંત જ્યાં ન આવે એટલા એટલા અનંતા ગુણો આત્મામાં છે. અનંત છેલ્લો આ છે એ ન આવે.

આહા..હા..! જેના ગુણોની સંખ્યા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એમ ગુણાકાર કરે અને છેલ્લો અનંત થાય એ આમાં છે જ નહિ. છેલ્લો અનંત એમાં છે જ નહિ. આહા..હા..! એવા અનંત અનંત ગુણના ભંડારને જેણે ભાળ્યો ને જોયો ને અનુભવ્યો. આહા..હા..! એને બીજા રસ તૂટી જાય છે.

**'એટલે બધા રસ ઢીલા પડી ગયા.'** આહા..હા..! એને છન્નું કરોડ પાયદળ ને છન્નું હજાર સ્ત્રી, એના પ્રત્યેનો રસ ઢીલો પડી ગયો એટલે કે રસ જ છૂટી ગયો. આહા..હા..! આસક્તિ જરી રહે પણ એ આસક્તિનો રસ નથી. આહા..હા..! સ્વરૂપનો રસ પ્રગટતા, સ્વ-રૂપ–ભગવાનઆત્માનું સ્વ-રૂપ, આનંદ આદિ અનંત ગુણનું સ્વરૂપ. આહા..હા..!

**'સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી.'** આહા..હા..! ભલે અસ્થિરતા થોડી રહે પણ મોળાશ આવી ગઈ. તૂટી ગઈ. મીંદડીની કડ ભાંગે ને પછી ચાલે. આહા..હા..! એમ એકતાની બુદ્ધિની કડ તૂટી ગઈ. આહા..હા..! આવી વાતું. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે આમ કર્યું હતું એ ભગવાન બીજાને એમ કહે છે. આહા..હા..! સ્વરૂપનો રસ પ્રગટતા અતીન્દ્રિય આનંદનો નાથ દેવ એનો રસ. રસ એટલે ? એક જ જ્ઞાન જે છે તેમાં એકાગ્ર (થવું), બીજું બધું ભૂલી જવાય ત્યાં, એને રસ કહે છે. આવે છે ને આપણે 'સમયસાર'માં આવે છે, પહેલો અધિકાર, નહિ ? રસનું આવે છે. આહા..હા..! **'સ્વરૂપનો રસ પ્રગટતા અન્ય રસમાં અનંતી મોળાશ આવી.'** આહા..હા..!

એક ફેરી કહ્યું હતું. ઘણા વર્ષ પહેલાંની વાત છે. (સંવત) ૧૯૬૯ની સાલ છે વાત. ૧૯૬૮-૬૯ની એના પહેલાં એક બે વર્ષની હશે. 'ભાવનગર'માં દેશમાંથી આવીને જોવા ગયેલ ધ્રુવનું નાટક. ધ્રુવ આવે છે ને અન્યમતિમાં ? ધ્રુવ ને પ્રહ્લાદ અવિચળ પદ આપ્યા, એ તો બધું ઠીક. પણ આ તો ધ્રુવ એક રાજાનો કુંવર હતો, એની મા મરી ગયેલી, એના બાપ નવી પરણેલો. પોતે વૈરાગ્ય થઈને તપસ્વી થઈ ગયો સાધુ. એ મોટા હોય છે ને ? એ શું કહેવાય ? નાટક. એના પડદા આમ લીલા બધા. એટલે આમ અંદર વન દેખાય. એમાં દેવીઓ ઉપરથી ચળાવવા આવે છે. ઘણી શરીરની ચેષ્ટાઓ ને બધી કરે છે. પછી એને કહે, કુમાર ! આ જો તો ખરો અમારા શરીર, કોમળ કેળના જેવા શરીર. (ધ્રુવ કહે છે), માતા ! એને એ અપેક્ષા

વૈરાગ્યની વાત (કરી). માતા ! મારે ભવ કરવો નથી. પણ કદાચિત્ ભવ થાય (તો) માતા તારે કુંખે આવીશ, બીજી વાત ન કરીશ. તે દિ' જોયેલું. અહીં 'ભાવનગર' થીયેટર છે, નાટકનું. તે વખતે વૈરાગ્યના નાટક (આવતા). ભલે અમુક જાતના (આવતા). અત્યારે તો આ બધું ફિલ્મ-બિલ્મ કરીને મારી નાખ્યા આ જગતને. આહા..હા..!

એ દેખાવ જોવો તો આમ... આહા..હા..! આમ દેવીઓ લાકડાના ... ઉતરે બે બાજુથી આમ. ચળાવે છે. માતા ! મારે ભવ તો કરવો નથી પણ કદાચિત્ ભવ થાય, માતા ! મારી મા તું થઈશ. બાકી બીજું છે નહિ, તારી કુંખે અવતરીશ.

એમ જેને આત્માના આનંદના રસ જેને આવ્યા. આહા..હા..! એને બહારની ચેતવણી ને ખેંચાણ ગમે તે કરો, નહિ ખેંચાય ઇ. આહા..હા..! ખેંચાણ તો અંદર થઈ ગયું હવે. આહા..હા..! આવી વાતું છે, બાપુ ! ધર્મ એ કોઈ અપૂર્વ ચીજ છે. એ કાંઈ સાધારણ આ દયા પાળી ને ફલાણું કર્યું ને ઢીંકણું કર્યું ને દયા પાળી. કોણ પાળે ? દયાનો ભાવ છે એ રાગ છે, હિંસા છે. આહા..હા..!

અહીં કહે છે કે જેને અંદરનો રસ આવ્યો, **'સ્વરૂપનો રસ પ્રગટતા અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં...'** આહા..હા..! **'સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ.'** આહા..હા..! જે દશાનું પર તરફની દિશા તરફ લક્ષ હતું એ દશાનું (લક્ષ) સ્વ તરફમાં આવી ગયું, જ્યાં દિશા પલટાઈ ગઈ બાપુ ! આહા..હા..! એને અહીંયા ધર્મી દ્રવ્યની ઉપર જોર આપતા આવો છું, એવું એને ભાન થાય છે ત્યાં. આહા..હા..!

**મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો, તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય-નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિ બળે કહું છું કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અપાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.-આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે. ૩૯૮.**

૩૯૮, **'મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો,...'** પર્યાય એમ કહે છે કે મારો પરમભાવ છે એને મેં ગ્રહણ કર્યો. ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ! વીતરાગના સમરસે ભરેલો ભગવાન, એવો જે મારો પરમભાવ ત્રિકાળ એને ગ્રહણ કર્યો. **'તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે.'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને જ્યાં પોતાનો પરમભાવ ગ્રહણ થયો એના આગળ ત્રણ લોકની તુચ્છતા લાગે. ઇન્દ્રના ઇન્દ્રાસન પણ સડેલા તરણા જેવા લાગે. આહા..હા..! આવું છે. મેં મારા, **'મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે.'** આહા..હા..! કરોડો અપ્સરાઓ ને બે સાગરની સ્થિતિ ઇન્દ્રની એ બધો વૈભવ તુચ્છ છે. આહા..હા..! ઉકરડામાં જેમ વિષ્ટા પડી હોય એમ બધો તુચ્છ છે એ બધી ચીજ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને સ્વનો અનુભવ થયો. આહા..હા..! એના વૈભવની મહત્તા આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. આહા..હા..!

**'બીજું તો શું...'** આહા..હા..! **'પણ...'** આ તુચ્છ છે પણ એમ. બીજું કહું છું કે એનાથી જોરદાર કહું. એમ કહે છે. આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ એને જ્યાં ગ્રહણ કર્યો પરમભાવને, આહા..હા..! એની આગળ ત્રણ લોકની ઋદ્ધિ પણ તુચ્છ છે. આહા..હા..! એ તો ઠીક, **'બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય–નિર્મળ પર્યાય...'** આહા..હા..! એ મોક્ષમાર્ગની પર્યાય–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે મોક્ષમાર્ગની પર્યાય. આહા..હા..! **'સ્વાભાવિક પર્યાય–નિર્મળ પર્યાય...'** વ્યાખ્યા કરી. મારી સ્વાભાવિક પર્યાય એટલે શું ? એટલે લીટી કરી. **'નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ,..'** આહા..હા..!

**'હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું...'** આહા..હા..! નિર્મળ પર્યાય મોક્ષમાર્ગની આનંદ દાયક દશા પ્રગટી, તે પણ હું દ્રવ્ય–વસ્તુની દૃષ્ટિથી એના બળે કહું છું... આહા..હા..! **'કે મારી નથી.'** એ પર્યાય મારી નથી. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ ને ધૂળ-ધમાહા તો ક્યાંય રહી ગયા. આહા..હા..! અને અંદર પુણ્યનો ભાવ દયા, દાન ને વ્રત આદિનો એ ક્યાંય રહી ગયા. અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય સ્વને આશ્રયે થાય, આશ્રયનો અર્થ લક્ષ કરતાં થાય... આહા..હા..! તે પર્યાય પણ દ્રવ્યદૃષ્ટિના જોર આગળ એ પર્યાય મારી નથી. એ પર્યાય પર્યાયની છે. હું તો અનંત જ્ઞાનનો ધણી દ્રવ્ય તે હું છું. આહા..હા..! અરે..! કેમ બેસે વાત આ ? ધર્મને નામે

અત્યારે તો દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને દાન કરો, ધમાલ ધમાલમાં. આહા..હા..! એ તો નહિ, એ ક્રિયા તો કરી શકે નહિ, પણ અંદર રાગ થાય એ તો નહિ પણ અંદર જે ત્રિકાળી દ્રવ્યને જાણનારી પર્યાય થાય એ પણ હું નહિ. દ્રવ્યદષ્ટિના જોરે એમ કહે છે. આહા..હા..! આવી વાત છે.

ભગવાનઆત્મા દ્રવ્ય એટલે એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એની દષ્ટિના જોરથી... આહા..હા..! સમ્યગ્દષ્ટિ એમ કહે છે કે આ દષ્ટિના જોરથી મને નિર્મળ જે પર્યાય પ્રગટી એની પણ કોઈ કિંમત નથી, મારી નથી. મારો તો ભગવાન પૂર્ણાનંદનો નાથ તે હું છું. આહા..હા..! જુઓ ! આ સમ્યગ્દષ્ટિની દશા, ચોથા ગુણસ્થાનની દશા. હજી કોને કહેવું સમ્યક્ને શું કહેવું કાંઈ ખબરું ન મળે ને થઈ ગયા ધર્મ. આહા..હા..!

પ્રભુ તું કોણ છો ? ક્યાં છો ? કે હું તો પરમ દેવ છું. આહા..હા..! પર્યાયની પરિણતિથી પણ હું તો જુદો મહાદેવ છું. આહા..હા..! એવી દષ્ટિના જોરે જે નિર્મળ પર્યાય પણ પ્રગટી એ દ્રવ્યદષ્ટિના જોરે એમ (કહે છે), આ મારી નથી, હું આ છું. કહો, આવું છે. ભાઈ ! પહેલાં સાંભળ્યું નથી કોઈ દિ' આવું. બસ, આમ ને આમ જિંદગી જાય છે, ચાલી જાય છે. આહા..હા..! હમણાં જુઓ ન્યાં સાંભળ્યા હતા ને. 'મુંબઈ'માં બે, કમળામાં મરી ગયા બે જણા. 'મુંબઈ'માં એક 'વિંછીયા'વાળા ને એક આ ફત્તેહપુરવાળા. (એમની) દીકરીનો નણદોય. એમનો જમાઈ, આ જમાઈ દીકરીનો વર. આહા..હા..! ચાર, પાંચ દિ' કમળો ને કમળી થઈ જરાક... જાવ રખડવા. અર..ર..! કહે છે, પૈસા બહુ ખર્ચ્યા, દસ હજાર ખર્ચ્યા. ત્રીજો આપણા 'વિંછીયા'વાળો. એનો નાનો ભાઈ ટેપ રેકોર્ડિંગમાં ધંધો કરે છે. એય ચાર, પાંચ દિ'માં કમળો થઈને ગુજરી ગયો. આહા..હા..! એ પણ ચીજ એની હતી ક્યાંથી તે એમાં રહે. એની હતી ક્યાં તે એની પાસે રહે. રાગ પણ એનો નથી તો એની પાસે રહે શી રીતે ?

અહીં તો કહે છે કે નિર્મળ પર્યાય થઈ તે પણ મારો ત્રિકાળી આનંદનો નાથ એને જોતા એ દષ્ટિના બળે કહું છું કે પર્યાય મારી નથી. આહા..હા..! મારું દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા..હા..! એમ પર્યાય કહે છે, જાણે છે. આહા..હા..! આવી વાતું ધર્મની. ભાઈ ! ક્યાંય ન મળે આ બધું. થોથે થોથા ને બધી વાતું. આહા..હા..! પડિકમણા કર્યા ને પચ્ચખાણ કર્યા ને વ્રત કર્યા ને દયા પાળી. ધૂળેય નથી, સાંભળને. આહા..હા..!

તું હી દેવનો દેવ પરમાત્મા તું કોણ છો ? આહા..હા..! હું પરમ સ્વભાવભાવ

એવું મારું તત્ત્વ (છું). એના દૃષ્ટિના જોરે નિર્મળ પર્યાય પ્રગટી તે પણ હું નહિ, હું તો અહીં છું. આહા..હા..! હવે આવી વાતું આ ધર્મની અરે..! વીતરાગ પરમાત્માનો આ માર્ગ છે. આહા..હા..!

**'મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે,...'** આહા..હા..! જેમાં અનંતા અનંતા ગુણો અને એક એક ગુણમાં પણ અનંતા ઓરડા શક્તિના ભર્યા છે. અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતાનો કોઈ અંત નહિ એટલા ગુણ. અને એક એક ગુણમાં અનંતા ગુણોની નાસ્તિનો ગુણ. અને એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપનું અસ્તિત્વ. એવો જે ભગવાનઆત્મા, આહા..! મારો દ્રવ્યસ્વભાવ અગાધ. આહા..હા..! જેને તળિયા પકડતા આવડે એને અગાધ લાગે. આહા..હા..! મારો દ્રવ્યસ્વભાવ, પર્યાય સ્વભાવને નથી લીધો, દ્રવ્યસ્વભાવ. આહા..હા..! **'અગાધ છે, અમાપ છે.'** આહા..હા..! માપમાં એનું આવવું કઠણ પડે એવું છે. પર્યાય એનું માપ લઈ લે પણ છે અમાપ. અમાપનું માપ લે છે પર્યાય. આહા..હા..! જેનામાં અનંતો, અનંતો અતીન્દ્રિય આનંદ (ભર્યો છે). એ આનંદના ગુણમાં પણ અનંતા જ્ઞાનાદિ ગુણોનું રૂપ છે. આહા..હા..! અથવા જ્ઞાન, દર્શન આદિ જે અનંત ધર્મ–ગુણ છે એમાં એક એક ગુણમાં અનંત આનંદનું રૂપ છે. એવા અગાધ ગુણોનો દરિયો ભગવાન, આહા..હા..! એ અમાપ છે. આહા..હા..! બહારથી, વિકલ્પથી એનું માપ આવી શકે એવું નથી, કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાત હવે, નવરાશ ન મળે. વાણિયાને જાણે આખો દિ' ધંધાના પાપમાં. એ.. ભાઈ ! આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. બાવીસ કલાક પાપના ધંધામાં રોકાવું. હવે એમાં, ધર્મ તો બીજે પણ એમાં બે, ચાર કલાક સમાગમ (કરે), સત્ સમાગમ ને આવું વાંચન કરે, સાંભળે એ વખત ન મળે. આહા..હા..! અરે..રે..! એને ક્યાં જાવું ? ભાઈ !

કો'ક ભાઈ અહીં કહેતું હતું, એ સાચું-ખોટું કોણ જાણે પણ ભાઈ કહેતા હતા. કો'ક છોકરો થયો છે ક્યાંક ન્યાં, કહે છે. એ કહે કે હું લલ્લુજીનો જીવ છું. અને તિર્યંચમાં ગયો હતો ન્યાંથી આવું છું. 'શ્રીમદ્'ના હતા ને ? તિર્યંચમાં ન જાય 'શ્રીમદ્'નો ભક્ત, ઘણો પ્રેમ હતો. અને ભદ્રિક. આહા..હા..! હવે એ કો'ક કહે છે. ન્યાં વાત ચાલે છે 'મુંબઈ'માં. કો'ક છોકરો છે તે કહે છે કે હું લલ્લુજીનો જીવ મરીને તિર્યંચમાં ગયો છું, ન્યાંથી અહીં હું આવ્યો છું. કારણ કે ૧૯૯૨માં ગુજરી ગયા ને ? ભાઈ !

૧૯૯૨માં ગુજરી ગયા. આહા..હા..! એ ૧૯૯૨માં તો કેટલા વર્ષ થયા ? ૪૩ વર્ષ થયા, ૪૩ થયા. હવે એ કહે છે કે હું પહેલો તિર્યંચમાં અવતર્યો હતો, એમ કહે છે. લલ્લુજીનો જીવ. વાત બેસે નહિ, ભદ્રિક જીવ અને એને ભક્તિમાં ભાવ ઘણો.

મુમુક્ષુ :– .....

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, હા પણ એ તિર્યંચમાં જાય ને પછી મનુષ્ય થાય ને એવી વાતું કો'કે ગમે તે રીતે ગોઠવી. આહા..હા..! એને ઘણો પ્રેમ હતો 'શ્રીમદ્'માં અને એને માટે તો આખી જિંદગી અર્પિત કરી દીધી. સ્થાનકવાસીનું સાધુપણું છોડી દઈને દાસપણે રહ્યા હતા એની હદ પ્રમાણે. અરે..! આવું લોકો ગોઠવી દે. એમ કરીને પૂજાવું... ગોઠવી દીધું હોય કો'કે. આહા..હા..!

અહીં કહે છે, આહા..હા..! જેને એ સ્વભાવ પ્રત્યેનું બહુમાન આવે, હજી સ્વભાવ ભલે (પ્રાપ્ત) થયો ન હોય. તો પણ એ પ્રાણી દેહ છૂટીને સ્વર્ગમાં જાય. આહા..હા..! દિવ્ય શક્તિનું જ્યાં ભાન નહિ, બહુમાન આવ્યું એ ભવ બાકી હોય તો દેવમાં દિવ્ય શક્તિવાળો દેવમાં જાય. બહાર દેવ, અંતરનો દેવ .....

**'અગાધ છે, અમાપ છે.'** અમાપ છે એટલે ? એટલા બધા ગુણો છે, એટલા બધા ગુણો છે કે કોઈ રીતે વિકલ્પથી એનું માપ આવે એવું નથી. એ પર્યાયનું સામર્થ્ય છે કે એ એનું માપ લઈ લે છે. આહા..હા..! અમાપનું પણ માપ લઈ લે પર્યાય એટલી તાકાત પર્યાયમાં છે. અરે..રે..! એના દ્રવ્યની તો શું વાત કરવી ! પર્યાયે પ્રભુને સંઘર્યો. આખો જ્ઞાનમાં લઈ લીધો. છતાં એ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નહિ પણ દ્રવ્યનું જેટલું સામર્થ્ય હતું એ બધું પર્યાયમાં આવી ગયું. આહા..હા..! આવી વાત હવે. ઓલા તો કહે, સામાયિક કરો ને પોહા કરો ને પડિકમણા કરો, ઓલા શ્વેતાંબર વળી કહે ભક્તિ કરો ને જાત્રા કરો ને આ કરો, ઉપધાન કરો. અરે..! ભાઈ ! બાપા ! પ્રભુ તારા પંથ કોઈ નિરાળા છે. આહા..હા..!

**'અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો...'** આહા..હા..! અગાધ અને અમાપ એવા દ્રવ્ય સ્વભાવનું ભાન થયું, પર્યાયમાં વેદન આનંદનું આવ્યું. આહા..હા..! **'પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.'** આહા..હા..! જેણે ભગવાન આનંદનો નાથ પ્રભુ એનો જ્યાં અંતરમાં પર્યાયમાં સ્વીકાર થયો એ પર્યાય નિર્મળ થઈ પણ એ પર્યાયની દ્રવ્ય આગળ કિંમત નથી. આહા..હા..! દયા, દાનમાં રાગની

તો વાતું શું કરવી, એ તો કાંઈ કિંમત છે જ નહિ. આહા..હા..! પણ ભગવાન પૂર્ણ આનંદનો અમાપ શક્તિનો ધણી, એને જ્ઞાને માપી લીધો (કે) આવડો છે. એટલે પર્યાયમાં નિર્મળતા થઈ. પણ એ નિર્મળતા દ્રવ્ય શક્તિની આગળ એની કાંઈ કિંમત નથી. આહા..હા..! છે ? **'પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.'** વિશેષતા નથી એની ખાસ, આહા..હા..! વિશેષતા તો ભગવાનઆત્માની છે અંદર.

**'આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય...'** આવી દ્રવ્યદૃષ્ટિ, **'દ્રવ્યની દૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી,...'** પર્યાયમાં ચૈતન્યનો મહિમા લાવી, આહા..હા..! આ તે કોઈ પરમાત્મા છે. આ તે શું ! જેના એક એક ગુણમાં ચમત્કાર અનંતો, એવા એ અનંતા ગુણનો ચમત્કારી પદાર્થ પ્રભુ, એનો મહિમા લાવી. આહા..હા..! **'બધાથી પાછો ફરી,...'** નિમિત્તથી, રાગથી, પર્યાયથી પાછો ફરી. આહા..હા..! **'જીવ પોતા તરફ વળે ત્યારે,...'** દ્રવ્યદૃષ્ટિ ત્યારે પ્રગટ થાય. એમ છે ને ? ક્યારે પ્રગટ થાય ? કે જીવ પોતા તરફ વળે ત્યારે. એ ઝીણું આવું છે આમાં. આહા..હા..! ભાઈએ આ ચારવાર વાંચ્યું છે. એ તો ઘણા કરોડોપતિ. ઘણા કરોડપતિ છોકરાઓ. કો'ક તો કહેતા હતા કે એક એક છોકરાને કરોડ રૂપિયા છે. કો'ક એમ કહેતું હતું. આની પાસે જુદા. એમ કહેતા હતા આ ભાઈ બેઠા ઇ. પણ સાંભળેલું છે તમારું કહેલું. ખબર છે અમને. ભાઈ કહેતા હતા કે એક એક પાસે કરોડ છે, છ છોકરા પાસે છ કરોડ અને એના બાપ પાસે પૈસા હતા પચાસ-સાંઈઠ લાખ તો એનો વારસો આવ્યો તો બાવીસ લાખ ભરવા પડ્યા સરકારને. આહા..હા..! પણ એ પોતે આટલી સ્થિતિ છે છતાં થોડા વખતમાં ચાર વાર વાંચ્યું. આહા..હા..!

**'બધાથી પાછો ફરી,...'** આહા..હા..! જીવ ક્યારે પ્રગટ થાય ? **'બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે.'** આહા..હા..! ભાષા છે ટૂંકી પણ ભાવ,.. આહા..! ગંભીર છે, ભાઈ ! આ તો તદ્દન સિદ્ધાંતનું દોહન છે. આહા..હા..! જગતના ભાગ્ય કે આવી વસ્તુ બહાર આવી ગઈ અને ટાણે આવી ગઈ. આહા..હા..! **'આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી,...'** ભગવાનઆત્માનો મહિમા લાવી **'બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે.'** દૃષ્ટિ થાય. આહા..હા..! ક્યારે ? આહા..હા..! કે અત્યારે. એટલે ? આહા..હા..! વસ્તુ સ્વભાવ એની દૃષ્ટિ ક્યારે થાય ? કે બધાથી પાછો વળીને અંતરમાં વળે ત્યારે. આહા..હા..! આવી વાતું છે. અજાણ્યા

માણસને તો એવું લાગે શું છે આ તે વાત આવી ? અમે તો ભાઈ ! દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને દાન કરવા બે, પાંચ, દસ લાખના. ભાઈ ! આ ભાઈએ કરી નહોતી લાંઘણું ? વર્ષીતપ કર્યો હતો. એને ઘરે આહાર કરવા ગયા હતા ને. પછી ફરી ગયા. એ તો બધો વિકલ્પ છે, ભાઈ ! આહા..હા..!

તપ તો એને કહીએ... આવ્યું હતું ને ઓલામાં ? અહીં છે લ્યો, છે, તપ એને કહીએ. આમાં છે. તપ આને કહીએ. શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઇષ્ટ-મિત્ર, શત્રુ, પરજ્ઞેયોંકો છોડના, યાનિ ઉનમેં મમતા રહિત પરિણતિ હોના તથા ઉનમેં તૃષ્ણા રહિત હોના ઔર અપને સ્વભાવમેં સ્થિરતા હોના, અપને સ્વભાવમેં સ્થિરતા હોના, ઐસી તપસ્યા હી તપ કહલાતી હૈ. તપની વ્યાખ્યા કરી. હવે દયાની વ્યાખ્યા. દયાની વ્યાખ્યા કરી. વિકારમય પરિણામો દ્વારા અપને નિજ સ્વભાવકા ઘાત નહિ કરના ઔર અપને સ્વભાવકા પાલન કરના, સ્વભાવકા પાલન કરના એનું નામ દયા કહેવામાં આવે છે. આ વ્યાખ્યા. આહા..હા..! ૩૯૮ (બોલ પૂરો થયો).

**સમ્યગ્દષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. દૃષ્ટિમાં એકલા સ્વ પ્રત્યેનું-દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે. ૩૯૯.**

૩૯૯, '**સમ્યગ્દષ્ટિને...**' આહા..હા..! જેને પૂર્ણાનંદનો નાથ એની જ્યાં દૃષ્ટિ થઈ છે એવો ચોથે ગુણસ્થાને હો તો પણ '**ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી,...**' હજી એને અનુભવ પર્યાયમાં પૂર્ણ કેવળીને જોઈએ તેટલો નથી. શું કહ્યું ઇ ? સમ્યગ્દષ્ટિને અંતર પર્યાયમાં દ્રવ્યનો અનુભવ થયો એ '**સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી, પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે.**' આહા..હા..! ચૈતન્ય પરમ સ્વભાવભાવ પૂર્ણ એનો અનુભવ થતાં પર્યાયમાં વેદન આવ્યું એ અનુભૂતિ પૂર્ણ નથી, પૂર્ણ તો કેવળીને હોય. છતાં એ અનુભૂતિ એવી હોવા છતાં દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિને દૃષ્ટિમાં તો પૂર્ણ ધ્રુવ આત્મા છે. એ અનુભૂતિની પર્યાય ભલે થોડી હો પણ દૃષ્ટિમાં પૂર્ણ ભગવાન છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ ૧૧, રવિવાર તા. ૨૬-૧૧-૧૯૭૮.
## વચનામૃત–૩૯૯ થી ૪૦૧, પ્રવચન–૧૬૨

૩૯૯, પેરેગ્રાફ કહેવાય ને ? શું કહેવાય ? બોલ, ૩૯૯ બોલ. એક શબ્દ ચાલ્યો છે કાલે. જેને ધર્મ થાય, ધર્મ તો ચારિત્ર છે ખરેખર, પણ એનું મૂળ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન કેમ થાય ? કે એ **'સમ્યગ્દષ્ટિ એને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી,...'** એટલે શું ? કે જેને આત્માની શક્તિ જે વસ્તુ પૂર્ણ છે તેના ઉપર દૃષ્ટિ પડતાં તેને દૃષ્ટિમાં પૂર્ણ આત્માની પ્રતીતિ અને તેનું જ્ઞાન થાય છે. ત્યારે એને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. એ સમ્યગ્દષ્ટિ કોઈ દેહની ક્રિયાથી થાય કે કોઈ પાપના પરિણામથી થાય એમ નથી. એમ તો નથી પણ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના ભાવ થાય એનાથી સમ્યગ્દર્શન થાય એમ નથી. આહા..હા..! એમ એની પર્યાય ઉપર દૃષ્ટિ રાખતા સમ્યગ્દર્શન થાય એમ નથી. આહા..હા..! એ તો વસ્તુ જે પરિપૂર્ણ ભગવાન એક સમયમાં ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ પડતાં તેનું સમ્યગ્દર્શનનું પરિણમન થાય તે દૃષ્ટિમાં એને પૂર્ણ આત્માનું જ્ઞાન અને પ્રતીત આવે છે. આહા..! આવી વાત છે જરી ઝીણી.

એ **'સમ્યગ્દષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી,...'** એટલે શું ? કે દૃષ્ટિમાં પૂર્ણ પરમાત્મ તત્ત્વ પોતાનું, હોં ! નિજ, નિજ પરમાત્મ તત્ત્વનો દૃષ્ટિમાં અનુભવ થયો, છતાં તે અનુભૂતિ પૂર્ણ કેવળજ્ઞાનીને છે એટલી અનુભૂતિ નથી. અનુભૂતિ એટલે એની શાંતિના વેદનની ને આનંદના વેદનની દશા પૂર્ણ નથી. વસ્તુ પૂર્ણ છે દૃષ્ટિમાં. આહા..હા..! આવો માર્ગ છે.

**'સમ્યગ્દષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી,...'** આહા..હા..! અરે..! ક્યાં ક્યાં રખડે, ક્યાં જાય ને ક્યાં ? એવો માર્ગ કોઈ છે અંદરનો કે અનંત કાળમાં (એક) સેકન્ડ કર્યો નથી. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા એક સમયમાં સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જે જોયો પૂર્ણ એને જે જ્ઞાનમાં લઈ પ્રતીત કરી અને અનુભવે ત્યારે તો

તેને સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી શરૂઆતનું પગથીયું કહેવાય. આહા..હા..!

એને એ અનુભૂતિ એટલે જે ચીજ છે સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ પોતે, એને અનુસરીને અનુભૂતિ એટલે આનંદની અવસ્થા થઈ, સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, સ્વરૂપ આચરણની સ્થિરતા પણ થઈ. અરે..! અનંત ગુણ જેટલા છે તેટલાની શક્તિમાંથી વ્યક્તતાનો અંશ, અનંતનો વેદનમાં આવ્યો. આહા..હા..! શું આ તે આવો ક્યાંથી ધર્મ કાઢ્યો ? કેટલાક એમ કહે છે. બાપુ ! વસ્તુ આ છે. આહા..હા..!

એ સમ્યક્ સત્ય દૃષ્ટિને, સત્ય દૃષ્ટિ એટલે ત્રિકાળી સત્ય પ્રભુ તેના ઉપર દૃષ્ટિને અહંપણાની માન્યતામાં જોડવી. આહા..હા..! તેને પર્યાયમાં... એ તો દ્રવ્ય થયો એનો વિષય, પણ એનો અનુભવ થતાં પર્યાયમાં પૂર્ણ અનુભવ ન હોય, પૂર્ણ અનુભવ તો સર્વજ્ઞ પરમેશ્વરને હોય, એટલે કહે છે, સમ્યગ્દૃષ્ટિને,... આવો ધર્મ ક્યાંથી કાઢ્યો ? એય..! તમારે ન્યાં મન, વચન ને સરળતા કરે એ ધર્મ થાય. (સંવત) ૧૯૮૨માં. (એક ભાઈ) એમ કહેતા. મેં કીધું, ભાઈ ! એ નથી, બાપા ! મન, વચન ને કાયાની સરળતાનો શુભભાવ પુણ્યબંધનું કારણ છે. નવકાર ને ઉપાશ્રયે ઉતરતા ને ત્યાં. પહેલા તો ન્યાં ઉતર્યા. આ તો ૧૯૮૨ની વાત છે. મૂળ બાહ્યથી આખી વાત. અંતર ભગવાન પૂર્ણ આનંદનો નાથ, આ એની શું ખબરું નથી અને ખબર પડવાનો પંથ જે છે તે એને કઠણ લાગે છે. આહા..હા..!

અહીં કહે છે સમ્યક્ સત્ દૃષ્ટિવંત પૂર્ણ જે સત્ પરમાત્મ સ્વરૂપ પોતાનું નિજ જિન સ્વરૂપ તેની સમ્યક્ નામ સાચી દૃષ્ટિ અનુભવ થઈને થઈ, એને ભલે સ્વાનુભૂતિ એના અનુભવની દશા પ્રતીત અને જ્ઞાનમાં વિષય જે છે એ પૂર્ણ છે પણ પર્યાયમાં પૂર્ણ અનુભૂતિ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! એ **'પોતે પૂર્ણ નથી, પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે.'** આમ બે વાત, ગુલાંટ ખાધી. વર્તમાનમાં સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનની અનુભૂતિમાં, અનુભૂતિ પૂર્ણ પરમાત્માની જે જોઈએ તેટલી અનુભૂતિ નથી પણ છતાં તેનો વિષય જે છે... આહા..હા..! છે ને ? **'દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે.'** આહા..હા..! અપૂર્ણ અનુભૂતિના કાળમાં પણ. વાત તો આવી છે બાપુ ! અપૂર્ણ અનુભૂતિના કાળમાં પણ દૃષ્ટિનો જે વિષય છે એ દૃષ્ટિમાં તો પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. શું કહ્યું સમજાણું કાંઈ ?

સમ્યગ્દૃષ્ટિને, સત્ય દૃષ્ટિને, સત્ય દૃષ્ટિવાનને ધ્રુવ ઉપર દૃષ્ટિ છે, તે તો ધ્રુવ

છે પણ એનો અનુભવ છે એ અપૂર્ણ છે. અનુભવ અપૂર્ણ હોવા છતાં તે કાળની દૃષ્ટિ તો ધ્રુવ પરિપૂર્ણ ઉપર છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો પંથ કોઈ અલૌકિક છે. અરે..! ક્યાંય સાંભળવા મળે નહિ ત્યાં એ વિચારે ક્યારે ? અરે..! એટલી બે કડીમાં નાખ્યું, બે કડી નહિ આ તો બે લીટી કહેવાય, કડી તો ઓલી ગાયનની હોય છે. આહા..હા..!

સત્ય દૃષ્ટિવંતને સમ્યક્ નામ સત્યદૃષ્ટિવંતને સત્ પૂર્ણ છે તેની દૃષ્ટિ થઈ તેને, એની અનુભૂતિ થાય એ ભલે અનુભૂતિ વર્તમાન દશામાં પૂર્ણ નથી. છતાં તેનો દૃષ્ટિમાં જે પરિપૂર્ણ છે ધ્રુવ આત્મા તે પૂર્ણ છે. અનુભૂતિમાં પૂર્ણ નથી, ધર્મી જીવ થયો સમ્યગ્દૃષ્ટિ થયો એને વર્તમાન દશામાં એનો અનુભવ પૂર્ણ નથી, પણ તેનો દૃષ્ટિનો વિષય છે તે ધ્રુવ પરિપૂર્ણ છે. આરે..! આવી વાત છે. ભાષા તો સાદી છે, પ્રભુ ! આહા..હા..!

**'જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે...'** હવે શું કહે છે ? અનુભૂતિ થોડી હોવા છતાં દૃષ્ટિમાં તો પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. હવે જ્યારે દૃષ્ટિમાં પરિપૂર્ણ આત્મા છે ત્યારે જ્ઞાન જે છે તે સમયનું એ દ્રવ્ય તેમજ પર્યાયને બેયને જાણે. આહા..હા..! દૃષ્ટિ જે છે એ તો ધ્રુવને જ કબુલે છે અંદર. પરિપૂર્ણ ધ્રુવને દૃષ્ટિ માને. આહા..હા..! અને તે દૃષ્ટિ સાથે થયેલું જે જ્ઞાન એ જ્ઞાન ત્રિકાળને પણ જાણે, વર્તમાન પર્યાયને પણ જાણે. આહા..હા..! છે ? એટલે સવારમાં મેં પૂછ્યું. ભાઈને કીધું, વાંચ્યું છે ? કહે, ના. કહો. એકેય વાર વાંચ્યું નથી. પૈસા, પૈસા મારી નાખ્યા જગતને ધૂળમાં. ભાઈને પાંચ, છ કરોડ રૂપિયા, એમાં ને એમાં ગૂંચવાઈ ગયા. કેટલાય વાંચે છે, સાધારણ માણસ વાંચે છે અત્યારે તો. આ તો કેટલા વખતથી બહાર પડી ગયું છે. ભાઈ ! આહા..હા..!

દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા હોવા છતાં તેની સાથે થયેલું જ્ઞાન એ જ્ઞાન પરિણતિ એટલે જ્ઞાનની વર્તમાન દશા. ત્રિકાળી જ્ઞાનની અહીં વાત નથી. અહીં તો વર્તમાન દશા તે દ્રવ્ય તેમજ પર્યાયને જાણે છે. એ ત્રિકાળને પણ જાણે અને પર્યાયને જાણે. જ્ઞાન તો બેયને જાણે, દૃષ્ટિ એકને ધ્રુવને દેખે. પરિપૂર્ણને માને અને એની સાથે થયેલું જ્ઞાન (બેયને જાણે). આહા..! આવી વાતું.

જ્ઞાન પરિણતિ દ્રવ્ય એટલે વસ્તુ જે પહેલું કીધું કે દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા

તે, તેને પણ જ્ઞાન જાણે, તેમજ પર્યાયને જાણે. વર્તમાન અનુભૂતિ થોડી છે એને પણ જ્ઞાન જાણે. આહા..હા..! દૃષ્ટિ પરિપૂર્ણ ધ્રુવને જાણે છે, દેખે છે, શ્રદ્ધે છે અને એની સાથે થયેલું જ્ઞાન પૂર્ણને પણ જાણે, પર્યાયને જાણે. અનુભૂતિ મારી થોડી છે એમ જ્ઞાન જાણે. આહા..હા..! આવું છે.

**'પણ પર્યાય ઉપર જોર નથી.'** જ્ઞાન દૃષ્ટિની સાથે થયેલું એ પર્યાયને જાણે, દ્રવ્યને જાણે, છતાં પર્યાય ઉપર જોર નથી આ પર્યાય ઉપર જોર નથી. આહા..હા..! આવું બધું સાંભળ્યું નહોતું તમારા બાપેય તે ત્યાં ભાઈ ભક્તિ કરવી, 'શ્રીમદ્'નું આ કરવું. એ..ઇ..! આવ્યા હતા ને ? ડેલામાં રહેતા ને આહાર લેવા આવ્યા હતા અંદર. ભાઈ હતા. તે દિ'ની વાત છે, હોં ! ખબર છે ને. આ વાત બહુ ફેરફાર થઈ ગયો. આહા..હા..! ઓલા વળી એમ કહે કે વ્રત ને તપ ને અપવાસ ને જાત્રા કરો તો સમકિત થશે. આ લોકો એમ કહે, ગુરુની ભક્તિ કરો તો થશે. ભક્તિ આવે.

'નિયમસાર'માં શ્લોક આવે છે ને ? ભાઈ ! ઇષ્ટ ફળ એવી જે મુક્તિ એનો જે ઉપાય, એ સમ્યગ્જ્ઞાનથી જણાય. 'નિયમસાર'માં 'વિદ્યાનંદ સ્વામી' શું કહે છે ? કે ઇષ્ટ જે ફળ જે મુક્તિ એનો જે ઉપાય સુશાસ્ત્રથી જણાય, સમ્યગ્જ્ઞાનથી જણાય. સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી જણાય. સુશાસ્ત્ર આપ્તપુરુષથી નીકળેલું છે. માટે ધર્માત્મા પૂજ્ય પુરુષોનો ઉપકાર ભૂલતા નથી. આવે છે ને ? સમજાણું કાંઈ ? આહા..હા..! મુક્તિનો જે ઉપાય એ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનનું કારણ સુશાસ્ત્ર છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ તીર્થંકર સર્વજ્ઞથી છે, આપ્તથી છે. માટે સર્વજ્ઞની કૃપાનું ફળ એમ પાછું લખ્યું અંદર. એનો અર્થ ઇ કે સર્વજ્ઞની વાણીમાં એ શાસ્ત્ર આવ્યા. એને જેણે સાંભળ્યા અને સાંભળીને પોતા તરફનું જ્ઞાન થયું એને વાણીને નિમિત્ત કહેવામાં આવે અને તેથી તેને જેનાથી સમ્યગ્જ્ઞાન થયું તેવા પુરુષોનો તે ઉપકાર ભૂલતો નથી. છે કે નહિ આમાં ? 'નિયમસાર' કેટલામાં છે એ ? પાંચમીમાં ? આહા..હા..!

છઠ્ઠી ગાથા, છઠ્ઠી ગાથા છે. **'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...'** ઇષ્ટ ફળ નામ મુક્તિ. એનો ઉપાય સુબોધ, સમ્યક્બોધ, સમ્યગ્જ્ઞાન. અને **'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** સુશાસ્ત્ર બેયને લાગુ પાડ્યા છે. **'સુબોધ એ મુક્તિનો ઉપાય એ સુબોધ સુશાસ્ત્રથી થાય, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા એ સુશાસ્ત્ર ત્યાંથી થાય. નિમિત્ત–નિમિત્ત સંબંધ કહે છે ને

**'માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે...'** આહા..હા..! નિશ્ચયમાં તો પોતે આત્મા પૂજવાયોગ્ય છે પણ વ્યવહારમાં સુશાસ્ત્રની ઉત્પત્તિ જેનાથી થઈ તે પૂજવાયોગ્ય છે.

**'અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ...'** એનો અર્થ ઇ. સુશાસ્ત્ર ત્યાંથી નીકળ્યા પ્રભુથી, એનાથી જ્ઞાન થયું, જ્ઞાનથી મુક્તિ થાય. માટે તે સર્વજ્ઞની કૃપાનું ફળ એમ કહેવાય. આહા..હા..! અથવા એમેય કહેવાય, 'શ્રીમદ્'માં આવે છે 'કરુણા હમ પાવત હે તુમકી' હે નાથ ! આપના જ્ઞાનમાં મારો મોક્ષમાર્ગ ને મુક્તિ આપે જાણી તે ટાણે મને થાય છે એ આપની કૃપા છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? 'શ્રીમદ્' કહે છે, 'કરુણા હમ પાવત હૈ તુમકી' હે નાથ ! આપના જ્ઞાનમાં મને મુક્તિ ક્યારે થશે અને ઉપાય ક્યારે (થશે). એ આપના જ્ઞાનમાં આવ્યું છે. એ જ્ઞાનમાં આવ્યું એટલે મારી દશા જે થઈ એ આપની કૃપાનું ફળ છે. આહા..હા..! આવી વાતું છે.

**'સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે, કેમ કે' 'कृतमुपकारं साधवो न हि विस्मरन्ति।।' 'કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.'** આમ હોય છે. પણ છતાં એ સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી કીધું પણ સમ્યગ્જ્ઞાન સ્વદ્રવ્યનું લક્ષ કરે ત્યારે થાય છે. સમજાણું કાંઈ ? સાંભળવામાત્રથી (નથી થતું). સાંભળવામાં તો એનું લક્ષ આવ્યું કે આ વસ્તુ પરિપૂર્ણ છે તેનો આશ્રય કરતાં તને જ્ઞાન થાય એવો ખ્યાલ આવ્યો નિમિત્ત તરીકે, પણ એ ખ્યાલને લક્ષે સમ્યગ્જ્ઞાન ન થાય. આહા..! આવી વાત છે.

તેથી એમ કહ્યું ને કે શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. દેખાડે દિશા, જો ભાઈ ! અંદર ભગવાન પૂર્ણ તું છો, પ્રભુ ! ત્યાં દૃષ્ટિ દે તને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થશે. એવો એને ખ્યાલ આવ્યો. એ ખ્યાલમાં ઉપકાર ભગવાનની વાણીનો. અને એ ખ્યાલનું ફળ આવ્યું તરત. એને આમ થશે એવો જે ખ્યાલ આવ્યો હતો, એ એણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપીને ખ્યાલને સિદ્ધ કર્યો. આવો માર્ગ. એક એક વાત અજાણી લાગે નાની. બાપુ ! માર્ગ તારા ઘરનો છે, ભાઈ ! આહા..હા..!

એ અહીં કહે છે, જ્ઞાન ઉપર જોર નથી, જાણે જ્ઞાન ખરું. તે જ્ઞાન પણ પોતાના દૃષ્ટિનો જે વિષય છે તેની સાથે થયેલું જ્ઞાન એ દ્રવ્યને જાણે, પર્યાયને જાણે. ભાઈ ! ક્યાં આમાં ક્યાંય હતું નહિ. આહા..હા..! આવો માર્ગ, ભાઈ ! આહા..હા..! અરે..!

આઠ આઠ વર્ષના બાળક પણ અનુભવ કરતાં હતા. આહા..હા..! રાજકુમારો, જેને ઘરે સ્ફટિકના મહેલ અને,.. આહા..હા..! એ પણ અંદર જ્યાં ભગવાનની વાણી સાંભળી અને એને ખ્યાલમાં આવ્યું કે ભગવાન તો પૂર્ણાનંદના નાથનો આશ્રય કર તો તને જ્ઞાન થશે. એવો ભગવાનને ખ્યાલ આવ્યો અને એ ખ્યાલને ... સમજાણું કાંઈ ? આહા..હા..! ભગવાનની વાણી સાંભળી દિવ્યધ્વનિ સમવસરણમાં. ખ્યાલમાં આવ્યું, એની જ્ઞાનની પર્યાયમાં ખ્યાલ આવ્યો કે ભગવાન એમ કહે છે કે તારો આત્મા પૂર્ણાનંદ પ્રભુ ભરેલો ભગવાન (છે), અનંત અનંત ગુણનો ગોદામ પ્રભુ છે. ત્યાં તું દૃષ્ટિ દે. તને સમ્યગ્દર્શન થશે, સમ્યગ્જ્ઞાન થશે, સ્વરૂપ આચરણની સ્થિરતા સાથે આનંદ આવશે. એવો ખ્યાલ આવ્યો હતો, એ ખ્યાલ ઉપરનું લક્ષ છોડી દઈ... આહા..હા..! અને સ્વ તરફ જ્યાં દૃષ્ટિ કરી એટલે જે ખ્યાલ હતો તે ખ્યાલને યથાર્થ બનાવ્યો. સમજાણું કાંઈ ? આહા..હા..! માટે ભગવાનનો ઉપકાર છે એમ અહીંયા કહેવામાં આવે છે. આહા..હા..!

એ જ્ઞાન પર્યાયને જાણે પણ પર્યાય ઉપર જોર નથી. **'દૃષ્ટિમાં એકલા સ્વ પ્રત્યેનું,...'** સ્વ પ્રત્યેનું એટલે લીટી છે ને ? **'સ્વ પ્રત્યેનું એટલે દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે.'** આહા..હા..! ભગવાન પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપ, એ દૃષ્ટિનું બળ ત્યાં રહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

> **હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું. મારામાં જે ગુણ છે તે તેના તે જ છે, તેવા ને તેવા જ છે. હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી. આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે. જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર. ૪૦૦.**

૪૦૦. **'હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું.'** આહા..હા..! હું તો મારું જે સ્વરૂપ, હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય, શાશ્વત પૂર્ણ ચૈતન્ય. આહા..હા..! જે છું, શાશ્વત

પૂર્ણ ચૈતન્ય જે છું. આહા..હા..! તે છું. જે છું તે છું. આહા..હા..! જુઓ ! આ સમ્યગ્દૃષ્ટિની ભાવના. આહા..હા..! ધર્મી એમ જાણે છે, આહા..હા..! હું તો શાશ્વત નિત્ય પૂર્ણ, શાશ્વત પૂર્ણ, ચૈતન્ય જે છું, જે છું તે છું. આહા..હા..! ભાષા બહુ સાદી પણ. ભાઈ ! ભાઈ નથી આવ્યા ? આહા..હા..! ધર્મીની દૃષ્ટિ હું શાશ્વત ચૈતન્ય પૂર્ણ, પૂર્ણ ચૈતન્ય, શાશ્વત પૂર્ણ ચૈતન્ય. આહા..હા..! જે છું તે હું છું. આહા..હા..!

**'મારામાં જે ગુણ છે...'** બીજો બોલ લીધો. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો પંથ કોઈ અલૌકિક છે. લોકોએ લૌકિક કરીને તોડી નાખ્યો. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિનો ભાવ ધર્મીની શરૂઆતની દશાનો ભાવ, એ એમ માને છે કે, હું તો શાશ્વત (છું). નવો થયો નથી, પર્યાયમાં આવતો નથી. આહા..હા..! એટલે જેને બદલવું નથી એવો પૂર્ણ ચૈતન્ય છું. **'હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું...'** શાશ્વત તો પરમાણુ પણ છે. પણ **'હું શાશ્વત પૂર્ણ ચૈતન્ય છું, જે છું તે છું.'** આહા..હા..! લોકોની સેવા કરવી ને આનું આ કરવું ને અમે સેવા કરીએ છીએ, મારી નાખ્યા જગતને. આહા..હા..!

મુમુક્ષુ :– જગની સેવા કરવી એ તો શ્રાવકનો ધર્મ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ સેવા કરતો હતો ? એ તો વિકલ્પ આવ્યો તો એને પર ઉપર લક્ષ જાય, એટલી વાત છે. પણ એ કાંઈ સેવા કરી શકે છે એમ છે નહિ. આહા..હા..!

અહીંયા તો હું શાશ્વત પૂર્ણ ચૈતન્ય છું તે છું. એ તો એવી પર્યાય એને કબુલે છે આ રીતે. આહા..હા..! હું રાગવાળો છું ને રાગથી કાંઈક કો'કનું કરી શકું એ તો મારામાં છે જ નહિ. આહા..હા..! એક વાત.

**'મારામાં જે ગુણ છે...'** ચૈતન્ય જે ચેતન છે એના ચૈતન્ય આદિ **'ગુણો જે છે એ તેના તે જ છે,...'** એટલે તો એ એવા ને એવા, એવા ને એવા ને **'તેવા ને તેવા જ છે.'** આહા..હા..! ગમે તે ગતિમાં રખડ્યો પણ મારા ગુણ તો જેવા છે તેવા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ ? આહા..હા..! હીરાના કણીયા છે બધા. મારામાં એટલે હું જે ચૈતન્ય શાશ્વત પૂર્ણ છું તે, એમાં જે ગુણ છે તે તેના તે જ છે. તે ગુણ તેના તે જ છે. પર્યાયમાં ગમે એટલું પરિવર્તન થયું પણ જે ગુણ છે એ તો તેના તે છે. આહા..હા..!

**'તેવા ને તેવા જ છે.'** છે ? **'તેના તે જ છે, તેવા ને તેવા જ છે.'** એવા ને

એવા ગુણ અનાદિ (છે). આહા..હા..! દૃષ્ટિમાં વિશ્વાસ આવવો, બાપુ ! આહા..હા..! દશા હીણીમાં પણ દ્રવ્ય જે ચૈતન્ય શાશ્વત છું તે છું અને મારા ગુણો પણ જેવા છે તેવા છે. આહા..હા..! **'તેના તે જ છે, તેવા ને તેવા જ છે.'**

**'હું એકેન્દ્રિયના ભવમાં ગયો...'** આહા..હા..! નિગોદના ભવમાં એક શરીરમાં અનંતા જીવ. ભગવાન પરમાત્મા નિગોદને કહે છે લસણ, ડુંગળી આદિ લીલ, ફુગ એક કટકીમાં અસંખ્ય તો શરીર છે, એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંતા જીવ. જેની પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગનો વિકાસ છે. છતાં મારું દ્રવ્ય ને ગુણ તો જેવડું છે એટલું છે. આહા..હા..!

ઓલા તો કહે છે ને ? (એક વિદ્વાન). પર્યાયમાં અશુદ્ધતા આવી તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. એ દ્રવ્ય અશુદ્ધ થયું એ પર્યાયની અપેક્ષાએ કહેવાય. દ્રવ્ય, ગુણ અશુદ્ધ થતાં નથી. 'પ્રવચનસાર'નો (આધાર) આપે છે ને. શુભે શુભરૂપ થઈ જાય છે. પણ એ તો પર્યાયની વાત છે. અને એને અશુદ્ધ દ્રવ્યાર્થીકનયે એમ કહેવાય દ્રવ્ય અશુદ્ધ થયું. એ તો અશુદ્ધ દ્રવ્યાર્થીક કહો કે વ્યવહાર કહો કે પર્યાય કહો. આહા..હા..! આ તો અશુદ્ધ કેમ કીધું ? કે જે દ્રવ્ય છે તે પર્યાયપણે અશુદ્ધ થયું છે. પર્યાયપણે, દ્રવ્યપણે નહિ. આહા..હા..!

એ પર્યાયપણે એમ થવા છતાં એકેન્દ્રિયમાં રહેવા છતાં (એ) ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી. મારું દ્રવ્ય ચૈતન્ય પરિપૂર્ણ, એવા જ મારા ગુણો એવા ને એવા, તેવા ને તેવા રહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી ગાંડી ઘેલા જેવી વાતું લાગે લોકોને. પણ ડાહ્યાના દીકરા મોટી મોટી વાતું કરે ને આમ. આમ થાય ને આમ કરવા ને આમ કરવા એ જાણે કે, આહા..હા..! એ જ્ઞાન નથી, બાપા ! એ તો બધી વિપરીત માન્યતાઓની વાતું છે. પરની દયાઓ પાળો ને વ્રત કરો ને અપવાસ કરનારા તપસ્યાવાળાને કાંઈક કદર કરો, પૈસા-બૈસા દ્યો... આહા..હા..! એ તો બધી રાગની વાતું છે, બાપા ! આહા..હા..! એ ધર્મ નથી ને ધર્મનું એ કારણ પણ નથી. આહા..હા..!

ધર્મની દશા પર્યાય એનું કારણ તો ત્રિકાળી ભગવાન છે. આહા..હા..! એ દ્રવ્ય તે તેવું ને તેવું મારું રહ્યું છે. આહા..હા..! અરે..! અલ્પજ્ઞ દશામાં પણ, નિગોદની અલ્પજ્ઞ દશામાં પણ દ્રવ્ય અને ગુણ જેવા છે તેવા જ રહ્યા છે. હવે આ વિશ્વાસ

કેમ આવે ? બાપુ ! આહા..હા..! નિગોદના એક શરીરમાં અનંતા જીવ, એવા અસંખ્ય શરીરનું એક રાઈ જેટલો કટકો થાય. એમાં એક શરીરમાં અનંતા આત્માઓ, એની પર્યાય ઘણી જ હીણી અક્ષરના અનંતમા ભાગની, છતાં મારા ગુણ ને દ્રવ્ય તો જેવા છે એટલા રહ્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? કહો ભાઈ ! આ બધું સમજવું પડશે, હોં ! પૈસા-બૈસા ધૂળમાં કાંઈ નથી. 'મુંબઈ' આવ્યા ન્યાંથી. દેશમાં–અહીં આત્મામાં આવવું પડશે. આવે છે આમાં, ૪૦૧ આવશે.

અરે..રે..! અમે રાગના વિકલ્પમાં આવ્યા ક્યાં અમે પરદેશમાં આવ્યા. આહા..હા..! અમારો દેશ તો અનંત જ્ઞાન, આનંદથી ભરેલો જ્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ આ મુખ્ય કીધા, અનંત ગુણનો દેશ મારો પ્રભુ (છે). આહા..હા..! એમાંથી આ દયા, દાન ને વ્રતની, જાત્રાનો, ભક્તિનો વિકલ્પ આવ્યો. અરે..રે..! અમે ક્યાં પરદેશમાં આવી પડ્યા ? આહા..હા..! ૪૦૧માં આવશે. છે ?

જુઓ ! ૪૦૧માં છે, જુઓ ! **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** છે ? ભાઈ ! શું કીધું તમારું ગામ ન્યાં ? 'નાઈરોબી'. ભુલી ગયા. ઇ તો પરદેશ નહિ. પણ આ ભગવાન આનંદનો નાથ અનંત ગુણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય આદિથી ભરેલો એ દેશ સ્વનો પોતાનો દેશ છે. આહા..હા..! શરીર, વાણી, મનની તો વાતેય શું કરવી ? એ તો પર છે. પણ અહીંયા દયા, દાન, વ્રત ને ભક્તિનો વિકલ્પ આવ્યો છે જરી અરે..રે..! અમે પરદેશમાં આવી ગયા, અમારો સ્વદેશ રહી ગયો એક કોર. ભાઈ ! આવી વાતું છે, બાપા ! આહા..હા..! ગાયનમાં જોડ્યું છે, નહિ ? ભાઈએ. એ અમારો સ્વદેશ છોડી અમે ક્યાં આવી ગયા પરદેશમાં. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! વિભાવભાવ એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠ્યો. પાપનો તો એક કોર રહ્યો. રળવું ને ભોગ ને વિષય ને આખો દિ' ધંધાના રાગ પાપના અને બાયડી-છોકરાને સાચવવાના પાપના એ તો ક્યાંય પરદેશ ભિન્ન. અહીંયા તો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ આવ્યો. આહા..હા..! એ અમારો દેશ નથી. છે ? ૪૦૧. આ તો વળી આવી ગયું પાછું કેટલાક વયા જવાના છે ને. ... આહા..હા..!

**'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'** પૂર્ણ આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ પ્રભુ, એમાં તો અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભર્યા (છે). એ અમારો સ્વદેશ છે અને જ્યાં શુભરાગમાં આવ્યા... આહા..હા..! અરે..! અમે અહીં ક્યાં આવી ચડ્યા ?

આહા..હા..! જુઓ ! એ ભાષા, ભાવ તો જુઓ. આહા..હા..! **'અમને અહીં ગોઠતું નથી.'** ધર્મીજીવને આત્માના આનંદમાંથી નીકળીને વિકલ્પમાં ગોઠતું નથી. આહા..હા..!

**'અહીં અમારું કોઈ નથી.'** આહા..હા..! એ દયાના, દાનનો, ભક્તિનો વિકલ્પ આવ્યો, સાંભળવાનો આવ્યો. આહા..હા..! અરે..રે..! આ ભાવમાં અમારું કોઈ નથી. શરીર, વાણી, મન નહિ. આહા..હા..! અહીંયા તો પરમાત્મા આનંદસ્વરૂપ પ્રભુ ! આહા..હા..! ચૈતન્યની જળહળ જ્યોતિ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, ત્યાંથી નીકળીને આ વિકલ્પમાં આવ્યા. આહા..હા..! અરે..રે..! **'અમારો આ દેશ નહિ, અમને અહીં ગોઠતું નથી.'** આહા..હા..! છે ?

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ....'** મુખ્ય લીધા, આદિ સ્વદેશ છે. આહા..હા..! અમારો સ્વદેશ તો જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ અને વીર્ય આદિ અનંતગુણ જે સ્વદેશ છે અમારો. આહા..! **'અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે...'** આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા, એ એનો પરિવાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! અમારા અનંત ગુણનો પિંડ નાથ ! મારો પ્રભુ ! આહા..હા..! અમે અમારા ગુણનો, અમારો પરિવાર વસે છે ત્યાં અમારો સ્વદેશ છે. આહા..હા..! કહો ભાઈ ! આવી વાતું છે.

એ શુભરાગ આવ્યો, રાગ. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય ભક્તિ આદિ. એ અમારો દેશ નહિ, એ અમારો પરિવાર નહિ. આહા..હા..! જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત આનંદ આદિ... આહા..હા..! વસે છે, જ્યાં અમારા ગુણ આદિનો **'પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.'** આહા..હા..! 'લીંબડી' સ્વદેશ નહિ, એમ કહે છે. આ વળી 'વઢવાણ' (રહે છે). એને 'લીંબડી' ... બજારમાં ખડકીમાં. આહા..હા..! આને ઘરે ગયા હતા. ન્યાં જાળીવાળું છે. આહા..હા..! એ દેશ હશે ? કહો, ભાઈ ! આહા..હા..! રસીક જો રેનના સપના. આહા..હા..! એમ વિકલ્પ આવ્યો. અરે..રે..! અમારો સ્વદેશ અનંત આનંદ ને જ્ઞાનગુણથી ભરેલો પરિવાર ત્યાં અમે છીએ ને આ વિકલ્પ આવ્યો એ તો પરદેશમાં આવી ગયા. આહા..હા..! ભાઈ ! આવી વાત છે. આ તો બીજાને આમ કરો ને સેવા કરો ને દેશ સેવા કરો ને સૌનું કલ્યાણ કરે ને, નારી ઘરની રક્ષા કરનાર છે માટે નારી ઉત્તમ કહેવાય છે. ધૂળેય નથી, સાંભળને. આહા..હા..! કારણ કે બાયડીને છોકરાને પોષવા અને આ તો ધંધો દુકાને બેઠો હોય. પાછળ

છોકરા સાત-આઠ થયા હોય એમાં બબ્બે વર્ષે થયા હોય છોકરા તો સોળ વર્ષના આઠ થયા હોય. છ છોકરીઓ ને બે છોકરા, સાત છોકરીઓ ને એક છોકરો. હવે એને સાચવવા ને એને પાલવવા ને. આહા..હા..! એટલે સ્ત્રી ઘરની ખરી ધણીયાણી તો ઇ છે, એમ કહે. ધૂળેય નથી, સાંભળને. પાપના પાખંડની વાતું આ બધી. પંડિતજી! એવું જ છે ? આહા..હા..!

**'અમારો સ્વદેશ છે. અમે હવે...'** આહા..હા..! અહીં આવી ગયું વળી ઓલા તમારા કેટલાક વયા જવાના છે ને તે અહીં આવી ગયું, અહીં તો બાકી રહ્યું હજી. અમારે ગામથી આવ્યા છે ને ? કે દિ' આ સાંભળવાનું મુશ્કેલ પડે એવું છે. સંપ્રદાયમાં છે નહિ, બાપા ! આ શું કરીએ ? આકરું પડે. અર..ર..! અમારો દેશ ગુણનો ભરેલો. જ્ઞાન શ્રદ્ધા, આનંદ આદિ ગુણથી ભરેલો અમારો દેશ છે અંદર. એ અમે દેશમાંથી ખસીને વિકલ્પમાં આવી ગયા. આહા..હા..! ભાન તો છે, દૃષ્ટિ ત્યાં છે પણ અસ્થિરતાને લઈને વિકલ્પ આવ્યો છે. આહા..હા..! એ અમારો પરિવાર નહિ, એ અમારો દેશ નહિ. આહા..હા..! ભાઈ ! આવો રસ છે. આહા..હા..!

**'અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** આહા..હા..! અમારો સ્વરૂપ સ્વદેશ, તેમાં જઈ રહ્યા છીએ. આહા..હા..! એ અમારું મૂળ વતન છે. આહા..હા..! જુઓ ! આ ધર્મીનો દેશ ને વતન. 'લીમડી' ભાઈનું ક્યું ગામ છે ? 'મહુવા'. આ ભાઈનું 'લીંબડી' તો જાણીએ છીએ. તમારું ઘર તો બજારમાં છે ને. આવ્યા છીએ ને ઘરે. 'મહુવા' એ દેશ નહિ, એમ કહે છે. એ તો મળવા દેશ છે. આહા..હા..!

**'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** આહા..હા..! જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા ભરી છે પ્રભુની, અમારે તો મૂળ વતનમાં જાવું છે. આહા..હા..! અહીં પાંચ, પચ્ચીસ લાખ પેદા કરે ત્યારે કહે ને ભાઈ ! દેશમાં આવી ને પોતે ભોગવે. આવે છે ને ? ભાઈ ! 'નિયમસાર'માં. બહારમાં લક્ષ્મી પેદા કરી, પચ્ચીસ, પચાસ લાખ, એક કરોડ, બે કરોડ. જેમ આપણે આ નહિ ? કોઈ આવ્યું છે કે નહિ (એમનું) ? એ બે ભાઈઓ. એ પૈસા અઢાર લાખ લઈને વયા આવ્યા હતા 'મુંબઈ'થી. પછી લઈને વયા આવ્યા બધું છોડી દીધું. એમ જેને બહારમાં પૈસા પેદા થયા છે એ પછી દેશમાં આવીને નિરાંતે (રહે). ઢંઢેરો ન ફેરવે. નહિતર લૂંટારા નીકળશે. ઓલો કહે અમને આપો, ઓલો કહે અમને આપો. બાયડી, છોકરી કે અમને આપો, જમાઈ

કહે અમને આપો. ગામમાં શું કહેવાય ? ખરડા ચાલે તો ખરડામાં ભરવું પડશે તમારે. તમે કરોડપતિ છો. ઇ કહે એકલો ખાજે, બાપા ! બહાર પીટીશ નહિ કે અમે પૈસા પેદા કરીને આવ્યા છીએ. આહા..હા..! 'નિયમસાર'માં છે. એમ તારો જ્ઞાન, સ્વભાવ, દેશ. આહા..હા..! જ્ઞાન નિધિને પામીને એકલો રહેજે. બહાર પોકાર ન કરીશ તું. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાત છે.

મુમુક્ષુ :- ...કોઈની સાથે વાદવિવાદ ન કરીશ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાદ-વિવાદ કરીશ નહિ તો કહ્યું. આ તો આ આમ કહ્યું, કે નિધિને પામીને. આહા..હા..! બહાર ફંફેરો કરીશ નહિ કે અમે સમકિત છીએ ને અમને જ્ઞાન છે. લોકો લુંટવા આવશે તને. અમને અત્યારે સમજાવો ને, અમને કાંઈક કહો ને. એ સંગમાં તારા વિકલ્પ આવશે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! જુઓ ! આ વાણી. આ 'વચનામૃત' ! આહા..હા..!

**વચનામૃત વીતરાગના ને પરમ શાંત રસ મૂળ,**
**ઔષધ જે ભવરોગના એ કાયરને પ્રતિકૂળ રે**
**ગુણવંતા જ્ઞાની એ અમૃત વરસ્યા રે પંચમકાળમાં**

કાયરને પ્રતિકૂળ લાગે આ શું કહે છે ? બકે છે શું આ ? અમે જે કરીએ છીએ એ માયલી વાત કાંઈ ન આવે, નહિ કરેલાની બીજી વાતું. આહા..હા..! ભાઈ ! તેં કર્યું શું છે ? આત્માને ભૂલીને પુણ્ય ને પાપના વિકલ્પો અસંખ્ય વારના અભ્યાસમાં કર્યાં. બીજું તો તેં કાંઈ કર્યું નથી. આહા..હા..! આવો જે ભગવાનઆત્મા, આહા..હા..! એના વતનમાં જઈ,.. આહા..હા..! નિરાંતે વસવું છે, ત્યાં નિરાંતે વસવું છે. અમારું નિજ વતન, નિજ દેશ. વતન, દેશ સાદી ભાષી આપણી ગુજરાતી. અમારું વતન અનંત આનંદ આદિ જ્ઞાન એ અમારું વતન છે. આહા..હા..! ત્યાં જઈને નિરાંતે વસજે. રાગમાં આવતા તો દુઃખ થાય છે. આહા..! ત્યાં નિરાંતે વસજો. આહા..હા..! ભાઈ ! આવી વાતું તમારા 'મુંબઈ'માંય ન મળે ક્યાંય. આહા..હા..!

મુમુક્ષુ :- 'મુંબઈ'માં છે એ અહીં નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું ધૂળ છે 'મુંબઈ'માં. એમ કે પગાર ત્યાં મળે આઠ, દસ હજારનો, દસ હજારનો, પંદર હજારનો. નથી આપણા એક આપણા ભાઈનો દીકરો

છે ને ત્યાં એક ? 'મોરબી'વાળા. પંદર હજારનો પગાર મહિનાનો છે, એકનો આઠ હજારનો છે. શું કહેવાય ? ટાટા. ટાટામાં છે. ત્યાં ગયા હતા અમે. આપણા એક ભાઈ હતા ને એક ? કિડનીનું દર્દ થયું. બાર મહિનાનું પરણેતર. બહુ પ્રેમ હતો. કુંવારો આવ્યો ત્યારે પણ બહુ પ્રેમ અને પછી આ કિડનીનું દર્દ થયું અને ત્યાં આહાર કરવા જાય .... આહા..! પાંચ, છ કરોડ રૂપિયા. આહાર કરી ને પછી વળી કહેવડાવ્યું મહારાજ ! તમે અહીં આવો છો મારે દર્શન કરવા છે. ગયા હતા. આહા..હા..! બહુ પ્રેમ બિચારાને. બાયડી ઊભી હતી, મા-બાપ ઊભા હતા અને શક્તિ હીન થઈ ગયેલી અંદર. આહા..હા..! બાર મહિનાનું પરણેતર. છોકરો એવો જુવાન. એની માએ આપ્યું કિડની. દેહ છૂટી ગયો. બહુ પ્રેમ, ઘણો. એવું હતું ત્યાં હું ગયો પછી પણ અમે ગામમાં આવ્યા ત્યારે દર્શન કરવા આવ્યો હતો પાછો. ક્યાંક નહિ ? ક્યુ ગામ ? દાદરમાં આવ્યો હતો દર્શન કરવા. આહા..હા..!

અરે..રે..! કોણ છે ? ભાઈ ! ક્યાં છે તું ? શરણ ક્યાં પ્રભુ છે ? આહા..હા..! શરણદાતા પ્રભુ આત્મા છે, ભાઈ ! આહા..હા..! ત્યાં તારી નજરું પડતા તને શરણ મળશે, શરણ આપશે, નજર ત્યાં ઠરશે. ધ્રુવ છે એટલે નજર ત્યાં ઠરશે, અધ્રુવમાં નજર કરવા જાય તો નજર નહિ ટકે. આહા..હા..!

**'નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારા છે.'** જ્યાં બધા અમારા જ્ઞાન, દર્શન આદિ અનંત... અનંત... અનંત... અનંત ગુણ, અનંત શક્તિનો સંગ્રહાલય સાગર, અનંત ગુણનું ગોદામ, અનંત સ્વભાવનો સાગર ઉછળે છે અંદર. આહા..હા..! ધર્મી આમ ભાવના ભાવે છે. અમે તો અમારા દેશમાં નિરાંતે જઈને વસશું. આહા..હા..! વિકલ્પમાં આવતા તો આકુળતા ને દુઃખ થાય છે, ત્યાં અમને ગોઠતું નથી. આહા..હા..! આવી વાત છે. આ તો થોડુ લીધું.

**'હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી...'** ૪૦૦ બોલ. **'અને દેવના ભવમાં ગયો...'** નવમી ગ્રૈવેયક સુધી. ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી. આહા..હા..! ૩૧ સાગરનું આયુષ્ય, આમ ૩૧ હજાર વર્ષે આહારનો ઓડકાર આવે, શ્વાસ અમુક પખવાડિયે (આવે). આહા..હા..! એ કેવી સ્થિતિ. ઊંચો નીચો. ૩૧ સાગર છે તો ૩૧ પખવાડિયે શ્વાસ આવે. આહા..હા..! ૩૧ હજાર વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. ધૂળનું આહારનું અમૃત. ત્યાં હું ગયો પણ મને કાંઈ ગુણમાં વૃદ્ધિ થઈ

નથી, ગુણ વધી ગયો નથી. આહા..હા..! ક્યાં નવમી ગ્રૈવેયક ને ક્યાં નિગોદમાં, એકેન્દ્રિયમાં. આહા..હા..! મારું દ્રવ્ય ને મારા ગુણ તો એવા ને એવા, તે ને તે, તે ને તે, એ ના એ, એવડા ને એવડા, આહા..હા..! રહ્યા છે. આહા..!

**'આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે.'** આહા..હા..! દ્રવ્ય એવું ને એવું, ગુણ એવા ને એવડા (રહ્યા છે). ગમે તે એકેન્દ્રિયમાં રહ્યો, નવમી ગ્રૈવેયક ગયો. આહા..હા..! પણ એવું ને એવું, ગુણ પણ એવડા ને એવડા, ભાઈ ! આહા..હા..! એના ધ્રુવપણામાં ક્યાં ફેર પડ્યો છે. આહા..હા..! એ જ ઉપાદેય એક (છે). **'તે જ એક ઉપાદેય છે.'** આવો ભગવાન અનંત ગુણોનો પિંડ પ્રભુ તે એક જ આદરણીય છે. આહા..હા..! **'જાણવું બધું,...'** જાણવામાં તો બધું આવે. પર્યાય રાગાદિ, **'દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**સ્વભાવનું ભાન અને ભાવના હોય તે જ જીવો સુખી છે, જેને સ્વભાવનું ભાન અને ભાવના ન હોય તે બહારના વિષયોની ભાવના કરે. ક્યાંક તો ભાવના કરશે જ. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવની ભાવના છોડીને સંયોગની ભાવના કરે છે તે વિષયોની તૃષ્ણાથી દુઃખી જ છે. 'પરમાગમસાર' બોલ નં. ૭૪૯.**

**ચૈતન્યસ્વભાવ સુખથી ભરેલો છે, તેનો વિશ્વાસ કરીને તેની જેટલી ભાવના કરે તેટલું સુખ પ્રગટે સંયોગમાં ગમે તેટલી ભાવના કરે તો તેમાંથી કદી સુખ આવવાનું નથી, પણ તે તૃષ્ણાથી દુઃખ જ છે. 'પરમાગમસાર' બોલ નં. ૭૫૦.**

**અજ્ઞાન અને રાગ-દ્વેષથી આત્માને દુઃખ થાય છે, તેને ચૈતન્યસ્વભાવનું ભાન અને વીતરાગતા કરીને બચાવવો તેનું નામ આત્માની દયા છે. આત્મામાં રાગાદિભાવો થાય તે હિંસા છે, ને રાગાદિભાવો ઉત્પન્ન ન થાય તેનું નામ દયા છે. અહો ! શાંતિમૂર્તિ આત્મા છે એનું ભાન કરીને તેમાં ઠરવું તેનું નામ આત્માની દયા છે. 'પરમાગમસાર' બોલ નં. ૭૫૧.**

કારતક વદ ૧૨, સોમવાર તા. ૨૭-૧૧-૧૯૭૮.
વચનામૃત–૪૦૧ થી ૪૦૩, પ્રવચન–૧૬૩

**જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારા છે.' ૪૦૧.**

૪૦૧, થોડું બે લીટી બાકી છે પહેલી શરૂઆત. ૪૦૧. **'જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'** આહા..હા..! ધર્મી એને કહીએ કે જેને આત્મા પરમાનંદ સ્વરૂપ ધ્રુવ, જે નિશ્ચય આત્મા એનો જેને અનુભવ થયો હોય. આ..હા..! એને ધ્રુવ સ્વરૂપ ભગવાન એને અનુસરીને પરિણતિ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ પ્રગટ હોય. આહા..હા..! એથી ધર્મીનું પરિણમન, જ્ઞાનીનું છે એટલે કોઈ એમ માને કે જ્ઞાનીને આવું હોય પણ ધર્મીને શું ? પણ ધર્મી કહો કે જ્ઞાની કહો, એક જ વાત છે. આહા..હા..!

ધર્મ એ આત્માનો ત્રિકાળી સ્વભાવ (છે), એનો ધરનાર ધર્મી એટલે આત્મા. એના સ્વભાવ પ્રત્યેનું વલણ થઈ, અંતરમાં એકાગ્રતા થઈ અને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન થાય તેને જ્ઞાનીનું પરિણમન કહેવામાં આવે છે. આહા..હા..! રાગાદિ એ કાંઈ જ્ઞાનીનું પરિણમન નથી, એ વિકાર છે. તેને જાણનારું જ્ઞાન, જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમતા તેનું

જ્ઞાન થાય છે. એથી ધર્મી,.. આહા..હા..! વસ્તુ જે ત્રિકાળી પરમ સ્વભાવભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ તેની દૃષ્ટિ થવાથી એ સમ્યગ્દૃષ્ટિ થાય છે. આહા..હા..! આવું આ છે. ભાઈ નથી આવ્યા ? હશે. ગામમાં છે ? શરીર નબળું થઈ ગયું છે ને સોજા ચડ્યા છે.

ધર્મી એને કહીએ કે જેનું વલણ રાગ ને દ્વેષ અને પુણ્ય-પાપ પર હતું એ વલણ ફરી જાય છે. આ આવી વાત ક્યાં ? 'જૈન પ્રકાશ'માં આજ આવ્યું છે, ભાઈ ! એમાં કે દિ' હતી આ વાત ? એમાં લખી છે એણે. સમકિતીને અનુભવ થાય અને એ અનુભવ ઉપયોગ ઘણે કાળે થાય. પાંચમાવાળાને થોડે (કાળે) થાય. પણ એ વાત હતી કે દિ' તમારી ? એ તો દિગંબરની વાત છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર શાસ્ત્રમાં વાત જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- છે જ ક્યાં એ વાત. ન્યાં તો .... અઠ્યાવીસમાં અધ્યયનમાં. આમાં નાખ્યું છે આ જૈન પ્રકાશ. પણ જૈન પ્રકાશનો સાધુ જે છે સ્થાનકવાસી, દેરાવાસી એમાં આ છે ક્યાં ? પણ એને એમ લાગે કે... અહીંનું વાંચી અને એને જૈન પ્રકાશમાં નાખી દે.

સમકિતી આત્મજ્ઞાન જેને થયું હોય તેને એ આત્મજ્ઞાનના ઉપયોગમાં જ્યારે જોડાણ હોય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. હવે એને પાછો એ ઉપયોગ લબ્ધરૂપે રહે. પ્રતીતિને તો લબ્ધ અને ઉપયોગ એનું કાંઈ છે નહિ. એ કાયમ પ્રતીતિ રહે. પણ વળી એમાં ઉપયોગ અંદર જામે એ કેટલા કાળે જામે ? કોઈને અંતર્મુહૂર્તે પણ આવી જાય, કોઈને મહિને, બે મહિને પણ આવી જાય. પાંચમાને ઝટ આવે, છઠ્ઠાને તો ક્ષણે ક્ષણે આવે જ સાતમું ને છઠ્ઠું. એ વાત છે ક્યાં ? સાંભળી હતી, ભાઈ ? આ સ્થાનકવાસીમાંથી (આવે છે). આહા..હા..! અરે..! ભાઈ ! કો'કની વાત કો'કને નામે ચડાવવી...? આહા..હા..! એ તો 'અનુભવપ્રકાશ', 'ચિદ્‌વિલાસ' એમાં એ છે વાત. એ તો દિગંબર સંત ગૃહસ્થનું કરેલું છે. 'દીપચંદજી'નું. એ વાત કરે પણ ઇ એમ કહે કે અમારામાં પણ આમ છે. એમ નથી ભાઈ ! શું થાય ?

એક ભાઈ થયો છે, નહિ ? ઇસુ ખ્રિસ્તી જેવો નહિ ? સાંભળ્યું છે. મોટો થયો છે, સાંભળ્યું છે ખરું. સત્‌નો શોધક. એમાં બહુ આવ્યું છે. એ તો સત્યનો બોલનારો એમ કહે છે. એની માનેલી વાત. પણ એમાં કોર્ટે પછી એને મારી નાખવા ઝેરનો

કટોરો આપ્યો, પી જાવ. એમાં એવું છે. નામ સાંભળ્યું છે. ઇતિહાસમાં ક્યાંક વાંચ્યું હશે. પીવે છે, બૈરાને કહે અહીંથી ચાલ્યા જાવ. તમે નહિ જોઈ શકો. એના બૈરાને (કહ્યું). છોડી-છોકરો તમે મારું મૃત્યુ નહિ જોઈ શકો. એના ભક્તો નહિ જોઈ શકે તમે, ભાઈ ! પીવે છે આમ ઝેરનો પ્યાલો. હુકમ કોર્ટથી થયો છે. લોકો સહન ન કરી શકે. પોતાની જાતની જે વાત વણીને રાખી હોય એનાથી કાંઈ વિરુદ્ધ કહેનારા નીકળે (એટલે સહન ન કરી શકે). આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! તું સાંભળ. આહા..હા..! એ સત્ય તો એને કહીએ,.. આહા..હા..! પરમ પ્રભુ ભૂતાર્થ જે સત્યાર્થ ત્રિકાળી ચીજ છે, જે રાગથી તો ભિન્ન છે પણ એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે. આહા..હા..! એવું જે પરમ... આ વિચાર એક જરી આવ્યો હતો. આ ઓલા સફરજન કરે છે ને ? ભાઈ ! સફરજન તમારે નહિ ? એ..ઇ..! તમારે હિન્દીમાં એને સેવ કહે છે ને ? આને સફરજન કહે છે. એ ઉપરથી વિચાર આવ્યો. સફરજન પાંચેય એકાક્ષર. ભગવાનઆત્મા અંતરમાં સફર કરે જન એટલે આત્મા એનું નામ સફરજન છે. આ તો આ સફરજન તમારે બહુ આવે છે ને. આહા..હા..! સેવ શબ્દ છે ત્યાં. સ એવ એમ લેવું જોઈએ. તે ભગવાનઆત્મા. જેમ સફરજનના કટકા કરી કરીને ખાય. આહા..હા..!

એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું દળ પડ્યું છે. આહા..હા..! એમાં જેટલી એકાગ્રતા કરે એટલો અંદર દળનો કટકો અનુભવમાં આવે. આહા..હા..! આવી વાત છે.

એ અહીં કહે છે, ધર્મીનું પરિણમન એટલે દશા વિભાવથી પાછું વળી (અર્થાત્) પુણ્ય ને પાપના વિકલ્પો રાગ છે તેના ઉપર જે લક્ષ અનાદિનું હતું એટલે પર્યાયબુદ્ધિ ત્યાં હતી... આહા..હા..! એમાંથી પાછો વળી, સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. આહા..હા..! કેટલું સમાડ્યું છે જુઓને ! આહા..હા..! પરિણમન એટલે દશા. ધર્મીની દશા વિભાવની દશાથી પાછી વળી. આહા..હા..! સ્વરૂપ, સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ અખંડાનંદ સ્વરૂપ, તેના તરફ તેની દશા–પરિણમન–ઢળી રહી છે.

**'જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે...'** આહા..હા..! ધર્મી પોતાના આનંદના નાથ ને પકડ્યો ને અનુભવ્યો હવે એ **'નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'** આવી વાત છે ક્યાં ? આહા..હા..! અરે..રે..! આવી વાત વિના જિંદગી ચાલી જાય જગતની. સંપ્રદાયમાં જ્યાં પડ્યો હોય એની માન્યતા ને એ માન્યતા ને એનું એ

યથાર્થપણું નિવૃત્તિ ક્યાં છે કે એ શું કહે છે એ (નક્કી કરે). આહા..હા..!

અહીંયા તો કહે છે, જ્યાં સુધી પુણ્ય ને પાપ આદિ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, એના ઉપર રુચિ હતી તો ત્યાં એનું પરિણમન વિકારી હતું. હવે જ્યારે રુચિએ ગુલાંટ ખાધી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ જેને પોહાણમાં, રુચિમાં, દૃષ્ટિમાં આવ્યો એ હવે એને પરિપૂર્ણ કરવા માગે છે. બીજ ઉગી એ પૂનમ થાય છે. આહા..હા..! આવી વાત ક્યાં છે ? એ પૂર્ણ સ્વરૂપમાં **'પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'** અંદરમાં ઠરી જવું. આહા..હા..! પછી આ તો આવી ગયું હતું કાલે. પણ થોડું લઈ લઈએ સાથે. ઉતાર્યું તો છે ભાઈએ.

**'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** શરીર, વાણી, મન, આ તો માટી, ધૂળ, જડ છે પણ અંદરમાં જે કાંઈ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ઉઠે... આહા..હા..! એ ધર્મી એમ જાણે છે કે, આ અમારો દેશ નહિ. અરે..! અમે ક્યાં પરદેશમાં આવી પડ્યા ? આહા..હા..! જેને આ દુનિયા અત્યારે દયા, દાન, વ્રત પરિણામને ધર્મ માને. આહા..હા..! એ.. ભાઈ ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે જે આત્મા કહ્યો એ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવા પરિપૂર્ણ ગુણથી ભરેલો ભંડાર ભગવાન છે. એની તરફની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે પુણ્ય ને પાપના વિકલ્પો જે વિકારી હતા એનાથી પાછો વળી જાય છે અને સ્વભાવ સન્મુખ થાય છે. આવી વાતું હવે.

તે જીવ પરિપૂર્ણ ઠરવા માટે તલસે છે. અરે..! મારી ચીજ પરિપૂર્ણપણે કેમ થાય એ એની ભાવના હોય છે. **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** આહા..હા..! જ્ઞાનીને વિકલ્પ આવે, દયાનો, કોઈ વ્રતનો, કોઈ ભક્તિનો, પૂજાનો, ભગવાનના સ્મરણનો, પણ એ બધો રાગ છે. આહા..હા..! ધર્મીને એમ લાગે છે, આ અમારો દેશ નથી, **'આ પરદેશમાં અમે ક્યા આવી ચડ્યા ?'** આહા..હા..! જેમ આર્ય ઘરમાંથી નીકળી ને કોઈ કસાઈખાને ચડી જાય, એમ અરે..રે..! અમે તો આ રાગમાં આવી ચડ્યા પરદેશમાં. આહા..હા..! આ અમારો દેશ નથી. **'અમને અહીં ગોઠતું નથી.'** વાંચ્યું છે કે નહિ ? કેટલી વાર વાંચ્યું કે નહિ આખું ?

મુમુક્ષુ :- આપની સમક્ષ જે સાંભળીએ એ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભલે એ, પણ આ તો વાંચ્યું છે કે નહિ, એટલું. ભલે

પકડાણું હોય ન પકડાણું હોય (એ જુદી વાત). આ તો ભાઈને પૂછ્યું હતું. હવે કે દુનું ગયું છે એની પાસે. પાંચ, છ કરોડ રૂપિયામાં ઘૂંચી ગયા છે તો હજી વાંચ્યું પણ નથી. આ ભાઈ. આહા..હા..!

અમને અહીંયા રાગ આવે, આહા..હા..! અરે..! ભગવાનની ભક્તિનો, નામ સ્મરણનો પ્રભુનો પંચ પરમેષ્ઠીના સ્મરણનો પણ એ રાગ છે પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! ધર્મીને ત્યાં ગોઠતું નથી. **'અહીં અમારું કોઈ નથી.'** આહા..હા..! અમે આ વિભાવમાં, સ્વભાવમાંથી ખસી ક્યાંથી આવી ચડ્યા ? અર..ર..! આહા..હા..!

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે...'** આહા..હા..! અમારો સ્વભાવ ત્રિકાળી ત્યાં તો જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, વીર્ય વર્તે (છે), એ અમારો દેશ છે. આહા..હા..! કાલે આવી ગયું છે આ. **'તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** આહા..! ધર્મી તો એને કહીએ. આહા..હા..! આ તો સામાયિક કરી ને પોહા કર્યા ને પડિકમણા કર્યા ને ચોવિહાર કર્યા (એટલે) થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ, સાંભળને. આહા..હા..! જ્યાં ધર્મી સ્વયં જ્યોતિ સુખધામ પડ્યું છે... આહા..હા..! એના તરફ ઢળતાં, બહાર નીકળતા રાગને એ પરદેશ દેખે છે. આહા..હા..! **'અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** રાગનો ભાવ આવે પણ અમને ત્યાં રુચતું નથી, ગોઠતું નથી પણ નબળાઈને લઈને આવે છે. આહા..હા..! **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** આહા..હા..! અમારે તો ત્વરાથી–ઉતાવળે એકદમ. આહા..હા..! **'અમારા મૂળ વતનમાં જઈને...'** અમારું મૂળ વતન તો અંતર અનંત આનંદ, જ્ઞાન, દર્શન બિરાજે તે અમારું મૂળ વતન છે. આહા..હા..!

મુમુક્ષુ :– ગુણસ્વરૂપ મૂળ વતન કહેવાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ વતન છે, મૂળ સ્વરૂપ જ એ છે. આહા..! એ 'શ્રીમદ્'માં આવ્યું ને પહેલી કડીમાં ? 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' એ સ્વરૂપ એ. આહા..હા..! 'સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.' વ્યવહાર કહ્યો. પણ 'સમજાયું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવાનઆત્મા.' સમજાણું કાંઈ ? આહા..હા..! બહુ ફેરફાર.

અમારે તો ત્વરાથી અમારા મૂળ વતનમાં જવું છે. મૂળ વતન તો એ દેશ.

આહા..હા..! **'નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારા છે.'** ઓલામાં ગોઠતું નહોતું ને અહીં નિરાંતે વસવું છે. આહા..હા..! આ તો કાલ આવી ગયું હતું એટલે થોડું (ઝડપથી લઈ લીધું).

**જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું છેલ્લી પરાકાષ્ઠાનું ધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે. આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા; છેક શ્રેણી માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો ! અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી પણ આ અંતર્મુખતા તો છેલ્લામાં છેલ્લી કોટિની ! આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો. જેવો ચૈતન્ય પદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો, તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો. ૪૦૨.**

૪૦૨, **'જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે...'** આહા..હા..! એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવું જે કેવળજ્ઞાન, એને જે પ્રાપ્ત કરાવે **'એવું પરાકાષ્ઠાનું...'** ઊંચામાં ઊંચું ધ્યાન. આહા..હા..! પરમાનંદનો નાથ પ્રભુ તેને ધ્યાનમાં વિષય બનાવી, ધ્યાનમાં તેને ધ્રુવને વિષય બનાવીને ધ્યાનમાં જોડાઈ ગયો. એવી રીતે ધ્યાનમાં જોડાણો કે **'તે ઉત્તમ પ્રતિક્રમણ છે,...'** આ ઉત્તમ પ્રતિક્રમણ છે. આહા..હા..! આ તો ગડીયા બોલી ગયા, મિચ્છામિ દુક્કડમ્ ... ગડીયા તો અનંત વાર ગણ્યા એવા, સાંભળને. આહા..હા..! જેનાથી ઉત્તમ ધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેને અહીં પ્રતિક્રમણ કહે છે. ઉત્તમ પ્રતિક્રમણ–પાછો ફર્યો. અંદરમાં ઢળ્યો. આહા..હા..!

અમારે 'બોટાદ'માં સાંજે પડિકમણા કરવા બહુ આવે બધા. પછી એકવાર કહ્યું હતું, કીધું ભાઈ ! અનુભવ ચીજ બીજી છે. અરે..! અનુભવ વળી આપણે શું ? (એમ કોઈએ કહ્યું). (એક ભાઈ હતા) 'અમદાવાદમાં'. સાંજ-સવાર બિચારા મજૂરી રાગની

કરે અને માને કે અમે પડિકમણા કર્યા. પોષાણા છે મિથ્યાત્વ, મિથ્યા શ્રદ્ધાની પુષ્ટી ત્યાં છે, એને એણે પડિકમણું માન્યું. આહા..હા..! અહીંયા તો ભગવાનઆત્મા પૂર્ણ સ્વ સ્વરૂપ તેને ધ્યાનમાં લઈને પૂર્ણ સ્વરૂપ પ્રાપ્તિ કરે, પૂર્ણ સ્વરૂપ તેને ધ્યાનમાં લઈને પૂર્ણ પ્રાપ્તિ કેવળજ્ઞાનની કરે એને ઉત્તમ પ્રતિક્રમણ કહેવાય છે. આહા..હા..!

**'આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા;...'** આહા..હા..! ઊંચી વાત લીધી ને. ઠેઠ. પરિપૂર્ણ આનંદનો ભંડાર. આહા..હા..! માંખી જેમ સાકરના ગાંગડે બેઠીને ચોંટી રહે,.. આહા..હા..! એમ અનંત આનંદનો નાથ ભગવાનઆત્મા ધ્યાનની પર્યાય એવી લગાવી દીધી ત્યાં આગળ. આહા..હા..! કે તેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. એવી દશાને ઉત્તમ પ્રતિક્રમણ કહે છે. એટલે આવી વાતેય સાંભળી ન હોય. આહા..હા..! અરે..! બિચારા જૈનમાં નામ ધરાવીને પણ રખડનારા રખડશે ચાર ગતિ. આહા..હા..! શું વસ્તુ છે એની ખબર ન મળે.

**'એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા;...'** આહા..હા..! રાગથી પાછો ફરી અને સ્વરૂપના ધ્યાનમાં એવો જાય કે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. એને ફરી હવે રાગ ઉત્પન્ન થાય નહિ. આહા..હા..! આ ઉત્તમ પ્રતિક્રમણ. **'છેક શ્રેણી માંડી...'** ધ્યાનમાં આત્માને ધ્યેય બનાવી. આહા..હા..! ધ્યાનમાં વિષય કુરુ એમ છે પાઠ. 'અધ્યાત્મ તરંગણી' છે ને ? જે તારી ધ્યાન દશા જે રાગ ને પુણ્યમાં પડી છે એ તો મિથ્યા ધ્યાન છે. આહા..હા..! પણ જે ધ્યાન દશામાં પૂર્ણાનંદ પ્રભુ આખો પરમાત્મ સ્વરૂપ બિરાજે છે અરે..! કેમ બેસે ? જે આખો અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભરેલો પ્રભુ છે. ભગવાન અંદર અતીન્દ્રિય આનંદથી પૂર્ણ છલોછલ ભરેલો છે. એને ધ્યાનમાં વિષય બનાવી અને ઠરી જાય. આહા..હા..! એને દોષની ઉત્પત્તિ હવે હોય નહિ.

**'છેક શ્રેણી માંડી દીધી...'** એટલે સ્વરૂપ જે આનંદ ને જ્ઞાન સ્વરૂપી છે એમાં એકાગ્રતાની ધારા એવી જામી, એને શ્રેણી કહે છે. આહા..હા..! **'માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો !'** આહા..હા..! ઉત્કૃષ્ટ વાત છે. ભગવાન જ્ઞાનનો–અનંત જ્ઞાનનો સાગર છે, પ્રભુ ! અંદર અનંત આનંદનો દરિયો એ છે, અનંત પ્રભુતાનો ભરેલો પ્રભુ છે ઇ. આહા..હા..! એના તરફની ધારા ધ્યાનની ધારા ચાલતા... આહા..હા..! **'કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો !'** પર્યાયમાં એની ભરતી આવી. દરિયો. આહા..હા..! એકાગ્ર થયો ત્રિકાળી ભગવાનમાં એથી

એની પર્યાયમાં, જેવું પૂર્ણ રૂપ છે અંદર, તેવી જ પર્યાયમાં પૂર્ણતાની ભરતી આવી. આહા..હા..! અરે..! આ કઈ જાતની વાતું ? ભાઈ ! વીતરાગ માર્ગ કોઈ જુદી જાત છે. એની શ્રદ્ધા ને સમકિત શું એની પણ હજી ખબર ન મળે. આહા..હા..! એ તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમકિત. અરે..! ભાઈ ! અનંત વાર માન્યું, સાંભળને હવે એ તો. એ તો રાગ છે. નવ તત્ત્વને માનો, બસ. નવ તત્ત્વના ભેદને માનવા એ પણ રાગ છે. આહા..હા..!

એક તત્ત્વ પરમાત્મસ્વરૂપ પોતે. આહા..હા..! જેની આગળ સિદ્ધની પર્યાય પણ કિંમતી નથી. એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે, આહા..! તે પણ જિનેશ્વરે કહ્યો તે આત્મા. આહા..હા..! એનું ધ્યાન લગાવવાથી. ઊંચી વાત લીધી છે ને ? એટલે કે કોઈ એમ કહે કે આ ક્રિયા, દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા કરવાથી આ પૂર્ણ પર્યાય થાય તો એમ નથી. જેને ધ્યાનમાં લીધો છે તેને ધ્યાનમાં ધારાવાહી લેતા કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આખો આત્મા ઊછળે છે. આહા..હા..! ભરતી આવે ને ? ભરતી, એમ ભરેલા ભગવાનની દૃષ્ટિ એકાગ્ર થતાં પર્યાયમાં ભરતી, ભરેલી ભરતી આવે. આહા..હા..! આવી વાતું હવે. આ તે કાંઈ જૈન ધર્મ આવો હશે ? અહીં તો કહે ભાઈ ! સામાયિક કરો ને પોહા કરો ને પડિકમણા કરો, ચોવિહાર કરો, રાતે આહાર ન કરવો, છ પરબી કંદમૂળ આદિ ન ખાવા ને છ પરબી બ્રહ્મચર્ય પાળવું. હવે બધી વાતું સાંભળ ને. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. આહા..હા..!

આ તો પરમાત્મા પોતે આનંદનો નાથ. આહા..હા..! એ વિકારના પરિણામથી પાછો હટી અને નિર્વિકારી સ્વભાવમાં જ્યાં ધ્યાનમાં જાય છે... આહા..હા..! અને એ ધ્યાન જ્યાં ઉત્કૃષ્ટ જામે છે ત્યાં આખો કેવળજ્ઞાન આખો સાગર ઊછળે છે. આહા..હા..! એ સર્વજ્ઞ શક્તિ જે હતી, ગુણ સ્વરૂપે અંદર સર્વજ્ઞ શક્તિ હતી, એનું ધ્યાન કરવાથી સર્વજ્ઞ શક્તિ પર્યાયમાં ઊછળીને સર્વજ્ઞપણું થાય છે. આહા..હા..! આવી વાત છે. કેટલાક એમ કહે કે આ નવો માર્ગ ક્યાંથી કાઢ્યો ? ભાઈ ! તને ખબર નથી. આહા..હા..!

**'અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી,...'** શું કહે છે ? કે અંતર પ્રભુ છે તેની દૃષ્ટિ થઈ છે અને પાછી વારંવાર તે તરફ વલણ પણ થયું હતું પણ આ એવું વલણ ઉત્કૃષ્ટ થયું, એમ કહે છે. આહા..હા..! **'અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી,...'** સમ્યગ્દૃષ્ટિની વાત છે. **'પણ આ અંતર્મુખતા તો છેલ્લામાં છેલ્લી કોટિની !'** આહા..હા..!

આનંદનો નાથ એનું ભાન થતાં, સમ્યગ્દર્શન થતાં ઘણી વાર અંતર્મુખમાં જાય છે પણ પાછી એ અંતર્મુખતા એવી છે કે એમાં પૂર્ણ ઠરતો નથી, પાછો બહાર નીકળી જાય છે. આ અંતર્મુખતા એવી છે... આહા..હા..! છેલ્લામાં છેલ્લી કોટિની છે. આહા..હા..!

**'આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ...'** પણ એ આત્મા શું એ વસ્તુ, બાપુ ! આહા..હા..! આત્મા એટલે સાક્ષાત્ જિનસ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ, આહા..હા..! એવું જે દ્રવ્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, અભેદ સ્વરૂપ એવો જે આત્મા, એની સાથે એની પર્યાય જોડાઈ ગઈ. પર્યાય ને આત્મા પરિપૂર્ણ... આહા..હા..! આવું સ્વરૂપ છે, ભાઈ ! એને આત્માની એવી સેવા કરી કે પાછો હટ્યો જ નહિ, ખસ્યો નહિ ત્યાંથી. ત્યાં ને ત્યાં જામી ગયો. આહા..હા..!

**'આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ,...'** આહા..હા..! વર્તમાન જે દશાનો ઉપયોગ તે અંદરમાં ગયો તે ગયો, ખલાસ થઈ ગયો. આહા..હા..! **'પાછો કદી બહાર જ ન આવ્યો.'** આહા..હા..! પર્યાયને.. આ પર્યાય શું ? એની વર્તમાન જે દશાને, દશાવાન જે ભગવાન ત્રિકાળી આત્મા, એને જોડી દીધી પર્યાયને, એવી જોડી દીધી કે, એ પાછો બહાર આવ્યો જ નહિ, અંદરમાં અંદર ઠરી ગયો. આહા..હા..! એને સિદ્ધપદ ને કેવળજ્ઞાન થાય. **'પાછો કદી બહાર જ ન આવ્યો.'** આહા..હા..!

**'જેવો ચૈતન્યપદાર્થને...'** ચૈતન્યપદાર્થને–વસ્તુ જે ચૈતન્ય વસ્તુ ધ્રુવ તત્ત્વ. એક સમયની પર્યાયની રમતુંમાં અનાદિથી વળ્યો છે પણ એનું અંદર ચૈતન્ય તત્ત્વ જે વસ્તુ છે આખી, એને વર્તમાન પર્યાય સિવાય અંતર શું પૂર્ણ ચીજ છે એની સામું એણે જોયું નથી. એ એક સમયની વર્તમાન દશા જાણવાની આદિ, બસ, એમાં રમ્યો અને આગળ ગયો તો રાગમાં રમ્યો. આહા..હા..! પણ આ પર્યાયની એક સમયની દશા, આહા..હા..! તેની સમીપમાં રહેલું આત્મદ્રવ્ય તત્ત્વ. **'ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો,...'** સમ્યગ્દષ્ટિએ જ્ઞાનમાં જાણ્યો હતો, આહા..હા..! **'તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો.'** બહુ પેરેગ્રાફ એકદમ ઊંચો છે. એમ બતાવીને એમ કહે છે, ત્યાં એને આત્મજ્ઞાન થયું એ કોઈ રાગની ક્રિયાથી થયું નથી. તેમ આગળ વધવાની જે દશા થઈ એ પણ કોઈ દયા, દાન, વ્રત ને ઉપવાસ કર્યા ને એનાથી થઈ એમ

નથી. સમજાણું કાંઈ ?

**'ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો,...'** ધર્મીએ ચૈતન્યપદાર્થને જ્ઞાનને જ્ઞાનમાં પદાર્થને, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી ચૈતન્યપદાર્થને જાણ્યો હતો, આહા..હા..! **'તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો.'** પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા. આહા..હા..! જેવું પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણ ભર્યું છે, ભગવાનમાં પૂર્ણ ભર્યું છે અત્યારે. આહા..હા..! એવું જેનું ધ્યાન ત્યાં લગાવતા. પહેલું જાણ્યું છે કે, આ પરિપૂર્ણ વસ્તુ આ છે. એવો તેને વર્તમાન પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો. આત્મખ્યાતિ થઈ ગઈ. આહા..હા..! એનું નામ કેવળજ્ઞાન ને મોક્ષ છે. આહા..હા..! મનુષ્યપણું છે માટે કેવળજ્ઞાન થાય, વજ્રનારાચ સંહનન છે માટે કેવળજ્ઞાન થાય, એ બધાને ઉડાડી દેવાની આ વાત છે. આહા..હા..!

જ્યાં ભગવાન પરિપૂર્ણ પડ્યો છે તેમાં ધ્યાનની ધારા લગાવાથી તેની પર્યાયમાં જેવું એનું પૂર્ણ રૂપ છે એવી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ જાય છે. એ ઊંચી પ્રકારની વાત છે. ઉત્તમ પ્રતિક્રમણ, આવે છે ને ? 'નિયમસાર'માં એ વખતની આ વાત છે, 'નિયમસાર'માં. આહા..હા..! આમ તો મિથ્યાત્વ, અવ્રત, રાગ ત્યાંથી પાછો ફરી ને અંદર સમ્યગ્દર્શન, સ્થિરતા-અકષાયભાવ પ્રગટ કર્યો. પણ એ સાધારણ પ્રતિક્રમણ છે. આહા..હા..! પણ ઉત્કૃષ્ટ પ્રતિક્રમણ, ઉત્તમ પ્રતિક્રમણ અંદર જ્ઞાયકની પૂર્ણ સંપદા જે પડી છે તેને ધ્યાનમાં લઈ અને ઉગ્ર સ્થિર થયો એવી જ પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ ગઈ. એ થઈ ક્યાંથી ? ન્યાંથી. આહા..હા..!

**જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે; -વૈરાગ્યની ભરતી આવે છે, આનંદની ભરતી આવે છે, સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે. આ ભરતી બહારથી નહિ, ભીતરથી આવે છે. પૂર્ણ ચૈતન્યચંદ્રને સ્થિરતાપૂર્વક નિહાળતાં અંદરથી ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, સુખ ઊછળે છે, વીર્ય ઊછળે છે- બધું ઊછળે છે. ધન્ય મુનિદાશા ! ૪૦૩.**

૪૦૩, **'જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે...'** દરિયાનો એવો સ્વભાવ છે, દરિયાનો, સમુદ્રનો કે ચંદ્રની પૂર્ણ દશા પૂનમ હોય (તો) સમુદ્રમાં ભરતી આવે. આ સમુદ્રમાં ભરતી આવે ને એ પૂનમને દિ' પૂરી ભરતી આવે. ઠેઠ. આહા..હા..! ન્યાં પૂનમ-ચંદ્ર હોય અહીં દરિયામાં પૂરી ભરતી આવે એવો સંબંધ છે. ચૌદસ ને તેરસ ને બારસ ને અગિયારસ ને આદિ ભરતી પાછળ પાછળ હોય, પણ પૂનમ જ્યારે હોય એ પૂર્ણ સમુદ્ર ત્યારે ઊછળીને પૂરી ભરતી આવે. **'જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે, પૂનમના પૂર્ણ ચંદ્રમાને યોગે સમુદ્રમાં ભરતી આવે છે,...'** આહા..હા..!

**'તેમ મુનિરાજને...'** મુનિ બાપુ એ તો મુનિ તો કોને કહેવા અત્યારે. જ્યાં હજી સમકિતના ઠેકાણાં નથી ત્યાં મુનિ થઈને બેઠા. આહા..હા..! મુનિ તો અંદર આનંદના નાથને જાગ્રત કરી અને પ્રચુર જ્યાં અંતર આનંદનું વેદન વધી ગયું છે. આહા..હા..! એ નગ્નપણું થયું માટે મુનિ થયો એમ નથી. વસ્ત્રવાળા છે એ તો મુનિ છે જ નહિ, એ તો દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ. દ્રવ્યલિંગી દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ એમ કે કુલિંગી મિથ્યાદૃષ્ટિ. આવી વાતું હવે. જેટલા વસ્ત્રવાળા છે અને મુનિ માને છે એ બધા કુલિંગી મિથ્યાદૃષ્ટિ છે. એ..ઇ..!

હવે જે નગ્ન દશા હોય પણ અંદરમાં સમ્યગ્દર્શન આદિની ખબર નથી એ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આ વસ્ત્રવાળા છે એ તો કુલિંગી છે, દ્રવ્યલિંગી પણ નથી. સ્થાનકવાસી ને દેરાવાસી એ સાધુઓ બધા મિથ્યાદૃષ્ટિ કુલિંગી છે. આકરી વાતું, બાપા ! બહુ આકરું પડે, ભાઈ ! એ.. ભાઈ ! આહા..હા..! માણસ કહે છે ને ભાઈ ! છાસ લેવા જાય ત્યાં દોણી ક્યાં સંતાડે ? અમારે મામી હતા. ગૃહસ્થ હતા બધા પૈસાવાળા. ઘરે ભેંસુ. અને આ ઘર સાધારણ. મહેમાન ઘરે આવે તો હંમેશા આપે છાસ તો પણ મોટું દસ શેર છાસ જોતી હોય તો બોઘડુ મોઢા આગળ (કહી કહે), લ્યો, મામી ભરી દ્યો. છાસ લેવા જાય ને દોણી સંતાડે ? એમ નથી કહેતા ? પાછળ રાખે. એમ જેને માર્ગ જોતો હોય એના મોઢા આગળ આ વાત મુકાય છે. આહા..હા..! શું દાખલો જુઓને.

**'મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી...'** શું કીધું ? પૂનમના પૂર્ણ ચંદ્રના સંબંધે, યોગે એટલે સંબંધે. સમુદ્રમાં ભરતી આવે છે એ સ્વતંત્ર (આવે છે). પૂનમ તો નિમિત્તમાત્ર છે, પૂનમ-ચંદ્ર. તેમ મુનિરાજને... આહા..હા..! મુનિરાજ અતીન્દ્રિય

આનંદની જેને ભરતી આવી છે, એનાથી તે રાજ નામ શોભે છે એ. આહા..હા..! **'એવા મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી,..'** પૂર્ણ ચૈતન્યચંદ્ર ભગવાનઆત્મા એમાં એકાગ્ર અવલોકનથી. આહા..હા..! **'આત્મસમુદ્રમાં ભરતી આવે છે;...'** સમુદ્રમાં ચંદ્રની પૂનમ ચંદ્રમાને યોગે, અહીંયા ભરતી આવે છે સમુદ્રમાં પૂરી. એમ ભગવાન ચૈતન્ય ચંદ્રમા. આહા..હા..! **'ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી...'** આહા..હા..! ઉગ્રપણે અવલોકનથી, **'આત્મસમુદ્રમાં ભરતી આવે છે;...'** એની વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ. આહા..હા..! એને કાંઠે એટલે પર્યાયમાં આવે છે. આહા..હા..! જેમ દરિયાને કાંઠે એમ આ આત્માને કાંઠે એટલે પર્યાય. આવી બધી વાતું. ભાષા... વીતરાગ માર્ગ ભાઈ ! જુદી જાત છે, બાપુ ! આહા..હા..!

ચૈતન્ય પૂર્ણ ચૈતન્યચંદ્ર એના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં પર્યાયમાં પૂર્ણતાની ભરતી આવે છે. આહા..હા..! **'વૈરાગ્યની ભરતી આવે છે.'** આહા..હા..! વીતરાગતા--રાગ રહિત વીતરાગતાની ભરતી આવે છે. આહા..હા..! વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા. વીતરાગ સ્વભાવથી, પૂર્ણ વીતરાગ સ્વભાવથી ભરેલો ચૈતન્ય. પૂર્ણ વીતરાગ સ્વભાવથી ભરેલો ચૈતન્ય ચંદ્ર તેના એકાગ્રના અવલોકનથી પર્યાયમાં પૂર્ણ વીતરાગતાની ભરતી પર્યાયમાં આવે છે. આહા..હા..! હજી આવી ચીજ છે એને સમજવાને પણ નિર્ણયના ઠેકાણા ન મળે. આહા..હા..! અરે..! એના શું સરવાળા ? બાપુ ! જ્ઞાનમાં એનો આ રીતે સ્વભાવ છે અને આ રીતે સ્વભાવ સન્મુખ થવાથી તે પર્યાયમાં આવે છે. એ રાગની ક્રિયાથી નહિ, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ. આહા..હા..!

પૂર્ણ ચૈતન્યચંદ્ર. જેમ ચંદ્રના પૂનમનો યોગ, ચંદ્રના પૂનમનો યોગ અને સમુદ્રમાં ભરતીનું આવવું સ્વતંત્ર (છે). એમ પૂર્ણ ચંદ્રમા એવો ભગવાન ચૈતન્યચંદ્ર તેમાં એકાગ્રતાનું ધ્યાન, એકાગ્રતાથી અવલોકન કરતાં પર્યાયમાં જેમ સમુદ્રને કાંઠે ભરતી આવે એમ આ પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે. આરે.. આરે..! આવી વાતું. ક્યાંય સાંભળ્યું ન હોય. આહા..હા..! આવો માર્ગ છે. એને સાંભળવા મળે નહિ એ કે દિ' વિચારે ? જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

પહેલાં શું કહ્યું ? કે ચૈતન્યચંદ્રને પૂર્ણ ચૈતન્યચંદ્ર. ભગવાન પૂર્ણ ચૈતન્યચંદ્ર છે

અંદર. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવા અનંતા ગુણો ત્યાં પૂર્ણ છે. એવા ને એવા ને એને એ એમ ને એમ છે. આહા..હા..! એના ઉપર લક્ષ નામ ધ્યાન કરવાથી, એમાં એકાગ્રતાથી, અવલોકનથી, આહા..હા..! જ્ઞાનસમુદ્રમાં ભરતી આવે છે. અનંતા ગુણની પર્યાયની ભરતી આવે છે. એનો ખુલાસો કર્યો. અહીં સામાન્ય જે વાત કરી એટલે શું ? આત્મસમુદ્રમાં ભરતી આવે છે એટલે શું ? લીટી કરી છે ને ? આત્મસમુદ્રમાં ભરતી આવે છે એટલે શું ? એટલે લીટી કરી છે. આહા..હા..! છે ને ? એમાં નથી ?

ભગવાનઆત્મા પૂર્ણ ચૈતન્યચંદ્ર પ્રભુ, આહા..હા..! તેના અવલોકનથી એકાગ્રના અવલોકનથી. અવલોકન એ પર્યાય છે પણ એ પર્યાયથી એના અવલોકનથી તેની પર્યાયમાં આત્મસમુદ્રની ભરતી આવે છે. એટલે શું ? કે વૈરાગ્યની ભરતી આવે છે. વીતરાગ પરિણતિની ધારા આવે છે. આહા..હા..! આનંદની ભરતી આવે છે. આત્મસમુદ્રની ભરતી આવે છે એનો આ અર્થ છે. સામાન્ય માણસ ન પકડી શકે એટલે કહે એ શું ઇ ? આહા..હા..! વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન પૂર્ણ એને એકાગ્રતાના અવલોકનથી પર્યાયમાં વીતરાગતાનો પર્યાય આવે છે. આહા..હા..! એ વૈરાગ્ય. આહા..હા..!

**'આનંદની ભરતી આવે છે,...'** પરિપૂર્ણ આનંદ છે પ્રભુ આત્મામાં. પરિપૂર્ણ આનંદ છે, આહા..! અત્યારે, હોં ! સદાય પૂર્ણ પૂર્ણ આત્મામાં, ભગવાનમાં. આહા..હા..! એ પૂર્ણ આનંદમાં સ્વભાવમાં એકાગ્રતાના અવલોકનથી, પર્યાયમાં પૂર્ણ આનંદની ભરતી આવે છે. કઈ જાતનો આ ધર્મ ? બિચારા જૈનમાં જન્મ્યાને એ ખબર ન મળે. આહા..હા..! તેથી એ કહે છે, 'સોનગઢ'વાળાએ નવો ધર્મ કાઢ્યો. આ બધા ચાલે છે એનાથી જુદી (જાતનો). બાપુ ! ... નથી, ભાઈ ! એ સનાતન વસ્તુ જ આવી છે. વીતરાગનો પંથ છે એ નીકળ્યો છે. તેં સાંભળ્યો નહોતો માટે તને નહોતો એમ કેમ કહેવું ? આહા..હા..! જુઓને કેવી વાત છે ! એક એક પેરેગ્રાફ ! આહા..હા..!

**'આનંદની ભરતી આવે છે,...'** આહા..હા..! પહેલી વીતરાગતા કીધી, વીતરાગ સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો ભગવાન. એક (વાત). એની એકાગ્રના અવલોકનથી પર્યાયમાં વીતરાગતાની પરિપૂર્ણતા, ભરતી આવે છે. આહા..હા..! એમ કહીને (એમ કહ્યું), જે પૂર્ણ વીતરાગ સ્વરૂપ છે તેની એકાગ્રતાથી આવે છે કોઈ રાગની ક્રિયા

જે દયા, દાન ને વ્રત કરે ને એને માટે આવે છે એનો અહીંયા નિષેધ (છે). અહીં તો અસ્તિથી વાત છે. સમજાણું કાંઈ ? રાગથી નહિ એમ ન કહેતા, અસ્તિ જેવો પરમાત્મા પૂર્ણ વસ્તુ, વીતરાગતાનો જેમ માખણનો પિંડ હોય એમ વીતરાગ સ્વભાવનો પિંડ પ્રભુ છે. ત્રણેય કાળે હોં ! પણ તેમાં તેનું ઉગ્ર અવલોકન એકાગ્રતાથી, એ વીતરાગપણું પરિપૂર્ણ છે એમાં એકાગ્રતાથી પર્યાયમાં વીતરાગતાની ભરતી આવે છે. આનંદથી પરિપૂર્ણ પ્રભુ છે. આહા..હા..! અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન છે, પૂર્ણ એની એકાગ્રતાથી. આહા..હા..! એકાગ્રતાથી જોતા પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી, હિન્દીમાં બાઢ કહે છે, બાઢ આતી હૈ. આહા..હા..!

**'સર્વ ગુણપર્યાયની...'** લ્યો ! પછી બે મુખ્ય કહી, વીતરાગતા ને આનંદ. આહા..હા..! બે લઈને **'સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે.'** યથાસંભવ જેની જેટલી અવલોકનની એકાગ્રતા તેના પ્રમાણમાં તેને બધા ગુણની પર્યાય નિર્મળ પ્રગટ થાય છે. યથાસંભવ–જેની જેટલી એકાગ્રતા તેટલી ત્યાં અનંતા ગુણોની પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! શાંતિ અને આનંદ બે લીધા. ચારિત્રની શાંતિ જે ભરી છે પૂરી વીતરાગતા, એમાંથી વીતરાગતા આવે છે. પરિપૂર્ણ આનંદ છે એમાંથી આનંદ આવે. એમ પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ છે એના એકાગ્રતા અવલોકનથી જ્ઞાનની પર્યાયમાં ભરતી આવે છે. જે જ્ઞાન થોડું હોય એ ઘણું થઈ જાય છે. આહા..હા..! એમ વીર્ય જે પૂર્ણ પૂર્ણ છે અંદર. પુરુષાર્થ અંદર આત્મામાં પરિપૂર્ણ ભર્યો છે. વીર્ય એટલે પુરુષાર્થ. એની એકાગ્રના અવલોકનથી એ વીર્યની ધારા પર્યાયમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! જ્ઞાન, સુખ, ચારિત્ર, વીર્ય ચાર લીધા.

એમ અંતર ભગવાનઆત્મામાં એક કર્તા નામનો ગુણ પરિપૂર્ણ પડ્યો છે. આહા..હા..! એ પરિપૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્રતાના અવલોકનથી એ કર્તા ગુણની પર્યાયમાં કર્તાપણાની પૂર્ણતા પ્રગટ થાય છે. આહા..હા..! અનંતા ગુણને કર્તાપણે પર્યાય પરિણમે. એમ અનંતીની વાત ઘણી લાંબી છે બધી. આહા..હા..! **'સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે. આ ભરતી બહારથી નહિ, ભીતરથી આવે છે.'** વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

કારતક વદ ૧૩, મંગળવાર તા. ૨૮-૧૧-૧૯૭૮.
વચનામૃત–૪૦૪ થી ૪૦૬, પ્રવચન–૧૬૪

**પરથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી, વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે, ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનના દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં આત્મભગવાન દર્શન દે છે. આમ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે, કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે. ૪૦૪.**

૪૦૪. ઇ છેને ! એક બોલ ચાલ્યો હતો. ફરીને. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો કેમ થાય ? ધર્મની પહેલી શરૂઆત. આહા..હા..! તો એણે પરથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, શુભ-અશુભ રાગથી ભિન્ન, એક પર્યાયથી પણ ભિન્ન. આહા..હા..! આવ્યું હતું ને એ તો ? રંગ, રાગ ને ભેદથી ભિન્ન ૨૯ બોલમાં આવ્યું હતું. આહા..હા..! આત્મા અંદર રંગથી ભિન્ન, રંગ એટલે જડ આદિ પર્યાય. રાગથી ભિન્ન, ભેદથી ભિન્ન. આહા..! આવો **'પરથી ભિન્ન...'** એની વ્યાખ્યા આટલી. **'જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી,...'** જ્ઞાયક સ્વરૂપ છે, પૂર્ણ આનંદ સ્વરૂપ દ્રવ્ય સ્વભાવ એમ ભલે વિકલ્પ સહિત પણ નિર્ણય કરી **'વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં...'** પછી એનાથી આમ ભિન્ન છે. ભેદ અભ્યાસ કરતાં કરતાં **'મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે,...'** એ અહીં લેવું છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનની જે પર્યાય છે, એમાં જે વિકલ્પ રાગાદિનો અંશ છે, એ પ્રથમ પરથી ભિન્ન અને જ્ઞાયક સ્વભાવનો નિર્ણય કરી. આહા..હા..! **'વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે,...'** આવી વાત છે. આહા..હા..! માર્ગ બહુ અપૂર્વ છે. આહા..હા..! ભગવાન અંદર જેમ અહીં

દૃષ્ટાંત આવશે હમણાં.

**'ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે...'** એટલે ? મતિ અને શ્રુતજ્ઞાનનો જે વર્તમાન ઉપયોગ એ અંદરમાં ધ્રુવ તરફ ઢળી જાય છે. આવી વાત છે. ઉપયોગ, વર્તમાન પર્યાયનો જે ઉપયોગ એ ઊંડાણમાં એટલે તેની ધ્રુવ ચીજ છે, પર્યાયની અંદરમાં ઊંડે ધ્રુવ છે. આહા..હા..! ત્યાં ઉપયોગ ઊંડો ચાલ્યો જાય છે. આવી વાત.

**'અને ભોંયરમાં ભગવાનના દર્શન પ્રાપ્ત થાય...'** જેમ માણસ ઉપરથી ભોંયરામાં જાય અને એમાં ભગવાનના દર્શન થાય. એમ આ ઉપર મતિજ્ઞાનની પર્યાયને અંતરમાં ભોંયરા એટલે ધ્રુવ તરફ ઢાળતાં, ભોંયરામાં જેમ ભગવાનના દર્શન થાય એમ આત્માના દર્શન થાય. અરે..! આવી વાતું છે. એનો એ અર્થ થયો કે જ્ઞાયકભાવ જે સ્વ છે પૂર્ણ, તેનો પર્યાયે અંદર આશ્રય કર્યો એટલે ત્યાં લક્ષ કર્યું ત્યારે તેને ભગવાન પૂર્ણ છે તેમ ભાસ થયો. આહા..હા..! આ કેટલાક એમ કહે છે ને કે નિશ્ચય તો સિદ્ધને હોય. આ હમણાં 'સમયસાર' છપાણું છે ને ? (એક મુનિનું) નીચે તો વ્યવહાર જ હોય, સાધકને વ્યવહાર હોય, નિશ્ચય સિદ્ધને હોય. આહા..હા..!

અહીં તો કહે છે કે જે પર્યાય અંતરમાં વળી સ્વ આશ્રયમાં એ નિશ્ચય છે. પછી ભલે એ નિશ્ચય સ્વ આશ્રયે ધર્મધ્યાન હો એ પણ નિશ્ચય સ્વનો આશ્રય એ ધર્મધ્યાન છે. આહા..હા..! અને ઉગ્ર આશ્રય લઈને ચાહે તો શુક્લધ્યાન હો પણ એ બધો નિશ્ચય સ્વને આશ્રય હોય છે. એ સ્વને આશ્રયે હોય એ નિશ્ચય છે. આ હવે કહે છે આખા 'સમયસાર'ને ઊંધું માર્યું. શું કરે ? આ બધું જગતમાં આવું ચાલે છે.

અહીંયા તો પ્રભુ જે જ્ઞાયકભાવ અનંત અનંત ગુણનું એકરૂપ એવું જે દ્રવ્ય સ્વરૂપ, તેને વર્તમાન જ્ઞાનની મતિ-શ્રુતની પર્યાયને અંતરમાં વાળતાં, જેમ ભોંયરામાં જતાં ભગવાન ભળાય, એમ આ પર્યાય અંતરમાં જતાં એને ધ્રુવ જણાય. આવી વાતું હવે ક્યાં મેળ કરવો ?

'નિયમસાર'માં કહ્યું છે ને ? ભાઈ ! નિશ્ચય સ્વ આશ્રય એ ધર્મધ્યાન. બે, ત્રણ ઠેકાણે (આવે છે). આ લોકો કહે, ધર્મધ્યાન એટલે શુભભાવ. આહા..હા..! અરે..રે..! પ્રભુ ! તું શું કરે છે ? ભાઈ ! આહા..! ધર્મ એટલે ધર્મી જે જ્ઞાયક સ્વરૂપ, એનો જે ધર્મ નામ સ્વભાવ, એમાં એકાગ્ર થતાં તેને નિશ્ચય ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..! આવું છે. (એક મુનિ) તરફથી ભાઈ ! 'સમયસાર' છપાણું છે. એમાં આવો

અર્થ કર્યો છે. (એક) પંડિત છે, એણે એવો અર્થ કર્યો છે. અર..ર..! એ બધું (આ મુનિએ) માન રાખ્યું. સ્થાનકવાસી, શ્વેતાંબર, ઢુંઢિયા... તેરાપંથીએ માન રાખ્યું.

અરે..! ભગવાન ! બાપુ ! અહીંયા તો સીધી વાત છે કે સ્વ ચૈતન્યમૂર્તિ દ્રવ્ય સ્વભાવ છે એનો આશ્રય લેવો એ નિશ્ચય છે. આહા..હા..! અને જેટલો પરનો આશ્રય લેવાય, દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય લેવાય એ પણ વ્યવહાર છે, રાગ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ ! અરે..! એવા ટાણા ક્યારે મળે એને ? એમાં મળ્યા ત્યારે આવું કરે, બાપા ! આહા..હા..! એના પરિણામ બાપા ! શું આવશે ? ભાઈ !

અહીં કહે છે, આ વાત આ રીતે છે એવો જ્ઞાનમાં નિર્ધાર તો કરે, ભલે વિકલ્પથી. પહેલા વિકલ્પથી નિર્ણય તો કરે. આહા..હા..! કે આ પર્યાય જે વર્તમાન પ્રગટ છે એ અનાદિથી પરલક્ષમાં ગઈ છે. આહા..હા..! એ પર્યાયને, ભલે એ પર્યાયને એટલે ભલે એ પર્યાય નહિ પણ (નવી પર્યાય થાય) એ પર્યાયને અંતર્મુખ વાળતા ભગવાનઆત્મા પૂર્ણાનંદના તેને દર્શન થાય છે, તેનું એને ભાન થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– પરમ સત્ય વાત બહાર આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમ છે પ્રભુ ! શું થાય ? અરે..રે..! આવો અર્થ આખા 'સમયસાર'નો કરે. 'નિયમસાર'માં તો ઠેકઠેકાણે નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય ભક્તિ, નિશ્ચય આવશ્યક. એ બધું સ્વ આશ્રયે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પોકાર કર્યો છે, 'કુંદકુંદાચાર્ય' પોતે. અને તે શાસ્ત્ર 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં મારી ભાવના માટે મેં તો આ બનાવ્યું છે. આહા..હા..! અરે..! પ્રભુ ! આવો વખત મળ્યો ને જો આવી રીતે ગોટા ઊંધા વાળશે તો ભાઈ ! જન્મ અફળ જશે અને ક્યાં અવતાર થશે ? આહા..હા..! ક્યાંય મેળ નહિ રહે.

અહીંયા તો કહે છે **'ભોંયરામાં ભગવાનના દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં...'** એ પર્યાયને અંતર જે સમીપ ઊંડે અંતર આત્મા છે. આહા..હા..! ત્યાં વાળતા, આહા..હા..! **'આત્મભગવાન દર્શન દે છે.'** આહા..હા..! એટલે જેવડો આત્મા સ્વભાવે પરિપૂર્ણ છે તેનું અંતર્મુખ થતાં તેનું એને જ્ઞાન થઈ જાય છે. આહા..હા..! એનું જ્ઞાન થતાં તેના દર્શન થયા. આહા..હા..! આવી વાતું હવે. માર્ગ તો આ છે, ભાઈ ! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! પરમાર્થ કહો કે નિશ્ચય કહો. આહા..!

ઊંડાણમાં એટલે વર્તમાન જે પર્યાય છે પ્રગટ, એ પર્યાયની સમીપમાં ધ્રુવ (છે). આ પર્યાય ઉપર છે અને ધ્રુવ તેને અંદર છે. એ પર્યાયને અંદરમાં ઊંડાણમાં લઈ જતા તેને આત્મા કેવડો ને કેવડું સ્વરૂપ છે એનું એને દર્શન થાય છે. એટલે કે એની એને શ્રદ્ધા થાય છે, એનું એને જ્ઞાન થાય છે અને એની એમાં થોડી રમણતા પણ થાય છે. આહા..હા..!

**'આમ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં,...'** આહા..હા..! આમ સ્વ અનુભૂતિ. સ્વ જ્ઞાયકભાવ પૂર્ણાનંદ પ્રભુ એનો અનુભવની કળા પર્યાયને અંદરમાં વાળતા જે ભાન થયું એ કળા હાથમાં આવી ગઈ. આહા..હા..! એ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં એટલે કે એના જ્ઞાનના ખ્યાલમાં આવતા. આહા..હા..! **'કઈ રીતે પૂર્ણતા પમાય...'** હવે પૂર્ણ કેવળજ્ઞાન આદિ કેમ પમાય **'તે બધી કળા હાથમાં આવી જાય છે,...'** આહા..હા..! બહારના વિકલ્પો દયા, વ્રતાદિના તો ક્યાંય રહી ગયા. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ વૃત્તિઓ તો પાપ ને દુઃખરૂપ તો ક્યાંય રહી ગઈ. પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ પણ ક્યાંય ભિન્ન રહી ગયા. અને તેના સમીપમાં જે જ્ઞાનની પર્યાય છે, એ જ્ઞાનની પર્યાયની સમીપમાં જે ભગવાન છે ધ્રુવ... આહા..હા..! એનો જ્યાં પત્તો મેળવ્યો, એ સ્વાનુભૂતિની કળા હાથ લાગી. સ્વનો અનુભવ કેમ કરવો એ કળા હાથ આવી. આમ છે. સમજાણું કાંઈ ? માખણ છે ને ! અરે..! બહુ ટૂંકા શબ્દ, ગુજરાતી શબ્દ, સરળ શબ્દ. આહા..હા..! એને બહુ શાસ્ત્ર વાંચવા ન પડે. આહા..હા..!

પર્યાય અને દ્રવ્ય બે ચીજ છે આત્મામાં. પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. હવે એ પર્યાય જે છે—મતિ-શ્રુતની પર્યાય જે છે એ પહેલા વિકલ્પવાળી હોવાથી આ જ્ઞાયક છે એમ વિકલ્પ સહિત નિર્ણય થાય, પણ ત્યાં અનુભવ નથી. આહા..હા..! આ જ, અહીંયા જાવું છે આ વસ્તુ (છે) અને એ પરિપૂર્ણ ભગવાન છે એમ વિકલ્પ સહિત નિર્ણય થાય અને પછી જ્યારે એ વિકલ્પ તૂટી જાય ત્યારે અંદરમાં જાય ત્યારે સ્વ આશ્રિત ધર્મધ્યાન દશા પ્રગટ થાય. એનાથી અંતરમાં જતાં આમ અનુભવ થાય છે એમ કળા હાથ આવી ગઈ. આહા..હા..! અને એથી **'કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે,...'** આ ઊંડે ઊંડે જે પર્યાય ગઈ, ધ્રુવમાં ભળી એમાં વિશેષપણે અંદર એકાગ્ર થઉં તો પૂર્ણ પમાય એ હાથ આવી ગઈ, આમાં

જાવ તો પૂર્ણ પમાય. કોઈ રાગાદિની ક્રિયા ઘણી કરું તો પમાય એમ ઊડી જાય છે, એમ નાસ્તિથી અહીં વાત ન કરી. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'આમ સ્વાનુભૂતિની કળા..'** સ્વ ભગવાનઆત્મા આનંદ જ્ઞાયકમૂર્તિ પ્રભુ તેના અનુભવની કળા. અંતરમાં જતાં ભગવાન દેખ્યો, જાણ્યો તો આ કળા અંદરમાં જતાં એ પૂર્ણતા પામી શકાય, એમ અનુભૂતિમાં હાથ આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ ? આમ તો કહ્યું એકવાર કે મુક્તિ એનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે–સુબોધ. 'નિયમસાર'. સુબોધની ઉત્પત્તિ શાસ્ત્રજ્ઞાનથી થાય છે, શાસ્ત્રજ્ઞાનની ઉત્પત્તિ આપ્ત પરમાત્મપુરુષથી થાય છે. તેથી ધર્માત્માએ એ જેનાથી પ્રાપ્ત થયું તેનો ઉપકાર ભૂલતો નથી. એ નિમિત્તથી કથન છે. આહા..હા..!

નિમિત્ત આવા આપ્ત પુરુષ હતા. આહા..! એમના શ્રીમુખે શ્રુત નીકળ્યું. આહા..! એનાથી સમ્યગ્જ્ઞાન થયું, એનાથી સમ્યગ્જ્ઞાનથી આત્મામાં અંદરમાં જવાણું. આહા..હા..! એવું જાણીને ઉપકારી પુરુષનો એ ઉપકાર ભૂલતો નથી એટલી વાત. એ વિકલ્પની વાત છે. આહા..હા..! પણ એ વિકલ્પ આવે ક્યારે ? પહેલા નિર્વિકલ્પ સ્વભાવની અનુભૂતિ થાય ત્યારે એવો વિકલ્પ એને આવે. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ કેવો ? ભાઈ ! માર્ગ તો પરમ સત્ય આ છે.

પરમ સત્ય પ્રભુ આત્મતત્ત્વ એક સમયની પર્યાય વિનાનું ચૈતન્ય ચમત્કારી પ્રભુ ભગવાનઆત્મા સાક્ષાત્ જિનસ્વરૂપ, સાક્ષાત્ પરમાત્મ શક્તિ સ્વભાવ સ્વરૂપ. આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાયને અંદરમાં વાળતા ઊંડાણમાં લઈ જતાં આ આટલો ને આવો આત્મા છે તેવી એને શ્રદ્ધા ને જ્ઞાન થાય, અનુભૂતિ (થાય). આહા..હા..! એ અનુભૂતિથી **'કઈ રીતે પૂર્ણતા પમાય તે કળા હાથમાં આવી જાય છે,...'** આમાં ઊંડાણમાં જઈને દેખું એમ વધારે આગળ જઈને સ્થિર થાઉં તો પૂર્ણતાને પામું, બીજો કોઈ ઉપાય નથી. આવી વાતું. આ પંચમ આરા, આ પંચમ આરાના સાધુ, પંચમ આરાના શ્રાવકને તો એમ કહે છે, અપ્રતિબુદ્ધને એમ કહે છે અહીં. આહા..હા..! આરો ક્યાંય નડતો નથી એને. આહા..હા..! ભગવાન તો એવો ને એવો વસ્તુએ ને ગુણે એવો ને એવો, એ ને એ અનાદિઅનંત રહેલો છે. એને કોઈ કાળ નડતો નથી. આહા..હા..!

એવા ભગવાન પૂર્ણાનંદનું અસ્તિત્વ જે છે, પૂર્ણ સત્તા હોવાપણે પ્રભુ છે, તેને

વર્તમાન પર્યાયથી તેને ત્યાં લઈ જતાં જ્યાં પૂર્ણતા છે, ધ્રુવ છે, જ્યાં પર્યાયનું તળિયું છે, પર્યાયનું એ ભોંયરું છે. આહા..હા..! વ્યવહારવાળાને આકરું લાગે, પણ એ આ થાય ત્યારે એને વિકલ્પ વ્યવહાર હોય. ભગવાન પરમાત્મા, ગુરુ, શાસ્ત્રનું બહુમાન વિકલ્પ આવે પણ આ વસ્તુ થયા વિનાનું બહુમાન એકલો વિકલ્પ તો પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.'** આહા..હા..! બીજ ઊગી એ પુનમ તરફ ઢળી જાય છે. એમ અંતર વસ્તુ, જ્ઞાનની પર્યાયે અંતર ધ્રુવને ભાળ્યું, એટલે કે જાણ્યું, એટલે કે શ્રદ્ધ્યું, એટલે આવડો આત્મા છે એવું બધું પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ એને જ્ઞાનમાં આવી ગઈ. એટલે એને દેખ્યો અને માન્યો, શ્રદ્ધ્યો. એને કેવળજ્ઞાન લેવાની કળા હાથ આવી ગઈ હવે. આહા..હા..! સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન સાથે કેલિ કરે, કેલિ કરે. રમતું માંડી કેવળીની સાથે. આહા..હા..! મતિ-શ્રુત જ્ઞાન સમ્યક્ થઈને જે અંતરમાં ઢળ્યું એ મતિ-શ્રુત જ્ઞાને (રમતું શરૂ કરી). કેવળજ્ઞાનનો એ મતિ-શ્રુત અવયવ છે અને કેવળજ્ઞાન તે અવયવી છે.

એ મતિ-શ્રુત જ્ઞાન અંતરમાં ઢળ્યું છે તે મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આહા..હા..! અંતરમાંથી પૂર્ણ કેવળજ્ઞાન આવો, આવો આવો. જેવું પૂર્ણ જ્ઞાન સ્વરૂપ છે એને અમે જે અનુભૂતિથી જાણ્યું એ અનુભૂતિ એમ પોકારે છે કે, કેવળજ્ઞાનની પર્યાય મારો જે અવયવી છે એ આવો. એ કેવળજ્ઞાનની સાથે કેલિ કરે, રમતું માંડી કેવળજ્ઞાન સાથે. આહા..હા..! અનાદિ કાળનો રાગ ને પુણ્ય-પાપના ભાવ સાથે રમતું માંડી હતી એના ફળમાં તો સંસાર ફળ્યો ને રખડ્યો. આહા..હા..! આ કેલી કરે કેવળજ્ઞાન સાથે. આ ભાષા તો જુઓ ! આહા..હા..!

**'કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.'** કેલિ એટલે રમત. આહા..હા..! અંતરમાં ઉતરવાની દશા હાથ આવી. ઓલામાં આવે છે ને ? 'ધવલ'માં. ... એવો શબ્દ આવે છે, ભાઈ ! આહા..હા..! માર્ગ દીઠો હવે. આહા..હા..! અંતરમાં કેમ જવાય એ જોયું. 'ધવલ'માં આવે છે. માર્ગ દીઠો હતો કે આ પર્યાયથી અંદરમાં જતાં વસ્તુ જણાણી. એ માર્ગ દીઠો હતો ત્યાં હવે વારંવાર જાય છે. આહા..હા..! **'કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.'** શરૂ થાય છે. અંતરમાં જ્ઞાનાનંદ સ્વભાવ પરિપૂર્ણ પ્રભુ, એને વર્તમાન જ્ઞાનની પર્યાયે જોયો, શ્રદ્ધ્યો. એ વસ્તુ ભલે પર્યાયમાં ન આવી પણ વસ્તુ પરિપૂર્ણતા

એના દર્શન શ્રદ્ધામાં ને પર્યાયમાં આવી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ પરિપૂર્ણ તરફ ઢળતા માર્ગ જે દીઠો છે અંદર જવામાં ત્યાં જતાં એને કેવળજ્ઞાનની સાથે કળા માંડી. હવે અલ્પ કાળમાં કેવળજ્ઞાન થશે. આહા..હા..! હવે આવો માર્ગ એને બીજી રીતે કરી નાખ્યો. આહા..હા..! જ્યાં ભવના અંત લાવવા છે અને મોક્ષની પર્યાય કેવળની પ્રગટ કરવી છે, એ પંથ કોઈ નિરાળા છે. આહા..હા..!

સ્વ આશ્રયે ભગવાન પરિપૂર્ણ છે ને ? એનો આશ્રય લઈને તે મોક્ષમાં જાય છે, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આહા..હા..! પર આશ્રયથી કેવળજ્ઞાન નહિ મળે. આહા..હા..! એમ કહે છે મૂળ. કહો ! ત્યાં સાંભળ્યું હતું ત્યાં 'સાદડી'માં ? આ તે વાત બાપા ! આહા..! પ્રભુ તું મોટો છો ને અંદર ! તારી મોટપની શું કહેવી વાતું ? એ મોટપ જેને જ્ઞાનની પર્યાયમાં જણાણી... આહા..હા..! એ જ્ઞાનની પર્યાયમાં અથવા શ્રદ્ધાની પર્યાયમાં એની જે શ્રદ્ધા થઈ, એ શ્રદ્ધા છે એ શ્રદ્ધા કરે છે. એ જાણતી નથી કે આ પૂર્ણ છે. એ જાણે છે જ્ઞાન. આહા..હા..! ઇ જાણનારો પર્યાય છે એ આ જાણે છે કે આ પૂર્ણ છે. શ્રદ્ધાને જાણવું નથી પણ જાણેલી દશાવાળાની એને શ્રદ્ધા થાય કે આ પૂર્ણ છે. એમ એ જ્ઞાન જાણે તેને પૂર્ણ છે એમ પ્રતીતમાં આવે. આ પૂર્ણ છે એ જાણે તો જ્ઞાન, પણ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે એથી તેનો વિષય પરિપૂર્ણ છે, નિર્વિકલ્પ છે એમ આવી ગયું. આ આ છે ને એમ ભલે નહિ. સમજાણું કાંઈ ? હવે આવો માર્ગ. અરે..! ત્રણ લોકના નાથ વીતરાગ જિનેશ્વરદેવે અકષાય કરુણાથી વાણી આવી. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે' આહા..હા..! એ અહીંયા કહે છે ઓહો..! થોડા શબ્દોમાં, સાદી ભાષામાં મૂળ તત્ત્વને પ્રગટ થયું છે. ઇ ૪૦૪ (બોલ પૂરો થયો).

**અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે, સંસારની ઉપાધિ દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે છે. પણ 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એવા અનભવપૂર્વકનો સહજ વૈરાગ્ય તેને નથી તેથી સહજ શાંતિ પરિણમતી નથી. તે ઘોર તપ કરે છે, પણ કષાય સાથેની એકત્વબુદ્ધિ તૂટી નથી તેથી આત્મપ્રતપન પ્રગટતું નથી. ૪૦૫.**

૪૦૫, **'અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે, સંસારની ઉપાધિ દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે છે.'** પણ એ કાંઈ સાચો વૈરાગ્ય નથી, આહા..હા..! એમ કહે છે. આહા..હા..! આ બધું ક્ષણિક છે, દેહાદિક ક્ષણિક છે, કહે. આહા..! ભાઈ આવ્યા હતા, ગયા લાગે છે. નહિ ? 'ચોટીલા'વાળા આવ્યા હતા. એનો ૨૨ વર્ષનો દીકરો રેલમાં કચરાઈને મરી ગયો. આવ્યા હતા. દશાશ્રીમાળી છે. આવ્યા હતા બિચારા. (પૂછ્યું), મહારાજ ! અકાળ મૃત્યુ થાય કે નહિ ? વહુએ પ્રશ્ન કર્યો હતો. અકાળ મૃત્યુ કહેવાય, બાકી તો જે સમયે, જે ક્ષેત્રે, જે પ્રકારે ભગવાને જોયું છે ને આયુષ્યની સ્થિતિ એટલી એવી જ છે. એમ પૂછતા હતા બિચારા. નાની ઉંમરમાં છોકરો ૨૨ વર્ષનો રેલમાં કચરાય ગયો.

મુમુક્ષુ :- બહુ શાંતિ લઈને ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીંથી તો શાંતિ લઈને ગયા. અહીં પછી બેઠા હતા, પા કલાક વીસ મિનિટ. ઘણું કહ્યું બાપુ ! આમાં શું કરે ? આહા..હા..! અરે..રે..! એવા પ્રસંગ તો અનંતવાર બન્યા, બાપા ! વળી એમ પૂછતા હતા, એની મા છોકરાની, અકાળનું પૂછ્યું અને કાંઈક આપણે દાન પાછળ કરીએ તો એને ફળ મળે કે નહિ ? કીધું, કાંઈ ન મળે, બાપા ! એ તો ગયો એના ભાવ લઈને. ભાઈ ! ક્યાંય અવતર્યો હશે. તમારા અહીં પાંચ, પચ્ચીસ હજારનું દાન આપે માટે કાંઈક એને મળે કે નહિ ? એને કાંઈ ન મળે. આહા..હા..! શું થાય ? જૈનમાં જન્મ્યા એને પણ જૈનની વાસ્તવિક સ્થિતિની ખબર ન મળે. આહા..હા..!

**'અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે,...'** નાશવાન છે એમ જાણે પણ એ કાંઈ વૈરાગ્ય સાચો નથી. **'સંસારની ઉપાધિ દુઃખરૂપ છે'...'** આ બધું બાયડી, છોકરા, રળવું, ધંધો દુઃખરૂપ (છે). **'એવા ભાવથી વૈરાગ્ય કરે છે. પણ 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે'...'** એની એને ખબર નથી એટલે વૈરાગ્ય સાચો નથી. આ ક્ષણિક છે ને ઉપાધિ છે. તો નિત્ય ને નિરૂપાધિ તત્ત્વ છે એવી જેને ખબર નથી એનો વૈરાગ્ય ક્ષણિક છે. સ્મશાન વૈરાગ્ય જેવો વૈરાગ્ય છે. આહા..હા..! આ ક્ષણિક છે તો ત્રિકાળી નિત્ય આનંદ છે એમ એની દૃષ્ટિમાં આવવું જોઈએ. આ ઉપાધિરૂપ છે ત્યારે અંદર ભગવાન નિરૂપાધિ આનંદસ્વરૂપ છે એમ આવવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે...'** એમાં બધું આવી ગયું. નિત્ય છું અને

આનંદ સ્વરૂપ છું. ક્ષણિક વૈરાગ્ય બહારનો એ નહિ પણ ત્રિકાળી આત્મા આનંદસ્વરૂપ છું એને પરથી વૈરાગ્ય આવી ગયો. પરથી ખસી ગયો. 'નિર્જરા અધિકાર'માં આવી છે ને ? જ્ઞાન ને વૈરાગ્ય બે શક્તિ. આહા..હા..! ભગવાનઆત્મા મારું સ્વરૂપ જ આનંદસ્વરૂપ છે. એવું જેને અંતરમાં ભાન ન થાય અને આ બધી ઉપાધિ છે એમ માને એ તો બધો ક્ષણિક વૈરાગ્ય છે. સ્મશાન વૈરાગ્ય એ કાંઈ વાસ્તવિક વૈરાગ્ય નથી. આહા..હા..!

વાસ્તવિક વૈરાગ્યનો અધિકાર છે પુણ્ય-પાપમાં કે જે પુણ્ય-પાપના વિકલ્પો છે તેનાથી હટી જાય અને ત્રિકાળી આનંદ સ્વરૂપમાં જેની દૃષ્ટિ પડે એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા. 'ભર્તૃહરિ'નું 'વૈરાગ્ય શતક' આવે છે ને ? પણ એ વસ્તુ વિનાના, ભાન વિનાના. આમ તો 'ભર્તૃહરિ'એ રાજ છોડ્યું હતું. ૯૨ લાખનો માળવો–પતિ. પણ એ વૈરાગ્ય વાસ્તવિક નહિ. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ નિત્યાનંદ પ્રભુ, એની દૃષ્ટિ થયા વિના એ મહા અસ્તિત્વને સમજ્યા ને કબુલ્યા વિના બહારની નાસ્તિનો વૈરાગ્ય એને સાચો હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

'ભર્તૃહરિ'. પિંગળાને દેખ્યું કે પિંગળા તું મારી સ્ત્રી હતી અને આ અરે..! મેં એને કેટલી રાખી. એ આ અશ્વપાળની સાથે ગતિ કરે ? અર..ર..! આ સંસાર ? અમરફળ આવ્યું હતું ને ? નાટક જોયું છે મેં બધું આખું પૂરું. અમરફળ વેશ્યા પાસે આવેલું એ વેશ્યા દેવા આવી ભર્તૃહરિને. ભર્તૃહરિએ આપ્યું પિંગળાને, પિંગળાએ આપ્યું અશ્વપાળને, અશ્વપાળે પાછું (આપ્યું) વેશ્યાને, વેશ્યાએ પાછી આવીને આ દેવા આવી. અરે..! આ શું ? આ શું ? મેં તો મારી રાણીને આપ્યું હતું ને એ આમ કેમ આવું ? આહા..હા..! અરે..રે..! સંસાર. 'દેખ્યા નહિ કુછ સાર...' આવે છે, ગાયન આવે છે. બધું સાંભળ્યું છે ને.

**દેખ્યા નહિ કુછ સાર જગતમેં, દેખ્યા નહિ કુછ સાર,**
**પ્યારી મારી પિંગળા, અશ્વપાળકુ યાર.**

અરે..રે..! મારી પ્યારી સ્ત્રી, અશ્વપાળ ઘોડાનો (રખેવાળ). આહા..! 'દેખ્યા નહિ કુછ સાર.' આહા..હા..! પણ એ બધો ક્ષણિક (વૈરાગ્ય). અંતર આનંદસ્વરૂપ ભગવાન નિત્યાનંદના ભાન વિના એ વૈરાગ્ય વૈરાગ્ય યથાર્થ છે નહિ, ભલે બાવો થઈ ગયો.

આહા..હા..! પણ એને એ વૈરાગ્ય કહેવાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? ત્યાં સુધી એના ગુરુએ કહ્યું, પિંગળાને ત્યાં આહાર લેવા જા. અરે..! નાત ચાલી જાય છે. પિંગળાનો આહાર લે, ઘરે જા, ઘરે જાય છે પિંગળા ઉદાસ છે, રાંધ્યું નથી કાંઈ કર્યું નથી, ઉદાસ છે. અરે..રે..! મારું અપમાન થઈ ગયું ને ... પ્રભુ ! માતા ! આહાર આપ એમ બોલે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇ તો એને ક્યાં, ઇ ક્યાં મુનિ હતા. આ તો એ વાતું કહેવા માટે. ઇ વૈરાગ્ય ક્ષણિક વૈરાગ્ય છે, એ તાત્ત્વિક નથી. એને મુનિને આહાર ને મુનિને ... આ તો બાવા જોગીની શૈલી આવી હતી પણ એ બધી મિથ્યાદૃષ્ટિ સહિતની. આહા..હા..! ચાલ્યા જાય છે આમ, હોં ! અરે..! પ્રભુ ! હું તો આજ ઉદાસમાં છું, કાંઈ રાંધ્યું નથી ને. હું એક ક્ષણમાં (લાવું), પ્રભુ ! ઉભા રહો તો એક ક્ષણ રે બનાવું ખીર.. 'ખીર બનાવું ક્ષણ એકમાં, જમતા જોગી જમ જાવો જોગીરાજ.' આહા..હા..! હું ઊભો નહિ રહું મારી જમાત ચાલી જાય છે, મારા ગુરુએ આજ્ઞા કરી એ માટે આવ્યો છું, ચાલ્યો જાય છે. પણ એ વૈરાગ્ય બધા ક્ષણિક.

જેને આ નિત્યાનંદનો નાથ અંદર પ્રભુ ક્ષણિકની સાથે નિત્યને જોયો નથી, ઉપાધિની સાથે નિરૂપાધિ તત્ત્વ જાણ્યું નથી એને એ ઉપાધિ ને વૈરાગ્ય એ બધા ક્ષણિક કહેવામાં આવે છે. ભાઈ ! આહા..હા..! ઘણા નાટક જોયા છે મેં તો ન્યાં દુકાનમાં. 'ભર્તૃહરિ'ના, 'નરસિંહ મહેતા' ના મોટા મોટા નાટકો જોયેલા. ગામ 'પાલેજ' રહ્યું ને. ગામમાં ઘણા આવે એટલે પિતાજી કહે કે, જાવ, જાવ જોવા. પૈસા લઈ જાવ.

મુમુક્ષુ :- બધા વૈરાગ્યના.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ વૈરાગ્યના હતા. અત્યારે તો તમારા બધા સિનેમા ને અર..ર..!

અહીં એ કહે છે કે ક્ષણિક વૈરાગ્ય ને ક્ષણિક ઉપાધિ એમ દેખીને જે વૈરાગ્ય છે પણ એનો એ વૈરાગ્ય સાચો નથી. આહા..હા..! **'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે...'** ઉપાધિ મારામાં નથી અને હું નિત્ય છું, ક્ષણિક નથી. આહા..હા..! અરે..! એ ભાષા ક્યાં, બાપા ! એ ભાવ. આહા..હા..! મારો પ્રભુ આનંદમય છે, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તેને બહારનો ક્ષણિક વૈરાગ્ય એને સાચો કહેવાય.

પણ જેને નિત્યાનંદનો નાથ પ્રભુ ! એની જેને ખબર નથી એનો વૈરાગ્ય, વૈરાગ્ય છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**‘એવા અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય તેને નથી...’** આહા..હા..! ભલે સ્ત્રી, કુટુંબ છોડી દે, રાજ છોડ્યું, ‘ભર્તૃહરિ’એ તો આખું રાજ ૯૨ લાખ માળવાનું (રાજ છોડ્યું). લંગોટી પહેરીને નીકળી ગયો. આહા..હા..! પણ એ અનુભવપૂર્વકનો વૈરાગ્ય નથી. આનંદનો નાથ મારો પ્રભુ અતીન્દ્રિય આનંદના સાગરથી ભરેલો મારો પ્રભુ, એવું જેને અંતરમાં દૃષ્ટિનો અનુભવ નથી, એના વૈરાગ્યને વૈરાગ્ય કહેતા નથી. સમજાય છે કાંઈ ? આવી વાતું છે. આહા..હા..! **‘એવા અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય...’** ભાષા જોયું ? સ્વભાવિક વૈરાગ્ય પુણ્ય ને પાપના ભાવથી પણ વિરક્ત અને અનુભવ સ્વભાવમાં, અનુભવ આનંદમાં રક્ત એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહા..હા..!

ભગવાનઆત્મા શરીરથી તો ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાન, વ્રત આદિના કામ, ક્રોધના એવા ભાવથી પણ પ્રભુ તો ભિન્ન છે. ભગવાનઆત્મા એનાથી તો ભિન્ન પણ એક સમયની પર્યાય જે રાગને જાણે છે એ પર્યાયથી પણ એ ભિન્ન સ્વરૂપ છે. આહા..હા..! એ તો પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. આ..હા..! એનો અનુભવ ન હોય, એને વૈરાગ્ય, વૈરાગ્ય કહેવાતો નથી. એવા તો અનંત વાર દિગંબર આદિ મુનિપણા લીધા. આહા..હા..! જેનાથી ભવનો અંત આવે,... આહા..હા..! અને ભવના અભાવ-સ્વભાવની પૂર્ણની પ્રાપ્તિ થાય, (હું તો) આનંદમય પ્રભુ છું, એવું જ્ઞાન થયું છે તેને પુણ્ય-પાપના રાગથી પણ વિરક્ત વૈરાગ્ય હોય છે. આહા..હા..! ‘નિર્જરા અધિકાર’માં. આવી વાતું હવે ક્યાં સાંભળવી મળે નહિ. આખો દિ’ પાપના પ્રપંચમાં પડ્યા, એમાં પુણ્યની વાતું પણ સાંભળવી મળે નહિ, ધર્મ તો ક્યાંય રહી ગયો. અરે..રે..!

અહીંયા તો કહે છે, બહારથી વૈરાગ્ય કર્યો, રાગની મંદતા કરીને આ બધું ક્ષણિક છે ને ઉપાધિ છે પણ તેને શાંતિ ન આવી. શાંતિ તો ત્યારે આવે,.. શાંતિ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનની શાંતિ. આહા..હા..! એ ત્રિકાળી આનંદનો નાથ અંદર (એની ઉપર) દૃષ્ટિ પડતાં એને વર્તમાન પર્યાયમાં પણ અનંતાનુબંધી આદિ જતા શાંતિ થાય. આહા..હા..! શાંતરસનો એને અનુભવ થાય, એને શાંતિ કહેવાય. આ બાયડી-છોકરા છોડ્યા ને કુટુંબ છોડ્યું ને વૈરાગ્ય (થયો) માટે શાંતિ છે ? ના, ના ભાઈ !

આહા..હા..!

શાંતિ તો ત્યારે થાય કે અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર આત્મા એનો અનુભવ થાય, પર્યાયમાં એનો અનુભવ થાય... આહા..હા..! ત્યારે તેને પર્યાયમાં સહજ શાંતિનું પરિણમન થાય. આરે..! આવી વાતું હવે. નહિતર કહે છે કે હજારો રાણી છોડે, કુટુંબ-કબીલા, અબજોની પેદાશની દુકાનો છોડે, બાવો થઈ જાય પણ એને શાંતિ નહિ મળે. આહા..હા..! શાંતિ ને ધર્મ તો ત્યારે મળે... આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાનઆત્મા.. પણ કેમ બેસે ? આહા..હા..! એના સ્વભાવ સન્મુખ થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે તેને ખ્યાલ આવે કે આ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. આહા..હા..! અરે..! એના વિના મરી મરીને ચોરાશીના અવતાર અનંત કર્યા. આહા..હા..! અહીં મોટો રાજા હોય અને મરીને,.. આ..હા..! નરકમાં જાય. માંસ ને દારૂ ન ખાધા હોય તો કૂતરીને કુંખે ને બકરીને કૂંખે અવતરે એવા અવતાર કર્યા, ભાઈ ! આહા..હા..!

અહીંયા કહે છે કે આનંદનો સાગર એના અનુભવપૂર્વક સહજ વૈરાગ્ય તેને અજ્ઞાનીને નથી **'તેથી સહજ શાંતિ પરિણમતી નથી. તે ઘોર તપ કરે છે,...'** આહા..હા..! ભલે અપવાસ મહિના, મહિનાના કરે, બબ્બે મહિનાના અપવાસ કરે ને પારણે પણ લુખ્ખો આહાર ખાય છતાં તેને ધર્મ નથી, શાંતિ નથી. આહા..હા..! કેમ કે ધર્મ અને શાંતિ તો ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ પ્રભુ એને પકડવાથી, તેનો આશ્રય કરવાથી જે શાંતિ થાય એ શાંતિ બહારના ક્ષણિક વૈરાગ્યમાં એ છે નહિ. આહા..હા..! આવો માર્ગ હશે આ ? આહા..!

અહીં તો બાળ બ્રહ્મચારી થાય ને કાંઈક અપવાસ મહિનાના કરે ને પછી ઓહો..હો..! ભારે કર્યું આ. દીક્ષા લીધી ને મુંડાવ્યું ને, શું દાળિયા થયા ? આહા..હા..! જે વર–પ્રભુ આત્મા આનંદનો નાથ અંદર, અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન બિરાજે છે અંદર, એને જેણે પકડ્યો નથી, અનુભવ્યો નથી... આહા..હા..! એના બધા ત્યાગ તે અત્યાગ છે, એના બધા વૈરાગ્ય તે અવૈરાગ્ય છે. આહા..હા..! આવું કઠણ પડે. પરમ સત્ય તો આ છે, ભાઈ !

**'તે ઘોર તપ કરે છે, પણ કષાય સાથેની એકત્વબુદ્ધિ તૂટી નથી...'** આહા..હા..! શું કીધું ઇ ? કે મહિના મહિનાના અપવાસ કરે, બાળ બ્રહ્મચારી રહે પણ એને રાગનો

વિકલ્પ જે છે તેની એકતા તૂટી નથી. કેમ કે અતીન્દ્રિય આનંદસ્વરૂપના ભાન વિના એ એકતા તૂટે નહિ. આહા..હા..! એ બધી રાગની રમતું હતી. આહા..હા..! ‘નિજપદ રમે સો રામ કહીએ’ અતીન્દ્રિય આનંદનો સાગર પોતાના પદમાં રમે એને રામ કહીએ, એને આત્મારામ કહીએ. એને ભૂલીને રાગમાં રમે તે હરામી કહીએ. આહા..હા..!

**‘એકત્વબુદ્ધિ તૂટી નથી તેથી આત્મપ્રતપન પ્રગટતું નથી.’** આ તપસ્યા. આત્મા પ્રતપન–ભગવાનની વિશેષ શોભા અંદર આનંદની–જેમ સોનાને ગેરુ લગાડતા ઓપે સોનું. એમ અતીન્દ્રિય આનંદના ભાનમાં એકાગ્ર થતાં અતીન્દ્રિય આનંદની શોભા વધે. અંતર અતીન્દ્રિય આનંદ પ્રતપન–તપે–એને તપ કહીએ. એના ભાન વિનાના મહિના, મહિનાના અપવાસ બધા લાંઘણું કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવું છે. શબ્દ છે ને ? પ્રતપન છે ને ? ‘પ્ર’ વિશેષે શોભા આત્માના આનંદની થાય. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદ ઉછળે એને તપ કહીએ. આહા..! તપની વ્યાખ્યા વાંચી નહોતી આપણે પુસ્તકમાં ? ઇ ૪૦૫ (બોલ પૂરો થયો).

**તું અનાદિ-અનંત પદાર્થ છો. ‘જાણવું’ તારો સ્વભાવ છે. શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી. જાણનાર તે કદી નહિ-જાણનાર થતો નથી; નહિ-જાણનાર તે કદી જાણનાર થતા નથી; સદા સર્વદા ભિન્ન રહે છે. જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી.-આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ તો પાર નહિ આવે. ૪૦૬.**

૪૦૬, **‘તું અનાદિ-અનંત પદાર્થ છો.’** પ્રભુ તું કોણ છો અંદર ? કે આદિ વિનાના કાળનો તું તો છો, અનાદિ છો. આહા..હા..! અને અનાદિઅનંત, અનંત ભવિષ્યમાં કાળમાં રહેનારો એ તો તું છો. આહા..હા..! **‘‘જાણવું’ તારો સ્વભાવ છે.’** હવે પદાર્થ

કીધો. હવે એનો સ્વભાવ કહે છે. તું અનાદિઅનંત પદાર્થ-તત્ત્વ છો આત્મા. આદિ નહિ, અંત નહિ, વર્તમાનમાં અભાવ નહિ, એવી ભાવશક્તિનું તત્ત્વ ભગવાનઆત્મા. આહા..હા..! એનો જાણવું એનો સ્વભાવ છે. રાગ કરવો કે પુણ્ય કરવા ને પાપ કરવા કે શરીરની ક્રિયા કરવી એ એનો સ્વભાવ નથી. આહા..હા..! જાણવું એનો સ્વભાવ છે. એટલે ? વસ્તુ જે આત્મા અનાદિઅનંત, એ જ્ઞાન જેનો સ્વભાવ. વસ્તુ સ્વભાવવાન તેનો જ્ઞાન સ્વભાવ. જાણવું એ એનો સ્વભાવ છે. આહા..હા..!

**'શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી.'** આ શરીર, વાણી, મન આ બધું જડ, ધૂળ એ કાંઈ જાણતા નથી. એને ખબરેય નથી કે અમે કોણ છીએ. આહા..હા..! શરીર, વાણી, મન, આહા..હા..! પૈસા, લક્ષ્મી, આબરૂ બધા જડ પદાર્થો કાંઈ જાણતા નથી. લ્યો ! જાણે છે એને ? શરીરને ખબર છે કે હું શરીર છું ? આ માટી છે એને ખબર છે કે હું માટી છું ? જાણનારો છે તે જાણે છે. એ જાણવું એ જડમાં નથી. આહા..હા..! જડ પદાર્થો કાંઈ જાણતા નથી.

અરે..! અંદર રાગ થાય ને દયા, દાન, વિકલ્પનો એ પણ જાણતા નથી, એને ખબર નથી કે અમે કોણ છીએ. આહા..હા..! એ રાગ થાય છે દયા, દાનનો એ પણ જડ છે, જાણનારા નથી. જાણનારને જાણતા નથી અને પોતાને પણ જાણતા નથી. આહા..હા..! જાણનારો ભગવાનઆત્મા એ પોતાને જાણે છે ને રાગાદિ પર છે એમ જાણે છે, એ જાણવાનો એનો સ્વભાવ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**અરિહંત ભગવાન વગેરેને શરણ કહેવા તે તો ઉપચારથી છે પણ અરિહંત ભગવાને કહ્યો તેવો પોતાનો સ્વભાવ તે જ પોતાને શરણ છે. એ સિવાય ક્ષણિકભાવો કે પરવસ્તુ કોઈ જીવને શરણ નથી. ચૈતન્યના શરણપૂર્વક યથાર્થ અશરણભાવના છે. હું કોઈ પરવસ્તુને ગ્રહતો કે છોડતો નથી. આવા ભાનપૂર્વક ધ્રુવ શરણનું અવલંબન કરવું તેમાં જ ખરી અનિત્ય ભાવના અને અશરણ ભાવના છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૭૪૩.**

**કારતક વદ ૧૪, બુધવાર તા. ૨૯-૧૧-૧૯૭૮.**
**વચનામૃત–૪૦૬ થી ૪૦૭, પ્રવચન–૧૬૫**

૪૦૬, બોલ છે ને ? ફરીને. '**તું અનાદિ-અનંત પદાર્થ છો.**' આ આત્મા છે વસ્તુ એ તો અનાદિઅનંત છે. કદી ઉત્પન્ન થઈ નથી અને કદી એનો નાશ થાય એવો નથી. એવો અનાદિઅનંત એ પદાર્થ છે, જાણવું એનો સ્વભાવ છે. વસ્તુ–પદાર્થ કીધો હવે એનો સ્વભાવ (કહે છે). જાણવું એનો ત્રિકાળ સ્વભાવ છે. આહા..હા..! '**શરીરાદિ જડ પદાર્થો...**' શરીર, વાણી, મન અરે..! પુણ્ય ને પાપના ભાવ એ બધા જડ કાંઈ જાણતા નથી. આહા..હા..!

'**જાણનાર તે કદી નહિ-જાણનાર થતો નથી;...**' શું કહે છે ? ઝીણી વાત, ભાઈ ! દ્રવ્ય સ્વભાવ જે જાણનાર... જાણનાર... જાણનાર... એ કદી, જાણનાર તે કદી નહિ-જાણનાર થતો નથી. એટલે ? જાણનાર જે આત્મા અનાદિઅનંત, એ જાણનાર કદી અજાણ એટલે રાગ ને શરીરાદિ અજાણ (રૂપે) થતો નથી. આહા..હા..! આવી વાતું. જાણનાર કદી નહિ-જાણનાર થતો નથી. એ નહિ-જાણનાર એવો જે રાગાદિ એ રૂપે કદી થતો નથી. આહા..હા..! આ શરીર તો જડ, માટી, ધૂળ છે. એટલે જાણનાર નહિ-જાણનાર શરીરરૂપે થતો નથી. જાણનાર કર્મરૂપે થતો નથી, જાણનાર રાગના દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ વિકાર એ અજાણ છે તે રૂપે થતો નથી. આહા..હા..!

'**સદા સર્વદા...**' આહા..હા..! '**નહિ-જાણનાર તે કદી જાણનાર થતા નથી;...**' આહા..હા..! જાણનાર જ્ઞાયક ચૈતન્યસૂર્ય એ નહિ-જાણનાર રાગાદિરૂપે થતો નથી. આહા..હા..! અને નહિ-જાણનાર રાગ, દયા, દાન, વિકલ્પ, શરીર આદિ એ નહિ-જાણનાર, જાણનાર થતાં નથી. આહા..હા..! '**સદા સર્વદા...**' જાણનાર અને નહિ-જાણનાર એ '**સદા સર્વદા ભિન્ન રહે છે.**' આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાત છે. અંદરમાં નજર કરવાના વખતેય કે દિ' (લીધા છે). અને મજૂરી કરી કરીને મરી ગયો. આ ધંધાની મજુરી, બાયડી-છોકરા સાચવવાની મજુરી અને એમાં આગળ જાય

કદાચિત દયા, દાન, વ્રતના પરિણામ (કરે) એ પણ રાગની મજૂરી છે. આહા..હા..! કેમ કે એ તત્ત્વ અજાણ તત્ત્વ છે. ભગવાન જાણ તત્ત્વ છે એ અજાણ તત્ત્વ થયું નથી અને અજાણ તત્ત્વ તે જાણનાર તત્ત્વમાં આવતું નથી અને થતું નથી. આહા..હા..! આવી વાત છે. **'સદા સર્વદા...'** ત્રણે કાળે અને સર્વ પ્રકારે રાગ, શરીર એનાથી **'સદા સર્વદા ભિન્ન રહે છે.'** આહા..હા..!

**'જડ સાથે એકત્વ માનીને...'** એ રાગ અને શરીર એ બધા જડ છે. તેને જાણનારો ચૈતન્ય એ જડને એકત્વ માની, એ રાગ મારો છે... આહા..હા..! હું રાગરૂપ છું એમ જડ માની **'જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે.'** આહા..હા..! ભગવાનઆત્મા જાણનાર ને આનંદ સ્વરૂપ છે. એ અજાણ એવા રાગ અને દુઃખરૂપ તે થયો નથી અને રાગ અને દુઃખ દશા તે જાણનારપણે થઈ નથી કોઈ દિ'. આહા..હા..! અરે..! કોઈ દિ' જોયું નથી. દુનિયાના પાપ ને પુણ્યના ધંધા આગળ જે બધા જડના ધંધા છે. એમાં રોકાયને જે ચૈતન્ય સ્વભાવ જ્ઞાન ને આનંદ છે, તે રાગ સ્વભાવ જે અચેતન ને દુઃખ છે તેમાં એકત્વ માનીને ચાર ગતિમાં દુઃખી થઈ રહ્યો છે. આહા..હા..! છે ?

**'એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે.'** ભગવાનઆત્મા ચૈતન્યરસ જાણક સ્વભાવ પ્રભુ, એ રાગ અને શરીરથી ત્રિકાળી ભિન્ન રહ્યો છે. છતાં અજ્ઞાનપણે રાગ એ મારો છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના રાગ હો પણ એ રાગ અચેતન છે, અજાણ છે, જડ છે તેમાં જ્ઞાન સ્વરૂપનો અંશ નથી. તે રાગને પોતાનો માનીને દુઃખી થઈ રહ્યો છે. શરીરને પોતાનું માને એ તો મહા દુઃખી છે. બાયડી, છોકરા, કુટુંબ, વેપાર, ધંધો એ મારો છે એમ માને એ તો મહા પાપી, દુઃખી છે. આહા..હા..! આકરું કામ બહુ, ભાઈ !

મુમુક્ષુ :- પરમ સત્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં તો ભગવાન અંદર ચૈતન્ય પ્રકાશનું પૂર એ રાગ જે અજાણ ને અજ્ઞાન ભાવ (છે) એને એકત્વ માનીને દુઃખી સંસારમાં રખડી રહ્યો છે. આહા..હા..! **'તે એકત્વની માન્યતા પણ...'** શું કીધું ? ભગવાનઆત્મા અંદર ચૈતન્ય સ્વરૂપ પ્રભુ, જાણક સ્વભાવનો સાગર, એ રાગની એકતા માનીને દુઃખી થઈ રહ્યો છે. છતાં રાગ (સાથેની) એકત્વની માન્યતા એ સ્વરૂપમાં નથી. આહા..હા..! આવું કામ

ભારે આકરું. ઓહો..હો..!

મુનિ તો કહે છે, મુનિ સાચા સંત જેને જૈનદર્શન સ્વીકારે એ મુનિ કહે છે કે અરે..રે..! અમારો વિષય તો આત્મા પરમાનંદ સ્વરૂપ એ અમારો વિષય છે. અમે એને પૂર્ણ રીતે નથી સેવતા. આહા..હા..! અમારો જે વિષય છે જ્ઞાનની પર્યાયનો, શ્રદ્ધાનો જે પૂર્ણાનંદ પ્રભુ, એને અમે પૂર્ણ રીતે નથી સેવતા એ અમારો અપરાધ છે. આહા..હા..! 'નિયમસાર'માં આવે છે. આ વાતું આખી જુદી છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ કોઈ અલૌકિક જુદો છે. આહા..હા..! અત્યારે તો લૌકિક અને સંપ્રદાય સાથે મેળ ખાય એવું નથી. બધું ગડબડ કરી નાખી લોકોએ. આહા..હા..! અને વાણિયાને ધંધાના પાપ આડે સત્ય અને અસત્યની તુલના કરવાની નવરાશ ન મળે. આહા..હા..!

અહીંયા કહે છે, ભગવાન પૂર્ણ આનંદ, જ્ઞાન સ્વરૂપ જ્ઞાનના સ્વભાવથી છલોછલ ભરેલો પ્રભુ, એ રાગની એકતાથી દુઃખી થઈ રહ્યો છે. રાગ જે વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રતનો હો એ રાગની સાથે એકત્વ માની કે જે અજ્ઞાન સ્વભાવ છે, એ જ્ઞાનસ્વભાવી પ્રભુ અજ્ઞાન સ્વભાવની સાથે એકત્વ માની દુઃખી થઈ રહ્યો છે. છતાં એ રાગની એકતાની માન્યતા વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! શું કહે છે આ ? ચૈતન્ય સ્વભાવી આત્મતત્ત્વ જે વસ્તુ, વસ્તુ અનાદિઅનંત આત્મતત્ત્વ એ રાગને પોતાનો માનીને દુઃખી થઈ રહ્યો છે. જે એના જ્ઞાનાનંદ આદિ સ્વભાવ છે તેને એકત્વપણે ન માનતો. આહા..હા..!

એ રાગનો નાનામાં નાનો કણ હોય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો એને પોતાનો માનીને દુઃખી થઈ રહ્યો છે. છતાં એ રાગની એકતાની માન્યતા તે મિથ્યાત્વ છે, મિથ્યાદૃષ્ટિ જીવ છે એ. આહા..હા..! એ જૈન નથી. આહા..હા..! એ અન્યમતિ છે. આહા..હા..! છતાં, રાગના કણને પોતાનો માનીને દુઃખી થયો છતાં, તે રાગની એકતાનો જે મિથ્યાત્વભાવ... આહા..હા..! એ સ્વ સ્વભાવમાં નથી, પર્યાયમાં એ છે. આહા..હા..! શું કહે છે આ ? એ તો પર્યાયમાં નવો ઉત્પન્ન કરે પણ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, બાપા ! અરે..રે..!

ચૈતન્ય ભગવાનઆત્મા આત્મતત્ત્વ જે વસ્તુ છે એ અનાદિઅનંત છે અને જાણનાર

છે એનું જાણવું એનો સ્વભાવ છે. તે જાણનાર રાગાદિ અજાણપણે કદી થયો નથી. શરીરપણે ને બાયડી, છોકરા ને કુટુંબ ને પૈસો ધૂળ એનાપણે તો થયો જ નથી. આહા..હા..! પણ એ રાગપણે જે દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે એ રાગ છે. આ રળવું, કમાવવું, વિષય, વાસના, વ્યાજ ઉપજાવવું એ બધું તો પાપ એકલું. આહા..હા..! એ પાપના પરિણામપણે તો ભગવાનઆત્મા થયો નથી. કેમ કે એ પાપના પરિણામ અજાણ છે. એ જાણનાર અજાણપણે થયો નથી. આહા..હા..! અને અજાણપણાનો ભાવ તે જાણપણામાં આવ્યો નથી. આહા..હા..! આવી વાતું છે. દુનિયાથી જુદી જાત લાગે. શું થાય ? ભાઈ ! છે એવી, બાપુ ! શું થાય ? આહા..હા..! અરે..રે..!

'નિયમસાર'માં એક શબ્દ પડ્યો છે–સતતં સુલભ. આહા..હા..! એ તો કહે છે, પ્રભુ ! ભગવાન અંદર સતતં સુલભ વસ્તુ પડી છે ને. આહા..હા..! જ્ઞાનાનંદનો સાગર ભગવાન સતત નિરંતર છે ને ! છે તે પામવો તો સુલભ છે, કહે છે. આહા..હા..! રાગાદિને પોતાનો કરવો એ તો દુર્લભ (છે). કેમ કે રાગ પોતાનો કદી થશે નહિ. આહા..હા..!

અંદર ચૈતન્યચંદ્ર પ્રભુ ભગવાનઆત્મા એ રાગ એનો થતો નથી છતાં રાગને એકત્વ માની દુઃખી થઈ રહ્યો છે. નરક ને નિગોદના ભવ કરી રહ્યો છે ઇ. આહા..હા..! છતાં એ રાગને એકત્વ અજાણ તત્ત્વને જાણ તત્ત્વ સાથે એકત્વ માનતા છતાં, એ મિથ્યાત્વભાવ વસ્તુ સ્વરૂપમાં નથી, દ્રવ્ય સ્વભાવમાં નથી. આહા..હા..! શું વીતરાગ જિનેશ્વરદેવ... અરે..! બિચારા જૈનમાં જન્મ્યા એને ખબરું ન મળે. અન્યમતિ થઈને પડ્યા છે બધા. આહા..હા..! એમાં વળી પાંચ, પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા આવે એટલે 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ જાય એને જાણે. આહા..હા..!

મુમુક્ષુ :– બધાને થઈ જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘણાને થાય છે અત્યારે તો. આહા..! આ મહાજન લોકો અત્યારે 'આફ્રિકા'માં છે તો કેટલાય કરોડોપતિ છે. વીસ, પચ્ચીસ લાખ, ચાલીસ લાખવાળા તો કેટલાય છે. આ બેઠા. 'નાઈરોબી'. 'નાઈરોબી' ને ? શું કહ્યું ? ભૂલી જાય છે, ભાઈ ! નામેય ભૂલી જાય છે તમારું. સીત્તેર લાખ રૂપિયા એની પાસે છે. એમાં ધૂળમાં શું છે પણ ? એ મારા માનીને જડ છે તેમાં જાણપણાનો અભાવ છે છતાં તેને અજાણને જાણપણામાં મારામાં એ છે એ મારા માનીને દુઃખી ચાર ગતિમાં

મિથ્યાત્વથી દુઃખી થઈ રહ્યો છે. આહા..હા..! ભાઈ ! આહા..હા..!

અરે..! પ્રભુ ! એ તો ક્યાંય દૂર રહ્યું, પૈસા-બૈસા ધૂળ તો ક્યાંય દૂર રહી, શરીરેય ક્યાંય દૂર રહ્યું. એ તો જડ, માટી, ધૂળ છે. આહા..હા..! પણ અંદરમાં શુભ અને અશુભ રાગ થાય એ પણ જડ છે, અચેતન છે, જાણકના સ્વભાવથી અભાવવાળું છે. આહા..હા..! જાણક સ્વભાવના ભાવનો એમાં અભાવ છે. આહા..હા..! છતાં એ જાણક સ્વભાવ ભાવ વસ્તુ, એ રાગના અજાણપણા (રૂપે) એ થયો નથી, માન્યો છે. આહા..હા..! આવી વાતું હવે. શું કહ્યું ? સમજાણું ?

ચૈતન્ય પ્રભુ અંદર એકલો જાણવા-દેખવાના સ્વભાવનો પિંડ પ્રભુ અનાદિઅનંત સદા સર્વદા પ્રભુ પડ્યો છે. એ રાગને પોતાનો માને એથી મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી, એને જૈનની (ખબર નથી). જૈન એટલે રાગથી રહિત મારી ચીજ છે એમ અનુભવવું જોઈએ તે (નથી અનુભવતો તેથી) જૈન નથી. એ રાગને પોતાનો માને છે તે અજૈન ને અન્યમતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :– પાંચ મહાવ્રત તો જૈનમાં જ હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાંચ મહાવ્રત રાગ છે એ જૈન જ નથી. મહાવ્રત તો એને કહીએ 'નિયમસાર'માં આવે છે ભાઈ ! કે આત્મા આનંદ સ્વરૂપ છે તેમાં ધ્યાનમાં એકાકાર થઈ જાય એ મહાવ્રત છે. મહાવ્રત ને સમિતિ બધું આવે છે એક પદમાં આવે છે, ભાઈ !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા ધ્યાનમાં બસ ઇ. આહા..હા..! આ મહાવ્રત ખતાવ્યું. આ જે અહિંસા સત્ય, દત્ત જે મહાવ્રત છે એ તો રાગ છે, વિકાર છે, દુઃખ છે, આસ્રવ છે. એ રૂપે પ્રભુ આત્મા અંદર ચૈતન્યતત્ત્વ તો થયો નથી. તેમ તે આસ્રવ તત્ત્વ તે આત્માના જાણપણાના સ્વભાવરૂપે પણ આવ્યો નથી. આહા..હા..!

હવે નિશ્ચય મહાવ્રત એને કહીએ આહા..હા..! કે ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એમાં અંતર એકાગ્ર થઈને ધ્યાનમાં લીન થઈ જાય એને મહાવ્રત કહેવામાં આવે છે, 'નિયમસાર'માં છે, ભાઈ ! મહાવ્રત સમિતિ, ગુપ્તિ. આહા..હા..! આવા જે મહાવ્રત છે એ તો અભવી પણ કરે છે. જેની કોઈ દિ' મુક્તિ ન થાય એવા અભવીઓ પણ પાંચ મહાવ્રત પાળે છે. એ કાંઈ નવી ચીજ નથી, એ તો રાગની ચીજ અનાદિથી

કરે છે, ઇ કરે છે. આહા..હા..! એ પર લક્ષવાળી વૃત્તિ છે. એ સ્વ લક્ષવાળી પરિણતિ નથી. આહા..હા..! આવો ઉપદેશ.

અહીં કહે છે, **'એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી.'** આહા..હા..! તું ભલે માન. એ રાગનો સ્વભાવ મારો છે, મને લાભકર્તા છે, માન મિથ્યાત્વમાં. છતાં તે મિથ્યાત્વભાવ વસ્તુ જે ચૈતન્યમૂર્તિ દ્રવ્ય વસ્તુ છે એમાં એ આવતો નથી. એ ઉપર ઉપર રહી જાય છે. આહા..હા..! જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનો આવો હુકમ છે. અરે..રે..! એ સત્ય વાત સાંભળવાય મળે નહિ. એ બિચારા ક્યાં જાશે ? આહા..હા..! નિગોદ ને તિર્યંચમાં અવતરી રખડી મરશે. આહા..હા..! શબ્દો તો સહેલા છે, સાદા છે, ભાવ ગંભીર છે.

**'શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી.'** લ્યો ! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ધંધો આદિ પૈસામાં દુકાને થડામાં બેસવું અને જે અશુભભાવ (થાય) એ પાપભાવ (છે), એ કાંઈ તારો સ્વભાવ નથી, તારું સ્વરૂપ નથી. આહા..હા..! તેમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, આહા..હા..! એ કાંઈ તારો સ્વભાવ નથી. **'શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી.'** એ તો વિકૃત સ્વરૂપ પર્યાયમાં થઈ ગયું છે. આહા..હા..! લાખો કરોડોના દાન આપે એમાં કદાચિત્ રાગની મંદતા થઈ હોય, શુભભાવ (હોય) એ પણ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! આત્મા એ રૂપે થયો નથી અને શુભભાવ આત્માપણે થયો નથી. આહા..હા..! અરે..! અત્યારે ભાઈ નથી આવ્યા. નહિ ? સવારે આવે છે. આહા..હા..! એવું છે. જેના એક દીકરા પાસે પાંચ કરોડ ને એક પાસે ચાર કરોડ. આ ભાઈ. ક્યાં ગયા ભાઈ નથી આવ્યા ? આ તમારા ભાઈની વાત ચાલે છે. એના બે દીકરા છે. એક પાસે પાંચ કરોડ, છ કરોડ 'મુંબઈ'. અને એક મોટો 'સ્વિટઝરલેન્ડ' (રહે છે). છોકરો નથી એક છોડી (છે). ચાર કરોડ. મરીને રખડી મરવાના છે. આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે કે અંદર વૃત્તિ ઉઠવી રાગની આને દયા પાળું ને સત્ય બોલું ને શરીરથી બ્રહ્મચર્ય સ્ત્રીનો ત્યાગ પાળું એવી જે વૃત્તિ ઉઠે છે એ રાગ છે, શુભ છે. એ શુભરાગ તે આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! અરે..રે..! એને ક્યાં જાવું ? આહા..હા..! સદા સર્વદા પ્રભુ ! રાગના કણથી ભિન્ન પડ્યો છે એને જોતો નથી, એને માનતો નથી, એની સન્મુખ થઈને ઠરતો નથી. આહા..હા..! અને અવળાઈ

કરીને રાગમાં આવીને રાગને પોતાનો માની... આહા..હા..! તેને જાણી અને તેમાં રાગમાં એકાગ્ર થાય છે. આહા..હા..! એ દુઃખને પંથે દોરાય ગયા છે. એ દુઃખના, ઝેરના પ્યાલા પીતા... આહા..હા..! દુઃખને પંથે દોરાય ગયા, બાપુ ! એને ખબર નથી. આહા..હા..!

**'શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી.'** એ તો કૃત્રિમ વિકૃત અવસ્થા ઉત્પન્ન કરી છે. આહા..હા..! અહીં તો થોડા જરી દાન કરે પાંચ, પચ્ચીસ લાખના, બે, ચાર મંદિર બનાવે કે દયાઓ પાળે, જરી પાંજરાપોળને સાચવે, આપે ને પછી ત્યાં જાણે કે અમે કાંઈક શું કર્યું અમે ! રાગ કર્યો છે, પ્રભુ ! અને રાગ તે દુઃખરૂપની દશા છે. આહા..હા..! દુઃખની દશા કરીને દુઃખી થઈ રહ્યો છો. અરે..! આ વીતરાગ સિવાય કોણ આ કહે ? આહા..હા..! આવી વાતું છે. **'શુભાશુભ ભાવો પણ...'** પણ કેમ કીધું ? કે જે આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છે એને રાગની એકતાબુદ્ધિ જે મિથ્યાત્વ છે એ એમાં તો નથી, પણ શુભાશુભભાવ પણ એમાં અસલી સ્વરૂપમાં નથી, એમ કહે છે. 'પણ' શબ્દ પડ્યો છે ને ? આહા..હા..!

**'એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી.'** કારણ કે બીજું કહેવું છે ખરું ને એટલે પણ (કહ્યું). તેમ **'શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી.'** આહા..હા..! હોળીના દા'ડામાં જેમ કોલસા ને બધા માથે ચોપડે ને કાદવ ને.. એ કાંઈ વાસ્તવિક માણસનું સ્વરૂપ છે ? આહા..હા..! 'હૈદ્રાબાદ' હતા ને ? 'હૈદ્રાબાદ' હોળીને દિ' 'હૈદ્રાબાદ' (હતા). બધા માણસ એવા કાળા મોઢા ને ... અમે નીકળીએ પણ કાંઈ બોલે નહિ. ચોપડે એ કાંઈ મૂળ વસ્તુ નથી. એમ શુભાશુભ ભાવ એ અસલી સ્વરૂપ નથી. હોળીની હોળી છે સળગી છે, કાદવ ચોપડ્યો છે. આહા..હા..! 'હૈદ્રાબાદ'માં હતા. 'હૈદ્રાબાદ'માં ગયા હતા ને ઓણ ? હમણા ગયા હતા ને પોર. ઘણું માણસ આવતું. અને અહીંનું નામ પ્રસિદ્ધ થઈ ગયું એટલે ચારેય સંપ્રદાયે સ્વાગત કર્યું. સ્થાનકવાસી, તેરાપંથી સ્થાનકવાસીના, શ્વેતાંબર ને દિગંબર ચારેયના પ્રમુખ આવ્યા. અમે જ્યાં ગયા, આવ્યા. અને ભાષણ સ્વાગત કર્યું. બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! આ કોઈ પક્ષ નથી. ચારેય, હોં ! ચારેયના અગ્રેસરો 'હૈદ્રાબાદ'માં (આવેલા). ભાઈ ! આ તો માર્ગ છે, બાપુ ! આ કોઈ કૃત્રિમ ને પક્ષ છે એ નથી. આહા..હા..! આ માર્ગની રીત એણે જાણવી પડશે, ભાઈ ! આહા..હા..!

કહે છે કે આત્મા જ્ઞાન સ્વરૂપ પ્રભુ, જ્ઞાન સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ, ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ, એ રાગ અજાણ સ્વરૂપપણે તો થયો નથી પણ તેની એકતાબુદ્ધિ જે માની છે તે પણે પણ થયો નથી. આહા..હા..! તેમ **'શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી.'** એ તો હોળીના ઉપરના જેમ કાદવના ચોપડેલા હોય એવી ચીજ છે. આહા..હા..!

**'આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે.'** આહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એના માર્ગમાં થયેલા જ્ઞાનીઓ. આહા..હા..! એ જ્ઞાની, અનુભવી. આહા..હા..! આત્માનો આનંદ સ્વરૂપનો અનુભવ કરનારા, એ જ્ઞાની સમકિતી. આહા..હા..! **'એવા પુરુષોનો નિર્ણય છે.'** આહા..હા..! **'તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર.'** આહા..હા..! પ્રભુ ! આ કર તું, નહિતર મરી જાઈશ, હોં ! ચોરાશીના અવતાર. આહા..હા..! સમકિતી જ્ઞાની પુરુષોનો આ નિર્ણય છે કે રાગ એ એનું અસલી સ્વરૂપ નથી, રાગરૂપે દ્રવ્ય સ્વભાવ થયો નથી, દ્રવ્ય સ્વભાવમાં રાગ આવ્યો નથી. આહા..હા..! આવો જ્ઞાનીપુરુષોનો સાચો નિર્ણય છે. આહા..હા..! તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર ને, પ્રભુ ! આહા..હા..! પૂર્ણ આનંદ ને જ્ઞાન સ્વરૂપી તત્ત્વ જે છે... આહા..હા..! તેના સન્મુખનો નિર્ણય કર ને. આહા..હા..! રાગાદિ, નિમિત્ત આદિની વિમુખતા કરીને,.. આહા..હા..! જે તારામાં નથી. આહા..હા..! આવું લુખ્ખું લહ જેવું લાગે. સંસારના રસિયા મોટા... આહા..હા..! અને ક્રિયાકાંડના રસિયા હોય, લ્યોને વ્રત ને તપ ને ભક્તિ બધા એક જાતના રસિયા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**'આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર.'** એટલે શું કહે છે ? કે રાગથી ભિન્ન ભગવાન છે તેની દિશા તરફનો પ્રયત્ન કર. રાગની દિશા તરફનો પ્રયત્ન તો (છે જ), રાગ છે એ મારો (છે). આહા..હા..! **'તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ...'** આહા..હા..! મતિને વ્યવસ્થિત કર્યા વિના, સ્વ તરફ સન્મુખ કર્યા વિના ગમે તેવા તર્કો ઉઠાવ્યા કરીશ કે આમ તો થાય ને, આમ તો થાય ને. કાંઈક દયા, દાન, વ્રત પરિણામ કરીએ તો કાંઈક કલ્યાણ થાય ને. એવા તર્કો ઉઠાવ્યા કરીશ. આહા..હા..! મરી જઈશ. ભાઈ ! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે છે. બધી દુનિયા જાણી છે ને ક્યાં નથી જાણતા. આહા..હા..! અરે..રે..!

તત્ત્વ છે ને વસ્તુ ? વસ્તુ છે ને આત્મા કે અવસ્તુ છે ? વસ્તુ છે ને ? તે પર્યાયમાત્ર છે ? રાગમાત્ર તો નથી પણ પર્યાયમાત્ર છે ? પર્યાય એટલે એક સમયની

અવસ્થામાત્ર વસ્તુ છે ? વસ્તુ છે ને ? ભગવાનઆત્મા તત્ત્વ છે ને ? આહા..હા..!

એ તો અનાદિઅનંત તત્ત્વ છે અને એ જાણક સ્વભાવવાળું તત્ત્વ છે. એ તત્ત્વને અંદર રાગની એકતાબુદ્ધિ તેં માની છે અનાદિથી. સાધુ થયો અનંત વાર, દિગંબર મુનિ થયો. આહા..હા..! વસ્ત્રવાળા મુનિને તો મુનિ અહીંયા કહેતાય નથી, એ તો કુલિંગી છે. આહા..હા..! પણ દ્રવ્યલિંગ નગ્ન, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત લીધા, શરીરના ખંડ ખંડ કરે તો ક્રોધ ન કરે, એવી ક્રિયાઓ અનંત વાર કરી. આહા..હા..! પણ એ તો રાગની ક્રિયા છે, ભાઈ ! તને ખબર નથી. ભગવાન અંદર જ્ઞાન સ્વરૂપી છે તેની એ ક્રિયા નહિ. આહા..હા..! આવી વાતું હવે.

**'મતિ વ્યવસ્થિત કર્યા વિના...'** એટલે કે જ્ઞાનની પર્યાય અંદર વાળવા જેવી છે એવી વ્યવસ્થિત કર્યા વિના તર્ક કર્યા કરીશ (કે) આમ થાય ને આમ થાય ને પહેલું આમ કરીએ ને પછી આમ થાય ને કાંઈક વ્યવહાર સુધારીએ તો થાય. એવા તર્ક કર્યા કરીશ તો પત્તો નહિ ખાય કાંઈ. આહા..હા..! બહુ સરસ ! પાછળના પેરેગ્રાફો બહુ સરસ આવ્યા છે !! આહા..હા..! **'તો પાર નહિ આવે.'** આહા..હા..! મતિને દ્રવ્ય તરફ વાળવાનો નિર્ણય કર્યા વિના... આહા..હા..! બીજા તર્કો કર્યા જ કરીશ કે આમ હોય, ફલાણું હોય, ઢીંકણું હોય, આમ હોય. મરી જઈશ, આરો નહિ આવે તારો એમાં. આવી વાત છે. છે ? આહા..હા..! ઇ ૪૦૬ (બોલ પૂરો) થયો.

આવા ૪૩૨ છે. હવે ૨૬ રહ્યા, ૨૬. અહીં તો હવે ચાર દિ' છીએ એટલે આ હાલે એટલા ખરા. આહા..હા..! બહુ સરસ. આહા..હા..! ઘણી સાદી ભાષા, સરળ ભાષા, ગુજરાતી ભાષા. ચાર ચોપડીનો ભણેલો પણ (સમજી શકે). અમારે (એક મુમુક્ષુ) કહે છે ને ? માસ્તર, નહિ ? (એ કહે છે), ચાર ચોપડીનો ભણ્યો પણ સમજી શકે. કોઈ આમાં સંસકૃત ને વ્યાકરણ ને મોટા ભણ્યા હોય ને તો સમજાય એવું આ નથી. આહા..હા..! 'નિયમસાર'માં તો કહ્યું ને ? સતત સુલભ. એવો એક શબ્દ છે. ક્યાંક છે ખરો. સમાધિમાં કે પ્રતિક્રમણમાં કે સામાયિકમાં છે. ભગવાન અંદર સતત નિરંતર ચૈતન્યબિંબ પડ્યું છે ને. આહા..હા..! છે તેને પ્રાપ્ત કરવું એ તો સુલભ છે. નથી એને પકડ તું, રાગ એનામાં નથી એ રાગ પોતાનો કરવો હોય તો દુર્લભ છે. આહા..હા..! આવી વાતું હવે. હવે તો સાંભળે છે લોકો. 'મુંબઈ'માં પંદર-પંદર હજાર, વીસ-વીસ હજાર માણસો સાંભળે. અરે..! 'ભોપાલ'માં ચાલીસ હજાર માણસ.

પંચ કલ્યાણક હતા ને ? ચાલીસ હજાર માણસ, સાંભળો તો ખરા, બાપુ ! એ તમે બધા સાંભળેલા ને કરેલા છે એ બધી વાતું જુદી છે. આહા..હા..! એ ૪૦૬. કેટલું ભર્યું છે એકમાં જુઓ ! આટલામાં.

**અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્યભગવાનને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે ! પાંચેય પરમેષ્ઠી ભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે ! ત્રણે કાળના તીર્થંકર ભગવંતોને-સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકર-ભગનંતોને જુદા યાદ કરીને-'સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે. આવા ભક્તિના ભાવ મુનિને-સાધકને આવ્યા વિના રહેતા નથી. ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે ત્યારે મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમેરોમ ખડા થઈ જાય છે. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી શુદ્ધાત્માશ્રિત ઉગ્ર સમાધિરૂપ પરિણમન વર્ત્યા જ કરે છે અને શુભ ભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે. ૪૦૭.**

૪૦૭, હવે ભક્તિની વાત આવે છે. **'અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં)...'** ભગવાનની ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિ એનું પ્રવચનસાર બનાવતા, **'કુંદકુંદાચાર્ય-ભગવાનને...'** આહા..હા..! સં. ૪૯માં દિગંબર સંત 'કુંદકુંદાચાર્ય' થયા. એ ભગવાન પાસે ગયા હતા. પ્રભુ બિરાજે છે, પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, સમવસરણમાં પ્રભુ મહાવિદેહમાં વર્તમાન બિરાજે છે. બે હજાર વર્ષ પહેલાં પણ એ હતા અને હજી પણ ભગવાન ત્યાં આવતી (ચોવીશીના) ૧૩મા તીર્થંકર થશે ત્યાં સુધી બિરાજશે. પછી દેહ છૂટીને સિદ્ધ થશે. અત્યારે ણમો અરિહંતાણંમાં છે. આહા..હા..!

મહાવીર ભગવાન આદિ ચોવીસ તીર્થંકરો તો ણમો સિદ્ધાણંમાં થઈ ગયા. ણમો સિદ્ધાણં એ તો સિદ્ધ પદ થઈ ગયા. આ ભગવાન બિરાજે છે વીસ તીર્થંકરો એ ણમો અરિહંતાણંમાં છે, સિદ્ધાણંને–સિદ્ધને હજી વાર છે. આહા..હા..! એ અરિહંત પાસે આ 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દિન રહ્યા હતા. આવીને આ શાસ્ત્ર રચ્યા. સમજાણું ? આહા..હા..! એ માહ્યલો આ સાર છે.

**'(શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્ય...'** નગ્ન દિગંબર. જૈનના સાધુ તો નગ્ન દિગંબર હતા. આહા..હા..! બે હજાર વર્ષ પહેલાં એમાંથી ભ્રષ્ટ થઈ અને વસ્ત્ર સહિત મુનિપણા સ્થાપનારા નીકળ્યા. આહા..હા..! આકરી વાત, બાપુ ! શ્વેતાંબર પંથ બે હજાર વર્ષ પહેલાં સનાતન જૈનદર્શનમાંથી બાર વર્ષના દુકાળ પડ્યા, એમાંથી ભ્રષ્ટ થઈને પંથ કાઢ્યો. એમાંથી સ્થાનકવાસી હમણાં પાંચસો વર્ષ પહેલાં ભ્રષ્ટ થઈને નીકળ્યા, એમાંથી શ્વેતાંબરમાંથી ભ્રષ્ટ થઈને. એમાંથી ભ્રષ્ટ થઈને આ તેરાપંથી નીકળ્યા. તુલસી તેરાપંથી છે ને ? આહા..હા..! ભારે આકરું કામ, બાપા !

એ અહીં કહે છે એ **'કુંદકુંદાચાર્યભગવાનને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે !'** આહા..હા..! સંતો આત્માના અનુભવીઓ અને આત્મા જ જેનો વિષય છે એવું હોવા છતાં છદ્મસ્થ છે એથી પંચ પરમેષ્ઠીની ભક્તિનો વિકલ્પ ઉઠે છે. છે એ શુભરાગ પણ એવી ભક્તિ ઉલ્લસે છે અને છતાં જાણે છે કે, આ રાગ બંધનું કારણ છે પણ મારી કમજોરીને લઈને આવે છે. આહા..હા..! એવો ભાવ 'કુંદકુંદાચાર્ય', આહા..હા..! પંચ પરમેષ્ઠી પ્રત્યે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જે જૈનના વાસ્તવિક પંચ પરમેષ્ઠી. એના પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી ! 'પ્રવચનસાર' બનાવતા એના પ્રત્યે એવી ભક્તિ ઉલ્લસી.

**'પાંચેય પરમેષ્ઠી ભગવંતોને યાદ કરીને...'** આહા..હા..! અનંત તીર્થંકરો થઈ ગયા, અનંત અરિહંતો થઈ ગયા એને યાદ કરીને. આહા..હા..! પંચ પરમેષ્ઠી ભગવંતોને. દેખો ! એ ભગંવત પાંચેય ભગવાન છે. સાધુ પણ જે આત્મધ્યાની ને મસ્ત આત્મામાં છે, અતીન્દ્રિય આનંદના રસીલા છે એ પણ ભગવાન કહેવામાં આવે છે. આહા..! પંચ પરમેષ્ઠીમાં છે. આહા..હા..! એને **'યાદ કરીને ભક્તિભાવપૂર્વક...'** ભક્તિભાવપૂર્વક, આહા..હા..! **'કેવા નમસ્કાર કર્યા છે ! ત્રણે કાળના તીર્થંકર ભગવંતોને...'** આહા..હા..!

એ શાસ્ત્ર છે ને ? શું કીધું ? 'ધવલ', 'ધવલ' શાસ્ત્રમાં તો એવો પાઠ છે. એ તો અત્યારે તો એ ટૂંકું કરી નાખ્યું. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સાહૂણં કરી નાખ્યું ને ? પણ છે એ બધું પહેલાંમાં. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, એ અંત્ય પદ છે. ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. એ ઉપરાંત 'ધવલ'માં તો લીધું છે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. સવ્વ સાહૂણં એટલે બીજા અન્યમતિના સાધુ-ફાધુ એમાં ન આવે. આહા..હા..!

અહીંયા તો આત્માના આનંદના રસિલા જેની નગ્ન દશા, જેની અંદરમાં વિકલ્પ વિનાની દશા. આહા..હા..! એવા જે સંત જૈનના છે તે આ પાંચ પરમેષ્ઠીમાં આવે. એક સ્થાનકવાસી (સાધુ) છે. એ 'અમેરીકા' ગયા હતા અને એ એમ કહે છે કે ણમો લોએ સવ્વસાહૂણં આમાં તો બધા સાધુ આવે ધૂળેય આવે નહિ, સાંભળને. ઇ એમ કહે છે. એને ક્યાં લોકોને ક્યાં પડી બિચારા. 'અમેરીકા'માં મુહપત્તિ સહિત પ્લેનમાં (જાય). ભાષણો કરે હિન્દી, લોકો અંગ્રેજી કરીને સમજાવે. પાછા આવ્યા છે દેશમાં. આહા..હા..! ઇ કહે છે કે બધા સાધુ એમાં આવે. જૈનના, અન્યના, બાવા-સંત એમ ન હોય. જૈનના એ પણ વીતરાગી સંત અંદર હોય, જેને અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદન હોય, જેની બાહ્યમાં નગ્ન દશા હોય, બાહ્યમાં અભ્યંતરરૂપે બાહ્યમાં પંચ મહાવ્રતના વિકલ્પ હોય છતાં એ વંદનીક (નહિ), વંદનીક તો ઓલી ચીજ છે. આહા..હા..! વિકલ્પ વંદનીક નથી, નગ્ન દશા વંદનીક નથી. આહા..હા..! બહુ ફેરફાર.

અતીન્દ્રિય આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિયનો સાગર છે એમાંથી જેમ દરિયામાં ભરતી ઉછળે છે, દરિયામાં જેમ પાણી આમ ભરતી ઉતરે કાંઠે, એમ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે આ, એના ઉપર એકાગ્ર થતાં એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની છોળો ઉઠે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એને જૈનના મુનિ કહેવાય. સમજાણું કાંઈ ? જૈન કોઈ પક્ષ નથી, જૈન એ વસ્તુનું સ્વરૂપ છે. એનું સ્વરૂપ છે તેવું આ વર્ણન કર્યું છે. આહા..હા..!

પાંચેય પરમેષ્ઠી ભગવંત (અને) **'ત્રણે કાળના તીર્થંકર...'** જોયું ? આહા..હા..!

અનંત તીર્થંકરો થઈ ગયા, અત્યારે તીર્થંકરો બિરાજે છે, ભવિષ્યમાં અનંત તીર્થંકરો થશે. ભલે એનો આત્મા અત્યારે નરકમાં કે નિગોદમાં હો, પણ તીર્થંકર થશે ભવિષ્યમાં. એ બધાને નમસ્કાર કર્યા. એવો ભક્તિભાવ આવે છતાં તેને હેય તરીકે જાણે. આહા..હા..! આવી વાતું. વાતે વાતે ફેર. દુનિયાની અત્યારે લાઈન (ફરી ગઈ છે). આહા..હા..! **'ત્રણે કાળના તીર્થંકર ભગવંતોને---સાથે સાથે...'** શું કીધું ?

**'ત્રણે કાળના તીર્થંકર ભગવંતોને–સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકર ભગવંતોને...'** ભગવાન તીર્થંકરો વીસ વર્તમાનમાં બિરાજે છે, સમવસરણમાં બિરાજે છે, મનુષ્યપણે છે, કેવળીપણે છે, અરિહંતપદ છે. આહા..હા..! શરીર છે, વાણી છે. આહા..હા..! મહાવિદેહમાં વર્તમાન છે ? મનુષ્યક્ષેત્રે વર્તતા. કારણ કે વળી એમ કીધું એ તીર્થંકરો હોય એ વર્તે મનુષ્યક્ષેત્રમાં. એવા વિદ્યમાન તીર્થંકર, બિરાજમાન તીર્થંકર પ્રભુ છે. આહા..હા..!

એવા **'ભગવંતોને જુદા યાદ કરીને...'** આહા..હા..! સમુચ્ચય કરીને અને પછી એક એકને જુદા યાદ કરીને. આહા..હા..! **'સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું...'** આહા..હા..! ત્રણે કાળના તીર્થંકરો અને મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન, એ દરેકને ભેગા અને દરેકને પ્રત્યેકને જુદા. આહા..હા..! **'હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે, અતિ ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે.'** આહા..હા..!

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો જૈનધર્મોસ્તુ મંગલમ્.**

ત્રીજે નંબરે એ આચાર્ય નમી પડ્યા છે. આહા..હા..! અનંતા અનંતા થઈ ગયા, અનંતા અનંતા થશે અને વર્તમાનમાં બિરાજે છે, એ બધા તીર્થંકરોને એકસાથે અને એક એકને પ્રત્યેકને ભિન્ન ભિન્ન કરીને. આહા..હા..! **'ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે. આવા ભક્તિના ભાવ મુનિને-સાધકને-આવ્યા વિના રહેતા નથી.'** આહા..હા..! સાધક છે ને હજી ? સર્વજ્ઞ વીતરાગ થાય કેવળી એને વંદન ન હોય કોઈને. સમજાણું કાંઈ ? કેવળી, કેવળીને વંદન ન કરે. એ તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા છે. આહા..હા..! કેવળી ગુરુને છદ્મસ્થને પણ વિનય ન કરે. આવું છે. એવા મુનિને એટલે કે સાધકને. સાધક છે હજી કાંઈ પૂર્ણ સિદ્ધ દશા થઈ નથી. એવા ભાવ આવ્યા

વિના રહેતા નથી.

**'ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે, ભગવાન પ્રત્યે ભક્તિ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને...'** મુનિ આદિ સાધક બધા લીધા. સમકિતી, શ્રાવક, સાચા શ્રાવક હોં ! આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. આહા..હા..! જેને આત્મજ્ઞાન થયું છે, આનંદનો અનુભવ થયો છે અને રાગથી ભિન્નતા જેને આત્માની ભાસી છે, એવા સંતો અથવા શ્રાવકો કે સમકિતી એવા સાધકને ભગવાનનું નામ આવતા, **'ભગવાનનું નામ આવતાં પણ રોમેરોમ ખડા થઈ જાય છે.'** આહા..હા..! ઓલામાં આવે છે ને ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. અંદર હું આમ છું ત્યાં રોમ ખડા થાય છે. પહેલું એમ થાય છે. આ તો એમ કહે છે કે, એ તો અંદર ધ્યાનમાં આવતા તો રોમ રોમ ખડા થાય પણ આવા પંચ પરમેષ્ઠીને વંદન કરતાં પણ રોમ રોમ ખડા થાય, એમ કહેવું છે. સમજાણું ? આહા..હા..! આવો માર્ગ છે.

**'આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે...'** આહા..હા..! જ્ઞાયક પરમાત્મસ્વરૂપ જે પોતાનું પૂર્ણ, એની મુખ્યતા રહે છે. આવો ભાવ હોય એ એને ગૌણ થઈ જાય છે. આહા..હા..! દૃષ્ટિનો વિષય જે પૂર્ણ પરમાત્મસ્વરૂપ એની તો મુખ્યતા કાયમ રહે છે. આવી ભક્તિ ઊછળી માટે ભક્તિનો ભાવ મુખ્ય થઈ જાય છે એમ નથી. આહા..હા..!

**'તેથી શુદ્ધાત્માશ્રિત...'** તેથી શુદ્ધ આત્માને અવલંબે. આશ્રિત છે ને ? **'ઉગ્ર સમાધિરૂપ પરિણમન વર્ત્યા જ કરે છે...'** આનંદની દશા સમાધિ, શાંતિ, આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત અંદર આનંદની સમાધિ, શાંતિ, અતીન્દ્રિય આનંદ એની સમાધિ તો વર્ત્યા જ કરે છે. આહા..હા..! **'અને શુભભાવ તો ઉપર ઉપર તરે છે...'** ઉર્ધ રહે છે. 'નિયમસાર'માં છે, ઉર્ધ રહે છે. શબ્દ છે 'નિયમસાર'માં આચાર્યના શબ્દ છે. રાગ આવો આવે પણ એ ઉર્ધ રહે છે. ઉર્ધ એટલે દૂર રહે છે, અંદરમાં એકત્વ થઈ જતો નથી. **'તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે.'** છતાં એ રાગ સ્વભાવથી વિપરીતપણે, દુઃખપણે વેદાય છે. આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

કારતક વદ ૧૫, ગુરૂવાર તા. ૩૦-૧૧-૧૯૭૮.
વચનામૃત–૪૦૮ થી ૪૦૯, પ્રવચન–૧૬૬

**અહો ! સિદ્ધ ભગવાનની અનંત શાંતિ ! અહો ! તેમનો અપરિમિત આનંદ ! સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવ પરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે એવા સિદ્ધ ભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત ! તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાંતિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે. તારા આત્મામાં પણ એવું સુખ ભરેલું છે પણ વિભ્રમની ચાદર આડી આવી ગઈ છે તેથી તને દેખાતું નથી. ૪૦૮.**

૪૦૮ બોલ છે. '**અહો ! સિદ્ધભગવાનની અનંત શાંતિ !**' ઇ શું કહે છે ? કે આ આત્મા છે એ તો શાંતિનો ભંડાર સાગર છે. અકષાય સ્વભાવ વીતરાગ શાંત સ્વભાવનો પિંડ છે. એની જ્યાં સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યાં શાંતિનો અંશ વેદાય છે. આહા..હા..! ધર્મની શરૂઆત થતાં શુભ-અશુભભાવ છે એ અશાંતિ છે. આત્મા શાંત અવિકારી, વીતરાગી શાંતરસની મૂર્તિ પ્રભુ છે. એનો સ્વીકાર થતાં (અર્થાત્) એના ઉપર અહંપણું–આ હું છું–એમ પ્રતીત આવતા પણ શાંતિનું વેદન થાય તો સિદ્ધને શાંતિનું શું કહેવું ! એમ કહે છે. આહા..હા..!

ધર્મ એ વીતરાગી પર્યાય છે, ધર્મ એ વીતરાગી પર્યાય છે. શુભાશુભ ભાવ છે એ રાગની પર્યાય છે, એ ધર્મ નથી. આહા..હા..! શુભ-અશુભભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનની દેવ-ગુરુની, શાસ્ત્રની પણ એ ભાવ બધો રાગ ને

અશાંતિ છે. આહા..હા..! શાંત વીતરાગમૂર્તિ પ્રભુ વીતરાગ પર્યાય તે ધર્મ એ વીતરાગમૂર્તિ પ્રભુને આશ્રયે થાય છે. આહા..હા..! એથી અહીંયા કહે છે કે વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્મા એકલો શાંત, શાંતિ... શાંતિ... શાંતિનો સાગર પ્રભુ એની જ્યાં દૃષ્ટિ અનુભવ સમ્યક્ થયું ત્યાં જ જ્યાં શાંતિ વેદનમાં આવે તો સિદ્ધની શાંતિને શું કહેવું ! એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'અહો ! સિદ્ધ ભગવાનની અનંત શાંતિ !'** પૂર્ણ વીતરાગતા ને પૂર્ણ શાંતિ, આનંદનો રસ ને ચારિત્રની શાંતિની પૂર્ણતા. અહો ! ભગવાન સિદ્ધ ભગવાનની શાંતિ ! **'અહો ! તેમનો અપરિમિત આનંદ !'** જ્યાં આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એનું અવલંબન લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય ત્યાં પણ જ્યાં આનંદની વેદન દશા આવે તો સિદ્ધના અપરિમિત આનંદનું શું કહેવું ! એમ કહે છે. આહા..હા..! **'તેમનો અપરિમિત આનંદ !'** અપરિમિત એટલે મર્યાદા વિનાનો આનંદ, અતીન્દ્રિય આનંદ.

**'સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ...'** હવે અહીં કહે છે. આહા..હા..! ધર્મીજીવ સાધક, પુણ્ય-પાપના પરિણામનો આશ્રય રુચિ છોડી, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ એનો આશ્રય અવલંબન લઈ અને જે સાધકને દશા શાંતિની પ્રગટે. આહા..હા..! **'સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ...'** શુભાશુભભાવથી નિવૃત્ત અને ત્રિકાળી ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! એની પ્રવૃત્તિ, એમાં પરિણતિની પ્રવૃત્તિ, શુભાશુભથી નિવૃત્તિ. આહા..હા..! આવી વાતું. **'સાધકના સહેજ...'** સહજ **'નિવૃત્ત પરિણામમાં...'** શુભ ને અશુભ રાગથી નિવૃત્ત પરિણામમાં અને સ્વભાવ શુદ્ધ છે તેની પરિણતિની પ્રવૃત્તિમાં. આહા..હા..! **'અપૂર્વ શીતળતા લાગે છે...'** અપૂર્વ શીતળતા લાગે છે. આહા..હા..!

ધર્મીના પહેલા દરજ્જામાં, સમ્યગ્દર્શનમાં. આહા..હા..! એ સાધક છે. એને પ્રથમ દરજ્જામાં... આહા..હા..! **'સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે...'** પણ કેમ કહ્યું ? કે જ્યારે આ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, એનો નજીકમાં સાધકપણે શરૂઆત જ્યાં કરી એને પણ જ્યાં શાંતિ આવે છે તો સિદ્ધની શાંતિનું શું કહેવું. આહા..હા..! આવી વાતું છે. અહીં અસ્તિથી વાત કરી છે. શુભભાવથી ધર્મ ન થાય એમ ન લેતાં એનાથી નિવૃત્તિ કરી. આહા..હા..! પ્રભુ આત્મા પૂર્ણ શાંત અને વીતરાગમૂર્તિ (છે). વીતરાગ પર્યાય તે ધર્મ, રાગ પર્યાય તે અધર્મ. જ્યારે રાગ

પર્યાયથી, અધર્મથી નિવૃત્તિ કરી અને વીતરાગ પર્યાય વીતરાગી સ્વભાવ ભગવાનને અવલંબે જે થઈ એમાં જ્યાં શીતળતા ને શાંતિ દેખાય... આવી વાતું છે. આહા..હા..! છે ?

**'સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં...'** પર્યાય પર્યાયમાં, પરિણામમાં. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી શુદ્ધ છે. એ તો શીતળ... શીતળ... શીતળ... શીતળ... શીતળ... ચંદ્ર સ્વરૂપ ભગવાનઆત્મા. પણ એના તરફનો આશ્રય થતાં શીતળતાનો અનુભવ લાગે છે, અપૂર્વ શીતળતા, એમ પાછી. અનંત કાળમાં કદી શીતળતા અનુભવી નથી, અનંત અનંત વાર શુભભાવ (કરી) નવમી ગ્રૈવેયક ગયો એવો જૈન સાધુ દિગંબર મિથ્યાદૃષ્ટિ એનો શુભભાવ ઘણો ઊંચો, શુક્લલેશ્યા (થઈ) પણ એમાં શાંતિ નહોતી. આહા..હા..! હજારો રાણીનો ત્યાગ અને અંદર પંચ મહાવ્રતના શુભભાવ, શુકલલેશ્યાના ભાવ (હતા), પણ એ શાંતિ નહોતી. આહા..હા..! એટલે કે એ ધર્મ નહોતો. આહા..હા..!

જ્યારે આ **'સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે...'** જોયું ? પહેલું કહ્યું કે શુભાશુભ ભાવથી થોડું નિવૃત્ત થયું અને સ્વભાવનો આશ્રય લીધો ત્યાં અપૂર્વ શાંતિ વેદાય છે તો સર્વ વિભાવથી રહિત થયા પરમાત્મા. આહા..હા..! આવી વાતું જરીક જગતને (આકરી લાગે). ધર્મને બહાને કંઈક રાગની ક્રિયાઓમાં ધર્મ મનાવી દીધો છે. આહા..હા..! વીતરાગ ધર્મ તો વીતરાગ પર્યાયથી થાય અને એ વીતરાગ પર્યાય એ વીતરાગી ત્રિકાળી સ્વભાવના આશ્રયથી થાય. આહા..હા..! આવું એનું સ્વરૂપ છે, પ્રભુ ! જૈન ધર્મ કોઈ પંથ ને પક્ષ નથી, એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..!

જિન સ્વરૂપી ભગવાનઆત્મા એટલે કે વીતરાગ સ્વરૂપી આત્મા એટલે કે પૂર્ણ શીતળ શાંત સ્વભાવરૂપી આત્મા. એને પુણ્ય ને પાપના ભાવથી થોડી નિવૃત્તિ લઈ અને સહજ સ્વભાવની શાંતિ જ્યાં પ્રગટ થાય છે, એ અપૂર્વ શીતળતા છે. આહા..હા..! તો જેને સર્વ વિભાવ. જોયું ? આ તો હજી થોડો વિભાવ ખસીને સ્વભાવ પ્રગટ થયો. આહા..હા..! પુણ્ય ને પાપના ભાવ એ વિભાવ, દુઃખરૂપ ભાવ (છે). એનાથી થોડો નિવૃત્ત થયો દૃષ્ટિ પૂરતો. તેની દૃષ્ટિ છોડી, એની રુચિ છોડી ભગવાન પૂર્ણ શીતળ આનંદ વીતરાગ સ્વરૂપ (છે), તેની રુચિ ને દૃષ્ટિ થઈ ત્યાં અપૂર્વ શાંતિ જ્યાં વેદનમાં આવે તો સર્વ વિભાવથી રહિત પરમાત્માની શાંતિનું શું કહેવું. આહા..હા..!

આવો માર્ગ આકરો પડે છે માણસને. રાડે રાડ પાડે છે બધા. એ..ઇ..! 'સોનગઢ'નો ધર્મ એકાંત છે, એકાંત છે એમ બિચારા રાડો પાડે છે. વાત સાચી છે, સમ્યક્ એકાંત છે. એનું માનેલું મિથ્યા અનેકાંત એનાથી આ જુદી ચીજ છે, ભાઈ ! આહા..હા..!

જેની એક સમયની પર્યાયમાં. દ્રવ્ય, ગુણ તો ત્રિકાળી એક સમયની પર્યાયમાં પુણ્યના પરિણામ વર્તે છે એ અશાંત છે, દુઃખ છે. એનાથી હટી, સર્વથા પૂર્ણ હટીને નહિ પણ એની દૃષ્ટિ છે તેનાથી હટી અને શીતળ સ્વરૂપ ભગવાનઆત્મા, એની દૃષ્ટિમાં પુણ્ય ને પાપની થોડી નિવૃત્તિ થઈ ત્યાં એને શાંતિ અંતરમાં અપૂર્વ જણાણી. આહા..હા..! તો જેને સર્વ પુણ્ય ને પાપના વિભાવભાવથી નિવૃત્ત થઈ ગયા–ભગવાન સિદ્ધ ભગવાન. આહા..હા..! આવી વાતું છે. બહારમાં ધમાલ... ધમાલ... ધમાલ... આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. અ..ર..ર..! શું કરે ? પ્રભુ ! પરનું તો કાંઈ કરી શકતો નથી, શરીરને હલાવી શકતો નથી. આહા..હા..!

શરીરની જે આ પર્યાય થાય તેને એ કરી શકતો નથી. એ શરીરની પર્યાય થાય તેને તેના પરમાણુ કરી શકતા નથી. આ વાત કેમ બેસે ? શરીર આ માટી છે, જડ અજીવ તત્ત્વ છે. એની આ પર્યાય થાય છે. એ પર્યાયને આત્મા કરતો નથી. આત્માનો રાગ થાય કે હું આને કરું એ રાગ કરી શકતો નથી. એની પર્યાયને એ દ્રવ્ય પરમાણુ કરી શકતો નથી. આહા..હા..! એ પર્યાય પર્યાયથી થાય છે. એને અજ્ઞાની માને કે આ પર્યાય મારાથી થાય છે એ તો મિથ્યાત્વની અનાકુળતા સ્વભાવથી વિરુદ્ધ આકુળતાના ભાવનું વેદન છે. આહા..હા..! આવું ક્યાંથી કાઢ્યું ? ભાઈ ! ભગવાનનો માર્ગ જ આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' વીતરાગ જિનેશ્વરદેવ, પરમેશ્વર પરમાત્મા એનો આ એક જ માર્ગ અનાદિ છે. લોકો એ ભૂલ્યા ને હાથ ન આવે માટે કાંઈ માર્ગ ફરી જાય ? આહા..હા..!

અહીંયા તો કહે છે કે ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ શાંત શીતળ, એને પુણ્ય-પાપની આકુળતા ને અશીતળતા એનાથી દૃષ્ટિ હટાવી. હજી દૃષ્ટિ હટાવી–શ્રદ્ધાથી એને છોડ્યું, અસ્થિરતાથી પછી છોડે. સમજાણું કાંઈ ? પહેલી દૃષ્ટિ–શ્રદ્ધાથી છોડી અને આ બાજુ ઢળ્યો. જ્યાં અનંત આનંદનો સરોવર સાગર પ્રભુ અનંત... અનંત... અનંત... શીતળતાનો સાગર, નિધાન ભગવાન, એમાં જ્યાં ઢળ્યો તો ધર્મીને જઘન્ય ધર્મીને અપૂર્વ શાંતિ પર્યાયમાં જણાય, વેદાય. આહા..હા..! તો કહે છે કે સિદ્ધ ભગવાન

તો પૂર્ણ વિભાવથી નિવૃત્ત થઈ ગયા. આહા..હા..! આ તો શ્રદ્ધાથી નિવૃત્ત થયો. ભગવાન તો શ્રદ્ધા અને અસ્થિરતાથી નિવૃત્ત થઈ ગયા. આકરી વાત છે, પ્રભુ ! આખો જન્મ-મરણનો અંત લાવવો, ભાઈ ! એ અલૌકિક ચીજ છે, ભાઈ ! આહા..હા..!

અહીં કહે છે શુભભાવની રુચિ છોડી અને દૃષ્ટિમાં એનો ત્યાગ કરીને સ્વભાવને ગ્રહણ કર્યો. આહા..હા..! ત્યાં જ્યાં શીતળતાનું વેદન અપૂર્વ આવે તો જેણે અસ્થિરતાને પણ પૂર્ણ છોડીને સ્થિરતામાં આવ્યો. આહા..હા..! આવી વાત છે. છે ? **'સર્વ વિભાવ પરિણામથી...'** પરિણામ છે, વિભાવ પર્યાય છે અસ્થિરતાની. જ્ઞાનીને પણ હજી અસ્થિરતાની પર્યાય છે. એ દૃષ્ટિની પર્યાયમાં એની નિવૃત્તિ કરીને દૃષ્ટિ ત્યાં જામી પણ હજી અસ્થિરતાના પરિણામ છે. આહા..હા..! ભગવાન સિદ્ધ પરમાત્મા **'સર્વ વિભાવ પરિણામથી સર્વથા નિવૃત્ત, સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત...'** આહા..હા..! **'થયા છે એવા સિદ્ધ ભગવાનને પ્રગટેલી, એવા સિદ્ધ ભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત !'** આહા..હા..! આ સિદ્ધ ભગવાન. આહા..હા..!

**'તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય...'** આહા..હા..! સાધક સમ્યગ્દૃષ્ટિને તો હજી શાંતિની પાતળી ધારા હતી. આહા..હા..! એ આવી ગયું છે ને ? મુનિ હોય છે ને ? મુનિ સાચા, સાચા મુનિ. એને તો જેમ ઘડામાં રસ ભર્યો હોય રસ શેરડીનો અને એમાંથી થોડી ધારાએ આમ લે ને પીવે પાતળી ધારાએ એમ મુનિ અંતરમાં આનંદની ધારા ને શાંતિનો સાગર પડ્યો પ્રભુ, એની પાતળી ધારાએ શાંતિ ને આનંદનું વેદન મુનિને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? બાપુ ! મુનિપણું એ કોઈ ચીજ છે. આહા..હા...! હજી સમ્યગ્દર્શન શું છે એની ખબરું ન મળે ત્યાં મુનિપણા ક્યાંથી આવે ? ભાઈ ! આહા..હા..!

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને ધર્મના પહેલાં પગથીયાંવાળાને શુભભાવની અશાંતિથી જરી શ્રદ્ધાથી ખસ્યો, રુચિથી ખસ્યો અને સ્વભાવની દૃષ્ટિની રુચિ થઈ ત્યાં શાંતિ અપૂર્વ વેદાય, તો જેને પૂર્ણ વિભાવની અશાંતિનો, અસ્થિરતાનો પણ ત્યાગ થઈ અને પૂર્ણ શાંતિ જ્યાં વેદાય એ શાંતિનું શું કહેવું ! આહા..હા..! આવો ઉપદેશ હવે. શું આમાં કરવું ? કરવું શું આની અંદર તો કાંઈ આવતું નથી. આ વ્રત કરવા ને અપવાસ કરવા ને શરીરથી બ્રહ્મચર્ય પાળવું ને... બાપુ ! એ બધી વાતું. એ જડની ક્રિયા ને અંદર ભાવ હોય તો કદાચ શુભભાવ હોય, એ કોઈ ધર્મ નથી. આહા..હા..!

એ કોઈ ધર્મનું કારણ પણ નથી. આહા..હા..!

ધર્મ એવો જે વીતરાગભાવ એને રાગભાવથી નિવૃત્તિને રુચિથી, દૃષ્ટિથી, આશ્રયથી, દૃષ્ટિના આશ્રયથી નિવૃત્તિને આનંદના નાથનો આશ્રય લીધો ત્યાં જ્યાં અપૂર્વ શાંતિ આવે. આહા..હા..! એને ધર્મ કહીએ. તો જેને સર્વ વિભાવથી સર્વથા નિવૃત્ત થયા છે. આહા..હા..! આ તો શ્રદ્ધાથી નિવૃત્ત થયા હતા, આ તો અસ્થિરતાથી નિવૃત્ત થઈ ગયા ભગવાન તો. આહા..હા..! સમજાય છે કાંઈ ? ચોથે ગુણસ્થાને તો શ્રદ્ધાથી નિવૃત્ત થયા છે, એનાથી આગળ પાંચમે-છઠ્ઠે અસ્થિરતાના અંશથી નિવૃત્ત થઈને આનંદની શાંતિની શીતળતા પ્રગટી હતી. જેને સમકિતી કહીએ, જેને શ્રાવક કહીએ એ આ. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. આહા..હા..! અને જેને છઠ્ઠે ગુણસ્થાને મુનિને ઘણા જ શુભભાવથી નિવૃત્તિ છે અને શાંતિની ધારા, શાંતિની ધારા–વીતરાગ ધારા ઉગ્ર વહે છે પણ જરી એને હજી અશાંતિનો રાગભાવ છે. પણ વિભાવ સર્વથા જેણે છોડ્યા છે. આહા..હા..! સર્વ વિભાવ અને સર્વથા. આહા..હા..! તેની તો શી વાત !

**'સિદ્ધ ભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત ! તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય...'** દરિયો જેમ ઘુઘવાટથી ઊછળી રહ્યો હોય કાંઠે, આહા..હા..! એમ ભગવાન આનંદનો સાગર દરિયો પ્રભુ ! પૂર્ણ વિભાવમાંથી નિવૃત્તિને પૂર્ણ આનંદનો સાગર જેને ઊછળી રહ્યો છે. આહા..હા..! પર્યાયમાં. આવી વાતું, લ્યો ! આવો ઉપદેશ, આવો જૈનનો ઉપદેશ હશે આ ? અરે..રે..! વીતરાગ માર્ગ પરમેશ્વરનો સાંભળવા મળે નહિ. એ ક્યાં જાય ? ત્યાં શું કરશે ? ભાઈ ! કોઈ એનું શરણ નથી બીજું. આહા..હા..!

**'એવી અમાપ શાંતિ હોય છે;...'** આહા..હા..! **'શાંતિનો જાણે સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાંતિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય...'** ઓલામાં શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય. આહા..હા..! અહીંયા કહ્યું કે, સર્વથા વિભાવથી અસ્થિરતાથી નિવૃત્તિ ગયો એવા સિદ્ધભગવાનને શાંતિનો સાગર ઊછળી રહ્યો, જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય. આહા..હા..! જેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદના હિલોળા આવતા હોય આમ. આહા..હા..! અરે..! એની વાતું સાંભળવી, બાપા ! ભલે દુનિયા ગમે તે કહો, એકાંત કહો. આહા..હા..! વસ્તુ

તો આ છે, પ્રભુ ! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' તો આ છે. અરે..! જેને સાંભળવા મળે નહિ, એને વિચારમાં ક્યારે મુકે ? અને એ રુચિમાં ક્યારે ગોઠવે ? આહા..હા..!

**'જાણે આનંદનો સમુદ્ર હિલોળા...'** હિલોળા આનંદનો સમુદ્ર આમ. આહા..હા..! સિદ્ધની પર્યાયમાં (આનંદના હિલોળા છે). સિદ્ધ પર્યાય છે, સિદ્ધ કોઈ દ્રવ્ય-ગુણ નથી, સિદ્ધ એક પર્યાય છે. મુક્ત દશા એક પર્યાય છે, એ દ્રવ્ય-ગુણ નથી, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. આરે આરે..! આવી વાતું. આહા..હા..! દ્રવ્ય એટલે કે જે અનંત ગુણનો આધાર. અને ગુણ એટલે કે, જેમાં એને આધારે રહ્યા ગુણો. એ તો ત્રિકાળી છે. હવે આ જ્યારે ત્રિકાળીનું ઉગ્ર આલંબન લઈને રાગથી પૂર્ણ નિવૃત્તિ કરી તો પર્યાયમાં આનંદ હિલોળા ખાય છે. આહા..હા...! અતીન્દ્રિય આનંદના વેદનની દશા ઉગ્ર હોય છે. આવી વાતું છે. આહા..હા..!

આખો દિ' ધંધા-પાણી, બાયડી-છોકરા સાચવવામાં રોકાય. હવે એને આ વાત ? સાંભળવા જાય તો મળે બીજી વાતું. આહા..હા..! અપાસરે જાય તો કહે સામાયિક કરો, પોહા કરો, વ્રત કરો, અપવાસ કરો, નૌકારી ગણો. ઓલું શું કહેવાય છે ? આનુપૂર્વી. આનુપૂર્વી નથી ? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... ણમો સિદ્ધાણં, અરિહંતાણં... એ તો પ્રભુ બધા વિકલ્પ છે, ભાઈ ! એ તો શુભરાગ છે, ભાઈ ! એ તો અશાંતિ ને આકુળતા છે, ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! ઓલા શ્વેતાંબરમાં જાય તો કહે મૂર્તિ પૂજો, ભગવાન કરો, ઉપધાન કરો. આહા..હા..! સિદ્ધ ચક્રની પૂજા ધામધૂમથી કરો બે, પાંચ, દસ લાખ ખર્ચો. ભગવાન ! એમાં કદાચિત્ શુભભાવ થાય, તો એ શુભભાવ તો આકુળતા છે, અશાંતિ છે. આહા..હા..! જેમાં શાંતિ પડી છે ભગવાનમાં.. અહીં તો ભગવાન તરીકે સવારમાં નહોતું કહ્યું ? ભગવાનઆત્મા ત્રણ વાર આવ્યું હતું. આહા..હા..! નિર્વિકલ્પો અહં, ઉદાસીનો અહં. આહા..હા..!

(સંવત) ૧૯૬૪ની સાલ હશે. ૬૪ની સાલ. કેટલા વર્ષ થયા ? ૭૧ વર્ષ પહેલાં 'પાલેજ'માં દુકાન હતી ને ત્યાંથી માલ લેવા ગયો હું 'વડોદરા'. માલ (લેવા) 'વડોદરા' (ગયો). માલ લેવા જતા બધે 'મુંબઈ', 'અમદાવાદ'. નાની ઉંમરની વાત છે ૧૭ વર્ષની, ૧૮ વર્ષની ઉંમર. અત્યારે તો ૮૯ થયા. એ વખતે 'વડોદરા' માલ લેવા ગયેલ.

રાતે નિવૃત્તિ એટલે જોવા ગયા. આ ‘અનસુયા’નું નાટક હતું. આહા..હા..! પણ વૈરાગ્યના નાટક એ વખતે. એ ‘અનસુયા’ બાય છે, ‘નર્મદા’ નથી ? ‘ભરૂચ’ને કાંઠે. ઇ ને આ ‘અનસુયા’ બે બહેનો હતા. એ તો નામ પડ્યા નદીના પછી, મૂળ બહેનો હતા બેય-‘અનસુયા’ ને ‘નર્મદા’.

‘અનસુયા’ ત્યાં અમારે જોડે છે ગામ. કેવું ? ભૂલી ગયા. માત્રા. એને કાંઠે છે નદી અને અનસુયા છે. એ ‘અનસુયા’ બાય જતી હતી સ્વર્ગમાં. તો એ લોકોમાં એમ છે ને કે અપુત્ર ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ નહિ મળે, પાછળ શ્રાદ્ધ કરનાર જોઈએ. નહિતર ઓલો કાગડો થઈને પાછો ત્યાં જાય. બધું ગપેગપ છે. એમ કહે પુત્ર ન હોય એને ન મળે. આહા..હા..! ત્યારે શું કરવું ? હેઠે જા જેને હોય એને પડ, જે બેઠો હોય એને વર. એમાં આંધળો બ્રાહ્મણ (હતો) એને વરી. એમાં થયું છોકરું. એ છોકરું ભાઈ લાવ્યું હતું. આ તો ‘વડોદરા’ની ૭૧ વર્ષ પહેલાંની વાત છે.

એ નાટકમાં એ બાઈ બોલતી, બેટા ! તું નિર્વિકલ્પો છો, તું નિર્વિકલ્પ છો. આહા..હા..! રાગના વિકલ્પથી રહિત તારું સ્વરૂપ નિર્વિકલ્પ છે. એમ નાટકમાં આવતું. આહા..હા..! અને ત્યાં તો પાછું નાટક જોતા મારી ટેવ હતી ને કે ત્યાં તમે શું બોલો છે એ ચોપડી લાવો અહીં. બાર આનાની ટીકીટ ને બાર આનાની ચોપડી (લેતા). તમે શું બોલો એ મને સમજ્યા વિના તો મન મારું નહિ ચાલે. એ ચોપડી બાર આનાની લીધી હતી. આહા..હા..! બેટા તું નિર્વિકલ્પો. આપણે છે ‘સમયસાર’માં ‘બંધ અધિકાર’ને છેડે ને ‘સર્વવિશુદ્ધ અધિકાર’ને છેડે ને ‘પરમાત્મપ્રકાશ’ને છેડે આ શબ્દો છે. પણ મને યાદ ત્રણ, ચાર રહ્યા છે. એ બાઈ ગાતી અને આમ સુવડાવતી. હજારો માણસ નાટકમાં (હતા). બેટા ! નિર્વિકલ્પ છો. શુદ્ધોસી, બુદ્ધોસી, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી. આહા..હા..!

પ્રભુ ! તું નિર્વિકલ્પ અભેદ ચીજ છો. આહા..હા..! શુદ્ધ છો... શુદ્ધ છો... શુદ્ધ છો. એ પુણ્ય-પાપ એ તારું સ્વરૂપ નહિ. શુદ્ધોસી. બુદ્ધોસી-જ્ઞાનનો પિંડ તું છો, ઉદાસીનોસી. પ્રભુ ! પુણ્ય ને પાપના ભાવથી તારું આસન ભિન્ન છે અંદર. આહા..હા..! એવું તો એ વખતે (નાટકમાં આવતું). અત્યારે તો કાળા કેર (કર્યા છે). ફિલ્મને નામે બાયડી આમ ઊભી હોય ને માથે નથી કરતાં ? ચોકમાં રાખીને આમ આમ... અર..ર..! અનીતિ. કો'ક સ્ત્રીને ને આમ બહારમાં આખી આમ લગાડે. એ વખતે તો વૈરાગ્યના

નાટક હતા. આહા..હા..! એમાં આમ કહેવાતું ઇ અત્યારે સંપ્રદાયમાં કહેવાતું નથી. આહા..હા..! અરે..! એવું હોય ? આ તો બધું રાગ કરે, આ કરે, આ કરે કરતાં કરતાં પછી (થાય). આહા..હા..!

અહીંયા તો કહે છે, ભગવાન જ્યારે પૂર્ણ વિભાવના ભાવથી, વિભાવ એટલે શુભભાવ આદિ, એનાથી નિવૃત્ત થઈને પૂર્ણ શાંતિ જ્યાં પ્રગટી ત્યાં તો આ શાંતિનો સાગર ઊછળી રહ્યો અને આનંદનો આનંદનો સાગર હિલોળા મારી રહ્યો છે. આહા..હા..! **'એવો અપાર આનંદ હોય છે.'** સમ્યગ્દર્શન થતાં શુભની રુચિ છૂટતાં, આશ્રય છૂટતાં, ત્રિકાળી ભગવાન આનંદનો આશ્રયની દૃષ્ટિ થતાં પણ આનંદનો અંશે સ્વાદ જ્યાં આવે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો ભલે ચક્રવર્તીના પદમાં હો. આહા..હા..! તો જેને પૂર્ણ વિભાવ સ્વભાવનો સર્વથા અભાવ થઈ ગયો એની આ પર્યાયમાં આનંદના હિલોળાની શું વાતું કરવી. આહા..હા..! એને તો અપાર આનંદ હોય છે.

**'તારા આત્મામાં પણ એવું સુખ ભરેલું છે...'** એટલું કહીને હવે પાછું (કહે છે)... સિદ્ધ ભગવાનને જ્યારે આટલો આનંદ ને આટલી શાંતિ આવી. ણમો સિદ્ધાણં. આહા..હા..! તો પ્રભુ તારા આત્મામાં એ પૂર્ણ સુખ ને આનંદ ભરેલો છે. આહા..હા..! ત્યાં નજર કર ને. આહા..હા..! **'તારા આત્મામાં પણ...'** એમ કહે છે, સિદ્ધમાં આવું થાય છે પણ એ તારા આત્મામાં પણ એટલો જ આનંદ અંદર ભર્યો છે. આહા..હા..! એ અંતરમાં આનંદ હતો એ ઊછળીને સિદ્ધને પર્યાયમાં આવ્યો છે. કાંઈ બહારથી નથી આવ્યા આનંદ ને શાંતિ. આહા..હા..! **'તારા આત્મામાં પણ એવું (આનંદ) સુખ ભરેલું છે પણ...'** આહા..હા..!

**'પણ વિભ્રમની ચાદર આડી આવી ગઈ છે...'** આહા..હા..! રાગ તે હું ને પુણ્ય તે હું ને શુભભાવ તે હું એવી વિભ્રમ નામ મિથ્યાત્વની આડી ચાદર આવી ગઈ. તારા સુખના સાગરને તેં ન જોયો. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો પરમાત્મા જિનેશ્વરદેવનો આ માર્ગ છે, ભાઈ ! આહા..હા..! વિભ્રમ. જેમ મોટો સમુદ્ર હોય પાણીથી ભરેલો હિલોળા ખાતો પણ એની કાંઠે જો ચાર હાથનું કપડું પર્યંચ આડુ રાખ્યું હોય અને માણસ ચાર હાથનો ઊંચો, એટલે એની નજર કપડા ઉપર રહે, પાણી તો ક્યાંય રહી ગયું. આહા..હા..!

એમ ભગવાન ત્રિલોકનો નાથ આનંદનો સાગર અંદર ભર્યો (છે), પણ ભ્રમણા થઈ એને કે રાગ તે હું છું ને પુણ્ય તે હું છું ને આ પુણ્યના, ધૂળના ફળ આ પાંચ, પચાસ લાખ મળે તે હું છું, મરી ગયો વિભ્રમમાં મારી નાખ્યો આત્માને. આહા..હા..! 'કળશ ટીકા'માં આવે છે, એ રીતે આત્માને મરણ તુલ્ય કરી નાખ્યો એણે. આહા..હા..! 'કળશ ટીકા'માં આવે છે. ૨૮ મા કળશમાં. આહા..હા..! જે એના ત્રિકાળી સ્વભાવમાં નથી એવો જે વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ, તે હું છું એમ માની એ વિભ્રમના મિથ્યાત્વ ભાવમાં મિથ્યાશ્રદ્ધાની આડમાં સમ્યક્ ચીજ ત્રિકાળી છે તે દેખાતો નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'વિભ્રમની આડી ચાદર આવી ગઈ છે...'** ભ્રમણાની ચાદર આડી આવી, ભગવાન દેખાય નહિ. આહા..હા..! અને તે રાગ ને પુણ્ય ને પુણ્યના ફળ આ બહારમાં ધૂળ. બાયડી, છોકરા ને કુટુંબ ને મકાન ને હોળી સળગી બધી. એ મારા ને હું એનો એવી વિભ્રમની ચાદર આડી આવી ગઈ. આહા..હા..! એથી એને ભગવાન અંદર પૂર્ણ સાગર, આનંદનો સાગર ભર્યો (છે), એ વિભ્રમની આડી ચાદરમાં દેખાતો નથી. આહા..હા..! ભારે આકરું.

જીવ-અજીવમાં આવે છે ને ? આડી ચાદર છે, પર્યંચ છે. દરિયો ઊછળી રહ્યો છે આમ પણ ચાર હાથનું કપડું કાંઠે ઊંચું કરીને રાખ્યું અને જોવા જાય તો નજર તો કપડા ઉપર રહી, કપડું દેખાય ને વસ્તુ ન દેખાય. આહા..હા..! પણ એ કપડાને તોડી, ફાડી નાખે (તો) આખો દરિયો ઉછળતો દેખાય. આહા..હા..!

એમ વિભ્રમરૂપી આડી ચાદર એને ત્રિકાળી આનંદના નાથને એ જોવા નથી દેતી. પણ જેણે વિભ્રમની ચાદરને તોડીને ફાડી નાખી. આહા..હા..! રાગની એકતારૂપી વિભ્રમ જેણે તોડ્યું, તેને સ્વભાવનો સાગર નજરમાં દેખાય છે. આહા..હા..! આવી વાતું હવે. અરે..! વીતરાગ માર્ગ ક્યાંય રહી ગયો અને લોકોએ વીતરાગ માર્ગને ક્યાંક ચડાવી દીધો. રાગ ને ક્રિયા ને ભ્રમણામાં ચડાવી દીધો. આહા..હા..! અરે..રે..! અવતાર ચાલ્યા જાય છે અને ક્યાં મરીને જશે પાછો ? આહા..હા..!

**'તેથી તને દેખાતું નથી.'** આહા..હા..! ઓલા કહે છે ને ? બારણું બંધ હોય, સૂર્ય ઊગ્યો હોય નળીયા સોનાના એટલે ધોળા દેખાતા હોય. ઓ'લો ત્રણ લુગડાં ઓઢીને સૂતો હોય અને આંખમાં ચીપડા વળ્યા હોય. એને કહે કે આ સોનાના

નળીયા થયા ઉઠ, ઉઠ. ક્યાંથી દેખે પણ એ ? સોનાના એટલે ઓ'લો સૂર્યનો તડકો. આહા..હા..! એમ જેણે રાગની એકતાની ચાડી મારી છે એને ભગવાન જાગતી જ્યોત ચૈતન્ય સ્વરૂપ પ્રભુ ! આહા..હા..! જેનું અસ્તિત્વ, જેની હયાતી, પૂર્ણાનંદથી ભરેલી જેની હયાતી છે... આહા..હા..! જેની મોજૂદગી અનંતા વીતરાગી ગુણોથી ભરેલો મોજૂદ છે. આહા..હા..! તેની દૃષ્ટિ-રુચિ ન કરતાં રાગની રુચિના પ્રેમમાં તેને જોઈ શકતો નથી. આહા..હા..! આવી વાત છે. અરે..રે..! ક્યાં એને જાવું ? એ ૪૦૮ (બોલ પૂરો થયો).

**અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ વિષયોના કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મ રુચિ કરતો નથી, અથવા 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મ પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. પછી 'મેં કાંઈ કર્યું નહિ, અરેરે ! મનુષ્યભવ એળે ગયો !' એમ તે પસ્તાય તો પણ શા કામનું ? મરણ સમયે તેને કોનું શરણ છે ? તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. મનુષ્ય ભવ હારીને ચાલ્યો જાય છે.**

**ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિ સમયે તે આત્મામાંથી શાંતિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિ સમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજ સુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે-જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી,**

**શાંતિનો અખૂટ નિધિ છે. તે શાંતિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.**
**તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત-વિપત્તિ સમયે વિશેષ શરણભૂત થનાર-એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર. ૪૦૯.**

૪૦૯, **'અજ્ઞાની જીવ,...'** આહા..હા..! **'જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય...'** વડવાઈ, વડ હોય ને ? એનું વડવાઈ હોય ને અંદર ? **'એને પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં...'** માથે મધનો પૂડો હોય એમાંથી એક એક ટીપું ઝરતું હોય. ધારા નહિ, હોં ! આમ વડવાઈ પકડીને ઊભો (હોય). આ મધબિંદુ. બિંદુ છે ને ? એમ છે ને ? આખો મધ નહિ. આહા..હા..! **'મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને...'** વિદ્યાધર આવ્યો વિમાન લઈને અરે..! ભાઈ ! આવી જા ને બેસી જા, બાપા ! આ વડવાઈ હમણાં તૂટી જશે, પડીને હેઠે કૂવામાં પડીશ. હેઠે કૂવો, હેઠે કૂવો, માથે વડવાઈ આમ. એને બે ઉંદર ખાય, એ ડાળને ઉંદર રાત ને દિવસનો ઉંદર ખાય. આહા..હા..!

**'વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ...'** એ મધુબિંદુના એક બિંદુ પડે આમ લઈ લઉં, લઈ લઉં, લઈ લઉં. આહા..હા..! એમ... આ તો દૃષ્ટાંત થયો. **'તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી...'** આહા..હા..! કાં તો કહે આબરૂનું સાંભળવું, શરીરનો સ્પર્શમાં વિષયની વાસનાનું સુખ, એની કંઈક ખાવા-પીવા મેસુબમાં અંદરમાં લક્ષ જાય ને સુખ, રુપને દેખવાનું સુખ. આહા..હા..! શરીરની સુંદરતાની ઘડતર સારી દેખીને તેની સુંદરતાનું સુખ એ લાલચમાં ત્યાં લલચાઈને, આહા..હા..! ઊભો રહ્યો છે. આહા..! **'લાલસામાં રહી...'** છે ? કલ્પિત સુખની તીવ્ર લાલસા. કલ્પિત સુખ પ્રભુ ! એ ખાવા-પીવા, મેસુબના માનતા... એ મેસુબને કાંઈ ખાતો નથી, મેસુબનું લક્ષ થતાં એને રાગ થાય છે એ રાગને ખાય છે. આહા..હા..! આવું કલ્પિત સુખ. એમ સ્ત્રીનું શરીર કે પુરુષનું શરીર તો હાડકા, માંસ ને જડ

છે. એને કાંઈ આત્મા ભોગવતો નથી. ફક્ત એને દેખીને આ ઠીક છે એવો રાગ કરીને રાગને ભોગવે. આહા..હા..! મધના બિંદુના રાગને ભોગવીને ત્યાં ચોંટી રહ્યો છે. આહા..હા..! છોકરો કાંઈક સારો થયો પાંચ હજાર, દસ હજારનો રળાવ, દિવસની હોં ! પાંચ, દસ હજાર. એટલે એને એમ થઈ જાય કે, આહા..હા..! શું છોકરો કર્મી પાક્યો છે ને ! કર્મી એટલે પાપી. બાયડી અનુકૂળથી બોલતી હોય આમ પતિદેવ, પતિદેવ, પતિદેવ બોલતી હોય ખાનગી અંદર બોલે. પતિદેવ ! તમે કેમ આમ ઉદાસ દેખાવ છો ? પતિદેવ તમે રળવામાં કેમ ત્યાં ને ત્યાં રોકાય જાવ છો ? પતિદેવ કહે ત્યાં તો પેલાને... આહા..હા..! અને આ કરોડપતિ છે એમ કહેતા તો એને અંદરમાંથી જાણે... આહા..હા..! કેટલો હું ધનપતિ છું એવો મને લોકો માને. આહા..હા..!

મુમુક્ષુ :– એક વર્ષમાં કરોડો રૂપિયા કમાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હું એક વર્ષમાં કરોડ શું, સાડા ત્રણ કરોડ. તમારા (દીકરાનો) શેઠ છે એ સાડા ત્રણ કરોડ કમાય છે. એમના દીકરા છે ને ? મહિનાનો પગાર આઠ હજારનો છે, છ હજાર છે અને મકાનના મળીને આઠ હજાર. 'જામનગર'નો શેઠ છે, દેરાવાસી. વર્ષની સાડા ત્રણ કરોડની પેદાશ છે. વાણિયો છે. તે શું પણ છે એમાં ? ધૂળમાં. આહા..હા..! ઘેરાય જાય. આહા..હા..! અને હજી પણ વધારે પેદાશ કરવી છે, એવું સાંભળ્યું છે. ધંધો એવો વધારવો કે પાંચ કરોડ પેદા થાય. અરે..રે..! શું છે પણ આ ?

વડવાઈને પકડી અને સુખના કલ્પનાના સુખના બિંદુમાં ચોટી રહ્યો છે. આહા..હા..! ગુરુનો ઉપદેશ મળ્યો એને વિમાન આવ્યું. ઉપદેશ મળ્યો, તું છોડી દે પ્રભુ ! એ રાગની લાલસા છોડી દે નાથ ! તું મરી જઈશ, બગડી જઈશ. કાંઈક કાંઈક સ્ત્રીનું સુખ, કુટુંબનું સુખ, બૈરાનું સુખ. અરે..! છોકરા આવે એની વહુ સારી આવે અને એવી ભાષા (બોલે), બાપુજી, બાપુજી કરે ત્યાં ભાઈસાહેબને એમ થાય કે, આહા..હા..! કારણ કે અત્યારે તો બહુ લાજનું કાંઈ નથી એટલે સાસરાને બાપુજી કહે. એવું જોયું છે ને આ તો. આહા..હા..! અરે..રે..! પ્રભુ તું ક્યાં અટક્યો ? આહા..હા..!

વીતરાગની વાણી તને કાને પડી કે તું ભિન્ન છો પ્રભુ ! આ સ્વાદમાં રોકાય ગયો તો મિથ્યાત્વ છે તારું. આહા..હા..! પણ એ સ્વાદની મીઠાશમાં, આહા..હા..! છોડ્યું નહિ. રાત ને દિ' ઉંદર એને ખાય છે ઓલી ડાળને. તોડીને પછી હેઠે પડશે

કૂવામાં. એમ રાત ને દિ' ઉંદર કાળને જતો કરે, કાળ જાય છે. એ પૂરો થશે, પ્રભુ ! ચોરાશીના અવતારના ઊંડે કૂવે ક્યાં જઈશ ? ભાઈ ! આહા..હા..! આવી વાત છે.

શરીર કાંઈક સુંદર રૂપાળુ મળ્યું, આહા..હા..! સવારમાં ઉઠી સાબુ લાવે બે રૂપિયાનો, દોઢ રૂપિયાનો ઊંચો અત્યારે સાબુ થાય છે ને. પહેલાં તો બે પૈસાનો સાબુ હતો. ગોળો. જુઓ એ તો ગાંડો તમારે સવારમાં. અને એમાં તે નાહીને ઓ'લા અરીસામાં જોવે, મોટો અરીસો હોય તો ઠીક પણ નાનો આવડો હોય તો (આમ આમ કરે). અરે..રે..! ક્યાં પ્રભુ ! તું ગયો ? આહા..હા..! આવા ક્ષણિક સુખની કલ્પનામાં પ્રભુ ! તું ભવને હારી જાઈશ. આહા..હા..! ઇ કહે છે, જુઓ !

**'તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને...'** આહા..હા..! ગુરુએ એને કહ્યું, પ્રભુ ! તું રાગના સુખથી ભિન્ન છો, પ્રભુ ! રાગમાં સુખ નથી, એ દુ:ખ છે. આહા..હા..! એ ભોગમાં તને રાગનું સુખ લાગે છે. એ શરીરનું સુખ, શરીરનો ભોગ નથી. શરીર તો માંસ ને હાડકા છે, પ્રભુ તો અરૂપી આત્મા છે. એ એને શરીરને અડે છે ક્યાં ? આહા..હા..! પણ એને અડું છું એમ માની અને મને મજા પડે છે એમ રાગ કરી અને રાગમાં રાગને ભોગવે છે, દુ:ખને ભોગવે છે. આહા..હા..! માને છે મૂર્ખ. આહા..હા..!

દારૂ પીધેલા, આહા..હા..! એને શીખંડ ખવરાવો તો એને દૂધ જેવું લાગે. દારૂ પીધેલાને શીખંડ ખવરાવતા ગાયના દૂધ જેવું લાગે. એમ જેને ભ્રમ ચડી ગયો છે... આહા..હા..! એને રાગમાં સુખ દેખાય. ભગવાનઆત્મામાં આનંદ ને સુખ ભર્યા છે. આહા..હા..! ત્યાં એની નજરું કરતો નથી. મરીને ક્યાંય ચાલ્યો જશે. આહા..હા..! ચોરાશીના ઊંડા કૂવામાં. જેમ ઓલો વડવાઈ પકડીને મરે. હેઠે કૂવો અને મોટા સર્પ બેઠા હતા હેઠે. કૂવામાં પડે તો સર્પ. એમ ચોરાશીના અવતાર. આહા..હા..! એ કીડીના, કાગડાના, કુતરાના અવતાર. આહા..હા..! ભાઈ ! તું ત્યાં જાઈશ. તેં ગુરુનો ઉપદેશ ન સાંભળ્યો. આહા..હા..!

હરખ ને હોંશુ એક વાર તૂટી જાય એવી છે આ તો. આહા..હા..! હરખ ને હોંશ તો પ્રભુ તારા આનંદમાં છે અંદર. આહા..હા..! એમાં છોકરો પરણતો હોય વીસ વર્ષનો. બે, પાંચ કરોડ રૂપિયા હોય, બે, પાંચ, દસ લાખ ખરચવા હોય, જુઓ તમારે ગાંડો, એ તો પાગલ તમારે. આહા..હા..! શું કરે છે તું આ ? અરે..! છોકરાના

લગન છે બે લાખ ખરચવા છે. બેડાના લાણા કરવા છે નાત દીઠ. હજાર ઘર છે બેડું પચાસ-સો રૂપિયાનું એક એક. 'મુંબઈ'માં થયું હતું, બધું 'મુંબઈ'માં થયું હતું.

(એક ભાઈ) કહેતા હતા કે એક માણસના લગન થયા. તેના લગનમાં નાતમાં બેડાની લાણી કરી. એને જ્યારે વહુને ગર્ભ રહ્યો (ત્યારે) પૈસા ન મળે કાંઈ. બધું ઉડી ગયું, ખલાસ થઈ ગયું. માગવા આવ્યો. ભાઈ ! હોસ્પિટલમાં બાઈને મુકવી છે, કાંઈ સાધન નથી. જેના લગનમાં બેડા વેંચ્યા એની નાતમાં, આહા..હા..! એ તડકા-છાયા છે, બાપા ! છાયો મટીને તડકો થાય એમ પુણ્ય મટીને પાપ આવ્યા જ્યાં. જેના લગનમાં બેડા વેંચ્યા એને સીમંત આવ્યું એને પૈસા ન મળે, માગવા આવ્યો. 'બોટાદ'વાળા. એ તો જગતની ચીજ એવી છે. આહા..હા..!

નહોતું એક ફેરી કહ્યું ? 'જયપૂર' દિવાનમાં ઉપર ઉતર્યા હતા. હેઠે ઉતરીને જ્યાં વ્યાખ્યાન વાંચવા જાવું હતું ત્યાં એક માણસ નીકળ્યો વૃદ્ધ, વૃદ્ધ. આમ માથે ટાલ લુગડા, હાથમાં... મારી નજર ગઈ. કીધું, આ માણસ કોઈ ગરીબ નથી લાગતો, બાપુ ! આ કોઈ ગમે તે હોય, કોણ છે ? ત્યારે એનો ડ્રાઈવર હતો એણે કહ્યું કે એ 'વાંકાનેર'ના શું કીધું ? 'માવજી ત્રિકમ'નો દીકરો છે એ. 'માવજી ત્રિકમ'ની ઝવેરાતની દુકાન હતી ગામમાં એનો દીકરો. કાંઈ રહ્યું નથી. અમે આપતા હતા થોડું હવે એ તો ભિખારી થઈને માગે છે. ૭૫-૮૦ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..! આવા ભિખારાવેડામાં અવતાર કર્યા, પ્રભુ ! તેં. પણ આત્મા શું ચીજ એને તેં સાંભળી નહિ અને જોઈ નહિ. એમ કહે છે. વિશેષ કહેશે...(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી એવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે, સંસાર રહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી.**

**'પરમાગમસાર' બોલ નં. ૭૪૮.**

## માગશર સુદ ૧, શુક્રવાર તા. ૦૧-૧૨-૧૯૭૮.
## વચનામૃત–૪૦૯, પ્રવચન–૧૬૭

૪૦૯, બોલ છે, થોડું ચાલ્યું છે ફરીને. **'અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ...'** દાખલો આવે છે ને વડવાઈને પકડીને ઊભો છે, માથેથી મધુનું બિંદુ આવે. આહા..હા..! વિમાન આવ્યું છે, (દેવ કહે છે), બેસી જા અહીં. હમણાં ટીપું લઈ લઉં, ટીપું લઈ લઉં. આહા..હા...! ત્યાં તો વડવાઈ તૂટે છે ને પડે છે કૂવામાં. આહા..હા..!

**'તેમ, વિષયોના કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી...'** પાંચે ઇન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, રસ, સ્પર્શ તેની લાલસામાં રહી **'ગુરુના ઉપદેશને અવગણીને...'** ગુરુ જ્ઞાની ધર્માત્મા એનો ઉપદેશ શુદ્ધાત્મ વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયક ભાવ, એની રુચિ દૃષ્ટિ કરવી એ એનો ઉપદેશ હતો. જેમાં ક્ષાયિકભાવ પણ નથી, જેમાં ઉદયભાવ રાગાદિ તો નથી. એથી રાગને આશ્રયે લાભ થાય એ તો નથી પણ જેમાં ક્ષાયિકભાવની પર્યાય પણ શુદ્ધાત્મ વસ્તુમાં નથી. તેથી તેને આશ્રયે લાભ થાય એમ પણ નથી. આહા..હા..! એક સમયમાં પૂર્ણ શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય સ્વભાવ, શુદ્ધાત્મા, જેમાં રાગ પર વસ્તુનો તો અભાવ છે, જેમાં રાગનો અભાવ છે પણ જેમાં વર્તમાન પર્યાય જે ક્ષાયિક આદિ હોય એનો પણ એમાં અભાવ છે. આહા..હા..! એવી જે શુદ્ધાત્મ વસ્તુ, એની રુચિ કરીને પ્રતીતિ કરવા જેવી પહેલી ચીજ તો એ છે. આહા..હા..!

એ અવગણીને શુદ્ધાત્મ રુચિ અવગણીને એટલે કે ... આપણે હજી પહેલું આ તો કરો, ફલાણું તો કરો. આહા..હા..! **'શુદ્ધાત્મ રુચિ કરતો નથી,...'** કરવાનું તો આ છે. લાખ વાતની વાત ને કરોડ વાતની વાત–એક સમયમાં શુદ્ધાત્મા ધ્રુવ પરિપૂર્ણ સહજાત્મ સ્વરૂપ, જેમાં પર્યાયનો પણ ભાવ નથી, એવા શુદ્ધાત્માની દૃષ્ટિ રુચિ

પોષાણમાં એને લેવું જોઈએ એ કરતો નથી. આહા..હા..!

**‘અથવા ‘આટલું કામ કરી લઉં,...’** આહા..હા...! દીકરાને મોટા કરું, ભણાવું, પઢાવું, દીકરીઓને લગન કરું, આટલું ભણી લઉં, આટલું વાંચી લઉં. આહા..હા..! **‘એમ રોકાયને આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં...’** આહા..હા..! **‘એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી...’** એ ચાહે તો શુભભાવ હો કે અશુભ, એ પ્રવૃત્તિના રસમાં... આહા..હા..! લીન રહી. પ્રવૃત્તિ એટલે પુણ્ય ને પાપના ભાવ. આહા..હા..! **‘એમાં લીન રહી શુદ્ધાત્મ પ્રતીતિના ઉદ્યમનો...’** આહા..હા..! જે કાંઈ કરવા જેવું મુખ્ય છે એને એ કરતો નથી અને બહારમાં અનેક પ્રસંગ ઊભા કરીને ત્યાં રોકાય જાય છે. આહા..હા..!

**‘શુદ્ધાત્મ પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી,...’** આહા..હા..! બહારના પ્રવૃત્તિના પ્રસંગમાં લીન (રહી)ને મીઠાશ વેદતો (વખત મેળવતો નથી). આહા..હા..! એ શુભ-અશુભભાવમાં હરખ ને શોક, પ્રતિકૂળ હોય તો શોક, અનુકૂળ (હોય તો) હરખ, એમાં રોકાય ગયો. આહા..હા..! ભગવાનઆત્મા પરમ સ્વભાવભાવ..

‘નિયમસાર’માં તો એમ કહ્યું ને, આહા..હા..! મેં મારી ભાવના માટે ‘નિયમસાર’ બનાવ્યું, આવ્યું છે ને ? એનો અર્થ ટીકાકારે કર્યો, મેં નો (અર્થ) કે, સેંકડો અધ્યાત્મ શાસ્ત્રમાં કુશળ એવો હું, મેં મારા આત્મા માટે આ ‘નિયમસાર’ બનાવ્યું છે. ટીકામાં એ કહ્યું. આહા..હા..! સંસારની વાતો તો એક કોર રહો, પણ સેંકડો અધ્યાત્મ શાસ્ત્રમાં હું કુશળ છું એમ ટીકાકાર (કહે છે). મેં કર્યું છે, મેં નો અર્થ હું કરું છું. એ મારી ભાવના માટે. મારી ભાવના એ કે જે ત્રિકાળી શુદ્ધ ધ્રુવ, ધ્રુવ શુદ્ધાત્મા એમાં દૃષ્ટિ કરીને સ્થિર થવું એ મારી ભાવના (છે). આહા..હા..!

ભવ સાગરથી ઉગરવાનો આ આરો. આહા..હા..! તેથી ત્યાં એને ચાર ભાવને પણ વિભાવભાવ કહ્યા. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ વિશેષ ભાવ કહ્યા છે, વિભાવ કહ્યા છે. ટીકામાં તો એક ઠેકાણે એને ચારને વિકારી પણ કહ્યા છે. એક ઠેકાણે વળી ચાર ભાવને આવરણવાળા કહ્યા છે. આહા..હા..! એક નિરાવરણ ભગવાન અખંડ પ્રભુ અવિનાશી નહિ બદલતો, નહિ પરિણમતો એવો જે એકરૂપ શુદ્ધાત્મ વસ્તુ એની રુચિ કરવા વખત મેળવતો નથી. આહા..હા..! ક્યાંક ક્યાંક એને રોકાય જઈને હમણાં હજી વખત છે, જુવાન છું, હજી વાર છે પછી કરશું, પછી કરશું.

આહા..હા..! (એમ) **'શુદ્ધાત્મ પ્રતીતિના ઉદ્યમનો વખત...'** હોં ! આહા..હા..! જે દ્રવ્ય સ્વભાવ વસ્તુ જે તત્ત્વ આખું આત્મતત્ત્વ, પરમ પદાર્થ સહજાત્મ સ્વરૂપ તેના પ્રત્યેના ઉદ્યમનો વખત મેળવતો નથી. આહા..હા..!

**'ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે.'** આહા..હા..! અકસ્માત. એને પૂછે નહિ કાંઈ કે હું આવું છું મરણ. આહા..હા..! કઈ સ્થિતિએ દેહ છૂટવાનો કાળ એને આવી જાય છે. પછી કરીશ, પછી કરીશ, આટલું તો કરું, આટલું તો કરું. આહા..હા..! લોકોને સમજાવતો તો જાઉં, સમજાવું તો ખરો. આહા..હા..! એમ બહારમાં રોકાતા અંદરની ચીજની પ્રતીતિ કરતાં વખત મેળવતો નથી. આહા..હા..! ત્યાં તો આયુષ્ય પૂરું થવાનું મરણનું ટાણું આવી ગયું. છે ?

મરણનો કાળ આવી પહોંચ્યો. **'પછી 'મેં કાંઈ કર્યું નહિ,...'** અરે..રે...! એમ થઈ જાય. અરે..રે..! આવો મનુષ્યભવ (મળ્યો), મને સાંભળવા મળ્યું હતું કે તું ભગવાન પરિપૂર્ણ વસ્તુ છો એની દૃષ્ટિ પ્રતીતિ કર, એમ સાંભળ્યું પણ મેં કાંઈ કર્યું નહિ. અરે..રે..! આહા..હા..! આમ ને આમ જિંદગી ચાલી જાય છે. **'મેં કાંઈ કર્યું નહિ,...'** આહા..હા..! **'અરેરે ! મનુષ્યભવ એળે ગયો !'...'** આહા..! આ તો મનુષ્યભવ ખલાસ થઈ ગયો. આહા..હા..! એક તો સંસારના કામ આડે નવરો થતો નથી, પછી ધર્મના નામે પ્રવૃત્તિ પૂજા ને ભક્તિ ને વાંચન ને શ્રવણ ને કહેવું ને કરવું ને. આહા..હા..! એમાંથી નવરો થાતો નથી. આહા..હા..! ત્યાં મરણ આવી પહોંચી છે. આહા..હા..!

એક માણસ હતો 'દામનગર'માં. કરીને (અહીં એક બેન છે), એનો બાપ હતો વૃદ્ધ. ગામમાં ખુબ કામ કરે, ગામમાં ઘણાના કામ કરે, પોતે આબરૂદાર માણસ ને મરવા ટાણે ભીંસ પડી ને એમાં, આહા..હા..! શેઠિયાઓ જોવા આવે. 'દામોદર' શેઠ જેવા ત્યાં જોવા આવે ને આંખમાંથી આંસુ હાલ્યા જાય એને. અરે..રે..! મેં આનું કર્યું ને આનું કર્યું ને આનું કર્યું. મારી જિંદગી ખલાસ થઈ ગઈ, મેં મારું કાંઈ ન કર્યું. 'દામનગર'માં હતા. અહીં બેન નહોતા પહેલાં ? 'ગઢડાવાળા'. એના બાપ હતા. આહા..હા..! શેઠિયાઓ જોવા જાય ત્યાં અંદર ધમણ ચાલે ને રોવે આંખમાંથી અરે..રે..! મેં મારું કાંઈ ન કર્યું, મેં બાયડી, છોકરા, કુટુંબ ને આ ગામ એના કામ આવી પડ્યા ત્યાં હું પહોંચી ગયો. આહા..હા..! અરે..રે..! મારા કામ મેં કર્યા નહિ, દેહ છૂટી ગયો. થઈ રહ્યું, જાવ તિર્યંચ ને ઢોરના પશુ-પંખીમાં.

કહે છે કે આ શુદ્ધાત્મ ભગવાનઆત્મા એ રાગ વિનાનો, શરીર વિનાનો ને એક સમયની પર્યાય વિનાનો. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા શુદ્ધાત્મા એની જે પ્રતીતિ જ્ઞાન કરીને રુચિ કરવી જોઈએ એ કર્યું નહિ. એનો વખત મેળવ્યો નહિ. આહા..હા..! બહારના કામના વખતમાં રોકાય ગયો હું. ત્યાં તો મરણ આવ્યું, ચાલ્યા જાવ, રખડવા ચોરાશીના (અવતારમાં). અરે..રે..! દુનિયાની મોટપ કાંઈક મળે, મોટપ મળે, શેઠાઈ મળે પૈસા-બૈસા થાય ત્યાં આબરૂ મોટી મળે ને ઓ હા હા મહા ઉદ્યમી એ શું કહેવાય છે ? ઉદ્યોગપતિ. બહુ ઉદ્યોગપતિ કર્યા ને કરોડો રૂપિયા, પચ્ચી, પચાસ કરોડ ભેગા કર્યા. એમાં થયું શું પણ ? મરીને જાવું છે ક્યાં ત્યારે ? આહા..હા..!

એ બહારની મોટપની મૂંઝવણમાં રોકાય ગયો તું, અંદરની મોટપ પ્રભુની ચૈતન્ય આનંદનો નાથ ભગવાન... આહા..હા..! જેની મોટપ આગળ સિદ્ધની પર્યાય પણ મોટપ ન લઈ શકે. આહા..હા..! એવો જે ભગવાન શુદ્ધાત્મા, સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે કહ્યો આ આત્મા અંદર, એ પૂર્ણ આનંદનો સાગર છે. અરે..રે..! એની રુચિનો કાળ વખત લીધો નહિ. આહા..હા..! અને આ બહારથી કદાચ છોડ્યું તો વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજા એ ભાવમાં રોકાય ગયો. એ પણ રાગ છે, એ કાંઈ આત્મા નથી. આહા..હા..! અને એવી વળી તપસ્યાઓ મહિના, બે મહિનાની કરી હોય. લોકો વખાણે મોટા વરઘોડા ચડાવે. આહા..હા..! એમાં દાળીયા શું થયા તારા ? એ તો રાગની ક્રિયા છે, ભાઈ ! તને ખબર નથી.

અંદર આત્મા શુદ્ધાત્મ પ્રભુ, એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, જેમાં સંસારનો રાગ તો નથી પણ જેમાં ધર્મની પર્યાય જે ક્ષાયિક ને ક્ષયોપશમની થાય, એ પણ જેમાં નથી. આહા..હા..! એવો જે આ ભગવાનઆત્મા એની પ્રતીતિનો, શ્રદ્ધાનો વખત લીધો નહિ અને આમ ને આમ સંસારના કામ કરીને કાં ધર્મને નામે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ (કરી) એમાં ગુમાવી દીધો વખત. આહા..હા..! આકરી વાત છે, ભાઈ ! સમ્યગ્દર્શન એ અલૌકિક ચીજ છે. આહા..હા..!

અંદર ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ પ્રભુ, એકલો અતીન્દ્રિય આનંદનું દળ, એની અંદરમાં વર્તમાન પર્યાય છે એનો પણ અભાવ છે. એવી ચીજની રુચિ, દૃષ્ટિ કરવાનો વખત લીધો નહિ અને એમ ને એમ જિંદગી ગુમાવી જગતે. આહા..હા..! કાં શેઠાઈમાં ને પૈસા બે, પાંચ કરોડ રૂપિયા થયા ને છોડીને હરખે ઠેકાણે નાખી

ને છોકરાને હરખે ઠેકાણે પરણાવ્યા ને.. તારા દાળીયા શું થયા ? પાપ છે બધું. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! જગતના કામ આમ કરું ને આમ કરું ને આમ કરું.. કરતાં કરતાં, ગુરુ એટલે જ્ઞાની પરમાત્માએ જિનેશ્વરદેવે એમ કહ્યું, પ્રભુ ! તું અંદર પૂર્ણાનંદનો નાથ છો. તારામાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતાનો સાગર પ્રભુ તું છો, તને ખબર નથી. આહા..હા..! એની તરફ જા ને એની પ્રતીતિ ને શ્રદ્ધા કર તો તારા જન્મ-મરણ મટશે, નહિતર મટશે નહિ. આહા..હા..! આકરી વાતું, બાપા ! દુનિયા ક્યાં નવરી ? આહા..હા..! છે ?

**'મેં કાંઈ કર્યું નહિ, અરેરે ! મનુષ્યભવ એળે ગયો !'** છેવટે પસ્તાય મરણ (વખતે). પછી કરીશ ને પછી કરીશ ને પછી કરીશ ત્યાં જ આવી ગયું મરણ, થઈ રહ્યું, ધૂળ પછીમાં પછી રહી ગયું. આહા..હા..! આવો મનુષ્યદેહ અનંત કાળે મહા મોંઘેરા મનુષ્યભવમાં આત્મા આનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદસ્વરૂપ (છે) એની રુચિ ને એની શ્રદ્ધા કરવાનો વખત લીધો નહિ અને બહારના પરિણામમાં, પુણ્ય ને પાપના પરિણામમાં રોકાઈ વખત ગાળ્યો તેં, ભાઈ ! એ તારો મનુષ્યનો ભવ એળે ગયો. આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! આહા..હા..! છે ?

**'એમ તે પસ્તાય તો પણ શા કામનું ?'** પછી પાછળ મરણ ટાણે હાય..હાય..! આ તો દેહ છૂટવાનું ટાણું આવી ગયું, હું જાણું કે હજી તો હાલશે, હજી ત્રીસ વર્ષ થયા છે, ચાલીસ વર્ષ થયા છે, પછી પચાસ, સાંઈઠ, સીત્તેર થશે ત્યાં તો અકસ્માત દેહ છૂટવાનું ટાણું આવી જાય. આહા..હા..! પછી શું ? **'પસ્તાય તો પણ શા કામનું ? મરણ સમયે તેને કોનું શરણ છે ?'** આહા..હા..! દેહ છૂટવા ટાણે કોનું શરણ ? એ લક્ષ્મીના કરોડો રૂપિયા ભેગા થયા એનું શરણ ? પોકાર કર કે મેં તારા હાટુ આ વખત ગાળ્યો હવે મને મદદ કર, ધૂળમાંય નથી. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબને મોટા કર્યા, પાળ્યા-પોસ્યા. હવે મારું મરણ આવ્યું મને કાંઈક શરણ આપો. ધૂળેય આપે એવું નથી, સાંભળને. પાગલ થઈને જિંદગી ગુમાવી મરણ ટાણે ઓરતા (ઇચ્છા) પછી થાય. આહા..હા..! **'કોનું શરણ છે ?'**

**'તે રોગની,...'** છેલ્લે રોગ આવે, આહા..હા..! ન્યુમોનીયા ડબલ (થઈ ગયો હોય). આહા..હા..! **'રોગની, વેદનાની,...'** અને વેદન... વેદન... વેદન... શ્વાસ આમ લેવા

મુકે ત્યાં રાડ નાખે. અંદર એટલી ભીડ પડતી હોય. લોહીના દળ જામી ગયા હોય. આ હાડફેલ કહે છે ને ? હાડ, હાડમાં તો એ અર્થ છે. લોહી છે એ આમ જામી જાય છે, દળ જામી જાય છે. શ્વાસ આમ લેતા પણ એને રાડ નાખી જાય. અરે..! એવા વખતમાં બાપા ! તારા મરણ. આહા..હા..! તારું કોઈ શરણ નથી ત્યાં. આહા..હા..!

**'રોગની, વેદનાની અને મરણની, એકત્વબુદ્ધિની...'** આહા..હા..! અરે..રે..! મારો દેહ છૂટે છે, અરે..રે..! મારો દેહ (છૂટે છે). દેહ કે દિ' તારો હતો ? ધૂળ. આ તો માટી છે. આહા..હા..! એકત્વબુદ્ધિથી શેમાં ? **'રોગની, વેદનાની, મરણની એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં...'** આર્તધ્યાન. આહા..હા..! કંઈ સહન થતું નથી મને એમ કહે. મરીને ભીંસાઈને હાલ્યા ગયા. નરક ને ઢોરમાં જઈને પછી ભવ કરે. આહા..હા..! અરે..! ટાણા આવ્યા કર્યા નહિ, કરવાના ટાણે કર્યા નહિ ને પછી ઓરતા કરે, પશ્ચાતાપ (કરે), શું થાય એનું ? આહા..હા..!

**'ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.'** આહા..હા..! એ મનુષ્યભવ હારીને ચાલ્યા ગયા. ભલે કરોડો રૂપિયા ભેગા થયા ને મોટા મહેલ કર્યા ચાલીસ, પચાસ-પચાસ લાખના. આહા..હા..! 'ગોવા'માં નહિ ? (એક ભાઈ). 'ગોવા'માં. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. મરવા ટાણે ભાઈ ! 'મુંબઈ' આવ્યા એની વહુને હેમરેજ થઈ ગયેલું. 'મુંબઈ' દવા કરવા આવેલા 'ગોવા'માં ચાલીસ લાખનો એક બંગલો, બે દસ, દસ લાખના બંગલા અને બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા. ધૂળેય નથી, સાંભળને. ભિખારી, આ આપો, આ આપો. ભગવાન થઈને ભિખારી. આહા..હા..! પૈસા આપો, આબરૂ આપો, મોટો મને કોઈ કરો. મોટો ભિખારી છે. આહા..હા..! એ મરતા ટાણે ભાઈ ! પાંચ મીનીટમાં જરી દુઃખ લાગ્યું અહીં જરી બોલાવો ડૉક્ટરને. ડૉક્ટર આવે ત્યાં જાવ પરલોકમાં રખડો મરીને. અર..ર..!

ભગવાન અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ નિધાન પડ્યું છે અંદર. એ નિધાનની તો નજરું ન મળે અને પામરની પર્યાય ને રાગમાં નજરું, એ નજરમાં નજરબંધી ત્યાં થઈ ગઈ એની. આહા..હા..! કાં રાગ ને કાં પુણ્ય ને કાં બાયડી ને કાં છોકરા ને કાં પર્યાયમાં નજરબંધી થઈ ગઈ, મરી ગયો એમાં નજરબંધી કરી, અંદર ભગવાનઆત્માની નજરબંધી કરવી જોઈએ. આહા..હા..! એ કરી નહિ. આહા..! આ દયા, દાન ને વ્રત, ભક્તિ આદિના પરિણામ કર્યા એ પણ રાગ છે,

એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! અરે..! કેમ બેસે ? એમાં કાંઈ શરણ નથી. એ તો વિકાર છે, એ તો ભવનું કારણ છે, સંસાર છે. ભગવાનઆત્મા, એ પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન ભગવાન, એનું એણે શરણ લીધું નહિ, એને ઓળખ્યો નહિ, એની કિંમત કરી નહિ અને રાગ ને પુણ્યની કિંમત કરીને મરીને ગયો. આહા..હા..! છે ? **'મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.'**

**'ધર્મી જીવ...'** પણ ધર્મી જીવ હોય એ. ધર્મી એટલે આનંદ સાગર ભગવાનઆત્માની જેને અંતર દૃષ્ટિ છે, રુચિ થઈ છે. આહા..હા..! એ શરીર, વાણી, મન તો નહિ, કુટુંબ-કબીલો તો નહિ પણ અંદરમાં પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ હું નહિ. આહા..હા..! એવી રીતે જેને અંદર આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું જે સ્વરૂપ અંદર ભગવાન બિરાજે છે આત્મા. પણ કેમ બેસે ? આહા..હા..! એ અંદર ભગવાન સ્વરૂપ જ તારું છે, પ્રભુ ! જો ભગવાન સ્વરૂપ ન હોય તો પર્યાયમાં, દશામાં ભગવાનપણું ક્યાંથી આવશે ? કાંઈ બહારથી આવે એવું છે ? આહા..હા..! આવી વાતું છે. પ્રવૃત્તિના રસીલાઓને તો આકરું લાગે એવું છે. આહા..હા..!

ધર્મી જીવ એને કહીએ કે જેને રાગની રુચિ છૂટી ગઈ છે, પર્યાયની રુચિ છૂટી ગઈ છે અને ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની જેને દૃષ્ટિ ને અનુભવ થયો છે, એને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! આવું ક્યાંથી કાઢ્યું ? અમે તો વ્રત કરો ને ઉપવાસ કરો ને તપસ્યા કરો ને આ જાત્રા કરો ને ભક્તિ કરો ને દાન કરો ને બે, પાંચ, દસ લાખના. ધૂળમાંય નથી ત્યાં, સાંભળને. એ તો બધી રાગની ક્રિયાઓ છે. આહા..હા..! ભગવાન તો એ રાગની ક્રિયાથી ભિન્ન અંદર પડ્યો છે. એનું જો ભાન નહિ કરે તો આ ભિંસાઈ જશે રાગની એકતામાં.

**'ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભીંસાતો નથી,...'** આહા..હા..! જેમ નાળિયેરમાં ગોળો છૂટો હોય છે એમ ધર્મી જીવને રાગથી, શરીરથી આત્મગોળો જુદો દેખાય છે. આહા..હા..! એની જેને ભાન ને રુચિ ને દૃષ્ટિ થઈ છે એ રોગ, મરણ ને વેદનાની ભીંસમાં ભીંસાતો નથી. આહા..હા..! હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ છું. એમ પરમેશ્વર કહે છે, જિનેશ્વર એમ કહે છે પ્રભુ ! તું એવો છો અંદર. આહા..હા..! જેમ એ નાળિયેરનો ગોળો ઉપરના છાલાથી જુદો, કાચલીથી જુદો અને કાચલી કોરની લાલ છાલ આમ ટોપરાપાક કરે (ત્યારે) ઘસી નાખે છે ને લાલ છાલ ? એનાથી

ગોળો જુદો છે અંદર. આહા..હા..!

એમ આ શરીર છાલા છે એનાથી ભગવાન અંદર આત્મા જુદો છે. કર્મ જડ છે કાચલી કર્મ આઠ એનાથી ભગવાન અંદર જુદો છે, કાચલી કોરની લાલ છાલ જે છે એમ એની તરફના શુભ-અશુભ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એ લાલ છાલથી પણ ભગવાન અંદર જુદો છે. અરે..રે..! કે દિ' બેસે ને કે દિ' કરે ? આહા..હા..! નવરો ક્યાં છે એ. આહા..હા..! આવો અંદર ભગવાનઆત્મા, જેને અંતર જણાણો એ ભીંસાતો નથી. એ વેદનામાં, મરણમાં ભીંસાતો નથી. આહા..હા..!

**'કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે.'** શુદ્ધાત્મા પવિત્ર પ્રભુ અંદર ભગવાન એને ધર્મીએ પ્રાપ્ત કર્યો છે, દૃષ્ટિમાં એને લઈ લીધો છે, નિજ દોલત એને નજર પડી ગઈ છે. આહા..હા..! આવી વાત છે, આવો કેવો ઉપદેશ ? ભાઈ ! માર્ગ તો એવા છે, બાપા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ કોઈ અલૌકિક છે. અત્યારે તો બધું વિંખાઈ ગયું. આહા..હા..! **'કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે.'** ધર્મી જીવે અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા ભિન્ન ગોળો છે. રાગથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે, શરીરથી ભિન્ન છે એવી ચીજને ધર્મી જીવે પ્રાપ્ત કરી છે. આહા..હા..! એની દૃષ્ટિમાં એની દોલત દેખાય ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

અજાતિ લક્ષપતિ છે. આવે છે ને ? અંતરની લક્ષ્મી અંદર દેખાણી. ધર્મી જીવ એને કહીએ કે જેને અંતરમાં, આત્મામાં અનંત આનંદ ને અનંત જ્ઞાનની લક્ષ્મી દેખાણી, અંતર કી લક્ષ્મી જો અજાતિ લક્ષપતિ હૈ. એ પરમાં જાતો નથી કે મને પૈસા મળો ને પૈસા મળો ને ધૂળ મળો. લક્ષપતિ–એ સ્વરૂપ ત્રિકાળ છે એનો એ સ્વામી છે. આહા..હા..!

**દાસ ભગવંત કહે ઉદાસ રહે જગત સો,**
**સુખીયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.**

આહા..હા..! અરે..રે..! 'કુંદકુંદાચાર્ય' પોતાની ભાવના માટે 'નિયમસાર' બનાવ્યું. આહા..હા..! એમાં તો એણે કહ્યું, મારો પ્રભુ ક્ષાયિકની પર્યાયથી જુદો છે. આહા..હા..! જુઓ ! 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત. શરીરથી જુદો, રાગથી જુદો પણ ધર્મની પર્યાય જે પ્રગટ થઈ, સ્વરૂપની દૃષ્ટિ એવી જે પર્યાય છે એનાથી જુદો. આહા..હા..! આવું શું હશે આ ? આવો માર્ગ હશે આ ? જ્યાં-ત્યાં સાંભળવા મળે તો એ સાંભળે.

સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો, ચોવિહાર કરો, રાત્રે આહાર ન કરો એ તો અહીં શ્વેતાંબર મંદિર માંડી કોઈ ભક્તિ કરો, સિદ્ધચક્રની કરો ને આ કરો ને તે કરો. એ તો બધી રાગની ક્રિયાઓમાં રોકાય ગયો, પ્રભુ ! આહા..હા..! એને રાગ વિનાનો સ્વભાવ, સિંધુ ચૈતન્ય સિંધુ (લક્ષમાં ન આવ્યો). 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું અપને રસશું ભર્યો અનાદિ ટેક હું મોહ કર્મ મમ નાહિ, નાહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! હવે આ ક્યાં માનવું ?

પર્યાયમાં દેખાય નહિ, પર્યાયમાં રાગ ને એ દેખાય. નજરું ત્યાં. આહા..હા..! જે પર્યાયમાં દેખવું જોઈએ તેમાં દેખાય નહિ. દેખાય રાગ ને દયા ને દાન ને વ્રત ને કર્યા ઇ. એ તો બધો વિકાર છે. પર્યાયમાં દેખાવો જોઈએ પર્યાયવાન. પૂર્ણ આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો છલોછલ ભરેલો ભગવાન, એ પર્યાયમાં એને ભાસ–ભાન થવું જોઈએ. ત્યારે એની પ્રતીતિ ને અનુભવ થાય. એ ધર્મીને મરણ ટાણે એનું શરણ છે. આહા..હા..! ભગવાન ભગવાન કરો, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં (બોલો). એ ણમો અરિહંતાણં તો વિકલ્પ, રાગ છે. ભગવાનનું નામ લ્યો, પંચ પરમેષ્ઠીનું નામ (લ્યો). પણ પંચ પરમેષ્ઠીનું નામ લે એ તો વિકલ્પ રાગ છે, એ કાંઈ શરણ–વસ્તુ નથી. આહા..હા..! આવી વાતું છે, ભાઈ !

**'શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિ સમયે...'** જ્યારે પ્રતિકુળતા રોગ ને મરણ આવે ત્યારે **'તે આત્મામાંથી શાંતિ મેળવી લે છે.'** ધર્મી તો એને કહીએ. આહા..હા..! વિપત્તિના ઘેરાવામાં, પ્રતિકૂળતાના ગંજ બહારમાં પડે પણ અંદરમાંથી શાંતિ મેળવી લે છે. આહા..હા..! શાંતિનો સાગર ભગવાનઆત્મા જેને દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે, તે પ્રતિકૂળતાના ઘેરાવામાં પણ અંતરમાંથી શાંતિ મેળવી લે છે. આહા..હા..! આવી વાતું હવે આકરી પડે માણસને. સાંભળી ન હોય કોઈ દિ'. જાત્રા કરો 'સમ્મેદશિખર'ની, 'ગિરનાર'ની, 'પાલીતાણા'ની સમજાય પણ ખરું કાંઈક. અજ્ઞાન છે, એ તો રાગ છે. આહા..હા..! એ રાગ છે. એ રાગ છે એ તો આત્માનો સ્વભાવ નથી. અરે..અરે..! પ્રભુ ! આહા..હા..! ગજબ વાતું છે.

વિપત્તિ સમયે ધર્મી જીવને આત્માનું જ્ઞાન અને ભાન હોવાથી તે આત્મામાંથી શાંતિ મેળવી લે છે. **'વિકટ પ્રસંગે તે, વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે.'** એટલે શું કહ્યું ? કે ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં આત્મા જણાણો છે એથી

શાંતિ તો હંમેશા થોડી છે પણ પ્રતિકૂળ ને વિકટ સમય જ્યારે હોય, આહા..હા..! ત્યારે શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. ત્યાં અંતરનો વિશેષ આશ્રય લે છે. આહા..હા..! બહારથી હટીને અંદરમાં વિશેષ (આશ્રય) લે છે. આહા..હા..! **'વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું,...'** ભગવાનનું, પંચ પરમેષ્ઠીનું નહિ. પંચ પરમેષ્ઠી તો પરદ્રવ્ય છે. એનું સ્મરણ કરશે તો એને રાગ થશે, પુણ્ય થશે એમાં ધર્મ નહિ થાય, આહા..હા..! આવી વાતું આકરી પડે, બાપુ ! શું થાય ? પરમાત્મા જિનેશ્વરદેવનો તો આ હુકમ છે. એને અજ્ઞાની કંઈ ને કંઈ કલ્પીને માની બેસે છે. આહા..હા..!

જેને વીતરાગી પર્યાયનું શરણ પ્રગટ્યું છે એને વીતરાગી સ્વભાવનો આશ્રય લઈને પ્રગટ્યું છે. વીતરાગનો ધર્મ વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાય છે એ ધર્મ છે પણ એ ધર્મ પ્રગટ્યો કેવી રીતે ? વીતરાગ સ્વરૂપ દ્રવ્ય છે તેને આશ્રયે પ્રગટ્યો છે. આહા..હા..! કોઈ રાગની ક્રિયા કરી દયા, દાન માટે વીતરાગ પર્યાય થઈ એમ નથી. આહા..હા..! આ તો બધો વ્યવહારનો લોપ થઈ જાય (એમ કોઈ કહે). બાપુ ! વ્યવહાર એટલે રાગ. રાગની રુચિ છોડે તો અરાગી વીતરાગ સ્વરૂપની રુચિ થાય અને વીતરાગ સ્વરૂપ જ ભગવાનઆત્મા છે. આહા..હા..!

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

મતના મતવાલા ગાંડા-પાગલ, આહા..હા..! અંદર જિન વસે છે પ્રભુ એની એને ખબર નથી. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,' અંતર જૈન. એ સ્વરૂપની દૃષ્ટિ કરીને વીતરાગ પર્યાય પ્રગટ કરે તેને જૈન કહેવામાં આવે છે. એ અંતરમાં જૈનપણું હોય છે, કોઈ ક્રિયાકાંડમાં ને બહારમાં જૈનપણું હોતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અજૈન છે, બધા અજૈન જ છે. જૈન કે દિ' હતા ? નામ ભલે કહે, અમે જૈન છીએ. આહા..હા..! કોથળામાં ભરેલી કાળી જીરી ને ઉપર નામ આપે સાકર, એટલે કાળી જીરી મીઠી થઈ જાય ? આહા..હા..!

એમ ભગવાન અમૃતનો સાગર આત્મા મીઠો મહેરામણ, અતીન્દ્રિય આનંદના સાગરનો મીઠો મહેરામણ ઝુલે છે અંદર. અરે..રે..! એને આત્મા કહીએ. આહા..હા..!

એવા આત્માને જેણે અંદરમાં, સમ્યગ્દર્શનમાં પકડ્યો છે. આહા..હા..! એને શાંતિની પર્યાય પ્રગટ થાય છે. પ્રતિકૂળતાના વિપત્તિના વિશેષ કાળને ટાણે દ્રવ્યના સ્વભાવનો વિશેષ આશ્રય લે છે. આહા..હા..! ભગવાનની ઓથે જાય છે. ભગવાન પોતે આનંદનો નાથ પ્રભુ (એની ઓથે જાય છે). આહા..હા..! આવી વાત શું હશે આ ? આ જૈન દર્શન આવું હશે ? આહા..હા..! અહીં તો ભાઈ ! જ્યાં હોય ત્યાં સાંભળીએ કે સામાયિક કરો ને પોહા કરો ને પડિકમણા કરો, ભક્તિ કરો ને સિદ્ધ યંત્ર કરો ને કર્મ દહનની પૂજા કરો... આહા..હા..! અરે..! ભાઈ ! એ બહારની ક્રિયા તો જડની છે અને અંદરમાં તારો શુભભાવ હોય કદાચિત તો એ પુણ્ય છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..!

**'વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિ સમયે ધર્મી જીવ...'** મરણ, રોગ, વેદનાની કાળે **'ધર્મી જીવ શાશ્વત એવા નિજ સુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે...'** આહા..હા..! શું હશે આ ? અતીન્દ્રિય સુખનો સાગર પ્રભુ, મરણ અને વેદનાના પ્રસંગમાં,.. આહા..હા..! એ અતીન્દ્રિય સાગરના સરોવરમાં ડૂબકી મારે છે અંદર. આહા..હા..! આ આવી બધી ક્રિયાઓ. ઓલા હમણાં આવ્યા હતા ને એક જણા ? છોકરો મરી ગયો તો પચ્ચીસ હજાર ખર્ચ્યા. પછી એની મા પૂછતી હતી કે મહારાજ ! અમે પચ્ચી હજાર કે પચાસ હજાર આ છોકરાની પાછળ ખર્ચીએ તો એને કાંઈ મળે કે નહિ ? મરી ગયો એને. પણ એ તો ક્યાંય મરીને ઉપજ્યો, એમાં તારે શું ? આહા..હા..! અને તેં પણ પચ્ચીસ, પચાસ હજાર ખર્ચ્યા હોય માન હાટુ તો પાપ છે. રાગની મંદતા કરી હોય શુભભાવ તો એ પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! આવી વાતું. આવું સાંભળશે તો કોઈ દાન નહિ દે. પણ દે કોણ ? સાંભળને. પૈસા દે કોણ ને લે કોણ ? એ તો જડની ચીજ છે. જડની (ચીજ) જ્યાં જવાની તે જવાની ને જ્યાં રહેવાની ત્યાં રહેવાની. બાપુ ! તને ખબર નથી. જડ પદાર્થ જગતનું તત્ત્વ છે. એ તત્ત્વની દશા એ તત્ત્વને કારણે થાય છે, તારે કારણે તે પૈસા જાય ને આવે એમ છે નહિ. આહા..હા..! આવી ઉથલ-પાથલની વાતું છે આ બધી. આહા..હા..!

સિદ્ધાંતમાં પાઠ છે, દુનિયા પાગલ છે એ સત્ય વાતને સાંભળીને સત્ય વાતના કહેનારને પાગલ માને. અરે ! શું આ પાગલ જેવી વાતું કરે છે. આહા..હા..! દુનિયા પાગલ છે. રાગ ને શરીર ને વાણી ને મન મારા. પાગલ થઈ ગયો છે. એ ઉન્મત

ગાંડો, પાગલ છે. આહા..હા..!

એ રાગ ને શરીરની ક્રિયા ને પૈસાની ક્રિયાથી પણ પ્રભુ ભિન્ન છે એવું જ્યારે અંતર ભાન થાય ત્યારે તેને અંતરમાં શાંતિ સમ્યગ્દર્શનની થાય, ત્યારે તેને પ્રતિકૂળતાના વિકટ સમયે તે દ્રવ્યનો આશ્રય વિશેષ લે તો વિશેષ શાંતિ થાય. આહા..હા..! છે ? નિજ સુખસરોવર, નિજ સુખસરોવર. આહા..હા..! **'ધર્મી જીવ મરણાદિ સમયે શાશ્વત એવા નિજ...'** શાશ્વત પ્રભુ છે અંદર. અનાદિ છે એની કોઈ ઉત્પત્તિ નથી, કોઈએ કર્યો નથી, અનંત કાળ રહેનાર છે એ તો પ્રભુ. એ શાશ્વત વસ્તુ જે છે એમાં સુખ આનંદ ભર્યાં છે. એવા નિજ સુખ સરોવરમાં ધર્મી જીવ વિપત્તિને કાળે મરણ ને રોગને કાળે વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે. આહા..હા..!

જ્યાં ભગવાન અંદર છે આત્મા, **'ત્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાંતિનો અખૂટ નિધિ છે.'** કેમ બેસે ? આહા..હા..! શાંતિનો અખૂટ–ખૂટે નહિ–એવો નિધિ છે. આહા..હા..! શાંતિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ એ શાંતિ છે, એ શાંતિનો તો અખૂટ ખજાનો છે. એ શાંતિ ગમે તેટલી કાઢો તો ત્યાં શાંતિ ખૂટે એવી નથી, અખૂટ ખજાનો છે. આહા..હા..! અરે..! એને કેમ વિશ્વાસ આવે ? આહા..હા..! આવો આત્મા અખૂટ ખજાનો સુખનો એ વિશ્વાસ એને કેમ આવે ? ભાઈ ! એ એની તરફ જોવે અને જાણવામાં આવે કે આ તો આનંદનો સાગર છે તો પર્યાયમાં આનંદ આવતાં આ આખો આત્મા અખૂટ આનંદનો સાગર છે, એમ પ્રતીતમાં આવે. આવી વાતું. **'શાંતિનો અખૂટ નિધિ છે.'**

**'તે શાંતિપૂર્વક દેહ છોડે છે.'** આહા..! દેહ છૂટવા ટાણે શાંતિ... શાંતિ... શાંતિ. અંતર આનંદના નાથનું શરણ લઈ, આહા..હા..! દેહ શાંતિથી છૂટી જાય છે. 'શ્રીમદ્' દેહ છૂટવા ટાણે કહ્યું હતું ને ? જ્ઞાની હતા, શાંતિ હતી. દેહ છૂટવાનો પ્રસંગ દેખાણો. ભાઈને કહે છે, 'મનસુખ' ! નાની ઉંમર ૩૩ વર્ષની ઉંમર. 'મનસુખ' ! બાને દિલગીર થવા દઈશ નહિ, હું મારા સ્વરૂપમાં જાઉં છું. આહા..હા..! મારું લક્ષ હવે ફરીને મારું સ્વરૂપ છે ત્યાં જાઉં છું, યથાર્થ છે. આહા..હા..! શાંતિમાં દેહ છૂટી ગયો. આહા..હા..!

એ કોઈ અપૂર્વ ચીજ છે. પૂર્વે કદી કર્યું નથી, પૂર્વે કદી રુચિથી સાંભળ્યું નથી, આહા..હા..! વેઠ તરીકે સાંભળ્યું ને વેઠ તરીકે કાઢી નાખ્યું. આહા..હા..! આ તો મારી વાત ચાલે છે આનંદના સાગરની અને એમાં હું જાઉં તો મને શાંતિ મળે એ વાત

ચાલે છે આ તો. આહા..હા..! બહાર રખડપટ્ટીમાં પુણ્ય ને પાપના વિકલ્પમાં પર્યટન કરી રહ્યો છે, પ્રભુ ! એ તો દુઃખમાં છે પર્યટન તારું. એની પાછળ આનંદનો સાગર ભગવાન (પડ્યો છે ત્યાં જા). આહા..હા..! અરે..!

**'નિજ સુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી.... તે શાંતિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.'** આહા..હા..! જેણે આનંદના નાથને અનુભવ્યો અને મરતા ટાણે જેને આનંદના નાથમાં જઈ શાંતિમાં દેહ છૂટે (એ) જીવન સફળ છે. એને એક કે બે ભવમાં કેવળ થઈને મોક્ષ જવાના. આહા..હા..!

**'તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા,...'** આહા..હા..! **'મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા,...'** આહા..હા..! **'સદાય શરણભૂત,...'** સદાય શરણભૂત પ્રભુ. તત્ત્વ જે છે, વસ્તુ જે છે આત્મા, આહા..હા..! મોજૂદગી, હયાતી ચીજ છે. આહા..હા..! એવા ભગવાનઆત્માનું શરણ લે, ચેતી જા, દેહ છૂટવા પહેલાં. આહા..હા..! **'સાવધાન થા, સદાય શરણભૂત,...'** સદાય શરણભૂત. અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્ એ તો વિકલ્પ છે. કેવળી પણત્તો ધમ્મો શરણં પર્યાય એ પણ પર્યાયની વાત છે. આહા..હા..! આ તો ત્રિકાળી ભગવાનનું શરણ. આહા..હા..!

**'સદાય શરણભૂત-વિપત્તિ સમયે વિશેષ શરણભૂત થનાર...'** આહા..હા..! વિપત્તિ કાળે તો, આહા..હા..! ડબલ ન્યુમોનીયા થાય, આમ શ્વાસ લેતા-મુકતા રાડ નાખે, આંખમાંથી આંસુની ધારા હાલી જાય. આહા..હા..! એવે ટાણે વિશેષ શરણભૂત થનાર. એ ટાણે **'વિશેષ શરણભૂત થનાર-એવા શુદ્ધાત્માદ્રવ્યને,...'** એવી શુદ્ધાત્મા દ્રવ્ય વસ્તુ એને **'અનુભવવાનો ઉદ્યમ કર.'** આહા..હા..! બહુ સરસ અધિકાર. ૪૦૯ છે, જોયું ? વીતરાગભાવનો અધિકાર છે. આહા..હા..! અંદર નિરાળો ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું સદાય શરણ છે. વિપત્તિ સમયે તો વિશેષ વિશેષ (શરણભૂત છે). આહા..હા..!

ઓ'લો ડૉકટર આવ્યો નહોતો ? છોકરાનો. છોકરો અમથો હોય, માનો એક છેડો પકડ્યો હોય એમાં કુતરું આવ્યું હોય (તો) એકદમ છેડો વધારે પકડે. એમ ધર્મી જીવ, આહા..હા..! શુદ્ધ ચૈતન્યનો છેડો પકડ્યો છે અંદરથી. વિપત્તિ કાળે ઉગ્રપણે પકડે છે. એ પહેલો આવી ગયો છે દાખલો. આહા..હા..! **'અનુભવવાનો ઉદ્યમ કર.'** ૪૦૯ (બોલ પૂરો) થયો. લ્યો. વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

માગશર સુદ ૨, શનિવાર તા. ૦૨-૧૨-૧૯૭૮.
વચનામૃત–૪૧૦, પ્રવચન–૧૬૮

જેણે આત્માના મૂળ અસ્તિત્વને પકડ્યું નથી, 'પોતે શાશ્વત તત્ત્વ છે, અનંત સુખથી ભરપૂર છે' એવો અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા પ્રગટાવી નથી, તેણે ભલે સાંસારિક ઇન્દ્રિયસુખોને નાશવંત અને ભવિષ્યમાં દુઃખ દેનારાં જાણી તજી દીધાં હોય અને બાહ્ય મુનિપણું ગ્રહણ કર્યું હોય, ભલે તે દુર્ધર તપ કરતો હોય અને ઉપસર્ગ-પરિષહમાં અડગ રહેતો હોય, તો પણ તેને તે બધું નિર્વાણનું કારણ થતું નથી, સ્વર્ગનું કારણ થાય છે; કારણ કે તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ-અને તે પણ ઉપાદેયબુદ્ધિએ-વર્તે છે. તે ભલે નવ પૂર્વ ભણી ગયો હોય તો પણ તેણે આત્માનું મૂળ દ્રવ્ય-સામાન્યસ્વરૂપ અનુભવપૂર્વક જાણ્યું નહિ હોવાથી તે બધું અજ્ઞાન છે.

સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મ દ્રવ્યાશ્રિત મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ ચાલુ હોય છે, કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે, ઉગ્ર જ્ઞાતૃત્વ ધારા અતૂટ વર્તતી હોય છે, પરમ સમાધિ પરિણમી હોય છે. તેઓ શીઘ્ર શીઘ્ર નિજાત્મામાં લીન થઈ આનંદને વેદતા હોય છે. તેમને પ્રચુર સ્વસંવેદન હોય છે. તે દશા અદ્ભુત છે, જગતથી ન્યારી છે. પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી તેમને વ્રત-તપ-શાસ્ત્ર રચના વગેરેના શુભ ભાવો આવે છે ખરા, પણ તે હેયબુદ્ધિએ આવે છે. આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે. ૪૧૦.

૪૧૦, બોલ છે. ૪૦૯ ચાલી ગયો. **'જેણે આત્માના મૂળ અસ્તિત્વને પકડ્યું નથી,...'** ઝીણી વાત છે, ભાઈ ! આ આત્મા છે ને ? આત્મા. એનું મૂળ હયાતી અસ્તિત્વ. જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ પ્રભુ એવો જે આત્મા એનું મૂળ અસ્તિત્વ. રાગ-દ્વેષ વિનાનું. શરીર, વાણી, મન તો જડ છે એ તો એના વિનાનું (છે). પુણ્ય ને પાપના ભાવ થાય છે એનાથી પણ એનું અસ્તિત્વ જુદું છે. અને એની એક સમયની પર્યાય છે એ કાંઈ મૂળ અસ્તિત્વ નથી. આહા..હા..! મૂળ હયાતી, ભગવાનઆત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે મૂળ અસ્તિત્વની હયાતી આત્માની કીધી, એ પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનાદિ એકરૂપ સ્વભાવરૂપી સામાન્ય દ્રવ્ય છે. આહા..હા..! એને જેણે પકડ્યું નથી. મૂળ હયાતી આત્માની પૂર્ણાનંદ પ્રભુ, એ જેને અંદર દૃષ્ટિમાં આવ્યું નથી, પકડ્યું નથી, એ પૂર્ણ અસ્તિત્વમાં અહંપણું સ્થાપ્યું નથી. આકરી વાતું બહુ.

**'પોતે શાશ્વત તત્ત્વ છે,...'** એ અસ્તિત્વ કહીને ભગવાનઆત્મા શાશ્વત છે. અનાદિ છે, અનંત કાળ રહેનાર છે. શાશ્વત વસ્તુ છે. આહા..હા..! એક વાત. એક અસ્તિત્વ કીધું. એ કેવું અસ્તિત્વ છે ? કે શાશ્વત છે બે (વાત). ત્રીજું **'અનંત સુખથી ભરપૂર છે...'** ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ એની મૂળ હયાતી શાશ્વત છે અને તે અનંત અતીન્દ્રિય આનંદથી ભરપૂર પ્રભુ છે. આવી વાત કેમ બેસે ?

મુમુક્ષુ :- મૂળ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મૂળ એટલે મૂળ અસ્તિત્વ હયાતી. પર્યાય નહિ, શરીર નહિ, વાણી નહિ એમ નહિ, મૂળ હયાતી ત્રિકાળી. આહા..હા..! ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ, સર્વજ્ઞે પરમેશ્વરે એને પર્યાયમાં પ્રગટ કર્યો પણ એ પ્રગટ થયો જે અનંત જ્ઞાન આદિ એ વસ્તુ અંદર હતી. આહા..હા..! મૂળ હોવાપણું એટલે કે પર્યાય પણ નહિ, રાગ નહિ પણ મૂળ હયાતી ત્રિકાળ. આહા..હા..! જેની હયાતી શાશ્વત છે અને તે શાશ્વત અનંત અતીન્દ્રિય સુખથી ભરપૂર છે. આવી વાત છે. ક્યાં ગોતે ?

**'એવો અનુભવ કરીને...'** ત્રણ બોલ કહ્યાં. આહા..હા..! પૂર્ણ શુદ્ધ હયાતીવાળું તત્ત્વ શાશ્વત અને અનંત અનંત અતીન્દ્રિય આનંદથી ભરપૂર (છે). **'એનો અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા...'** આહા..હા..! એટલે ? દ્રવ્ય અને ગુણ તો શાશ્વત છે. આહા..! હવે એને અનુસરીને, અનુભવ કરીને જે પર્યાયમાં અનાદિથી પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષનો અનુભવ છે એ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. આહા..હા..! અનાદિથી

અનંત ભરપૂર જ્ઞાન, સુખથી ભરેલો ભગવાન, એને અનાદિથી છે પણ એનો અનુભવ નથી. એટલે કે જે ચીજ છે તેને અનુસરીને વીતરાગી પરિણતિ પ્રગટ કરવી, એ જેને નથી, એ અનાદિથી પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવ કરીને, વેદીને, દુઃખી થઈને રખડે છે. આહા..હા..! આવી વાત છે.

જેને હવે દ્રવ્ય ને ગુણ શાશ્વત કહ્યા પણ એને અનુસરીને અનુભવવું. આહા..હા..! એની શ્રદ્ધા–સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એમાં રમણતા એવી જે અનુભવધારા કરીને શુદ્ધ પરિણતિ–પવિત્ર દશા–પ્રગટ કરી નથી. આહા..હા..! વસ્તુ છે. સર્વજ્ઞ જિનેશ્વર દેવે કહેલો એ. અજ્ઞાની બીજાઓ કહે આત્મા આત્મા એ નહિ. આહા..હા..! પરમેશ્વરે જે આત્મા દ્રવ્ય વસ્તુ જે છે મૂળ અને તે શાશ્વત છે અને તેના ગુણો પણ શાશ્વત છે. એવી શાશ્વત ચીજનો અનુભવ કર્યો નથી. આહા..હા..! એ ધ્રુવ જે વસ્તુ છે તેમાં અહંપણું સ્થાપીને 'આ હું છું' એમ સ્થાપીને અનુભવ કર્યો નથી. આહા..હા..! આવી વાત છે. એ શુદ્ધ પરિણતિ–પર્યાય (થઈ). કેમ કે વસ્તુ પોતે આત્મા વીતરાગ સ્વરૂપે બિરાજે છે. આહા..હા..! એની એક એક શક્તિ વીતરાગ સ્વરૂપે છે. જીવતર શક્તિ, જ્ઞાન શક્તિ, આનંદ શક્તિ એ બધી વીતરાગ સ્વરૂપે શક્તિઓ બિરાજે છે. એને વીતરાગી પર્યાય પ્રગટ કરીને અનુભવે નહિ. આહા..હા..! આ આવો કઈ જાતનો વિષય ?

**'તેણે ભલે સાંસારિક ઇન્દ્રિય સુખોને નાશવંત...'** એવા જીવો આ ઇન્દ્રિયસુખ નાશવાન છે, નાશવાન છે **'અને ભવિષ્યમાં દુઃખ દેનારાં જાણી તજી દીધાં હોય...'** આહા..હા..! ઇન્દ્રિયોના, પાંચ ઇન્દ્રિયના વિષયો વર્તમાન દુઃખ છે એમ તો ન જાણ્યું પણ ભવિષ્યમાં દુઃખ દેનારા છે, માટે મારે એને છોડવા. આહા..હા..! એમ જે છોડે છે **'અને બાહ્ય મુનિપણું ગ્રહણ કર્યું હોય,...'** આહા..હા..! બાહ્યમાં હજારો રાણી છોડી, રાજપાટ છોડી અને નગ્ન મુનિપણું અંગીકાર કર્યું. આહા..હા..! છતાં...

**'ભલે તે દુર્ધર તપ કરતો હોય...'** મહિના મહિનાના અપવાસ કરતો હોય, અપવાસને પારણે લુખો આહાર કરતો હોય તો પણ એ મિથ્યાદૃષ્ટિ સંસારી રખડનારો છે. આહા..હા..! કેમ કે મૂળ જે ચૈતન્ય ભગવાનઆત્મા અનંત અનંત આનંદ ને જ્ઞાનાદિ જિન સ્વરૂપ છે એનું, ભગવાનઆત્માનું જિન સ્વરૂપ છે. એ જિન સ્વરૂપને નિજ પરિણતિ દ્વારા અનુભવ્યો નથી. આહા..હા..! એ ભલે હજારો રાણી છોડે, વિષયને દુઃખરૂપ

જાણીને છોડે અને પરિષહ સહન કરે, દુર્ધર તપ કરે, દુર્ધર–આકરા. ધરી શકે નહિ એવા મહિના મહિનાના, બબ્બે મહિનાના ઉપવાસ કરે, તો પણ તેના જન્મ-મરણ નહિ મટે. આહા..હા..! કેમ કે જન્મ-મરણ ને જન્મ-મરણના ભાવ એ વિનાનો ભગવાન અંદર છે આત્મા... આહા..હા..! એવા આત્માની અનુભૂતિને એની સન્મુખ થઈને તેની દશા–ધારાવાહી પરિણતિ પ્રગટ કરી નથી. આહા..હા..! એણે એ ઇન્દ્રિયના વિષયના સુખો છોડ્યા હોય, દુર્ધર તપ કરતો હોય, મુનિપણું લીધું હોય. આહા..હા..! મુનિપણું એટલે નગ્ન દશા દિગંબર. આહા..હા..!

**'અને ઉપસર્ગ-પરિષહમાં...'** પ્રતિકૂળ ઉપસર્ગો આવે. વાઘના, સિંહના, મારના, પ્રહારના એવા બહારના પરિષહ ને ઉપસર્ગ આવે (એમાં) **'અડગ રહેતો હોય, તો પણ તેને તે બધું નિર્વાણનું કારણ થતું નથી,...'** અર..ર..! એ એને મોક્ષનું કારણ થતું નથી. સમજાય છે કાંઈ ? સ્વર્ગ મળે. ધૂળ આ ધૂળ. દેવ-બેવ (થાય પણ) જન્મ-મરણ નહિ મટે એના. દેવ થાય પછી એમાંથી આ મરીને આ ધૂળના શેઠિયાઓ કહેવાય કરોડોપતિ ને અબજોપતિ એવા ધૂળના શેઠિયાઓ થાય, પણ રખડી મરે ઈ. આહા..હા..!

ભગવાન અંદર પૂર્ણાનંદ પ્રભુ, એની જેને એક સમયની પર્યાય છે–ઉત્પાદ– એ ઉત્પાદને કાળે ઉત્પાદ થાય છે. એનો જન્મક્ષણ છે. ઝીણી વાત છે થોડી. એ નિર્મળ જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, તે કાળે થાય તે પર્યાય દ્રવ્યને લક્ષ કરીને દ્રવ્યને જાણે. એ પર્યાય એની અનંતી પર્યાયો છે તેને જાણે. એ પર્યાય અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયવાળા પરદ્રવ્ય છે એને જાણે. અને તે જાણનાર પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર હોય. આહા..હા..! તો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આટલી બધી શરતું. ક્યાં નવરા ? વાણિયા નવરા ન મળે. પાપના ધંધા આખો દિ'. રળવું ને બાયડી, છોકરા સાચવવા ને બાવીસ કલાક મરી ગયો એમ ને એમ. ભલે કરોડો, અબજો રૂપિયા હોય. આહા..હા..!

અહીં તો એનાથી નિવૃત્ત થયો કીધું. મુનિ થયો, ઇન્દ્રિયના વિષય છોડ્યા પણ અતીન્દ્રિય ભગવાનઆત્મા, એની દૃષ્ટિ ને અનુભવ નથી તો એ બધી દશાઓ (એના ફળમાં) સ્વર્ગમાં જાય ત્યાંથી મરીને ઢોર થાય, મરીને નરકે, નિગોદમાં જાય. આહા..હા..! કેમ કે એણે મૂળ અસ્તિત્વ જે છે ચિદાનંદ શુદ્ધ, એને તો પકડ્યું નથી અને એને

પકડ્યા વિના આ બધી દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપ, પૂજા ને દાનના ભાવ કરે એ બધો તો રાગ છે, શુભ છે. એનાથી કાંઈ ધર્મ નથી. આહા..હા..! આવી વાત આકરી બહુ, બાપા ! એને એવા આકરા પરિષહ ને ઉપસર્ગ આવે ને સહન કરે, અડગ રહે તો એને શુકલલેશ્યા કે એવો શુભભાવ આવે. એનાથી એને સ્વર્ગ આદિ મળે પણ મુક્તિ–નિર્વાણ–મોક્ષ–ન થાય. આહા..હા..! અરે..! આવી વાતું હવે.

**'નિર્વાણનું કારણ થતું નથી, સ્વર્ગનું કારણ થાય છે;...'** એવો કોઈ શુભભાવ હોય શુકલલેશ્યા (હોય), આત્માના સમ્યગ્દર્શન વિના તો એનાથી સ્વર્ગ આદિમાં દેવ (થાય). એ તો અનંત વાર દેવ થયો.

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

આહા..હા..! એ પંચ મહાવ્રત પાળે, ઇન્દ્રિયોને દમે છતાં એ તો સ્વર્ગનું કારણ છે, એ કોઈ મોક્ષનું કારણ નથી. આહા..હા..! **'કારણ કે, તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી,...'** એ તો ક્રિયાકાંડનો શુભરાગ (છે). અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો એવો શુભભાવ તો અત્યારે છે નહિ. એવો શુભભાવ કર્યો, **'પણ તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી,...'** એ તો શુભભાવ રાગની મંદતાનો પુણ્યભાવ (છે). એને શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા, એની શુદ્ધતા વર્તમાનમાં જરીએ નથી. આહા..હા..! આવું છે. જગતથી જુદી જાત છે, ભાઈ ! વીતરાગ વીતરાગ પરમાત્મા.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગીને ભુલ પકડાતી નથી કે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પકડી શકતો નથી, પકડવાનો પ્રયત્ન કરતો નથી. આહા..હા..!

અંતર પરમાત્મ સ્વરૂપ અનંત સુખનો સાગર ભર્યો છે. ભગવાન અરિહંતને જે અનંત આનંદ આવે છે, ક્યાંથી આવે છે ? બહારથી આવે છે ક્યાંય ? આહા..હા..! અંતરમાં અતીન્દ્રિય આનંદ સ્વરૂપ જ પ્રભુ છે. પણ એની રુચિ ને તેના વલણમાં આવતું નથી. એનું વલણ બધું ચુકાવે છે પુણ્ય ભાવમાં. એથી એનું વલણ ત્યાં છે, અહીં આમ (સ્વભાવ તરફ) નથી. આહા..હા..!

**'તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી,...'** એ તો બધો શુભભાવ છે. આહા..હા..! એ તો પુણ્યભાવ છે, રાગભાવ છે. એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ

છે. એનાથી સ્વર્ગ મળે કદાચિત્ અને સ્વર્ગમાંથી પડે (હેઠે).

'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો; ફિર પીછો પટક્યો' આહા..હા..! સજ્ઝાયમાં આવે છે. આ તો પોણો સો વર્ષ પહેલાં દુકાન ઉપર વાંચેલું. ચાર સજ્ઝાય માળા છે ને ? અહીં તો નાની ઉંમરમાંથી ધંધો આ. દુકાન ઘરની પિતાજીની હતી એટલે અહીં તો નિવૃત્તિ ઘણી. 'પાલેજ', 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ને ? ત્યાં હમણાં જાવું છે ને. ચાર સજ્ઝાય માળામાં આ આવ્યું હતું તે દિ' કે 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો; ફિર પીછે પટક્યો' કીધું આ શું હશે ? એથી આત્માનો અનુભવ અને આત્માના આનંદનો સમ્યગ્દર્શન-જ્ઞાન એને પ્રગટ કર્યા વિના એવી ક્રિયાકાંડમાં આવ્યો. દ્રવ્ય સંયમ જેને લઈને નવમી ગ્રૈવેયક ગયો. ગ્રૈવેયક છે. અહીં ગ્રીવાના ઠેકાણે નવ પાસડા છે. ભગવાન વીતરાગે જોયા છે. ત્યાં આવી ક્રિયા કરીને અનંતવાર જઈ આવ્યો પણ ભવ ન ઘટ્યો. આહા..હા..! એ 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો; ફિર પીછે પટક્યો' હવે નાની ઉંમરમાં આપણે તો કાંઈ સાંભળેલું નહિ બહારમાં અને આ વાંચ્યું ત્યારે કીધું, આ શું હશે ? પછી તો... ઓહો..હો..!

આત્મા આનંદ સ્વરૂપ છે તેના અનુભવ વિના, તેના સમ્યગ્દર્શન, અંતર અનુભવ દૃષ્ટિ વિના એવી ક્રિયાથી સ્વર્ગમાં ગયો. પટક્યો ન્યાંથી હેઠે મનુષ્ય થયો, ન્યાંથી મરીને ઢોર થઈને, ન્યાંથી મરીને નરક-નિગોદમાં જાશે. આહા..હા..! આવી વાત છે. બે વાત હતી. તે દિ' કરી હતી ને ભાઈ ? દ્રવ્ય સંયમ તે એક વાત ને કેવળી આગળ રહી ગયો કોરો. એ આવ્યું હતું તે દિ'. આ તો પોણો સો વર્ષ પહેલાંની વાત છે, હોં ! અત્યારે તો ૮૯ થયા દેહને, દેહને હોં ! આત્મા તો અનાદિઅનંત છે. આ તો ૮૯-૯૦ (થયા).

તે દિ' એમ આવ્યું હતું કે ઓ..હો..! કેવળી આગળ રહી ગયો કોરો. કેવળજ્ઞાની પરમાત્મા પાસે અનંત વાર ગયો. મહાવિદેહમાં ભગવાન તો સદા બિરાજે છે. 'સીમંધર' ભગવાન અત્યારે બિરાજે છે. વીસ તીર્થંકર (છે). એ જાય તો બીજા અનંત અનંત કાળ કોઈ દિ' મહાવિદેહમાં તીર્થંકર વિનાનો ખાલી હોય નહિ. મહાવિદેહમાં તો પ્રભુ સદાય તીર્થંકર બિરાજે છે. ત્યાં અનંત વાર જન્મ લીધો છે અને અનંત વાર સમવસરણમાં ગયો પણ કેવળી આગળ રહી ગયો કોરો. અડવા દીધું નહિ એણે. એ ક્રિયાકાંડમાં મશગૂલ (રહ્યો). પણ રાગથી ભિન્ન ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય છે

એને સ્પર્શ્યો નહિ, અડ્યો નહિ, અનુભવ્યો નહિ. આહા..હા..! ભાઈ ! આવું છે. એ ભાઈ સાધુ દિગંબર મુનિ થવાના હતા. ગૃહસ્થ છે. પછી અહીંનું સાંભળ્યું, વાંચ્યું (પછી એમ લાગ્યું કે) માર્ગ કાંઈક બીજી જાતનો છે. બાપુ ! માર્ગ બીજો છે, ભાઈ ! આહા..હા..!

અંતરમાં અખંડાનંદ પ્રભુ કેવળી સર્વજ્ઞે જોયો ને કહ્યો તે, હોં ! અન્યમતિઓ કહે એ આત્માની એને ખબર નથી. આહા..હા..! પરમેશ્વર વીતરાગ જેને આત્મા કહે એ આત્મા તો પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિનો સાગર છે. એની દૃષ્ટિ કરી નહિ, સન્મુખ કર્યો નહિ, સન્મુખ થયો નહિ. આહા..હા..! એનાથી વિમુખ જે પુણ્ય ને પાપના ભાવ, એવા કર્યાં. પાપ કર્યાં તો નરક, ઢોરમાં ગયો, પુણ્ય કર્યાં તો સ્વર્ગમાં (ગયો), આ ધૂળના શેઠિયા કહેવાય એ થાય. મરીને પછી ચાર ગતિમાં રખડે. આહા..હા..! ઇ અહીં કહે છે.

**'તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ...'** શુભભાવ. આહા..હા..! બાર વ્રતનો, પંચ મહાવ્રતનો એ બધો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. આહા..હા..! માત્ર, માત્ર એટલે શુદ્ધ પરિણમન બિલકુલ નથી. **'માત્ર શુભ પરિણામ જ-અને તે પણ ઉપાદેયબુદ્ધિએ-વર્તે છે.'** એટલે એ શુભભાવ તે આદરણીય છે, ભગવાન આનંદ સ્વરૂપ છે એ એનો ખ્યાલ નથી, એથી શુભભાવ તે આદરણીય છે એમ મિથ્યાત્વ તરીકે માની અને અંદરમાં શુભભાવને આદર્યો. જે હેય છે તેને આદર્યો અને જે ત્રિકાળી પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, ઉપાદેય છે તેને હેય કર્યો. આરે આરે..! આવી વાતું. આહા..હા..!

**'ઉપાદેયબુદ્ધિએ-વર્તે છે.'** એ શુભભાવ વૃત્તિ છે, વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. એ પંચ મહાવ્રત, અપવાસ આદિ, ભક્તિ આદિ, ભગવાનનું સ્મરણ આદિ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ આદિ એ શુભરાગ છે, શુભરાગ છે એ ધર્મ નથી. આહા..હા..! એ શુભરાગ ઉપાદેયબુદ્ધિએ વર્તે છે. કારણ કે જ્ઞાનાનંદ પ્રભુ છે એની તો ખબર નથી. આહા..હા..! તે ભલે નવ પૂર્વ ભણી ગયો હોય, ક્રિયા કીધી પહેલી. અગિયાર અંગ કરોડો શ્લોકો. એક આચારાંગમાં ભગવાને અઢાર હજાર પદ ને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક, એવા અગિયાર અંગ પણ અનંત વાર ભણ્યો. આવી ક્રિયા પણ અનંત વાર કરી ને અગિયાર અંગ ભણ્યો. આહા..હા..! પણ જે ભણવાનું

હતું એને ભણ્યો નહિ. આહા..હા..!

**'તે ભલે નવ પૂર્વ ભણી ગયો હોય...'** પૂર્વની ઝીણી વાત છે જરી. પૂર્વનું જ્ઞાન ઘણું. અગિયાર અંગથી પણ વધારે છે. એ ભલે ભણ્યો હોય, **'તો પણ તેણે આત્માનું મૂળ દ્રવ્ય...'** પહેલેથી લીધું હતું ને મૂળ અસ્તિત્વ, આત્માની મૂળ વસ્તુ, **'સામાન્યસ્વરૂપ...'** એ શું કહે છે ? રાગ-દ્વેષ તો નહિ પણ વર્તમાન પર્યાય જે છે ને ? અવસ્થા, એ વિશેષ છે. એ નહિ. ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ શુદ્ધઘન આનંદકંદ પ્રભુ એવું જે સામાન્યસ્વરૂપ છે એટલે કે વિશેષ વિનાનું સામાન્ય સ્વરૂપ છે એટલે કે પર્યાયના ભેદ વિનાનું અભેદ સ્વરૂપ છે. આહા..હા..! આવી ભાષા ને આ બધું. ઓ'લું તો ... મિચ્છામિ દુક્કડમ્ જાવ. થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી, સાંભળને. આહા..હા..! અરે..રે..! શું થાય ? ભાઈ ! મૂળ વસ્તુ પહેલેથી કીધું ને ? મૂળ વસ્તુ પડી રહી. અને મૂળ વસ્તુ વિના ફાંફાં માર્યાં બહારમાં. આહા..હા..! જન્મ-મરણના અંત ન આવ્યા.

**'તો પણ તેણે આત્માનું મૂળ દ્રવ્યસામાન્યસ્વરૂપ અનુભવપૂર્વક જાણ્યું નહિ હોવાથી...'** આહા..હા..! ઇ શું કહ્યું ? કે, આત્મા સામાન્ય છે, વસ્તુ છે એવું અગિયાર અંગ ભણતરમાં આવ્યું હતું, ભાઈ ! ધારણામાં. આહા..હા..! કહો, ભાઈ ! આવી વાતું છે. એના અગિયાર અંગ ભણ્યો એમાં એ આવ્યું હતું કે, આત્મા સામાન્ય આ છે, વિશેષ આ છે. એ ધારણામાં (આવ્યું હતું). પણ **'સામાન્યસ્વરૂપ અનુભવપૂર્વક જાણ્યું નહિ.'** આહા..હા..! એ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ એને અનુભવીને અનુભવપૂર્વક જાણ્યું નહિ. ધારણામાં જાણ્યું. આહા..હા..!

આ હમણાં એક પ્રોફેસર આવ્યા હતા. અહીં 'ભાવનગર'ની પ્રોફેસર બ્રાહ્મણ છે, અર્ધમાગધીનો મોટો પ્રોફેસર છે. 'ભાવનગર'. અહીં આવ્યો હતો ને ભાઈએ પછી કહ્યું (એટલે) એક આપ્યું પુસ્તક. એને તો વાંચીને એવું (લાગ્યું)... આહા..હા..! આ તો આમાં નિધાન ભર્યા છે. અર્ધમાગધીનો (પ્રોફેસર) એટલે આ આચાર્ય, વંચાવે છે છોકરાઓને વિદ્યાર્થી તરીકે. પણ આ ચીજ ન મળે ત્યાં. એટલો એ ખુશી થયો, આ તો નિધાન આમાં નિધાન ભર્યાં છે. આહા..હા..! અરે..! હું એ સમજવા માટે મહેનત કરીશ, એમ કીધું. મોટો પ્રોફેસર. અરે..! પ્રોફેસર હોય કે (ગમે તે હોય), આ આત્મા કોઈ ચીજ એવી છે. આહા..હા..!

અહીંયા કહે છે, સામાન્ય સ્વરૂપ એટલે એની એક સમયની પર્યાય છે ને ?

અવસ્થા.. અરે..! હજી પર્યાય શું ને દ્રવ્ય શું એ ખબર ન મળે. એક સમયની જે અવસ્થા–પર્યાય છે એ વિશેષ છે અને ત્રિકાળી વસ્તુ છે તે સામાન્ય છે. ત્યારે અહીં કહ્યું છે કે સામાન્ય સ્વરૂપને અનુભવપૂર્વક જાણ્યું નહિ. એ સામાન્ય જે ત્રિકાળી છે તેને શાસ્ત્રના ભણતરથી જાણ્યું કે આ સામાન્ય છે ને આ વિશેષ છે. પણ એ અનુભવપૂર્વક જાણવું જોઈએ એ જાણ્યું નહિ. ભાઈ ! આહા..હા..! વાણિયાને એક તો નવરાશ ન મળે ધંધા આડે. નવરો થાય ને કલાક સાંભળવા જાય ત્યાં કુગુરુ લુંટી લે એને. વ્રત કરો ને તપ કરો એમાં (તમને કલ્યાણ થશે). મારી નાખ્યા જગતને. આહા..હા..!

મુમુક્ષુ :– કુગુરુને .....

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાની ઊંધાઈ છે ને ત્યારે એને સાચું માન્યું ને. પણ 'શ્રીમદ્' એમ કહ્યું છે. 'શ્રીમદ્'માં છે. એક તો સંસારના કામમાં પડ્યો છે બાવીસ, ત્રેવીસ કલાક બાયડી, છોકરા રળવું ને આ રળ્યું ને ધૂળમાં ધૂળ ને ધૂળ. એમાં વળી બે, પાંચ કરોડ રૂપિયા થઈ જાય તો થઈ રહ્યું, 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ જાય એને. મરી ગયો, મારી નાખ્યો આત્માને. આહા..હા..! મરણતુલ્ય કર્યો છે, ભાઈ ! આવ્યું છે ને ? ૨૮ કળશમાં. આહા..હા..!

ચૈતન્યજ્યોત જળહળ જ્યોતિ પ્રભુ ધ્રુવ એનો આદર ન કરતાં રાગનો આદર ને વેપારના પરિણામનો આદર (કરીને) મારી નાખ્યો આત્માને. તું નહિ, હું આ છું. આહા..હા..! અરે..રે..! એમ કરતાં અહીં તો નિવૃત્તિ લઈને સાધુ થાય, કહે છે. એમાં પણ આ ક્રિયા કરે પંચ મહાવ્રતની અને અગિયાર અંગના ભણતરની, એ બધું બંધનું કારણ છે. આહા..હા..!

શુદ્ધ સ્વરૂપ પ્રભુ, શુદ્ધ જો ન હોય તો પવિત્રતા પર્યાયમાં ભગવાનને તીર્થંકરને અરિહંતને પૂર્ણ પવિત્રતા પ્રગટ થાય છે, એ ક્યાંથી આવે ? બહારથી કાંઈ આવે છે ? આહા..હા..! એવું પૂર્ણ પવિત્ર સ્વરૂપ ભગવાનઆત્મા, એને અનુભવપૂર્વક જાણ્યું નહિ એણે. આવી વાતું છે, પ્રભુ ! આહા..હા..! અરે..રે..! દુનિયા ક્યાં છે અને ક્યાં રખડી મરે છે, એને કાંઈ ખબર નથી. આહા..હા..! **'નહિ હોવાથી તે બધું અજ્ઞાન છે.'** એ શાસ્ત્રના ભણતર, પંચ મહાવ્રતના પરિણામ એ બધું અજ્ઞાન છે. આહા..હા..! હવે મુનિની જરી વાત કરે છે.

**'સાચા ભાવમુનિને...'** જે સાચા ભાવમુનિ વીતરાગ પરમાત્માના પંથમાં (છે), બીજે તો ક્યાંય મુનિ હોઈ શકે નહિ. **'સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મ દ્રવ્યાશ્રિત મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ ચાલુ (જ) હોય છે,...'** આહા..હા..! શું કહ્યું ? સાચા સંત જેને મુનિ કહીએ, જૈનદર્શનના, હોં ! બીજામાં તો કોઈ મુનિ-બુનિ છે નહિ, બધાય બાવા-બાવા બધા જોગી બધા મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- બધા સાધુમાં આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે નહિ. એ કહે છે. એક સ્થાકવાસી સાધુ છે એ કહે છે, ણમો લોએ સવ્વસાહૂણં. બધા સાધુ એમાં આવી જાય બાવા-બાવા. ખોટી વાત છે. જૈનના જેને આનંદનો અનુભવ છે, જેને ઉગ્ર... જુઓ ! **'સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મદ્રવ્ય...'** શુદ્ધ આત્મદ્રવ્યને આશ્રિત **'મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ...'** એમ કેમ કહ્યું ? સમ્યગ્દૃષ્ટિ જે ધર્મી પ્રથમ છે એને શુદ્ધ પરિણતિ હોય છે પણ મુનિ યોગ્ય ઉગ્ર પરિણતિ એને હોતી નથી. આહા..હા..! આ વળી ફેર. સમ્યગ્દૃષ્ટિ જીવ 'શ્રેણિક' રાજા ભગવાનના વખતમાં સમકિતી, ક્ષાયિક સમકિતી (હતા). એને યોગ્ય શુદ્ધ પરિણતિ તો એને હોય છે. આહા..હા..! પણ અહીં તો **'શુદ્ધાત્મ દ્રવ્યાશ્રિત મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ...'** એથી આ શબ્દ વાપર્યો છે. મુનિને તો, આહા..હા..! એને તો સાચા સંતને તો શુદ્ધ વીતરાગી દશા અંદર પ્રગટેલી હોય છે. શુદ્ધ ચૈતન્યને આશ્રયે. ભગવાનઆત્મા જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ આત્મા દ્રવ્ય છે, એને આશ્રયે વીતરાગ પરિણતિ ઉગ્ર દશા જેને વીતરાગી અતીન્દ્રિય આનંદ એવી દશા જેને પ્રગટ થઈ છે એને મુનિ કહીએ, જૈનના. આહા..હા..!

**'સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મદ્રવ્ય...'** શુદ્ધ આત્મ દ્રવ્ય, ત્રિકાળી શુદ્ધ પવિત્ર પ્રભુ, એને આશ્રિત મુનિયોગ્ય સાધુને લાયક ઉગ્ર શુદ્ધ પરિણતિ ચાલુ હોય છે. આહા..હા..! એને તો વીતરાગ ધારા મુનિને તો સદાય ચાલુ જ હોય છે. પૂર્ણ વીતરાગ સર્વજ્ઞને (હોય) એટલી વીતરાગતા નહિ. આહા..હા..! તેમ સમકિતીને જે શુદ્ધ ધારા છે એટલી નહિ. પૂરી નહિ (તેમ) આટલી ઓછી નહિ. આહા..હા..! દેહથી ભિન્ન, રાગથી ભિન્ન, દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન એવો શુદ્ધ ભગવાનઆત્મા, એને અવલંબીને શુદ્ધપરિણતિ મુનિને યોગ્ય ઉગ્ર... આહા..હા..! ચાલુ જ હોય છે. આ વળી આવું તો મુનિપણું. બાપુ !

**'કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે,...'** શું કીધું ? પરની ક્રિયા કરી શકું છું એ તો કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ એ છૂટી ગયું છે. આ હાથને હલાવું કે આંખની ક્રિયા ફરે, એ ક્રિયાનો કર્તા આત્મા નથી. આહા..હા..! એટલો તો નથી પણ રાગનો ભાવ આવે એનો કર્તા આત્મા નથી. એવું તો સમ્યગ્દર્શન થતાં કર્તાબુદ્ધિ છૂટી ગઈ હોય છે. આરે.. અરે.. આવી વાતું હવે. આહા..હા..! અરે..! ભગવાનના વિરહ પડ્યા. ત્રણ લોકના નાથ પરમાત્મા વીરપ્રભુ મોક્ષ પધાર્યા. 'સીમંધર' ભગવાન અરિહંત પદે બિરાજે, ચોવીસ તીર્થંકરો તો સિદ્ધપદે ણમો સિદ્ધાણંમાં આવી ગયા. આ ભગવાન બિરાજે છે એ અરિહંતમાં આવ્યા. ભરતમાં વિરહ પડ્યા. આહા..હા..! એમનો કહેલો માર્ગ બહુ વિંખાઈ ગયો. આહા..હા..!

અહીં કહે છે, મુનિ સાચા સંત જેને જૈનદર્શનમાં વીતરાગ પરમાત્મા જેને મુનિ કહે એને તો આત્મા શુદ્ધ વસ્તુ છે પૂર્ણ આનંદ, એને આશ્રયે શુદ્ધ પરિણતિ ઉગ્ર ચાલુ જ હોય છે. શુદ્ધ પરિણતિને વિશેષણ ઉગ્ર આપ્યું. આહા..હા..! સમ્યગ્દષ્ટિ જે ધર્મની પહેલી શરૂઆતવાળો હોય એને એ શુદ્ધ પરિણતિ તો હોય છે. નહિતર તો એ ધર્મી જ નથી. આહા..હા..! અહીંયા તો મુનિને યોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ ચાલુ જ હોય છે. આહા..હા..! વીતરાગમૂર્તિ આત્મા એને આશ્રયે વીતરાગ પરિણતિ એને યોગ્ય છે એ તો સદાય રહે જ છે, ચાલુ જ છે. ભલે એને પંચ મહાવ્રતના વિકલ્પ આવો પણ એ તો રાગ છે. રાગથી ભિન્ન વીતરાગ પરિણતિ તો સદાય મુનિને (હોય જ છે). કેવળીને વીતરાગ દશા છે એવડી નહિ. સમકિતીને જે વીતરાગ પરિણતિ છે એનાથી વિશેષ. આહા..હા..! આવી વાતું છે, વાતે વાતે ફેર પડે, શું થાય ? ભાઈ ! શું કીધું ઇ ?

**'કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે,...'** શું કીધું એ ? સાચા સંત જેને ણમો લોએ સાહૂણં, ણમો લોએ સવ્વ સાહૂણં (કહીએ), એ સંતને તો અંતરમાં વીતરાગી દશા, ઉગ્રપણે દશા થઈ રહી છે. ચાલુ જ છે એ ધારા. આહા..હા..! અને કર્તાપણું તો–આ દેહની ક્રિયા હું કરી શકું છું ને હાલી શકું છું ને બોલી શકું છું એવું કર્તાપણું તો–સમ્યગ્દર્શન થતાં છૂટી ગયું હોય છે. મિથ્યાદષ્ટિ એમ માને કે આ શરીરને હું હલાવું છું ને શરીરની ક્રિયા કરું છું. આહા..! ખાવાની ક્રિયા મારી છે ને પીવાની ક્રિયા મારી છે. એ તો જડની છે. આ તો માટી, ધૂળની (છે). એ

ક્રિયાનો કર્તા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની (થાય છે) એ જૈન નથી. એને જૈનની ખબર નથી. એ એનો કર્તા થઈ અને મિથ્યાત્વને સેવે. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એનું જ્યાં ભાન થયું ત્યાં પરની ક્રિયાનો કર્તા તો છૂટી જાય છે પણ રાગની ક્રિયાના પરિણામ આવે એનું કર્તાપણું પણ છૂટી જાય છે. આહા..હા..! આવી વાતું હવે. સમજાણું કાંઈ ?

**'સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મ દ્રવ્યાશ્રિત...'** દ્રવ્ય વસ્તુ જે છે ત્રિકાળી આનંદ એને અવલંબે **'મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ ચાલુ હોય છે, કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે,...'** આહા..હા..! એકલી જ્ઞાતા-દૃષ્ટાની ધારા સંતને સાચા મુનિને વર્તે છે. આહા..હા..! જે પંચ મહાવ્રતના પરિણામ (છે) એનો પણ કર્તા એ નથી થાતો. અરે..રે..! આહા..હા..! કારણ કે એ વિકલ્પ ને રાગ છે. એ તો સમ્યગ્દર્શન થતાં જ કર્તાપણાની બુદ્ધિ, જ્ઞાન થતાં, સમ્યગ્દર્શન થતાં એ બુદ્ધિ છૂટી જાય છે. અને જો કર્તાપણાની બુદ્ધિ રહે તો એ ધર્મી નથી, સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ જૈનને જૈનપણાને સમજ્યો નથી. આહા..હા..!

**'ઉગ્ર જ્ઞાતૃત્વધારા અતૂટ વર્તતી હોય છે,...'** ભાષા જુઓ ! સાચા સંત છે. આહા..હા..! એને તો વસ્ત્રનો ટૂકડોય ન હોય. એ જંગલમાં વસતા હોય છે. સાચા સંત જેને જૈન પરમેશ્વર કહે, એ જંગલમાં વસતા હોય છે અને એને અંદરમાં... છે ? **'ઉગ્ર જ્ઞાતૃત્વધારા...'** જાણક-દેખન દૃષ્ટિ થઈ છે તે ઉગ્ર જ્ઞાનધારા--જ્ઞાતા-દૃષ્ટાની ઉગ્ર જ્ઞાનધારા અતૂટ વર્તતી હોય છે, ત્રુટ પડ્યા વિના વર્તતી હોય છે. અરે..! આ શું છે ? આહા..હા..! અરે..! એવા મુનિ અત્યારે મળવા મુશ્કેલ છે, બાપુ ! આહા..હા..! જેને જ્ઞાતૃત્વધારા, જાણવું-દેખવું એવી ધારા, ઉગ્રધારા, અતૂટધારા, ઉગ્રધારા ને અતૂટધારા. ચોથાથી વધારે લેવું છે ને ? આહા..હા..!

મુમુક્ષુ :- ઉગ્રમાં શું અર્થ લેવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ચોથે છે એનાથી ઉગ્ર વધારે છે, એમ.

મુમુક્ષુ :- જ્ઞાનમાં ઉગ્રતા શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જાણવા-દેખવાની એટલે વીતરાગી ધારા. રાગ થાય તેને જાણે, જ્ઞાન થાય તેને જાણે, એ વીતરાગ ભાવે જાણે એ ઉગ્ર જ્ઞાતૃત્વધારા કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગ માર્ગ પરમેશ્વરનો માર્ગ બાપુ ! અલૌકિક

છે. આહા..હા..!

**'ઉગ્ર જ્ઞાતૃત્વધારા...'** એટલે શુદ્ધ પરિણતિ, વીતરાગ પરિણતિ. ત્રણ કષાયના અભાવ (સહિતની). **'અતૂટ વર્તતી હોય છે, પરમ સમાધિ પરિણમી હોય છે.'** આહા..હા..! પરમ આનંદ, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... સમાધિ એટલે ઓલા બાવા સમાધિ કરે એ નહિ, હોં ! આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત તે સમાધિ. ઉપાધિ એટલે બહારનો સંયોગ એનાથી રહિત, વ્યાધિ એટલે શરીરની દશા એનાથી રહિત, આધિ એટલે પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પની આધિ. આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત અતીન્દ્રિય આનંદની સમાધિ. આહા..હા..! **'મુનિને પરમ સમાધિ પરિણમી હોય છે.'** જોયું ? સમકિતીને પણ સમાધિ એક અંશે તો હોય છે. સમ્યગ્દષ્ટિ ધર્મી થતાં થોડી તો શાંતિ ને સમાધિ હોય છે પણ મુનિને તો પરમ સમાધિ પરિણમી હોય છે. આહા..હા..! આવું મુનિપણું. વીતરાગ માર્ગમાં આવી દશા છે, બાપુ ! આહા..હા..!

**'પરમ સમાધિ પરિણમી હોય છે.'** શાંતિનો સાગર પ્રભુ, અકષાય સ્વભાવનો સમુદ્ર પ્રભુ આત્મા, એને અવલંબે ઉગ્ર શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..! એટલે અકષાય ભાવ. આહા..હા..! એવી અકષાય પરિણતિ, દશા ઉગ્ર પરિણમી હોય છે, પરમ પરિણમી હોય છે. આહા..હા..! **'તેઓ શીઘ્ર શીઘ્ર નિજાત્મામાં લીન થઈ...'** મુનિ તો, આહા..હા..! શીઘ્ર શીઘ્ર નિજાત્મા પરમાત્મા સ્વરૂપ એમાં લીન થઈ **'આનંદને વેદતા હોય છે.'** એ તો અતીન્દ્રિય આનંદને વેદતા હોય છે. આહા..હા..! વીતરાગના માર્ગમાં એને મુનિ કહેવામાં આવે છે. બીજે તો ક્યાંય હોતું નથી. ણમો લોએ સવ્વ સાહૂણં એટલે બીજા સાધુઓ અન્યમતિના બાવાને નાખે, એમ છે નહિ, ભાઈ ! આહા..હા..!

**'શીઘ્ર શીઘ્ર નિજાત્મામાં લીન થઈ...'** એટલે ? છઠ્ઠે ગુણસ્થાને આનંદ છે, શાંતિ છે પણ એને વિકલ્પ ઉઠે છે પ્રમાદનો, પંચ મહાવ્રત આદિનો, એને છોડીને શીઘ્ર અંદર સાતમા ગુણસ્થાનમાં જાય છે. આહા..હા..! સાચા સંતને છઠ્ઠું ને સાતમું અંતર્મુહૂર્તમાં અનેક વાર આવે. આહા..હા..! ઝીણી દશા, બાપુ ! આહા..! એ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આવા હોય છે. અરિહંત ને સિદ્ધ તો પૂર્ણાનંદ (પામ્યા). સિદ્ધ તો અશરીરી પૂર્ણ પ્રાપ્ત થઈ ગયા, અરિહંતને ચાર કર્મનો નાશ થઈને અનંત જ્ઞાનાદિ પ્રાપ્ત થયા પણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને અંતરમાં.... આહા..હા..! ત્રણ કષાયરૂપી

ભાવનો નાશ થઈ અને આનંદની દશાના ઉગ્ર પરિણતિમાં પરિણમી જાય છે. ક્ષણ ક્ષણમાં અંદર આનંદમાં ચાલ્યા જાય છે. ક્ષણમાં વળી વિકલ્પ વૃત્તિ ઉઠે, સમજાવવું કે સાંભળું કે એ બધી વૃત્તિ રાગ છે, પણ તરત જ તે બીજે ક્ષણે અંદરમાં ઉતરી જાય છે. આહા..હા..! આવી દશા છે.

એ અતીન્દ્રિય આનંદના સ્વાદિયા, મુનિ અતીન્દ્રિય આનંદના સ્વાદિયા હોય છે. અજ્ઞાનીઓ પુણ્ય ને પાપ રાગના સ્વાદિયા. એનો સ્વાદ લઈને માને કે અમે ઠીક કરીએ છીએ. આહા..હા..! આવી વાતું કઈ હશે ? આ જૈનદર્શનની હશે આવી વાત ? ભાઈ ! અમે તો એમ સાંભળીએ કે સામાયિક કરો ને પોહા કરો ને પડિકમણા કરો ને ચોવિહાર કરો ને છ પરબી પાળો ને છ પરબી બ્રહ્મચર્ય પાળો ને કંદમૂળ ન ખાવા ને ચોવિહાર (કરવા), બાપુ ! ભાઈ ! ઇ તને ખબર નથી, બાપુ ! એ બધી ક્રિયાઓનો તો રાગ ભાગ છે. આહા..હા..! આ તો ધર્મ તો રાગથી રહિત અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એને આશ્રયે નિજાનંદમાં મુનિઓ શીઘ્ર શીઘ્ર પણે જાય છે, અંતર ઘરમાં... આહા..હા..! અંતર ઘરમાં તો અતીન્દ્રિય આનંદ છે. બહાર નીકળે છે. આહા..હા..! ઇ પહેલાં આવી ગયું છે ૪૦૧. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ !

મુનિ ધર્માત્મા અંદર આનંદમાં હોય છે, એને જ્યારે આ વિકલ્પ આવે છે જરી વ્રત આદિનો તો એને એમ થાય છે કે, અરે..રે..! અમે ક્યાં પરદેશમાં ચાલ્યા ગયા ? ૪૦૧, ૪૦૧માં છે. આહા..હા..! અરે..! દયાનો ભાવ આવે, ભક્તિનો ભાવ આવે એ રાગ છે. ધર્મી એમ જાણે અરે..રે..! અમે સ્વદેશ છોડીને પરદેશમાં ક્યાં ચાલ્યા ગયા ? આ રાગ છે એ અમારો પરિવાર નહિ. આહા..હા..! અમારો પરિવાર તો અંદર જ્ઞાન, દર્શન, આનંદ એનાથી ભરેલો ભગવાન એ અમારો પરિવાર છે. આહા..હા..! કહો, ભગવાનની ભક્તિનો ભાવ આવે પણ એ પરદેશ જેવો દુ:ખ લાગે. પરદેશમાં આવી પડ્યા અમે સ્વદેશ છોડીને. આરે આરે..! આવી વાતું હવે સાંભળવી કઠણ પડે, સમજે તો ક્યારે ? આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ ! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' પ્રભુ વીતરાગ સર્વજ્ઞદેવ એનો આ પંથ છે, એનો આ માર્ગ છે. આ રીતે માર્ગ છે. આહા..હા..!

**'તેમને પ્રચુર સ્વસંવેદન હોય છે.'** પાંચમાનું લીધું, પાંચમી ગાથામાં આવે છે ને ? મુનિ 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમને પ્રચુર સ્વસંવેદન છે. સમકિતીને સ્વસંવેદન

આનંદ છે પણ થોડો છે અને મુનિ એને તો પ્રચુર સ્વસંવેદન છે. આહા..! અતીન્દ્રિય આનંદનો આમ ઉભરો આવે એને. આહા..હા..! દૂધનો ઉભરો તો પોલો હોય છે, પાંચ શેર દૂધ હોય ને અગ્નિ મુકે આમ ઊંચું થાય એ પોલું હોય છે, એ કાંઈ વજનવાળું ન હોય પોલું (હોય), આ તો વજનવાળો આનંદ હોય છે. આહા..હા..! શું હશે આ તે ? એ કહે છે. શીઘ્ર શીઘ્ર તે પ્રચુર સ્વસંવેદનને વેદે છે લ્યો ! '**તે દશા અદ્‌ભુત છે, જગતથી ન્યારી છે.**' આહા..હા..! હવે વિશેષ થોડીક વાત.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ખાનદાન કુળ, ધનવાનપણું, નીરોગી શરીર તથા લાંબું આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહા સંકિલષ્ટ પરિણામ હોય, ક્રોધ-માન-માયા-લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે ? વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય–તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયના સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત ! ઘણા જીવોને સરળ પરિણામ થવા છતાં સત્યસમાગમ મળવો દુર્લભ છે. કોઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે પણ વીતરાગી સર્વજ્ઞ શાસનના તત્ત્વ સમજાવનારનો સત્ય સમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ–કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ–ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્ય સમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે. 'પરમાગમસાર' બોલ નં. ૭૭૬.**

**માગશર સુદ ૩, રવિવાર તા. ૦૩-૧૨-૧૯૭૮.**
**વચનામૃત–૪૧૦ થી ૪૧૧, પ્રવચન–૧૬૯**

૪૧૦. મુનિની દશાની વાત ચાલે છે. **'તેમને પ્રચુર સ્વસંવેદન હોય છે.'** સમ્યગ્દષ્ટિ જીવને પ્રચુર સ્વસંવેદન હોતું નથી. જ્ઞાયક પૂર્ણ સ્વભાવ.. રાત્રે પ્રશ્ન થયો હતો, પૂર્ણ કેમ છે ? વસ્તુ છે એ પૂર્ણ સ્વરૂપે જ છે. એનો જ્ઞાનગુણ, આનંદગુણ, શાંતિગુણ, શાંતિ એટલે ચારિત્ર–વીતરાગતા, એ બધા ગુણ છે એ પૂર્ણ છે. અને પૂર્ણનું એકરૂપ તે દ્રવ્ય છે. એ વાત આપણે પહેલા આમાં આવી ગઈ છે. આત્મા અજાયબી ઘર છે. તેમાં અજાયબી ગુણો ભરપુર વસેલા છે. પહેલા આવી ગયું છે. આહા..! આકરી વાત, ભાઈ ! એક એક ગુણ પૂર્ણ છે. આકાશમાં ભલે અસ્તિત્વ ગુણ છે, મોટો આવડો લાંબો, તો પણ પૂર્ણ છે. અને એક પરમાણુમાં અસ્તિત્વ ગુણ છે (એ પણ) પૂર્ણ છે. પૂર્ણ ન હોય તો, ઓછું અસ્તિત્વ છે, એનો અર્થ શું ? આહા..હા...!

એમ ભગવાન આત્મામાં અસ્તિત્વ–સત્તા નામનો ગુણ છે, એ પૂર્ણ છે. એની સાથે અનંત ગુણ છે, પૂર્ણ છે. એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. સર્વ ગુણનું રૂપ છે. સમજાણું કાંઈ ? એ જરી અંદર બેસવું કંઈક ભાવ ખ્યાલમાં નથી આવતો. છે વાત બરાબર છે. એમાં જીવતરશક્તિ છે એમાં તો સર્વદર્શિપણું... કારણ કે જીવતરશક્તિમાં તો જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા (રહેલાં છે). એટલે એમાં જ્ઞાનમાં સર્વદર્શિપણું શક્તિ, રૂપ, હોં ! સર્વ રૂપ. આહા..હા...!

એમ ચિતિશક્તિ જ્ઞાન-દર્શન સ્વરૂપ એક બીજી (શક્તિ છે). એમાં પણ સર્વદર્શિ, સર્વજ્ઞનું રૂપ હો. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ, એને પૂર્ણ સ્વસંવેદન પૂર્ણ સ્વસંવેદન છે. મુનિને પ્રચુર સ્વસંવેદન છે. સમ્યગ્દષ્ટિમાં અલ્પ સ્વસંવેદન છે. પણ સ્વરૂપ તો પૂર્ણ છે. આહા..હા...! એવી દૃષ્ટિ થતાં જેટલા ગુણો છે તેનો અંશ પ્રગટ થાય. એમાં આ સર્વદર્શિ ગુણ છે એનો અંશ પ્રગટ થાય. સર્વ ગુણાંશ તે સમકિત. અથવા રહસ્યપૂર્ણ

ચિઠ્ઠીમાં એમ કહ્યું કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ ગુણ વ્યક્ત (થાય) છે. સર્વજ્ઞ પરમાત્માને સર્વદેશ પૂર્ણ છે. હવે અહીંયા સર્વદર્શિ ને સર્વજ્ઞગુણ છે.. આહા..હા...! એનો પણ પેલો જ્ઞાનનો અને દર્શનનો પર્યાય પ્રગટ થયો ને ? એનો એક અંશ વ્યક્ત થયો એટલું કહેવાય. કેમ કે સર્વજ્ઞ જે પર્યાય છે, સર્વજ્ઞ દર્શન, સર્વજ્ઞ ને સર્વદર્શિને અવલંબે જે સર્વજ્ઞ ને સર્વદર્શિ પર્યાય થાય એ અવયવી છે. અને નીચે મતિ-શ્રુતજ્ઞાનનો અંશ છે એ એનો અવયવ છે. અંશ છે. એટલે એ સર્વદર્શિ સર્વ ગુણનો અંશ બહાર આવ્યો. આવી વાત છે. આહા..હા...! પણ એમાં જે બીજા અનંત અનંત ગુણો છે, કર્તૃત્વ ને ભોક્તૃત્વ, અકર્તૃત્વ ને અભોક્તૃત્વ, અમૂર્ત ને એ દરેકમાં સર્વદર્શિ સર્વજ્ઞનું રૂપ છે. અગમપ્યાલા છે, બાપા !

એવો જે ભગવાનઆત્મા જેને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં.. જો કે વર્તમાન જ્ઞાનમાં દ્રવ્ય જણાય છે. ભાઈ ! ૧૭ (ગાથા). આહા..હા...! એ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી, અલ્પ જ્ઞાનમાં પણ આહા..હા...! આખું દ્રવ્ય જણાય છે. અજ્ઞાનીના જ્ઞાનમાં પણ, હોં ! પણ એનું લક્ષ ત્યાં નથી. એથી જણાતો (હોવા) છતાં જાણતો નથી. આહા..હા...! આવો પ્રભુ છે. એ પર્યાયમાં સ્વદ્રવ્ય અને પર બધું જાણવાનો સ્વપરપ્રકાશક સ્વતઃ પોતાથી સ્વભાવ છે. આહા..હા...! એવું જેને અંતરમાં પૂર્ણ અનંત ગુણોનો પિંડ પ્રભુ, એની પ્રભુતાની પર્યાયમાં ભાન થયું, એ પર્યાયમાં ભલે પ્રભુત્વ અનંત આવે નહિ, પણ જેટલું, જેવડું એ પ્રભુત્વ છે એનું જ્ઞાન અહીં થાય. સમજાણું કાંઈ ? પણ નીચે ચોથે, પાંચમે છે એ જ્ઞાનનું, આનંદનું, શાંતિનું સ્વ-પોતાનું વેદન અલ્પ છે. આહા..હા...! મુનિને પ્રચુર સ્વસંવેદન છે. સર્વજ્ઞ પરમેશ્વરને પૂર્ણ સ્વસંવેદન છે. આહા..! છે ?

**'પ્રચુર સ્વસંવેદન હોય છે. તે દશા અદ્‌ભુત છે,...'** કોઈ. આહા..હા...! મુનિદશા એટલે આ..હા...! પરમેશ્વરદશા. અરે..રે...! અહીં તો એકબીજા... ભાઈએ કાલે કહ્યું હતું ને ? માંહોમાંહે આચાર્યપણું કરે છે. આચાર્યપદ આપે છે ને ? અરે..! ભગવાન ! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! આહા..હા...! હજી દૃષ્ટિનો વિષય શું છે, દૃષ્ટિ શું છે એની ખબરું નથી ત્યાં સમકિત નથી, ત્યાં સાધુ તો નથી ત્યાં આચાર્યપદ ક્યાંથી આવ્યું ? ભાઈ ! દુનિયાથી જુદી જાત છે, પ્રભુ ! દુઃખ લાગે, વિરોધ કરે, કરો. બાપુ ! કોનો વિરોધ છે ? ભાઈ ! એ તો તારા સ્વરૂપનો વિરોધ છે. અહીંયા કહે છે કે

મુનિ એને કહીએ કે જેટલા ગુણો છે પૂર્ણ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. એ અનંતના અનંત અનંત કરો તો પણ છેલ્લો અનંત એમાં ન આવે. એટલા અનંતા છે. એ બધા ગુણોનું સમ્યગ્દર્શનમાં અને મુનિને પ્રચુર વેદન હોય છે. પર્યાયમાં. શક્તિરૂપે તો પૂર્ણ અનંત છે. આહા..હા...! એવું અપૂર્ણ વેદન હોવા છતાં **'તે દશા અદ્‌ભુત છે. જગતથી ન્યારી છે.'** આહા..હા...!

**'પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી...'** હવે અહીં કહે છે કે એને કંઈક શુભરાગ આવે છે ને ? અશુભ તો મુનિને હોય નહિ. ભલે એને આર્તધ્યાન આદિ હોય છે, પણ એની ગણતરી નથી ગણી. સમજાણું ? ત્યાં આગળ શુભભાવ, શુદ્ધ અને શુભ બે ગણવામાં આવ્યા છે. નહિતર છઠ્ઠે આર્તધ્યાન છે પણ એને ગૌણ ગણીને શુદ્ધની પરિણતિ છે અને શુભભાવની ગૌણતા ત્યાં છે. અશુભ તો છે નહિ, એમ ગણ્યું છે. આહા..હા...! એને **'પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી...'** એટલે કે પૂર્ણ સ્વસંવેદન વીતરાગભાવનું, સર્વજ્ઞપણું આદિ નહિ હોવાથી **'તેમને વ્રત-તપ-શાસ્ત્ર રચના..'** એ ભાવ લીધો છે. આર્તધ્યાનને એ નથી લીધું. સમજાણું કાંઈ ? **'વ્રત-તપ-શાસ્ત્ર રચના વગેરેના શુભ ભાવો આવે છે ખરા,...'** ખરા એટલે ? આવે છે, એમ. નથી આવતા એમ નહિ, આવે છે. શુદ્ધતાનું પ્રચુર વેદન હોવા છતાં પૂર્ણ વીતરાગતા નથી માટે શુભભાવ આવે છે ખરા. આહા..હા...! **'પણ તે હેય બુદ્ધિએ આવે છે.'** આહા..હા...! અત્યારે તો એ શુભભાવ એ જ ધર્મ ને એ ચારિત્ર માને છે. આહા..! પ્રભુ.. પ્રભુ ! શું કરે છે ? એક (મુનિ) છે. એ ભણેલ છે, વાંચેલ છે એણે છાપામાં બહાર એવું પાડ્યું છે કે અત્યારે પંચમકાળમાં શુભજોગ જ હોય. અર..ર..ર..! તો આ મુનિઓ 'કુંદકુંદાચાર્ય' થયા એ બધા પંચમ કાળમાં થયા છે. બહુ ગડબડ કરી નાખી. શુભજોગ છે એ તો આસ્રવ છે, બંધ છે, દુઃખ છે, આકુળતા છે. બસ, એ જ હોય પંચમ આરામાં ? આહા..હા...!

ભગવાન અનાકુળ આનંદનો નાથ પ્રભુ, એનો અવલંબનમાં જે દશા થઈ એ તો શુદ્ધ છે, પવિત્ર છે, અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી દશા છે. આહા..હા...! એવી દશામાં પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ ગુણની વ્યક્તતા નહિ હોવાથી, તપનો, વ્રત ને તપ એ બધો શુભ વિકલ્પ છે. આહા..હા...! અહીં વ્રતને સંવર કહે છે, તપને નિર્જરા કહે છે. આહા..હા..! અમારે 'હીરાજી મહારાજ' એ એમ કહેતા, વ્રત છે ઇ સંવર છે

અને અપવસા, તપસ્યા આદિ છે એ નિર્જરા છે. આહા..હા...! અહીંયા કહે છે કે એ વ્રત ને તપનો વિકલ્પ જે ઉઠે છે એ શુભભાવ છે, છતાં તે હેય બુદ્ધિએ આવે છે.

**'આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે.'** આહા..હા...! આવી પવિત્ર મુનિદશા. શુભરાગ હેય બુદ્ધિએ (આવે) છે. અને અંતરમાં આનંદસ્વરૂપને અનંત ગુણની શક્તિની પર્યાયમાં વ્યક્તતાની પરિણતિ (થઈ) તે મુક્તિનું કારણ છે. આહા..હા...! એ ૪૧૦ (બોલ પૂરો) થયો.

**અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરના કાર્ય કરવા મથે છે, પણ પર પદાર્થના કાર્ય તે બિલકુલ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે, પુદ્‌ગલના પુદ્‌ગલમાં છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્‌ગલ પરિણમે છે, જીવ તેમને ફેરવી શકતો નથી. ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.**

**તું જ્ઞાયકસ્વભાવી છે. પૌદ્‌ગલિક શરીર-વાણી-મનથી તો તું જુદો જ છે, પણ શુભાશુભ ભાવો પણ તારો સ્વભાવ નથી. અજ્ઞાનને લીધે તે પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા. શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને-શુદ્ધ દ્રવ્યદષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે. ૪૧૧.**

**'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરના કાર્ય કરવા મથે છે,...'** આહા..હા..! દેશના ને શરીરના ને વાણીના ને પરની દયાના ને પરને મારવાના. આહા..હા..! એવા કાર્ય કરવા મથે છે, ભાવ (કરે છે) પણ પરનું કાર્ય કરી શકતો નથી. અહીં તો ત્યાં સુધી કહ્યું હતું કે પર આ શરીર છે, વાણી છે એને આત્મા કરી શકતો

નથી પણ એની જે પર્યાય છે એને એનું દ્રવ્ય કરતું નથી. આહા..હા..! આ જે આંગળી ચાલે છે એ અવસ્થા છે. એ અવસ્થા આત્મા પોતે કરી શકતો નથી. એ તો કરી શકતો નથી પણ એ અવસ્થાનો કર્તા તેનો પરમાણુ પણ નથી. એ પર્યાયનો કર્તા પર્યાય છે. એક સમયની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી પ્રગટ થાય છે. આહા..હા..!

પરમાણુઓમાં આ શરીરમાં દાઢ આદિ હલે એમાં એના રજકણો જે છે એની પર્યાય જે આમ આમ થાય છે એનો એ રજકણ કર્તા નથી, તો આત્મા કર્તા એનો થાય એ ભ્રમણા છે, ભ્રાન્તિ છે. આકરું કામ છે. આ રાજકીય માણસો, વેપારના ઉદ્યોગપતિઓ બધા, આહા..હા..! આખો દિ' આ કરીએ છીએ... આ કરીએ છીએ... આ કરીએ છીએ. એ કરી શકતો નથી. આ કપડું છે એ આમ હતું આમ, અને આમ આમ થયું એની એ ક્રિયાનો આત્મા કર્તા નથી. વિકલ્પ ભલે આવે, એ વિકલ્પ એનો કર્તા નથી. એ તો કર્તા નથી પણ એના પરમાણુ જે ધ્રુવ સદ્દશ છે એ પલટવાની ક્રિયાનો કર્તા નથી. ભાઈ ! આવી વાતું છે. આહા..હા..! અજ્ઞાનીને ભ્રાન્તિથી... છે ?

**'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે...'** આહા..હા..! **'પરના કાર્ય કરવા મથે છે,...'** આહા..હા..! શરીરને હલાવું, આહા..હા..! શરીર જે આમ જમીન ઉપર ચાલે છે ને શરીર ? તો એ શરીરની પર્યાય જમીનને અડતી નથી. જમીનને આધારે શરીરની પર્યાય ચાલતી નથી. એની પર્યાય દ્રવ્યને આધારે ચાલતી નથી. આરે.. આરે..! એની પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, સાધન છ પર્યાય ષટ્કારકરૂપે પરિણમે છે. પર્યાયને આધારે પર્યાય આમ (થાય છે). આવી વાત છે. ભ્રાન્તિથી એને એમ લાગે, હું આ કરું આમ. આહા..હા..! પરની દયા પાળું ને પરની હિંસા કરું ને સત્ય બોલું એ બધી ક્રિયાઓ.

**'પરના કાર્ય કરવા મથે છે, પણ પર પદાર્થના કાર્ય તે બિલકુલ કરી શકતો નથી.'** આહા..હા..! કેમ કે પર પદાર્થ ને સ્વ પદાર્થની વચ્ચે અભાવ છે. આમ તો ગુણ-ગુણ વચ્ચે અભાવ છે, પર્યાય-પર્યાય વચ્ચે અભાવ છે પણ એ પૃથકપણાનો અભાવ નથી, અન્યપણાનો અભાવ છે. અને આ પરમાણુ આદિની પર્યાય (થાય એમાં) તો પૃથકપણાનો અભાવ છે. આહા..! સમજાણું કાંઈ ? બોલવા મથે પણ બોલવાની ક્રિયા આત્માથી થતી નથી. કહો, આ ડૉકટરો ઈંજેકશન આપે ને ઈંજેકશન ? રગ રગ જ્યાં પકડેને અંદર, લોહી લેવા. કાલ લીધું હતું, કાલને ? જોયું ભાઈ !

તમે ? આહા..હા..! એ ઇંજેકશન શરીરને અડતું નથી.

મુમુક્ષુ :– લોહી લેવા ડૉક્ટર મથે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાવ કરે છે પણ કરી શકતો નથી. આવી વાતું દુનિયાને તો... આહા..હા..! હવે ઓલા પંડિતો ત્યાં 'ઇન્દોર'માં એમ કહેતાં કે પરદ્રવ્યનું ન કરી શકે તે દિગંબર જૈન નથી. અહીંનો વિરોધ કરવા. અરે..! પ્રભુ ! એ અહીંનો (વિરોધ) નથી, ભાઈ ! ભગવાન તને શું આ સૂઝ પડી ? એમ કે પરદ્રવ્યનું કરી શકાય છે. નિશ્ચયથી નહિ પણ વ્યવહારે કરી શકાય છે. આહા..હા..! અહીં તો કોઈ પ્રકારે સદા, સર્વદા પરનું કરી શકતો નથી. વ્યવહારથી નહિ, નિશ્ચયથી નહિ. બોલાય એમ. આહા..હા..! કેમ ? અનંત પદાર્થ છે તો અનંતપણે પોતાના અસ્તિત્વમાં ક્યારે રહે ? કે પોતપોતાની પર્યાયનો કર્તા (થાય), પરનો નહિ ને પરની પર્યાય નહિ એ અનંતપણું એમ ને એમ થંભી રહ્યું છે. શું કીધું ?

જો અનંત તમે માનો કે અનંત પદાર્થ છે તો અનંત પદાર્થ પોતાના અસ્તિત્વથી દ્રવ્ય-ગુણનું અસ્તિત્વ તો છે પણ પર્યાયના અસ્તિત્વથી તે થંભી રહ્યું છે. કોઈને કારણે ત્યાં પર્યાય થાય છે તો તો અનંતપણું પૃથક રહેતું નથી. સમજાણું કાંઈ ? આવી વાત આકરી. અહીં તો કહે, પરની દયા પાળો, જત્નાથી હાલો એવું આવે છે શાસ્ત્રમાં, લ્યો ! જ્યાં જીવ દેખે ત્યાં પગ ઊંચો રાખવો. એ..ઇ..! એ બધી વાતો... કરી શકે નહિ કાંઈ.

એ પ્રશ્ન સંપ્રદાયમાં ઉઠ્યો હતો, મોટો. 'વિંછીયા'માં ઉઠ્યો હતો. એક આર્જિકા હતા. એણે પ્રશ્ન ઉઠાવ્યો, ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૯૦ની પહેલાંની વાત છે. એમ કે આ બધું આમ કરી શકાય છે ને. આહા..હા..! કાંઈ કરતો નથી, કહે છે ભાઈ ! એને કરવા મથે એટલે ભાવ કરે. ભાવ કરે એનો કર્તા થાય તે અજ્ઞાની છે. ભાવ કરે એનો કર્તા થાય તે અજ્ઞાની છે. આહા..હા..! સત્ય તો આ છે. એકાંત લાગે છે, લોકોને એકાંત લાગે. કથંચિત્ કર્તા, કથંચિત્ અકર્તા એમ લ્યો તો અનેકાંત થાય. અહીં કહે અકિંચિત્કર જરીએ, અકિંચિત્કર શબ્દ આવે છે 'સમયસાર'માં બંધ અધિકારમાં. અકિંચિત્કર–જરીએ પરને કરતો નથી. આહા..હા..! ભાઈ ! એનો અંદરમાં વિશ્વાસ આવવો એ કાંઈ વાત છે. આહા..હા..!

હવે અહીંયા ચાલે તો કહે જમીનને અડતો નથી પગ. અરે..! પગ તો જમીનને

અડતો નથી, પરમાણુ એના છે એ પર્યાયને અડતા નથી. બેય એક થતાં નથી. આહા..હા..! એ એને ભ્રાન્તિ થાય છે, કહે છે. આહા..!

**'દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે.'** એ રાત્રે વાત થઈ હતી ઘણી. ઉત્પાદ ઉત્પાદને કારણે થાય છે. આહા..હા..! આ તે કાંઈ વાત ! પરને લઈને તો ઉત્પાદ નહિ પણ એનો જે ઉત્પાદ આ પર્યાયમાં આમ થાય એ ધ્રુવને લઈને નહિ. એવી સ્વતંત્રતાના ઢંઢેરા છે. ઉત્પાદ ઉત્પાદને લઈને, ઉત્પાદ ધ્રુવને લઈને નહિ અને તે ઉત્પાદ છએ દ્રવ્યનો તે ક્ષણે જન્મનો ઉત્પત્તિ કાળ છે તે ઉત્પાદ થાય છે. આહા..હા..! આઘો-પાછો નહિ, દ્રવ્યને લઈને નહિ. આહા..હા..! તો આત્માને લઈને પરના કાર્ય થાય... આકરું કામ છે, બાપુ ! આહા..! આમ લોટનું ગોયણું લે. વેલણ એને અડતું નથી અને લોટનો લોચો આમ પહોળો થાય છે, રોટલી આ શું કહે ? એ પહોળો આમ થાય છે અને એની પર્યાય આમ થાય છે તેના એ રજકણો દ્રવ્ય છે તે પણ કર્તા નથી. આહા..હા..! આવું છે.

મુમુક્ષુ :– વેલણમાં રહેલા પરમાણુ એકબીજાને અડે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરમાણુ તો અડે નહિ પણ એની પર્યાય દ્રવ્યને અડે નહિ. એ આપણે આત્મામાં નથી આવ્યું ? અવ્યક્ત છ બોલ. વ્યક્ત-અવ્યક્તને એકસાથે જાણવા છતાં વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી, અડતું નથી. અર..ર..ર..! ધીરાના કામ છે, ભાઈ ! વ્યક્ત એટલે પર્યાય અને અવ્યક્ત એટલે દ્રવ્ય. વ્યક્ત-અવ્યક્તનું એકસાથે મિશ્રિત જ્ઞાન હોવા છતાં એ અવ્યક્ત તે વ્યક્તને અડતું–સ્પર્શતું નથી. આહા..હા..! એ વ્યક્ત છે તે અવ્યક્તને સ્પર્શતું નથી. આવું જ તત્ત્વનું સ્વરૂપ છે. એ ભગવાને કર્યું છે એમ નથી. ભગવાને તો જેમ છે એમ જાણ્યું છે તેમ કહ્યું છે. કહ્યું છે એ પણ વાણીનો સ્વભાવ છે. સ્વપર કહેવાનો વાણીનો સ્વભાવ છે, આત્માનો સ્વપર જાણવાનો સ્વભાવ છે. આહા..! આવા તત્ત્વને પરનો કર્તા માનવો (એ ભ્રાંતિ છે). આહા..!

**'જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...'** ખરેખર તો જીવની પર્યાયના કર્તા-ક્રિયા-કર્મ પર્યાયમાં છે. છએ દ્રવ્યની એક સમયની પર્યાય તે ક્ષણે થાય તે, પછી વિકારી હોય કે અવિકારી, એ પર્યાય કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ પર્યાયમાં ષટ્કારકરૂપે દ્રવ્યને અડ્યા વિના પરિણમન થાય છે. આવી વાતું.

મુમુક્ષુ :- દ્રવ્ય અને પર્યાય પૃથક છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૃથક છે.

મુમુક્ષુ :- સર્વથા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પૃથક છે.

મુમુક્ષુ :- પ્રદેશભેદ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રદેશભેદ છે. 'અગમ્ય પ્યાલા પીઓ મતવાલા ચિહ્ની અધ્યાત્મ વાસા.' આહા..હા..!

મુમુક્ષુ :- ગુરુદેવ ! એથી સિદ્ધિ શું થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એથી ભેદ થયો એને સમ્યગ્દર્શનનું જ્ઞાન યથાર્થ થયું. જે રીતે છે તે રીતે એણે માન્યું, બીજી રીતે માને તો કે દ્રવ્ય પર્યાયને કરે તો એ વસ્તુસ્થિતિ નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી....

પૂજ્ય ગુરુદેવશ્રી :- સ્પર્શતું નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- સર્વથા માને તો મિથ્યા એકાંત નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમ્યક્ એકાંત જ એ છે. આહા..હા..! એ દ્રવ્યની ...

મુમુક્ષુ :- કથંચિત્

પૂજ્ય ગુરુદેવશ્રી :- કથંચિત્-ફથંચિત્ નહિ અહીં. આહા..હા..! ૩૨૦માં કથંચિત્ લીધું છે. ૩૨૦માં કથંચિત્. પણ એ તો અપેક્ષાથી. બાકી ખરેખર તો પર્યાય સર્વથા દ્રવ્યથી ભિન્ન છે અને દ્રવ્ય પણ પર્યાયથી સર્વથા નિત્ય તે ભિન્ન છે.

મુમુક્ષુ :- સાહેબ ! બે દ્રવ્ય થઈ જાશે. દ્રવ્યનું દ્રવ્ય અને પર્યાયનું દ્રવ્ય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- દ્રવ્યનું દ્રવ્ય નહિ, આ તો પર્યાય ને દ્રવ્ય બે તદ્દન ભિન્ન છે. ઇ બે વસ્તુ જ ભિન્ન છે. અહીંયા તો છે પણ ન્યાયના ગ્રંથમાં એમ કહ્યું છે કે ધર્મ ને ધર્મી બે સ્વતંત્ર પોતાથી છે. ધર્મી એવું દ્રવ્ય એનાથી ધર્મ નામ પર્યાય એમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ... અભેદ છે એમ ન કહેવાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહિ ઇ પછી અપેક્ષાથી કહેવાય. બાકી બે સ્વતંત્ર સિદ્ધ થાય પછી આ પર્યાય દ્રવ્યની ને આ દ્રવ્યની આ પર્યાય એ અપેક્ષાથી કથન થાય.

મુમુક્ષુ :- ઇ ખોટું કથન પછી....

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇ વ્યવહારનું કથન છે. અસદ્‌ભુતનું છે. આહા..હા..! ફક્ત પરથી ભિન્ન બતાવવા (કે) આ દ્રવ્યની આ પર્યાય ને આ પર્યાય આ દ્રવ્યનો થયો એમ કહેવાય. શું થાય ? **'दवियं जं उप्पज्जइ'** 'સર્વવિશુદ્ધ (અધિકાર)'માં ન આવ્યું ? ક્રમબદ્ધમાં અકર્તાપણું **'दवियं जं उप्पज्जइ'** દ્રવ્ય પરિણમે છે એમ કહ્યું. એટલે કે પર્યાય છે તે તેનાથી પરથી નથી, એનાથી થઈ એટલું કહેવું છે ત્યાં. બાકી પર્યાય પર્યાયથી થાય છે. આહા..હા..!

એ તો કહ્યું નહિ ? ૬૨ ગાથા. ઇ મોટી ચર્ચા થઈ હતી ને ? (દિગંબરના વિદ્વાન સાથે). (સંવત) ૨૦૧૩, ૨૦૧૩ની સાલ. ૬૨ ગાથા 'પંચાસ્તિકાય'. રાગ થાય છે, રાગ એ પણ રાગની પર્યાય કર્તા, રાગ કર્મ, રાગ સાધન પોતે સાધન, પોતે અપાદાન, પોતે પોતાથી થઈ, પોતાને આધારે થઈને પોતે થઈને રાખી. એ ષટ્કારક પરિણમન વિકારનું (થવામાં) પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નહિ, પરની અપેક્ષા નહિ. આહા..હા..! 'પંચાસ્તિકાય' છે ને ? જ્ઞેય જે અસ્તિ છે એને સિદ્ધ કરવું છે. અસ્તિકાય જે છે એ સ્વતંત્ર છે એમ સિદ્ધ કરવું છે. અસ્તિકાયમાં. આહા..હા..! ત્યારે તેની વિકૃત અવસ્થા હો અરે..! સમ્યગ્દર્શન ને જ્ઞાન-ચારિત્રની પણ પર્યાય હો અને તે સમયે તેનો ક્ષણ છે તે ઉત્પન્ન થઈ અને તે પણ તે પરિણતિ ષટ્કારકથી થઈ. આહા..! દ્રવ્યને આશ્રયે થઈ ઇ તો લક્ષ ત્યાં હતું એટલું કહેવું છે. બાકી લક્ષ કર્યું છે પોતે પોતાથી. આહા..! ઝીણું બહુ, બાપુ !

મુમુક્ષુ :- પરમ સત્ય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરમ સત્ય છે. આહા..હા..! ભાઈએ કહ્યું નહિ રાતે ? કે આ તો સ્વતંત્રતાનો ઢંઢેરો છે. આમ છે, બાપુ ! એને ઠેકાણે હજી આત્મા પરનું કરે (એમ કહે છે). ક્યુ દ્રવ્ય પર્યાય વિનાનું છે કે બીજું દ્રવ્ય એને કરે ? ક્યે સમયે, ક્યુ દ્રવ્ય એની પર્યાય વિનાનું છે કે જે બીજો એ પર્યાયને કરે ? આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારે તો પરનું કરી શકાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભાષા બોલવામાં છે. કરી શું શકે ? ધૂળ. બોલવાનું કથન છે કોણ હતું નિમિત્ત ઇ, વ્યવહારે નહિ ને નિશ્ચયથી નહિ, કોઈ રીતે નહિ. આહા..હા..! છોકરાઓ આવ્યા નથી. ગયા હશે ન્યાં. આજ તો રવિવાર છે રજા છે, ગયા હશે

ત્યાં. જોવા જાય ને અત્યારે..

મુમુક્ષુ :– હેલિકોપ્ટર જોવા જાય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. એમ લાગે છે. પણ હજી તો ૪ વાગે. ૪ ને ૧૦ આવવાના, હજી તો ૪ ને ૧૦ આવવાના. એ તો ... જોવા જાય લોકો. 'દિલ્હી'માંથી આવે ન્યાં ક્યાં જોવા જાય ? આહા..હા..! કેટલા થયા ? ૩ ને ૧૦. અહીં તો ૪ ને ૧૦ આવવાના. ભાઈ એમ કહેતો હતો સવારમાં. આહા..હા..!

એ પરમાણુઓ આમ ગતિ કરે છે, ઇ એક એક પરમાણુની પર્યાય આમ આમ થાય છે, તે બીજો પરમાણુ કર્તા નથી. એનો અંદર બેઠેલો આત્મા આમ કર્તા નથી. અરે..રે..! એ પર્યાયનો કર્તા એનો પરમાણુ પણ નથી. બે અસ્તિત્વ ક્યારે સિદ્ધ થશે ? કોઈની અપેક્ષાએ કોઈ હોય તો બે સ્વતંત્ર સિદ્ધ નહિ થાય. આહા..હા..! આવી વાતું છે. દુનિયાથી તો જુદી લાગે, બાપુ ! શું થાય ? અને તેથી એકાંત કહીને વિરોધ કરે છે, પ્રભુ ! કર. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા એની વાણીમાં તો આમ આવ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરવા મથે પણ કરી શકતો નથી, રાગને કરે. અને રાગને કરે એ પણ જ્ઞાતા દ્રવ્ય સ્વભાવ નિર્વિકારી જ્ઞાન સ્વરૂપી રાગને કરે એ પણ મિથ્યા ભ્રમ છે. આહા..હા..!

**'જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...'** એમ જ કહેવાય ને ભાષા ? એની પર્યાય છે ને. કર્તા એ પર્યાય, કાર્ય એ પર્યાય, કરણ નામ સાધન પર્યાય, પર્યાયથી પર્યાય થઈ, પર્યાયથી થઈને પર્યાયમાં રહી, પર્યાયને આધારે પર્યાય થઈ. આવી વાતું. એ વાત થઈ હતી ને ? ત્યાં વિરોધ થયો ને પછી. (એ વિદ્વાન) કહે, નહિ એમ નહિ, વિકાર પરથી થાય. નહિતર વિકાર સ્વભાવ થઈ જાય. એ તો અભિન્નની વાતું છે. પણ અભિન્નનો અર્થ શું ? અભિન્ન શબ્દ છે ત્યાં. ૬૨ (ગાથા). (બે વિદ્વાનો હતા). અભિન્નનો અર્થ શું ? એ પર્યાય પોતાથી થાય છે એનું નામ અભિન્ન, પરથી થાતી નથી એનું નામ અભિન્ન.

મુમુક્ષુ :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો અત્યારે... પર્યાય પર્યાયથી થાય છે. પર્યાય પોતાથી થાય એટલે દ્રવ્યથી એમ નહિ. કીધું ને ન્યાં ? વિકાર દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. હવે દ્રવ્ય-ગુણ ને પર્યાય વિકારને કરે ? અવિકારની પર્યાય એકકોર રાખો અત્યારે. કારણ

કે અવિકારી તો સ્વભાવ છે. છતાં અવિકારી પર્યાય છે એ અવિકારી સ્વભાવ એનો કર્તા નથી. એ અવિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ કર્તા-કર્મ-ક્રિયા ષટ્કારકથી પર્યાય પોતે પોતાને કરે છે. ભાઈ ! આવું છે. આકરું કામ છે. આહા..હા..! સત્ જ એવું છે ત્યાં... કેમ કે ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તમ સત્. ત્રણેય સત્ છે અને ત્રણ સત્માં એક સત્ બીજાનો આધાર રાખે તો સત્પણું જ ન રહે. આહા..હા..!

મુમુક્ષુ :– ત્રણ સત્ છે તો એક સત્નો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ઇ ત્રણ સત્ છે. પછી એને કહે, દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્ એ સત્નો વિસ્તાર છે. ૧૦૭ ગાથા આવે છે. છે ને, ખબર છે. પણ એ દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. આહા..હા..! આવું કામ છે, ભાઈ ! આહા..હા..! એકલો વીતરાગ સ્વભાવ. પર્યાયમાં વીતરાગ સ્વભાવ એ વીતરાગ સ્વભાવની પર્યાય પણ એનો કર્તા વીતરાગ પર્યાય, કર્મ પર્યાય. આહા..હા..! સમ્યગ્દર્શનને એમ કહો કે, **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થ ત્રિકાળને અવલંબે છે એ તો લક્ષ ત્યાં હતું એ અપેક્ષાએ (કહ્યું). બાકી તો સમ્યગ્દર્શનની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી ઉત્પન્ન થાય છે. અરે..! પ્રભુ ! આહા..હા..!

અભિમાન ગળી જાય એવું છે. અમે આમ કર્યું ને અમે આમ કર્યું ને અમે શાસ્ત્ર રચ્યા. એ તો આવ્યું હતું, શાસ્ત્ર રચના. કથન શું થાય ? એને શુભભાવ સિદ્ધ કરવો છે કે શુભભાવ એને આવે ખરો. પણ એ શાસ્ત્ર રચના કરી શકે એમ નહિ. આહા..હા..! સત્ પરદ્રવ્ય સત્, એનો ઉત્પાદનો પર્યાયનું સત્, તે કાળે તે પર્યાયનું સત્ દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના, ધ્રુવની અપેક્ષા રાખ્યા વિના ઉત્પાદ, ઉત્પાદથી થાય. એ ૧૦૧ ગાથામાં આવ્યું છે, 'પ્રવચનસાર'. આહા..હા..! એમ થતાં જ્ઞાતા જ્ઞાનપણે પરિણમે છે. એ જ્ઞાન ગુણ ને દ્રવ્ય છે જ્ઞાયક. આહા..હા..! એની જે સમ્યગ્જ્ઞાનની પર્યાય પરિણમે છે એ પર્યાયનું ષટ્કારકપણું પર્યાયમાં પર્યાયને કારણે છે. ભલે એનું લક્ષ દ્રવ્ય ઉપર હો પણ લક્ષ પણ સ્વતંત્રપણે ત્યાં આમ લક્ષ કરે છે. આવી વાતું છે, ભાઈ ! ઝીણી. જગતને કઠણ પડે. શું થાય ? સત્ જ આમ પોકારી રહ્યું છે.

મુમુક્ષુ :– લક્ષ કર્યું તો પર્યાયે દ્રવ્યનું અવલંબન લીધું ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય આમ લક્ષ કરે એટલું. પણ લક્ષ સ્વતંત્રપણે કરે

છે એ કર્તા થઈને પોતે પર્યાય કર્તા થઈને કરે છે. આવું છે, કહો, ભાઈ ! ક્યાં છે આમાં તમારે ન્યાં 'કલકત્તા-ફલકત્તા'માં ક્યાંય. ક્યાં ગયા ભાઈ ગયા ? ભાઈ ! આહા..હા..!

**'જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં...'** એટલે એની પર્યાયમાં છે. ભાષા તો શું સમજાવાય ત્યારે ? જીવમાં પણ એ જીવની પર્યાય છે એ જીવની છે ને ? વ્યવહારે એની પર્યાય છે ને. આહા..હા..! એ પરની નથી એટલી અપેક્ષા લઈને (એમ કહ્યું). કથનનું શું થાય ? બાપુ ! ઉપદેશની શૈલી એવી આવે. આહા..હા..!

**'પુદ્‌ગલના પુદ્‌ગલમાં છે...'** ઇ આ ત્રણ લઈ લેવા–કર્તા-ક્રિયા ને કર્મ. પરમાણુઓમાં અરે..! છએ દ્રવ્યમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, એની પર્યાયનું કર્તા-ક્રિયાપણું એનામાં છે, પરને લઈને છે નહિ. ગજબ વાત છે ને. આહા..હા..! **'વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્‌ગલ પરિણમે છે,...'** વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે એ તો ગુણ છે. સમજાણું ? વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એ તો પરમાણુનો ગુણ છે પણ એ પરિણમે છે પુદ્‌ગલ એમ કહેવામાં આવે છે. એ પુદ્‌ગલ પુદ્‌ગલની પર્યાય છે, એ જીવની નહિ એટલું બતાવવું છે. સમજાણું કાંઈ ? ભાષા ટૂંકી શી રીતે કરવી એને ? સ્પષ્ટ જ છે. પર્યાય પર્યાયના ષટ્‌કારકે થાય એટલે ખલાસ થઈ ગઈ વાત. એ વાત આવી ગઈ એમાં બધી. આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્ય પર્યાયને ન કરે તો કર્તાશક્તિ, કરણશક્તિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શક્તિ ધ્રુવ છે. પર્યાયમાં કર્તા-કર્મની ક્રિયા એ પર્યાયની પર્યાયમાં છે. ઓલા તો ગુણ છે, પર્યાયમાં એ ગુણ આવતો નથી. ષટ્‌કારક ગુણ છે ને ? પર્યાયમાં આવતો નથી. પણ એમ કહેવાય કે ગુણનું પરિણમન છે એમ કહેવાય. પરિણમન છે પરિણમનનું પણ એ ગુણ ધ્રુવ રહીને પર્યાય થઈ છે એટલે કહેવાય એમ. ભાષા શું થાય ? આહા..હા..! ગજબ

મુમુક્ષુ :– ગુણનો સ્વભાવ અપરિણામી અને પરિણામી છે. બન્ને સ્વભાવ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અપરિણામી છે દ્રવ્ય-ગુણ. પરિણામી સ્વભાવ પર્યાયનો.

મુમુક્ષુ :– એક ગુણમાં બે ધર્મ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગુણમાં બે નહિ. ગુણ અપરિણામી જ છે.

મુમુક્ષુ :– પરિણામી સ્વભાવ ક્યાં જશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ગુણ તો અપરિણામી ધ્રુવ સદૃશ એકરૂપ છે.

મુમુક્ષુ :- પરિણામી સ્વભાવ જે ત્રિકાળ છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરિણામી સ્વભાવ પર્યાયનો છે એમ પરિણામી કહેવું છે.

મુમુક્ષુ :- પર્યાયનો ત્રિકાળ સ્વભાવ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રિકાળ સ્વભાવ નહિ. એક સમયની પર્યાય... પરમ પારિણામિક ભાવ એ પરમપારિણામિક એટલે પરિણમે એમ ત્યાં કહેવું નથી. એ પરમ પરિણામિક એટલે સહજ સ્વભાવ ભાવ પરમ સ્વભાવ એ પરિણામિક. એ 'નિયમસાર'માં આવ્યું છે ને ? ચેતના પરિણામ ને ત્રિકાળી, ચેતના પરિણામ એ ગુણ છે ત્રિકાળી અને વર્તમાન પરિણામ ચેતના છે. બે લીધું છે. 'નિયમસાર'માં. આહા..હા..! ચેતના જે છે ત્રિકાળી ગુણ એ તો ધ્રુવ છે. એ પરિણમે છે એમ કહેવું એ એને સમજાવવું છે એટલે. બાકી પરિણમે છે એ ગુણ ધ્રુવ પરિણમતો નથી, પર્યાય પરિણમે છે. એથી પરિણમન અને અપરિણામી-એ બે વસ્તુ તરીકે ગણવામાં આવી. અપરિણામી દ્રવ્ય ને ગુણ અને પરિણામી પર્યાય. તેથી ભાષા એમ બોલાય આખા પ્રમાણનો વિષય કરે ત્યારે કે અપરિણામી પરિણામરૂપ છે. નિત્ય છે તે અપરિણામી છે અને અનિત્ય છે તે પરિણામ છે. એટલે નિત્યાનિત્ય સ્વરૂપ છે એમ કહેવામાં આવે. આવી વાતું છે. કહો, આવું છે આ. આહા..હા..! આજ રીતે છે તેમાં આમાં પછી પ્રશ્ન શું ? આહા..હા..!

**'પુદ્ગલના પુદ્ગલમાં છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્ગલ પરિણમે છે,...'** આહા..હા..! એ પરમાણુઓ વર્ણ-ગંધ-રસ તો ત્રિકાળી છે અને કાળી, લીલી એવી જે દશા છે એ પર્યાય છે, એ પુદ્ગલ પરિણમે છે એમ કહેવાય. ચૈતન્ય પરિણમતો નથી એમ કહીને પુદ્ગલ પરિણમે છે એમ કહેવાય. આહા..હા..! અરે..! આવી વાતું હવે. માર્ગ તો આ છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ભગવાને કહ્યું છે, કર્યું નથી કાંઈ એ કાંઈ ચીજને. આહા..હા..! આવી વાત છે. ન્યાયના ગ્રંથમાં એમ કહ્યું છે, 'આપ્તમીમાંસા'માં છે ને ? ધર્મી ને ધર્મ બેય ભિન્ન છે. ન્યાયના ગ્રંથમાં છે. ધર્મી દ્રવ્ય અને ધર્મ જે પર્યાય (બેય ભિન્ન છે). અરે..! ગુણ લ્યો તો પણ દ્રવ્યથી ગુણ ભિન્ન છે. કારણ કે દ્રવ્ય એકરૂપ છે, ગુણ અનેકરૂપ છે.

એક અનેક ગુણ છે ને એમાં ? ૪૭ (શક્તિમાં). વસ્તુ એકરૂપ છે એવો એક

ગુણ છે અને વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ રૂપે છે એવો પણ એક અનેક નામનો ગુણ છે. આહા..હા..! અથવા ઉત્પાદ-વ્યય ને ધ્રુવ નામનો એક આત્મામાં ગુણ છે. આહા..હા..! એ ગુણ ધ્રુવ, ધ્રુવપણે રહી અને પર્યાયપણે ઉત્પાદ-વ્યય થાય એવો એનો ગુણ છે. છતાં એ ગુણ ઉત્પાદપણે થાય એમ કહેવું એ વ્યવહાર છે. આવું છે. જગત તો વિરોધ કરે, એકાંત છે એમ લાગે. એમાં કાંઈ એનો દોષ નથી. એની દૃષ્ટિમાં એ બેઠું છે એ રીતે એમ જ માને. આહા..હા..!

**'જીવ તેમને ફેરવી શકતો નથી.'** જે પરમાણુઓના પુદ્ગલમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયરૂપે પરિણમે છે તે સમયની જે દશા છે તેને જીવ ફેરવી શકતો નથી. **'ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.'** આહા..હા..! કર્મનો અભાવ થાય માટે આત્મા અભાવપણે પરિણમે છે એમ નથી. આત્મામાં જ એવો એક અભાવ નામનો ગુણ છે કે કર્મના અભાવરૂપે થઈ દશા કર્મમાં અને અહીં પોતાના જ કારણે અભાવરૂપ પરિણમે છે. આહા..હા..! અને અભાવ નામનો જે ગુણ છે એની પર્યાયમાં પણ પરમાં અભાવરૂપે પર્યાયનો સ્વભાવ છે કે પરના અભાવરૂપે પોતાથી થવું. આહા..હા..! વિશેષ આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**નિશ્ચયનય તે તો જ્ઞાનનો એક અંશ છે, તે તો પર્યાય છે, તે પર્યાયના આશ્રયે કાંઈ મુક્તિ નથી, પણ નિશ્ચયનય અને તેના વિષયરૂપ જે ત્રિકાળ અભેદ સ્વભાવ છે, તે અભેદ સ્વભાવના અનુભવમાં નય અને નયના વિષયનો ભેદ નથી રહેતો, માટે અભેદ અપેક્ષાએ કહી દીધું કે, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' અહો ! સંતોની વાણી અંદરના ઊંડા અનુભવમાંથી નીકળેલી છે. જ્ઞાનના અંશને તો નય કહેવાય પણ તે નયના વિષયરૂપ ધર્મને પણ 'નય' કહેવો તેમાં રહસ્ય છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૭૭૫.**

**માગશર વદ ૧૨, મંગળવાર તા. ૨૬-૧૨-૧૯૭૮.**
**વચનામૃત-૪૧૧ પ્રવચન-૧૭૦**

વચનામૃત ૪૧૧. અડધો પેરેગ્રાફ ચાલ્યો તે દિ' ફરીને.

**'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરના કાર્ય કરવા મથે છે,...'** કહ્યું હતુંને સવારમાં ? આત્માની સત્તા વડે પર પ્રવર્તે. ત્યાં એમ કે આત્માની સત્તાને લઈને આ શરીર, વાણી, મનના કાર્યો થાય છે. એમ નથી. એ જડના કાર્ય પણ તે સમયે તે પર્યાય ઉત્પન્ન થવાનો એનો જન્મક્ષણ હોય છે. તે પ્રકારે એને શરીરને આમ હાલવું, ચાલવું આદિ જે પર્યાય છે તેનો ઉત્પત્તિના ક્ષણે-કાળે તે ઉત્પન્ન થાય છે. ખરેખર તો એ પર્યાયની એ પરમાણુને કાળલબ્ધિ છે. જન્મક્ષણ કહો, કાળલબ્ધિ કહો. ભગવાને જ્ઞાનમાં દીઠું છે કે આ સમયે આ પર્યાય આને થશે એ કહો, બધું એક જ છે. એટલે પર પદાર્થ એક પરમાણુ કે શરીર કે વાણી, જડ એનું આત્મા કાંઈ કરી શકતો નથી. આ દાઢ પણ હલાવી શકતો નથી, ખાવાની ક્રિયા વખતે. આહા..હા..! એ ક્રિયા.. એ પરમાણુની પર્યાય છે. કહ્યુંને પહેલું ? દાઢ રોટલીના ન્યાં ટુકડા કરે છે એથી દાઢ હલે છે એ આત્મા હલાવે છે, એમ નથી. આહા..હા..! એ દાઢના રજકણો એની એ સમયે જન્મક્ષણ છે એને આમ આમ થવાની. એથી તે પર્યાય એનામાં એનાથી થાય છે, આત્માથી નહિ. આહા..! આટલું સંકેલવું.

મુમુક્ષુ :- એમાં કાંઈ નિમિત્ત નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નિમિત્તનો અર્થ જ કે એ કરતું નથી, એનો અર્થ જ છે, નિમિત્તનો અર્થ જ ઇ છે. નિમિત્ત એને કહીએ કે કાંઈ કરી શકે નહિ. પરનું, હોં ! પરનું. ત્યારે એને નિમિત્ત કહેવાય. આહા..હા..! આ તો આ પ્રશ્ન થયો હતો કે આત્માની સત્તા વડે આ પર પ્રવર્તે. આત્મા જ્ઞાન સ્વભાવી વસ્તુ છે, એનો સ્વ-પરપ્રકાશક સ્વભાવનો જન્મક્ષણ છે તે કાળે તે પરને જાણે છે તેમ કહેવામાં આવે છે. ખરેખર તો એ પોતે પોતાની પર્યાયને જાણે છે. આહા..હા..! આમ સંકેલી લેવી દૃષ્ટિને. આકરી

વાત છે પણ એની વસ્તુનું સ્વરૂપ જ એ છે. **'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરના કાર્ય...'** એટલે શરીરના, વાણીના, આહાર-પાણીના એમ કે પાણી હું પીવું છું એ પર્યાયને હું કરી શકું છું. આહા..હા..! **'પણ પર પદાર્થના કાર્ય તે બિલકુલ કરી શકતો નથી.'** જરીએ કરી શકતો નથી. નિમિત્ત કહેવાય એનો અર્થ એ કાંઈ પર નિમિત્ત કરતું નથી એને. ત્યારે તો તે નિમિત્ત કહેવાય.

**'દરેક દ્રવ્ય...'** આ મહા સિદ્ધાંત. **'દરેક દ્રવ્ય...'** કેમ કે ૧૦૨ ગાથા 'પ્રવચનસાર'માં કહ્યું કે છ દ્રવ્ય જે જ્ઞેય છે તેની જે સમયે ક્ષણ ઉત્પન્ન થવાનો કાળ છે ત્યારે થાય છે. એ છએ દ્રવ્યની વાત છે. જ્ઞેય અધિકાર છે ને ? એ જ્ઞેયમાં જીવ, પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. છ દ્રવ્ય જ્ઞેય છે તેને તે સમયે, તે અવસ્થા થાય છે તે તેના ઉત્પત્તિના કાળથી થાય છે. નિમિત્તથી નહિ, પૂર્વની પર્યાયથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. આવી વાતું આકરી છે.

**'દ્રવ્ય દરેક સ્વતંત્રપણે પરિણમે છે.'** તેની અવસ્થા પોતે પરની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! તે તે સમયે, તે તે પર્યાય સ્વતંત્રપણે (થાય છે). ખરેખર તો તે દ્રવ્ય ને ગુણની પણ જેને અપેક્ષા નથી. એ રીતે તે છ દ્રવ્યની પર્યાય તે તે કાળે થાય છે. આહા..! **'જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...'** જીવના કર્તા-ક્રિયા-કર્મ શબ્દ સમજાવવો છે ને ! બાકી ખરેખર તો કર્તા-કર્મ-ક્રિયા પર્યાયના પર્યાયમાં છે. પણ જીવના પર્યાય એમ છે ને એટલે એમ કહેવામાં આવે છે. આહા..! **'જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે...'** એટલે જીવની જે પર્યાય છે એ પર્યાય કર્તા-ક્રિયા ને કર્મ તેની એક સમયની પર્યાયમાં છે. જીવદ્રવ્ય જે છે એની જે સમયે જે પર્યાય થાય છે તે પર્યાય કર્તા, કર્મ, ક્રિયા ષટ્કારકરૂપે પરિણમતી પર્યાય થાય છે. આહા..હા..! આમાં પરની દયા પાળી શકું ને પરને બચાવી શકુંને એ વાત રહેતી નથી. આહા..હા..!

જીવના એટલે જીવની પર્યાયના કર્તા-ક્રિયા-કર્મ ત્રણ બોલ લીધા પણ છએ બોલે લેવા. પર્યાય કર્તા છે, પર્યાય કાર્ય છે, પર્યાય કરણ નામ સાધન છે, પર્યાય સંપ્રદાન પર્યાય થઈ થઈને રાખી છે, પર્યાયથી પર્યાય થઈ છે, પર્યાયના આધારે પર્યાય થાય છે. તે પર્યાયના કર્તા-ક્રિયા-કર્મ પરિણતિ પર્યાયમાં છે, પરને લઈને નહિ. આવી વાતું ભારે. આહા..! આ ડૉક્ટરનું બધું કામ કરે છે કહે છે એ બધું જીવ કરતો નથી, શરીરને હલાવતો નથી. આહા..હા..!

**'પુદ્‌ગલના પુદ્‌ગલમાં છે.'** એટલે ? પરમાણુઓ જે અનંત છે જે જ્ઞેય છે તે તેની એક સમયની પર્યાયમાં તેમાં ષટ્‌કારકરૂપે પરિણમન પર્યાયના પર્યાયમાં છે. એ પુદ્‌ગલની પર્યાયના પર્યાયમાં છે. આહા..હા..! આવી વાત આકરી પડે જગતને શું થાય ? વસ્તુસ્થિતિ આ છે. પુદ્‌ગલના કર્તા-ક્રિયા-કર્મ પુદ્‌ગલમાં છે.

રંગ વર્ણ એટલે રંગ. **'વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્‌ગલ પરિણમે છે,...'** ઇ પુદ્‌ગલ પર્યાયપણે, રંગપણે, ગંધપણે, રસપણે કે સ્પર્શપણે તેની પર્યાયમાં જે કાળી, ધોળી રાતી આદિ પર્યાય થાય છે તે પર્યાય ખરેખર તો તેના ગુણ અને દ્રવ્યથી પણ નહિ. તે પર્યાય તેના કર્તા, કર્મ, ષટ્‌કારકથી પર્યાય થાય છે. આહા..હા..! આવું એકાંત લોકોને લાગે કે આ છે. બાપુ ! શું થાય ?

ભગવાન જ્ઞાયક સ્વરૂપ ભિન્ન છે. એની પર્યાય પણ પોતાની પોતાથી થાય છે. જાણવાની પર્યાય, પરને જાણવાની પર્યાય (થાય છે) એ પરને લઈને નહિ, પોતાના દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહા..હા..! જ્ઞાયકની પર્યાયની પરિણતિ એ ષટ્‌કારકરૂપે પરિણતિ તે પરિણતિમાં થાય છે. એને પરની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! કેવળી ભગવાન લોક જાણે છે એ પણ વ્યવહાર છે. ખરેખર તો એની પર્યાયમાં ષટ્‌કારકરૂપે કેવળજ્ઞાનની પર્યાય પરિણમે છે તેને જાણે છે. પરને જાણે છે એમ કહેવું અસદ્‌ભૂત વ્યવહાર છે. આહા..હા..!

**'જીવ તેમને ફેરવી શકતો નથી.'** આ શરીરના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જે પર્યાયપણે પરિણમે છે તે સમયની તે પર્યાયને જીવ ફેરવી શકતો નથી. આહા..હા..! **'ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે,...'** છે ? જ્ઞાન સ્વરૂપી ભગવાનઆત્મા જ્ઞાનની પર્યાયપણે થાય છે. ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે. ભાવ એટલે પર્યાય. ભાવ નામ ત્રિકાળી છે એ તો શક્તિ છે. પણ દ્રવ્યનેય ભાવ કહેવાય છે, ગુણનેય ભાવ કહેવાય છે, પર્યાયને પણ ભાવ કહેવાય છે. ચેતનના ભાવરૂપે એટલે કે તેની વર્તમાન પર્યાય અવસ્થારૂપે ચેતન પર્યાય પોતે પરિણમે છે. આહા..હા..! **'જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.'** ભગવાનઆત્મા જ્ઞાયક સ્વભાવભાવ તેની વર્તમાન પર્યાય સ્વ-પરપ્રકાશકપણે પર્યાય પરિણમે છે તે પોતાના ષટ્‌કારકથી પરિણમે છે, તેમાં બીજા તત્ત્વો કાંઈ શકતા નથી. આહા..હા..! ત્યાં સુધી તો આવ્યું હતું તે દિ'. પહેલો પેરેગ્રાફ આવ્યો હતો. ચોથ, માગશર સુદ ચોથ. અહીં સુધી આવ્યું હતું.

**'તું જ્ઞાયકસ્વભાવી છે.'** આહા..હા..! તું તો જાણક સ્વભાવી... જાણક સ્વભાવી... જાણક સ્વભાવી છે. આહા..! જ્ઞાયક સ્વભાવી છે. **'પૌદ્ગલિક શરીર-વાણી-મનથી તો તું જુદો જ છે,...'** એ તો જડ છે માટી, એનાથી તો જુદો છે એમ કહે છે. પરિણામની વાત પછી લેશે. શરીરથી તો વાણીથી, મનથી જુદો છે પણ, પણ કેમ કહ્યું કે બીજો બોલ લેવો છે માટે. **'પણ શુભાશુભ ભાવો પણ તારો સ્વભાવ નથી.'** હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના, કામ, ક્રોધના ભાવ થવા એ પણ કાંઈ તારો સ્વભાવ ત્રિકાળી વસ્તુ નથી. આહા..! તેમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઉઠે એ કંઈ તારો સ્વભાવ નથી. આહા..!

**'અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે,...'** અજ્ઞાનને લીધે, કર્મને લીધે નહિ. સ્વભાવ જ્ઞાયક છે, જાણનાર, જાણનાર પરમ બ્રહ્મ ભગવાન છે તેના અજ્ઞાનને લીધે, તેના જાણપણાના અભાવને લીધે. આહા..! તેં પરમાં–પર એટલે શરીર, વાણી, મન આદિ પરમાં. તેમ જ વિભાવમાં એટલે શુભાશુભ બે બોલ આવ્યા ને ઉપર ? પરમાં અને શુભાશુભ ભાવમાં. આહા..હા..! **'પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે,...'** એકત્વબુદ્ધિ કરી છે, એકત્વ છે નહિ. નિરાળો છે ભગવાન તો. આહા..હા..! રાગથી તો નિરાળો છે, પરથી તો નિરાળો છે પણ રાગના વિકલ્પથી પણ નિરાળો જ છે. એકત્વ કદી થયો છે નહિ. પણ એકત્વપણું એણે માન્યું છે. એ માન્યું છે તે સ્વરૂપમાં નથી. આહા..હા..! છે ?

**'અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં (શુભાશુભ ભાવમાં) એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી...'** એકત્વબુદ્ધિ તેં કરી છે, એકત્વ છે નહિ. જ્ઞાયક સ્વભાવ જે ભગવાન ચૈતન્યદળ એ તો નિરાળો રાગથી ત્રિકાળ નિરાળો છે. પર્યાયમાં હોં ! પણ એણે માન્યું છે કે આ રાગ (તે હું). આ અંતરમાં આ સ્વરૂપ છે તેનું જ્ઞાન નથી એને લઈને રાગ છું, ત્યાં અસ્તિત્વ માન્યું છે. એથી તેણે ત્યાં એકત્વબુદ્ધિ કરી છે. આહા..હા..! જ્ઞાયક સ્વરૂપ છું, પૂર્ણાનંદ જ્ઞાનરસકંદ જાણક, સ્વભાવનો સૂર્ય, તેના અજ્ઞાનને લીધે રાગમાં એકત્વબુદ્ધિ તેં જાતે ઉભી કરી છે. આહા..!

મુમુક્ષુ :– આત્મા તો વિકાર કરવાને સમર્થ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણે કીધું ઇ ? પર્યાય કરે છે એમ કીધું ને, પર્યાયમાં જ કરે છે એમ કીધું ને. વસ્તુમાં નથી. વસ્તુ તો નિરાળી છે પણ પર્યાયમાં એકત્વબુદ્ધિ

કરે છે પણ એ એકત્વબુદ્ધિ કરે છે એવો જે મિથ્યાત્વભાવ એ પણ વસ્તુમાં નથી. આહા..હા..! આવું છે.

પરમાં તેં એકત્વબુદ્ધિ કરી છે. **'તે એકત્વબુદ્ધિ છોડી...'** તેં કરી છે તો તે છોડી, એમ કહે છે. આહા..હા..! જ્ઞાયક જાણક તત્ત્વ સ્વયંસિદ્ધ વસ્તુ ધ્રુવ છે, સત્ છે તેમાં તેનું તને અજ્ઞાનને લીધે તેમાં નથી તેવા રાગમાં એકત્વબુદ્ધિ છે નહિ તેમ કરી છે. એમાં છે નહિ તેમ તે પર્યાયમાં એકત્વબુદ્ધિ કરી છે. આહા..હા..! એ એકત્વબુદ્ધિ છોડ. તેં કરી છે તો છોડ. આહા..હા..! પર્યાયદૃષ્ટિમાં, દ્રવ્યદૃષ્ટિને લક્ષમાં લીધા વિના પર્યાયદૃષ્ટિથી રાગના વિકલ્પને એકત્વબુદ્ધિ માની છે એ પર્યાયબુદ્ધિને છોડ. આહા..હા..! આવું છે આકરું કામ. છે તો એની જાતની કામની વસ્તુ. આહા..! અભ્યાસ નહિ અને અત્યારે તો આખું પ્રવર્તન બદલાય ગયું. આહા..હા..! આખો સંઘ નીકળ્યો છે .. રસ્તામાં. માણસો હાથીને.. હાથી તો પાછળ રહી ગયો કે પણ કેટલા સાધુ ને .. એકદમ વહેલા વહેલા ઉઠીને ચાલતા હતા 'પાલીતાણા' જવા હાટુ. અહીં આવશે. લોકો એમ માને આ બધું હાલીએ છીએ એ આપણી ક્રિયા છે, આપણે કરીએ છીએ. આપણી જાત્રા થાય 'પાલીતાણા'માં. આકરું કામ બહુ, બાપા !

મુમુક્ષુ :- પાણીતાણાની જાત્રા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'પાલીતાણા'ની એટલે શું ? ત્યાં પર્યાય થાય શુભ કદાચ પોતે, તો એ શુભની ક્રિયાને કરે. આહા..હા..! પરની વાણીને, સ્તુતિને તો કાંઈ કરી શકતો નથી, પગને ક્ષેત્રુંજયે લઈને આમ હલાવી શકતો નથી, લઈ શકતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... બહુ આકરો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ વસ્તુસ્થિતિ આવી છે ને, બાપા ! આહા..હા..! આવી રીતે ન હોય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ નહિ થાય. દ્રવ્ય સિદ્ધ, ગુણ સિદ્ધ, પર્યાય સિદ્ધ. સત્ છે ને ત્રણેય ? ત્રણેય સત્ છે ને ? દ્રવ્ય સત્, ગુણ સત્ પર્યાય સત્, ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ સત્ અને સત્ હોય તેને હેતુ ન હોય. બંધમાં આવે છે, બંધ અધિકાર. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણ બોલ આવે છે ત્યાં. દ્રવ્યને સત્ છે માટે કોઈ હેતુ ન હોય, ગુણ સત્ છે માટે હેતુ ન હોય અને પર્યાય પણ અવસ્થા સત્ છે માટે કોઈ હેતુ ન હોય. એને દ્રવ્ય ગુણનો પણ હેતુ નહિ. આહા..હા..! અરે..રે..!

એ વાત ક્યારે બેસે એને ?

આત્મામાં રાગ જે થાય છે, કહે છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો એ આત્મામાં નહિ, પર્યાયમાં થાય છે. અને તે પર્યાયમાં પણ ષટ્કારના કર્તા, કર્મ પરિણતિથી તારામાં થાય છે. ઇ તને કેમ થાય છે ? કે જે જ્ઞાયક સ્વરૂપ જે વસ્તુ છે ચૈતન્યમૂર્તિ ભગવાન એના અજ્ઞાનને લઈને, એના અભાનને લઈને, એના બેભાનને લઈને. બેભાન કહો કે અજ્ઞાન કહો. બે ભાન એટલે કે બેનું ભાન એમ નહિ. આત્માનું ભાન ને પર્યાયનું ભાન એમ બેભાન એમ નહિ. બેભાન એટલે અભાન. આહા..! ભગવાન ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા, એના અજ્ઞાનને લીધે એ રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયા પણ મારી છે ને હું કરું છું એ અજ્ઞાન છે. આવી વાત છે. છે ?

**'તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.'** તારું સ્વરૂપ જ જાણવાના દેખવાનું સ્વરૂપ છે. તું જ્ઞાતા-દૃષ્ટા, જગત જ્ઞેય અને દૃશ્ય, તે પણ વ્યવહાર છે. આહા..હા..! તું જાણનાર-દેખનારને દૃશ્ય ને જ્ઞેય પર એ પણ વ્યવહાર છે. તું જ્ઞાતા-દૃષ્ટા ને તારી દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનાર-દેખનાર તું. આવે છે ને છેલ્લું ? જ્ઞાતા-જ્ઞાન ને જ્ઞેય તું છો. જ્ઞાતા આત્મા અને જ્ઞેય પરદ્રવ્ય એમ નહિ. આહા..હા..! આવું છે. જ્ઞાતા જાણનારો તું, જણાય એ પણ તું, જાણવાની પરિણતિ થાય તે પણ તું. તેને તું જાણ, પરિણતિ ગુણ ને દ્રવ્યને (જાણવાની). આહા..હા..! આવી વાત.

મુમુક્ષુ :- પોતાના પણ ત્રણ ભેદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભેદ છે એટલો વ્યવહાર સદ્ભૂત વ્યવહાર છે ને. એ સદ્ભૂત વ્યવહાર કહ્યું. જ્ઞાન તે આત્મા એ સદ્ભૂત વ્યવહાર અણઉપચાર. ૧૧મી ગાથામાં. એ જાણું તે, જ્ઞાન તે આત્મા એટલો જે ભેદ છે, એ સદ્ભૂત પર્યાય પોતામાં છે માટે સદ્ભૂત, પણ જ્ઞાન તે આત્મા એવો ભેદ પડે છે તે વ્યવહાર અને તે અણઉપચાર છે. આહા..હા..! પણ છે વ્યવહાર, છે નિષેધ. આહા..હા..! અને એ જ્ઞાન પોતાનું હોવા છતાં રાગને જાણે છે એમ કહેવું એ પણ સદ્ભુત ઉપચાર છે, એ પણ નિષેધ છે. આહા..હા..! આવી વાત આકરી પડે જગતને. અભ્યાસ નહિ લોકોને, વાસ્તવિક તત્ત્વની આ સ્થિતિ છે. આહા..!

ચાર બોલ આવે છે ૧૧મી ગાથામાં. સદ્ભૂત અણઉપચાર વ્યવહાર, સદ્ભૂત ઉપચાર વ્યવહાર, અસદ્ભૂત અણઉપચાર વ્યવહાર, અસદ્ભૂત ઉપચાર વ્યવહાર.

ચારેય નિષેધ છે. એટલે ? કે જ્ઞાન તે આત્મા એવો ભેદ પડે છે પણ છે પોતાનું જ્ઞાન એટલે સદ્‌ભૂત છે પણ ભેદ પડ્યો તે વ્યવહાર છે અને તેથી તે અણઉપચાર છે. જ્ઞાન આત્મા છે એ અણઉપચાર છે. અને જ્ઞાન છે તે રાગને જાણે છે એમ કહેવું તે સદ્‌ભૂત જ્ઞાન પોતાનું પોતામાં છે એને જાણે છે કહેવું એ ઉપચાર છે, સદ્‌ભૂત ઉપચાર છે. હવે રાગ અસદ્‌ભૂત છે. આ બે તો સદ્‌ભૂતમાં નાખ્યા. હવે રાગ જે છે એ અસદ્‌ભૂત દ્રવ્ય, ગુણ, પર્યાય નથી નિશ્ચયમાં સ્વમાં તેથી તે રાગને અસદ્‌ભૂત કહી અને જાણવામાં આવે એટલા રાગને અસદ્‌ભૂત ઉપચાર કહે છે. આહા..હા..! અને તે સમયે રાગ જાણવામાં નથી આવતો તે છે એમ જાણવું તે અસદ્‌ભૂત–અણઉપચાર વ્યવહાર કહે છે. એ ચારેય અભૂતાર્થ છે, સત્યને સિદ્ધ સાબિત કરતા નથી. કેમ કે તે પર્યાયના ભેદમાં આ પ્રકાર પડે, તે વસ્તુમાં નથી. આહા..હા..!

ચારેય નયોને અવિદ્યમાન અસત્યાર્થ કહેવામાં આવી છે. કેમ ? ભગવાનઆત્મા પોતાના અભેદ સ્વરૂપને જ્યાં અનુભવે અને જોવે છે તેમાં એ જ્ઞાન તે આત્મા એવો ભેદ તેમાં દેખાતો નથી. આહા..હા..! અભેદમાં ભેદ દેખાતો નથી માટે ભેદને નથી–અવિદ્યમાન છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આવી વસ્તુ છે. અજાણ્યા માણસને તો આ લાગે કે આ શું કહે છે આ તે ? બાપુ ! પ્રભુ ! માર્ગ એવો છે કોઈ. આહા..હા..!

મુમુક્ષુ :– વસ્તુનો જ ભેદ હોવા છતાં અવસ્તુ કેમ કહ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભેદનો ભેદ છે ને. ભેદ છે તે વ્યવહાર થઈ ગયો. અભેદ છે તે નિશ્ચય છે. એક સમયની પર્યાય છે એવો દ્રવ્યમાં ભેદ પડ્યો. આહા..હા..! વસ્તુ અભેદને જાણતાં.. જાણે છે એ પાછી પર્યાય. પણ એ પર્યાય અભેદને જાણે છે ત્યાં ભેદ એમાં દેખાતો નથી, એ પર્યાય ભેદને જાણે છે તેમ એ પર્યાય પણ જુદી છે એમ દેખાતી નથી એમાં.

મુમુક્ષુ :– અભિન્ન થઈ ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અભિન્ન થઈ નથી. એ બાજુ ઢળી ગઈ છે. આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્યને પોતાનાથી ભિન્ન છે એમ પર્યાય જાણે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભેદ પણ કાંઈ નથી. એ તો પર્યાય આ અંદર જાણે છે, બસ. પર્યાય પર્યાયમાં રહી અને અભેદને જાણે છે. પણ આમ રહીને જાણે છે એવોય ત્યાં ભેદ નથી. એ તો ... આહા..હા..! આવું છે. માર્ગની રીત આવી છે.

સાંભળવામાં મળે નહિ માટે કાંઈ વસ્તુ બીજી થઈ જાય ? વસ્તુ તો જે છે ઇ છે. આહા..! **'તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.'** જાણનારો થઈ જા. પછી પર્યાયમાં જાણનારો થઈ જા, એમ થયું ને. જ્ઞાતા તો છે પણ પર્યાયમાં જાણનારો થઈ જા. જાણનારો જ્ઞાતા છે એ કાંઈ... આહા..હા..!

મુમુક્ષુ :– પર્યાયને જુદી પાડવી એ પાલવે એવું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્ઞાતા થઈ જાય એટલી વાત છે, જાણનારો થઈ જા, બસ એમ. જાણનારો થઈ જા, બસ એટલું. જાણનારી પર્યાય ને જાણનારો જુદો એવું બે એમાં કાંઈ નથી. છે તો બે પણ બે લક્ષમાં નથી એમ કહેવું છે. છે તો બે છતાં બે લક્ષમાં નથી. લક્ષમાં એક અભેદ છે. આહા..હા...! આવું છે.

મુમુક્ષુ :– આત્મા અને રાગ છે તો બે પણ લક્ષમાં એક કરે છે, એમ આત્મા અને પર્યાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ના એમ નહિ. રાગ તો વિભાવ છે, પર વસ્તુ છે અને આ જાણવાની પર્યાય તો એની પર્યાય પોતાની છે. પર્યાય તરીકે, હોં ! રાગ તો એની પર્યાય તરીકે પણ નથી. આહા..હા..! એવી વાત છે, બાપુ ! આહા..હા..! એ રાગની એકત્વબુદ્ધિ મિથ્યા ભ્રાન્તિ છે. ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિનો હોય. આહા..હા..! ત્યારે એ આવ્યું હતું ને ? (એક શ્વેતાંબર સાધુ તરફથી), કે આવું બધું તમે કહેશો તો આ બધું ઉડી જશે ને કાંઈ કરવાનું રહેશે નહિ. એના માણસો આવ્યા હતા. આહા..! ગમે તે કરો, બાપુ ! ગમે તેમ માનો તમે પણ વસ્તુ તો આમ છે. વાત તો એને સૌને આ બધું ક્રિયાકાંડથી ધર્મ મનાવવો છે ને અને એનાથી નિશ્ચય થશે, વસ્તુ થશે એમ માનવું છે. આહા..હા..!

અહીં તો એ રાગની એકત્વબુદ્ધિ જે છે... કેમ કે દ્રવ્ય સ્વભાવ જે જ્ઞાયક છે તેનું તેને અંદર આ મહાપ્રભુ છે ચૈતન્યરસકંદ છે, ધ્રુવ છે તેનું તેને જ્ઞાન નહિ હોવાથી અજ્ઞાનને લીધે જે તેનામાં નથી અને કૃત્રિમ ઉભો થયેલો વિકલ્પ રાગ છે એને પોતા તરીકે એકત્વમાં માને છે. એ ભ્રાન્તિ છે, એ મિથ્યાત્વ છે. અનંત સંસારનો ગર્ભ એમાં મિથ્યાત્વમાં પડ્યો છે. આહા..હા..! અરે..રે..! શું થાય ?

**'જ્ઞાતા થઈ જા. શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને...'** શુદ્ધ ભગવાન ત્રિકાળી ભગવાન જ્ઞાયક દ્રવ્ય સ્વભાવ શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્મદ્રવ્ય, પર્યાય નહિ, **'શુદ્ધ**

**આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ...**' ધારણામાં લઈ લીધું કે આ શુદ્ધ દ્રવ્ય છે એમ નહિ. શુદ્ધ દ્રવ્ય જે વસ્તુ છે મહાસત્તા, ચૈતન્ય સત્તા પ્રભુ એની યથાર્થ, યથાર્થ-જેવો પદાર્થ છે તેવી જ તેની પ્રતીતિ અંતરમાં સન્મુખ થઈને. આહા..હા..! કરીને, '**યથાર્થ પ્રતીતિ કરીને...**' પ્રતીતિ કરી એ તો થયું પાછુ એમાં. પર્યાયે પ્રતીતિ કરી. ખરેખર તો એ પ્રતીતિ થાય છે એ ષટ્કારકના પરિણમનથી થાય છે. શું કીધું એ ? કરીને કીધું છે ને એમાં ? કરીને કરીને કરતાં.. પ્રતીતિ કરીને એટલે પ્રતીતિ પણ ષટ્કારકથી, પરિણમનથી થાય છે. આહા..હા..! ફક્ત આમ લક્ષ ફરે છે. આશ્રય કરે છે એનો અર્થ કે લક્ષ ફરે છે. લક્ષ ફરે છે એટલે કાંઈ દ્રવ્ય એને લક્ષ આપે છે. આહા..હા..!

મુમુક્ષુ :- શબ્દ પ્રમાણે અર્થ તો હોવો જોઈએ ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ શબ્દ પ્રમાણે અર્થ આ. પર્યાયનું જે લક્ષ પર ઉપર હતું, પોતાની જ્ઞાયક દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ નહોતી તેથી તેની રાગ ઉપર દૃષ્ટિ હતી તેને લક્ષને ફેરવી નાખે છે. ન્યાં લક્ષ હતું પર્યાયબુદ્ધિમાં. ભાષા બીજે ગમે એમ કરો પણ વાત પર્યાયબુદ્ધિમાં લક્ષ હતું એ દ્રવ્યબુદ્ધિમાં લક્ષ જાય છે, બસ આટલું. આહા..! સમજાણું કાંઈ ? આહા..હા..! વસ્તુ તો વસ્તુ છે ઇ છે, પણ એનું જે પર્યાયમાં લક્ષ જે આમ હતું, રાગમાં અસ્તિત્વપણે પોતે માનતો હતો. કારણ કે આખું આ અસ્તિત્વ છે એ તો દૃષ્ટિમાં, જ્ઞાનમાં છે નહિ. મહાપ્રભુ જ્ઞાયકનું અસ્તિત્વ છે, સત્તા છે, મોજૂદગી હોવાપણે પરમાર્થ પદાર્થ છે, તેના હોવાપણા તરફનો તો શ્રદ્ધાનો અભાવ છે. એથી અહીંયા રાગના હોવાપણામાં શ્રદ્ધા રોકાઈ ગઈ છે. આહા..હા..! તે હવે છોડ. તું રોકાણો છો તું હવે છોડ. કોઈ કર્મને લઈને છે કે એમ કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- છોડ એ શી રીતે ? છોડ એ બરાબર છે પણ કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- રીત ઇ કે એના ઉપરથી લક્ષ છોડ. છોડવું છે એને, એને છોડવું છે એને કેમ કરવું એ ક્યાં પ્રશ્ન આવે. આહા..હા..! જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન મહાપ્રભુ તો બિરાજે છે. સચ્ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ મહાસત્તા, એ સત્તાના સત્ત્વની તો શ્રદ્ધા નથી, તેનું તો અજ્ઞાન છે. તેથી તે વર્તમાનના રાગમાં પોતાનું અસ્તિત્વ માને છે. આ અસ્તિત્વની ખબર નથી એટલે અહીં રાગનો વિકલ્પ ઉઠે છે એમાં પોતાપણે એકત્વબુદ્ધિએ અસ્તિત્વ માને છે. આહા..હા..! આવું છે.

એ છોડીને '**આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને--શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને,...**'

એમ. ઇ લીટી કેમ કરી ? કે શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને એટલે એમ. એટલે શું ? શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને તું... **'આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને...'** એટલે કે **'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને,..'** એમ, લીટી કરી છે ને. આહા..હા..! જે વર્તમાન પર્યાયદૃષ્ટિમાં, રાગદૃષ્ટિમાં છો એમ માન્યું છે તેં, તે દ્રવ્યદૃષ્ટિમાં જા. એ દ્રવ્યદૃષ્ટિને પ્રગટ કર. આહા..હા..! શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાનઆત્મા એની દૃષ્ટિ પ્રગટ કરીને તે પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ છે ને ? દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, દ્રવ્ય પ્રગટ કરીને નહિ.

**'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને,...'** એટલે ? પર્યાય તે કાળે થાય છે. આહા..હા..! શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, શુદ્ધ દ્રવ્ય પ્રગટ કરીને નહિ. દૃષ્ટિ દ્રવ્યને જાણે છે, વિષય જાણે છે. દૃષ્ટિમાં દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે એટલું પ્રતીતિમાં આવે છે, દૃષ્ટિમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયક પરિણતિ પ્રગટાવ...'** જોયું ? જ્ઞાયકપરિણતિ. જે રાગની પરિણતિ જે છે.. તો જ્ઞાયક પરિણતિ. જ્ઞાયક તો ત્રિકાળ છે એની વર્તમાન પરિણતિ શુદ્ધ પ્રગટાવ. આહા..! જ્ઞાયક પ્રગટાવવો નથી. આહા..હા..! જ્ઞાયક તો જ્ઞાયક છે.

૧૧મી ગાથામાં નથી આવ્યું ? કે વ્યવહાર વિમોહીત મૂઢ જીવો આત્માને જ્ઞાયકને તિરોભૂત કરે છે. આ જ્ઞાયક તિરોભૂત થતો નથી, જ્ઞાયક તો જે છે એ છે અનાદિથી. પણ જેની રાગમાં વિમોહીત બુદ્ધિ થઈ છે તેને જ્ઞાયક લક્ષમાં આવ્યો નથી તેથી એને એની દૃષ્ટિમાં તિરોભૂત થયો. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! ૧૧મી ગાથામાં આવે છે. અને શુદ્ધનયની દૃષ્ટિવંત ભૂતાર્થદર્શીઓ શુદ્ધનયથી સ્થપાયેલી એવી ચીજ તે ઉપર દૃષ્ટિ આપતા આહા..હા..! એ ભૂતાર્થને જોવે છે. એ ભૂતાર્થ છે તેને આવિર્ભાવ કરે છે. ભૂતાર્થ છે એ આવિર્ભાવ ભાવ થતો નથી, એ તો છે ઇ છે. પણ એને જે આવિર્ભાવ ભાવ નહોતો, પર્યાયમાં લક્ષ નહોતું એણે પર્યાયમાં પ્રગટ કર્યું, એને જ્ઞાયક આવિર્ભાવ ભાવ થયો એમ કહેવામાં આવે. જ્ઞાયક આવિર્ભાવ અને જ્ઞાયક તિરોભાવ એમ થતું નથી. જ્ઞાયક તો ત્રિકાળી એકરૂપે શુદ્ધ ત્રિકાળ છે. આહા..હા..!

મુમુક્ષુ :– દૃષ્ટિએ તો જ્ઞાયકનો કબજો કરી લીધો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કબજો કર્યો નથી. એનું સામર્થ્ય છે તેટલું પ્રતીતમાં લઈ લીધું છે. કહેવાય એમ ભાષા પણ ખરેખર તો એની સામર્થ્ય જેટલું છે એટલું પ્રતીતમાં

લઈ લીધું છે. સામર્થ્ય તો સામર્થ્યમાં રહ્યું છે. આહા..હા..! નવા માણસને તો ભારે આકરું લાગે. આવો ઉપદેશ કઈ જાતનો ? જગતના પ્રવાહથી જુદી જાત છે, ભાઈ ! આહા..! લોકો સાંભળે છે હવે તો. કાલ જુઓ માણસ.. આહા..હા..! સમાય નહિ માણસ. શું કહેવાય ? ભાટિયાની વાડી. કેટલું માણસ ! ત્રણ હજાર કે તેટલું માણસ. રાતે ચર્ચામાં સાડા પાંચસો માણસ એને ઘરે. બહુ ઉદાર માણસ છે. રાતે ઓ'લી કરી હતી પેંડાની લાણી. સાડા પાંચસો જોયા, રાતે ચર્ચામાં સાડા પાંચસો પેંડા. ઉદાર ઘણો માણસ. પહેલાં ન્યાં ગયા હતા પછી 'મણિનગર'માં દૂધ પીધું. દસ હજાર રૂપિયા મુક્યા, દસ હજાર કારખાના તરફથી જ્ઞાન ખાતે. આહા..હા..! એની શું કિંમત છે.

મુમુક્ષુ :– જ્ઞાન ખાતે વાપરે તો જ્ઞાન વધે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વસ્તુ સમજવા જેવું છે. વ્યવહારથી એમ કહેવાય. બાકી તો જ્ઞાનમાં એકાગ્ર થાય ત્યારે જ્ઞાન વધે. આહા..હા..! એવું કહેવામાં આવે છે ને 'કુંદકુંદાચાર્યે' ઓ'લા પુસ્તક આપ્યા. એ બધું વ્યવહાર થયો હતો. પુસ્તક આપ્યા ને મુનિને ? વનમાં હતા. તેથી એમ કહે કે, 'કુંદકુંદાચાર્ય'ને જ્ઞાનનો ક્ષયોપશમ થયો. બધી વાતું વ્યવહારની વાતું બધી એવી હોય. આહા..હા..! અને જ્યાં ત્યાગ ધર્મ આવે છે, એમાં અર્થમાં આવે છે. દસ પ્રકારનો દસ ધર્મ છે ને ? 'પદ્મનંદી પંચવિંશતિઃ'માં ત્યાગ ધર્મમાં. પોતા પાસે કાંઈ પુસ્તક હોય કે એવું હોય એ બીજાને આપે એ ત્યાગ ગણવો. એ અપેક્ષાના વચનો છે. એમાં જરી રાગ આમ હતો આ બાજુનો, આસક્તિ રાગ છોડ્યો છે એને ત્યાગ કહે છે. બાકી રાગનો ત્યાગ પણ ક્યાં આત્મામાં છે. રાગથી રહિત પોતાના સ્વરૂપમાં ઠરે છે ત્યારે એટલો રાગનો જે અંશ હતો આ પુસ્તક આ બાજુ છે એ આમ દીધું એણે રાગને છોડ્યું એમ કહેવામાં આવ્યું. એથી કરીને જ્ઞાન વધશે એનાથી (એમ નથી).

મુમુક્ષુ :– રાગ છોડ્યો કે મુનિને ઇ ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– આપ્યું-ફાપ્યું કાંઈ નથી.

મુમુક્ષુ :– ઇ રાગ છોડ્યો કે રાગ કર્યો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રાગ છોડ્યો છે એટલો. રાગનો ત્યાગ કર્યો છે, ત્યાગ ધર્મ છે ને ! પણ રાગનો ત્યાગ પણ આ અપેક્ષાથી છે. જ્ઞાનમાં એકાગ્ર વિશેષ થયો છે અને તેથી રાગનો અંશ જે હતો, આ પુસ્તક તરફનું લક્ષ (હતું) એ છૂટી ગયું

છે. આવી વાતું છે. અરે..રે..!

મુમુક્ષુ :– ખરેખર તો રાગ ઉઠ્યો જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ ઉત્પન્ન થતો જ નથી. એને કહેવામાં આવે છે. ૩૪ ગાથામાં નથી આવતું ? રાગનો ત્યાગ કર્તાપણાનું નામ માત્ર છે. છે ? પરમાર્થે રાગના ત્યાગનો કર્તા પ્રભુ છે નહિ. આહા..હા..! અરે..! બાપુ ! એ તે કાંઈ વાતું છે.

**'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયક પરિણતિ પ્રગટાવ...'** આહા..હા..! **'કે જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે.'** આહા..હા..! મુક્તિના પ્રયાણ–પંથ. આહા..હા..! આમ તો કહ્યું નથી ? **'स हि मुक्त एव'** સર્વવિશુદ્ધ (અધિકાર, એમાં) ઘણું કરીને ૧૯૮ કળશ છે. ૧૯૮ કળશ. જે ૧૪-૧૫ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ કીધું છે તેને ત્યાં કળશમાં **'स हि मुक्त'** કીધું છે. ૧૯૮ કળશ છે. 'સર્વવિશુદ્ધ અધિકાર' **'स हि मुक्त'** પ્રભુ **'स हि मुक्त'** છે. એને અહીંયા અબદ્ધસ્પૃષ્ટ કહીને એને દેખે છે તે મુક્તને દેખે છે, તે જૈનશાસનને દેખે છે. આહા..હા..! ૧૪ ને ૧૫માં આવે છે ને ? અબદ્ધસ્પૃષ્ટ. ત્યાં એમ લીધું છે ટૂંકું છે નાસ્તિથી. ન્યાં એમ કીધું 'સર્વવિશુદ્ધ' ... એમ છે ગાથા કાંઈક. સમજ્યા ને ? નિર્વેદને પામ્યો કોઈ, એમ છે ગાથા ૩૧૮ કે એમાં ક્યાંક છે. એનો એ કળશ છે. **'स हि मुक्त'** આહા..હા..! ભગવાન તો મુક્તસ્વરૂપ છે. પર્યાયમાં મુક્ત થાય છે એ પ્રયાણ માંડ્યા ત્યારે થાય છે, એમ કહે છે.

**'જ્ઞાયક પરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિના પ્રયાણ...'** પર્યાયની મુક્તિ. મુક્ત સ્વરૂપ તો છે એ. આહા..હા..! આવું છે, ભાઈ ! કથન શૈલી... **'જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે.'** મુક્તિ એટલે અનંત અનંત આનંદના લાભની પ્રાપ્તિ તે મુક્તિ. 'નિયમસાર'માં આવે છે. આત્મલાભ આવે છે. અનંત આનંદનો આત્મલાભ નામ મુક્તિ. આહા..હા..! એવી મુક્તિના પ્રયાણ નામ સાધન–પંથ શરૂ થાય છે. આહા..હા..! આ તો નિર્માની માણસ હોય અને પોતાનું કામ કરવું હોય એને માટેની વાત છે, બાપા ! બહાર પડવાનો ભાવ હોય અને બહાર જાણે હું પડું. બહાર પડે એ બહિર્‌આત્માનો ભાવ હોય. આહા..હા..! અંદર જવાનો ભાવ જેને છે (તેને માટે આ વાત છે). આહા..હા..! કહો, સમજાય છે કે નહિ ? આ બધું આવું છે ઝીણું. ન્યાં તમારા ચોપડામાંય ન મળે ને ક્યાંય બહારમાંય ન મળે, લ્યો ! આહા..! આ પેરેગ્રાફ નહોતો વાંચ્યો. આ છેલ્લો તે દિ', ઓ'લો પહેલો વાંચ્યો હતો.

**'તું જ્ઞાયક પરિણતિ પ્રગટાવ...'** એ જાણક સ્વભાવ ભગવાન ત્રિકાળી જ્ઞાયક એની રાગની એકત્વબુદ્ધિ છોડીને જ્ઞાયકની પરિણતિ પ્રગટાવ, ઉત્પાદ કર એનો. રાગની એકત્વબુદ્ધિનો વ્યય, જ્ઞાયક પરિણતિનો ઉત્પાદ, જ્ઞાયકપણે ધ્રુવ તો ત્રિકાળ છે. આહા..હા..! **'જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે.'** પ્રભુ ! તારી પ્રભુતા ભરેલી પૂર્ણ છે તે પર્યાયમાં પ્રભૂતા પૂર્ણ થવાના પંથે પડ્યો તું. આહા..હા..! તારી પ્રભુતાનો પાર ન મળે, પ્રભુ ! એવી પ્રભુતાના એક એક ગુણમાં પ્રભુગુણ છે ને ? પ્રભુત્વ ગુણ છે ને આત્મામાં ? અને એક ગુણનું રૂપ અનંત ગુણમાં છે. જ્ઞાન પ્રભુ, દર્શન પ્રભુ, ચારિત્ર પ્રભુ, આનંદ પ્રભુ, અસ્તિત્વ પ્રભુ વગેરે. એવી એક એક શક્તિમાં પ્રભુત્વ શક્તિનું રૂપ પડ્યું છે. ભલે પ્રભુત્વ ગુણ છે એ બીજા ગુણમાં ન જાય પણ એનું જે અસ્તિત્વનું સ્વરૂપ છે તેવું સ્વરૂપ ત્યાં એનું જ્ઞાનમાં, આનંદમાં પ્રભુત્વ સ્વરૂપ રૂપ છે. એવા અનંત ગુણમાં પ્રભુત્વ સ્વરૂપ, ઈશ્વર સ્વરૂપ પડ્યું છે, પ્રભુ ! આહા..હા..! એના એક એક ગુણમાં પ્રભુતા છે એવા અનંત ગુણની પ્રભુતાનો પ્રભુ જ્ઞાયકભાવ. આહા..હા..! એની ઉપર નજર પડતા તને જ્ઞાયકની પરિણતિ થશે. એનાથી મુક્તિના પ્રયાણ તને ચાલુ થશે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'જેથી મુક્તિના પ્રયાણ...'** આહા..હા..! **'ચાલુ થશે.'** ૪૧૧. બે એકડા છે ને ? ઇ મુક્તિના પ્રયાણનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ તને પ્રગટ થશે. આહા..હા..! અને તે પરિણતિ મુક્તિના પ્રયાણ છે, પૂર્ણ દશાની પ્રાપ્તિના કારણ છે. આહા..હા..! એ તને શરૂ થશે. શરૂ થશે ત્યાં તને પૂરું થશે. ઇ ૪૧૧ (બોલ પૂરો થયો), લ્યો ! વિશેષ આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ રુચિ રાખીને ધર્મી જીવ બાર ભાવનાનું ચિંતવન કરીને અંતરમાં એકાગ્રતા વધારે છે, તે સંવર છે. અંતરદૃષ્ટિ વગર આવી ભાવના યથાર્થ હોય નહિ. આ બાર ભાવના ધર્મી જીવને આનંદની જનની છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૭૭૮.**

માગશર વદ ૧૩, બુધવાર તા. ૨૭-૧૨-૧૯૭૮.
વચનામૃત–૪૧૨ થી ૪૧૩, પ્રવચન–૧૭૧

**મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતા તને દુઃખ થાય છે, તો બહારના બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક સાથે છૂટતા તને કેટલું દુઃખ થશે ? મરણની વેદના પણ કેટલી હશે ? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે ? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલા સગાસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તો પણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે ? જો તે શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે, આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. ૪૧૨.**

૪૧૨ વચનામૃત. **'મરણ તો આવવાનું જ છે...'** સર્વ છૂટવાનું છે. આહા..હા..! **'બહારની એક ચીજ છોડતા તને દુઃખ થાય છે, તો બહારના બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...'** બહારના બધા દ્રવ્ય, બધા ક્ષેત્ર, બધા કાળની દશાઓ આદિ પરની, બધાના ભાવ એક સાથે છૂટતાં **'તને કેટલું દુઃખ થશે ?'** શરીર મારું છે જે માનવું એને કઠણ પડે છે, નથી મારું એમ, મારું માનવું એને ઠીક પડે છે. આહા..હા..! એમ શરીરના

સંબંધીઓ એ મારા સંબંધીઓ છે. આહા..હા..! છૂટવા ટાણે એક ચીજ છૂટતાં દુઃખ થાય તો બધું છૂટતા તને કેટલું દુઃખ થશે ? આહા..હા..! ભાષા છે ચાર ? **'બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક સાથે છૂટતા તને કેટલું દુઃખ થશે ?'**

**'મરણની વેદના પણ કેટલી હશે ?'** પર સાથે જ્યાં એકત્વબુદ્ધિ છે... આહા..હા...! એક ઠેકાણે કહ્યું હતુ ને કે તને સ્થિરતાથી બધું ભલે ન છૂટે તો શ્રદ્ધાથી તો છોડ. આહા..હા..! મારું કોઈ નથી, રાગનો કણ પણ મારો નથી. હું ચૈતન્ય જ્ઞાનાનંદ જ્ઞાયક સ્વરૂપ (છું). એ સિવાય રાગનો કણ કે રજકણ મારો નથી, મારામાં નથી, એમાં હું નથી. એ તો છોડ એમ કહે છે. સ્થિરતા થઈને અસ્થિરતા છૂટે એ વળી જુદી. પણ શ્રદ્ધામાં આ આત્મા આનંદ છે, જ્ઞાન સ્વરૂપ છે અને એ સિવાય રાગનો કણ ને રજકણ પણ પર છે, એમ શ્રદ્ધાથી તો છોડ નહિતર તને દુઃખ થશે. આહા..હા..! શ્રદ્ધામાંથી એ પર છે એમ ન છૂટશે તો છૂટવા કાળે,.. આહા..હા..! તારી નજરું ત્યાં જ રહેશે. તને પીડા થશે દુઃખની, એકત્વબુદ્ધિની. આહા..હા..!

**'મરણની વેદના પણ કેટલી હશે ? 'મને કોઈ બચાવો' એમ થશે એને...'** કોણ બચાવે ? આહા..હા..! **'એમ તારું હૃદય પોકારતું હશે.'** એનાથી છૂટવું તને ન ગમે. કેમ કે એકત્વબુદ્ધિ છે એટલે. અને છૂટવાના ભણકાર બધા વાગશે, ડૉક્ટરો પણ એમ કહે કે હવે રહી શકશે નહિ.

મુમુક્ષુ :- ડૉક્ટર કહે કે આઠ દિવસ ચાલે એટલું લોહી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હવે થોડું ચાલશે, આ તો આમ છે ને બધી વાતું કરે. આહા..હા..!

**'હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે ?'** આહા..હા..! ત્યાંથી આ ઉઠતા હતા ને જ્યારે 'પાલેજ'થી, છોકરાઓ છે ને બધા ત્યાં. નાનાએ એક ગાયન બનાવ્યું હતું એણે. મને કોઈ બચાવો રે. ઇ એમ કે આ સમવસરણ વિખાય છે, આ ચાલ્યા જશે. એમ. બહુ કરુણાજનીક ભાષા બોલી હતી. નાનો છે.

અહીં તો મને કોઈ બચાવો એટલે આ દેહ છૂટે છે એમાંથી કોઈ બચાવો. આહા..હા..! તે દિ' જુઓને ભાઈનું 'રાજકોટ'માં. (સંવત) ૧૯૯૯માં. કહળ્યું કુટુંબ ભેગું થયેલું. આખો ઓરડો ભરાય ગયેલો અને પોતે નવી પરણેલા... છેલ્લી સ્થિતિ, ન્યુમોનિયા થયા. આહા..હા..! બે આંખમાં આસું ચાલ્યા જાય. બધું કુટુંબ ભેગું થયેલું

આહા..હા..! શું થાય ? આહા..હા..! છૂટવાના પ્રસંગમાં કોણ છોડાવે ? એમાં કોણ એને રાખે ? આહા..હા..!

**'તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે,...'** દાક્તરો આવ્યા આ તો. વૈદ્ય ને દાક્તર બેય આવ્યા છે. આહા..હા..! **'વૈદ્ય ને દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે...'** આહા..હા..! આ કમળામાં મરી ગયા ને ? આ બે જણા. પૈસાવાળા છે હવે એની દીકરી એક જ પાછી એને. એના જમાઈને કમળો થયો. ચાર દિ' ને પાંચ દિ' થયા ત્યાં ઊડી ગયા. દસ હજાર રૂપિયા ખર્ચ્યા. છોકરો ગયો. પૈસા ગયા, આહા..હા..! ૩૮ વર્ષની ઉંમર. દેહ છોડીને હાલ્યા ગયા. બીજા એક ભાઈ જાડા છે, 'વિંછીયા'ના. એનો નાનો ભાઈ. (એને) કમળો થયો. એણે પાંચ, સાત હજાર ખર્ચ્યા. નાની ઉંમર ૩૫ વર્ષની. દેહ છૂટી ગયો. કોણ રાખે ? પૈસા ખર્ચવાથી રહેતા હશે ? આહા..હા..!

**'ટોળે વળીને ઊભેલા સગાસંબંધીઓ...'** ટોળે વળીને ઊભેલા, આહા..હા..! **'સગાસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે,...'** આમ જોયા કરે, કોણ રાખે ત્યાં ? આહા..હા..! **'તો પણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે ?'** જો તેં, આહા..હા..! શરણભૂત કર્યું હોય તો આ છે. **'જો તેં શાશ્વત...'** આ આત્મા શાશ્વત નિત્ય પ્રભુ **'સ્વયંરક્ષિત...'** પોતાથી રક્ષિત છે. એને કોઈ રાખે તો રહે એવું છે નહિ. આહા..હા..! **'જો તેં શાશ્વત સ્વયંરક્ષિત...'** પોતાથી જ રક્ષાયેલી ચીજ છે, એને કોઈ રાખે તો રહે એવું કાંઈ છે નહિ. આહા..હા..!

**'જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની...'** શું એ સ્વયંરક્ષિત ચીજ ? કહે છે, જ્ઞાનાનંદ સ્વરૂપ, જ્ઞાન અને આનંદ સ્વરૂપ. સ્વયંરક્ષિત પ્રભુ જ્ઞાન અને આનંદ સ્વરૂપ (છે). બે વસ્તુ મુખ્ય લીધી. એવા આત્માની પ્રતીતિ જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું એવી પ્રતીતિ એટલે **'અનુભૂતિ કરી...'** એમ એને વિશેષ સ્પષ્ટ કર્યું. આહા..હા..! જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે એની અનુભૂતિ–એને અનુસરીને અનુભવ કર્યો હશે તો ત્યાં શરણ થશે. આહા..હા..! ત્યાં તેં બહુ દયા પાળી હશે, ને વ્રત કર્યા ને ભક્તિ કરી ને ભગવાનના સ્મરણ કર્યા હશે.. ને તો એ તો શુભભાવ છે. એનું તો પુણ્ય બંધાણું હશે, એ તો બંધન પરમાણુના છે. એ ન્યાં કોઈ તને રાખવાવાળા રાખી શકે એવું નથી. આહા..હા..! પણ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની એટલે એ શુભભાવ કર્યો હશે તો શરણ આપશે,

એ નહિ. શુભભાવ ઘણો કર્યો હશે તો એ પણ અત્યારે તો વિલય થઈ ગયો, એના પરમાણુ બંધાણા. આહા..હા..! પણ વર્તમાનમાં જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા. સ્વ જ્ઞાનાનંદ સ્વરૂપ, સ્વ...રૂપ. જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે એની પ્રતીતિ એટલે અનુભૂતિ. પ્રતીતિ શ્રદ્ધાના અર્થમાં જાય છે, અનુભૂતિ વેદનના અર્થમાં જાય છે. આહા..હા..! એવી અનુભૂતિ કરી **'આત્મઆરાધના કરી હશે...'** એ આરાધના એટલે આ. આહા..હા..! જ્ઞાનાનંદ સ્વરૂપી પ્રભુ એની પ્રતીતિ, એનો વિશ્વાસ અને અનુભવ. આહા..હા..! જો કર્યો હશે. આત્મઆરાધના કરી હશે એ આત્મઆરાધના. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છું એવી પ્રતીતિ ને અનુભવ તે આત્મઆરાધના. આહા..હા..! કોઈ વ્યવહાર કર્યો હશે માટે અંદર શરણ આવશે (એમ નથી કહ્યું). આ બે લીટી છે. અડધી ઇ ને અડધી હેઠે નાખી.

**'જો તેં શાશ્વત સ્વયંરક્ષિત...'** એ અડધી લીટી છેલ્લી. આખી હવે **'જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની પ્રતીતિ...'** આહા..હા..! જ્ઞાન ને આનંદ સ્વરૂપ એવો ભગવાનઆત્મા એની સ્વસન્મુખ થઈને પ્રતીતિ, પરથી વિમુખ થઈને અનુભૂતિ. આહા..હા..! એટલે કે આત્મઆરાધના કરી હશે. આહા..હા..! આટલું વાંચ્યું હશે કે, આટલું જાણ્યું હશે ને એ પ્રશ્ન નથી અહીં હવે. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વલક્ષે વૈરાગ્ય પાળ્યો હોય તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરલક્ષી જ્ઞાન એ પણ પરજ્ઞેયમાં નિમગ્ન છે. એ આવી ગયું છે પહેલું. આહા..હા..! છે ને ? આવી ગયું છે ને ? કેટલામાં આવી ગયું ? આમાં આવી ગયું છે ક્યાંક. કેટલામાં ? ૩૮૧.

**'તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'** આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન કર્યું હશે તે પણ પરલક્ષી છે. આહા..! તે પરજ્ઞેય છે. આહા..હા..! એથી તે જ્ઞેયનિમગ્ન છે, જ્ઞેયનિમગ્ન એટલે ? પરજ્ઞેય નિમગ્ન. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન જાણપણું કર્યું હશે, એ પણ પર જ્ઞેયનિમગ્ન છે. જેમ રાગમાં આમ પર છે તેમ એ જ્ઞેયપણું, જાણપણું પર છે, એ શબ્દજ્ઞાન છે. 'બંધ અધિકાર'માં આવે છે ને ? એ આત્મજ્ઞાન નહિ. આહા..હા..! શબ્દ જ્ઞાનમાં પણ જો નિમગ્ન રહીશ તો (દેહ) છૂટતાં દુઃખ થશે તને. આહા..હા..! જ્ઞેયનિમગ્ન એમ છે. એકલું મગ્ન એમ નથી કહ્યું. જ્ઞેય એટલે પરજ્ઞેય નિમગ્ન એમ એનો અર્થ. આહા..હા..! સ્વજ્ઞેય જ્ઞાયક ને આનંદ સ્વરૂપ પ્રભુ, એમાં જો નિમગ્ન (થઈ) આરાધના

નહિ કરી હશે... આહા..હા..! તો પછી શાંતિ ક્યાંથી આવશે ત્યાં ? ઝાંવા નાખશે ફાંફા, આમ કરો... આમ કરો... આમ કરો. આહા..હા..!

**'આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે,...'** એનો ખુલ્લાસો કર્યો **'સ્વયંરક્ષિત જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા,...'** આહા..હા..! એની પ્રતીતિ અને અનુભૂતિ, એની અનુભૂતિ કરી હશે... આહા..! તો તે આત્માની આરાધના કરી હશે, તો **'આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે,...'** આહા..હા..! શાંતિ ક્યાંય બહારથી મળતી નથી, શુભરાગથી કંઈ શાંતિ મળતી નથી. આહા..હા..! શાસ્ત્રના જ્ઞાનથી પણ કંઈ શાંતિ મળતી નથી. ભણતર અગિયાર અંગનું અનંત વાર કર્યું એ કાંઈ શાંતિનું કારણ નથી. આહા..હા..! એ તો પર શબ્દજ્ઞાનમાં નિમગ્ન છે. તેનાથી ભિન્ન આત્માની શાંતિ પ્રગટ કરી હશે.. આહા..હા..! એટલે ભગવાનઆત્મા શાંતિનો સાગર પ્રભુ છે. એટલે ? અકષાય સ્વભાવનો સમુદ્ર છે. એટલે ? ચારિત્ર સ્વરૂપ છે. જેમ દર્શન સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપ છે એમ એ ચારિત્ર સ્વરૂપ છે. ચારિત્ર સ્વરૂપ છે એટલે કે વીતરાગ સ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપ છે એટલે કે અકષાય શાંત સ્વરૂપ છે. આહા..હા..! એના તરફનો ઝુકાવ કરીને શાંતિ પ્રગટ કરી હશે. શક્તિરૂપે શાંતિ છે, પ્રગટ કરી હશે એમ છે ને ? શાંતિ સ્વરૂપ જ છે ઇ.

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

એ જિન સ્વરૂપ જ છે પ્રભુ. એટલે કે શાંત સ્વરૂપ જ છે, એટલે કે અકષાય સ્વભાવ જ છે. તેના સન્મુખ થઈને શાંતિ પ્રગટ કરી હશે. શક્તિરૂપે તો શાંતિનો સાગર જ છે. શાંતિ પ્રગટ કરી હશે. આહા..હા..! શાંત સ્વરૂપ પ્રભુ છે એમાં સન્મુખ થઈને શાંતિ... શાંતિ... શાંતિ... પ્રગટ કરી હશે. **'તો તે એક જ તને શરણ આપશે.'** ઓ'લા બધા સગા-વહાલા, વૈદ્ય-દાક્ટર-બાક્ટર કાંઈ તોફાન બધા. આહા..હા..! અહીંથી શરૂ કર્યું છે, **'મરણ તો આવવાનું જ છે...'** દેહ તો છૂટવાનો જ છે. એ કોઈ એનો બીજો સમય થાય એવું છે ને બીજો ભવ થાય એવું છે ? એ તો આ ભવે જ દેહ છૂટવાનો છે. આહા..હા..!

**'આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે.'** અરિહંતા શરણં, સિદ્ધા શરણં એ નહિ. આહા..હા..! કેવળી પણત્તો ધમ્મો શરણં એ પર્યાય

શરણ કીધી. પણ એ પર્યાય શરણ ક્યારે થાય ? આત્મા તરફની શાંતિ સ્વરૂપ છે પ્રભુ ! શાંત સાગર, શાંત સાગર, શાંતિનો ડુંગર છે એ, શાંતિનો ડુંગર છે પ્રભુ શાંતિનો પર્વત છે. એના તરફની એકાગ્રતાથી વર્તમાનમાં પ્રગટ શાંતિ કરી હશે, તો તે એક જ શરણ છે. એ વખતે કોઈ અરિહંત શરણ ને સિદ્ધ શરણ ને સાધુ શરણ, ણમો અરિહંતાણં કરવા જાય તો તો વિકલ્પ છે. આહા..હા..! માંગળિક સંભળાવો, માંગળિક સંભળાવો. સાંભળવામાં તો રાગ છે. આહા..હા..! એ સાંભળવું પણ છોડી દે. આહા..હા..! અંતર ને અંતરના નાદને જો, શાંતિનો સાગર, શાંતિના નાદથી ભરેલો છે. એના તરફની શાંતિ પ્રગટ કરી હશે. આહા..હા..! **'તો તે એક જ તને...'** એમાં અરિહંત પણ ભેગા શરણ આપશે, એ બે નહિ. આહા..હા..! ઓલા ફોજદાર હતા ને ? ભાઈ ! 'રાજકોટ'.

મુમુક્ષુ :– એ મૂળ 'જેતપુર'ના હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'જેતપુર'ના 'રાજકોટ'માં ફોજદાર હતા. (સંવત) ૧૯૯૦ની સાલની વાત છે. પાંજરાપોળમાં રહેતા. શું નામ ? ભૂલી ગયા. માણસ મગજવાળો હતો પણ કાંઈ કરેલું નહિ. છેલ્લે શરીરનું લોહી સુકાણું. શું કહેવાય એ ? લોહી ઓલું થઈ જાય છે ને ? દેહ છૂટવાની સ્થિતિ. મહારાજને બોલાવો. ગયા. માંગળિક સંભળાવ્યું. કીધું, શું આ કીધું સાંભળ્યું ? માંગળિકનો અર્થ શું છે ? અરિહંતા શરણ, સિદ્ધા શરણ એ કોઈ શરણ દે એવું નથી કીધું. શું છે ત્યારે ? તમે શું કીધું ? પ્રભુ ! ૧૯૯૦ની સાલની વાત છે. સદરમાં ચોમાસુ હતું ને. પાંજરાપોળમાં બેઠા હતા. પછી રાત્રે ગુજરી ગયા તરત. બેઠા હતા. આ શું કહેવાય લોહી ઓલું થઈ જાય ઇ ? એનીમા કહે. ફિક્કુ શરીર થઈ ગયું, બૈરા બેઠા હતા ને બધા.. પૂછ્યું કે, મહારાજ આ તમે કીધું એનું શું સ્વરૂપ શું કીધું ? આ શરણની વાત... ૧૯૯૦ની વાત છે.

કીધું, ભાઈ ! શરણનો અર્થ ઇ છે કે આત્મા જ આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એમાં જવું ને શરણ થવું એ જ માંગળિક ને શરણ ને આ ઉત્તમ છે. આહા..હા..! સાંભળતો હતો, પ્રેમથી સાંભળતો હતો. રાત્રે દેહ છૂટી ગયો. આહા..હા..! એમ માને કે આપણે આ માંગળિક સાંભળ્યું હતું ને તેથી શાંતિ આવશે માંગળિકથી. બાપા ! સાંભળ્યું તે તો વિકલ્પ છે. આહા..હા..! મરવા ટાણે મને સંભળાવો એ પણ નહિ રહે પછી કહે છે શાંતિ કાઢીશ તો. એ નહિ રહે એટલે એની તને જરૂર પડશે નહિ.

આહા..હા..! અને સંભળાવવા માગીશ તો તને અંતરમાં એકાગ્રતા નથી એનો અર્થ. આહા..હા..! આવી વાતું છે.

**'તો તે એક જ તને શરણ આપશે.'** એકાંત ? એક જ, તો એકાંત થઈ જાય છે. કથંચિત્ ભગવાનનું સ્મરણ આદિ પણ શરણ આપે. (એમ) અનેકાંત નહિ હોય ? આ અનેકાંત છે. આ આપશે ને ઓલા નહિ આપે એમ. આહા..હા..! ભગવાન અંદર અતીન્દ્રિય શાંતિનો પિંડ છે ને પ્રભુ ! આહા..હા..! એ અતીન્દ્રિય શાંતિનો પિંડ છે ત્યાં જો અને તેમાં એકાગ્રતા કરી હશે... શુભભાવ કર્યો હશે તો નહિ, અહીં તો કહે છે. રાગ છે એ તો. આહા..હા..! અને એ તો રાગ ગયો હશે. એના તો પરમાણુ બંધાણા હશે એમાં તને શરણ શું આવ્યું ? શુભભાવ થઈ અને તીર્થંકર ગોત્ર બંધાણું હશે તો પણ એ કાંઈ શરણ નથી. જે ભૂમિકામાં બંધાણું છે એ ભૂમિકા સમ્યગ્દષ્ટિને છે. આહા..હા..! એ દૃષ્ટિનો વિષય છે ચૈતન્ય પ્રભુ તેમાં એકાગ્ર થઈ અને શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..! પ્રગટ કરી હશે શક્તિરૂપ તો છે, સ્વભાવરૂપ તો છે, ભાવરૂપ તો છે. આહા..હા..! એને અંતરમાં, પર્યાયમાં શાંતિ પ્રગટ કરી હશે, **'તો તે એક જ તને શરણ આપશે.'**

**'માટે અત્યારથી જ તે પ્રયત્ન કર.'** આહા..હા..! વર્તમાનથી જ શરૂઆત કર. પછી કરશું... પછી કરશું... પછી કરશું... પછીમાં પહેલું નહિ આવે, પછીમાં પછી રહી જશે. આહા..હા..! 'પ્રવચનસાર'માં આવે છે ને ? છેલ્લા શ્લોકો છેલ્લા. આજે જ કર. 'પ્રવચનસાર'માં (છે). આજ. તેં સાંભળ્યું, ભગવાન આત્મા રાગથી ભિન્ન પ્રભુ (છે) તો આજે જ એની અનુભૂતિની શરૂ(આત) કર. આહા..હા..! અને પાંચમી ગાથામાં એમ કહ્યું ને ? **'तं एयत्तविहत्तं दोएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज'** જો હું કહું તો પ્રમાણ કરજે. આહા..હા..! સાંભળીને હા જ પાડજે એમ નહિ. આહા..હા..! ભાષા તો જુઓ ! દિગંબર સંતોની ભાષા. આહા..હા..! પ્રમાણ કરજે–અનુભૂતિ કરીને પ્રમાણ કરજે. આહા..હા..! ભગવાનઆત્મા આનંદનો સાગર છે પ્રભુ ! આજે જ અત્યારથી જ. આહા..હા..! અત્યારથી જ તે પ્રયત્ન કર. આહા..હા..!

મુમુક્ષુ :– મોત આવે ત્યારે નહિ, અત્યારથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારથી જ. મોત આવે ત્યારે શું કરે ? ઘર સળગે ત્યારે કૂવો ખોદે, પાણી ક્યારે નીકળે ? આહા..હા..! ઘર સળગે ત્યારે કૂવો ખોદે ત્યારે

પાણી ક્યારે નીકળે ? ત્યાં તો બળીને રાખ થઈ જશે. આહા..હા..! ઘર સળગતું બચાવવું હોય તો પહેલેથી કૂવો ખોદીને પાણી કાઢી લે. આહા..હા..! આવી વાત છે આ.

**'માટે અત્યારથી જ તે પ્રયત્ન કર.'** સાંભળ્યું ત્યારથી જ પ્રયત્ન કર, કહે છે. આહા..હા..! પ્રમાણ કરજે, કીધું ને ? ઓહો..! દિગંબર સંતોની વાણી અને તે પાંચમા આરાના શ્રોતાને અપ્રતિબુદ્ધને કહે છે. આહા..હા..! અત્યંત અપ્રતિબુદ્ધ છે એને કહે છે કે આજથી શરૂઆત કર, ભાઈ ! આહા..હા..! તે શ્રોતા પંચમ આરાનો શ્રોતા. આહા..હા..! ૩૮માં એમ કહ્યું, જીવ (અધિકાર) ૩૮ ગાથાએ પૂર્ણ કર્યો ને. પંચમ આરાનો શ્રોતા જેને આ સાંભળીને જેની અંદર દર્શન, જ્ઞાન ને ચારિત્રથી પરિણમેલો છે એ શ્રોતા એમ કહે છે કે હું જે આ દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમ્યો છું, આગમ કૌશલ્યથી સ્વભાવના શરણે જઈને એ હવે હું પડવાનો નથી. આ તો જુઓ ! અપ્રતિબુદ્ધને કહ્યું ગુરુએ વારંવાર સમજાવ્યું એટલે કે વારંવાર એણે મંથન કર્યું અને ગુરુએ વારંવાર સમજાવ્યું, બેય વાત છે. એકવાર સમજાવી પંચમ આરાના પ્રાણી છે એને વારંવાર (કહ્યું કે) ભગવાન રાગથી ભિન્ન છે પ્રભુ. આહા..હા..! હવે મને એમાંથી પડવું નહિ થાય અપ્રતિહત ભાવ બતાવ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :– મોહનો મેં ક્ષય કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો જોડણી ક્ષાયિક છે. આહા..હા..! ભલે ક્ષયોપશમ છે પણ તે અપ્રતિહત છે. આહા..હા..! પંચમ આરાનો અપ્રતિબુદ્ધ જીવ જ્યારે પ્રતિબોધ પામે છે. આહા..હા..! કહે છે કે અમને ફરીને હવે મિથ્યાત્વના અંકુર ઉત્પન્ન થવાના નથી. કોની પાસે જઈને તું બોલે છે આવું ? ભગવાને કહ્યું છે તને ? ભગવાન પાસે ગયો હતો ? 'કુંદકુંદાચાર્ય' તો ગયા હતા. ભગવાન પાસે ગયો હતો મારો નાથ છે ત્યાં. આહા..હા..! ત્યાંથી આવેલો છું એ હું કહું છું કે મારી પરિણતિ જે પ્રગટ થઈ છે (એ હવે) 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' સાદિ અનંતમાં ભળી જશે આ વાત. આહા..હા..! શું શૈલી છે ! આહા..હા..! મોળી, પાતળી વાતું છે એ અહીં છે નહિ. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ જ્યાં ઢંઢોળીને જગાડ્યો છે ને. આહા..હા..! જાગતો જીવ ઊભો છે ને. એમ આવ્યું ને બેનમાં ? જ્ઞાયકભાવ ધ્રુવ છે ને ! ધ્રુવનું ધ્યેય કર તો તને

પ્રાપ્ત ધ્રુવ થશે. એ ટકતું તત્ત્વ છે. બદલતું, પલટતું એ પર્યાય છે, વસ્તુ ટકતું તત્ત્વ છે. ટકતા તત્ત્વમાં દૃષ્ટિ દે તો દૃષ્ટિ ટકતી સ્થિર થઈ જશે. આહા..હા..! તેથી તને શરણ આપશે, એક જ તને શરણ આપશે. અત્યારથી જ તે પ્રયત્ન કર. આહા..હા..! બહુ મીઠી, મધુરી વાત છે, બાપા ! આહા..હા..! આનંદના સાગરને ભરેલાને ઉછાળ માર, કહે છે. ભરતી લાવ પર્યાયમાં.

**'માથે મોત ભમે છે...'** એટલે ? આ કાળ. દેહ છૂટશે... છૂટશે... છૂટશે... એવો સમય તો આવશે. આહા..હા..! એ પછી આ બધું છૂટી જશે. આ મકાનમાં છું ને આમાં આ છું ને આ શરીરમાં છું ને આ કપડામાં છું ને આવા માણસના સંયોગના સંબંધમાં છું ને આ ક્ષેત્રમાં છું, એ બધું છૂટી જશે. આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થવાની. (માથે) મોત ભમે છે. આહા..હા..! **'એમ વારંવાર સ્મરણમાં લાવીને...'** વારંવાર એમ યાદ કરીને, **'પણ તું પુરુષાર્થ ઉપાડ...'** આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થવાના નગારા વાગે છે. એ પૂછીને નહિ આવે ત્યાં કે હવે હું દેહ છૂટવાનો છું. આવું છું, હોં ! છૂટેલું તો છે એકક્ષેત્રાવગાહમાં, પણ એ ક્ષેત્રથી આમ આકાશના ક્ષેત્ર ભેગું છે એ ક્ષેત્રથી છૂટું પડી જશે. આકાશના ક્ષેત્રમાં એટલે આકાશ છે એના આ સ્વ ને પર આમ બે એક ક્ષેત્રાવગાહે છે. સ્વનું ક્ષેત્ર ને પરનું ક્ષેત્ર એક નથી. પણ આકાશના ક્ષેત્રમાં આમ એકમાં છે. ઇ આકાશના ક્ષેત્રમાં પણ નથી પણ આકાશના ક્ષેત્રમાં છ દ્રવ્ય અને કર્મ અને શરીરાદિ આમ સ્વક્ષેત્રે આમ છે. આકાશના સ્વક્ષેત્રે એટલે એ આકાશમાં એક ભાગ ઉપર. છતાં આકાશના ક્ષેત્રમાં એ નથી. આહા..હા..! તેમ તે પર ક્ષેત્રમાં પણ નથી. આહા..હા..!

આવી રીતે વારંવાર વિચાર કરી, **'સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે'...'** આવ્યું. લ્યો ! 'અબ હમ અમર ભયે, ન મરેંગે' આહા..હા..! અમર ભયે, ભગવાન તો અમર છે. શુદ્ધ ચૈતન્ય પ્રગટ્યું. એને મરણ કેવું ? દેહની સ્થિતિ પૂરી થાય તેને મરણ કહો પણ પ્રભુની સ્થિતિ પૂરી થતી નથી, એ તો અમર છે. આહા..હા..! આવી વાત છે. 'અબ હમ અમર ભયે, ન મરેંગે' આહા..હા..! 'આનંદઘનજી'નો શબ્દ છે.

**'એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે.'** ભલે એ વખતે કદાચ નિર્વિકલ્પતા ન થાય, વિકલ્પ હો પણ સમાધિ એકાગ્રતા છે તો સમાધિપૂર્વક દેહ

છૂટશે. શું કીધું સમજાણું ? નિર્વિકલ્પ જ થાય, વિકલ્પનો અંશ ન જ રહે (એમ નથી). એને વસ્તુની તો નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છે પણ દેહ છૂટવા ટાણે તદ્દન નિર્વિકલ્પ થઈને દેહ છૂટે એવું કંઈ નથી. વિકલ્પ હો પણ અંતર સમાધિ એકાગ્રતા છે એ સમાધિપૂર્વક દેહ છૂટશે. ખ્યાલમાં આવી જશે કે આ દેહ છૂટવાનો પ્રસંગ (છે), એવો વિકલ્પ હો, છતાં અંદર સમાધિ છે. આહા..હા..! અને કોઈને તો એ વિકલ્પ પણ ન રહે. સમજાણું કાંઈ ?

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે કે ઉપસર્ગ પડે છે તો એનો જ્ઞાનીને ખ્યાલ જ ન હોય એમ નથી. કોઈને ખ્યાલ વિકલ્પ પણ રહે છે કે આ ઉપસર્ગ છે. આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. બહુ બહુ ભરેલું છે બધું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આહા..હા..! ઉપસર્ગનો પ્રતિકૂળ કોઈ સિંહ, વાઘ કરડે છે, સર્પ કરડ્યો વગેરે એ વખતે નિર્વિકલ્પ જ દશા હોય છે બધાની (એમ નથી). એટલે દૃષ્ટિને શુદ્ધતા પ્રગટી છે તેટલી તો નિર્વિકલ્પતા છે પણ તદ્દન નિર્વિકલ્પનો શુદ્ધ ઉપયોગ જ એક જ હોય એવું કાંઈ નથી. ઇ ખ્યાલ પણ રહે કે આ છે એવો વિકલ્પ એ ખ્યાલ રહે પણ અંતરમાં દૃષ્ટિમાં તો વિકલ્પથી ભિન્ન છે તેનામાં રમે છે. સમજાણું કાંઈ ? અરે.. અરે..! આવી વાતું ઝીણી.

'શ્રીમદ્દે' કહ્યું ને છેલ્લું ? યથાર્થ છે. વિકલ્પ આવ્યો (કહ્યું), 'મનસુખ' ! બાને દિલગીર થવા દઈશ નહિ. નાની ઉંમર હતી, ૩૩ વર્ષ. હું સ્વરૂપમાં લીન થાઉં છું. સ્વરૂપની દૃષ્ટિ ને અનુભવ તો છે પણ આ વિકલ્પ આવ્યો છે આટલો. આહા..હા..! મારા સ્વરૂપમાં હું લીન થાઉં છું. જરી અવાજ પણ આવ્યો હુ...હુ.. હુ... જોડે બેઠા હતા એના બનેવી. શું (નામ) કીધું ? 'રાજકોટ'વાળા 'ઝવેરચંદભાઈ'. એ લોકોને વિશ્વાસ ઉઠી ગયેલો. કારણ કે ઘરડો ચાલ્યો ને જરી. આવું ? મને વાત કરતા હતા. કીધું, એ તો દેહની ક્રિયા છે, બાપુ ! એ તો થાય. કારણ કે કેટલી એવી શક્તિ હતી બેઠા હતા ને ઊભા થયા એટલી શક્તિ હતી. હવે એ શક્તિને અંતરમાં તો લીનતા થઈ ગઈ છે. પણ પેલો છૂટવાનો જરી ઘરેડો ચાલ્યો. આમ બે, ચાર ઘર સાંભળે ત્યાં સુધી ચાલ્યો હતો. તેથી શું કીધું ? આહા..હા..!

મુમુક્ષુ :– કોઈ બેશુદ્ધ હોય, બકવાટ હોય,...

પૂજ્ય ગુરુદેવશ્રી :– બકવાટ બકવાટ નથી.

મુમુક્ષુ :- દૃષ્ટિની સમાધિ હોય શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમાધિ છે અંદર. અપવાદ કોઈ સહેજ ઇન્દ્રિયજ્ઞાનમાં ફેર હોય, ઉન્માદપણું સહેજ હોય છતાં અંદર સમાધિ હોય. ઇન્દ્રિય તરફના જ્ઞાનમાં જરી... આવે છે ને ? 'સમાધિ શતક'માં આવે છે. આવે છે, બધી ખ્યાલ છે એ તો. આહા..હા..! જરી ઉન્માર્ગ જેવું દેખાય 'શ્રીમદ્' એ જ કહે છે, મરતા જરી ઉન્માદ જેવું જ્ઞાનીને પણ દેખાય. ઇન્દ્રિયજ્ઞાનમાં ફેર પડતા થાય, છતાં અંદર સમાધિ છે. આહા..હા..! આવી સ્થિતિ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે.

**'એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે.'** આહા..હા..! **'જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.'** સરવાળો લીધો. આહા..હા..! નિમિત્ત નહિ, રાગ નહિ, પર્યાય પણ નહિ. આહા..હા..! પણ વસ્તુ, એમ કીધું ને ? આહા..! શુદ્ધ આત્મદ્રવ્ય. **'જીવનમાં એક શુદ્ધ આત્મા 'જ'...'** એકાંત કીધું. આહા..હા..! દુનિયા માને ન માને, માન આપે ન આપે એની સાથે કાંઈ સંબંધ છે નહિ. બહારમાં પ્રસિદ્ધિ આવી હોય કે ન આવી હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

અંદરમાં આત્માના શુદ્ધ ઉપાદાન એક જ આરાધના (કરવા યોગ્ય) અને ઉપાદેય છે. તેમાં રાગ ઉપાદેય છે નહિ, પર્યાય ઉપાદેય છે નહિ. ઉપાદેય કરનાર પર્યાય છે પણ ઉપાદેય છે આ શુદ્ધ આત્મા. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું છે. **'જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.'** આદરણીય, સ્વીકાર કરવા યોગ્ય, સત્કાર કરવા યોગ્ય એક જ ચીજ છે. ત્યારે તેનું જીવન સફળ થાય છે. આહા..હા..! એણે જીવી જાણ્યું. આવે છે ને ? (જીવી જાણ્યું) નેમનાથે જીવન, ભજનમાં આવે છે. 'જીવી જાણ્યું નેમનાથે જીવન' આહા..હા..!

મુમુક્ષુ :- આનંદઘનજીમાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના, આપણા સ્તવનમાં આવે છે. આપણે 'સ્તવન મંજરી' કહેવાય ને એમાં આવે છે.

મુમુક્ષુ :- સાહેબ ! વ્યવહારમાં તો કહેવાય, જીવીએ જાણ્યું અને મરીએ જાણ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ મરી જાણ્યુંનો અર્થ ઇ રાગને મારી નાખ્યો એ મરી જાણ્યો. રાગને મારી નાખ્યો ને જીવને, જીવને, જ્યોતિને જાગૃત કરી. એણે મરી પણ જાણ્યું એમ પણ કહેવાય. આહા..હા..! વાતું બાપુ ! બહુ... ઓહો..હો..! વીતરાગ સર્વજ્ઞ

પરમાત્મા જિનેશ્વરનો પંથ કોઈ અલૌકિક છે. એ પંથ આત્મામાં છે. આહા..હા..! એ પંથ ક્યાંય બહારમાં હોતો નથી. આહા..હા..!

હવે એ સ્થિતિ પ્રાપ્ત થતાં ભવિષ્યમાં એ સર્વજ્ઞ થઈ શકશે. આહા..હા..! આવી સમાધિ સ્થિતિમાં દેહ છૂટતાં ભલે એ ભવમાં કદાચિત્ સર્વજ્ઞપણું ન આવે તો ભવિષ્યમાં એક બે ભવે પણ સર્વજ્ઞ તો થશે જ. આહા..હા..!

**સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ પોતાને પૂર્ણપણે-પોતાના સર્વ ગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત-પ્રત્યક્ષ જાણે છે. સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે. પરને જાણવા માટે તેઓ પરસન્મુખ થતા નથી. પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે-રોકાઈ જાય છે, ખીલતું નથી. પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી. તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળના તેમ જ લોકાલોકના બધાં સ્વ-પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય તેમ, સમસ્ત સ્વ-પરને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે, જે હવે પછી થવાનું છે તે બધાને પણ પૂરું જાણે છે. જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે. ૪૧૩.**

એ સર્વજ્ઞ ભગવાન, આહા..હા..! **'સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે.'** આહા..હા..! સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર પરમાત્મા આત્મા થાશે ત્યારે તો એ સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનપણે પરિણમી ગયા છે. આહા..હા..! પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે, પર્યાયમાં. તે પરિપૂર્ણ જ્ઞાનની પરિણતિ પણ પૂર્વનો મોક્ષમાર્ગ છે તેનાથી પરિણતિ થઈ એ તો વ્યવહાર છે. પણ તે સર્વજ્ઞ સ્વભાવી ભગવાનની

અંદર એકાગ્ર થયો છે. તો દ્રવ્યમાંથી સર્વજ્ઞ પર્યાય આવે છે એમ વ્યવહારથી કહેવાય. બાકી તો સર્વજ્ઞ પર્યાય પોતે ષટ્કારકપણે પરિણમીને પ્રગટ થાય છે. સ્વયંભૂ. આહા..હા..! મોક્ષમાર્ગ છે માટે મોક્ષ થયો એ વ્યવહાર છે. દ્રવ્યમાંથી દ્રવ્યની શક્તિ હતી તે પ્રગટ થઈ એ પણ અપેક્ષિત છે. બાકી તે સમયે કેવળજ્ઞાન, સર્વજ્ઞજ્ઞાન, સર્વદર્શી, અનંત આનંદ, પરિપૂર્ણ પુરુષાર્થ આદિ પર્યાયનું ષટ્કારરૂપે પરિણમન થતું પ્રગટ થાય છે. આહા..હા..!

**'સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ પોતાને પૂર્ણપણે-પોતાના સર્વ ગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત...'** પોતાને પૂર્ણપણેની વ્યાખ્યા કરી. **'પોતાના સર્વ ગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત પ્રત્યક્ષ જાણે છે.'** આહા..હા..! ભવિષ્યની પર્યાય જે હજી અત્યારે નથી તેને પણ પ્રત્યક્ષ જાણે છે. ભૂત-વર્તમાન ને ભાવી પર્યાયો. જે પર્યાય વર્તમાનમાં નથી, ભવિષ્યમાં હજી થશે એને પણ વર્તમાનવત્ પ્રત્યક્ષ દેખે છે, જાણે છે. ઉત્પાદ-વ્યયની પર્યાય વર્તમાનની, ભૂતની ને ભવિષ્યની. આહા..હા..! કોઈ અચિંત્ય વાત છે, બાપુ ! અને એ પર્યાય એવડી પ્રગટ થઈ છતાં દ્રવ્ય ને ગુણ તો પૂરેપૂરા છે, તેટલા ને તેવડા જ રહ્યા છે. આહા..હા..!

કોઈ તત્ત્વની અચિંત્યતા ને અદ્ભુતતા અલૌકિક છે ! વસ્તુ પરિપૂર્ણ ગુણથી ભરેલી છે. તેની પર્યાયમાં પરિપૂર્ણપણે પરિણમી જાય છે છતાં તે પરિણમેલી પર્યાય પૂર્ણ હોવા છતાં વસ્તુ તો પરિપૂર્ણપણે છે તેટલી ને તેવડી જ છે એ. આહા..હા..! પરિપૂર્ણપણે થઈ પર્યાય આખી પૂરી માટે તેમાંથી આવી માટે કાંઈ ઓછું થયું ત્યાં (એમ નથી). આગળ આવે છે ને ક્યાંક ? મુનિરાજનું નથી આવતું ? તરત જ આવે છે. ૪૧૫, ૪૧૫ આવે છે. **'અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે.'** છે ? **'ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય છે...'** મુનિને તો... આહા..હા..!

મુમુક્ષુ :- પણ મુનિને સંતોષ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એટલે જ ને. સંતોષ છે પણ પૂરું જોવે છે. આહા..હા..! **'અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે.'** અક્ષય ઘડો છે. આહા..હા..! આ ઘટ નહિ એ ઘટ-ઘડો. આહા..હા..! **'તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.'**

એટલેથી અમે અટકતા નથી. કહે છે, **'અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.'** આહા..હા..! છતાં એ પૂર્ણ અમૃતની ધારા આવે છતાં ઘડો તો પરિપૂર્ણ જ રહે. ઇ છે એમાં જુઓ ! ઘડો પણ સદાય પરિપૂર્ણ ભરેલો રહે છે. આહા..હા..! હવે આ તર્કથી એને કેમ (બેસે) ? વસ્તુનો સ્વભાવ જ કોઈ દ્રવ્ય ને ગુણ એવો જ છે કે એમાંથી પરિપૂર્ણ પર્યાય પ્રગટ થાય તો પણ વસ્તુ તો પરિપૂર્ણ જેટલીની જેવડી છે તેટલી રહી છે. આહા..હા..! આવું કોઈ ચૈતન્યનું અદ્ભુત સ્વરૂપ છે ! આહા..હા..! એ અહીં કહે છે. આહા..!

**'પ્રત્યક્ષ જાણે છે. સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, પર સન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે.'** આહા..હા..! વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**ધર્મની વ્યાખ્યા :- વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુસ્વભાવને ધર્મ કેમ કહ્યો ? કે પરતરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન ભક્તિ, પૂજાના શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે. એ ધર્મની વાત નથી. કેમ કે તે ભેદ-વિવક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૮૧૩.**

**માગશર વદ ૧૪, ગુરુવાર તા. ૨૮-૧૨-૧૯૭૮.**
**વચનામૃત-૪૧૪-૪૧૫, પ્રવચન-૧૭૨**

**કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં 'પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો. મને સુખ દેજો' એમ ભીખ માગ્યા કરે છે ! 'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો' એમ તું ભીખ માગ્યા કરે છે ! પણ બહારથી કંઈ મળતું નથી. ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે. ૪૧૪.**

'બહેનશ્રીના વચનામૃત' ૪૧૪. **'કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં,...'** દૃષ્ટાંત પહેલો કહ્યો. **'કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં,...'** ચક્રવર્તી રાજા હોય અને એની પાસે ભંડાર ભર્યા હોય અને **'બહાર ભીખ માગે,...'** બહાર ભીખ માગે. **'તેમ તું પોતે ત્રણ લોકનો નાથ...'** આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત. અંદર અનંત અનંત ગુણનો ભંડાર ભગવાન છે. ત્રણ લોકનો નાથ છે. રાગથી ભિન્ન ભેદજ્ઞાનમાં પોતાના આત્માને જોવે, તો અનંત અનંત આનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંત સ્વચ્છતા એવા અનંત ગુણનો ભંડાર ભગવાનમાં ભર્યો છે. આહા..હા..! **'પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં,...'** ત્રણ લોકનો નાથ. ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિનો ધરનાર. આહા..હા..!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી શક્તિ એમાં છે. જાણવું, દેખવું (શક્તિ છે તો) જાણવા-દેખવામાં પછી મર્યાદા શી ? જાણવું, દેખવું એવો સ્વભાવ છે, એની મર્યાદા શી ? ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જાણે એવી એનામાં શક્તિ સ્વભાવ છે. એવો ગુણ ભંડાર અંદરમાં ભર્યો છે. આહા..હા..!

'**તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા...**' છે. જેમ પેલો ચક્રવર્તી છે એમ ત્રણ લોકનો નાથ છું. એનામાં જેમ ભંડાર છે એમ તારામાં '**અનંત ગુણરૂપ ઋદ્ધિ...**' અનંત સ્વભાવ છે એ અપરિમિત, બેહદ સ્વભાવ છે. આહા..હા..! અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા એવા અનંત ગુણનો ભંડાર ભગવાનઆત્મા છે. આહા..હા...! એમ હોવા છતાં... આહા..હા..! '**અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં,...**' અનંત ગુણનો ભંડાર ભર્યો છે. આહા..! વસ્તુ છે ને ? વસ્તુ છે તો અનંત ગુણ વસ્યા, રહેલા છે. એમાં અનંત ગુણ ભર્યા છે. આહા..હા..! એ અલ્પજ્ઞપણું કંઈ એનો સ્વભાવ નથી. આહા..હા..! રાગ, દયા, દાન આદિ વિકલ્પ જે છે એ પણ એનો સ્વભાવ નથી. એના સ્વરૂપમાં એ છે જ નહિ. આહા..હા..! એના સ્વભાવમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા, પ્રભુતા, એવા એવા અનંત ગુણનો ભંડાર ભર્યા છે. આહા..હા..!

'**અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર હોવા છતાં,...**' એમ હોવા છતાં ''**પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો.**'' આહા..હા..! મને શાસ્ત્રથી જ્ઞાન થાય, પરથી જ્ઞાન થાય એવી ભીખ માગે છે. આહા..હા..! જ્ઞાન તો પોતામાં અનંત ભર્યું છે. એને તો જાણતો નથી. આહા..હા..! અને '**પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો.**' આહા..હા..! જાણે વાણીમાંથી મારામાં જ્ઞાન આવી ગયું, શાસ્ત્રથી મને જ્ઞાન થાય છે. એમ પોતામાં અનંત જ્ઞાન હોવા છતાં પર (પાસેથી) જ્ઞાન ભીખ માગે છે. આહા..હા..! ભગવાન ભિખારી થઈ ગયો. આહા..હા..! એવી ચીજ અંદર છે.

સર્વજ્ઞ પરમેશ્વરને જે સર્વજ્ઞપણું પ્રગટ્યું એ ક્યાંથી થયું ? બહારથી આવે છે ? એ સર્વજ્ઞ સ્વભાવી પોતાના આત્મામાં છે. ભગવાનને અતીન્દ્રિય અનંત આનંદ આવ્યો. ક્યાંથી અતીન્દ્રિય આનંદ આવ્યો ? બહારથી આવે છે ? અંદરમાં અતીન્દ્રિય આનંદ ભરેલો છે એમાંથી આવે છે. અતીન્દ્રિય આનંદથી તો ભરચક, છલોછલ (ભરેલો છે). આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ પૂર્ણ પડ્યું છે. એમાં .. બહારથી માગે છે. એમ

કહે છે.

**'મને સુખ દેજો...'** આહા..હા..! શરીરમાંથી સુખ મળે, ઇન્દ્રિયના વિષયમાંથી સુખ મળે, સ્ત્રીમાંથી મળે, આબરૂમાંથી મળે, લક્ષ્મીમાંથી મળે એવી ભીખ માગે છે. આહા..હા..! સુખનો તો ભંડાર ભગવાનઆત્મા છે. એ તરફ દૃષ્ટિ નથી. એનો તો વિશ્વાસ નથી. અને પરથી મને સુખ થશે, પરથી મને જ્ઞાન થશે અને પરથી મને સુખ મળશે (એ) મિથ્યા ભ્રમ છે. આહા..હા..!

**'એમ ભીખ માગ્યા કરે છે !'** આ પ્રકારે પરથી મને જ્ઞાન થશે. જ્ઞાનનો તો ભંડાર નિજ સ્વભાવ છે. પરથી જ્ઞાન થાય છે ? સાંભળવાથી થાય છે ? શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન થાય છે ? જ્ઞાન તો પોતામાં ભર્યું છે. આહા..હા..! એની પ્રતીતિ અને વિશ્વાસ નથી. અને બહારથી જાણે જ્ઞાન મળશે અને બહારથી સુખ મળશે એવી ભીખ માગે છે. છે ? આહા..હા..! **'ભીખ માગ્યા કરે છે !'** મિથ્યા ભ્રમ છે. આહા..હા..! એ મને અનુકૂળતા આપે, પ્રતિકૂળતાનો નિષેધ કરે, મને પરથી શાંતિ મળે. એવો ભ્રમ અનાદિનો અજ્ઞાનીનો છે. પોતાની અંદર શાંતિ અને આનંદ ભરેલા છે, એનો તો વિશ્વાસ અને પ્રતીતિ નથી. આહા..!

**'મને ધનમાંથી સુખ મળજો,...'** પહેલી સામાન્ય વાત કરી. લક્ષ્મીમાંથી સુખ મળે. પાંચ-પચ્ચીસ લાખ પૈસા હો તો હું સુખી થાઉં, એમ પરમાંથી સુખ માગે છે. આહા..હા..! ધનમાં સુખ છે ? ધન તો જડ ધૂળ છે. ધૂળમાં સુખ છે ? અને એનાથી પોતામાં સુખ આવે છે ? આહા..હા..! લક્ષ્મીને પ્રાપ્ત કરીને મને પરથી–ધનમાંથી સુખ મળશે. આહા..હા..! મારા સ્વરૂપમાં આનંદ-ધન પડ્યું છે એની દૃષ્ટિનો વિશ્વાસ નથી. આહા..હા..! અરે..! હું દયા, દાન, વ્રત, ભક્તિ કરું તો મને અંદરથી સુખ મળશે. એ મૂઢતા છે. એ તો રાગની ક્રિયા છે. રાગની ક્રિયાથી સુખ મળે ?

**'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો,...'** આ તો માટી-ધૂળ છે. પોતામાં આનંદ છે એમાં તો જતો નથી. અને શરીરમાંથી સુખ મળે એવી ઝંખના કરે છે. આહા..હા..! છે ? **'મને શુભ કાર્યોમાંથી સુખ મળજો,...'** આહા..હા..! હું શુભ કાર્ય કરું. દયાનું, દાનનું, ભક્તિનું, પૂજાનું, વ્રત, તપના કાર્યો, એ તો શુભભાવ છે. એનાથી મને સુખ મળે. મૂઢ છે. આહા..હા..! છે ? **'શુભ કાર્યોમાંથી સુખ મળજો,...'** આહા..હા..! બહારના થોડા શુભ કામો કરું તો મને સુખ મળે. પરને મદદ કરું, પરોપકાર

કરું. આહા..હા..! એનાથી મને સુખ મળે એવો અજ્ઞાનીનો ભ્રમ છે, ભ્રમણા છે. સુખ તો પોતામાં છે એને શોધતો નથી.

**'અને શુભ પરિણામમાંથી સુખ મળજો...'** ઓ'લા શુભ કાર્યો કહ્યા. આ શુભ પરિણામ. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, ભગવાનની ભક્તિના પરિણામ, પંચ પરમેષ્ઠીના સ્મરણના પરિણામ એ તો શુભ છે, દુઃખ છે. આહા..હા..! એમાંથી મને સુખ મળે એવી અજ્ઞાનીની ભ્રમણા છે. આ તો શુભ પરિણામથી તો લાભ થાય છે લોકો એમ કહે છે. શુભ પરિણામ કરીએ, રાગની મંદતા દયા, વ્રત, તપ, અપવાસ, ભગવાનની ભક્તિમાંથી પુણ્ય બંધાય, પુણ્ય બંધાય એમાંથી સુખ મળશે. ધૂળમાં, પરમાં સુખ છે ? એ શુભ પરિણામ છે એ જ દુઃખ છે. આહા..હા..! એ સવારમાં આવી ગયું છે. શુભભાવ છે એ આકુળતાને ઉત્પન્ન કરનારો છે. આહા..હા..! કેમ બેસે ? વ્રત કરું, તપ કરું, અપવાસ કરું, ભક્તિ કરું, આ જાત્રા કરું. એ પરિણામ શુભ છે અને શુભ છે તો આકુળતાનું કારણ છે. આહા..હા..! આકુળતાને ઉપજાવનાર છે, આપણે સવારે આવ્યું ને ? ૭૨ ગાથા. શુભભાવ છે, અશુભ છે એ તો દુઃખરૂપ જ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધના પરિણામ તો દુઃખરૂપ છે જ પણ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યાનો વિકલ્પ જે ઊઠે એ પણ દુઃખ છે. અરે..રે..! આવી વાતું છે. એમાંથી કંઈક મળે.

**'મને શુભ પરિણામમાંથી સુખ મળજો...'** આહા..હા..! એ તો મોટો ભ્રમ છે. હું શુભ પરિણામ કરું, વ્રત પાળું, ભક્તિ કરું એમાંથી સુખ મળે. એ તો રાગ છે, એ તો દુઃખ છે. દુઃખમાંથી સુખ મળે ? આહા..હા..!

મુમુક્ષુ :- બહુ દુઃખ ભોગવીએ પછી સુખ મળે

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય મળે નહિ. દુઃખ ભોગવે તો એના પરિણામમાં દુઃખ છે. આહા..હા..!

**'શુભ પરિણામમાંથી સુખ મળજો...'** હું શુભ પરિણામ કરું, તો એનાથી મને સુખ મળે. આહા..હા..! એ તો આપણે આવી ગયું. ભગવાનઆત્મા તો આનંદનો ભંડાર છે. શુભ પરિણામ તો આકુળતા ઉપજાવનાર છે અને આત્મા તો અનાકૂળતાનો ભંડાર છે. આહા..હા..! તો મારા આત્માનો જે આનંદ છે, એનું શુભ પરિણામ કારણ છે અને આનંદ કાર્ય છે એમ નથી. આહા..હા..! વ્યવહાર રત્નત્રયનો શુભરાગ છે

એ કારણ છે અને એનાથી નિશ્ચય રત્નત્રય ઉત્પન્ન થશે, એમ નથી. એ તો દુઃખ છે. વ્યવહાર રત્નત્રયનો રાગ તો દુઃખ છે. આવી વાત છે. માણસને આકરું પડે. શું થાય ? ....શું કીધું ? સમજાણું કાંઈ ?

શુભકાર્ય અને શુભ પરિણામ બે વાત લીધી છે. દયા આદિની ક્રિયાથી કોઈ શુભક્રિયા થાય, એનાથી મને સુખ મળે. એ તો જડની ક્રિયા છે. અને પછી દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ થયા એ પણ રાગ છે, દુઃખ છે. એમાંથી સુખ મળે ? આહા..હા..! શુભભાવ કારણ છે અને શુદ્ધ છે એ કાર્ય છે, એમ (લોકો) કહે છે. ભ્રમ છે, અજ્ઞાન છે. આહા..હા..! આવી વાત જગતને આકરી પડે.

**'મને શુભ કાર્યોમાંથી સુખ મળજો,...'** શરીરનું કાર્ય, પરનું કરું, પરને મદદ કરું અનુકૂળતા કરું, એ કાર્ય તો પરના જડના છે. એમાંથી સુખ મળે અને **'મને શુભ પરિણામમાંથી સુખ મળજો...'** આહા..હા..! ભક્તિ, જાત્રા, પૂજા આદિ કરું. એ તો શુભ પરિણામ છે.

મુમુક્ષુ :– ગુરુનો વિનય તો કરવોને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગુરુનો વિનય કરે તો એ શુભભાવ છે.

મુમુક્ષુ :– ... ધર્મનું મૂળ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વિનય તો આત્માનો વિનય એ ધર્મનું મૂળ છે. પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા, એનું બહુમાન કરવું એ વિનય છે. ભગવાનનું બહુમાન કરવું એ તો વિકલ્પ છે, રાગ છે. ભગવાન તો કહે છે ને ? **'परदव्वादो दुग्गई'** 'મોક્ષપાહુડ'માં છે. અમે પરદ્રવ્ય છીએ. ભગવાન કહે છે, અમે તારાથી પરદ્રવ્ય છીએ. મારા ઉપર લક્ષ કરીશ તો તને શુભરાગ થશે. શુભરાગ એ દુર્ગતિ છે. તારી ચૈતન્યની ગતિ નથી. આહા..હા..! આકરું કામ બહુ. છે ?

**'મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો...'** આહા..હા..! અત્યારે આ મોટી ભ્રમણા છે. ગિરનારની જાત્રા કરીએ, સમ્મેદશિખરની જાત્રા કરીએ, શેત્રુંજયની જાત્રા કરીએ.

મુમુક્ષુ :– ભગવાન...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન તો ભગવાન પાસે છે. એ ભગવાન તો પર છે. પર ભગવાનની જાત્રાનો ભાવ એ શુભરાગ છે, દુઃખ છે. આવી વાત આકરી પડે.

શું થાય ? દુનિયા અનાદિથી ભ્રમણામાં, ભૂલમાં પડી છે. 'મોક્ષ અધિકાર'માં શુભભાવને તો ઝેર કહેવામાં આવ્યો છે. વિષકુંભ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝેરનો ઘડો છે. એમાંથી આનંદ મળે છે ? શુભ પરિણામ છે એ ઝેરનો ઘડો છે. આહા..હા..! આકરો માર્ગ. અપૂર્વ માર્ગ કોઈ બીજી ચીજ છે, ભાઈ ! અંતરમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર આત્મા, એ શુભ પરિણામમાંથી સુખ મળે એવી ઝંખના છે એ અજ્ઞાનની ભ્રમણા છે.

**'એમ તું ભીખ માગ્યા કરે છે !'** આહા..હા..! દિગંબર જૈન સાધુ થઈને, પંચ મહાવ્રતના પરિણામથી મને સુખ મળશે, પંચ મહાવ્રતના પરિણામથી મને શાંતિ મળશે. એ તો ભ્રમણા અજ્ઞાન છે. આહા..હા..! જગતને આવું કામ આકરું પડે. શું થાય ? ભાઈ ! માર્ગ તો આવો છે. **'એમ તું ભીખ માગ્યા કરે છે ! પણ બહારથી કંઈ મળતું નથી.'** શુભ પરિણામથી, શુભકાર્યથી તને કંઈ લાભ નથી. **'બહારથી કંઈ મળતું નથી.'** તારી ચીજ નથી મળતી. બહારના આચરણથી રાગનો, દુઃખનો ભાવ ઉત્પન્ન થાય છે પણ એમાં આત્માને કાંઈ લાભ નથી. **'બહારથી કંઈ મળતું નથી.'** એનો અર્થ ? કે બહારનું લક્ષ કરે તો દુઃખ મળે છે પણ આત્માની શાંતિ અને સુખ નથી મળતું.

**'ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે...'** આહા..હા..! ગંભીરતાથી, ઊંડાણથી, ઊંડે-ઊંડે ચૈતન્ય ધ્રુવમાં પ્રવેશ કરી... આહા..હા..! વર્તમાન પર્યાયને ધ્રુવમાં લગાડીને... આહા..હા..! ઊંડાણથી... પર્યાય ઉપર છે. અંદર તળમાં ભગવાન ધ્રુવ પડ્યો છે. આહા..હા..! આ તો બધી ભક્તિ, જાત્રા અને ધર્મ છે એમ માને છે. એનાથી આ વિરુદ્ધ પડે છે. **'ઊંડાણથી જ્ઞાયકપણાનો...'** જ્ઞાયકસ્વરૂપ હું તો જાણન-દેખન સ્વભાવસ્વરૂપ છું. હું મારી પર્યાયથી પણ ભિન્ન અંદર ઊંડાણમાં જ્ઞાયકપણાથી પૂરો ભરેલો છું. એવો **'અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે.'** જ્ઞાયકપણાનો અંદર અભ્યાસ કરે. અંતર ચૈતન્ય જ્ઞાયકભાવ, ભરપૂર સ્વભાવ, એ તરફનો રાગથી વિમુખ થઈને સન્મુખનો અભ્યાસ કરે... આહા..હા..! અંતર જ્ઞાયકભાવમાં ભંડાર ભર્યો છે. પૂર્ણ આનંદ આદિ, શાંતિ આદિ પૂર્ણ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતનો અંત નથી એવા અનંત ગુણ જ્ઞાયકમાં ભર્યા છે. આહા..હા..!

એવો **'ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે...'** રાગનો અભ્યાસ કરે

કે પરનો, શુભકાર્યનો અભ્યાસ કરવામાં આવે, એમ નહિ. આહા..હા..! વર્તમાન પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે. આહા..હા..! ધ્રુવ વસ્તુ જે ભગવાન આત્મા, ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. ઉત્પાદ-વ્યયની પર્યાયને ધ્રુવ તરફ વાળતા... આહા..હા..! જ્ઞાયકપણાનો અભ્યાસ... આહા..હા..! આવી વાત છે. કહો, હવે એમ કહે છે. (એક સાધુ) છે ને ? સવારમાં એમ કહેતા હતા. એ લોકો હવે એમ કહે છે કે (આ સાધુ) અને 'કાનજીસ્વામી' (બેથી) અધ્યાત્મનો પ્રચાર વિશેષ થાય છે. પહેલા જરી વિરુદ્ધમાં હતા. સવારમાં કોણ કહેતું હતું ? કો'ક કહેતું હતું. હવે એ એમ બોલે છે કે અધ્યાત્મનો ખરો પ્રચાર તો ત્યાંથી થયો છે. અહીંયા (આ સાધુ) કરે છે એમ કહે છે. (પેલા મુનિ) છે ને ? આહા..હા..!

આ તો પરમાત્મસ્વરૂપ અંદર પૂર્ણ પડ્યું છે. બહિરાત્મબુદ્ધિ છોડીને અંતરાત્માની બુદ્ધિ કરીને, પરમાત્માને પામવાનો અભ્યાસ કરે. આહા..હા..! બહિરાત્મ નામ રાગ. દયા, દાન ચાહે તો એ વ્રતાદિ હોય પણ એને મારા માનવા અને એનાથી લાભ માનવો એ બહિરાત્મબુદ્ધિ છે. આહા..હા..! ભેદજ્ઞાન કરવું, એનાથી ભેદજ્ઞાન કરવું, રાગથી પણ ભિન્ન કરવો. ભેદજ્ઞાન કરવાથી અતંર આત્માની પ્રાપ્તિ થાય છે. અને અંતરાત્મામાં એકાગ્ર થઈને પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! ક્રિયાકાંડથી અંતરાત્મા મળે પછી પરમાત્મા ક્રિયાકાંડથી મળી જાય (એમ નથી). બહારની ક્રિયા એ નહિ. અંતર સ્વરૂપ ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનના ભંડારમાં એકાગ્રતાની ક્રિયા, એ અંતરાત્માની ક્રિયા છે અને એ પરમાત્માને પામવાની ક્રિયા છે. **'પણ બહારથી કંઈ મળતું નથી.'** અંદરથી જ બધું મળે છે. આહા..હા..! છે ?

**'જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે...'** આહા..હા..! **'તો નિધાન મળે...'** અંદર ભોયરામાં નિધાન ભર્યું છે. આનંદસાગર ભગવાન અંદર ભોયરું છે. પર્યાયની અંદરમાં ધ્રુવ ભોયરું છે. અંદરમાં અનંત આનંદ સાગર ભર્યો છે. આહા..હા..! એ **'પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે...'** રાગની એક્તાનું તાળું જે છે એ મિથ્યાત્વ છે. રાગ, દયા, દાનનો વિકલ્પ છે એ મારો છે, એનાથી લાભ થશે. એ મિથ્યાત્વનું તાળું છે. નિધાન બંધ છે. આહા..હા..! એને ખોલવામાં આવે. છે ?

ચાવી વડે. **'ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે...'** યોગ્ય ચાવી વડે. આહા..હા..!

રાગથી ભિન્ન થઈને અંતર જ્ઞાનાનંદ સ્વભાવ જે પડ્યો છે. **'જઈ યોગ્ય ચાવી વડે...'** એટલે ભેદજ્ઞાનની ચાવી વડે. આહા..હા..! **'પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે...'** અંતરમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું નિધાન મળે. આ ઉપાય છે. આહા..! આકરી વાત છે, ભાઈ ! અત્યારે તો બધી ગડબડ બહુ ચાલી છે. એમાં આ વાત સામે મૂકવી. અંતરમાં નિધાન ભર્યું છે, એ દયા, દાન, વ્રત, ભક્તિનો જે રાગ છે, એ રાગથી મને લાભ થશે, એવી જે બુદ્ધિ છે એ મિથ્યાત્વનું તાળું છે. બહારના નિધાનમાં રોકાઈ ગયો. અંદરમાં જઈને મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. આહા..હા..!

અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એ બાજુ જઈને ભેદજ્ઞાનની યોગ્ય ચાવી લગાડે... આહા..હા..! નિધાન ખુલી જાય. આવી વાત છે, ભાઈ ! અજાણ્યા માણસને તો એવું લાગે કે આ તો બધું લુખુ (છે). આહા..હા..! રાગની ક્રિયાથી પાર ભગવાન અંદર છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, અનાદિનો રાગ છે એ તો રાગ છે. આહા..હા..! **'પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે...'** અંતરમાં અતીન્દ્રિય આનંદ મળે. **'અને દારિદ્ર ફીટે,...'** પર્યાયમાં જે ભિખારી-દરિદ્રતા માગે... આહા..હા..! પર્યાયમાં રાગાદિની દીનતા જે છે એ બધી નાશ થઈ જાય. આવી વાત છે.

**'તેમ ઊંડાણમાં જઈ...'** ભોંયરાનું દૃષ્ટાંત દીધું. અંદરમાં ધ્રુવ ચૈતન્ય ભગવાન છે. સહજાત્મ નિધાન નિત્યાનંદ, પ્રભુ ! એમ ઊંડાણમાં વર્તમાન પર્યાયને અંતરમાં વાળતા... આહા..હા..! વર્તમાન પર્યાય જે પરસન્મુખ છે, એને છોડીને સ્વસન્મુખ લઈ જાય તો તાળું તૂટી જાય. આહા..હા..! આવી વાત છે. અજાણી વાતું બધી. **'ઊંડાણમાં જઈ...'** ઊંડે ઊંડે ધ્રુવ ચૈતન્ય ભગવાન. પર્યાયના તળમાં અંદર ધ્રુવ પડ્યો છે. જેમ ઊંડું ભોયરું છે એમ પર્યાયના તળમાં ધ્રુવ પડ્યો છે. આહા..હા..! ત્યાં **'ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી...'** હું તો જ્ઞાયક જ છું, જાણવા-દેખવાવાળો જ હું છું. એવી **'ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી...'** નાખ્યું. બહુ વાત સરસ.

ભગવાન અંદર અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત શાંતિ, અનંત અનંત ઈશ્વરતાનો ભંડાર ભગવાન અંદર છે, એને કહે છે કે **'જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી...'** જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... હું તો એક ત્રિકાળી જાણનાર છું. એવો અંતરમાં અભ્યાસ કરીને **'અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં**

**આવે...**' આહા..હા..! '**તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય...**' અનંત ગુણરૂપ નિધાન ભગવાન આત્મા પ્રાપ્ત થાય. આહા..હા..! આવી વાત છે. ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો ગંભીર છે. આહા..હા..! વર્તમાનમાં તો બાહ્ય ક્રિયા કરો, જાત્રા કરો, વ્રત પાળો, અપવાસ કરો, ભગવાનની ભક્તિ કરો તો કલ્યાણ થશે. એ બધી ભ્રાંતિ છે. એ ભ્રાંતિને જ્ઞાયકભાવનો અભ્યાસ કરીને છોડી દે. આહા..હા..! હું તો ચૈતન્ય જાણનાર દેખનાર છું. કોઈ રાગની ક્રિયા કરનાર હું નહિ. આહા..હા..! એ દયા, દાનના જે વિકલ્પ ઊઠે છે એ ક્રિયા મારું કર્તવ્ય નથી, એ મારું કાર્ય નથી. હું તો એનો પણ જાણનાર-દેખનાર જ્ઞાયક છું. આહા..હા..! ભાષા થોડી પણ ભાવ બહુ ગંભીર છે. આહા..હા..!

'**અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે.**' ઓલામાં દરિદ્ર જેમ મટી જાય. શુભ પરિણામમાંથી, શુભ કાર્યમાંથી સુખ મળશે, એવી જે ભ્રાંતિ જે ભિક્ષાવૃત્તિની, ભીખ માગવાની છે એ મટી જશે. આહા..હા..! એ તો સમ્યગ્દૃષ્ટિપૂર્વક વાત કરી. સમજાણું કાંઈ ? હવે મુનિરાજ કેવા હોય છે ? આહા..હા..! સાચા મુનિ કેવા હોય છે ?

**મુનિરાજ કહે છે :– અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પીવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પીવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે. ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ શક્તિવાળું પરિણમન ! આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ. (આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ તો સદા શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.) ૪૧૫.**

'**મુનિરાજ કહે છે :– અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો,...**' પહેલા સમ્યગ્દૃષ્ટિની વાત કરી. હવે આગળ વધીને અંતર આનંદ, વિશેષ પ્રચુર સ્વસંવેદન આવે છે. મુનિ એને કહીએ કે જેને ભાવલિંગમાં પ્રચુર આનંદનું વેદન થાય છે.

આહા..હા..! પંચ મહાવ્રતની ક્રિયા આદિ તો રાગ છે. એ કાંઈ મુનિપણું નથી. નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. અંતરમાં આનંદસ્વરૂપ પ્રભુ, એમાં પ્રચુર સ્વસંવેદન (થાય). સમ્યગ્દર્શનમાં સ્વસંવેદન અલ્પ છે. મુનિરાજને તો પ્રચુર સ્વસંવેદન હોય ત્યારે મુનિપણું આવે છે. ભાવલિંગનું ચિહ્ન એ કે અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન થવું. આહા..હા..!

**'અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો,...'** આહા..હા..! મુનિરાજને અનંત ગુણથી ભરપૂર આત્મા અને અનંત અમૃતથી ભરપુર **'અક્ષય ઘડો છે.'** આત્મા તો અક્ષય ઘડો છે. અનંત અમૃતથી ભરેલો અક્ષય ઘડો ભર્યો છે. જેમ પાણીનો ઘડો છે એમ આ અક્ષય અમૃતનો ઘડો છે. આહા..હા...! ઘડાને આકારે છે ને ? જુઓને ! ઘડાને આકારે ભિન્ન છે ને ? આત્મા એ આકારે ભિન્ન છે. શરીર આકાર પ્રમાણે આત્મા ભિન્ન છે. એ અમૃતનો ઘડો છે. આહા..હા..!

**'મુનિરાજ...'** એમ જાણે છે. **'કહે છે...'** નો અર્થ જાણે છે. **'અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે.'** આહા..હા..! એવો અમારો ઘડો છે કે જે અક્ષય છે. કદી ક્ષય થતો નથી. અનંત-અનંત આનંદ અનુભવ થાય તો પણ અંદર અક્ષય ઘડો છે. આહા..હા..! **'એ ઘડામાંથી પાતળી ધારે...'** આહા..હા..! મુનિરાજને એ ઘડામાંથી પાતળી ધારે **'અલ્પ અમૃત પીવાય...'** અલ્પ આનંદની દશારૂપ અમૃત પીવાય... આહા..હા..! **'એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.'** આહા..હા..! મુનિ કોને કહીએ ? કે જેના અંતર આત્મામાં અમૃત ભરેલું છે. એની **'પાતળી ધારે અલ્પ અમૃત પીવાય...'** છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને અમૃતધારા વહે છે. અમૃતથી ભરેલો પ્રભુ, રાગથી ભિન્ન થઈને ભગવાનનો અનુભવ થયો, તો ત્યાં ભેદજ્ઞાનની ધારા વહે છે. એમાં અમૃતના આનંદની ધારા પણ સાથે વહે છે. આહા..હા..! એ અતીન્દ્રિય અમૃતની ધારા મુનિરાજ કહે છે કે અમને પાતળી ધાર છે. અંદર પૂર્ણ ઘડો છે એમાંથી પાતળી ધારા આવે છે. આહા..હા..! વીતરાગી અમૃતધારા આવી પણ પાતળી આવી. આહા..હા..! આ મુનિપણું.

શાસ્ત્રમાં સમકિતીને, સાચા શ્રાકવને તો અમૃતની ઘણી પાતળી ધારા છે. મુનિને અમૃતની પાતળી ધારા, પૂર્ણ ધારાની અપેક્ષાએ પાતળી છે. બાકી ચોથા અને પાંચમા ગુણસ્થાન કરતા અમૃતધારાની વિશેષતા છે. આહા..હા..! એ અમૃતધારાનું વેદન, પણ એ અમારા ઘડામાંથી હજી પૂર્ણાનંદનું વેદન નથી આવ્યું. એ ભાવના કરે છે. પંચ

મહાવ્રતની ભાવના કરે છે કે અતિચાર પાળું એમ નહિ, એમ કહે છે. આહા..હા..! ચરણાનુયોગમાં એમ આવે કે પંચ મહાવ્રતનો ભાવ, એનો અતિચાર પાળવાનો ભાવ પણ એ બધી વ્યવહારની વાત છે. આહા..હા..!

પરમાત્મ ભગવાન આત્મા અમૃતનો ઘડો છે, દરિયો છે. એમાંથી અમને ત્રણ કષાયનો અભાવ થઈને સમ્યગ્દર્શન થઈને જે અમૃતની ધારા પર્યાયમાં આવી છે, દ્રવ્યમાંથી અમૃતધારા જે પર્યાયમાં આવી છે.. આહા..હા..! એ પાતળી ધારાથી અમને સંતોષ નથી. આહા..હા..! આવી વાત છે. એને અહીંયા મુનિપણું કહે છે. અતીન્દ્રિય આનંદની ધારા વહે. 'ઘટ ઘટ અંતર જિન વસે...' એમાંથી જિનપણું પ્રગટ્યું. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે...' જિન પ્રભુ વીતરાગ અમૃતનો સાગર તો ઘટ ઘટમાં બિરાજમાન આત્મા છે. આહા..હા..! આ ઘટથી ભિન્ન ઘટ.

**'તે ઘડામાંથી પાતળી ધારે...'** આહા..હા..! **'સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.'** આહા..હા..! અમને અમૃતની અતીન્દ્રિય આનંદની ધારા અંદરથી વહે છે વેદનમાં પણ એ થોડી પાતળી ધારા છે. આહા..હા..! આ મુનિપણું. અહીં નગ્નપણું, પંચ મહાવ્રતના વિકલ્પ આવ્યો તો મુનિપણું થયું. એમ છે જ નહિ. આહા..હા..! અંતરમાં અતીન્દ્રિય આનંદનો ઘડો ભર્યો છે, એમાંથી પર્યાયમાં સ્વસંવેદનની ધારા વહે એ પણ પાતળી છે. મુનિ કહે છે અમને પાતળી ધારે વહે છે, અમારે તો પૂર્ણ ધારા જોઈએ. આહા..હા..! કહો, એટલાથી સંતોષ નથી થતો, એમ કહે છે. આહા..હા..!

છટ્ઠે ગુણસ્થાને સાચા મુનિને, સાચા સંત હોય એને અંદરથી અમૃતની ધારા આવે છે. પાતાળમાં જેમ પત્થર તોડીને ધારા વહે, પત્થર તુટીને પાતાળમાંથી જેમ પાણી વહે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પાતાળ ભર્યો છે. આહા..હા..! એમાં એકાગ્રતાથી જે પર્યાયમાં અમૃતધારા વહે છે, મુનિરાજ કહે છે કે એનાથી અમને હજી સંતોષ નથી. આહા..હા..! **'અમારે તો પ્રત્યેક સમયે...'** દરેક સમયે અને **'પૂરું અમૃત પીવાય...'** પ્રત્યેક સમયે અને પૂરું અમૃત. આહા..હા..! મુનિને યોગ્ય અમૃતની ધારાનું વેદન છે પણ કહે છે એટલામાં અમને સંતોષ નથી. અમને તો પૂર્ણ અમૃતની ધારા... આહા..હા..! અને તે પણ પ્રતિ સમય, દરેક સમયે. દરેક સમયે અમૃતની ધારા પૂર્ણ હો, એ અમારી ભાવના છે. આહા..હા..! જુઓ ! આ મુનિરાજની દશા. સાચા મુનિ એને કહીએ. બાકી તો બધા દ્રવ્યલિંગ છે. આહા..હા..! ભાવલિંગની અંદર

વાત છે. આહા..હા..!

**'અમૃત પીવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.'** અમને તો અમૃતનો જે આનંદ છે, એ પર્યાયમાં અમને આવ્યો છે, પણ એ ઘણો પાતળો છે. અને અસંખ્ય સમયે ખ્યાલમાં આવે છે. આ તો પ્રતિ સમયે અને પૂર્ણ. દરેક સમયે અને પૂર્ણ અમૃત. આહા..હા..! છે ? **'પ્રત્યેક સમયે પૂરું અમૃત પીવાય છે એવી પૂર્ણ દશા જોઈએ છે.'** એવી પૂર્ણ દશા–અવસ્થા અમને જોઈએ છે. આહા..હા..! રાગનો ભાવ જોઈએ, મહાવ્રતનો જોઈએ કે મહાવ્રતનો અતિચાર જોઈએ એમ નથી. આહા..હા..! મહાવ્રત તો રાગ છે, એ તો દુઃખ છે. આવે છે પણ એ તો દુઃખની ધારા છે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધાર પંચ મહાવ્રત ધારણ કરીને, અઠ્યાવીશ મૂળ(ગુણ) પાળીને 'અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્માના અનુભવ વિના આનંદ આવ્યો નહિ. એ પંચ મહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે. આહા..હા..! આવી વાત છે.

**'અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પીવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.'** આહા..હા..! **'એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ...'** અમને પર્યાયમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદ આવે એ અમારી ભાવના છે. અને એ પૂર્ણ આનંદ સાદિઅનંત, જ્યારથી પ્રગટ થયો ત્યાં આદિ થયો પણ ભવિષ્યમાં એનો અંત નથી. આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' 'શ્રીમદ્'માં આવે છે ને ? 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' એમ કહે છે. ગુજરાતીમાં એમ કહે છે, ક્યારે આવશે.

અહીં કહે છે કે સાચા સંત, ધર્માત્મા હોય એ પોતાની **'પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત...'** આહા..હા..! **'સમયે સમયે'** દરેક સમયે **'પૂરું અમૃત પીવાય છે...'** પૂરા નિર્વિકલ્પ આનંદનું પાન કરે છે. આહા..હા..! એનું નામ મોક્ષ છે. આહા..હા..! છે ? **'પૂર્ણ દશામાં સાદિ અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પીવાય છે...'** આહા..હા..! **'અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'** આહા..હા..! ઘડામાંથી અમૃતની પરિપૂર્ણ પર્યાય આવી, તો પણ ઘડો તો પૂરો ભરેલો છે. ઘડામાંથી ઓછું થયું છે, એમ નથી. આહા..હા..! આવી વાતું છે. દુનિયાને તો આકરું લાગે. સત્ય માર્ગ તો આ છે. આહા..હા..!

**'સમયે સમયે પૂરું અમૃત પીવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'** આહા..હા..! એવી જ વસ્તુની કોઈ ચમત્કારી દશા છે. એ પૂર્ણ આનંદ થયો તો પણ. અલ્પ આનંદ હતો ત્યારે પણ ઘડો તો પૂરો ભરેલો હતો. મોક્ષપર્યાયમાં પૂર્ણ આનંદ થયો ત્યારે પણ ઘડો તો પૂરો ભરેલો જ રહે છે. પૂર્ણ આનંદ થયો તો ઘડો ઓછો થયો છે (એમ નથી). આહા..હા..! દ્રવ્ય સ્વભાવ અને ગુણ સ્વભાવમાં કંઈ ઓછું થાય છે એમ નથી. **'સમયે સમયે પૂરું અમૃત પીવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'** આહા..હા..! વિસ્મય લાગે ને ! અલ્પ આનંદ વખતે પણ ઘડો પૂરો ભરેલો છે અને પૂર્ણ આનંદ થયો તો પણ ઘડો પૂરો ભરેલો જ છે. આહા..હા..! એ મુનિપણાની દશા છે. આહા..! એ પરિપૂર્ણ થાય એ કેવળજ્ઞાનની દશા છે. મુનિ છે એ પોતાના આનંદના અનુભવમાં પરિપૂર્ણ અમૃતધારાની ભાવના કરે છે. આહા..હા..! આ ભાવના કરે છે. **'ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'**

**'ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય...'** આહા..હા..! એ આત્મા ચમત્કારિક વસ્તુ છે. આહા..હા..! સાધારણને તો ખ્યાલમાં ન આવે. પરિપૂર્ણ આનંદ આવે તો, જેમાંથી આવ્યો એમાંથી એટલો ઘટાડો થયો કે નહિ ? આ કેમ બેસે ? પૂર્ણ અમૃત આનંદસ્વરૂપ ભગવાનના દ્રવ્ય ગુણ, એમાંથી કેવળીને પૂર્ણ આનંદ આવ્યો. એવી ભાવના મુનિની છે. છતાં ઘડો તો પૂરેપૂરો ભરેલો છે. આહા..હા..! પર્યાયમાં પૂર્ણ આનંદનો અનુભવ થયો, તો પણ દ્રવ્ય અને ગુણ તો પરિપૂર્ણ ભરેલા છે. આ વાત શી રીતે બેસે ? કે વસ્તુ જ વિશેષ ચમત્કારિક છે. આહા..હા..! વસ્તુ દ્રવ્ય સ્વભાવ, ગુણ સ્વભાવ એવી જ કોઈ ચમત્કારિક ચીજ છે. એમાંથી પરિપૂર્ણ સમયે સમયે, સાદિ અનંત અનંત કાળમાં, અનંત આનંદ આવે છે, તો પણ વસ્તુ તો પરિપૂર્ણ ભરેલી છે. આહા..હા..!

એક સમયમાં પૂર્ણ આનંદ આવ્યો, બીજા સમયે આવ્યો, ત્રીજા સમયે આવ્યો એમ સાદિ અનંત. એવો પૂર્ણ આનંદ આવવા છતાં વસ્તુનો સ્વભાવ તો પરિપૂર્ણ ભરેલો છે. આહા..હા..! એવા દ્રવ્ય અને ગુણ પરિપૂર્ણ ભરેલા છે. આહા..હા..! શી રીતે બેસે ? આહા..હા..! અને એમાં પણ પછી પૂર્ણ અતીન્દ્રિય આનંદ હો. ઘડો તો પૂર્ણ ભરેલો છે પણ અતીન્દ્રિય આનંદમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ અગુરુલઘુની થાય છે. આહા..હા..! આ કોઈ ચમત્કારિક વસ્તુ છે ને !

પૂર્ણ અતીન્દ્રિય આનંદ આવ્યો તો પણ એક આનંદની પર્યાયમાં સમયે સમયે

ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). અનંતગુણ વૃદ્ધિ, અનંતગુણ હાનિ, અસંખ્યગુણ વૃદ્ધિ... આહા..હા..! શું છે આ ? એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ છે. દ્રવ્ય-ગુણ તો એવા છે. આહા..હા..! દ્રવ્ય ગુણ તો પરિપૂર્ણ છે પણ પર્યાય પરિપૂર્ણ થઈ, એમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ અંદર યોગ્યતા છે. આહા..હા..! છતાં એ પરિપૂર્ણમાં ઓછપ નથી આવતી. અને પરિપૂર્ણમાં વૃદ્ધિ નથી થતી. છતાં અનંતગુણ વૃદ્ધિ અને અનંત ભાગે હાનિ (થાય છે). આહા..હા..! એના દ્રવ્ય, ગુણનો ધર્મ તો કોઈ અલૌકિક છે પણ એની પર્યાય, એક એક પર્યાય એવી અનંત આનંદ, એવું અનંત કેવળજ્ઞાન, એ અનંત કેવળજ્ઞાનમાં પણ એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). અનંતગુણ વૃદ્ધિ, અનંતગુણ હાનિ... આહા..હા..! અસંખ્ય ગુણ વૃદ્ધિ, અસંખ્ય ગુણ હાનિ. એક સમયમાં આ તે કંઈ ભગવાન...! આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય એ વસ્તુ જ કોઈ ચમત્કારિક ચીજ છે. ત્રણે ચમત્કારિક ચીજ છે. આહા..હા..! એ અહીં કહે છે.

**'ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય...'** આહા..હા..! **'અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું...'** જોયું ? **'ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાસ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું...'** પરિણમન. આહા..હા..! શક્તિવાન આખું એ પરિપૂર્ણ રહે અને વ્યક્તિ પ્રગટ થાય એ પણ પરિપૂર્ણ કાયમ રહે. આહા..હા..! **'આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ.'** મુનિરાજ તો આ ભાવના ભાવે છે. આહા..હા..! **'આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ.'** છતાં કહે છે.

**'(આવી ભાવના વખતે પણ...'** આવી ભાવનાના કાળમાં પણ **'મુનિરાજની દૃષ્ટિ તો સદા શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.)'** ત્રીજી વાત છે. પૂર્ણ દ્રવ્ય ને ગુણ ત્રિકાળ અને પૂર્ણ પર્યાય આવી એ તો ચમત્કારિક. અને એવા સમયે પણ મુનિરાજની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. પરિપૂર્ણ પર્યાય ઉપર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'(આવી ભાવના વખતે પણ...'** પૂર્ણ પર્યાયની ભાવનાના કાળમાં પણ **'મુનિરાજની દૃષ્ટિ તો સદા શુદ્ધ આત્મદ્રવ્ય...'** ત્રિકાળ. આહા..હા..! **'આત્મદ્રવ્ય ઉપર જ છે.)'** અલૌકિક છે, ભાઈ ! દ્રવ્ય ગુણ ચમત્કારિક પૂર્ણ, ષટ્ગુણ હાનિવૃદ્ધિ હોવા છતાં પર્યાય પૂર્ણ ચમત્કારિક છે. અને એવી પર્યાય હોવા છતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. બોલ પૂરો થયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૫, શુક્રવાર તા. ૨૯-૧૨-૧૯૭૮.**
**વચનામૃત-૪૧૩ થી ૪૧૭, પ્રવચન-૧૭૩**

૪૧૩. ફરીને લઈએ. અડધું ચાલ્યું છે ને ? સર્વજ્ઞ ભગવાન પરમાત્માને જ્ઞાન દશા કેવી હોય એનું વર્ણન છે. **'સર્વજ્ઞ ભગવાન...'** સર્વને જાણનારા પરમાત્મા, **'પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે.'** જેની દશા જ્ઞાનની પરિપૂર્ણ થઈ ગઈ. **'તેઓ પોતાને પૂર્ણપણે-પોતાના સર્વ ગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત-પ્રત્યક્ષ જાણે છે.'** પોતાના કીધા પહેલાં. **'સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે.'** અહીં સુધી તો આવી ગયું. આહા..હા..! પરમાત્મા કેવા હોય ? **'जो जाणदि अरहंतं'** આવે છે ને ? **'दव्वत्तगुणत्तपज्जय'** એની પર્યાય આ કેટલી કેવડી મોટી ! આહા..હા..!

**'પરને જાણવા માટે તેઓ પરસન્મુખ થતા નથી.'** પોતાના ક્ષેત્રમાં સ્વસન્મુખ થઈને જાણે છે, પરસન્મુખ થઈને જાણતા નથી. આહા..હા..! પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાય જાય, આહા..! જ્ઞાન ઢંકાય જાય છે. એ પરસન્મુખ થતાં નથી, સ્વસન્મુખમાં પૂર્ણ જ્ઞાનની પર્યાયપણે પરિણમે છે. આહા..હા..! વસ્તુ જેવી કૃતકૃત્ય છે એવી જ પર્યાયમાં કૃત-કૃત્યતા થઈ જાય છે, કાંઈ કરવું બાકી રહેતું નથી. આહા..હા..! જેવી ચીજ દ્રવ્ય-ગુણ વસ્તુ કૃતકૃત્ય છે, એના અવલંબે પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે તે કૃત-કૃત્ય થઈ ગઈ છે. હવે એને નવું કાંઈક કરવું, વધારવું રહ્યું નથી.

**'રોકાઈ જાય છે, પરસન્મુખ થવાથી તો જ્ઞાન (ઢંકાય જાય) દબાઈ જાય છે-રોકાઈ જાય છે, ખીલતું નથી. પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન...'** જ્ઞાનની પર્યાય સમીપની પરિણમીત થઈ ગયેલી **'જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી.'** આહા..હા..! **'તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળના તેમ જ લોકાલોકના બધાં સ્વ-પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય તેમ,...'** આવે

છે 'પ્રવચનસાર'માં. કોતરાઈ જાય એટલે કે એમાં જણાઈ જાય. લોકાલોક છે તે જ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય છે. સ્વ-પરપ્રકાશક પોતાનો સ્વભાવ છે એટલે. આહા..હા..!

**'સમસ્ત સ્વ-પરને એક સમયમાં...'** સમસ્ત સ્વ ને પરને એક સમય, કાળ એક સમય, **'સહજપણે, (સ્વભાવિકપણે) પ્રત્યક્ષ જાણે છે;...'** આહા..હા..! **'જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે,...'** વીતી ગયું છે એને પણ વર્તમાન પૂરું જાણે છે. આહા..! **'જે હવે પછી થવાનું છે તે બધાને પણ પૂરું જાણે છે.'** આહા..હા..! **'જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે.'** છેલ્લો સરવાળો. આહા..હા..! શક્તિ એટલે પર્યાયની શક્તિ પણ અદ્‌ભુત છે એમ. અંદર ગુણ સ્વભાવની શક્તિ તો અદ્‌ભુત છે પણ પર્યાયે પરિણમી જાય છે અદ્‌ભુત શક્તિ, ભૂત-ભવિષ્ય-વર્તમાન પોતાના ને પરના પ્રત્યક્ષ થઈ ગયા ને થશે એ બધાને પ્રત્યક્ષ જાણે છે. એવું જ્ઞાનમાં પરિણમનનો પર્યાયનો સ્વભાવ છે. અદ્‌ભુત છે અદ્‌ભુત.

**ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર ! નરકના ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરા થયા હશે ? નરકના દુઃખ સાંભળ્યા જાય એવા નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણા દુઃખ પડ્યા છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે ? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૧૬.**

૪૧૬, **'ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી.'** આહા..હા..! ભવભ્રમણ ચાલુ રહે, આહા..હા..! ચાર ગતિના ભવો. **'એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી.'** આહા..હા..! **'ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે.'** આહા..હા..! ભવના અભાવ માટે, આહા..હા..! ભવના અભાવ માટે. આહા..હા..! **'ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે.'** આહા..હા..! ભવિષ્યનો ભવ ન રહે એવા ભવિષ્યના ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. આહા..હા..! શું કીધું ? ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. આ ભવ, ભવનો અભાવ થાય એના પ્રયત્ન માટે આ ભવ છે. આહા..હા..! આ ભવ ભવને વધારવા માટે આ ભવ નથી. આહા..હા..!

**'ભવભ્રમણ કેટલા દુઃખોથી ભરેલું છે...'** ભવભ્રમણ. આહા..હા..! નરક ને નિગોદ આદિના ભવો એના કેટલા દુઃખોથી ભરેલું છે એ **'તેનો ગંભીરતાથી વિચાર તો કર !'** ઊંડો ઊંડો વિચાર કર ગંભીરતાથી. આહા..! કેટલા ભવમાં, કેટલા દુઃખો સહન કર્યાં. કેટલા દુઃખો ભર્યા છે એમાં. આહા..હા..! **'નરકના ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે...'** નરકના ભયંકર દુઃખો, જેના એક ક્ષણનું દુઃખ કરોડો ભવ ને કરોડો જીભોથી કહી શકાય નહિ એવું દુઃખ. આહા..હા..! **'નરકના ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે...'** આહા..હા..! રાતે પીડા વિશેષ હોય તો રાત મોટી થઈ પડે છે ને એને ? અરે..રે..! મોટી રાત થઈ. રાત તો છે એટલી છે પણ બહુ પીડા હોય એટલે એમ થાય. અરે..રે..! આ તો અનંતમા ભાગની પીડા છે. આહા..હા..! નરકની પીડા તો પહેલી નરકના દસ હજાર વર્ષ આયુષ્યની સ્થિતિના ક્ષણોનું દુઃખ. એના તેત્રીસ સાગરના દુઃખોનું વર્ણન તો અલૌકિક છે.

માટે એમ કહે છે **'ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરા થયા હશે ?'** આહા..હા..! એક ક્ષણના દુઃખો પણ ભયંકર છે એમાં સાગરોપમ કેમ ગયા હશે ? આહા..હા..! એણે વિચાર કર્યો નથી. કેટલા સાગરોપમમાં અને તે પણ અનંત વાર સાગરોપમમાં. આહા..હા..! **'નરકના દુઃખ સાંભળ્યા જાય એવા નથી.'** આહા..! શરીરના આમ પાણી થઈ જાય. એના શીતની વેદનામાં શરીર આમ પારો જેમ વિંખાય જાય એમ વિંખાય જાય. આહા..હા..! વળી પાછું ભેગું થાય, વળી વિંખાય જાય. અ..રે..! એવા નરકના દુઃખો સાંભળ્યા જાય એવા નથી કહે. આહા..હા..!

**'પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી,...'** આહા..હા..! પગમાં એક કાંટો વાગ્યો હોય થોરનો આંકડો તો રાડ નાખી જાય છે. એ તો સાધારણ કાંઈ (નથી). આંખમાં એક કણું આવે મોટું તો સહ્યું જાય નહિ, રાડે રાડ પાડે, આહા..! **'પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં...'** મિથ્યાત્વ, મિથ્યાત્વ ભાવ છે એના ગર્ભમાં. આહા..હા..! **'તેનાથી અનંતાનંત ગુણા દુઃખ પડ્યા છે...'** મિથ્યાત્વ ભાવમાં. આહા..હા..! રાગને પોતાનો માનવો, પર્યાય જેટલો માનવો, પરમાં સુખ માનવું... આહા..હા..! એવા જે મિથ્યાત્વના ભાવ એટલે કે જૂઠા એવા અસત્ય ભાવ. આહા..હા..! જૂઠા એટલે વસ્તુમાં નથી એ અપેક્ષાએ. વસ્તુ છે એ સત્ય છે. મિથ્યાત્વ ભાવ તરીકે છે એ તો સત્ય છે. આહા..હા..! એવા દુઃખોના ભાવ.

**'જેના ગર્ભમાં તેનાથી અનંતાનંત ગુણાં દુઃખ પડ્યા છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ?'** પહેલાંમાં પહેલું તો આ છે. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં જે મિથ્યાત્વ છે એમાં અનંતા અનંતા ભવના ગર્ભ પડ્યા છે, અનંતા અનંત ભવનું કારણ છે. આહા..હા..! મિથ્યાત્વને જ અનંત કીધું છે. અનંતાનુબંધી કષાય કીધું છે ને ? કષાય એટલે મિથ્યાત્વ એ અનંત છે એની સાથે રહેલો કષાય અનંતાનુબંધી. આહા..હા..! મિથ્યાત્વ પોતે અનંત છે એની સાથે રહેલો કષાય તે અનંતાનુબંધી. આહા..હા..! અસ્થિરતાના દોષો બીજી વાત છે પણ આ મિથ્યાત્વ દોષ તો એક મહા અનંતા નરક ને નિગોદના ભવ એના ગર્ભમાં પડ્યા છે. **'એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ?'** આહા..હા..!

મુમુક્ષુ :- અનંતાનુબંધી કષાયથી પણ મિથ્યાત્વનો દોષ મોટો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મિથ્યાત્વનો દોષ છે એની સાથે અનંતાનુબંધી હોય જ છે. કોઈને ન હોય એ વાત જુદી અનંતાનુબંધી એટલો, આ તો અનંતાનુબંધી મિથ્યાત્વ સાથે હોય છે એની વાત છે અત્યારે. અનાદિનો મિથ્યાત્વ છે એ જ અનંત દુઃખનું કારણ છે. એની સાથે કષાય છે. આહા..હા..! બીજે ગુણસ્થાને અનંતાનુબંધી છે પણ મિથ્યાત્વ નથી. એ તો એક કોઈ ક્ષણની વાત છે. આહા..હા..!

અનંતા અનંતા ગુણોનો સાગર પ્રભુ ! એનાથી વિરુદ્ધની માન્યતા કેટલી અનંતા ભવનું કારણ. આહા..હા..! અનંત અનંત ગુણનો સાગર ભગવાન, અનંતા અનંતા

ગુણનું કાંઈ માપ નહિ એટલા અનંતા. એવા અનંતા અનંતા ગુણથી વિરુદ્ધ ભાવ. આહા..હા..! એવા મિથ્યાત્વના ભાવમાં અનંતા ભવ કરવાની તાકાત છે. કેમ કે અનંત અનંત ગુણોનો અનાદર થઈ... આહા..હા..! અનંતા અનંત ગુણોનો સાગર ભગવાનઆત્મા એનો અનાદર થઈને જે મિથ્યાત્વ ભાવ થાય છે એ અનંતા અનંતા ભવનું કારણ છે. આહા..હા..! પહેલું આ છોડવું જોઈએ એની દરકાર નહિ ને રાગની મંદતાના પાંદડા તોડ્યા પણ મૂળ સાજા રહી ગયા. આહા..હા..! મોટી ભૂલ અમારી, નથી ઓ'લું એમાં આવે છે. મિથ્યાત્વની ભૂલ મોટી ભૂલ અમારી. ઉંધી શ્રદ્ધા. આહા..હા..!

અનંત અનંત ગુણોનો સાગર ભગવાન એનાથી વિરુદ્ધ જે મિથ્યાત્વભાવ. આહા..હા..! રાગને પોતાનો માનવો, રાગથી લાભ માનવો... આહા..હા..! એ અનંતા અનંતા ગુણોનો અનાદર કરે છે. આહા..હા..! અનંતા અનંતા ગુણોનો લાભ સ્વઆશ્રયથી થાય છે, એને ન માનતા પરઆશ્રયી એવો જે રાગ... આહા..હા..! જેમાં પોતાપણું માન્યું છે એણે અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણોને મારી નાખ્યા છે. નથી એમ આળ છે. આહા..હા..!

આ અનંતા અનંતા દુઃખ પડ્યા છે એ કહે છે, એનો અર્થ આ છે કે અનંતા અનંતા ગુણો જે છે એનાથી વિપરીત મિથ્યાત્વ ભાવમાં અનંતા અનંતા દુઃખ છે. આમ જે અનંતા અનંત ગુણ છે... આહા..હા..! તેટલો જ એનો અનાદર અનંતા અનંતનો કરી ને એ રાગનો એક કણ છે પણ એને પોતાનો માને. આહા..હા..! આવો અનંતા અનંતા ગુણોનો પાર નહિ એનો એ અનાદર કરે છે. આહા..હા..! એવો જે **'મિથ્યાત્વ ભાવ એને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ?'** આહા..હા..! **'ગફલતમાં કેમ રહે છે ?'** આહા..હા..! આ ભવ ભવના અભાવ માટેના પ્રયત્નનો ભવ છે આ. આહા..હા..! એનો ગફલતમાં રહીને મિથ્યાત્વ ભાવને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી ? આહા..હા..! **'ગફલતમાં કેમ રહે છે ?'**

**'આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે ?'** આહા..હા..! જેને ત્રસપણું પામવું ચિંતામણી રત્નની જેમ કહ્યું છે. નિગોદમાંથી નીકળીને ત્રસ થાય, ત્રસ. 'છ ઢાળા'માં આવે છે ને ? ચિંતામણી. આહા..હા..! તો એમાં મનુષ્યપણું, એમાં જૈન સંપ્રદાયમાં જન્મ. આહા..હા..! એમાં જિનની વાણી, આવો યોગ મળવો, ભાઈ ! મહાદુર્લભ છે. પૈસો ને આબરૂ મળવી દુર્લભ નથી, એ તો અનંત વાર મળી છે. આહા..હા..! પણ

પોતાની આબરૂ કેટલી છે એની એને ખબર નથી. આહા..હા..!

જેના ગુણો સર્વજ્ઞ પણ પૂરા કહી શકે નહિ. એક એક ગુણને કહેવા જાય તો અનંત અનંત કાળ જોઈએ, એટલું તો આયુષ્ય હોય નહિ. આહા..હા..! એવા અનંતા અનંતા ગુણનો (ભંડાર) પ્રભુ, એનાથી વિરુદ્ધ કરીને તે મિથ્યાત્વને સેવ્યું છે, એને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી ? પહેલી-વહેલી આ વાત છે. આહા..હા..! આવો ઉત્તમ યોગ વીજળીને ઝબકારે મોતી પરોવી લેજો. આહા..હા..! એ ઝબકારો લાંબો કાળ નહિ રહે. આહા..! આવો મુષ્યનો ભવ એમાં આવી વાત, વીતરાગની વાણી કાને પડવી. આહા..હા..! **'આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે ? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર,...'** આહા..હા..! મિથ્યા શ્રદ્ધાને છોડવાને મરણિયો પ્રયત્ન કર, મરી જાય ત્યાં સુધી પ્રયત્ન કર. આહા..હા..! આવે છે ને એક કળશમાં ? મરણ..

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા મૃત્વા આવે છે કળશમાં આવે છે. આહા..હા..! એકવાર મરીને પણ સ્વનો પ્રયત્ન કર. મરીને એટલે રાગથી મારી નાખીને. આહા..હા..! દુનિયાના માન-સન્માન એક કોર મુકી દે, દુનિયામાં ગણાવું-ગણવું છે... આહા..હા..! તે ગણવામાં, ગણાવવામાં માન ગાણ્યું પણ ગણનારો, ગણવા લાયક આત્મા ગુણ છે એ ગણવા લાયક છે, ગણતરીમાં એ લેવા લાયક છે. આહા..હા..!

અનંત ગુણનો મણી રત્નથી ભરેલો પ્રભુ, ચૈતન્ય રત્નાકર કહ્યો છે ને ? આવે છે ને કળશમાં ? દેવ છે ઇ. આહા..હા..! એ ચૈતન્ય રત્નાકરના ગુણના પાર ન મળે તેના રત્નાકર. આહા..હા..! રત્નનો આકાર મોટો, દરિયો... દરિયો... દરિયો... એવા સ્વભાવનો જે અનાદર અને એક વિકૃત રાગનો ભાવ જે વિકૃત અને વિભાવ, એનો આદર એ તો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..! એ મિથ્યાત્વને છોડવાને મરણિયો થા. આહા..હા..! દુનિયા કેમ કહેશે, કેમ માનશે એ એની પાસે રહ્યું, ભાઈ ! આહા..હા..! **'તું મિથ્યાત્વ છોડવાને મરણિયો થા,...'** મૃત્વા આવે છે ને ? મૃત્વા. આહા..હા..!

**'એટલે કે શાતા-અશાતાથી ભિન્ન...'** આહા..હા..! અનુકૂળ શાતા ને પ્રતિકૂળ અશાતા એનાથી પ્રભુ ભિન્ન છે અંદર. આહા..હા..! શાતાને માટે વલખા મારે છે આમ કંઈક અનુકૂળતા હોય આમ પાણીની, આહારની, સુવાની, બેસવાની, પાથરવાની, ઓઢવાની. આહા..હા..! બેસવાની જગ્યાની, ઉઠવાની જગ્યાની આમ અનુકૂળ, અનુકૂળ

આમ બહારમાં ફાંફા મારે, આ હોય તો (ઠીક). આહા..હા..! **'શાતા-અશાતાથી ભિન્ન...'** આહા..હા..! **'તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન...'** એ તો સંયોગો શાતા-અશાતાથી મળે. આહા..હા..! એ તો ઠીક કહે છે પણ આકુળતામય ભાવ, છે ને ? આકુળતામય શુભાશુભ ભાવ. આહા..હા..!

એ સ્તુતિ છે ને ? આ સ્તુતિ. પચીસ પચીસ શ્લોકની. એમાં નાખ્યું છે, દ્રવ્યસંયમ પહેલું કહ્યું. પણ ભાઈ ! શું એનો અર્થ ? આહા..હા..! એ તો વિકલ્પ આવે ચોથે, પાંચમે પહેલો પંચ મહાવ્રત લેવાનો. આવે એટલે એનાથી કાંઈ ભાવસંયમ મળે છે ? એ હોય છે, જેમ નિમિત્ત હોય છે પણ શું કાર્ય કરે છે પરમાં ? વ્યવહાર હોય છે એથી શું નિશ્ચયનું કાર્ય કરે છે ? એમ દ્રવ્યસંયમ હોય છે પણ એથી શું ભાવસંયમનું કાર્ય કરે છે એ ? આહા..હા..! સમજાણું કાંઈ ?

આ તો શુભભાવની વાત આવી ને. શુભભાવ આવે. મુનિ થવા માટે વિકલ્પ ઉઠે ને પહેલો, પંચ મહાવ્રત લેવાનો. એવો દ્રવ્યસંયમ હોય પણ એથી પંચ મહાવ્રત લીધા માટે ત્યાં ભાવસંયમ આવી ગયો એમ નથી. દ્રવ્યસંયમ લીધો છતાં ભાવસંયમ ન થાય તો ચોથે ગુણસ્થાને રહે ને ક્રિયા રહી જાય દ્રવ્યની. આહા..હા..! કેમ કે એ તો ભાવ જે છે એ તો સ્વદ્રવ્યનો અનંતા અનંતા ગુણોનો પિંડ પ્રભુ, એ બાદશાહ પ્રભુ, એનો આશ્રય કરે તો ભાવસંયમ થાય. આહા..હા..! અહીં તો એના પહેલાં મિથ્યાત્વને તો છોડ એમ કહે છે. આહા..હા..!

**'શુભાશુભ ભાવોથી પણ ભિન્ન...'** આહા..હા..! વિકલ્પ આવ્યો સંયમ લેવા માટે ચોથે, પાંચમે આવે ને ? પણ એથી કરીને શું ? એ શુભભાવથી અંદર સંયમ આવે છે ? આહા..હા..! હોય છે, નિમિત્ત હોય છે, પણ નિમિત્તથી કાંઈ કાર્ય થાય છે પરમાં ? વ્યવહાર હોય છે એથી શું નિશ્ચયમાં કાર્ય થાય છે એનાથી ? આહા..હા..! એમ દ્રવ્યસંયમનો શુભભાવ પહેલો આવે છે.. આહા..હા..! પણ એથી શું ત્યાં ભાવસંયમ એનાથી થાય છે ? આહા..હા..! આ વાત છે. .... આવે છે, હોય છે પણ એ તો આકુળતામય ભાવ છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ છે એ પણ આકુળતામય ભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :– તો પછી એમ કહે છે કે પહેલા દ્રવ્યસંયમ આવે પછી ભાવસંયમ આવે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે એ પહેલો દ્રવ્ય (સંયમ) આવે આવું. કીધું ને ? પણ એ પછી ભાવ કાંઈ એને લઈને આવે છે એમ નથી. અનંત વાર એવું મિથ્યાદષ્ટિએ પણ લીધું છતાં ત્યાં ને ત્યાં રહ્યો. સમ્યગ્દષ્ટિ પણ જ્યારે દ્રવ્યસંયમ લે છે છતાં આગળ અંદર સ્વનો આશ્રય લેતો નથી તો તે ચોથે રહી જાય ને દ્રવ્યસંયમની ક્રિયા રહી જાય. ભાઈ ! આહા..હા..! અને દ્રવ્યસંયમ આદિ હોય અને 'તત્ત્વાર્થસૂત્ર'માં એ પાઠ છે, એ જીવ સમકિત પણ પામે. પણ કેને લઈને ? આને લઈને નહિ. આહા..હા..! આવે છે ને ? 'તત્ત્વાર્થસૂત્ર'માં. મિથ્યાદષ્ટિ છે, દ્રવ્યસંયમ છે એ જીવ પણ સમકિત પામે. પણ પામે કેમ ? એ આના આશ્રયથી નહિ. આહા..હા..! એ અંદર ગ્રંથિભેદ, સ્વભાવનો આશ્રય કરે છે તેથી ત્યાં ગ્રંથિભેદ થાય છે. એ વિકલ્પ આવ્યો કે, આ તો ... આહા..હા..! માટે ત્યાં ભાવસંયમ આવી જાય છે (એમ નથી). આહા..હા..! અરે..રે..! આવી વાતું બહુ આકરી. થોડો ફેર હોય પણ ક્યાં ફેર છે એ ખબર ન હોય એટલે શું થાય ? આહા..હા..!

**'શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયક સ્વભાવને...'** આહા..હા..! એવો **'નિરાકુળ જ્ઞાયક સ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.'** શુભ ને અશુભભાવ જે આકુળતામય છે એ અનાકુળ ભગવાનથી આત્માથી તો વિરુદ્ધ છે. આહા..હા..! એને છોડીને અનાકુળ જ્ઞાયકભાવ, આનંદસ્વરૂપ જે જ્ઞાયકભાવ... આહા..હા..! એને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ (કર). આટલા વિશેષણ આપ્યા– નિરાકુળ જ્ઞાયક સ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. આહા..હા..! આવી વાત છે.

**'એ જ આ ભવમાં કરવા જેવું છે.'** લ્યો ! શરૂઆત ન્યાંથી કરી હતી ને ? **'ભવભ્રમણ ચાલુ એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી.'** આહા..હા..! **'એ જ,...'** એ જ, આ જ, **'આ ભવમાં કરવા જેવું છે.'** આહા..હા..! એ ન થયું તો એણે ભવ નિરર્થક ગાળ્યો. સ્વભાવને માટે નિરર્થક, પરિભ્રમણ માટે સાર્થક ગાળ્યો. આહા..હા..! જેમાં ભવનો અભાવ ન થાય તે વસ્તુ શું ? ભલે ભવ સ્વર્ગનો મળે કે નવમી ગ્રૈવેયક આદિ મળે, એ તો ભવ છે. તે ભવનું કારણ છે એ તો વિકાર છે. ભવના અભાવને માટે પ્રયત્ન કરે. આહા..હા..! સ્વભાવ ભાવની પ્રાપ્તિ માટે અને ભવના અભાવના પ્રયત્ન માટે ત્યાં પુરુષાર્થ કર. આહા..હા..! આમ નાસ્તિથી લીધું

ભવના અભાવમાંથી. બાકી તો સ્વભાવભાવમાં પ્રયત્ન કર. ભાષા બહુ ટૂંકું, આહા..હા..!

મુમુક્ષુ :– મુદ્દત કેટલી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મુદ્દત અંતર્મુહૂર્ત. એક સમય. અંતર્મુહૂર્તનો ઉપયોગ આવ્યો એટલે (અંતર્મુહૂર્ત કહે છે, બાકી તો) એક સમયાંતર. આહા..હા..! અને આમ આચાર્ય છ માસ (કહ્યો છે). બહુ આકરા લાગે તો છ માસ કીધા છે. બાકી તો લક્ષ આમ છે તે લક્ષ ફેરવ, એ એક સમયમાત્રમાં છે. આહા..હા..! કારણ કે પર્યાયનો કાળ જ એક સમય છે. આહા..હા..! માટે નિરાકુળ જ્ઞાયક સ્વભાવને અનુભવવાનો, વેદવાનો... આહા..હા..! પ્રબળ પુરુષાર્થ કર. બીજું વિશેષ આવડે, ન આવડે, સમજાવતા આવડે, ન આવડે, લખતા આવડે નહિ, એની સાથે શું કામ છે ? આહા..હા..! જ્ઞાયક સ્વભાવ જે પરિપૂર્ણ પરમાત્મા અનાકુળ આનંદથી ભરેલો ભગવાન, તેને જાણીને અનુભવવા યોગ્ય પ્રયત્ન કર. આહા..હા..! શબ્દો તો થોડા છે, ભાવ તો ઘણા ગંભીર છે. આહા..હા...!

મુમુક્ષુ :– અનાદિનું એ એક સમયમાં જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક જ સમયમાં છૂટી જાય છે, પર્યાય એક સમયની છે, એની મુદ્દત જ એક સમયની છે. અનાદિ તો પરંપરા કરતાં અનાદિ આવ્યું, પણ પૂર્વની પર્યાયનો વ્યય થાય ને નવી થાય, એમાં એક જ સમય રહે છે. આહા..હા..! અરે..રે..! આહા..હા..! જુઓને ! ક્ષણે ક્ષણે માણસ કેવા જાય છે. આહા..હા..!

આ બે દાખલા ન આપ્યા ? બેયને કમળો થયો હતો, કમળો. સાંભળ્યું ને ? એને કમળો થયો. દસ હજાર રૂપિયા ખર્ચ્યા ચાર દિ' પણ શું કરે ? બાપા ! આહા..હા..! તમારો ભાઈ પણ એ ચાર કે પાંચ દિ' થયા ને ? આહા..! એ તો સ્થિતિ પૂરી થાય. બાપા ! આહા..હા..! શું કરે પૈસા લાખ કરોડ ખર્ચે તોય ? અરે..રે..! ભવના એક સમયની એની કિંમત કેટલી. જેનાથી ભવનો અભાવ થાય એ ભવ કેવો ? આહા..હા..! ચિંતામણી રત્ન પ્રાપ્ત થાય અંદરથી. આહા..હા..! એના એક સમયની શું કિંમતું, બાપુ ! આહા..હા..!

દુનિયાના ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસનો જેની પાસે તુચ્છ. આહા..હા..! એવું ઉદાસીન આશ્રમ પ્રભુ પોતાનું. આહા..હા..! ઉદાસીન આશ્રમ છે. રાગથી ઉદાસીન

થઈને પોતામાં આસન નાખ્યું છે. આહા..હા..! ઉદાસીનોસી આવે છે ને ? એ તો કીધું હતું ને ? નાટકમાં પણ ઉદાસીનોસી કહ્યું હતું. 'અનસુયા'નું નાટક, (સંવત) ૧૯૬૪ ની સાલ. ઉદાસીનોસી. એટલી બધી ખબર નહિ કે, આ ઉદાસીન એટલે શું ? ઉદાસ એટલે પરથી ઉદાસ, એમ. પણ ખરેખર તો ઉદાસીન તારું આસન જ રાગથી ભિન્ન તારું આસન ત્યાં સ્વભાવમાં છે, તારી બેઠક ત્યાં છે. આહા..હા..! આ તો ૧૯૬૪ ની વાત છે. 'વડોદરા'માં નાટક જોવા ગયા હતા. બેટા ! ઉદાસીનોસી. આહા..હા..! આ શબ્દ આપણે છે આમાં 'બંધ અધિકાર'માં. આહા..હા..! પ્રભુ ! તારું આસન ઉદાસીન છે. રાગથી ભિન્ન તારું આસન બેઠક ત્યાં છે, પ્રભુ ! આહા..હા..! તારા બેસણા ત્યાં છે, રાગમાં બેસણા પ્રભુ તારા નહિ. આહા..હા..! અનંત અનંત જ્ઞાયક સ્વભાવથી ભરેલો ભગવાન. એ તો વળી જ્ઞાનને અનંત કીધું પણ એવા અનંતા અનંતા ગુણના સ્વભાવવાળો જ્ઞાયકભાવ, એમાં તારા બેસણા કર, પ્રભુ ! આહા..હા..! રાગમાં બેઠો છો, પુણ્યમાં બેઠો છો, રાગના કણમાં એ તારા બેસણા નહિ, ભાઈ ! આહા..હા..! એ કજાતના બેસણા છે. આહા..હા..!

**'નિરાકુળ જ્ઞાયક સ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.'** આહા..હા..! બહુ વાત (મીઠી છે). દુનિયામાં કેમ વધું ને આગળ કેમ વધું ને બીજાથી મોટપમાં આવી જવું ને ગણતરીમાં ગણાવું ને.. અરે..! પ્રભુ ! શું છે ? ભાઈ ! તારા અનંતા ગુણોની ગણતરીમાં તારે આવવું નથી ને બહારની ગણતરીમાં જવું છે. આહા..હા..! જેના ગુણના ગણની ગણતરીનો પાર નથી. આહા..હા..! અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંત ને અનંત ગુણા વર્ગ કહો તો પણ તે છેલ્લું અનંત ન આવે. એ તે શું છે આ તે, પ્રભુ ! આહા..હા..! એવો જે જ્ઞાયક સ્વભાવ પ્રભુ, તેવા નિરાકુળ પ્રભુને અનુભવ, એ પ્રયત્ન કર, બાકી બધી વાતું છે. **'એ જ આ ભવમાં કરવા જેવું છે.'** આહા..હા..!

સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપ-લીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઇત્યાદિ સંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે. મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. ચૈતન્યનગરમાં જ વાસ છે. 'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તુ છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે ?' એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે;- જાણે હાલતા-ચાલતા સિદ્ધ ! જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે.-આ મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે. મુનિદશા આશ્ચર્યકારી છે, વંદ્ય છે. ૪૧૭.

હવે લીધું **'સમ્યગ્દર્શન થયા પછી...'** ૪૧૭. આહા..હા..! **'સમ્યગ્દર્શન થયા પછી...'** આત્મા રાગથી ભિન્ન પડીને આત્મા અનુભવમાં પ્રતીતિ થઈ, તે **'પછી આત્મસ્થિરતા વધતાં વધતાં,...'** આહા..હા..! આત્મામાં અંતરમાં સ્થિરતા વધતાં વધતાં **'વારંવાર સ્વરૂપ લીનતા થયા કરે...'** આહા..હા..! ઘર જોયા ત્યાં વારંવાર જાય. આહા..હા..! આવે છે ને ઓલામાં ? **'દીઠ મગ્ગે'** 'ધવલ.. ધવલ'. ... માર્ગ દીઠોને અંદર. આહા..હા..! રાગથી ભિન્ન પડીને જ્યાં માર્ગ દીઠો તે માર્ગે હવે જા વધારે. આહા..હા..! 'ધવલ'માં શબ્દ આવે છે. આહા..હા..!

સંતોની વાણી કહે છે સમ્યગ્દર્શનમાં માર્ગ તો દીઠો. આહા..હા..! અંતર આનંદનો નાથ અનાકુળ સ્વભાવથી ભરેલો, એની અનુભવમાં પ્રતીતિ થઈ. એકલી પ્રતીતિ એમ નહિ. આહા..હા..! હવે પછી **'આત્મસ્થિરતા વધતાં વધતાં...'** આહા..હા..! ચડતી વીજળી ન તોડ, ભાઈ ! એમ કહે છે લોકોમાં. કાંઈક આબરૂ વધી હોય ને. આપણો ચડતો છે, આપણે આ .... ન તોડ, ચડતો વધવા દે વધવા દે. બહારનો, હોં ! આહા..હા..! એમ અહીં **'સમ્યગ્દર્શન થયા પછી...'** એ ઓલું થયું ને પહેલું **'આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપ લીનતા થયા કરે...'** આહા..હા..! વારંવાર સ્વરૂપમાં જયા કરે, અનુભવ થયા કરે. આહા..હા..! **'એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે.'** આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પાધરે છટ્ઠે આવે, એ ચોથેથી છટ્ઠે આવે, પાંચમેથી સાતમે આવે, પહેલું સાતમું આવે. શું કીધું ?

મુમુક્ષુ :– ૩૩ સાગર સુધી પાંચમું આવતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં ભલે ન આવે એની ક્યાં વાત છે. અહીં તો મનુષ્યભવને માટેનો પ્રશ્ન છે ને. આહા..હા..! આ તો વધતાં વધતાં કેમ થાય એવી વાત છે ને. આત્મસ્થિરતા વધતાં વધતાં તો મુનિપણું કેમ થાય એની વાત છે. દેવમાં ક્યાં મુનિપણું છે. આહા..હા..! અહીંયા આનંદનો નાથ અંદર અનાકુળ સ્વભાવી ભગવાનઆત્મા એનું વેદન અનુભવમાં થયું, એમ કહે છે. હવે એ વારંવાર ત્યાં જાય. આહા..હા..! 'દીઠમગે' માર્ગ દીઠો ત્યાં વારંવાર જાય. આહા..હા..!

**'એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે.'** આહા..હા..! એ મુનિપણું કાંઈ વિકલ્પ

આવ્યો માટે થાય છે એમ નહિ, એમ કહે છે. પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો માટે (નહિ). અંદર વારંવાર થતાં થતાં મુનિપણું આવે છે. આહા..હા..! પ્રચુર સ્વસંવેદન. પહેલું અલ્પ વેદન જે આવ્યું છે એમાં વેદનને વધારતા વધારતા, અંદર જતા એમ કહે છે આ. આહા..હા..! એવી દશા થાય ત્યારે સાચું સંતપણું, મુનિપણું આવે છે. આહા..હા..!

**'મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે...'** આહા..હા..! **'કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે.'** છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું છે ને. આહા..હા..! હાલતા-ચાલતા પણ એ અંદરમાં પ્રવેશ કરી જાય છે. આહા..હા...! આવી વાત છે. **'તેઓ ઘડીએ ઘડીએ (એટલે ક્ષણે ક્ષણે) આત્માની અંદરમાં પ્રવેશી જાય છે.'** આહા..હા..! **'પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી,...'** મુનિને. આહા..હા..! પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે વિકલ્પમાં બહાર આવે છે ત્યારે વૃત્તિ ઊઠે, પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી. આહા..હા..!

**'માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઇત્યાદિ સંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે...'** આહા..હા..! છે ? સ્વાધ્યાયનો વિકલ્પ આવે ધ્યાનનો, વ્રતનો સંયમ-તપ-ભક્તિ. આહા..હા..! **'ઇત્યાદિ સંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે.'** આહા..હા..! **'અને તે પણ હઠ રહિત હોય છે.'** એ સમયે સહજ વિકલ્પની દશા ઉત્પન્ન થાય છે. સ્થિરમાંથી ખસી જાય છે એટલે આવું આવે છે. સહજ રાગ થાય છે, હઠથી નહિ. આહા..હા..! **'હઠ રહિત હોય છે. મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી.'** આહા..હા..! **'બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે.'** તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. આહા..હા..! મુનિદશા, આહા..! ધન્ય દશા !

**'ઘણી નિઃસ્પૃહ દશા છે.'** આહા..હા..! ભાવલિંગી સંતને સ્થિરતા એટલી આવી છે અંદર કે ઘણી નિઃસ્પૃહ દશા. બહારની સ્પૃહા જ ઉડી ગઈ છે બધી. આહા..હા..! અસ્થિરતાના આવા વિકલ્પ હોય. **'આત્માની જ લગની લાગી છે.'** આહા..હા..! મુનિરાજને તો ભગવાનઆત્મા અનાકુળ આનંદની લગની લાગી છે. રાગ આવે છે એની લગની નથી, આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ ? હઠ વિના આવે છે પણ

લગની અહીં લાગી છે. આહા..હા..! એ ધન્ય મુનિદશા આવે છે ને ? પુસ્તકનું શું નામ હતું ? ધન્ય મુનિદશા. આહા..હા..!

**'ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે.'** આહા..હા..! **'ચૈતન્યનગરમાં જ વાસ છે.'** લ્યો ! ચૈતન્યનગરમાં વાસ છે. આહા..હા..! ચૈતન્યનગર જે અનંત ગુણનો ભંડાર એવું નગર. એ નગર છે, ચૈતન્યનગર છે. આહા..હા..! એમાં જેનો વાસ છે, ચૈતન્યનગરમાં જ વાસ છે. રાગ આવે છે પણ વાસ ત્યાં છે. આહા..હા..! **''હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા...'** આહા..હા..! હું એટલે આત્મા અને **'આત્માના અનંત ગુણો, તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે.'** આહા..હા..! એ ચૈતન્યનગરની વસ્તી છે. આહા..હા..!

પહેલાં આવી ગયું છે ને ? ૪૦૧ આવી ગયું છે. વિકલ્પ આવે ત્યારે જાણે કે આહા..હા..! અરે..! અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. અમારો આ પરિવાર નથી. આહા..હા..! અમારો પરિવાર તો અંદર જ્ઞાન, આનંદ, શાંતિ આદિ એ અમારો પરિવાર છે, એ અમારું વતન છે, એ અમારું ધામ છે, એ અમારું નગર છે. આહા..હા..! એ **'ચૈતન્યનગરની વસ્તી છે.'** આહા..હા..! **'તેનું જ મારે કામ છે.'** આહા..હા..! **'બીજાનું મારે શું કામ છે ?' એમ એક આત્માની જ ધૂન છે.'** આહા..હા..! **'વિશ્વની વાર્તાથી ઉદાસ છે.'** આહા..હા..! **'બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે,-જાણે હાલતા-ચાલતા સિદ્ધ !'** એનો ખુલાસો કર્યો. આત્મામય જ જીવન, આત્મામય જ જીવન થઈ ગયું છે એટલે જાણે હાલતા-ચાલતા સિદ્ધ, એમ. વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ છે. પુણ્ય-પાપરૂપ શુભાશુભ ભાવ તે ધર્મ નથી. પણ શુદ્ધોપયોગ જ ધર્મ છે એવો નિર્ણય તો પહેલાં થઈ ગયો છે. તે સમ્યગ્દર્શન સહિત અંતરમાં લીનતા વર્તે છે તે મુનિધર્મ છે. 'પરમાગમસાર' બોલ નં. ૮૨૨.**

## પોષ સુદ ૧, શનિવાર તા. ૩૦-૧૨-૧૯૭૮. વચનામૃત-૪૧૭ થી ૪૧૮, પ્રવચન-૧૭૪

શરૂઆત સમ્યગ્દર્શન થયાથી કરી છે. સમ્યગ્દર્શન એટલે આ આત્મા આનંદ ને જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ છે એને રાગથી ભિન્ન પાડી અને શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ થઈને અંદર જે પ્રતીત થાય તેને સમ્યગ્દર્શન કહે છે. **'સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં,...'** એ આવ્યું છે ને ? આહા..હા..! પહેલા સમ્યગ્દર્શન શું છે, એ ચીજની પ્રાપ્તિ કેમ થાય એ અપૂર્વ વાત છે. એ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ લાખ, કરોડ કરે એ રાગ છે, એનાથી કાંઈ સમ્યગ્દર્શન ન થાય.

અંતર પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન એના અંતરમાં પર્યાયને વાળતા જે અંતરમાં પૂર્ણ અનુભૂતિ થાય. આહા..હા..! શુદ્ધ સ્વરૂપ જે છે તેને અનુસરીને અંતર દશા, અનુભવની આનંદના વેદનની થાય એમાં પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવી વાત છે. અને એના થયા પછી પણ અંતરમાં સ્થિરતા વધતાં વધતાં મુનિપણું પ્રગટ થાય છે. એ વાત છે ને ? મુનિપણું કાંઈ એમ ને એમ બાહ્ય ક્રિયાકાંડ કર્યા માટે આવી જાય છે એમ નથી. આહા..હા..! અંતરમાં શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાન સ્વભાવ પૂર્ણ એમાં ભાન થયું જ્ઞાનમાં કે, આ તો પૂર્ણ સ્વરૂપ છે, એમાં હવે સ્થિરતા વધતી જાય, સ્વરૂપમાં સ્થિરતા વધતી જાય, એ વધતાં વધતાં મુનિપણું પ્રગટ થાય છે, આમ છે. સવારે જરી ઝીણું હતું. સવારે તો અધિકાર એ હતો ને પર પરિણતિનો. આહા..હા..! ભેદજ્ઞાનનો અધિકાર હતો ને. આહા..હા..!

અહીંયા તો કહે છે કે જ્યારે મુનિપણું પ્રગટ થાય છે, અંતરના અનુભવમાં વધતાં વધતાં શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા થતાં થતાં ત્રણ કષાયનો અભાવ થઈને વીતરાગતાની ઘણી દશા સ્વસંવેદનમાં પ્રગટ થાય છે ત્યારે તેને મુનિદશા થાય છે. આહા..હા..! એ આવ્યું ત્યાં સુધી, **'જાણે હાલતા-ચાલતા સિદ્ધ !'** ત્યાં સુધી આવ્યું છે. આહા..હા..! **'જેમ પિતાનો અણસાર...'** પિતાનો અણસાર જેમ પુત્રના શરીરમાં દેખાય છે.

આહા..હા..! પિતાનો અણસાર, ગુજરાતી ભાષા સાદી. હિન્દીમાં શું કહે છે અણસારને ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝલક, **'જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય...'** આહા..હા..! **'તેમ જિનભગવાનનો અણસાર...'** આહા..હા..! વીતરાગ સ્વભાવ પરમાત્મા એનો અણસાર નમૂનો **'મુનિરાજમાં દેખાય છે.'** આહા..હા..! આવું મુનિપણું. જેને વીતરાગતા પ્રગટ થઈ છે. વિકલ્પ એને યોગ્ય આવે પણ તેમાંથી પણ ખસીને અંદરમાં વારંવાર જાય છે. આહા..હા..! મુનિને યોગ્ય વ્રત, તપના, ભક્તિના વિકલ્પ આવે, રાગ આવે છતાં તે વારંવાર અંતર આનંદસ્વરૂપ ભગવાન, એમાં ડુબકી મારે અંદરમાં જવા. આહા..હા..! આવું મુનિપણું. આહા..! એવું મુનિપણું ભગવાનનો, જિનભગવાનનો અણસાર, વીતરાગ ભગવાનનો અણસાર નમૂનો દેખાય. શાંત શરીર, વીતરાગમૂર્તિ.

**'મુનિ છટ્ઠે-સાતમે ગુણસ્થાને રહે...'** આહા..હા..! એની દશા તો છટ્ઠે-સાતમે ગુણસ્થાને. ક્ષણમાં છટ્ઠું વિકલ્પ આવે, ક્ષણમાં વિકલ્પ છૂટીને સપ્તમમાં, આનંદમાં ચાલ્યો જાય. આહા..હા..! આવી મુનિદશા હોય છે. લોકો મુનિદશાને કંઈક કંઈક કલ્પે છે તો આ સ્થિતિ હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! **'છટ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા,...'** શું કહે છે ત્યાં ? આહા..હા..! અતીન્દ્રિય આનંદના ઝુલે ઝુલતો મુનિ, વિકલ્પ રાગ આવે છટ્ઠે વળી સપ્તમાં એ રીતે આવતા આવતા અંદર વધતો જાય છે, ત્યાં ને ત્યાં દશા રહે છે એટલી એમ નહિ, એમ કહે છે. આહા..હા..!

**'(આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા,...'** આહા..હા..! શું કહે છે ઇ ? અતીન્દ્રિય આનંદમાં ઝુલતા છટ્ઠે વિકલ્પ આવી જાય, વળી અંદરમાં જાય. કહે છે કે એ છટ્ઠે-સાતમે રહેતા એકની એક સરખી દશા રહે છે એમ નથી, ત્યાં વધતી દશા છે. આહા..હા..! વીતરાગ સ્વભાવને પ્રાપ્ત કરવા તરફની દશા વધતી છે. આહા..હા..! નિર્વિકલ્પ પ્રચુર સ્વસંવેદનમાં હોવા છતાં આગળ વધતી જાય છે. સમજાણું કાંઈ આમાં ? **'(આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં...'** છટ્ઠે ને સાતમે જે પર્યાયની ભૂમિકા છે એટલામાં એટલામાં રહે છે એમ નથી એમ કહે છે. આહા..હા..!

**'ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે;...'** આહા..હા..! અંતર

આનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદના સાગરમાં ડૂબતો અંદર સ્થિર થતો જાય છે. આહા..હા..! આ મુનિપણું. જેને ગણધર પણ નમસ્કાર કરે, ણમો લોએ સવ્વ સાહૂણં. એ મુનિપણું કેવું હોય ? ભાઈ ! આહા..હા..! બાહ્ય નગ્ન દશા હોય, અંતરમાં બાહ્ય વિકલ્પ એને યોગ્ય હોય છતાં અંદરમાં રમણતા આનંદની તો ચાલતી જ હોય છે. આહા..હા..! એ ભેદજ્ઞાનની ધારા તો અંદર વધતી જાય છે. આહા..હા..! એવી દશામાં, **'આગળ વધતા જાય છે;..'**

**'કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી...'** આહા..હા..! એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવું **'કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે.'** આહા..હા..! **'આ, મુનિની અંતઃસાધના છે.'** મુનિની અંતર સાધના આ છે. આનંદના સાગરને સાધે છે. આહા..હા..! **'જગતના જીવો, મુનિની અંદરની સાધના દેખતા નથી,...'** આહા..હા..! બાહ્યની ક્રિયા દેખે કે આ મહાવ્રતના પરિણામ છે ને પાળે છે આ છે ને તે છે. એ કાંઈ મૂળ દશા નથી. આહા..હા..! **'આ, મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી,...'** આહા..હા..! અંતરની દશા છે. આહા..હા..! જંગલમાં રહેતા હોય, વાઘ ને સિંહના ત્રાડ પડતી હોય, માથે પાણીના ધોધ પડતા હોય. આહા..હા..! શરીરમાં પણ રોગ હોય. આહા..હા..! પણ ભગવાન નિરોગ સ્વરૂપમાં, સાધનમાં એટલા લીન હોય છે... આહા..હા..! કે જેની બહારની, પરિવારની ખબરેય નથી, એવા અંતર ધ્યાનમાં મસ્ત થઈ જાય છે. આહા..હા..! મુનિપણું ભાઈ ! આહા..હા..! અલૌકિક ચીજ છે. નિર્ગ્રંથ ગુરુ કોને કહેવા ? આહા..હા..! જેની રાગની ગાંઠ તો ગળી ગઈ છે અને આત્મામાં શુદ્ધતામાં એકાગ્રતા થઈ છે પણ એ ઉપરાંત જેની દશા વીતરાગતાની શુદ્ધિની વૃદ્ધિમાં અંદર હોય છે. આહા..હા..!

મુમુક્ષુ :- શુભોપયોગ વખતે પણ શુદ્ધિ વધે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- શુદ્ધિ તો અંદર વધે જ છે એ વખતે. સ્વભાવ તરફની ધારા વહે છે ને ! આહા..હા..! અશુભ તો હોતું નથી, શુભ હોય છે પણ અંદરમાં શુદ્ધતા તરફનું જોર ચાલે છે તે વધતું જાય છે, એમ કહે છે. આહા..હા..!

એ જંગલમાં શરીરમાં દમ થાય, આહા..હા..! ક્ષય રોગ થાય, આહા..! શરીરમાં કંપવા જાગે, આખું શરીર કંપે. આહા..હા..! પણ અંતર દશામાં નિષ્કંપપણે વર્તે છે.

આહા..હા..! ન્યાં કાંઈ દવા-દારૂ નથી એને. આહા..! દવા તો અંતર આનંદસ્વરૂપ ભગવાન નિધાન જે ખોલ્યા છે, રાગની એકતા તોડીને સ્વભાવની એકતાના નિધાન ખોલ્યા છે. એ ખોલ્યા, એ ખોલ્યા એ ખુલતા જાય છે. આહા..હા..! આનું નામ મુનિદશા. **'અંતરની દશા છે. બહારથી જોવાની ચીજ નથી, મુનિદશા આશ્ચર્યકારક છે,...'** આહા..હા..! **'વંદ્ય છે.'** છેલ્લું એમ કહે છે, એ દશા વંદ્ય છે. આહા..હા..! એ મુનિની દશાનું વર્ણન કર્યું.

**સિદ્ધભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું. તેનો કદી નાશ થતો નથી. જેને દુઃખના બીજડાં જ બળી ગયા છે તે કદી સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે ? એક વાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે તેઓ પણ કદી ભેગા થતા નથી, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે ક્યાંથી પરિણમે ? સિદ્ધત્વ પરિણમન પ્રવાહરૂપે સાદિ-અનંત છે. સિદ્ધભગવાન સાદિ- અનંતકાળ પ્રતિસમય પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે. જો કે સિદ્ધભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠ્યા જ કરે છે, ઉત્પાદ-વ્યય થયા જ કરે છે, તો પણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે. સ્વભાવ અદ્‌ભુત છે. ૪૧૮.**

૪૧૮, હવે સિદ્ધ ભગવાનની વ્યાખ્યા આવે છે. પહેલી સમ્યગ્દષ્ટિની હતી, પછી મુનિની હતી, મુનિ અરિહંત પદને પામે એની ભાવના, હવે આ સિદ્ધ ભગવાનની આવી. આહા..હા..! ણમો સિદ્ધાણં તે સિદ્ધ પદ કેવું હોય ?

**'સિદ્ધભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું.'** જે શક્તિરૂપે, સ્વભાવરૂપે અતીન્દ્રિય અનંત આનંદ હતો તે અંતરના ધ્યાનથી વ્યક્તરૂપે અનંત આનંદ પ્રગટ્યો તે પ્રગટ્યો. એટલે કે પ્રગટ્યો તે પ્રગટ્યો હવે એ પાછો પડે એવું

નથી. આહા..હા..! **'તેનો કદી નાશ થતો નથી.'** આહા..હા..! અવિનાશી જેમ દ્રવ્ય છે, તેમ અંદર અનંત જ્યાં આનંદ પ્રગટ્યો એ પણ અવિનાશી થઈ ગયો. આહા..હા..! **'જેને દુઃખના બીજડાં જ બળી ગયા છે...'** રાગાદિ જે છે એ તો બીજ બળી ગયા છે. આહા..હા..!

**'તે કદી સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે ?'** અનંત અનંત જ્યાં આનંદ પ્રગટ્યો પ્રભુને. આહા..હા..! અને દુઃખના કારણો તો બળી ગયા છે. હવે એ સુખ છોડીને દુઃખમાં કેમ આવે ? એટલે ? કોઈ એમ કહે છે કે અહીં દુઃખ થાય લોકોને એટલે ભગવાન ભવ ધારણ કરે. લોકોને ભક્તોને આમ ભીંસ પડી હોય તો ભવ ધારણ કરે. કહે છે, ભવ ધારણ (કરવો) તો દુઃખ છે. આહા..હા..! એ અનંત આનંદને છોડી દુઃખમાં ક્યાંથી આવે ? એ અવતાર કેમ ધારણ કરે ? આહા..હા..! એમ કહે છે ને કે ભક્તોને ભીડ પડે અને રાક્ષસોનું જોર વધી જાય તો ભગવાન પણ અવતાર ધારણ કરે. અરે..! પ્રભુ ! કહે છે કે ભાઈ ! જ્યાં અનંત આનંદ પ્રગટ્યો ત્યાં ભવ, ભવ કરવો એ તો દુઃખ છે. એ આનંદ છોડીને ભવના દુઃખમાં કેમ આવે એ ? આહા..હા..! વિશેષ ન્યાય આપે છે.

**'એક વાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે...'** આહા..હા..! ન્યાય આપે છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં ક્ષાયિક સમકિતમાં પ્રગટ થયો. આહા..હા..! ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત 'શ્રેણિક' રાજા આદિને હતું. એ ક્ષાયિક સમકિત પણ પાછું પડે નહિ. આહા..હા..! એમ કહે છે. **'ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે...'** એ છૂટો જ પરિણમે છે. **'તેઓ પણ કદી ભેગા થતા નથી,...'** આહા..હા..! શું કહે છે એ ? શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા ને જ્ઞાન એવા પ્રગટ્યા કે ક્ષાયિક ભાવે પ્રગટ્યા. અને એ ક્ષાયિક ભાવે પ્રગટ્યા એ જ્યારે રાગમાંથી છૂટા છે એ રાગની એકતા થતાં નથી. ક્ષાયિક સમકિતીને રાગ હોય છે છતાં એ રાગમાં એકતાને પામતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! **'ક્ષાયિક સમ્યગ્દર્શન...'** આહા..હા..! **'પામીને છૂટા પરિણમે છે...'** રાગથી, તેઓ પણ કદી રાગથી ભેગા થતા નથી. આહા..હા..!

**'તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા...'** ક્ષાયિક સમકિતીપણે પરિણમ્યા, ક્ષાયિક સમકિત ચોથે ગુણસ્થાને. આહા..હા..! એ પણ પાછા પડતા નથી એટલે રાગમાં એકતા

થતી નથી તો પછી સિદ્ધપણે થયા એ રાગમાં એકતા કેમ થાય ? એમ કહે છે, એને અવતાર કેમ હોય ? આહા..હા..! ચોથાના ક્ષાયિક સમકિતની સાથે મેળવ્યું. આહા..હા..! જેના રાગના બીજડાં બળી ગયા. આહા..હા..! એકતાના બીજડા બળી ગયા છે. આહા..હા..! અને શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદનો નાથ ક્ષાયિક સમકિતપણે પરિણમે છે. એ ક્ષાયિકપણે પરિણમેલો પણ રાગની એકતાપણે ન થાય. આહા..હા..! જુઓ ! આ સમ્યગ્દર્શન ક્ષાયિક. આહા..હા..! એક જોડણી ક્ષાયિક થાય છે. આહા..હા..!

૩૮ ગાથામાં કહ્યું છે ને ? ભગવાનઆત્મા આનંદનો સાગર જ્યાં અંદર પ્રગટ થાય છે અને જેના આગમ ને શાસ્ત્રના ન્યાય દ્વારા સમજમાં આવ્યું અને જેને આત્મજ્ઞાન થયું અને દર્શન થયું એને ફરીને રાગનો, મિથ્યાત્વનો અંકુરો ઉત્પન્ન થતો નથી. આહા..હા..! પાંચમા આરાના અપ્રતિબુદ્ધ જીવને સમજાવ્યું એને આમ થાય છે એમ કહે છે. આહા..હા..! તદ્દન અપ્રતિબુદ્ધ અજ્ઞાની હતો એને સમજાવ્યો, પ્રભુ ! તું તો પૂર્ણાનંદનો નાથ છો ને. આહા..હા..! અલ્પજ્ઞપણું એ પણ તારું મૂળ સ્વરૂપ નથી. રાગ તો તારું સ્વરૂપ નથી... આહા..હા..! અલ્પજ્ઞ પણ તારું સ્વરૂપ નથી. તું તો સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ છો. આહા..હા..! એમ અપ્રતિબુદ્ધને સમજાવ્યું અને એ સમજ્યો પંચમ આરાનો અપ્રતિબુદ્ધ જીવ. આહા..હા..! એ પણ ફરીને પડતો નથી, કહે છે. આવે છે ને ૩૮ ગાથામાં ? ભાઈ ! ૩૮માં. ૯૨ ગાથા 'પ્રવચનસાર'ની. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય'ની દશાનું વર્ણન પોતાનું કરતાં બીજાઓનું પણ આવું હોય છે, કહે છે. આહા..હા..! પંચમ આરાના સાધુઓ, પંચમ આરાના પ્રતિબુદ્ધને સમજાવ્યું. આહા..હા..! અને એને અંતરમાં રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન ક્ષયોપશમ થયું છતાં તે ક્ષયોપશમ સમકિતી પણ... આહા..હા..! પંચમ આરાના સમકિતી, આહા..હા..! એ પણ એમ કહે છે કે અમને હવે ફરીને મિથ્યાત્વનો અંકુર ઉત્પન્ન થવાનો નથી. ભગવાન તેં કોની પાસે પુછ્યું આ ? આહા..હા..! સમજાણું કાંઈ ? ચોથા ગુણસ્થાનવાળાની આ (વાત) છે. ભલે છઠ્ઠે આવ્યો છે. અહીંયા તો પૂર્ણ લીધું છે. છતાં સમ્યગ્દર્શન થયું છે, આત્માના અનુભવમાં પ્રતીતિ થઈ છે એ પ્રતીતિ હવે ફરીને પડે એમ (નથી). પંચમ આરાના છીએ (માટે પડીએ એમ નથી). આહા..હા..! કેટલું જોર છે ! આ દિગંબર સંતોનું તો એટલું જોર છે પણ એના શ્રોતાઓ... આહા..હા..! રાગથી ભિન્ન પડીને ભગવાનની જ્યાં એકતા થઈ છે હવે એ અમને રાગની એકતા કદી નહિ

થાય. આહા..હા..! આ સમ્યગ્દર્શન. ભલે ચારિત્ર છે એ તો પડી જશે પણ આ વાત લીધી છે. કારણ કે, ચારિત્ર છે એ તો પંચમ આરાના સાધુ છે એટલે સ્વર્ગમાં જશે. પડીને ચોથે (જશે) પણ અમારું સમ્યગ્દર્શન જે છે એ પડવાનું નથી, કહે છે. આહા..હા..!

અરે..! પંચમ આરાના સંતોએ શીખવ્યું, સમજાવ્યું અને પંચમ આરાનો અપ્રતિબુદ્ધ શિષ્ય પણ આ રીતે જ્યારે અનુભવમાં આવ્યો... આહા..હા..! તો એમ કહે છે કે અમને હવે રાગની એકતા તૂટી તે તૂટી હવે એકતા નહિ થાય. આહા..હા..! આવો તો માર્ગ તો જુઓ ! આહા..હા..! તો પછી ક્ષાયિક સમકિત જેને થયું... આહા..હા..! એ જ્યારે રાગથી છૂટા પડ્યા અને વીતરાગ સ્વરૂપની અનુભવની દશા પ્રગટી એ રાગની એકતાને ફરીને કેમ પામે ? આહા..હા..! આવી દશા જ્યારે ક્ષાયિક સમકિતમાં હોય છે તો પછી સિદ્ધપણું પ્રાપ્ત થયું,.. આહા..હા..! એ ફરીને રાગને પ્રાપ્ત થાય ને અવતાર ધારણ કરે પ્રભુ ! એ કેમ બને ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને પણ...'** આહા..હા..! **'છૂટા પરિણમે છે...'** એટલે એ રાગના કણથી ગોળો ભિન્ન પરિણમે છે. આહા..હા..! ગમે તે શરીરની દશા હો પણ છતાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ પણ રાગથી છૂટાપણે, ભિન્નપણે પરિણમે છે તો પછી સિદ્ધને રાગની એકતાપણે થાય, એ અતીન્દ્રિય આનંદમાંથી આવીને દુઃખમાં, રાગમાં આવે... આહા..હા..! એવું બનતું નથી. આહા..હા..! **'તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા...'** થયા. પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ અનંત અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય.. અરે..! જેટલા ગુણો છે સંખ્યામાં એટલા બધા ગુણો પર્યાયમાં પરિપૂર્ણ પણે પરિણમ્યા. આહા..હા..! ઓ'લું તો એક સમ્યગ્દર્શન, ક્ષાયિક સમકિત થયું હતું. કાં ક્ષયોપશમ સમકિત અપ્રતિહત થયું હતું. એ પણ જ્યારે રાગની એકતાપણે પામતા નથી... આહા..હા..! તો સિદ્ધ ભગવાન જે પૂર્ણપણે પરિણમ્યા છે એને રાગની એકતા હવે કેમ થાય ? એટલે કે અનંત આનંદની પ્રાપ્તિવાળા દુઃખમાં કેમ આવે હવે ? રાગ એ દુઃખ છે. આહા..હા..! એમ કહીને પરમાત્મા અવતાર ધારણ કરે એ વાત જૂઠી છે. આહા..હા..! દુનિયાના દુઃખ દેખીને રાક્ષસોનો ને જૈન શાસનના વિરોધીઓના જોર વધી ગયા હોય માટે તે અવતાર ધારણ કરે, એમ છે નહિ. આહા..હા..! શું કીધું ?

**'ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે...'** આહા..હા..! નાળિયેરનો ગોળો

જેમ કાચલીથી છૂટો છે એમ સમ્યગ્દર્શનમાં રાગના કણથી ભગવાન છૂટો પરિણમે છે. આહા..હા..! એ હવે રાગપણે ન થાય, એકતા પણ ન થાય. તો જે સિદ્ધપણાની દશા પ્રાપ્ત થાય. આહા..હા..! એ **'અસિદ્ધપણે ક્યાંથી પરિણમે ?'** આહા..હા..! છે ? આહા..હા..!

મુમુક્ષુ :– આપણે બોલાય કે ભગવાન મહાવીર સ્વામીનો જન્મ ચૈત્ર સુદ તેરસને થયો. અવતાર લીધો ને ભગવાને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અવતાર તો, એ સિદ્ધ ક્યાં હતા, એ તો સમકિતી હતા. સિદ્ધ અવતાર ધારણ કરે એની વાત ચાલે છે ને. અને તે પણ ક્ષાયિક સમકિતી હતા. આદિશ્વર ભગવાન આદિશ્વર સર્વાર્થસિદ્ધમાં (હતા), અને અહીંયા આવ્યા તે પણ રાગથી એકતા થઈ છે એને ? એ રાગનો અવતાર છે એનાથી એકતા થઈ છે ? આહા..હા..! 'ઋષભદેવ' ભગવાન ક્ષાયિક સમકિત લઈને આવ્યા છે. અરે..! 'શ્રેણિક' રાજા પંચમ આરામાં ભગવાનને કાળે ક્ષાયિક સમકિત પામ્યા. ભલે નરકમાં ગયા પણ ક્ષાયિક સમકિત છે એ લઈને આવવાના છે. એ રાગની એકતા થશે કોઈ દિ' એને ? અવતાર ધારણ કરશે છતાં અવતારની એકતા થશે ? આહા..હા..! અવતાર ભિન્ન રહેશે ને અવતારથી ભિન્ન આત્મા રહેશે ત્યાં. આહા..હા..! પહેલી નરકમાં ક્ષાયિક સમકિતી. આહા..હા..! આવતી ચોવીસીમાં પહેલાં તીર્થંકર થશે. આહા..હા..! પણ જે રાગથી ભિન્ન પડીને ભગવાન ક્ષાયિક સમ્યક્ પામ્યા એ અવતાર ને રાગની એકતા ને નહિ પામે. અવતાર લીધો એ પણ અંદર એકતા ભિન્ન–તૂટી ગઈ છે. આહા..હા..!

**'સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે કયાંથી પરિણમે ?'** સિદ્ધાંત બે મુક્યા. જે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ પણ રાગની એકતાપણે થતાં નથી, પરિણમતા નથી, છૂટા પરિણમે છે. આહા..હા..! એ સિદ્ધપદ પામ્યા તે રાગની એકતાપણે અસિદ્ધપણે કેમ થાય ? આહા..હા..! **'સિદ્ધત્વ પરિણમન પ્રવાહરૂપે સાદિ-અનંત છે.'** આહા..હા..! સિદ્ધની ઓળખાણ આપે છે, આવા સિદ્ધ હોય. આહા..હા..! સિદ્ધત્વ પરિણમન–સિદ્ધપણાની પર્યાય જે પૂર્ણ થઈ તે પ્રવાહરૂપે એમ ને એમ પ્રવાહ પર્યાય... પર્યાય... પર્યાય..., સિદ્ધ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ (રહે છે). જેમ પાણીનો પ્રવાહ આમ તીરછો ચાલે છે એમ આ સાદિ-અનંત પ્રવાહ પર્યાયનો પૂર્ણ થઈ સાદી અનંત આમ પ્રવાહપૂર્વક આવે છે. આહા..હા..! આ સિદ્ધ આવા હોય. આહા..હા..! ણમો સિદ્ધાણં કરે પણ એની ખબર ન મળે કે શું સિદ્ધ કહેવાણા. આહા..હા..! ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં,

ણમો આઈરિયાણં (બોલે પણ એના સ્વરૂપની ઓળખાણ ન મળે).

સિદ્ધત્વ પરિણમન પ્રવાહરૂપે જે પર્યાયની ધારારૂપે સાદિ-અનંત, જ્યારથી સિદ્ધપણું થયું ત્યાંથી સાદિ થઈને પછી અનંત અનંત કાળ પ્રવાહરૂપે એ રીતે પરિણમશે. આહા..હા..! **'સિદ્ધ ભગવાન સાદિ- અનંતકાળ પ્રતિસમય...'** એ પરમાત્મા સિદ્ધ પ્રભુ જ્યારથી સિદ્ધપણાની પર્યાય શરૂ થઈ એ સાદિ થઈ પણ અનંતકાળ પ્રતિસમય– દરેક સમયમાં અનંતકાળ ભવિષ્યમાં,.. આહા..હા..! **'પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે.'** જ્ઞાન-દર્શન-આનંદ આદિની પર્યાય પૂર્ણ થઈ એ પૂર્ણપણે પરિણમ્યા જ કરે છે. જ્યારથી શરૂ થઈ તે અનંતકાળ પ્રવાહરૂપે એમ ને એમ (પરિણમ્યા કરે છે). આહા..હા..! અરે..! વસ્તુ અનાદિઅનંત પણ સિદ્ધપણું સાદિ-અનંત, સંસારપણું અનાદિ શાંત. વસ્તુ અનાદિ અનંત, સંસાર અનાદિનો શાંત, અનાદિનો હોવા છતાં અંત (છે) અને સિદ્ધપણાની સાદિ હોવા છતાં અનંત (છે). આહા..હા..! પ્રતિસમય, દરેક સમયે **'પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે.'** આહા..હા..!

**'જોકે સિદ્ધ ભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠ્યા જ કરે છે,...'** પર્યાયમાં જોકે સિદ્ધ ભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક નામ પર્યાય ઊઠ્યા જ કરે છે. ઝબકારો પર્યાયનો, પરિણમનનો ઊઠ્યા જ કરે છે. આહા..હા..! સર્વ ગુણ અને દ્રવ્ય ધ્રુવ હોવા છતાં તેની ચમક નામ પરિણતિ સમય સમયની ચમક ઊઠ્યા જ કરે છે, સાદિ-અનંત ઊઠ્યા કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :– સિદ્ધ થયા પછી પરિણમન કેવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરિણમન ન હોય ? પરિણમન જો ન હોય તો તો પર્યાય નથી. કૃતકૃત્ય (થયા એટલે) કરવાનું નવું નથી. પૂર્ણરૂપે પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પરિણમ્યા જ કરે છે, કૃતકૃત્યનો અર્થ કાંઈ હવે ઓછું હોય ને પૂરું કરવું હોય તો કૃતકૃત્ય. નહિતર નથી. આ તો કૃત-કૃત થઈ ગયા પૂરું થઈ ગયું છે આ. આહા..હા..! પણ પરિણમનની પર્યાય તો પ્રવાહરૂપે સાદિ-અનંત થયા કરે છે. આહા..હા..!

જ્ઞાન, આનંદાદિ સર્વ ગુણરત્નો, જેટલા ગુણોની સંખ્યા અનંતા... અનંતા... અનંતા... અનંત છે, બધા ગુણરત્નોમાં ચમક નામ પરિણમન ઊઠ્યા જ કરે છે. ઝબકારા ચમક તો થયા જ કરે છે. આહા..હા..! ઉત્પાદ-વ્યય થયા જ કરે છે એનો અર્થ કર્યો,

લ્યો ! સમય સમયની પર્યાય ઉત્પન્ન થાય બીજે સમયે તેનો વ્યય થાય ને બીજે સમયે નવી ઉત્પન્ન થાય. એવું ને એવું, એટલું ને એટલું પણ બીજું. આહા..હા..! જે એક સમયે અનંત ગુણની ચમક પરિણતિ છે તેવી જ બીજે સમયે પરિણતિ પર્યાય એવી ને એવી (છે), એ નહિ. એવી ને એવી ચમક પરિણતિ. આહા..હા..! સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં. 'શ્રીમદ્'માં આવે છે ને ?

**સાદિ-અનંત અનંત સમાધિસુખમાં,**
**અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ. ૧૯.**

આહા..હા..! જુઓ ! આ સિદ્ધપણું. આહા..હા..! લોગસ્સમાં આવે છે, 'સિદ્ધાસિદ્ધ મમ દિસંત્તુ'. સિદ્ધપદ મને દેખાડો. દેખાડો નામ હું દેખું ત્યારે તો કેવળજ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ ? લોગસ્સમાં આવે છે. એવંમએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા. આહા..હા..! .... પણ અર્થ કોને આવડે ? જય ભગવાન. સિદ્ધા– હે સિદ્ધ ભગવંતો ! સિદ્ધિ મને–મમ દિસંતુ. દ્યો. એનો અર્થ કે સિદ્ધિ પર્યાય મને પૂર્ણતા પ્રાપ્ત થાવો. સમજાય છે કાંઈ ? અથવા પૂર્ણ સિદ્ધિ મને દેખાડો. એનો અર્થ કે પૂર્ણ સિદ્ધિ પર્યાય થાય ત્યારે આમ કેવળજ્ઞાનમાં દેખાય એ, મને કેવળજ્ઞાન થાવ, એમ કહે છે. લોગસ્સમાં આવે છે એના અર્થની કોને ખબર છે. આહા..હા..!

મુમુક્ષુ :– ભગવાનને પ્રાર્થના કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો કથનની શૈલી છે. પ્રાર્થના અહીં છે. સ્તુતિ છે એ પરની સ્તુતિ છે એ તો વિકલ્પ છે. સમજાય છે ? પણ એમાં ભાવ જે છે એ પોતા તરફ ઢળ્યો છે એની વાત છે અહીં. ચોવીસ તીર્થંકરો ને અનંત કેવળીઓની ગમે તેટલી સ્તુતિ કરો પણ એ સ્તુતિ પરની છે એ તો વિકલ્પ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ આ સ્તુતિ આવે છે ને આ ? પચ્ચીસ પચ્ચીસ બોલની. સ્તુતિ છે પણ એ સ્તુતિ છે પરની સ્તુતિ છે. એટલે એ સ્તુતિ છે એમાં એ વિકલ્પાત્મક ભાવ છે ત્યાં. એની ભાવના ભલે ગમે તે હો પણ પરની સ્તુતિ છે એ તો અંદર વિકલ્પ આવ્યો ત્યાં. ઝીણી વાત છે, ભાઈ !

**'परदव्वादो दुग्गई'** આવે છે ને ? જેટલા સિદ્ધ ભગવાન પરદ્રવ્ય છે, એ પણ લક્ષમાં ને સ્તુતિમાં લ્યો તો ત્યાં રાગ જ થાય છે. આહા..હા..! **'वंदितु सव्वसिद्धे'** ત્યાં એ વ્યવહાર છે અને નમઃ સમયસાર જે આવ્યું તે નિશ્ચય છે. આહા..હા..! પણ

પોતાની પર્યાયમાં સ્થાપે છે, એમ છે ને ? આહા..હા..! અનંત સિદ્ધો પર છે ને ? એને સ્થાપે છે ત્યાં આગળ વિકલ્પ છે જરી, વ્યવહાર છે ત્યાં. અને **'स्वानुभूत्या चकासते'** નમઃ સમયસારાય ત્યાં તો નમઃ સમયસારાય. મારો પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ તેમાં હું નમી જાઉં છું, ઢળી જાઉં છું ત્યાં. સ્વઆશ્રિત છે ત્યાં. આહા..હા..!

અહીં કહે છે આનંદાદિમાં સમય સમયે ઉત્પાદ-વ્યય થયા જ કરે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ સત્ તો ઉત્પાદ-વ્યય કાંઈ સિદ્ધમાં નથી ? આહા..હા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદનો ઉત્પાદ એ એક સમય રહે છે, બીજે સમયે બીજો એવો, પણ બીજો થાય છે. આહા..હા..! તેથી કેવળજ્ઞાનની પર્યાયને પણ નાશવાન કીધી છે ને ? 'નિયમસાર'. આહા..હા..! **'जीवादिबहित्तच्चं हेयम्'** કેવળજ્ઞાન પણ હેય છે. આહા..હા..! પર છે ને ? આહા..હા..! **'जीवादिबहित्तच्चं हेयम्'** જીવનો એક સમયનો પર્યાય ત્યાં લેવો, જીવદ્રવ્ય ન લેવું ત્યાં. અને આસ્રવ, સંવર, નિર્જરા ને મોક્ષ એ બધા બહિર્‌તત્ત્વ છે, એ હેય છે. આહા..હા..! **'उपादेयमप्पणो अप्पा'** બે પદમાં તો ગજબ કામ છે ! બીજું પદ એ છે ને ? ભગવાન પોતાનો આત્મા પૂર્ણ છે તે ઉપાદેય છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ હેય છે. આહા..હા..!

અહીં કહે છે કે એ હેય છતાં એ વસ્તુ છે એમાં એ સમયે સમયે ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયા કરે છે. સાધકને તે પરપર્યાય હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! સિદ્ધની મહિમામાં આ સિદ્ધપદ આવું હોય એમ એને જણાય. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ઉત્પાદ-વ્યય થયા જ કરે છે,...'** સમય સમયમાં કેવળજ્ઞાન અનંત આનંદ અરે..! સર્વ ગુણો, સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠ્યા કરે છે, ઉત્પાદ-વ્યય થાય છે. આહા..હા..! ઉત્પાદ-વ્યય તો એનું સ્વરૂપ જ છે. પર્યાય સમયે સમયે અનંત પૂર્ણ ગુણરત્નની પર્યાય પ્રગટ થઈ છતાં તે ઉત્પાદપણે થઈ અને બીજે સમયે તેનો વ્યય થાય જ. આહા..હા..! તેથી તે **'जीवादिबहित्तच्चं'** આહા..હા..! તે હેય છે. **'उपादेयमप्पणो अप्पा'** જુઓ ! આ વચન. સિદ્ધની પર્યાય પણ હેય છે, સાધકને. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ એક સમયમાં ધ્રુવ અવિનાશી તત્ત્વ અનંત ગુણનો પિંડ તે ઉપાદેય છે. આહા..હા..! **'उपादेयमप्पणो अप्पा'**. **'उपादेयमप्पणो अप्पा'** એટલે પર અહીં કાઢી નાખ્યું. આહા..હા..! એ..ઇ..! આહા..હા..! ભગવાનઆત્મા ઉપાદેય પૂર્ણ

સ્વરૂપ છે તે **'અપ્પણો અપ્પા'**–પોતાનો આત્મા તે ઉપાદેય છે. આ સિદ્ધ ભગવાનની પર્યાય પણ સાધકને તો હેય છે. આહા..હા..! પર છે ને ઈ ! આહા..! સમજાણું કાંઈ ? આ તો એનું જ્ઞાન કરાવે છે કે આવા સિદ્ધ હોય છે. આહા..હા..! ઉત્પાદ-વ્યય થયા જ કરે છે, થયા 'જ' કરે છે. આહા..હા..!

**'તો પણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.'** આહા..હા..! શું કહ્યું એ ? અનંત અનંત જેટલા ગુણો છે એ બધી પર્યાયમાં ચમકપણે પરિણમે છે. પૂર્ણપણે પરિણમે છતાં વસ્તુ તો પૂર્ણ છે તે છે. એમાં કાંઈ ઓછપ ને અધૂરાશ થઈ નથી. આહા..હા..! આ તે શું ચીજ છે. આહા..! શું કીધું ઇ ? **'પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ...'** એવી પરિપૂર્ણ પર્યાયના પરિણમને કાળે પણ **'તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે...'** કોણ ? સર્વ ગુણો. માથે આવી ગયું ને ? છે ? આમ **'ઉત્પાદ-વ્યય થયા જ કરે છે, તો પણ, તો પણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ પરિપૂર્ણપણે થયા કરે છતાં પણ તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.'** આહા..હા...! માણસને એમ થાય કે આટલું અનંત કેવળજ્ઞાન પ્રગટ્યું, એક નિગોદમાં તો અક્ષરને અનંતમે ભાગે જ્ઞાન પર્યાય હતી, તોય પરિપૂર્ણ. ત્યાં વધારે નથી અંદર, અહીં ઓછું છે માટે ન્યાં વધારે છે (એમ નથી) અને અહીં પરિપૂર્ણ પર્યાય પ્રગટી માટે કાંઈ ઘટી ગયું છે આમાં (એમ નથી). આહા..હા..! અલૌકિક છે બાપુ ! આહા..હા..! એનો દ્રવ્ય સ્વભાવ ને ગુણ સ્વભાવ તો પરિપૂર્ણ, પરિપૂર્ણ પરિણમનમાં પણ એમ. સર્વ ગુણોની વર્તમાન દશાની પરિણમન ઉત્પાદ-વ્યયમાં પણ સદા તેવા ને તેવા જ. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય એ દ્રવ્ય છે, પોતાનું. આવું દ્રવ્ય જે છે જે પરિપૂર્ણ પરિણમે, પરિણમે તોય દ્રવ્ય ને ગુણ તેવા ને તેવા છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.'** વસ્તુ પરિપૂર્ણ રહે છે. જ્ઞાન-ગુણ પર્યાયમાં કેવળજ્ઞાનપણે થયો છતાં ગુણ તો તેવો ને તેવો અંદર રહે છે. આ તે કાંઈ વાત છે ! અનંત આનંદ પર્યાયપણે પર્યાય થઈ છતાં અંતરનો આનંદ ગુણ તો એવડો ને એવો જ રહે છે. આ તે શું ચીજ છે ! આહા..હા..!

મુમુક્ષુ :– આ ગણિત જ જુદી જાતનું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ વાત જ જુદી છે. એ દ્રવ્ય વસ્તુ... આહા..હા..! સામાન્યને

તો એમ થઈ જાય. ઓ'લો ઘડાનો દાખલો નથી આપ્યો કે પૂર્ણ પ્રવાહ નીકળે તો ઘડો ઘટી જાય, પ્રવાહ. આહા..હા..! એ દ્રવ્ય અને ગુણ સ્વભાવ પરિપૂર્ણ ત્રિકાળે પરિપૂર્ણ, ત્રિકાળે પરિપૂર્ણ. અલ્પજ્ઞ દશામાં પણ પરિપૂર્ણ અને સર્વજ્ઞ દશામાં પણ વસ્તુ ને દ્રવ્ય ગુણ તો પરિપૂર્ણ છે. આટલી બધી પર્યાય આવી જે અનંતી, અનંતા અનંતા લોકને, અનંતા કેવળીને જાણે એવી એક સમયની પર્યાય અનંતા સિદ્ધને જાણે એવી પર્યાય (આવે), છતાં ગુણ ને દ્રવ્ય તો તેવા ને તેવા. આ તે શું છે ? ભાઈ ! આહા..હા..! એકલા તર્કથી કરવા જાય તો બેસે એવું નથી. આહા..હા..! એવો જ કોઈ સ્વભાવ છે. આહા..હા..! નિઃસંદેહ એવો સ્વભાવ છે. આહા..હા..! અદ્ભુતતા છે, પ્રભુ ! આહા..હા..!

પરિપૂર્ણ પર્યાયપણે અનંત આનંદપણે થયો છતાં અસ્તિપણે જે આનંદ ગુણ છે એ તો પરિપૂર્ણ એવડો ને એવડો રહ્યો છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પર્યાયપણે પરિપૂર્ણપણે થઈ, જેમાં અનંતા સિદ્ધો ને કેવળીઓ જાણે એવડી પર્યાય પરિપૂર્ણ થઈ છતાં જ્ઞાનગુણ તો તેવડો ને તેવડો રહ્યો છે. આહા..હા..! પર્યાયમાં અનંતુ પુરુષાર્થનું વીર્ય આવ્યું છે, અનંતુ વીર્ય પ્રગટ્યું છે પર્યાયમાં. જે નિગોદમાં અલ્પ વીર્ય હતું પર્યાયમાં તો પણ તેનો અંદર વીર્ય ગુણ તો તેવડો ને તેવડો પરિપૂર્ણ છે, બાપુ ! એ કોઈ તર્કનો વિષય નથી. આહા..હા..!

જો કે શાસ્ત્ર તો એમ પણ કહે છે 'સર્વવિશુદ્ધ અધિકાર'. ચરણાનુયોગમાં છે એમ કે તર્કથી સ્પષ્ટ, તર્કણાથી એ સ્પષ્ટ બેસે છે. આવે છે ત્યાં. આહા..હા..! પણ આવા તર્કથી. સમ્યક્ તર્કથી વાત બેસે તો બેસી જાય છે, બરાબર બેસી જાય છે. આહા..હા..! અરે..! એના દ્રવ્ય ને ગુણની વાત શું કરવી, કહે છે. એ દ્રવ્ય ને ગુણ તો પરિપૂર્ણપણે પડ્યા પડ્યા, તેવા ને તેવા, તેવા ને તેવા, તે ના તે, તે ના તે, એવા ને એવા છે. આહા..હા..!

અનંત પુરુષાર્થ પ્રગટ્યો છે પર્યાયમાં, તો પણ અંદર જે વીર્ય ગુણ છે એ તો પૂર્ણ પૂરો છે. આહા..હા..! ચારિત્રની રમણતા પૂર્ણ યથાખ્યાત થઈ ગઈ. આહા..હા..! પર્યાયમાં પૂર્ણ રમણતા પુરી પ્રગટી તો પણ જે અંદર ચારિત્ર ગુણ છે એ તો એવડો ને એવો રહ્યો છે. આહા..હા..! એમાંથી આવે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ પર્યાય જ અનંત આનંદ ને અનંત જ્ઞાનની પર્યાય પોતાના ષટ્કારકથી

પરિણમતી ઉત્પન્ન થાય છે. આહા..હા..! છતાં ભગવાનઆત્મામાં જે ષટ્કારક જે ગુણ છે એ એવડા ને એવડા, એવા ને એવા ગુણ ષટ્કારક રહ્યા છે અંદર. આહા..હા..! શું સમજાય છે આમાં કાંઈ ? આહા..હા..! અનંતી પર્યાયમાં ઈશ્વરતા, પ્રભુતા પ્રગટી છે,.. આહા..! છતાં પ્રભુતાનો ગુણ જે છે અંદર, એ એવડો ને એવડો ને એ નો એ એમ ને એમ છે, કહે છે. આ તે શું છે ! એવો કોઈ દ્રવ્ય ને ગુણનો અદ્ભુત વિસ્મયકારી ચીજ છે એ. આહા..હા..! સાધારણનું ગજુ નથી એ વાતને માનવી. આહા..હા..!

એ અહીં કહ્યું **'પરિણમનમાં પણ સદા...'** આહા..હા..! **'ઉત્પાદ-વ્યય થયા જ કરે છે, તો પણ તે સર્વ ગુણો...'** સર્વ ગુણોને ? બધા આવ્યા ને ? વીર્ય, જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ ગુણ છે અંદર અને પર્યાયમાં ષટ્કારકની પરિણમનથી જ્ઞાન, દર્શન, આનંદ પરિણમ્યા છે. એક એક પર્યાય ષટ્કારકથી પરિણમી છે છતાં દ્રવ્ય ને ગુણના જે ષટ્કારકો છે અંદર એ તો પરિપૂર્ણપણે પડ્યા છે. આહા..હા..! આ ચેતનની વાત ચાલે છે અહીં. આહા..હા..! છે ?

**'ઉત્પાદ-વ્યય થયા જ કરે છે, તો પણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.'** છેલ્લે શબ્દ કીધો છે **'સ્વભાવ અદ્ભુત છે.'** બાપુ ! શું કહીએ ? એ દ્રવ્ય ને ગુણનો કોઈ સ્વભાવ અદ્ભુત છે. સાધારણ માપમાં કરવા જાય એ નહિ મળે. આહા..હા..! સાધારણ માણસને એમ લાગે અનંત અનંત પ્રગટ્યો તોય કહે આનંદ એવડો ને એવડો ? દુઃખ હતું ત્યારે જ્યારે રાગની દશામાં દુઃખ હતું, તોય આનંદ એવડો ને એવડો અને અતીન્દ્રિય આનંદપણે પર્યાય થઈ તોય આનંદ એવડો ને એવડો ! રાગ હતો ત્યારે પણ આમ ચારિત્રગુણ તો અંદર એવડો ને એવડો અને યથાખ્યાત ચારિત્ર પરિણમ્યું તોય ચારિત્ર ગુણ તો એવડો ને એવડો ! **'અદ્ભુત સ્વભાવ છે.'** આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૨, રવિવાર તા. ૩૧-૧૨-૧૯૭૮.**
**વચનામૃત–૪૧૯ થી ૪૨૧, પ્રવચન–૧૭૫**

**પ્રશ્ન :– અનંતકાળના દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે ?**

**ઉત્તર :– 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે-એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે. ૪૧૯.**

૪૧૯, 'વચનામૃત' છે ૪૧૮ થયા. '**પ્રશ્ન :–**' આ છેલ્લા પ્રશ્નનો છે થોડાક. '**અનંતકાળના દુખિયારાં અમે;...**'

'**પ્રશ્ન :– અનંતકાળના દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે ?**'

'**ઉત્તર :– 'હું જ્ઞાયક છું,..**' ત્રિકાળ જ્ઞાયક છું '**હું જ્ઞાયક છું,...**' બે વાર વિશેષ લીધું. ઇ છઠ્ઠી ગાથામાં છે ને ? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**' જ્ઞાયકભાવ છું, જ્ઞાયકભાવ છું. '**વિભાવથી જુદો હું જ્ઞાયક છું'...**' પહેલી અસ્તિ સિદ્ધ કરી પછી વિભાવ શુભ-અશુભભાવ '**વિભાવથી જુદો હું જ્ઞાયક છું'...**' એક ન્યાયે તો ચાર ભાવ પણ વિભાવ છે. આહા..હા..! વિશેષ ભાવ છે ને ? ચાર ભાવ પણ. ઇ ખટકે છે, ઓલા આવ્યા છે ને અંદર ? ચાર વિભાવભાવ કેમ કહ્યા એને ? વિશેષ ભાવ છે. સામાન્ય જે જ્ઞાયકભાવ ત્રિકાળ એકરૂપ જે જ્ઞાયક છે, સામાન્ય

છે અને આ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પર્યાય તે વિભાવ–વિશેષ ભાવ છે. આહા..હા..! ખરેખર તો એ વિશેષ વિભાવથી પણ આત્મા જ્ઞાયક જુદો છે. આહા..હા..! એ 'નિયમસાર'નું હમણાં કો'કને ખટક્યું છે કે આમ કેમ કહ્યું ? ભાઈ ! એકરૂપ ચૈતન્ય સ્વભાવ જે જ્ઞાયક સામાન્ય જે ધ્રુવ, એની અપેક્ષાએ ચાર ભાવ વિશેષ છે, વિભાવ છે. એ વિભાવભાવ ત્રિકાળ જ્ઞાયકભાવમાં નથી. એ તો ૪૧માં આવ્યું છે ને ? ૪૧ ગાથા 'નિયમસાર'. એને ખટક્યું છે. એમ કે ચાર ભાવથી મોક્ષ ન થાય. ત્યારે પારિણામિક ભાવથી મોક્ષ ન થાય તો મોક્ષ થવાની શક્તિ કોણ ચીજ રહે ? એમ કહે છે. બાપુ ! ચારને આશ્રયે ન થાય, આહા..હા..! અરે..! પર્યાયને આશ્રયે દ્રવ્યદૃષ્ટિ વિના પર્યાયને આશ્રયે ન થાય. આહા..હા..!

ચાહે તો ક્ષાયિક સમકિત હો પણ એ ભાવ પણ વિભાવ વિશેષે, વિભાવ એટલે વિશેષ ભાવ એમ, વિકાર ભાવ એમ નહિ. આહા..હા..! એ વિભાવભાવ વિભાવથી જુદો હું જ્ઞાયક છું. આહા..હા..! જો કે, અહીં તો સામાન્ય પુણ્ય-પાપના વિભાવથી જુદો છે કહે છે. પણ ખરેખર તો, આહા..! એકલો જ્ઞાયક સ્વભાવ ધ્રુવ નિત્ય સ્વભાવ એ તો વિભાવની પર્યાયથી પણ જુદો છે. આમ એણે વારંવાર અંદર રટણ કરવું. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..!

**'એ રસ્તે જવાથી...'** હું જ્ઞાયક છું, એટલે જાણનાર છું એટલે પર્યાયવાળો એમ નહિ, ત્રિકાળ. એ તો આવે છે ને ? જ્ઞાયક છે માટે એમ કે પરને જાણે છે એવું એમાં પ્રસિદ્ધિ છે એમ નથી. એ તો પોતાની પર્યાયને જાણે છે એ વ્યવહાર છે. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ વસ્તુ છે તે વિભાવભાવથી જુદો છું. **'એ રસ્તે જવાથી...'** આ રીતને પંથે પડવાથી, આહા..હા..! **'દુઃખ ટળશે...'** આહા..હા..! કેમ કે સુખ પંથ જ્યાં જ્ઞાયક છું એ સુખ પંથ છે. આહા..હા..! જ્ઞાયક છું એવી જે પરિણતિ પ્રતીત થાય છે. આહા..હા..! જ્ઞાયક તો જ્ઞાયક છે પણ જ્ઞાયક છું એવી જે જ્ઞાનમાં જાણવાની પર્યાય ને પ્રતીત થાય છે એ સુખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાયક છું એ તો એથી જ્ઞાયક છું એ જ્ઞાયક છું, તે જ્ઞાયક છું એમાં જ્ઞાયક છું એવું ધ્રુવપણું એકલું ન આવે. પર્યાય આવે એ કહે છે કે હું જ્ઞાયક છું. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! આ મુદ્દાની, રકમની વાત છે આ તો. આખા જૈનદર્શનનો પ્રાણ છે અગિયારમી ગાથા. **'भूदत्थमस्सिदो...'** એ ભૂતાર્થ કહો કે જ્ઞાયક કહો.

આહા..હા..! પરમ પારિણામિક સ્વભાવભાવ એવો જ્ઞાયક. પારિણામિક ભાવ ન કહેતા કેમ કે પારિણામિક ભાવ તો પરમાણુમાં પણ પારિણામિક ભાવ છે. પણ આ પારિણામિક સહજ જ્ઞાયકભાવ જ્ઞાનની પ્રધાનતાથી એને જ્ઞાયકભાવ (કહ્યો), પણ છે તો અનંત ગુણનો પિંડ. આહા..હા..!

**'વિભાવથી જુદો હું જ્ઞાયક છું એ રસ્તે જવાથી દુઃખ ટળશે...'** આવો છે માર્ગ બાપા ! આહા..હા..! અત્યારે તો આ બધું એવું ગડબડ થઈ ગયું છે. આહા..હા..! ભક્તિ કરવી ને જાત્રા કરવી ને વાંચન કરવું ને સાંભળવું ને એવા બધા એનાથી, આહા..હા..! ભગવાન એક સમયમાં પૂર્ણ જ્ઞાયકભાવ છું એવી જે પ્રતીતિ એ તો પર્યાય છે. આહા..હા..! જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એ તો પર્યાય છે. હું જ્ઞાયક છું એવી પ્રતીતિ. પણ છે કોની ? હું જ્ઞાયક ત્રિકાળ છું તેની. જ્ઞાયક છું એ ધ્રુવમાં જ્ઞાયક છું એવું ન આવે. જ્ઞાયક ધ્રુવ છે પણ હું જ્ઞાયક છું એવું ધ્રુવમાં પ્રતીતમાં ન આવે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ રસ્તો કીધો ને ? પંથ કીધો, પર્યાય કીધી. હું જ્ઞાયક છું એવો જે રસ્તો, પંથ પર્યાય એ રસ્તે જવાથી, આહા..! **'દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે.'** આનંદનો કાળ આવશે, એમ કહે છે. આવી વાત છે. હવે આવું આકરું. માણસને આકરું પડે પણ માર્ગ તો આ છે. લાખ ક્રિયાકાંડ કરે ને લાખ વાંચન કરે ને લાખ શાસ્ત્રો બનાવે, એ બધા વિકલ્પો છે. આહા..હા..! અહીં તો હું ત્રિકાળ જ્ઞાયક છું એવી દૃષ્ટિ થતાં, તે પંથે પડ્યો ત્યાં દુઃખ ટળશે ને સુખ થશે. આહા..હા..!

મુમુક્ષુ :– સુખ તો તત્કાળ આવે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– તત્કાળ. કીધું ને, હું જ્ઞાયક છું એવી પ્રતીતિ થઈ તે કાળે જ એને સુખ પર્યાયમાં આવે છે. હું જ્ઞાયક છું, એવું સુખરૂપ ત્રિકાળ છું એવી જ્ઞાનની પર્યાય જાણે તે પર્યાયમાં આનંદ સાથે આવે. આહા..હા..! હું જ્ઞાયક છું એવી પર્યાયમાં અનંતા ગુણની પ્રગટ વ્યક્ત પર્યાય આવે. આહા..હા..! ભાઈ ! આ તો સત્ય સિદ્ધાંત છે. આહા..હા..!

દુઃખ ટળશે અને આનંદની ઘડી આવશે. આહા..હા..! એ દુઃખ ટળે ને આનંદ મળશે જ તને. આહા..હા..! કેમ કે આનંદનો સાગર ભગવાનઆત્મા (છે). એ જ્ઞાયક જ્ઞાનની પ્રધાનતાથી વાત લીધી છે. બાકી આનંદનો સાગર ભગવાન છે એ ત્રિકાળી

ધ્રુવ છે. સમજાણું ? એ આનંદ સ્વરૂપ ત્રિકાળી આનંદ રૂપ, ત્રિકાળી આનંદરૂપ એ હું, એવું જ્ઞાનની પર્યાયમાં જાણવું અને પ્રતીતિ થવી તેમાં અનંત ગુણની વ્યક્તતા પ્રગટ પર્યાય તે પણ ષટ્કારકના પરિણમનથી પર્યાય ઊભી થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! ફક્ત એનું લક્ષ જાય છે ત્યાં, પણ તે પર્યાય જે છે તેને લક્ષે આ છું એવી જે પર્યાય પ્રગટ થાય છે... આહા..હા..! એ પર્યાય પણ ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થાય છે. લક્ષ ભલે એનું જ્ઞાયકનું છે. આહા..હા..! આવો સમ્યગ્દર્શનનો પંથ એ સુખનો પંથ છે, એમ કહે છે. આહા..હા..!

**'જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે...'** આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ એને પોહાય, રુચિમાં પોષાય, રુચિ થાય એને. આહા..હા..! રુચિ છે, પોષાય છે એ તો પર્યાય છે પણ પોષાય છે આખી ત્રિકાળી ચીજ. આહા..હા..! **'જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે...'** એ તો સમય એક જ છે. સમજાવવું શી રીતે ? જ્ઞાયકની... બાપુ ! જ્ઞાયક શબ્દ છે ભલે... આહા..હા..! પણ જ્ઞાયક શબ્દ છે એ તો વાચક છે પણ એનું જે વાચ્ય છે ત્રિકાળી જ્ઞાયક. આહા..હા..! એની પ્રતીતિ થતાં અને વિભાવની રુચિ છૂટે. આહા..હા..! શુભ-અશુભભાવ એની રુચિ છૂટે. જ્ઞાયકભાવની રુચિ છતાં એમ છે ને ?

**'જ્ઞાયકની પ્રતીતિ થાય...'** આહા..હા..! **'અને વિભાવની રુચિ છૂટે-એવા પ્રયત્નની પાછળ...'** એવા પ્રયત્નની પાછળ **'વિકલ્પ તૂટશે...'** આહા..હા..! રાગની એકતા તૂટશે. આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એવી ત્રિકાળી વસ્તુની રુચિ થતાં, વિભાવ છૂટતા. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ભગવાનઆત્મા એક સમયમાં ત્રિકાળી જ્ઞાયક. આહા..હા..! એની દૃષ્ટિ રુચિ થતાં, વિભાવની રુચિ છૂટતા. આહા..હા..! **'એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે...'** આહા..હા..! ચિદાનંદ ભગવાન અખંડ આનંદકંદ પ્રભુ, એની રુચિ થતાં અને પુણ્ય ને પાપના વિભાવભાવની રુચિ છૂટતા... આહા..હા..! એના પ્રયત્નથી વિકલ્પ તૂટશે. એકતા સ્વભાવની થતાં વિકલ્પ નામ રાગની એકતા તૂટશે. આહા..હા..! આવી વાત છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં આ સ્થિતિ છે. પ્રથમ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીડી. જે જ્ઞાયક સ્વરૂપ ભગવાનઆત્મા એની રુચિ થતાં અને વિભાવની રુચિ છૂટતા વિકલ્પ તૂટી જશે. રાગની એકતા જે અનાદિની છે એ છૂટી જશે. આહા..હા..! અને સુખની

ઘડી આવશે. પહેલા આવ્યું હતું ને ? પહેલા આવ્યું હતું, સુખની ઘડી આવશે. એનું સ્પષ્ટીકરણ કર્યું. આહા..હા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ને જ્ઞાયકનો પિંડ પ્રભુ છે એવી અંતરની દૃષ્ટિ થતાં વિકલ્પ, રાગની એકતા તૂટશે અને સ્વભાવની શાંતિની કાળ ઘડી પ્રગટ થશે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

એ બહારની કોઈ પ્રવૃત્તિ ક્રિયાકાંડથી કાંઈ મળે એવું નથી. આહા..હા..! ક્રિયાકાંડ છે એ તો પુણ્ય-પાપના ભાવ છે. એનાથી ભગવાનઆત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભિન્ન છે તેનું ભાન થતાં આનંદનો કાળ આવશે, કહે છે. આહા..હા..! તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. સમ્યગ્દર્શન થતાં, જ્ઞાયક સ્વરૂપની રુચિ થતાં પુણ્ય-પાપના વિકલ્પની એકતા તૂટતા તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે, એ આનંદનો કાળ આવશે, ઘડી આવશે તને, એમ કહે છે. આહા..હા..! આવી વાત છે. ઝીણી વાત છે, બાપુ ! અનંતકાળ એણે કર્યું નથી કોઈ દિ'. બહારની પ્રવૃત્તિમાં માન્યું છે બધું. જાણે આનાથી થશે ને આનાથી થશે. પણ પ્રવૃત્તિનો જે વિકલ્પ છે એ રાગ છે ને દુઃખ છે. આહા..હા..! એનાથી નિવૃત્ત સ્વરૂપ ભગવાનઆત્મા છે એની અંતરની દૃષ્ટિ, રુચિ કરતાં તને (સુખની ઘડી આવશે).

**'જ્ઞાયક છું એમ ભલે પહેલાં ઉપલકપણે કર,...'** કહે છે ને ? હું જ્ઞાયક છું, જાણનાર છું, જ્ઞાતા છું એવું પહેલા ઉપલકપણે પણ આમ કર. આહા..હા..! આ દુઃખથી છૂટવાનો રસ્તો આ છે. **''હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર,...'** એટલે કે અંદરમાં હજી પેસી ન ગયો હોય. વિકલ્પની ભૂમિકામાં આ જ્ઞાયક છું એવો ઉપલકપણે પણ પહેલું કર. આહા..હા..! છે ?

**'એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર,...'** ઊંડાણ એટલે એક સમયની પર્યાયની પાછળ ભગવાન અંતર આત્મા આખો પડ્યો છે. પ્રભુ એક સમયની પર્યાયની ઊંડે અંદર. આહા..હા..! ઊંડાણ એ ... છે. એ પર્યાયની દૃષ્ટિ છોડી, વર્તમાન પર્યાય ને પર ઉપરના લક્ષને છોડી અને એ પર્યાયને ઊંડે એટલે એનું જે ધ્રુવ છે ત્યાં લઈ જા. આહા..હા..! આવી વાત છે. **'એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર,...'** એટલે ? જ્ઞાયક સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ એને પહેલાં ઉપલકથી એટલે કે વિકલ્પના આશ્રયે આ જ્ઞાયક છે, જ્ઞાયક છે એમ જાય એ બાજુ. પછી અંદરમાં, ઊંડાણમાં વિકલ્પને તોડીને અંદર જા. આહા..હા..!

આ સમ્યગ્દર્શન પામવાની રીત છે. પ્રથમ ધર્મ અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર ને વ્રત, તપ કોઈ સાચા હોય નહિ. આહા..હા..!

એવો જે ભગવાનઆત્મા એને,.. આહા..હા..! **'ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને...'** આહા..હા..! **'ગમે તેમ કરીને એ રસ્તે જા.'** જ્ઞાયક સ્વરૂપ ભગવાન પરમાનંદપણે બિરાજમાન છે એ રસ્તે જા. વર્તમાન પર્યાય ને રાગ ને રસ્તે અનાદિથી છો. ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ હો પણ એ રાગ છે, વિકાર છે એને રસ્તે તો અનાદિથી છો. હવે એના તરફથી ખસી અને ઊંડાણમાં એટલે પર્યાયને ઊંડાણમાં, વર્તમાન જે પર્યાય છે તેને ઊંડાણ એટલે ધ્રુવમાં, ઊંડાણમાં લઈ જા. આહા..હા..! આવો માર્ગ છે, અગિયારમી ગાથાની શૈલી છે આ. આહા..હા..! **'ગમે તેમ કરીને એ રસ્તે જા.'** અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે.

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

'ઘટ ઘટ અંતર જિન વસે' અંદર ઘટ ઘટમાં જિન પ્રભુ વીતરાગ સ્વરૂપે બિરાજમાન આત્મા છે. આહા..હા..! દ્રવ્ય સ્વરૂપે, વસ્તુ સ્વરૂપે, ઘટ ઘટમાં જિન સ્વરૂપ જ એનું છે. એના ઉપર જા, જિન સ્વરૂપ ઉપર દૃષ્ટિ કર તો અજૈન એવો જે વિભાવભાવ તેની એકતા તૂટશે અને તને આનંદ થશે. આહા..હા..! તો તું જૈન થઈશ.

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

પોતાના અભિપ્રાયના જોરવાળા–રાગથી લાભ થાય ને પુણ્યથી લાભ થાય ને શુભભાવથી લાભ થાય એવો જે મતવાલો અભિપ્રાય–એને આ નહિ બેસે. આહા..હા..!

કહે છે, **'ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા...'** શુભ અને અશુભભાવ બેય. આહા..હા..! એનાથી ભગવાનઆત્મા અંદર જુદો છે. અહીં તો શુભભાવ કરતાં કરતાં થશે. એમ કહે છે, શુભભાવ એ સહારો છે, શુભભાવથી શુદ્ધતા થશે એવી દૃષ્ટિ અનાદિની. આહા..હા..!

શુભાશુભ ભાવ–શુભ અને અશુભ જે ભાવ છે વિકારી, એનાથી જુદો **'જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને...'** આહા..હા..! અંદર જાણક સ્વભાવ ભગવાન જ્ઞાયક, એ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને. ભાષા તો સાદી છે પણ હવે વસ્તુ...

અણઅભ્યાસ, અનાદિની વસ્તુની દૃષ્ટિની ખબર નથી. આહા..હા..! શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો–જાણક સ્વભાવ જે છે એ જાણક સ્વભાવ પણે, જાણક સ્વભાવનો, જાણક સ્વભાવપણે અભ્યાસ કર. લ્યો ! આ અભ્યાસ. શાસ્ત્રાભ્યાસ કર કે એ નથી કહ્યું. આહા..હા..!

બાહ્ય દૃષ્ટિ જે પર્યાયનું બાહ્ય ઉપર લક્ષ છે એને ઊંડાણમાં એટલે પર્યાયની અંદરમાં ધ્રુવ તત્ત્વ પડ્યું, પરમાત્મ તત્ત્વ આખું છે, આત્મતત્ત્વ એ આખું છે. એ પર્યાયને આત્મતત્ત્વમાં વાળ, એમાં અભ્યાસ કર. આહા..હા..! જ્ઞાયકભાવ તરફ શુભાશુભ ભાવથી જુદો એનો અભ્યાસ કર. આહા..હા..! લ્યો ! આ મોક્ષના માર્ગની ઉત્પત્તિનું આ કારણ. આહા..હા..! ખુબ વ્યવહાર કરે ને ભક્તિ કરે ને જાત્રા કરે માટે આ થાય એમ નથી, ભાઈ ! શાસ્ત્રનું બહુ જ્ઞાન કરે તો આ થાય, એ પણ નથી. શાસ્ત્રજ્ઞાન એ પરજ્ઞેય છે. એમાં પરજ્ઞેયમાં નિમગ્ન છે તે સ્વ તરફ નહિ ઢળી શકે. આહા..હા..! એવી વાત છે, ભાઈ !

**'શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી,...'** આહા..હા..! જ્ઞાયકનો–જાણક સ્વભાવ સ્વરૂપનો, જાણક સ્વભાવ વડે અભ્યાસ કરતાં જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી. આહા..હા..! પહેલાંમાં પહેલું આ છે. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એના તરફ વલણ કરવું. આહા..હા..! એવું છે. **'જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો,...'** વિશેષ કહ્યું. એ જ્ઞાયક પ્રભુ છે જેમ ભોંયરમાં જતાં ભગવાનના દર્શન થાય એમ પર્યાયને અંદર ભોંયરમાં, ધ્રુવમાં, જ્ઞાયકમાં લઈ જતાં એ જ્ઞાયકના દર્શન થાય છે. આહા..હા..! આવી વાત એટલે માણસને એકાંત લાગે. આ બહારની ધમાધમ જુઓને આમ ભક્તિ ને જાત્રા ને આ ને આ... જાણે એમાંથી કલ્યાણ થઈ જશે. આહા..હા..!

**'જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો,...'** પર્યાયને અંદરમાં વાળીને જ્ઞાયકને પ્રાપ્ત કરવો. વર્તમાન પર્યાયને બહાર તરફ જુકતી તેને, તે પર્યાય નહિ પણ પર્યાયને અંતરમાં વાળતા. આહા..હા..! **'જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે.'** સાદિ-અનંત અનંત આનંદ એવી જે મુક્ત દશા તેને પ્રાપ્ત કરવાનો આ ઉપાય છે. આહા..હા..! બહારની પ્રવૃત્તિથી ખસી જા અને પર્યાયને અંદરમાં લઈ જા. આહા..હા..! તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો એટલે મોક્ષ, **'જ્ઞાયકને**

**ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત...**' કારણ કે, અનંત આનંદની ઉત્પત્તિ થાય છે એટલે સાદિ છે. અનંત આનંદ સ્વરૂપ છે આત્મા એ અનાદિ છે. અનંત આનંદ સ્વરૂપ છે એ અનાદિ છે પણ અનાદિમાંથી અનંત આનંદની પર્યાયમાં પ્રાપ્તિ થવી એ સાદિ છે, આ આદિ છે, સાદિ, સ આદિ એટલે આદિ છે, આદિ સહિત છે. આહા..હા..!

'**તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે.**' કેમ ? કે '**આત્મા સુખનું ધામ છે,...**' પોતે આનંદનું ધામ છે અંદર. એને આશ્રયે જતાં સાદિ-અનંત, અનંત સુખની પ્રાપ્તિ થશે. આહા..હા..! આત્મા અનાદિ આનંદનું ધામ છે. એ અનાદિ અનંત આનંદનું એ ક્ષેત્ર છે. આહા..હા..! સ્થાન છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું ધામ–સ્થાન, ઠામ, ઠેકાણું એ છે. આહા..હા..! '**તેમાંથી સુખ મળશે.**' આહા..હા..! કેમ કે અનંત આનંદનું ધામ છે. જ્ઞાયક કહ્યો હતો ને ? જ્ઞાયકની સાથે પછી આનંદ લીધો.

મૂળ આચાર્ય બે જ વાતને ઘણી (જગ્યાએ) સ્થાપે છે, જ્ઞાન ને આનંદ, જ્ઞાન ને આનંદ, જ્ઞાન ને આનંદ. જ્ઞાયક છે તે પોતે અનંત આનંદનું ધામ છે એમ કહ્યું છે. આહા..હા..! તે આનંદના ધામમાં એકાગ્ર થવાથી સાદિ-અનંત સુખ મળશે. કેમ કે આત્મા આનંદનું ધામ છે તેમાંથી આત્મા મળશે. આહા..હા..! રાગમાંથી પણ નહિ મળે ને પર્યાયમાંથી પણ નહિ મળે એમ કહે છે. આખું ધામ છે, અતીન્દ્રિય આનંદનું ધામ છે. આહા..હા..! એમાંથી અતીન્દ્રિય આનંદ મળશે. આહા..હા..! મોક્ષનો માર્ગ છે એ તો પર્યાય છે ને આ વસ્તુ છે એ તો અનંત આનંદનું ધામ છે, દ્રવ્ય છે, વસ્તુ છે. આહા..હા..! એમાંથી સુખ મળશે, લ્યો ! આ પ્રશ્નનો ઉત્તર. '**અનંતકાળના દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે ?**' આહા..હા..! એનો આ ઉત્તર. આહા..હા..! બીજો પ્રશ્ન, પ્રશ્ન જ છે હવે છેલ્લા.

**પ્રશ્ન :– જિજ્ઞાસુને ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે ?**

**ઉત્તર :– વિચારો ચોવીશે કલાક ન ચાલે. પણ આત્માની ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે. 'મારે આત્માનું કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એમ લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે. ૪૨૦.**

**'પ્રશ્ન :- જિજ્ઞાસુને ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે ?'** તમે તો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... કર્યા કરો છો. શું ચોવીશે કલાક (ચાલે) ? જિજ્ઞાસુને, હોં ! પ્રગટ થયું છે એને તો કાયમ જ્ઞાયકપણું જ પરિણમે છે. આહા..હા..! પણ જિજ્ઞાસુને એમ પ્રશ્ન છે ને ? જેને જિજ્ઞાસા છે આત્માની એને **'ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે ?'** એમ પ્રશ્ન છે.

મુમુક્ષુ :- જિજ્ઞાસુ અને આત્માર્થી એક જ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જિજ્ઞાસુ છે એટલે એમ ઓ'લો પામેલો નથી. એ તો આત્માર્થી એટલે જિજ્ઞાસા છે એટલે આત્માર્થી કહેવાય. પણ આત્માર્થીને આત્મા પ્રગટ્યો નથી એને. આહા..હા..! જિજ્ઞાસા છે સત્યની. સત્યને પામવાની જેને જિજ્ઞાસા, ઇચ્છા, અભિલાષા, ભાવ (છે). આહા..હા..!

**ઉત્તર :- 'વિચારો ચોવીશે કલાક ન ચાલે. પણ આત્માની ખટક,...'** આહા..હા..! અખંડ જ્ઞાયક સ્વરૂપની ખટક અંદર... અંદર... અંદર... અંદર વલણની અંદર ભાવના, વલણની ભાવના ખટક રહ્યા કરે, એમ કહે છે. આહા..હા..! **'લગની,...'** આત્માની ખટક, આત્માની લગની, આહા..હા..! એની **'રુચિ,...'** વિશેષ શબ્દ કહે છે. આત્માની ખટક, આત્માની લગની આહા..હા..! એની રુચિ, એની **'ધગશ રહ્યા કરે.'** આહા..હા..! ગમે તેટલા કામમાં હોય પણ તેનું નામ ભૂલી જાય ? નામ તો એને રગડમાં થઈ ગયું છે તે રાતમાં ઊંઘમાં એને કહે કે, ફલાણા.. હં ! એમ એને ખટક હોવી જોઈએ કહે છે. આહા..હા..!

આત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રભુ એની ખટક. ગુજરાતી સાદી ભાષા છે ને. એની લગની. આહા..હા..! 'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુનોને' જિનરાજ એવું સ્વરૂપ આત્માનું જ્યાં સાંભળ્યું. આહા..હા..! એ જિનરાજ સ્વરૂપ છે, જિન સ્વરૂપ છે.

લાગી લગન હમારી જિનરાજ સુજસ સુનોને,
કાહુકે કહે કબહુ ન છૂટે, લોકલાજ સબ ડારી.

આહા..હા..! 'જૈસે અમલી અમલ કરત સમે, જૈસે અમલી અમલ કરત સમે લાગ રહી ખુમારી.' આહા..હા..! એમ આત્માની ખુમારીની ખટક રહ્યા કરે. આહા..હા..! **'ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે. 'મારે આત્માનું કરવું છે,...'** આવો આત્મા, મારે આત્માનું કરવું, મારો જ્ઞાયક પ્રભુ એનું મારે કામ છે, એવી એને ખટક વારંવાર

રહેવી જોઈએ. બીજાનું કરવું છે કે બીજામાં બહાર પડવું છે કે એ વાત ભૂલી જાય છે. મારે તો મારા આત્માનું કરવું છે. આહા..હા..!

**'મારે આત્માને ઓળખવો છે'...'** આહા..હા..! મારે મારા આત્માનું કરવું છે અને મારે આત્માને ઓળખવો છે. મારે તો આ કામ છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપને ઓળખવો છે એવી એને ખટક ને ધગશ (રહ્યા કરે). આહા..હા..! પુણ્ય થાય ને સ્વર્ગમાં જાઉં ને ભગવાન પાસે જાઈશ ને એ વાત નથી અહીં. આહા..હા..! આ ભગવાનઆત્મા છે એની ધગશ એવી લાગે કે, મારે તો આત્માનું મારું કરવું છે, મારું મારે કરવું છે. આહા..હા..! મારે આત્માને ઓળખવો છે. એવી જિજ્ઞાસાવાળાને ખટક વારંવાર રહે. આહા..હા..!

**'એમ લક્ષ આત્મા તરફ,...'** એમ લક્ષ આત્મા તરફ **'વારંવાર વળ્યા કરે.'** ટૂંકું કરી નાખ્યું. મારે મારા આત્માનું કરવું છે, મારે મારા આત્માને ઓળખવો છે એવી ધગશ, લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે, એ જિજ્ઞાસુનું કર્તવ્ય છે. આહા..હા..!

મુમુક્ષુ :– આ તો અતિ નિકટની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિકટની વાત અહીં તો. અહીં તો કીધું ને પાંચમી ગાથામાં **'जदि दाएज्ज पमाणं'** હે શ્રોતા ! હે અપ્રતિબુદ્ધ શ્રોતા ! આહા..હા..! પંચમ આરાના સંત, પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાને કહે છે, હે શ્રોતા ! હું જો કહું તો પ્રમાણ કરજે. આહા..હા..! એવી જ શૈલી લીધી છે. આહા..હા..! હું જે પરથી ભિન્ન કહીશ, સ્વથી એકત્વ ને પરથી ભિન્ન. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'** **'तं एयत्तविहत्तं'** એ રાગના વિકલ્પથી ભિન્ન અને સ્વભાવની એકતાથી વાત કરીશ, એટલું લીધું પહેલું. પણ **'जदि दाएज्ज'** જો કહેવામાં આવ્યું અને તને સાંભળવામાં આવ્યું. આહા..હા..!

બે બોલ લીધા. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'**. હું મારા વૈભવથી કહીશ પણ કહીશ એટલું રાખીને પાછું કહે કે, **'जदि'** દેખાડું તો, આવ્યું જો દેખાડવામાં તો. આહા..હા..! એ પ્રવાહ જો કહેવામાં આવ્યો. આહા..હા..! **'जदि दाएज्ज'** જો હું આત્માને રાગથી ભિન્ન ને સ્વભાવથી એકતા દેખાડું તો. દેખાડીશ પહેલું કહ્યું પણ દેખાડીશ કહેતા દેખાડું તો હવે પછી (કહે છે). આહા..હા..! વાણી નીકળવાના પ્રસંગને દેખાડીશ તો, આહા..હા..! પ્રમાણ કરજે. ભાઈ ! અનુભવથી પ્રમાણ કરજે,

એમ કીધું છે. પંચમ આરાના સંત, પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાને પણ આમ કહે છે. એટલી તારી તૈયારી હું જોઉં છું, કહે છે. આહા..હા..!

જો મેં આત્મા તને કહ્યો, રાગના વિકલ્પથી જુદો પ્રભુ અને પૂર્ણાનંદના સ્વભાવથી પોતે એકત્વ છે એવી વાત જો તને દેખાડું, પ્રભુ ! તું પ્રમાણ કરજે, અનુભવ કરીને પ્રમાણ કરજે. હા પાડીને એટલેથી નહિ અટકીશ. આહા..હા..! શૈલી તો જુઓ ! 'સમયસાર'. આહા..હા..!

ત્યાં એમ કહ્યું, કેવળીની સ્તુતિ એટલે કે મારી સ્તુતિ તારી સ્તુતિ .... કેવળ ભગવાન એકલો આત્મા. આહા..હા..! એની અંદરમાં સ્વદ્રવ્યમાં પકડ એકાંતપણે. આહા..હા..! તે સમ્યક્ એકાંતથી તને અનેકાંતનું સાચું જ્ઞાન થશે. આહા..હા..! એવો ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, એકાંતનયથી, એકનયથી. આહા..હા..! તેથી તને પર્યાયનું જ્ઞાન પણ સાચું થશે. આ થતાં પર્યાયનું જ્ઞાન અનેકાંત સાચું છે. આહા..હા..! અને તેથી તું પ્રમાણ કરજે. આહા..હા..! શું એ વાણી ! આહા..! દરિયો ઊછળ્યો છે. આહા..હા..!

**'એમ લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે.'** આહા..હા..! જિજ્ઞાસુને આમ કરવું એમ કહેવામાં આવે છે. આહા..હા..! જિજ્ઞાસુએ મારી પહેલી ભક્તિ કરવી એમ નથી (કહ્યું). આહા..હા..! જિજ્ઞાસુએ તો આ આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો, આત્માનું મારે તો આત્માનું કામ છે, બાકી કાંઈ કામ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– કલાસમાં ભણવું તો આવ્યું જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કલાસ આત્મા ભગવાન અંદર છે ત્યાં જા. અનંત ગુણનો પિંડ પ્રભુ છે. આહા..હા..! એ કલાસમાં જા. આહા..હા..! જુઓ ! આ વ્યવહારની વાતું આવે ત્યારે આવે. પરમાર્થ તો આ છે. આહા..હા..! બે પ્રશ્ન થયા.

**પ્રશ્ન :– મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?**

**ઉત્તર :– સામાન્ય અપેક્ષાએ તો શાસ્ત્રભ્યાસ ચિંતન સહિત હોય,**

**ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય. વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું. પોતાની ચૈતન્ય પરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય. ૪૨૧.**

**'પ્રશ્ન :– મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?'** આહા..હા..! મુદ્દાના પ્રશ્ન છે. આહા..હા..! પહેલા જિજ્ઞાસુ હતું. આહા..હા..! જેને આત્માના મોક્ષની અભિલાષા છે એને આ મુમુક્ષુ કહે છે, **'તેવા મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?'**

**'ઉત્તર :– સામાન્ય અપેક્ષાએ તો શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય,...'** પણ આ હોં ! શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય. આહા..હા..! **'સામાન્ય અપેક્ષાએ તો શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય.'** પાછું આમ રાખ્યું. એ ચિંતન પણ શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય અને ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. આહા..હા..! **'વિશેષ અપેક્ષાએ,..'** એ સામાન્ય અપેક્ષાએ કીધું.

**'વિશેષ અપેક્ષાએ પોતાની પરિણતિ જેમાં ટકતી હોય...'** આહા..હા..! પોતાની વર્તમાન દશા જેમાં ટકતી હોય **'અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય...'** જોયું ? આહા..હા..! **'પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો**

**શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય,...**' વાત તો આ કરવી છે, કહે છે. આહા..હા..! શાસ્ત્રાભ્યાસમાં પણ દૃઢ નિર્ણય થતો હોય. આહા..હા..! વિશેષ લાભ થતો હોય, '**નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત (જરૂરીયાતવાળો) શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો...**' આહા..હા..! મુનિને પણ ધ્યાન અને સ્વાધ્યાય બે જ છે ને ? આહા..હા..! ધ્યાનમાં રહેવું ને ન રહી શકે તો શાસ્ત્રાભ્યાસ કરવો. સ્વાધ્યાય એ વિકલ્પ છે. આહા..હા..!

'**વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય.**' આહા..હા..! જોયું ? શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાનો નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય તો એવો પ્રયોજનભૂત વિશેષ કરવો અને ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય. આહા..હા..! '**ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય. વિશેષ લાભ થતો હોય,...**' બેય વાત લીધી ને. ઓ'લામાં લીધી છે. '**તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું.**' આહા..હા..! સ્વ સન્મુખનું ચિંતવન વિશેષ કરવું. આહા..હા..! આવી વાત છે. બહુ સાર આવી ગયો છે. પુસ્તકમાં પહેલેથી ઠેઠ સુધીની બધી વાત ઘણી પૂરી ને સાદી ભાષાએ સહેજે સહેજે આવી ગઈ છે. આહા..હા..!

'**એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું.**' પહેલું પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ કરવો (એમ કહ્યું) અને અહીં એકલું ચિંતન વિશેષ કરવું. '**પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું.**' બાપુ ! આહા..હા..! અંતરના સ્વભાવનો લાભ પ્રાપ્ત થાય, એ એક મુખ્ય રાખવું. આહા..હા..! હું શાસ્ત્રાભ્યાસ કરું તો મને બહુ આવડે, પ્રશ્નનો ઉત્તર દેતા આવડે, એ વાત ભૂલી જા. તારા આત્મા માટે જો શાસ્ત્રાભ્યાસથી દૃઢ નિર્ણય થતો હોય તો તે કર અને ચિંતનથી થતો હોય તો એ કર. આહા..હા..! આહા..હા..! આકરી વાતું, ભાઈ !

'**પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું. પોતાની ચૈતન્ય પરિણતિ આત્માને ઓળખે...**' આહા..હા..! જે ચૈતન્યની વર્તમાન પર્યાય આત્માને ઓળખે, પર્યાય આત્માને ઓળખે. આહા..હા..! જે વર્તમાન પર્યાય આત્માને ઓળખે. આહા..હા..! '**એ જ ધ્યેય હોવું જોઈએ.**' આહા..હા..! શાસ્ત્રાભ્યાસમાં કે ચિંતનમાં પણ આ ધ્યેય હોવું જોઈએ. આહા..હા..! '**પોતાની ચૈતન્ય પરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય**

**હોવું જોઈએ.'** આહા..હા..! પરમાત્મ સ્વરૂપ ભગવાનઆત્મા એને ઓળખે તે ધ્યેય હોવું જોઈએ. આહા..હા..!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે ને ? શાસ્ત્રનું વાંચન આદિ જ્ઞાન બરાબર હોય પણ પ્રયોજન લાભ માન લેવાનો હોય. આહા..હા..! બીજાને બતાવીને લાભ લેવાનો હોય તો એ જ્ઞાન અજ્ઞાન છે. આહા..હા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. આહા..હા..! આત્માના ધ્યેયને માટે હોય એ વાત પ્રયોજન બરાબર છે. આહા..હા..! હું વાંચું, વિચારું, તો જગતના માણસોને પ્રશ્નોના ઉત્તર દઈ શકું, લોકોને સમજાવી શકું એવું જે પ્રયોજન છે એ પ્રયોજન અજ્ઞાન છે. ભલે શાસ્ત્રજ્ઞાન હોય. આહા..હા..! અહીં તો આત્માના ધ્યેય માટે અભ્યાસ ને ચિંતન એને માટે જોઈએ, કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'તે ધ્યેયની સિદ્ધિ અર્થે...'** તે ધ્યેય આત્મા આનંદ સ્વરૂપને ઓળખવાના ધ્યેયને કારણે, **'દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય.'** આહા..હા..! આત્માના ધ્યેયને પહોંચવા માટે શાસ્ત્રાભ્યાસથી અંદર અંદર નિર્ણય થતો હોય કે ચિંતનથી દઢ નિર્ણય થતો હોય એમ કરવું. આમ જ કરવું (એમ ન હોય). આહા..હા..! બહુ સરસ વાત આવી. આહા..હા..! **'આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય.'** આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**વર્તમાન જ્ઞાન–દર્શન વીર્યનો અંકુર છે તે ત્રિકાળનો અંશ છે. તે અંશ દ્વારા ત્રિકાળી આત્મતત્ત્વનો નિર્ણય થાય છે. જેમ આંબાનાં બે પાંદડા જમીનની બહાર દેખાતાં હોય તેના ઉપરથી નક્કી થાય કે આનું બીજ આંબાનો ગોટલો છે. તે બીજ અવ્યક્ત હોવા છતાં પાંદડાં વડે તેનો નિર્ણય થાય છે. એમ જ્ઞાન-દર્શન-વીર્યનો અંશ છે તે ચૈતન્યનો અંશ છે, તેનાથી ચૈતન્ય સ્વભાવી આત્માનો નિર્ણય થાય છે. કેમ કે તે રાગ દ્વેષ કે પુણ્ય-પાપનો અંશ નથી, તે ઔપાધિક ભાવ નથી. આમ આત્માનો નિર્ણય કરવો તે માંગલિક છે. 'પરમાગમસાર' બોલ નં. ૮૫૧.**

**પોષ સુદ ૩, સોમવાર તા. ૦૧-૦૧-૧૯૭૯.**
**વચનામૃત–૪૨૨ થી ૪૨૩, પ્રવચન–૧૭૬**

**પ્રશ્ન :– વિકલ્પ અમારો પીછો નથી છોડતા !**

**ઉત્તર :– વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને ! વિકલ્પમાં જરા પણ સુખ અને શાંતિ નથી, અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.**

**પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. ૪૨૨.**

'વચનામૃત' ૪૨૨. ૪૨૧ થયા છે ને ? ૪૨૧ થયા. પ્રશ્ન છે પ્રશ્ન. આ બધા પાછળ પ્રશ્નો છે.

**'પ્રશ્ન :– વિકલ્પ અમારો પીછો નથી છોડતા !'** આ પ્રશ્ન છે. વિકલ્પ જે રાગ જે ઉઠે વૃત્તિ, એ અમારો પીછો છોડતા નથી. એમ પ્રશ્ન છે. એનો ઉત્તર.

**'ઉત્તર :– વિકલ્પ તને વળગ્યા નથી,...'** આહા..હા..! તું તો આનંદ જ્ઞાન સ્વરૂપ છો તેની દૃષ્ટિ નથી, તેથી તને નિમિત્તાધીન વિકલ્પ ઉઠે છે. એ વિકલ્પ તને ચોંટ્યા નથી, તું વળગ્યો છો. આહા..હા..! વિકલ્પ તને વળગ્યા નથી. આહા..હા..! જે વૃત્તિ ઉઠે છે એ કંઈ સ્વરૂપમાં નથી. પણ તું એ વિકલ્પને (જોવે છે), દૃષ્ટિ ત્યાં રાખીને ચોંટ્યો છો એમ કહે છે. આહા..હા..! રાગ ઉપર દૃષ્ટિ હોવાથી વિકલ્પને તેં પકડ્યો છે. ભગવાનને પકડવો જોઈએ. આહા..હા..! આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા અનાકુળ શાંતરસ આનંદ તેને પકડવો જોઈએ તેને ન પકડતા વિકલ્પને તેં પકડ્યો છે. આહા..હા..! ઝીણું છે એ આવું તત્ત્વ.

**'તું વિકલ્પને વળગ્યો છો.'** છે ને ? આહા..હા..! એટલે ? વસ્તુ સ્વરૂપ તો શુદ્ધ

નિર્વિકલ્પ આનંદ છે તેમાં તારી દૃષ્ટિ નથી તેથી તું વર્તમાનના રાગને વળગ્યો છે. અહીં જે વળગવું જોઈએ એમ કહે છે, અહીં વળગ્યો છો. આહા..હા..! આવી વાત છે.

**'તું ખસી જા ને !'** એટલે કે રાગ અને સ્વભાવ વચ્ચે તો સાંધ છે, સંધી છે. રાગ ને સ્વભાવની એકતા નથી. એકતા તેં માની છે. એ માન્યતા છોડ, ખસીજા નો અર્થ ઇ. આહા..હા..! ઝીણી વાતું છે, ભાઈ ! અંતર ચીજ... **'તું ખસી જા ને !'** જે તારામાં નથી તેને તું વળગ્યો, (તું) ખસી જા ને. આહા..હા..!

**'વિકલ્પમાં જરા પણ સુખ અને શાંતિ નથી,...'** એ વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે, ચાહે તો શુભ કે અશુભ રાગ. આહા..હા..! એમાં કાંઈ સુખ ને શાંતિ નથી. શાંતિ એટલે ચારિત્રની શાંતિ ને સુખ એટલે આનંદ-બે (લીધા). જ્યાં સુખ ને શાંતિ છે ત્યાં જા ને, એને વળગને. વિકલ્પ ઉત્પન્ન થશે નહિ તેને વિકલ્પ છોડ્યો એમ કહેવામાં આવશે. **'વિકલ્પમાં જરા પણ સુખ...'** આહા..હા..! ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, રાગ છે એમાં જરાય સુખ અને શાંતિ (નથી), સ્થિરતા અને સુખ એમાં નથી. આહા..હા..!

**'અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.'** ઓ'લામાં એટલું જ કીધું કે રાગની વૃત્તિ ઉઠે છે એમાં સુખ ને શાંતિ એટલે આનંદ, ચારિત્રની સ્થિરતા શાંતિ નથી એમાં. આહા..હા..! તારામાં સુખ-શાંતિ છે એમ ન કહેતા, તારામાં અંદરમાં (સુખ-શાંતિ છે) વિકલ્પ છે એ બહાર છે, એમ કહે છે. આહા..હા..! **'અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન (શાંતિ) છે.'** એમ કહે છે. આવી વાતું હવે. ભગવાનઆત્મામાં, અંદરમાં વિકલ્પ છે શુભ-અશુભ આદિ એ તો બાહ્ય છે. એમાં સુખ ને શાંતિ નથી, અંદરમાં વિકલ્પ વિનાની ચીજ, જેમાં વિકલ્પ છે જ નહિ એવી જે ચીજ આત્મસ્વભાવ તેમાં સુખ અને સમાધાન એટલે શાંતિ છે. આત્મામાં આનંદ અને શાંતિ છે. આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :- શાંતિ અને આનંદમાં ફેર શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- શાંતિ ચારિત્રની કીધી. કીધુંને, પહેલું કહ્યું. ચારિત્ર છે એ શાંતિ છે અને આનંદ છે એ સુખ છે. બે વાત. બે વાત પહેલી કહી હતી. આહા..હા..! રાગમાં સુખ નથી તેમ સ્થિરતા-શાંતિ નથી. ભગવાનઆત્મામાં સુખ છે અને શાંતિ એ સમાધાન વીતરાગતા છે. આહા..હા..! આવી વાતું છે. અંદરમાં પૂર્ણ સુખ અને

સમાધાન છે. શાંતિ સમાધાન એટલે. આહા..હા..! ભગવાનઆત્મામાં સુખ પણ પૂર્ણ છે અને શાંતિ એટલે વીતરાગતા, ચારિત્રતા વીતરાગતા પણ પૂર્ણ છે.

પણ **'પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય,...'** આમ શબ્દ લીધો છે 'પહેલાં', બાકી જ્યારે પ્રતીતિ થાય ત્યારે શાંતિ સાથે આવે. પણ પહેલાં વિકલ્પ તોડવા જાય એમ નહિ એમ કહે છે. એટલે એમ લીધું છે. પહેલાં આત્મસ્વભાવ ભગવાનઆત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિનો સાગર, એની પ્રતીતિ થાય અને રાગથી ભેદજ્ઞાન થાય, એમ બે વાત લીધી. પ્રતીતિ થાય ત્યારે ભેદજ્ઞાન છે જ પણ એ સમજાવ્યું વિશેષ. ભગવાનઆત્મા સ્વભાવમાં આનંદ ને શાંતિ છે ત્યાં એને પ્રતીતિ થાય, તેથી તેને ભેદજ્ઞાન થાય. રાગથી તેને ભેદજ્ઞાન (થાય), વિકલ્પથી તે જુદો પડે. આહા..હા..! આવી વાત છે. **'પછી વિકલ્પ તૂટે...'** એટલે કે આ બાજુની પ્રતીતિ થાય, રાગથી ભિન્ન પડે તો વિકલ્પ ઉત્પન્ન થાય નહિ, એ વિકલ્પ તૂટે એમ (કહેવાય). આહા..હા..!

મુમુક્ષુ :– બે વચ્ચે અંતર કેટલું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંતર સમય (નથી), સાથે જ છે. સમજાવવામાં શું આવે ? જ્યાં રાગથી ભિન્ન પડે અને સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ એની પ્રતીતિ થાય તે જ કાળે તેને વિકલ્પ ઉત્પન્ન ન થાય, એ વિકલ્પ તૂટે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**'પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય.'** પહેલો વિશ્વાસ સાધારણ કીધું. પછી રાગથી ભિન્ન પડીને ભેદ થયો, પછી વિકલ્પ ઉત્પન્ન ન થયો એ તૂટ્યો અને અનુભૂતિ, વિકલ્પ વિનાની નિર્વિકલ્પ અનુભૂતિ થાય. આહા..હા..! આત્માનો સ્વભાવ નિર્વિકલ્પ જે છે તેનો નિર્વિકલ્પ પર્યાયમાં અનુભવ થાય. આવી વાત છે. આહા..હા..! નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, સ્વાનુભૂતિ. સ્વ સ્વ ભગવાનઆત્મા એની વર્તમાન પર્યાયમાં સ્વ તરફ વળતા તેનો અનુભવ થાય. આહા..હા..! પર્યાયને સ્વ તરફ વળતા.. સ્વાનુભૂતિ કીધી ને ? સ્વ તરફ વળતા તેનો અનુભવ થાય. આહા..હા..! આવા શબ્દો છે, ગહન શબ્દો છે.

મુમુક્ષુ :– પહેલા અને પછી શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલા ને પછી ઇ શબ્દ તો એમ જ પૂછાયને. પહેલાં વિશ્વાસ આવે એમ કહેવું છે. આ એક ચીજ છે મહાપ્રભુ એવો વિશ્વાસ (આવે). તેથી રાગથી ભિન્ન પડે, ભિન્ન પડે તેથી તે વિકલ્પ તૂટી જાય. એટલે વિકલ્પ ઉત્પન્ન થાય નહિ

તેથી તે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. આહા..હા..!

સ્વ અનુભૂતિ જે વિકલ્પમાં અનુભવ હતો એ વિકલ્પ રાગનો અનુભવ હતો. એ રાગથી (ભિન્ન) સ્વરૂપ સ્વભાવની પ્રતીતિ થતાં ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ છે એમ પહેલો વિશ્વાસ આવે. ઓ'લામાં કહ્યું છે ને ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. આમ થાય, આમ થાય, વિકલ્પ તૂટે, રોમાંચ થાય પછી આનંદ થાય, એમ અપેક્ષાથી શબ્દ છે. એમાં એ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા પણ છે શબ્દ. એવી શૈલી છે. સમજાવવું છે ને. છે, છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' નથી ? નહિ હોય. છે એમાં ? આ 'મોક્ષમાર્ગ પ્રકાશ' છે ને એમાં ? '**તે સમ્યગ્દૃષ્ટિ કદાચિત સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યાં પ્રથમ સ્વ-પરનું ભેદવિજ્ઞાન (વિવેક) કરે;...**' છે. 'પ્રથમ' શબ્દ છે ને ? '**નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ રહિત ચૈતન્યચિત્‌ચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવળ સ્વાત્મવિચાર જ રહે છે; ત્યાં નિજ સ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે, 'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું,' ઇત્યાદિ વિચાર થતાં, સહજ જ આનંદતરંગ ઉઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે, ત્યાર પછી એવા વિચારો તો છૂટી જાય, પછી પોતાનું સ્વરૂપ કેવલ ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે;...**' આમ ભાષા છે. એ વિચાર શૈલી કેમ બતાવે ? સમજાણું કાંઈ ? સવિકલ્પ દ્વાર વડે નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન, આ શૈલી છે. આહા..હા..! નહિતર તો ભેદજ્ઞાન થયું ત્યાં... પણ આ સમજાવવાની શૈલી છે. '**'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું,' ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઉઠે છે,...**' એમ કીધું. '**રોમાંચ (ઉલ્લસિત) થાય છે, પછી એવા વિચારો તો છૂટી જાય,...**' આહા..હા..! અને પોતાનું સ્વરૂપ કેવળ ચિન્માત્ર ભાસવા લાગે. આહા..હા..! '**ત્યાં સર્વ પરિણામ તે સ્વરૂપ વિશે એકાગ્ર થઈ પ્રવર્તે છે.**' આહા..હા..! આમ તો '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ જે ત્રિકાળ સત્યાર્થ પ્રભુ તેના તરફ પર્યાયને વાળતા એટલે એનો આશ્રય કરતાં, એમ કીધું છે. વિકલ્પ તૂટી જાય ને નિર્વિકલ્પ અનુભૂતિ થાય એનો પછી આ વિસ્તાર છે.

મુમુક્ષુ :- આપ ફરમાવો એનાથી વિસ્તાર જુદી જાતનો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ એનો વિસ્તાર એ જ જાતનો છે, જુદી જાતનો નથી.

કીધું ને બતાવ્યું ને આમાં. આમાંય બતાવ્યું ને. ખ્યાલ છે બધી વાત. સમજાવવું છે તો કેવી રીતે સમજાવે ? બાકી તો દ્રવ્યનો આશ્રય કરતાં વિકલ્પ રહેતો નથી, વિકલ્પ તૂટી જાય. ત્યારે તૂટી જાય એટલે ઉત્પન્ન ન થાય એમ કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :– પહેલા અભ્યાસ કરે પછી અનુભવ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અભ્યાસ કરે ને ખ્યાલમાં લે ને કે આ ચૈતન્ય છે એ શુદ્ધ છે એમ અભ્યાસ કરે. એમાં એમ આવ્યું છે ને. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ (થાય છે). દ્વારા નામ અર્થ એ હોય છે ત્યાં. બાકી એ દ્વારા અનુભવ થાય છે એમ નથી, એને છોડે ત્યારે થાય છે. ભાષા તો એવી છે, અંદર. આહા..હા..!

મુમુક્ષુ :– ભાષા કાંઈ ને ભાવ કાંઈક.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાષાનો અંદર ભાવ આ છે, ભાષા વ્યભિચારી ભાષા એમાં ભાષાથી વાત કરવી. આહા..હા..! ભાષાથી વાત કરવી, કેટલી કરે ? કઈ રીતે કરે ? આહા..હા..!

અહીંયા એમ (કહે છે) કે વસ્તુ સ્વરૂપ જે છે... ઓ'લો (પ્રશ્ન) એમ પૂછ્યો છે કે વિકલ્પ કેમ તૂટે ? ત્યારે એનો અર્થ કે ભગવાનઆત્મા સ્વરૂપમાં વિકલ્પ છે નહિ પણ તેને એ વળગ્યો છે. વળગ્યો છે એટલે એણે ઉત્પન્ન કર્યા છે. અહીં ન જતા, અહીં ઉત્પન્ન કર્યા છે એમ કહે છે. આહા..હા..! તેથી તેને આત્માના સ્વરૂપનો વિશ્વાસ લાવી અને રાગથી ભિન્ન પાડી, એ તો એક સાથે જ છે, અને નિર્વિકલ્પ અનુભૂતિ સ્વની થાય એટલે વિકલ્પ રહે નહિ. એ વિકલ્પ તૂટી જાય એમ. એ નિર્વિકલ્પ થાય ત્યારે વિકલ્પ ન થાય એને તૂટી જાય એમ કહેવામાં આવે. તોડવા જાય તો ક્યાં તોડવા જાય ? આહા..હા..! આ વિકલ્પ છે ને એને તોડું, છે એ દૃષ્ટિ ત્યાં પર ઉપર રહી. આહા..હા..! સમજાવવામાં શું સમજાવે ? હોય એ રીતે એ શૈલી જે હોય એ રીતે સમજાવાય. ભગવાનઆત્મા નિર્વિકલ્પ અભેદ ચીજ છે તેના ઉપર દૃષ્ટિ પડતાં રાગથી ભિન્ન પડ્યો, સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ ત્યારે તેને વિકલ્પ ઉત્પન્ન થતો નથી. તેને વિકલ્પ તોડ્યો એમ કહેવામાં આવે છે. આ વસ્તુ સ્થિતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વાત. સમજાવે તો શું ? પહેલાં નવ તત્ત્વને જાણે એમ કહે, લ્યો ! અને જાણ્યા પછી એક તત્ત્વ ઉપર દૃષ્ટિ કરે. .... નવમાંથી એકને તારવ્યો

એકલો જુદો. નવના ભેદ ઉપર પણ દૃષ્ટિ ન રહે.

સંવર, નિર્જરા ને મોક્ષ આદિ. એ આવ્યું ને ? ૩૮ ગાથામાં આવ્યું છે, શુદ્ધમાં. જીવના વિશેષો અજીવ પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એવા જે વ્યવહારી ભાવ, એનાથી જ્ઞાયકભાવ જુદો છે. એ એમાં આવ્યું છે ૩૮માં. શુદ્ધના અર્થમાં. એ ઉત્પન્ન થયો નહિ. એ વિકલ્પ તોડ્યો ને વિકલ્પ ન થયો બધું જેમ કહે એમ કહેવાય એને. આહા..હા..! એવી શૈલી વસ્તુની અધ્યાત્મ શૈલી છે.

મુમુક્ષુ :– પહેલાં આપે ફરમાવ્યું કે ખ્યાલમાં લે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ખ્યાલ એટલે આ બાજુ ખ્યાલ લે ત્યારે રાગથી જુદો પડ્યો છે ને ! ત્યારે ખ્યાલ આવે ને ! આહા..હા..! 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પામે વિશ્રામ' આવે છે ને ? 'રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ' આહા..હા..! સમજાવ્યું કઈ રીતે ? જુઓ ! 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પામે વિશ્રામ' આમ જ્યાં ધ્યાન થયું એટલે મન વિશ્રામ પામ્યું. 'રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ' એ અનુભૂતિ, સ્વ અનુભૂતિ. આહા..હા..!

મુમુક્ષુ :– એમાં તો પહેલાં ... પછી જ્ઞાન લીધું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ધ્યાવત એટલે અંદર લક્ષ કરતાં. આહા..હા..! તેને ધ્યાનમાં, ધ્યેયમાં લેતા. ધ્યાનમાં, ધ્યેયમાં લેતા. વર્તમાન પર્યાયનું ધ્યાન તેને ધ્યેય દ્રવ્યમાં લેતા. આહા..હા..! બીજું શું થાય ? આહા..હા..!

મુમુક્ષુ :– ધ્યાન પહેલાં વિચાર લીધો ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ધ્યાન થયું, એ ધ્યાન થયું એ સ્થિર થયો અંદર. આહા..હા..! પણ સમજાવવાની શૈલી શું થાય ? 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પામે વિશ્રામ' ત્યાં વિકલ્પાતીત થઈ ગયો. 'રસ સ્વાદત સુખ ઉપજે' આ બાજુ 'અનુભવ તાકો નામ' એ શબ્દ છે આ–સ્વાનુભૂતિ. બીજો પ્રશ્ન. બસ, ૪૨૨ થયા. આહા..હા..! આ તો શાંતિ ને ધીરજના કામ છે. આ કોઈ બહુ ભણતર થઈ જાય ને બહુ વાંચન આવડી જાય ને માટે આ થાય એમ નથી, આ ચીજ બીજી છે. આહા..હા..!

**પ્રશ્ન :– સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?**

**ઉત્તર :– નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદ-ગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.**

**આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે. ભલે બધા ગુણોના નામ ન આવડે અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તો પણ તેમનું સંવેદન તો થાય છે જ.**

**સ્વાનુભૂતિ કાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પ દશા અદ્ભુત છે, વચનાતીત છે. તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે. ૪૨૩.**

**'પ્રશ્ન :– સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે,...'** 'શ્રીમદ્'માં આવે છે ને અને 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી' માં આવે છે. જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત થાય છે. જ્ઞાનાદિ જેટલા ગુણો છે તેટલા પર્યાયમાં એક અંશ બધા વ્યક્ત, પ્રગટ થાય છે. એને સમકિત કહેવું. આહા..હા..! એ પૂછ્યું છે. આ 'શ્રીમદ્'નો શબ્દ છે અને ઓલો 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'નો છે. **'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં...'** આત્માની વિકલ્પ રહિત નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં, **'આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?'** આ પ્રશ્ન છે. સર્વગુણાંશ તે સમક્ત્વ ? **'તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં...'** આહા..હા..! **'આત્માના બધા ગુણોનું...'** જેટલા ગુણો છે બધા ગુણોનું, **'આંશિક શુદ્ધ પરિણમન...'** અંશે શુદ્ધ પરિણમન **'વેદનમાં આવે ?'** આ પ્રશ્ન છે. સર્વગુણાંશ કહ્યું ને ? તો સર્વ ગુણાંશે (એટલે) જેટલા ગુણો છે એનો એક અંશ વ્યક્ત પર્યાયમાં

થાય અને એ વેદનમાં આવે ? કે વેદનમાં એકલું સમ્યગ્દર્શન ને શાંતિમય આનંદ એકલો આવે ? એમ કહે છે. આહા..હા..!

**'ઉત્તર :– નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં...'** વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેની નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, સ્વ-અનુભૂતિની દશામાં **'આનંદ-ગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં...'** અતીન્દ્રિય **'આનંદ-ગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં, આત્માના બધા ગુણોનું (યથાસંભવ)...'** એટલે જે એની શક્તિ યોગ્યતા પ્રમાણે, **'આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય...'** આહા..હા..! ભગવાનઆત્માનું નિર્વિકલ્પ રાગ મિશ્રિત વિચાર છૂટી અને વિકલ્પ રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં... આહા..હા..! સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની, અતીન્દ્રિય આનંદના સ્વાદની **'આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં...'** મુદ્દા મુદ્દાની વાતું છે આ તો.

**'આત્માના બધા ગુણો...'** જેટલા ગુણો છે તેનું યથાસંભવ, તેને યોગ્ય **'આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે...'** આહા..હા..! અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા ગુણો છે. જેનો અંત નથી એટલા અનંત ગુણો છે એનો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં એ બધા ગુણોનો એક અંશ વ્યક્ત પરિણમન પર્યાયમાં થતાં તેનું વેદન થાય છે. સમજાય છે ? આ તો માખણ છે એકલા. આહા..હા..!

આખો ભગવાન પૂર્ણ છે ને અનંત ગુણથી. એ પૂર્ણને ધ્યેયમાં લઈને જે અનુભવ થયો તો પૂર્ણ જેટલા ગુણો છે એટલા ગુણોનો એક અંશ તે તે યોગ્યતા પ્રમાણે બધા ગુણોનો એક અંશ પરિણમન થતાં તેનું વેદન થાય છે. ભાઈ ! આવી વાત છે, બાપા ! અરે..રે..! આહા..હા..! કહો, ભાઈ ! આવું છે. કેમ ? કે જેટલા ગુણો અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... એવા અનંતના અનંત ગુણો કરો તોય પાર ન આવે એટલા ગુણો છે. પણ એવા ગુણોનું એકરૂપ જે વસ્તુ છે, તેનો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં જેટલા ગુણોની સંખ્યા છે તેટલા બધા ગુણોનો યથાસંભવ એને યોગ્ય... આહા..હા..! દરેક ગુણનો અંશ વ્યક્ત પ્રગટ પરિણમન થાય છે, તેથી તેનું વેદન થાય. આહા..હા..! આવી વાત છે.

'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં પણ આવ્યું છે ને. જ્ઞાનાદિ એકદેશ. ચોથે ગુણસ્થાને પણ જ્ઞાનાદિ અનંત ગુણનો એક અંશ–દેશ વ્યક્ત પ્રગટ પરિણમનમાં થાય છે. સર્વજ્ઞ ભગવાનને અનંતા ગુણોનું પૂર્ણ રૂપ પરિણમન થાય છે. આહા..હા..! આ સાધક અને

સાધ્ય દશાનો ફેર. સાધકમાં પૂર્ણ ગુણોનું જેટલું સ્વરૂપ છે અનંતનું એનો એક અંશ વ્યક્ત પરિણમન થતાં વેદન થાય. અને કેવળજ્ઞાન થતાં અનંતા ગુણોનું પૂર્ણ રૂપ પરિણમન થતાં પૂર્ણનું વેદન થાય. આહા..હા..! આવી વાત છે ભાઈ ! શું થાય ?

મુમુક્ષુ :– અધૂરો ને પૂરો પણ જાત એક છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાત તો એક જ છે. અહીં તો સાધક છે એટલે અંશ વ્યક્ત છે. પૂર્ણ છે ત્યાં પૂર્ણ વ્યક્ત છે. છતાં પૂર્ણ વ્યક્ત પર્યાયમાં હોવા છતાં ગુણો તો પૂર્ણના પૂર્ણ જ છે. આહા..હા..! પૂર્ણ વ્યક્ત પર્યાય થઈ એથી ગુણમાં કાંઈ અપૂર્ણતા થઈ એમ નથી. આહા..હા..! આ તો ધીરાના કામ છે, બાપા ! ધર્મ એવી કોઈ અપૂર્વ ચીજ છે. એને માટે તો ઘણી અંદર ધીરજ જોઈએ, ધીરજ જોઈએ. આહા..હા..!

**'આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે...'** જોયું ? પ્રશ્ન એમ હતો ને એનો ? પરિણમન વેદનમાં આવે ? એમ પ્રશ્ન હતો. પ્રશ્ન એમ હતો ને **'આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?'** એમ પ્રશ્ન હતો. એથી કહ્યું છે કે **'બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે...'** આહા..હા..! યથાસંભવ કેમ લીધું છે ? કે સમ્યગ્દર્શનની પર્યાય તો ત્યાં પૂર્ણ થાય છે. સમજાણું કાંઈ ? પછી જ્ઞાનની અપેક્ષાએ પરમઅવગાઢ ભલે કહો. પણ સમ્યગ્દર્શનની... જે શ્રદ્ધાગુણ છે અંદર અનંત ગુણમાંનો એ ગુણની પર્યાય જે થાય છે એ તો પૂરી પર્યાય છે, એમાં ઓછી નથી. સમજાણું કાંઈ ? યથાસંભવ શબ્દ કેમ મુક્યો છે ?

**'આત્માના બધા ગુણોનું (યથાસંભવ)...'** એટલે સમ્યગ્દર્શનની પર્યાય આંશિક જ થઈ છે અને પૂર્ણ પછી થશે એમ નથી. આહા..હા..! આહા..હા..! અનંત અનંત ગુણો છે એમાં શ્રદ્ધા પણ એક ગુણ છે અંદર. અને અહીંયા સમ્યગ્દર્શનની પર્યાય થતાં એ શ્રદ્ધા ગુણનો એક અંશ વ્યક્ત છે પણ એ કંઈ ઓછો છે અને આગળ પૂરો થશે એમ નથી. બહુ આકરું છે, બાપુ ! આહા..હા...! બધા (ગુણોનું) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે એટલે સમ્યગ્દર્શન પણ અંશ જ પ્રગટ થાય છે એમ નથી. આહા..હા..!

સમ્યગ્દર્શનની પર્યાય તો પૂરી (પ્રગટે છે). ભલે ક્ષયોપશમ હો કે ક્ષાયિક હો પણ એ પર્યાયમાં અપૂર્ણતા નથી. ક્ષાયિક, ક્ષયોપશમ છે એમાં ભલે ક્ષાયિકની ઓલી

(બીજા ગુણોની અધૂરી) છે પણ એ ક્ષાયિક સમકિત પર્યાય થઈ એ પૂરી પર્યાય છે, પૂરી પર્યાય છે. બીજા ગુણોનો અંશ છે, પૂરી નથી તેમ સમકિતીની પર્યાય અંશ છે, પૂરી નથી એમ નહિ. આવું છે. આહા..હા..! ખેલાડી આત્મા આત્મા સાથે ખેલ કરે. આહા..હા..! એ પર્યાય ખેલ કરે. આહા..હા..! અહીં તો પર્યાયમાં સમ્યગ્દર્શનનો પણ અંશ જ પ્રગટે છે. પૂર્ણ નહિ અને બીજા ગુણોનો અંશ પ્રગટે છે ને પૂર્ણ નહિ એમ ભેગું સરખું નથી. પંડિતજી ! સમજાય છે કાંઈ ? આહા..હા..!

સમ્યગ્દર્શન ક્ષાયિક થયું તે પર્યાય છે તો અંશ પરિણમન પણ એ પર્યાય પૂરી છે અને જ્ઞાનની પર્યાય અંશ આવી એ પૂરી નથી. ચારિત્રનો અંશ આવ્યો એ પૂરો નથી, આનંદનો અંશ આવ્યો એ પૂરો નથી, વીર્યનો અંશ આવ્યો એ પૂરો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! આવું ક્યાં નવરા માણસને.. બહારની પ્રવૃત્તિ આ કરું ને આ કરું ને આ કરું. આહા..હા..!

મુમુક્ષુ :- આપની દુકાન જુદી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ વસ્તુ ભગવાનની દુકાન જ જુદી છે, બાપુ ! ઓહો..હો..! સમજાય એવું છે કહે છે. સમજાય એવું નથી એમ નથી, પ્રભુ ! આહા..હા..!

**'આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન...'** જો એમ કહો તો સમ્યગ્દર્શનનો પણ અંશ જ હોય. તો એમ નથી, સમ્યગ્દર્શનનો પર્યાય તો ત્યાં પૂર્ણ છે. આહા..હા..! **'આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે...'** એટલે શક્તિરૂપ, ગુણરૂપ જેટલા ગુણો છે, શક્તિરૂપે જેટલા ગુણો છે તેનું સમ્યગ્દર્શન થતાં, તેની (તે) સમયની પર્યાયમાં સમ્યગ્દર્શનની પર્યાય તો પૂરી છે. પણ બીજા બધા ગુણોનો અંશ છે તેથી **'(યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે...'** આહા..હા..! અહીં તો અક્ષર અક્ષરનો તોલનામાં, જો એમ જ કહો કે સમ્યગ્દર્શનની પર્યાય ઓછી છે, જેમ જ્ઞાનની પર્યાય ઓછી છે વ્યક્ત, ચારિત્રની સ્વરૂપાચરણની પર્યાય ઓછી છે, આનંદની પર્યાય ઓછી છે, વીર્યની ઓછી છે એમ સમ્યગ્દર્શનની પર્યાય ઓછી છે એમ નથી. ભલે અંશ છે પણ છે એ પૂરી. આહા..હા..!

મુમુક્ષુ :- યથાસંભવ એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- યથાસંભવ ઇ એની પરિભાષા. આહા..હા..! ભાઈ ! આ તો પ્રભુનો માર્ગ છે અંદર. આહા..હા..! પ્રભુ તો એમ કહે કે, મારી સામું તને જોતા

પણ રાગ થશે. અંશ જે બધા ગુણોનો પ્રગટ એ મારી સામું જોતા નહિ થાય. આહા..હા..! તારી સામું જોતા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! આહા..હા..! એની સન્મુખ થતાં જેટલા ગુણો છે તેટલા બધા ગુણોનો એક અંશ થોડો પ્રગટ થાય તેમાં સમ્યગ્દર્શનનો અંશ ઓછો પ્રગટ થાય એમ નહિ. આહા..હા..! ભાઈ ! આવી વાત છે આ.

આત્માના બધા ગુણોનું યથાસંભવ એમ લેવું. છે તો આંશિક સીધુ પણ એ આંશિકમાં સમ્યગ્દર્શનની પર્યાય ઓછી અને બીજી બધી ઓછી એમ નથી. સમ્યગ્દર્શનની પર્યાય પૂરી છે, ક્ષાયિક થતાં અને બીજી બધી પર્યાય અંશે છે. આહા..હા..! **'આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા...'** ગુણોનું પરિણમન પ્રગટ થાય એમ કીધું ને ? તો વ્યક્ત આવ્યું ને બાહ્ય. આહા..હા..! શક્તિમાંથી વ્યક્તિ થઈ, પ્રગટ થઈ. **'તેથી પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયનું વેદન થાય છે...'** પરિણમન થાય છે તે વખતે જ એનું વેદન છે એમ. સમજાવવું તો શી રીતે સમજાવવું ? સમજાણું કાંઈ ? આવી વાતું છે. વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે, બાપુ ! આહા..હા..! એના એક એક અક્ષર ને એક એક શબ્દોમાં ઘણી ગંભીરતા છે.

જેટલા ગુણો ભગવાનઆત્મામાં, આહા..હા..! કેટલા પણ ? અનંત... અનંત... અનંત... અનંતને અનંત ગુણા કરે અને એનો (જે સરવાળો) આવે એની સાથે એટલા ગુણો કરે એનો (સરવાળો) આવે (એમ) કરવા એને અનંત ગુણા કરે, એનો સરવાળો આવે એને અનંત ગુણા કરે એવા અનંતવાર અનંત ગુણા કરે... આહા..હા..! તો પણ એ ગુણોની સંખ્યાની હદ ન આવે. આહા..હા..! એટલા બધા ગુણોનો પિંડ પ્રભુ દ્રવ્ય છે તેથી દ્રવ્યની દૃષ્ટિ સમ્યગ્દર્શન થતાં... આહા..હા..! તેને બધા અંશો પરિણમન પ્રગટ થાય એમાં સમ્યગ્દર્શનનો અંશ થોડો એટલું ન લેવું. સમજાણું કાંઈ ? આવું છે.

તે શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે તેથી તે બધા ગુણોની પર્યાયનું વેદન થાય છે, ગુણોની પર્યાયનું વેદન થાય. ગુણોની પર્યાય કહી. ભાષા તો એવી જ આવે કે નહિ. પર્યાય પર્યાયની છે, પર્યાય ગુણોની પર્યાય નથી પણ ગુણોનું પરિણમન થયું છે શક્તિમાંથી વ્યક્તરૂપે. આહા..હા..! એ દ્રવ્યનું પરિણમન થયું એ જ ગુણોનું પરિણમન થયું. એ તો 'ચિદ્‌વિલાસ'માં આવે છે. એ ગુણોને એનો અર્થ થયો કે

ગુણો જેટલા છે એટલું દ્રવ્ય છે. એનું પરિણમન છે એ દ્રવ્યનું પરિણમન છે. એટલે અહીં તો ગુણોનું પરિણમન આખા ગુણોનું બધાનું પરિણમન લેવું છે, એથી દ્રવ્યને એમ ન લેતા ગુણોનું જે ગુણો જેટલા છે તેટલાનું વ્યક્ત પરિણમન થતાં તેનું વેદન તે પ્રકારે થાય છે. આહા..હા..! .... એ દ્રવ્યનું એટલે ગુણોનું ને એ ગુણનું ન કીધું ને. ગુણોનું ને અનંતા ગુણોનું. આહા..હા..! ભાઈ ! આવી વાતું છે આ.

મુમુક્ષુ :– ...ચોખ્ખું લખ્યું છે, દ્રવ્યનું પરિણમન થાય એ ગુણોનું પરિણમન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ છે, છે. એ દ્રવ્યનું જ પરિણમન છે. ગુણોનું કીધું ને ? ગુણોનું એટલે અનંત ગુણોનું પરિણમન એટલે દ્રવ્યનું પરિણમન. અહીં તો ગુણની પર્યાય વ્યક્ત છે તે પરિણમનરૂપ છે અને વેદનરૂપ છે એટલું સિદ્ધ કરવું છે. આહા..હા..! જેટલા ગુણો છે.. દ્રવ્ય તો એકરૂપ છે. હવે અહીં તો અનંતા ગુણોને એની વ્યક્ત પર્યાય થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? એ તો દ્રવ્ય પરિણમે છે તે ગુણ પરિણમે છે, કાંઈ ગુણો પરિણમે છે જુદા ને દ્રવ્ય (જુદું પરિણમે છે) એમ નહિ. પણ અહીં તો ગુણો જેટલા છે, તેટલાનું વ્યક્ત પરિણમન થાય છે એમ સિદ્ધ કરવું છે. આ આવી વાતું છે, ભાઈ ! આહા..હા..! અરે..! એવી વાતું ક્યાં છે ? બાપા ! ભગવાનના ઘરની વાત છે આ તો. આહા..હા..! એ બધા ગુણોની પર્યાયનું એટલે જેટલા ગુણો છે તેનું બધું વ્યક્ત પરિણમન છે, તેનું વેદન થાય છે. લ્યો, આટલા શબ્દોમાં આટલું ભર્યું છે.

**'આત્મા અખંડ છે,...'** હવે આવ્યું જુઓ ! ઓ'લા બધા ગુણો ... **'આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે,...'** આ તો સર્વ ગુણાંશ તે સમકિત, પ્રશ્ન હતો ને ? પ્રશ્ન એ હતો ને ? દ્રવ્યનો અંશ .... આહા..હા..! એ 'શ્રીમદ્'નું વાક્ય છે, યથાર્થ છે. સર્વ ગુણાંશ તે સમકિત કહ્યું છે ને ? તેથી **'એનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?'** એમ પ્રશ્ન છે ને ? એથી એનો એ ઉત્તર આપ્યો. આહા..હા..!

જેટલા ગુણો છે તે બધું અખંડ દ્રવ્ય છે હવે પાછું સિદ્ધ કરે છે. આહા..હા..! આત્મા અખંડ છે. આમ તો અલિંગગ્રહણમાં નથી આવતું ? ગુણો વિશેષ એને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! અલિંગગ્રહણમાં આવે છે. અનંતા ગુણો છે તેને દ્રવ્ય ભેદને અડતું નથી. એ..ઇ..! સમજાણું કાંઈ ? છે અહીં 'પ્રવચનસાર' ? નથી ? છે ? આને ?

૧૭૨, જુઓ !

લિંગ એટલે ગુણ, અલિંગ કહેવું છે ને ? લિંગ એટલે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ. અર્થાવબોધ તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છે, બાકી બધા ગુણો. અર્થાવબોધ પદાર્થ જ્ઞાન એટલે પદાર્થના ગુણો તે જેને નથી. એ ગુણભેદ જેને નથી તે અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...'** શુદ્ધ દ્રવ્ય સિદ્ધ કરવું છે ને. દ્રવ્ય છે તે ગુણના ભેદને, સામાન્ય છે તે વિશેષને સ્પર્શતું નથી. આહા..હા..! દ્રવ્ય છે. ગુણ ગુણીનો ભેદ પડ્યો ને એટલો. ભલે એના પ્રદેશ પૃથક નથી પણ સંજ્ઞા, લક્ષણ ફેર છે ને. 'પ્રવચનસાર'માં આવે છે ને ? પરદ્રવ્યના પૃથક પ્રદેશ છે, ગુણના ને દ્રવ્યના પૃથક પ્રદેશ નથી પણ દ્રવ્ય અને ગુણમાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણથી ભેદ છે. એ..ઇ..! આવી વાત છે, બાપુ ! આહા..હા..! ઝીણું પડે પણ સમજાય એવું છે, ભાઈ ! અહીં તો કહે છે લિંગ એટલે ગુણ. અલિંગ એટલે ગુણને ગ્રહતો નથી એટલે અડતો નથી. આહા..હા..! અર્થાવબોધ એટલે કે પદાર્થના ગુણો તે જેને નથી. આહા..હા..! અર્થાવબોધ તો જ્ઞાનગુણથી વાત કરી છે.

**'જેને ગુણ ભેદ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા(ગુણ) પર્યાયવિશેષથી નહિ આલિંગત એવું શુદ્ધ દ્રવ્ય છે...'** આહા..હા..! અહીં તો પ્રશ્ન એનો સર્વગુણાંશ તે સમકિત હતો એટલે એનો જવાબ પછી (એ રીતે આપ્યો). અને તેથી તે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એમ કહ્યું, જ્ઞાનાદિ એકદેશ ગુણ વ્યક્ત છે, એમ કીધું. દ્રવ્ય પરિણમે છે એમ ન્યાં પ્રશ્ન ક્યાં હતો. અહીં તો ગુણનો પ્રશ્ન (છે). એમ લીધું ને ત્યાં ? જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત છે. પણ એમાં એકદેશ વ્યક્ત છે એમાંય ફેર. સમકિતનો એક અંશ વ્યક્ત છે અને બીજાનો અંશ ઓછો વ્યક્ત છે એ બેય સરખા છે એમ નથી. આહા..હા..! હવે આવી વાત ક્યાં. આ તો અંતરના ઘરની વાતું છે. આહા..હા..!

**'આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય...'** ભાષા જોઈ ! હવે અનંત ગુણની પર્યાય વેદાય એમાં એકસાથે અનંતી પર્યાય વેદાય છે એ સિદ્ધ કરવું છે. એક જ ગુણની પર્યાય વેદાય ને બીજી ન વેદાય એમ નથી. આહા..હા..! આમ તો શ્રદ્ધાની પર્યાય દ્રવ્ય ઉપર વાળે છે ત્યારે એક જ શ્રદ્ધાની પર્યાય એ બાજુ વળે છે એમ નથી, બધી પર્યાયો એમાં વળે છે. આહા..હા..! શું કહ્યું ઇ ? **'भूदत्थेणाभिगदा'**. એને આશ્રિત સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનની પર્યાય એટલે

બધા ગુણને નથી અડતું એમ નહિ બધા ગુણો એકરૂપ છે. આહા..હા..! એના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે પણ એ સમ્યગ્દર્શનની એક સમયની પર્યાય છે એટલા બધા પર્યાયો અંશ એવડા ઓછા બધા પ્રગટ્યા છે, આ તો પૂરી પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એક ગુણની પર્યાય વેદાય. આહા..હા..!

અહીં તો એ કહેવું હતું કે જેમ શ્રદ્ધા દ્રવ્યને આશ્રયે થાય સમ્યગ્દર્શન તો એક જ શ્રદ્ધાની પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો છે એમ નથી. બધી પર્યાયે (આશ્રય લીધો છે) પણ શ્રદ્ધાની પ્રધાનથી કથન કર્યું છે. સમજાણું કાંઈ ? હવે આવું. શબ્દે શબ્દે ફેર, વાતે વાતે ફેર એવી વાતું છે.

મુમુક્ષુ :- કઈ વાત માનવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ છે એમ માનવું. જે અપેક્ષાથી કીધું તે અપેક્ષાએ તેને માનવું. દ્રવ્યની પ્રધાન દૃષ્ટિથી વાત છે ને આમાં તો. આહા..હા..! 'સમયસાર'... આ તો 'પ્રવચનસાર' છે, જ્ઞાનપ્રધાન (છે). છતાં તેને કહે છે કે ગુણવિશેષને દ્રવ્ય સ્પર્શતું નથી. આહા..હા..! ત્યાં તો અભેદ દ્રવ્યને સિદ્ધ કરવું છે અને અહીં તો જેટલા ગુણો છે તેનો એક અંશ વ્યક્ત પ્રગટ પરિણમન થાય છે એ પ્રગટ કરવું છે. સમજાણું ? એથી તે પર્યાયો પ્રગટ થાય છે એ કોઈ વિષય દ્રવ્ય સમકિતનો નથી. આહા..હા..! સમકિતનો એક અંશ પ્રગટ થયો પણ એનો વિષય પૂર્ણ દ્રવ્ય છે અને એની સાથે બધી પર્યાયો તે તરફ વળેલી છે અને તેથી બધા ગુણની પર્યાય અંશરૂપે સમકિત દર્શનની પર્યાય સિવાય બધા ગુણની પર્યાય ઓછા અંશપણે પરિણમી છે તેટલું તેને વેદન છે. આહા..હા..! આવી વાતું હવે.

**'એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય (જરૂર) વેદનમાં આવે છે.'** આહા..હા..! હા. ભલે બધા, એટલે ? **'ભલે બધા ગુણોના નામ ન આવડે,...'** આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! સામાન્ય ગુણ અનંત ને વિશેષ ગુણ અનંત. એક એક દ્રવ્યમાં, આત્મામાં સામાન્ય અનંત ને વિશેષ અનંત એ, **'બધા ભલે ગુણના નામ ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ,...'** નામ એના ન હોય, સંજ્ઞા લક્ષમાં ન હોય, બધા ગુણોની સંજ્ઞા લક્ષમાં ક્યાંથી હોય.

**'તો પણ તેમનું સંવેદન તો થાય છે જ.'** આહા..હા..! જેટલા ગુણો છે અનંતા

અનંતા, એ બધાના વેદનનું નામ એને ન આવડે કે, આ ગુણ છે આ. એની સંજ્ઞાનું નામ પણ ન (આવડે કે) આ એની સંજ્ઞા છે. છતાં ભાષામાં હોય પણ નહિ. આહા..હા..! બહુ ઝીણું બાપુ ! આવ્યું. **'તો પણ તેમનું સંવેદન તો થાય છે જ.'** આહા..હા..! ભલે એ અનંતા ગુણોની અનંતી પર્યાયો એના નામ ન આવડે, સંજ્ઞા એ શું છે એનો ખ્યાલ પણ ન હોય છતાં વેદનમાં તો બધી પર્યાય છે. આહા..હા..! પછી થોડું છે પણ વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**ધર્મબુદ્ધિ વડે નિંદ્ય કાર્યોનો જે ત્યાગી થયો છે એવા જીવો શાસ્ત્રના શ્રોતા હોવા જોઈએ. લૌકિકમાં પણ જે ન શોભે એવાં કાર્યો કરતો હોય તે શ્રોતાને લાયક નથી તો પછી એવો જીવ કદી વક્તા તો થઈ શકે જ નહિ.**

'પરમાગમસાર' બોલ નં. ૯૭૯.

**નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો પ્રત્યક્ષ દેખવામાં આવે છે તો બંધન નથી એમ કેમ કહી શકાય ? જો બંધન ન હોય તો મોક્ષમાર્ગી તેના નાશનો ઉદ્યમ શા માટે કરે ?**

**નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. સ્ત્રીનો દેહ હોય અને મુક્તિ થાય એમ અજ્ઞાની માને છે, તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને માનતો નથી. સ્ત્રીને ત્રણ કાળમાં છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એવી જ સ્ત્રી દેહમાં રહેલા જીવની યોગ્યતા છે. એમ ન માને તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગમાર્ગ અલૌકિક છે. લોકો પોતાની કલ્પનાથી માને છે એવો તે માર્ગ નથી. આંખમાં કણું ચાલે પણ સાચા માર્ગમાં થોડી પણ ભૂલ ચાલે નહિ એમ સમજવું.**

**આત્મામાં ભાવબંધન જ ન હોય તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિર થઈને વિકારનો નાશ શા માટે કરે ? માટે પર્યાયમાં બંધન છે એમ જાણવું.**

'પરમાગમસાર' બોલ નં. ૯૮૦.

**પોષ સુદ ૪, મંગળવાર તા. ૦૨-૦૧-૧૯૭૯.**
**વચનામૃત-૪૨૩-૪૨૪, પ્રવચન-૧૭૭**

વચનામૃત ૪૨૩. ફરીને લઈએ. આજે હિન્દી લેવું છે ને ? લેવાઈ ગયું હતું. છેલ્લું થોડું બાકી હતું પણ ફરીને.

'**પ્રશ્ન :- સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે,...**' શું કહે છે ? આ આત્મા જે છે આત્મા, એમાં અનંત ગુણ છે. તો આખું દ્રવ્ય જ્યારે જ્ઞાનમાં જણાય છે ત્યારે એમાં પ્રતીતિ થાય છે. પ્રતીતિ થાય છે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનના કાળમાં '**સર્વગુણાંશ...**' જેટલા ગુણ છે એ બધા વ્યક્ત અંશ પ્રગટ થાય છે. એ 'શ્રીમદ્'નો શબ્દ છે. આહા..હા..! '**સર્વગુણાંશ તે સમ્યક્ત્વ...**' જેટલા આત્મામાં ગુણ છે અનંતા... અનંતા... અનંતા... અનંત એ બધા વર્તમાન જ્ઞાનની પર્યાય એને જ્ઞેય કરીને જાણે છે તો એમાં પ્રતીતિ આવે છે. તો જેટલા ગુણ છે એ બધાનો એક અંશ વ્યક્ત પ્રગટ અનુભવમાં આવે છે. આહા..હા..! આવી વાત છે.

'**તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં...**' આહા..હા..! આત્મા અખંડ પૂર્ણ અભેદ સ્વભાવ છે. એની અંતરમાં પ્રતીતિ, સમ્યગ્દર્શનમાં જે પ્રતીતિ થાય છે, એ નિર્વિકલ્પ પ્રતીતિ છે. એને રાગની સાથે સંબંધ નથી. રાગથી ભિન્ન પૂર્ણાનંદ પ્રભુ, એને જ્ઞાનમાં જણાવા છતાં, પ્રતીતિ અંદર દર્શનશુદ્ધિ થાય છે. એ '**સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?**' આ પ્રશ્ન છે. કાલે આવી ગયું છે.

'**ઉત્તર :- નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં...**' ઝીણી વાત છે. અનંતકાળથી કરી નથી ને. આહા..હા..! ભગવાન આત્મા અનંત અનંત ગુણરૂપી સચ્ચિદાનંદ પ્રભુ ! એની સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને, નિમિત્તથી, રાગથી, પર્યાયથી પણ વિમુખ થઈને પૂર્ણાનંદનો નાથ પ્રભુ, સમ્યગ્દર્શનમાં પ્રતીતિમાં આવે છે ત્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે. આહા..હા..! રાગના સંબંધ વિનાની, જેવો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ છે, એવી નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે. આવી વાત છે.

એ **'દશામાં આનંદગુણની આશ્ચર્યકારી...'** આહા..હા..! સમ્યગ્દર્શનમાં નિર્વિકલ્પ પ્રતીતિના કાળમાં, આનંદગુણની મુખ્યતા લીધી છે. આનંદનું વેદન. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એમાંથી પર્યાયમાં અતીન્દ્રિય **'આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં...'** આહા..હા..! જેના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલા તરણા જેવા દેખાય... આહા..હા..! ચક્રવર્તીના રાજ, છન્નુ હજાર સ્ત્રી આદિ અનુકૂળ એ બધા સડેલા ઉકરડા છે એમ પોતાના આનંદની દશામાં દેખાય.

સમ્યગ્દર્શનના કાળમાં... આહા..હા..! **'આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય...'** આહા..હા..! અતીન્દ્રિય આનંદની અનુભૂતિની પર્યાય **'પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું...'** જેટલા અનંત અનંત અનંત ગુણો છે... આહા..હા..! **'બધા ગુણોનું (યથાસંભવ)...'** કાલે થોડું કહ્યું હતું. સમ્યગ્દર્શનની પર્યાય અંશ છે પણ પૂર્ણ છે. અને એની સાથે જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાદિની શક્તિ છે એનો એક અંશ છે, પૂર્ણ નથી. સમ્યગ્દર્શનની પર્યાય પૂર્ણ છે. તેમ આત્મામાં અસ્તિત્વગુણ છે એની પર્યાય પૂર્ણ નથી એમ નથી, પૂર્ણ જ છે. આહા..હા..! અસ્તિત્વ ગુણ છે. કાલે રાત્રે કહ્યું હતું. વગેરે કહીને કેટલા તો ખ્યાલમાં આવે નહિ. અનંત અનંત ગુણો છે એમાં કેટલાક ગુણો તો પર્યાયમાં પરિપૂર્ણરૂપે પર્યાય પ્રગટે અને બાકી અનંત-અનંત ગુણોના અંશરૂપે. પૂર્ણ નહિ પણ અંશરૂપે પરિણમન થાય. આહા..હા..!

એવું પરિણમનમાં **'(યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે...'** આહા..હા..! ભગવાન આત્મા અનંત ગુણની અસ્તિત્વ, સત્તાવંત એવા પૂર્ણ અસ્તિત્વની જ્ઞાનમાં ભાન થઈને નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે, તો **'બધા ગુણોનું (યથાસંભવ)...'** એક અંશ શક્તિઓ વ્યક્તમાં પર્યાયમાં પૂર્ણ પણ છે, કેટલીક પર્યાયમાં અપૂર્ણ અંશ છે. તેથી યથાસંભવ શબ્દ લીધો છે. કેટલીક તો આપણને ખબરેય ન પડે. અનંત-અનંત ગુણમાં દર્શન આદિ, સત્તા આદિની પૂર્ણ પર્યાય છે. અને અનંત બીજા ગુણો છે જ્ઞાન, શાંતિ, આનંદ. એનો અંશ પ્રગટ વ્યક્ત છે. આહા..! આવો માર્ગ છે.

**'આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.'** પરિણમન થાય છે તો વેદન થાય છે. આહા..હા..! જેટલા અંદર અનંત અનંત ગુણ છે, અનંતની સંખ્યાનો કોઈ પાર નહિ એટલા ગુણ. આહા..હા..! ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે છે અને પ્રદેશ અસંખ્ય છે પણ ગુણ અનંત છે. અનંત ગુણને રહેવામાં

અનંત પ્રદેશની જરૂર નથી. આહા..હા..! અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનું અસ્તિત્વ, સત્તા હોવાથી અનુભવના કાળમાં એમાંથી કેટલીક પર્યાય અંશરૂપે વ્યક્ત થાય છે. કેટલીક પર્યાય પૂર્ણ થાય છે. આહા..હા..! આવું છે.

સર્વજ્ઞ શક્તિ છે. સર્વજ્ઞ ગુણ છે ને ? સર્વજ્ઞ સ્વભાવ-જ્ઞ સ્વભાવ છે તો એ સર્વજ્ઞ સ્વભાવ છે. તો એનો અંશ પ્રગટ થાય. સર્વઅંશ સર્વજ્ઞપણું તેની પર્યાયમાં પ્રગટ ન થાય. આહા..હા..! એમ સર્વદર્શી ગુણ છે, એની પ્રતીતમાં એક અંશ બહાર આવે. પૂર્ણ તો સર્વજ્ઞ સર્વદર્શી કેવળ થાય ત્યારે થાય. આહા..હા..! આવો જે ભગવાન આત્મા, એની પર્યાયની વ્યક્તતાનું પરિણમન, એનું પણ વેદન. કાંઈ ધ્રુવનું વેદન નથી. આહા..હા..! એમ કહેવાય. અજ્ઞાનીને એકલું રાગાદિનું પર્યાયનું વેદન છે, ધ્રુવનું નથી. પણ જ્ઞાનીને ધ્રુવનું (વેદન) છે એટલે ? વેદન તો પર્યાયનું છે, પણ ધ્રુવ તરફના ઝુકાવથી જે પર્યાય થઈ (તેનું વેદન છે). સમજાય છે કાંઈ ? આહા..હા..!

મહાપ્રભુ, ચૈતન્યપ્રભુ, મહાપ્રભુ, એના પ્રત્યેનો જુકાવ થયો, એટલે ધ્રુવનું જે સામર્થ્ય છે, એની પ્રતીતિ અને જ્ઞાનમાં આવ્યું. એ વસ્તુ ભલે ન આવી, પણ એની પ્રતીતિ અને જ્ઞાનમાં પૂર્ણ આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ ? એથી પર્યાયો જે પ્રગટ થઈ, તેનું તેને પરિણમનમાં વેદન છે. બધા ગુણોનું સર્વજ્ઞ ગુણ છે તો એ પર્યાયમાં સર્વજ્ઞપણાની પર્યાય બહાર આવી એમ નથી. આહા..હા..! એમ કેટલાય અનંત છે. પરમાત્મા... આહા..હા..! અગુરુલઘુગુણ છે પાછો. આહા..હા..! એની પણ એક સમયમાં પર્યાય થાય, એ પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ આદિ ભગવાને દેખી છે. આહા..હા..! એવા અંશનું વેદન, પરિણમન થયું તેનું વેદન હોય છે.

**'આત્મા અખંડ છે,...'** આહા..હા..! આવો માર્ગ હવે. ભગવાન આત્મા અખંડ છે, અસ્તિ છે, વસ્તુ છે, એકરૂપ છે, અખંડ છે. આહા..હા..! **'બધા ગુણો આત્માના જ છે,...'** જે ગુણો કહ્યા એ બધા ગુણ આત્માના છે. આત્માના છે. **'આત્માના જ છે,...'** આત્માના જ છે. આહા..હા..! **'તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાય અવશ્ય વેદનમાં આવે છે.'** કારણ કે **'આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે.'** આહા..હા..! આવી વાત. આમાં ધર્મ કઈ જાતનો ? ભાઈ ! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. 'વસ્તુ સહાવો ધમ્મો'. વસ્તુ જે ભગવાન આત્મા વસ્તુ છે, પૂર્ણ છે, અખંડ છે, અભેદ છે એમાં જે ધર્મ સ્વભાવ છે, એનો અનુભવ

થાય તો પર્યાયમાં ધર્મ થાય. આહા..હા..! એ પર્યાયમાં પરિણમન થાય તેનું વેદન થાય. આહા..હા..! કેમ કે **'આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય...'** એક ગુણની વર્તમાન પર્યાય વેદાય **'સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે.'** કેમ કે આત્મા અખંડ ગુણનો પિંડ છે. તો એક ગુણની પર્યાયનું વેદન તો સર્વ ગુણની પર્યાયનું વેદન સાથે થાય છે. આવી વ્યાખ્યા વળી, લ્યો !

**'ભલે બધા ગુણોના નામ ન આવડે,...'** આહા..હા..! અનંત અનંત ગુણનું ધામ ભગવાન, એના પરિણમનમાં અનંત ગુણની પર્યાય. એમાં અનંત ગુણની પર્યાયના નામ પણ ન આવડતા હોય. નામ ન આવડે એટલે પરિણમન નથી અને વેદન નથી એમ નહિ. આહા..હા..! પરિણમન નથી, નામ નથી આવડતું માટે પરિણમન નથી એમ નથી. આહા..હા..! અલૌકિક ચીજ છે. આત્મા શું ચીજ છે !

એક સમયની પર્યાયની સમીપમાં આખું તત્ત્વ પડેલું છે. આહા..હા..! વર્તમાન પ્રગટ જ્ઞાનની દશા, જેમાં બધા વિચારાદિ ચાલે છે એ પર્યાયની સમીપમાં અંતરમાં આખું તત્ત્વ ભગવાન પૂર્ણ પરમાત્મા પડ્યો છે. પરમઆત્મા એટલે પરમ સ્વરૂપ એવો આત્મા. આહા..હા..! **'ભલે બધા ગુણોના નામ ન આવડે,...'** કહે છે. **'અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ,...'** બધા ગુણોની સંજ્ઞા ભાષામાં ન હોય. ભગવાનની ભાષામાં પણ એટલી ન આવે, એમ કહે છે. **'બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ,...'** આહા..હા..! ભગવાનની વાણીમાં સમ્મુચય વાત આવે છે. એક એક ગુણની ભાષા, એવી અનંત ભાષા નથી આવતી. કહો, ભાઈ ! આવું બધું સાંભળ્યું નથી કોઈ દિ'. વાડામાં દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો. આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ, પ્રભુ વસ્તુ છે તો અનંત સ્વભાવ–ગુણ એમાં રહેલા છે, વસ્યા છે. વસ્તુ છે એ સ્વભાવથી ખાલી ન હોય. એ પહેલાં આવી ગયું છે. ઉત્પાદ-વ્યય પરિણમન છે, છતાં ધ્રુવ ભિન્ન છે એ ધ્રુવ ખાલી નથી. ધ્રુવમાં અનંત-અનંત ગુણ ભર્યા છે. આહા..હા..! એ અનંત ગુણના પરિણમનમાં અનંત ગુણની પર્યાયનું વેદન છે, એનું નામ પણ કેટલાનું ન આવડે. **'અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ,...'** આહા..હા..! સર્વજ્ઞની વાણીમાં પણ અનંતા અનંતા ગુણની, દરેક ગુણની ભાષા આવતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સર્વજ્ઞને નામ નહિ આવડતા હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાનમાં બધું છે. પણ ભાષામાં અનંતા... અનંતા... અનંતા... અનંતા (ગુણો છે). હવે એક એકને કહેતા જાય તો ત્રણ કાળથી અનંત ગુણા ગુણ છે. એક એક સમય છે, એવા એવા ભૂત, ભવિષ્ય આદિ ત્રણ કાળ છે. આદિ અનંત. એ કાળનો જે સમય છે એનાથી અનંતગુણા તો ગુણ છે. હવે એક સમયે અનંતા-અનંતા એક એક ને એક એક સમયે અનંત કહે તો ત્રણ કાળથી પણ અનંતગુણા ગુણ છે. આહા..હા..! આવી વાત છે. ઓહો..હો..! એ અનંત ગુણનો ભંડાર, દરિયો, સાગર પડ્યો છે, પ્રભુ ! એટલા ગુણની પર્યાય પ્રગટ વેદનમાં હોય. નામ ભલે ન આવડતા હોય. આહા..હા..! સાકરનો સ્વાદ તિર્યંચને પણ આવે છે પણ આ સાકરનો સ્વાદ છે એમ એને નામ પણ યાદ ન હોય. આહા..હા..! એમ ભગવાન આત્મા અનંત અનંત ગુણનો દરિયો, ભંડાર, એની અનંતી અનંતી ગુણની પર્યાય, એ દરેક ગુણની પર્યાયના નામ ન આવડે. તેમ એની ભાષા પણ હોય શકે નહિ. અનંતની ભાષા કેટલી કરે ? આહા..હા..!

**'તો પણ તેમનું સંવેદન તો થાય છે જ.'** આહા..હા..! શું કહે છે ? વસ્તુ છે ને ? આત્મા અસ્તિ છે ને ? વસ્તુ છે ને ? અને છે તો અનાદિ-અનંત છે ને ? છે તો અનાદિ અનંત છે તો એના ગુણ પણ અનાદિ અનંત છે ને ? વસ્તુ તરીકે એક છે પણ ગુણ તરીકે અનંત છે. એ અનંત ગુણની, સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થતાં અનંત ગુણની એક અંશ વ્યક્ત પર્યાય બધાની પ્રગટ થાય છે. નામ ન આવડે અને બધાની ભાષા પણ ન હોય શકે. આહા..હા..! **'તો પણ તેમનું સંવેદન તો થાય છે જ.'** આહા..હા..! સમ્યગ્દર્શનની વર્તમાન ત્રિકાળ ગુણ-દ્રવ્યની પ્રતીતિની પર્યાયમાં બધી પર્યાય વ્યક્ત છે. એનું વેદન સાથે પૂર્ણ છે, બધાનું છે. નામ ભલે ભાષામાં ન કરી શકે, નામ પણ ન આવડતું હોય... આહા..હા..! પણ વેદનમાં અનંત ગુણની અનંતી પર્યાયનું બધાનું એક સમયમાં વેદન છે. આહા..હા..! શું આ વસ્તુ છે ! ત્યાં સુધી તો આવ્યું હતું. કાલે ત્યાં સુધી આવ્યું હતું. આ તો હિન્દી આવ્યું ને એટલે થોડું...

**'સ્વાનુભૂતિ કાળે...'** સ્વ-અનુભૂતિ. ભગવાન આત્મા-ભગ નામ અનંત આનંદ, અનંત જ્ઞાન, શાંતિ આદિ. ભગ નામ એની લક્ષ્મી, વાન એનું સ્વરૂપ. અનંત લક્ષ્મી જેનું સ્વરૂપ છે એનું નામ ભગવાન આત્મા... આહા..હા..! એ **'સ્વાનુભૂતિકાળે...'** એ

પૂર્ણાનંદ ને પૂર્ણ ગુણનો પિંડ, પ્રભુ ! એની **'સ્વાનુભૂતિ કાળે...'** સ્વભાવની અનુભૂતિ, ત્રિકાળ ગુણને અનુસરીને થનારી પ્રગટ પર્યાય, તે **'સ્વાનુભૂતિ કાળે અનંતગુણસાગર આત્મા...'** આહા..હા..! એકલું માખણ છે.

**'સ્વાનુભૂતિ કાળે...'** ભગવાન પૂર્ણાનંદની અનુભૂતિ વર્તમાન કાળમાં, **'અનંતગુણ સાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની...'** આહા..હા..! **'પોતાના આનંદાદિ ગુણોની...'** અતીન્દ્રિય આનંદ કોઈ અલૌકિક વાત છે, પ્રભુ ! આહા..હા..! ઇન્દ્રના ઇન્દ્રાસનમાં જેની ગંધ નથી એવો આનંદ. આહા..હા..! એ **'આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો...'** આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ, એની સ્વ-અનુભૂતિ સ્વના અનુભવકાળે... આહા..હા..! **'પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક...'** આહા..હા..! કદી જાણી નથી, કદી અનુભવી નથી એવી ચમત્કારિક **'સ્વાભાવિક પર્યાયોમાં...'** અનુભૂતિ કાળમાં રમતો... આહા..હા..! ધ્રુવમાં તો રમવાનું છે નહિ. ધ્રુવ તરફની અનુભૂતિ કાળે... આહા..હા..! આવો કેવો ! ભાઈ ! તારા ભગવાનની વાત એવડી મોટી છે. આહા..હા..! ભાષાથી પાર ન પડે. એ અનુભવગમ્ય ચીજ છે. આહા..હા..!

એ **'સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે.'** કોણ ? અનંત ગુણસાગર આત્મા. આહા..હા..! અનુભૂતિ કાળે **'અનંતગુણસાગર આત્મા...'** પર્યાયમાં પ્રગટે છે. આહા..હા..! જે શક્તિરૂપ અને સ્વભાવરૂપ છે. જે સત્ વસ્તુ સત્ છે, એનું જે સત્ત્વ છે. સત્‌નું સત્ત્વ, ગુણનો સાગર કહ્યું ને ? ગુણ છે એ તો એનું સત્ત્વ છે. અને એનો સાગર ભગવાન એ સત્ છે. સત્‌નું અનંત ગુણ સત્ત્વ, અનંત ગુણપણું.. આહા..હા..! એની પર્યાયોમાં રમતો... આહા..હા..! ભગવાન પર્યાયમાં **'પ્રગટ થાય છે.'** શક્તિ અને સત્ત્વરૂપ જે છે એ એની–સ્વની અનુભૂતિ કાળે અનંતા ગુણની પર્યાયમાં આત્મા પ્રગટ થાય છે. આહા..હા..!

**'તે નિર્વિકલ્પ દશા અદ્‌ભુત છે,...'** આહા..હા..! ભગવાન આત્માની અનુભૂતિ, એના અનંત ગુણને અનુસરીને વર્તમાનમાં દશા થવી, એ અનુભૂતિ કોઈ અદ્‌ભુત છે. આહા..હા..! **'નિર્વિકલ્પ દશા અદ્‌ભુત છે, વચનાતીત છે.'** વચનમાં આવે નહિ એવી વચનથી અતીત છે. આવો માર્ગ છે, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :– કથંચિત્ નહીં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. કથંચિત્ નથી. આહા..હા..! બધું પૂર્ણ થાય છે. નામ કથંચિત્ હો ન હો. પણ સર્વ ગુણની પર્યાયના વેદનમાં આત્મા પ્રગટે છે. બધા ગુણની પર્યાયમાં આત્મા પ્રગટ થાય છે. આહા..હા..! દ્રવ્ય આવે છે એમ નહિ પણ દ્રવ્યનો અનંત ગુણ છે એની અનંત ગુણની પર્યાય પ્રગટે છે ત્યાં આત્મા પર્યાયમાં પ્રગટ થયો. આહા..હા..! અનાદિ કાળથી રાગ અને દ્વેષ, શુભ અને અશુભ વિકલ્પ... જે સવારમાં આવ્યું હતું ને ? દુઃખરૂપ જે પ્રગટ છે, એનું વેદન છે એ દુઃખરૂપ છે. એનો અભાવ કરીને પર્યાયમાં ત્રિકાળી ગુણના ભાવનું પર્યાયમાં વેદન કરીને... આહા..હા..! જે અસ્તિરૂપ અનંત ગુણભાવ છે, એની પર્યાયમાં અનંત ગુણની પર્યાયમાં આત્મા પ્રગટ થાય છે. આહા..હા..!

એ **'દશા અદ્‌ભુત છે, વચનાતીત છે.'** આહા..હા..! **'તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.'** આહા..હા..! અનંત અનંત ગુણનો પિંડ ભગવાન.. આહા..હા..! એની અનુભૂતિ થતાં આખા જીવનની દશા પલટો ખાય છે. આહા..હા..!

મુમુક્ષુ :– એક નવો અવતાર થઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા..! જે રાગ અને કષાયના વેદનનું જીવન હતું એનાથી રહિત જ્યાં ભગવાન આત્માનું વેદન આવ્યું એ અદ્‌ભુત છે, વચનાતીત છે. આહા..હા..! આવું સ્વરૂપ ભગવાન આત્માનું, આત્માનું સ્વરૂપ એવું છે. એવું જ પર્યાયમાં વેદન આવે છે, એમ કહે છે. આહા..હા..!

**'તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.'** આહા..હા..! પરની દિશામાં અનાદિની જે દશા છે, પરની દિશાની દશા અનાદિ વિકારની છે, એ સ્વની દશામાં સ્વદિશા તરફ ઢળતાં... આહા..હા..! સ્વદિશા તરફ જતાં જીવનની દશા પલટો ખાય છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એની વર્તમાન પર્યાયમાં પરદિશા તરફનું લક્ષ છે, તો એ પરની દિશા તરફની દશા દુઃખરૂપ છે. એ દશા સ્વદિશા તરફ વળે છે. આહા..હા..! અનંત ગુણનો સાગર પ્રભુ, એ તરફ દશા–દિશા વળે છે તો જીવન પલટાઈ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :– અદ્‌ભુતાત્ અદ્‌ભુત આત્મા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અદ્‌ભુતા અદ્‌ભુત આવે છે ને ? કળશમાં. એક કળશમાં અદ્‌ભુત આવે છે. બીજા કળશમાં અદ્‌ભુતા-અદ્‌ભુત, બાપુ ! ચૈતન્યતત્ત્વ એટલે શું ?

ભાઈ ! આ તો જડ, માટી, ધૂળ છે. આહા..હા..! કર્મ જડ છે, ધૂળ છે. પુણ્ય-પાપના ભાવ એ પણ અચેતન, દુઃખ અને જડ છે. આહા..હા..! ભગવાન એનાથી ભિન્ન, ચૈતન્યરસથી ભરેલો જ્ઞાયકભાવ છે. આહા..હા..!

એ જ્ઞાયકભાવમાં અનંત ગુણભાવ પડ્યા છે. એ તરફની દિશા થવાથી દશા પલટો ખાય છે. આહા..હા..! જીવનમાં આનંદનું અને શાંતિનું જીવન થઈ જાય છે. સમજાય છે કાંઈ ? એમ થાય છે, કહે છે. આહા..હા..! અરે...! એ ૪૨૩ બોલ થયો. અલૌકિક વાત હતી. આખો પેરેગ્રાફ જ છે. આહા..હા..! ઓ'લા પ્રોફેસર ચોપડી લઈ ગયા હતા ને. બ્રાહ્મણ છે. 'ભાવનગર'. એ વાંચીને કહે કે આ તો પેરેગ્રાફ-પેરેગ્રાફમાં નિધાન ભરેલા છે. આહા..હા..! સહજ આવ્યું છે ને ! આહા..હા..! એવી ચીજ છે. એક પેરેગ્રાફે પાર છે. બાર અંગનો સાર... આહા..હા..! બાર અંગમાં પણ અનુભૂતિની ક્રિયા કહેવામાં આવે છે ને ? કળશમાં આવે છે. બાર અંગ કોઈ અપૂર્વ નથી. આહા..હા..! પણ બાર અંગમાં અનુભૂતિ કહી છે. આહા..હા..! અનંત ગુણસાગર ભગવાન આત્મા, એની અનુભૂતિ બાર અંગમાં કહી છે. એ કોઈ ચમત્કારીક વસ્તુ છે. વચનાતીત છે, અદ્‌ભુત દશા છે, જીવન પલટો ખાય જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આનંદનો ભોક્તા કહેવો. થોડો રાગ છે એટલું દુઃખ પણ છે. સમજાણું કાંઈ ? બેય છે. જેટલો સ્વભાવ સન્મુખ થઈને શક્તિની વ્યક્તતા પ્રગટી એટલો આનંદ છે, પણ જેટલો પૂર્ણ વીતરાગ નથી તો રાગ પણ આવે છે એટલું દુઃખ પણ છે. ચોથે, પાંચમેં, છઠ્ઠે ગુણસ્થાને. આહા..હા..! એ આવે છે ને ? જ્ઞાનધારા અને કર્મધારા. શ્લોકમાં આવે છે. આહા..હા..! રાગથી ભિન્ન ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથની દશા જ્યાં ભેદજ્ઞાનમાં થઈ, એ ધારામાં આનંદધારા, જ્ઞાનધારા, શાંતિધારા, સ્વચ્છતાની ધારા (પ્રગટી છે). સાથે હજી નબળાઈ છે તો રાગ આવે છે. આહા..હા..! એટલું દુઃખવેદન પણ છે. જ્ઞાની થયો એટલે જરા પણ દુઃખનું વેદન નથી એમ નથી. સર્વજ્ઞને દુઃખનું વેદન જરા પણ નથી, મિથ્યાદૃષ્ટિને આનંદનું વેદન જરા પણ નથી. આહા..હા..! સાધકદશામાં આનંદ અને દુઃખનું વેદન બેય સાથે છે. આહા..હા..! આવું આકરું પડે. માણસને અભ્યાસ નહિ. પ્રગટ કરે છે તો આઠ વર્ષની બાળિકા પણ પ્રગટ કરે છે. આત્મા ક્યાં બાળિકા છે ? અને આત્મા ક્યાં

સ્ત્રી છે ? આત્મા ક્યાં પુરુષ છે, સ્ત્રી છે, નપુસંક છે, તિર્યંચ છે અને મનુષ્ય, દેવ છે. આહા..હા..! એ તો ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ ગુણનો પિંડ, અનંત ગુણનો સાગર ભગવાન... આહા..હા..! સાગરના બિંદુનો પાર ન મળે. છતાં એ પણ હજી અસંખ્ય છે. સાગરના બિંદુ પણ અસંખ્ય છે. આ તો અનંત છે, પ્રભુ ! આ તો વાતું અનંત ગુણસાગરની છે.

સ્વયંભુરમણ સમુદ્ર લ્યો, તો પણ બિંદુ બિંદુ અસંખ્ય હોય. અનંત ન હોય. ભલે પરમાણુ અનંત હોય, એમાં નિગોદના જીવ ભેગા હોય તો એ અનંત હોય, પણ બિંદુ છે એ અનંત ન હોય. આહા..હા..! સ્વયંભુ અસંખ્ય યોજનમાં પહોળો સમુદ્ર છે એમાં અસંખ્ય બિંદુ છે. ભગવાન આત્મા શરીર પ્રમાણે અસંખ્ય પ્રદેશી, છતાં અનંત ગુણ છે. આહા..હા..! અરે..! ભાઈ ! એ વિશ્વાસ અંદરથી આવવો, એ વાતે વડા થાય એવું નથી. આહા..હા..!

અનંત અનંત ગુણનો સાગર. છતાં એ સાગરના બિંદુની સંખ્યા તો અસંખ્ય તરીકે ગણતરીમાં આવે. આહા..હા..! આના તો ગુણની સંખ્યાનો પાર નહિ, એટલી જ એક સમયની પર્યાય છે એનો પણ પાર નહિ. ભલે મુદત એક સમયની છે. આહા..હા..! પર્યાયની મુદ્દત એક સમયની. પણ પર્યાય એટલી અનંત એક સમયમાં છે કે કાંઈ પાર નહિ. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... કરો તો પણ પર્યાય અનંતીમાં એ છેલ્લું અનંત છે એવું ન આવે. આહા..હા..! એવો આત્મા સ્વયંભુસમુદ્ર છે. સ્વયંભુ આવે છે ને ? 'પ્રવચનસાર'ની ૧૬મી ગાથામાં.

ભગવાનઆત્માનો જ્યાં આનંદનો સમ્યક્ અનુભવ થયો, હવે એને કોઈ બાહ્ય ચીજ ખેંચી શકે, આકર્ષી શકે એવું રહ્યું નહિ. આહા..હા..! ભગવાન આત્મા અનંત ગુણ ને શાંતિ ને આનંદ જ્યાં પર્યાયમાં આકર્ષાયા, ત્યાં આત્માનું આકર્ષણ થયું. હવે જગતની કોઈ ઇન્દ્રાણિ કે જગતના ભોગ કે રાગ એને લલચાવી દે (એમ છે નહિ). આહા..હા..! એવો અદ્ભુત અનુભૂતિનો આનંદ છે, એમ કહે છે. કહ્યું ને ? આહા..હા..! ૪૨૩ બોલ થયો.

**પ્રશ્ન :– આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને ?**

**ઉત્તર :– નિશ્ચયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે. ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ, સદા કાળ રહે ! બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો દ્રવ્યના ઉપર તરે છે પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી. શક્તિ તો શુદ્ધ જ છે, વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે. ૪૨૪.**

૪૨૪. હવે નવ બોલ (બાકી) છે. પછી 'પ્રવચનસાર' ચાલવાનું છે. 'પ્રવચનસાર' છે ને ? હમણાં લેવાણું નથી.

'**પ્રશ્ન :– આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને...**' આત્મ ભગવાન આત્મા અસ્તિતત્ત્વ, મોજૂદગી ચીજ છે. અસ્તિ ભગવાન આત્મ પૂર્ણાનંદ પ્રભુ, એનો '**ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને ?**' પ્રશ્ન છે. શું કહે છે ? વસ્તુ જે ભગવાન આત્મા પૂર્ણ વસ્તુ છે, એના થોડા ભાગમાં... આહા..હા..! અશુદ્ધતા અને ઘણા ભાગમાં શુદ્ધતા. એમ છે ? અશુદ્ધતા તો છે. તો દ્રવ્યના થોડા ભાગમાં અશુદ્ધતા છે અને ઘણા ભાગમાં શુદ્ધતા છે એમ છે ? આહા..હા..!

'**ઉત્તર :– નિશ્ચયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી,...**' આહા..હા..! વસ્તુ જે દ્રવ્ય છે, વસ્તુ જે પદાર્થ પ્રભુ, એના કોઈ ભાગમાં, દ્રવ્યના કોઈ ભાગમાં અશુદ્ધતા નથી. એ તો પર્યાયમાં અશુદ્ધતા છે. દ્રવ્યના કોઈ ભાગમાં અશુદ્ધતા નથી. આહા..હા..! શું કહે છે ? દ્રવ્ય જે વસ્તુ વસ્તુ છે, સત્ છે, સત્ત્વ છે. સત્ એ દ્રવ્ય અને સત્ત્વ એનો ગુણ, પણ એક બધું અભેદ છે. આહા..હા..! એવું જે દ્રવ્ય, તેના થોડા પણ અશુદ્ધતા દ્રવ્યમાં નથી. આહા..હા..!

'**અશુદ્ધતા દ્રવ્યના થોડા પણ ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે.**' આહા..હા..! પાણીના દળમાં તેલ ઉપર છે એ દળમાં પ્રવેશતું નથી. ઉપર

ઉપર રહે છે. એમ ચૈતન્યદળ, આત્મપદાર્થ, અનંત ગુણભંડાર દ્રવ્ય એ તો ત્રિકાળ શુદ્ધ છે. આહા..હા..! પર્યાય જે અશુદ્ધ છે એ તો ઉપર ઉપર રહે છે, દ્રવ્યમાં નથી પેસતી. આહા..હા..! અશુદ્ધતાની પર્યાય છે ને ? નાશ થાય છે તો દ્રવ્યમાં જાય છે. એ અશુદ્ધતા અંદર નથી જતી. એની યોગ્યતા ત્યાં પારિણામિક ભાવે દ્રવ્ય શુદ્ધ રહે છે. આહા..હા..! પર્યાય જે અશુદ્ધ છે એનો વ્યય થાય છે. અને વ્યય થઈને.. એ સત્ છે ને ? તો અંદરમાં ગઈ. અંદરમાં ગઈ તો ત્યાં અશુદ્ધતા નથી. એ તો પૂર્ણ શુદ્ધ જ છે. આહા..હા..!

વસ્તુ જે વસ્તુ છે અનાદિઅનંત દ્રવ્ય-સત્ત્વ, મોજૂદગી ચીજ જે સ્વયંસિદ્ધ જે સ્વયંભુ ભગવાન ! ભુ તો પછી પ્રગટ થઈ છે. પણ અહીં તો સ્વયં વસ્તુ જે સિદ્ધ અનાદિ અનંત છે ધ્રુવ. એમાં અશુદ્ધતા કદી નથી આવતી. અશુદ્ધતા ઉપર ઉપર તરે છે. અરે..રે..! આવી વાતું હવે. આ શું કહે છે ? શરીર, વાણી તો ઉપર તરતા નથી, એ તો ભિન્ન રહે છે. શરીર, વાણી એ જડ, એ તો ભિન્ન રહે છે. પણ અશુદ્ધતા પણ પર્યાયમાં ઉપર ઉપર તરે છે, દ્રવ્યમાં નથી જતી. આહા..હા..!

જેની વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે. આ શરીર, વાણી, મન તો એની પર્યાયમાં પણ નથી. આ તો શરીર, વાણી, મન તો એના દ્રવ્ય અને પર્યાય એનામાં છે. આત્માની પર્યાયમાં શરીર, કર્મ, વાણી, પર્યાયમાં નથી. આહા..હા..! પર્યાયમાં જે અશુદ્ધતા થાય છે એ પર્યાયમાં છે. પણ એ ઉપર રહે છે, દ્રવ્યમાં પેસતી નથી. આહા..હા..! અધમણ, પાંચ મણ, પચ્ચીસ મણ પાણીનું દળ છે એમાં ઉપર તેલનું ટીપું હોય એ ઉપર ઉપર રહે છે. પાણીના દળમાં નથી જતું. આહા..હા..!

મુમુક્ષુ :– બીજા સમયે વ્યય થઈને ક્યાં જાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અંદર જાય. પણ એ ત્યાં શુદ્ધ છે. અશુદ્ધતા ત્યાં નથી જતી. એ જાતની યોગ્યતા સ્વભાવિક શુદ્ધ છે. એવી અચિંત્ય વસ્તુ છે, ભાઈ ! આહા..હા..!

મુમુક્ષુ :– કેવળીને તો જેમ છે તેમ ભાસે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભાસે છે અંદર યોગ્યતા પારિણામિક ભાવે છે એમ ભાસે છે. શુદ્ધ છે તેમ એ ભાસે છે. અંદરમાં અશુદ્ધ છે એમ ભાસતી નથી. કેમ કે અશુદ્ધ દ્રવ્ય થતું જ નથી પછી ભાસે ક્યાંથી ? આવી વાતું છે. આહા..હા..!

મુમુક્ષુ :– આવી યોગ્યતા ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– યોગ્યતા. યોગ્યતા. પણ છતાં એ પારિણામિક ભાવે થઈ ગયું. શુદ્ધ-શુદ્ધ. આહા..હા..! ગજબ વાત છે, બાપુ ! દ્રવ્યનો સ્વભાવ કોઈ.. આહા..હા..! વસ્તુ જ કોઈ અચિંત્ય છે. આહા..હા..! એમાંથી ગમે તેટલી શુદ્ધ પર્યાય પ્રગટ થાય, શુદ્ધ પર્યાય પ્રગટ હો, તો પણ દ્રવ્ય તો જેવું છે એવું પરિપૂર્ણ છે. બાપુ ! એ વસ્તુ કોઈ અચિંત્ય વાત છે. આહા..હા..! એ સાધારણના તર્કમાં આવી જાય, બેસી જાય એવી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'તે તો ઉપર ઉપર જ તરે છે.'** ઉપર ઉપર જ તરે છે. નિશ્ચયથી. આહા..હા..! **'ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે...'** હવે ખ્યાલ–ન્યાય આપે છે. ખરેખર જો દ્રવ્ય એટલે ભગવાન વસ્તુ, ત્રિકાળી દ્રવ્ય-દ્રવ્ય. એના **'થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ,...'** દ્રવ્ય વસ્તુ થઈ ગઈ તો નીકળે ક્યાંથી ? વસ્તુ છે એ જો અશુદ્ધ થઈ જાય તો કદી નીકળે નહિ. દ્રવ્ય તો કાયમ રહેનારી ચીજ છે. જો અશુદ્ધતા અંદર જાય તો કાયમ રહેનારી થઈ ગઈ. સમજાણું કાંઈ ? આવો કેવો ઉપદેશ ? કઈ જાતનો આ ? દુનિયાથી બીજો પાર નહિ. કેમ ? ભાઈ ! માર્ગ એવો પ્રભુ છે.

તું કોણ છો ? ભાઈ ! આહા..હા..! તારી એક સમયની પર્યાય જે વર્તમાન છે, બસ એમાં બધી રમતું અનાદિથી કરી છે. સાધુ થયો તો પણ પર્યાયમાં રમતું કરી. પણ પર્યાયની સામે આત્મદ્રવ્ય જે મહા ભગવાન દ્રવ્યસ્વરૂપ છે... આહા..હા..! ત્યાં નજર કરી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

અહીં કહે છે, **'જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ,...'** દ્રવ્ય વસ્તુ દ્રવ્યપણે જે કાયમ છે એમાં અશુદ્ધતા જાય તો એ તો કાયમ રહેશે. આહા..હા..! કારણ કે એ તો પલટતી નથી. વસ્તુ તો કાયમ એકરૂપ છે. આહા..હા..! **'અશુદ્ધતા કદી નીકળે જ નહિ,...'** નીકળે જ નહિ. **'સદા કાળ રહે !'** આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્ય-ગુણમાં ન ભળે પણ પર્યાય તો ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— પર્યાય પર્યાયમાં રહી. પર્યાય ગઈ તો ખલાસ. દ્રવ્યમાં અંદર અશુદ્ધતા ગઈ નથી. આહા..હા..! દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ જ પૂર્ણ છે. એ અશુદ્ધતા

અંદર ગઈ અને શુદ્ધતા આવી તો પણ દ્રવ્ય તો ત્યાં પરિપૂર્ણ જ છે. આહા..હા..! અને ઘણી અશુદ્ધતા મિથ્યાત્વની ગઈ... આહા..હા..! તો પણ દ્રવ્ય તો ત્યાં પૂર્ણ શુદ્ધ જ છે. એની યોગ્યતા ગઈ પણ છતાં તે તો પૂર્ણ શુદ્ધ જ છે. આવી વાતું, બાપા ! આહા..હા..!

તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ અનંતાનુબંધીના, એનો બીજે સમયે વ્યય થઈ ગયો. એ હતું સત્. એ સત્ કાંઈ આકાશના ફૂલની જેમ નહોતું. ગયું અંદર પણ ત્યાં તો શુદ્ધ જ છે. અરે..રે..! આવી વાત. એ દ્રવ્યમાં જો કોઈ અંશે અશુદ્ધતા થાય તો દ્રવ્ય છે એ તો કાયમ રહે. અશુદ્ધતા કદી નીકળે નહિ. આહા..હા..! દ્રવ્યમાં પલટવું નથી, તો દ્રવ્ય અશુદ્ધ થાય તો એમાં પલટવું થતું નથી તો અશુદ્ધતા ટળે નહિ. આહા..હા..! સમજાય છે આમાં ? આહા..હા..!

મુમુક્ષુ :– ગુણ પર્યાય શક્તિનો કોઠો જુદો ગણવામાં આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય તદ્દન જુદી જ છે. દ્રવ્યમાં પર્યાય પેસતી નથી અને દ્રવ્યને અડતી પણ નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી અને પર્યાય દ્રવ્યને અડતી નથી. એ તો અવ્યક્તમાં આવી ગયું છે. આહા..હા..! વ્યક્ત અને અવ્યક્ત બેનું એક સમયમાં સાથે જ્ઞાન થવા છતાં વ્યક્તને અવ્યક્ત અડતું નથી. ૪૯. આહા..હા..! ભાઈ ! કોઈ વસ્તુ અદ્ભુત છે, પ્રભુ ! આહા..હા..!

એક સમયમાં ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... શુદ્ધ પૂર્ણ. એ પૂર્ણ શુદ્ધમાં તો કદી અશુદ્ધતા અને શુદ્ધતાની... અશુદ્ધતા તો આવતી નથી પણ પૂર્ણ શુદ્ધમાં અપૂર્ણ શુદ્ધતા નથી થતી. આહા..હા..! કેમ કે પર્યાયની શુદ્ધતાનો એક અંશ પર્યાય પ્રગટ્યો છે, તો ત્યાં પૂર્ણ શુદ્ધ ઘણું છે અને અશુદ્ધતા ઘણી આવી એટલે ત્યાં શુદ્ધતા કાંઈક ઓછી રહી છે... આહા..હા..! એમ નથી. પ્રભુ ! મારગ તારો આ. આહા..હા..! કોઈ ચીજ જ અદ્ભુત... અદ્ભુત... અદ્ભુત...! જેના જ્ઞાનની આગળ બધી ચીજ તુચ્છ લાગે છે. આહા..હા..! એવું જે દ્રવ્ય (એમાં) કદી અશુદ્ધતા અંશે પણ નથી.

**'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...'** 'સમયસાર'ની ૧૪-૧૫ ગાથાનું લીધું. ભગવાન આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે અર્થાત્ મુક્ત છે. આહા..હા..! દ્રવ્ય જે વસ્તુ છે એ તો મુક્ત છે. પર્યાયમાં બંધ અને મુક્તની પર્યાય એ તો પર્યાયમાં બે હોય છે. આહા..હા..! આ તો ભગવાનની કોલેજ છે. તત્ત્વજ્ઞાનની કોલેજ છે. આહા..હા..! એ વસ્તુને સમજવા

માટે બહુ તૈયારી જોઈએ, ભાઈ ! આહા..હા..! **'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...'** 'સમયસાર'ની ૧૪-૧૫ ગાથામાં આવે છે ને ? આદિ એટલે પાંચે બોલ. બદ્ધસ્પૃષ્ટ, અનેરો-અનેરો, સંયુક્ત, વિશેષ એ બધા ભાવો ઉપર તરે છે. આહા..હા..! અરે..! નિર્મળ પર્યાય પણ દ્રવ્યમાં ઉપર તરે છે. અને નિર્મળ પર્યાયને પણ દ્રવ્ય અડતું નથી. અરે..! ભગવાન ! આહા..હા..! એ આત્મતત્ત્વ કેવું છે ? અદ્‌ભુતા અદ્‌ભુત છે ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ગમે તે જાય અને આવે, એ ત્યાં છે ઇ છે. ત્યાં કાંઈ અપૂર્ણતા થતી નથી, અશુદ્ધતા થતી નથી. અપૂર્ણતા હોય તો થોડી અશુદ્ધતા થઈ જાય. આહા..હા..! આવી ચીજ છે. હવે માણસને બિચારાને સાંભળવા મળે નહિ. વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો.. એ થઈ રહ્યું. આહા..હા..!

અરે...! ભગવાન ! તું કેવડો મોટો છો એ તને તારી પ્રતીતમાં અને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી બધું થોથા છે. આહા..હા..! ભગવાનના દર્શન ન થાય... આહા..હા..! પર્યાય અને રાગના દર્શન થાય એ તો અનાદિ કાળના રખડવાના છે. દ્રવ્ય સ્વભાવ ભગવાન આત્મા... આહા..હા..! પર્યાય ઉપર તરે છે. **'પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી.'** ખરેખર પર્યાયને અંદરમાં સ્થાન મળતું નથી. સમજાણું કાંઈ ? ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હો, પણ અંદરમાં ખરેખર સ્થાન મળતું નથી.

મુમુક્ષુ :- તો પછી ઋષભદેવ ભગવાન અને મહાવીર ભગવાનના ભવ કેમ ભાસ્યા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભાસે ને. પોતાની પર્યાય ભાસી છે. એ તો વ્યવહારની વાતું છે. પોતાની પર્યાય ભાસી છે. એ વાતું આખી જુદી છે. આહા..હા..! પર્યાયનો જેવડો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એ પોતે પોતાને જોવે છે. આહા..હા..! જ્ઞાતા એ, જ્ઞેય એ, જ્ઞાન એ, બાપુ ! આહા..હા..!

**'શક્તિ તો શુદ્ધ જ છે, વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે.'** પ્રગટમાં અશુદ્ધતા છે. શક્તિમાં કોઈ અશુદ્ધતા નથી. એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૫, બુધવાર તા. ૦૩-૦૧-૧૯૭૯.**
**વચનામૃત-૪૨૫ થી ૪૨૭, પ્રવચન-૧૭૮**

**પ્રશ્ન :- જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે ?**

**ઉત્તર :- તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધ રહી જાય- ઇત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે. બાકી જે ખાસ જિજ્ઞાસુ-આત્માર્થી હોય અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તે તો ક્યાંય અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે. ૪૨૫.**

૪૨૫, '**પ્રશ્ન :- જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં...**' શાસ્ત્રથી સાંભળીને '**તત્ત્વ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે ?**' મુદ્દાનો પ્રશ્ન છે. આહા..હા..! જિજ્ઞાસા છે અને તત્ત્વની ધારણા પણ કરી છે, તત્ત્વને યથાર્થ ધારવા, એમ ભાષા છે. '**છતાં કેવા પ્રકારે અટકી જાય છે ?**' આહા..હા..!

'**ઉત્તર :- તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય...**' એને કોઈ પણ રીતે બાહ્ય પદાર્થમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય છે. ધારવા છતાં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે ચોથા અધ્યાયમાં, સત્ય જ્ઞાન હોવા છતાં અયથાર્થ પ્રયોજનને સાધે છે તેથી તે સમ્યગ્જ્ઞાન કહેવામાં આવતું નથી.

શું કહ્યું ઇ ? જાણવામાં, ધારવામાં એને આવ્યું છતાં અયથાર્થ પ્રયોજન–દુનિયાને કહું, દુનિયા રાજી થાય તો મારું જ્ઞાન યથાર્થ કહેવાય. હું બીજાને સમજાવું અને સમજાવવાથી બીજા રાજી થાય, ખુશી થાય એવી જ્યાં બુદ્ધિ છે, એ અયથાર્થ પ્રયોજન છે. આહા..હા..! સમજાણું ? એમાં એ કલ્પના એ રહી જાય કે આ મારું જ્ઞાન છે એ બહાર પડે તો દુનિયા માને તો એ મારું જ્ઞાન સાચું એમ રાજી થાય, એમાં રાજી થાય છે. એમાં સુખબુદ્ધિ થઈ એ તો. આહા..હા..! ઝીણો વિષય છે. ચોથા અધ્યાયમાં લીધું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં ચોથા અધ્યાયમાં છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'. ધારણા જ્ઞાન અગિયાર અંગનું કર્યું, કરોડો શ્લોકો ધાર્યા. આહા..હા..! પણ અંદરમાં ઊંડે પર તરફના વલણમાં ક્યાંક ક્યાંક એને રાજીપો લાગે છે. એ પર તરફનું જે જ્ઞાન છે એ પરસત્તાવલંબી છે. આહા..હા..! છતાં એમાં એ રાજીપો થાય છે કે, મને જ્ઞાન થયું અને જેથી દુનિયાને હું સમજાવું, દુનિયા રાજી થાય. આહા..હા..! ઘણા માણસ ભેગા થાય એમાં મારું જ્ઞાન બહાર પડે, એવી બુદ્ધિ રહી જાય છે. એથી એને સમ્યગ્જ્ઞાન થતું નથી. આહા..હા..! ઝીણી વાત છે, મુદ્દાની આખી વાત આ તો આવી. આહા..હા..!

મુમુક્ષુ :– પછી યથાર્થ ધારણા ક્યાં કરી એણે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ધારણા ધારી છે એમ હોય, યથાર્થ ધાર્યું છે ને. ધારવામાં છે ને કે આ દ્રવ્ય છે, આ છે ધારવામાં છે પણ પ્રયોજન બીજું છે. ધારણા તો છે યથાર્થ. અગિયાર અંગ કર્યું એમાં ધારવામાં નથી ? પણ અંદરમાં બાહ્યના કોઈ પણ પ્રકારના પ્રસંગમાં એને રાજીપો, ખુશીપો રહી જાય છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– યથાર્થ ધારણા તો એને જ કહેવાય કે પરથી લાભ ન માને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– યથાર્થ ધારણા તો ધારી છે. યથાર્થ કહ્યું છે ને ? ન્યાં પણ એમ કહ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે ને ? ચોથો અધિકાર છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ કોઈ કાળમાં કોઈ પદાર્થને સત્ય જાણે. જોયું ? આહા..હા..! તો પણ તેના નિશ્ચયરૂપ નિર્ધાર વડે શ્રદ્ધાનપૂર્વક જાણતો નથી. કલ્પના એને થઈ જાય કે, હું બરાબર જાણું છું. આહા..હા..! છે ? તેને યથાર્થ જ્ઞાન કહેતા નથી, કોને ? માતાને માતા જાણે.. ત્રણ કારણ આપ્યા છે ને ? ભાઈ ! કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા, ભેદાભેદ વિપરીતતા. ભાઈ ! ત્રણ, ત્રણ કારણમાં કાંઈક એને રહી જાય છે. આહા..હા..! એને ઊંડે પકડવામાં આવતું નથી. સમજાણું કાંઈ ? ઇ એમાં મુક્યું

છે, હોં ! આ. કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા, ભેદાભેદ વિપરીતતા, આહા..હા..! એમાંથી કાંઈક એને ઊંડે ઊંડે, બહારના જ્ઞાનના કારણોમાં બહારથી બીજા રાજી થાય, ખુશી થાય, મારું જ્ઞાન બહાર પડે એમ રાજી થાય છે તે જ્ઞાન યથાર્થ નથી. ત્યાં એ બહારમાં એને સુખબુદ્ધિ છે, ઊંડે ઊંડે બહારમાં એને કલ્પના સુખબુદ્ધિ છે. આહા..હા..! અને બીજે ઠેકાણે કાંઈક આવે છે ને એમ કે સભામાં વાંચે, સાંભળે તો ઘણા માણસો સાંભળે તો રાજી થાય એવું આમાં ક્યાંક આવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આહા..હા..!

અહીંયા એમ જાણે કે પછી હવે તમારું યથાર્થ ... સત્ય જાણે છતાં... જોયું ? ધારવામાં તો આવી વાત છે. સત્ય જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ પ્રયોજન જ સાધે છે. આહા..હા..! દુનિયામાં બહાર પડવું, દુનિયા પ્રસિદ્ધ મને કરે, પ્રસિદ્ધ થાઉં તો મારું જ્ઞાન મને થયું એમ યથાર્થ કહેવાય. એ બધું બાહ્યમાં ક્યાંક પણ ઊંડે ઊંડે એને સુખબુદ્ધિ છે. આહા..હા..! એ મિથ્યાજ્ઞાન છે, સત્ય હોવા છતાં મિથ્યા છે. સત્ય કીધું છે ને ? યથાર્થ કીધું છે ને ? આહા..હા..!

મુમુક્ષુ :– અયથાર્થ પ્રયોજન હોય તો સમકિત સન્મુખ તો ન થયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી, સમકિત ક્યાં છે ? આ તો ધારણા છે ને. એને ધારણા છે પણ અયથાર્થ પ્રયોજન સાધે છે. ધારણા તો છે જ્ઞાનમાં, ધારી છે. સત્ય જ્ઞાન છે, જોયું ? એ શબ્દ અહીં છે બહેનનો. સત્ય જાણે છતાં અહીં પણ તત્ત્વને યથાર્થ ધારવા છતાં. આહા..હા..! ક્યાંક ક્યાંક બહાર સાંભળે, બીજા સમજે એનો એને ઊંડો રસ છે. એટલે એમાં એ સુખબુદ્ધિ છે. આહા..હા..!

'બેન'માં નથી આવતું ? આવે છે ને ? આવડતનું અભિમાન એક અને બહાર પડવું એ. બે બોલ આવે છે. પહેલા આવી ગયું છે. આમાં આવી ગયું છે. આમાં 'વચનામૃત'માં ઘણા ન્યાયો આવી ગયા છે, ઘણા ન્યાયો આવી ગયા છે. આહા..હા..! કાંઈ પોતાની આવડતનું એને ઊંડે ઊંડે પરલક્ષી જ્ઞાનમાં ઊંડે આવડતનું અભિમાન છે. આહા..હા..! અને બહાર પડવાનો ભાવ છે, ગુપ્ત રહેવાનો ભાવ નથી. બહાર પડવાનો (ભાવ છે). કોઈ રીતે વલખા મારે આમ બહાર પડવા માટે. આહા..હા..! કહો, ભાઈ ! યથાર્થ હોવા છતાં ? તો યથાર્થ પણ કેમ કહેવાય ? પણ ધારણા છે એ બરાબર છે એમ કહે છે. એથી આમાં એમ કહ્યું ને સત્ય જાણે છતાં. આહા..હા..!

૮૯ પાને છે આમાં. અપ્રયોજન યથાર્થ સાધે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. આહા..હા..! એક વાત.

મુમુક્ષુ :– વ્યવહારાભાસી અને....

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારાભાસીનો અર્થ જ અંદરમાં, બહારમાં કાંઈક એને પ્રેમ રહી જાય છે. ઊંડે ઊંડે સુખબુદ્ધિ, જુઓને ! પહેલી ભાષા ઇ જ છે ને. ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય છે. શબ્દ યથાર્થ છે.

**'અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય...'** વિકલ્પ છે ને ? વિકલ્પ. આહા..હા..! એમાં અંદરમાં ઊંડે ઊંડે આશ્રયબુદ્ધિ રહી જાય છે. આહા..હા..! ઇ આવે છે આમાં, 'કળશ ટીકા'માં. ક્યાંક દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદમાં, ઉત્પાદ-વ્યય ધ્રુવના ભેદમાં રસ આવી જાય છે અને આત્મા જ્ઞાન સ્વરૂપ છે.. એ ભાષા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ને ? 'કળશ-ટીકા'માં 'કળશ-ટીકા' છે ?

આઠમો કળશ છે. **'ગુણ-પર્યાય ભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે આત્મજ્યોતિ ? ચેતના લક્ષણથી જણાય છે,...'** એ પણ હજી ભેદ છે, એમ કહે છે. **'તેથી અનુમાનગોચર પણ છે.'** પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. **'ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. વસ્તુ વિચારતા એટલો વિકલ્પ પણ જૂઠો છે...'** આહા..હા..! આહા..હા..! જુઓને ! બહુ સરસ છે. મારે ઓલું સવારમાં કહેવું છે ને એ ૨૯મું નહિ, આ આઠમાનું કહેવું હતું. સવારમાં કાંઈ કહ્યું ને ? રાતે. ઇ આમાં છે, જુઓ !

એક જ જીવ વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપે, ઉત્પાદ-વ્યય ધ્રુવરૂપે, અનેક રૂપે કહેવાય છે. ઓલામાં તો મન, વચન, કાયાના આરોપથી એમ શબ્દ છે ૨૯માં. મન, વચન કાયાના આરોપથી દ્રવ્યભેદ લાગુ પડે છે. આ તો સીધું આમ છે. આ..હા..! શું છે ઇ ? આઠમો છે. એમાં એ છે. **'चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं'** એમાં ઇ છે. **'कनकमिव निमग्नं वर्णमालाकलापे। अथ सततविविक्तं दृश्यतामेकरूपं, प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।'** આ ઉદ્યોતમાનનો અર્થ એ કર્યો એણે. **'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે.'** આહા..હા..! આકરું

કામ, ભાઈ ! આ આઠનું કહેવું હતું. યાદ રહે નહિ કાંઈ, બધા શ્લોકો યાદ રહે ? ભાવ લક્ષમાં હોય. આહા..હા..! એટલી યાદશક્તિ ક્યાં છે. આહા..હા..!

અહીં કહે છે, શુભ પરિણામમાં... ત્યાં તો એક ઠેકાણે એમ પણ કહ્યું છે ને ? ભેદજ્ઞાન પણ વિકલ્પ છે. એ કેવળજ્ઞાનની પેઠે નિર્વિકલ્પ નથી. ઇ ક્યાં સુધી ? કે આ આ નહિ, આ રાગ નહિ, આ આ નહિ. એવો અંદર જે ભેદ વિકલ્પ છે ત્યાં સુધી વિકલ્પ છે. અંદર રાગથી જુદો પડીને અનુભવ થઈ જાય તો એ ભેદજ્ઞાન અભેદ થઈ ગયું. આહા..હા..! આ તો સૂક્ષ્મ(પણે) ક્યાં અટકી જાય છે એની વાત છે. આહા..હા..! અને પામીને પણ પડે છે તે ક્યાં અટકે છે એની એને ખબર ન હોય. પાછો પડે છે એ કેવી રીતે પડી જાય છે. આહા..હા..! સૂક્ષ્મ અંદરમાં ઊંડે ઊંડે, આહા..હા..! બહારમાં સુખબુદ્ધિ, કલ્પનાબુદ્ધિ કાં શુભની આશ્રયબુદ્ધિ ઇત્યાદિ એમ છે ને ? **'શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય-ઇત્યાદિ...'** ઇત્યાદિ એટલે જે જે પ્રકારે એને અટકવાના છે એ લઈ લેવા. આહા..હા..!

ત્યાં તો એમ પણ આવ્યું હતું ને ? એકમાં નહોતું આવ્યું ? જ્ઞેય નિમગ્ન. આહા..હા..! અને 'પરમાર્થ વચનીકા'માં એમ આવ્યું, પરસત્તાવલંબી જ્ઞાન તે મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! પરના લક્ષવાળું પરસત્તાવલંબી જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી, એથી એનો અર્થ થયો કે, એ ઉન્માર્ગ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! ... અને એ પરસત્તાવલંબી જ્ઞાન છે એ જ્ઞેયનિમગ્ન છે, પરજ્ઞેય નિમગ્ન છે. એથી એને સ્વજ્ઞેયમાં નિમગ્નપણું આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થને ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય...'** આહા..હા..! **'અથવા શુભ પરિણામમાં...'** ઘણા પ્રકારના હોય છે ને શુભ પરિણામ. ગુણી-ગુણ ભેદનો પણ વિકલ્પ છે. ઓ'લામાં એમ કહ્યું છે ને ? 'નિયમસાર'માં. દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ વિકલ્પ છે. અનાવશ્યક છે. મૂળ પાઠ છે. 'કુંદકુંદાચાર્ય'ની ગાથા. આહા..હા..! પરનું તો જ્ઞાન ઠીક પણ પોતામાં એ દ્રવ્ય, ગુણ ને પર્યાયનો ભેદ કરીને એ ભેદ પાડે એ વિકલ્પ છે. આહા..હા..! આવી વાત છે. ત્યાં અટકી જાય છે ઊંડે એની એને ખબર નથી કે, હું ક્યાં અટક્યો છું. આહા..હા..!

મુમુક્ષુ :– જ્ઞાનીને તો ખબર છે ને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ તો ભેદ પડી ગયો એની વાત છે, આ તો ક્યાં અટકે

છે એની વાત પ્રશ્ન છે ને ! અહીં તો પ્રશ્ન એ છે ને. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા..!

મુમુક્ષુ :– ... પકડમાં તો આવે પણ નીકાળી ન શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પકડમાં એટલે એના ધારવામાં આવ્યું, સમવસરણમાં ગયો, કેવળી પાસે સાંભળ્યું પણ અંદરમાં સ્વ સન્મુખથી વિરુદ્ધ કોઈ પણ પ્રકારના વિકલ્પમાં, ભેદમાં, રાગમાં... આહા..હા..! ઊંડે ઊંડે પર્યાયને અંતરમાં વાળવી જોઈએ એ ન વાળતા પર્યાયબુદ્ધિમાં આ રીતે ક્યાંક અટકી જાય છે. સમજાય છે કાંઈ ? **'ઇત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે.'** આહા..હા..!

**'બાકી જે ખાસ જિજ્ઞાસુ-આત્માર્થી હોય...'** જુઓ ! ભાષા જોઈ ! ખાસ જિજ્ઞાસુ ને આત્માર્થી હોય **'અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય...'** જોયું ? આહા..હા..! અંતરમાં જવા માટે જેની પાત્રતા પ્રગટી છે. આહા..હા..! એને જ્ઞાન થયું છે એ પણ અંતરમાં જવા માટે છે હવે. બહારમાં અટકવા ને બહાર ને બતાવવા માટે નથી. આહા..હા..! આવી વાતું છે, ભાઈ ! આહા..હા..!

કળશકાર તો વળી બે ઠેકાણે એમ કહે છે, યત્નસાધ્ય નથી, સહજસાધ્ય છે. ... અહીં તો પુરુષાર્થ ક્યાંક અટકે છે, કાળલબ્ધિ નથી થતી એનો અર્થ એ કે ક્યાંક એ અટકે છે. આહા..હા..! પુરુષાર્થ સ્વ તરફ વળે અને કાળલબ્ધિ પાક્યા વિના રહે એમ બને નહિ. આહા..હા..! બે ઠેકાણે છે કળશમાં. આત્માને, આહા..હા..! **'જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય...'** જેને ખાસ પ્રકારની, ખાસ તત્ત્વ વાસ્તવિક તત્ત્વને પામવાની જેને જિજ્ઞાસા (થઈ હોય).

મુમુક્ષુ :– ખાસ પ્રકાર એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખાસ એટલે જેને એકલો આત્મા જ જોઈએ છે એ ખાસ પ્રકારની. કોઈ પ્રયોજન બીજું કાંઈ છે નહિ. આબરૂનું, દુનિયામાં બહાર પડવું, દુનિયા મને ગણે તો કાંઈક મારે ઠીક કહેવાય. એ કોઈ પ્રકાર છે એને જિજ્ઞાસા નથી. આહા..હા..! પુસ્તકને બહાને, વાણી બહાને પણ હું બહાર પડું, લખીને લખે અંદર લખે એથી લોકો એને જાણે. ઇ ખાસ પ્રકારની જિજ્ઞાસા નથી એને. આહા..હા..! આવી (વાત) છે.

**'તે તો ક્યાંય અટકતો જ નથી,...'** જોયું ? આહા..હા..! અને ક્યાંક અટકવાની

ભૂલ હોય એને શોધી લે છે એ. સમજાણું કાંઈ ? **'અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય...'** અંદર ઊંડે. આહા..હા..! ક્યાંક બહારની ચીજોની આશ્ચર્યતા ઊંડે ઊંડે રહી ગઈ હોય પણ એ ખાસ જિજ્ઞાસા છે તેને ટાળી નાખશે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવી વાત છે. અરે...! ખાસ જિજ્ઞાસુ આત્માર્થી અને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી (હોય), બે વાત લીધી ને. આહા..હા..!

**'એ જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે...'** આહા..હા..! **'નીકળી જાય છે;...'** આહા..હા..! એક જ વાત છે. એને આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ... આહા..હા..! જ્ઞાયક સ્વભાવી પકડવો છે, બસ એક જ વાત. એટલે કે સર્વજ્ઞ સ્વભાવી સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ... આહા..હા..! એને જ જેને પકડવો છે એવી ખાસ જિજ્ઞાસા ને ખાસ પ્રકારની પાત્રતા છે. આહા..હા..! એની કોઈ ભૂલ અંદર હોય તો એ નીકળી જશે. આહા..હા..!

મુમુક્ષુ :- તત્ત્વની ભૂલ હોય તો નીકળી જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તત્ત્વની એટલે ક્યાંક પરમાં સુખબુદ્ધિ કે એવું કાંઈ ઊંડે ઊંડે (હોય તો) એ નીકળી જશે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એ છે ને.... જે અંદર છે ને તત્ત્વની અંદર, અંદર જિજ્ઞાસામાં ઊંડે ઊંડે અહીં તત્ત્વ તરફના વલણવાળી ભાવના છે ઉગ્ર અને ખાસ જ્ઞાયક ભાવને પકડવાની ભાવના છે એને કોઈ અટકેલી વાત હોય તો તે નીકળી જશે. આહા..હા..!

મુમુક્ષુ :- કોઈ ગંધ રહી ગઈ હોય તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ નીકળી જશે. આમ જાવું છે ન્યાંને એને ઊંડે ઊંડે શોધી લેશે ઇ. આહા..હા..! શોધન કરશે. અંદર જાવું છે ને. આહા..હા..!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું થાય ? વ્યાખ્યા તો જેને આટલા પ્રકારે કહેવાય છે બાકી તો. આહા..હા..! ચેતનાલક્ષણ જીવ એવો જે ભેદ ને વિકલ્પ પણ જ્યાં જૂઠો છે. આહા..હા..! એ આવ્યું ને ? ચેતના લક્ષણ. આઠમો કળશ. ભેદ પાડ્યો ને આ ચેતના લક્ષણ જીવ. એવો જ્યાં વિકલ્પ છે એ પણ સ્વરૂપના અનુભવ માટે બિલકુલ

કામ કરતો નથી. આહા..હા..! આવું છે. જગત માને, ન માને સ્વતંત્ર છે. અનાદિથી શું ભુલ રહી ગઈ છે એની એને ખબર નથી. આહા..હા..!

**'અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ...'** આ ભાષા જુઓ ! એક જ વાત જેને જ્ઞાયક સ્વભાવ જ પકડવો છે. આહા..હા..! 'લાખ વાતની વાત' આવે છે ને ? 'નિશ્ચય ઉર આણો, તોરિ સકલ જગદંદ-ફંદ,' એકલો ભગવાન જ્ઞાયકભાવ, એકલો જ્ઞાયક એટલે સર્વજ્ઞસ્વભાવી વસ્તુ, એને જેને એક પકડવી છે. આહા..હા..! એવી લગની(ના) બળે નીકળી જશે; **'અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના...'** આહા..હા..! **'પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે.'** બહુ સરસ વાત છે. આહા..હા..! સમજાય છે કે નહિ ? ક્યાં ગયા ? ભાઈ ! આવી વાત છે આકરી છે. તમારે ત્યાં કાંઈ ન મળે. આહા..હા..! ઝીણું કાંત્યું. જેને એકલો ભગવાન જ્ઞાયકભાવ એટલે કે સર્વજ્ઞ સ્વભાવભાવ, એવો જે ભાવ, તેને પકડવાની જિજ્ઞાસા ને પાત્રતા છે... આહા..હા..! એને કંઈક સૂક્ષ્મ કોઈ પ્રકારની કાંઈક ભૂલ હોય (એ) નીકળી જશે.

મુમુક્ષુ :– ગુરુ બતાવ્યા વગર રહે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ એનેથી નીકળી જશે. બતાવે તો આમ વાત થાય. આહા..હા..! આમાં બહુ વાત આવી છે. માત્ર જો મધ્યસ્થ જીવ હોય કોઈ અને આ વાંચે તો એને એમ થાય કે, આહા..હા..! તત્ત્વના યથાર્થ નિધાન ભર્યા છે. આહા..હા..! **'અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે.'** એ પ્રશ્ન હતો. આહા..હા..! હવે બીજો.

**પ્રશ્ન :– મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ?**

**ઉત્તર :– અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ છોડ્યું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે. અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. -આવા જ્ઞાયક આત્માને બધાંથી જુદો-**

**પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો-જાણવાનો પ્રયત્ન કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. જ્ઞાયક આત્માને ઓળખવો.**

**'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે. ૪૨૬.**

**'પ્રશ્ન :- મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ?'** મુમુક્ષુએ (અર્થાત્) જેને માત્ર મોક્ષનું જ કામ છે અથવા આત્માનું જ કામ છે. આહા..હા..! **'એ જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ?'** એ પ્રશ્ન (છે).

**'ઉત્તર :- અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ છોડ્યું નથી,...'** આહા..હા..! જે સ્વરૂપ છે તે છોડ્યું નથી એણે, ઇ એમ ને એમ છે. આહા..હા..! સ્વરૂપ અનાદિનું છે એ વસ્તુએ વસ્તુનું સ્વરૂપ છોડ્યું નથી. **'અનાદિકાળથી,...'** આહા..હા..! **'આત્માએ પોતાનું સ્વરૂપ છોડ્યું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે.'** આહા..હા..! ભ્રમણાને લઈને છોડી દીધું છે, જાણે મારું દ્રવ્ય છૂટી ગયું છે, મારી દૃષ્ટિ(માં), દ્રવ્ય જ છૂટી ગયું, જાણે દ્રવ્ય નથી. આહા..હા..! એ ભ્રાન્તિ અનાદિની છે, વસ્તુ પણ અનાદિની છૂટી નથી અને ભ્રાન્તિ પણ અનાદિની છે. આહા..હા..!

**'અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ...'** જે શુદ્ધ ચૈતન્યઘન છે એ છોડ્યું નથી. એટલે ? કે વસ્તુ છે એ તો એવી ને એવી જ છે એમ ને એમ અનાદિની. વિજ્ઞાનઘન, ચૈતન્યરસકંદ. આહા..હા..! દ્રવ્ય સ્વભાવભાવ. કોઈ દિ' દ્રવ્યસ્વભાવ દ્રવ્ય છોડે ? આહા..હા..! છતાં તેની દૃષ્ટિ ત્યાં નથી, ભ્રાન્તિમાં ભાસ્યું છે કે આ મારી વસ્તુ છૂટી ગઈ. આહા..હા..! **'ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે.'** આહા..હા..! મારે પકડવું છે એટલે જાણે નથી પકડ્યું, નથી. આહા..હા..! ભ્રાન્તિને લીધે વસ્તુ જાણે નથી. આહા..હા..! મુદ્દાની વાત છે આ બધી. છોડી દીધું છે એમ તેને ભાસ્યું છે. પર્યાયમાં વસ્તુ તો વસ્તુરૂપે છૂટી નથી છતાં પર્યાયમાં, વર્તમાન પર્યાય

બુદ્ધિમાં, અંશ બુદ્ધિમાં ભ્રાન્તિને લઈને એ અંશ બુદ્ધિ એટલે ભ્રાન્તિ. આહા..હા..! એ વસ્તુ છોડી દીધી છે એમ એને ભાસે છે. બહુ આકરું. આહા..હા..! **''છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે.'** આહા..હા..!

**'અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે,...'** આહા..હા..! અનાદિકાળથી અનંત... અનંત... અનંત... અનંત ગુણ જે શુદ્ધ એનાથી તે ભરેલો પદાર્થ છે. ગમે તેટલી વિકારી પર્યાય થઈ ગઈ પણ એ વસ્તુ તો વસ્તુરૂપે જ છે. વસ્તુને એ અશુદ્ધતા સ્પર્શી નથી, અડી નથી. આહા..હા..! **'અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે,...'** એ શુદ્ધ સ્વરૂપ જ ત્રિકાળ આનંદ જ્ઞાયક સ્વરૂપ, ત્રિકાળ આનંદ ને જ્ઞાયક સ્વરૂપ જ છે એ તો. જ્ઞાયક સ્વરૂપ, જોયું ! **'અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે,...'** એટલે શું ? કે **'જ્ઞાયકસ્વરૂપ જ છે,...'** ચૈતન્યચંદ્ર શીતળતાથી ભરેલો, અનંત ગુણ અનાદિ છે. **'એ જ્ઞાયકસ્વરૂપ જ છે,...'** બે વાત.

**'આનંદસ્વરૂપ જ છે.'** બે લેવું છે ને ! એ તો અનાદિથી જ્ઞાયકસ્વરૂપ છે, શુદ્ધ છે એટલે કે જ્ઞાયકસ્વરૂપ છે, આનંદસ્વરૂપ જ છે. આહા..હા..! એ જ્ઞાયકસ્વરૂપ ને આનંદસ્વરૂપ વસ્તુ છોડી નથી વસ્તુએ. આહા..હા..! આવી વાત છે. એવી ચીજ તો અનાદિથી જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ (છે). આહા..હા..! એ શુદ્ધતાની વ્યાખ્યા કરી, દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે એટલે કે જ્ઞાયકસ્વરૂપ જ છે અને આનંદ સ્વરૂપ જ છે. અરે..! બેની વાત કરતાં, મુખ્ય એમ કહેતા **'અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે.'** આહા..હા..! ભગવાનઆત્મામાં અનાદિથી અનંત ચૈતન્ય ચમત્કારિક શક્તિ ભરેલી છે. આહા..હા..!

મુમુક્ષુ :– ચમત્કારિક શક્તિ એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શક્તિઓ ગુણ ચમત્કારિક છે બધા. ખ્યાલમાં લેતા એને એમ થઈ જાય કે આ તે શું ચીજ છે ! આહા..હા..! જ્ઞાનની પર્યાયનો ખ્યાલ આવે પર્યાયમાં કે આ તે શું ચૈતન્ય છે ! એ જ્ઞાન તે શું ચીજ છે આ તે ! ચમત્કારિક જેનો પર્યાય શક્તિ સ્વભાવ પણ અનંત અને અપરિમીત છે. એવા અનંત ચમત્કારિક ચીજથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! જેનો સમ્યગ્દર્શનમાં,.. આહા..હા..! ઝબકારો અંદરથી અનંત ગુણનો ચમત્કારનો આનંદ આવે. આહા..હા..! એ કોઈ ચમત્કારિક વસ્તુ છે. આહા..હા..! બહારના ચમત્કાર-ફમત્કારની વાતું દુનિયા કરે એ તો બધી

થોથા છે. આહા..હા..!

એનો એક જ્ઞાનગુણ લ્યો તો પણ ચમત્કારિક વસ્તુ (છે), જેની શક્તિનો પાર ન મળે. આહા..હા..! જેનો આનંદ શક્તિનો પાર ન મળે. જેની ઈશ્વરતા શક્તિ પ્રભુતાનો પાર ન મળે. અપાર, અપાર ચૈતન્ય ચમત્કારિક વસ્તુ પડી છે. આહા..હા..! અનંત ચમત્કારિક શક્તિ એમ બેની સાથે લીધું છે. બે મુખ્ય છે–જ્ઞાન ને આનંદ. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. આહા..હા..! પ્રશ્ન એનો હતો ને કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ? આ એનો ઉત્તર છે. આહા..હા..!

**'આવા જ્ઞાયક આત્માને...'** લીટી કરીને કહ્યું છે ને ? આ જે કીધું એવા આત્માને, આવા જ્ઞાયક આત્માને કે જે જ્ઞાયકસ્વરૂપ છે, આનંદ સ્વરૂપ 'જ' છે. એવી અનંત ચમત્કારિક શક્તિ. આહા..હા..! જેની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવી પર્યાય એની વાત, આ તો શક્તિ એવી છે એની. આહા..હા..! 'નિયમસાર'માં આવે છે ને કે અંદરનો જે જ્ઞાન દર્શન છે એ સ્વને પૂર્ણ જાણવાની શક્તિવાળું છે. 'નિયમસાર'માં છે. એ શક્તિ. એ જ્ઞાન શક્તિ સ્વને પૂર્ણ જાણવાની શક્તિવાળી છે. દર્શન શક્તિ, આત્માને પૂર્ણ દેખવાની શક્તિવાળી છે. આનંદ શક્તિ આત્માના પૂર્ણ આનંદને લક્ષમાં લઈને આનંદ આવ્યો છે. એવો પૂર્ણ આનંદ ચમત્કાર છે અંદર. આહા..હા..! આવી વાતું છે.

આત્મા એટલે શું ? ભાઈ ! એ તો સર્વોત્કૃષ્ટ ચીજ. આહા..હા..! એના તત્ત્વના દ્રવ્યની એને ખબર નથી. એની વર્તમાન પર્યાયમાં એની બધી રમતું અનાદિની છે. આહા..હા..! શાસ્ત્ર જ્ઞાન કર્યા, મહાવ્રત પાળ્યા. આહા..હા..! બધી રમતું એક સમયની પર્યાય ઉપરની રમત છે બધી. પણ ભગવાન અંદર ચૈતન્ય ચમત્કારી અનંત શક્તિવાળું તત્ત્વ છે... આહા..હા..! એના ઉપર એની નજર ગઈ નથી. આહા..હા..!

**'આવા જ્ઞાયક આત્માને બધાંથી જુદો-પરદ્રવ્યથી જુદો,...'** આહા..હા..! લીટી કરી છે ને ? આહા..હા..! એવા આત્માને, અનંત અનંત ચૈતન્ય ચમત્કારિક શક્તિ આદિ અનંત ચમત્કારિક શક્તિ એટલે ચેતન નહિ પણ બધી શક્તિ એવી ભરેલી **'એવા જ્ઞાયક આત્માને બધાંથી જુદો-પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો...'** આહા..હા..! ગુણી–ગુણના ભેદના વિકલ્પથી પણ જુદો. આહા..હા..! અર્થાવબોધરૂપ ગુણવિશેષ જેને આલિંગન કરતું નથી એવું શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા..! રાગને તો નહિ, પર્યાયને તો

નહિ પણ ગુણ ભેદને (નહિ). આહા..હા..! અર્થાવબોધરૂપ ગુણ વિશેષ જેને આલિંગન નથી (કરતું) એવું એ શુદ્ધ દ્રવ્ય ચમત્કારિક છે. આહા..હા..! ક્યાં હવે આમાં વખત ક્યાં લેવો ને એને. એને **'પરભાવોથી જુદો-જાણવાનો પ્રયત્ન કરવો.'** ભાષામાં શું આવે ? જ્ઞાયક સ્વરૂપ જ છે તેને જાણવાનો પ્રયત્ન કરવો. આહા..હા..!

**'ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો.'** ભાષા તો જુઓ ! રાગથી ભિન્નનો ને પર્યાયથી પણ ભિન્ન. આહા..હા..! એવો પર્યાયમાં અભ્યાસ કરવો. આહા..હા..! આવી વાત છે. મૂળ વાત મુકીને બધી વાતું અત્યારે છે. એટલી આ વાત. આહા..હા..! મૂળ આખો રાજા પડ્યો રહ્યો. બાદશાહ ત્રણ લોકનો નાથ સર્વોત્કૃષ્ટ પદાર્થ. આહા..હા..! **'એને જાણવાનો પ્રયત્ન કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. જ્ઞાયક આત્માને ઓળખવો.'** લ્યો ! એનો સરવાળો આ. જ્ઞાયક અનંત અનંત ચમત્કારિક શક્તિનો પિંડ પ્રભુ એને ઓળખવો. આહા..હા..! પર્યાયને તે તરફ ઢાળવી. પર્યાયમાં એવા પૂર્ણ સ્વરૂપનું ધ્યેય બનાવવું. આહા..હા..! પર્યાયના ધ્યાનમાં, પૂર્ણ સ્વરૂપનું ધ્યેય બનાવવું. એ પણ કથન ભેદ છે, શું થાય ? આહા..હા..! **'જ્ઞાયક આત્માને ઓળખવો.'**

**''જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો,...'** અંતરમાં ચૈતન્ય ચમત્કારિક શક્તિવાળું તત્ત્વ, એવો જે જ્ઞાયક સ્વભાવ તેને જાણવાનો અભ્યાસ કરવો. **'તેની પ્રતીતિ કરવી;...'** આહા..હા..! અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી (છે) એવો આત્મા, આહા..હા..! એની પ્રતીતિ કરવી. આહા..હા..! **'પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં,...'** વિશ્વાસ.. વિશ્વાસ કરીને તેમાં ઠરતાં. આહા..હા..! **'અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે. તે પ્રગટ અનુભવમાં આવે છે.'** આહા..હા..!

મુમુક્ષુ :– પહેલા અભ્યાસ કહ્યો ને પછી અનુભવ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાષા તો શું લે ? એ બાજુનો અભ્યાસ જ્ઞાયક સ્વભાવને ધ્યેયમાં લઈને અભ્યાસ (કરે). આહા..હા..! શું થાય ? ભાષા કેટલી થાય? આહા..હા..! **'અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે.'** આહા..હા..! બીજો પ્રશ્ન. ૪૨૬ થયો. છ બોલ હવે બાકી છે.

**પ્રશ્ન :– મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?**

**ઉત્તર :– પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.**

**પહેલાંમાં પહેલાં ચૈતન્યદ્રવ્યને ઓળખવું, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું... તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.**

**પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઈએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે, તો પ્રગટ થાય.**

**પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે. ૪૨૭.**

‘**પ્રશ્ન :– મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?**’ અહીં તો સમજાવવું છે ને. ઓ’લામાં આવે છે દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન થાય એ જ્ઞાન એક અંગ છે. એ પરલક્ષી છે પણ એક અંગ છે. એમાં આવે છે ‘કળશ-ટીકા’માં. આહા..હા..! આવું દ્રવ્ય છે, જુઓ ! દ્રવ્ય, ગુણ, પર્યાય જેણે જાણ્યું નથી. સમજાય છે ? એમાં છે ‘કળશ-ટીકા’. શેમાં છે ઇ ? પાંચમો શ્લોક છે ને. ‘**વ્યવહારનું કથન હસ્તાવલમ્બ છે. જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.**’ પછી જ્ઞાન પરલક્ષી, હોં ! આહા..હા..! છે ? ગુણ-ગુણીરૂપ ભેદકથન–આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. ‘**એ જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ - ‘જીવનું લક્ષણ ચેતના’ એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.**’ જોયું એ આ પ્રતીતિ. ‘**તેથી જ્યારે અનુભવ**

**થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.**' વ્યવહાર. આહા..હા..! એના ખ્યાલમાં એટલું આવે પહેલું કે આ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. ગુણી છે ને ગુણ છે. એટલું સમ્યગ્જ્ઞાન હજી નહિ પણ એ જાતને ખ્યાલ આવવાનું એક અંગ છે. આહા..હા..! છે ?

'**જ્ઞાનનું અંગ છે. વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે ? વિદ્યમાન એવી જે જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે એવા છે. ભાવાર્થ આમ છે-જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે, તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે. જો કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે...**' આ કીધું, '**તો પણ કાંઈ નથી,...**' આહા..હા..! '**જ્ઞાન કરતાં જૂઠો છે.**' એટલો ભેદ પણ. ખ્યાલમાં પહેલું આવે. શાસ્ત્ર લક્ષ દેખાડી અળગા રહે. લક્ષ, લક્ષ, લક્ષ. છે એ લક્ષ હજી પર તરફનું, પરનું. પણ આ આત્મા છે, એમ એને ભેદજ્ઞાનનું લક્ષ થાય. એ લક્ષ ભેદજ્ઞાન નથી. પણ એના લક્ષમાં એમ આવે કે આ ભેદજ્ઞાન આમ કહેવા માગે છે. એ પણ એક પર તરફના જ્ઞાનને ઊપજવાનું એક અંગ છે. એ સ્વ નહિ. આહા..હા..!

'**તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે ? ચેતના પ્રકાશ એટલી જ છે શુદ્ધ જીવવસ્તુ, તેને પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવાર્થ આમ છે-વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.**' વચનનો વ્યવહાર એટલે ઓલો વિકલ્પ છૂટી જાય છે. આહા..હા..! વ્યવહારનો અર્થ ઇ જ કર્યો છે ને ? વ્યવહારનય યદ્યપિ હસ્તાવલમ્બ, વ્યવહારનય એટલે જેટલું કથન એનો અર્થ ઇ જ કર્યો છે ને. આહા..હા..! 'કળશ-ટીકા' પણ કરી છે ને ! આહા..હા..! '**શુદ્ધ જીવવસ્તુ, તેને પ્રત્યક્ષપણે અનુભવે છે. વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.**' એટલે ગુણ-ગુણી ભેદનો વિકલ્પ છૂટી જાય છે એમ કહે છે. પણ એટલું અંગ પહેલું આવે, શાસ્ત્ર સાંભળીને એના ખ્યાલમાં વાત એટલું લક્ષ થાય. એક જ્ઞાનનું અંગ છે એટલે કે એ જાતના જ્ઞાનનું અંગ. ઓલું સમ્યગ્જ્ઞાન એ અહીં નહિ. સમજાણું ? આવી વાત છે.

મુમુક્ષુ :- પણ પહેલાં કઈ રીતે ખ્યાલ આવે ...

પૂજ્ય ગુરુદેવશ્રી ઉત્તર :- ખ્યાલ એને આવે બસ એટલું. શાસ્ત્ર બતાવે ત્યાં ખ્યાલ (આવે). એટલું અંગ છે એ પણ પછી એનાથી તો જુદો પડી જાય છે. '**વસ્તુનો**

**અનુભવ થતાં એ વ્યવહાર છૂટી જાય છે. કેવી છે વસ્તુ ? ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે. વળી કેવી છે વસ્તુ ? દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી ભિન્ન છે.**' આ એ અહીં વાત છે. સમજાણું કાંઈ ? લ્યો !

'**મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?**' પ્રથમ આ લક્ષમાં લે. '**પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે.**' આહા..હા..! '**ચૈતન્ય દ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને,...**' આ વસ્તુ. આહા..હા..! દ્રવ્ય-ગુણ-પર્યાય બધાંને ઓળખે, આવ્યું ને ઓ'લામાં અંગ ? અંગ કીધું ને ? એ તો ગુણ-ગુણી ભેદ (કર્યા સિવાય) બીજો કોઈ ઉપાય નથી. જેમ કહે, ચેતના તે ગુણ, એ ગુણી ભગવાન છે. એવું એક ઊપજવાનું અંગ છે. પરલક્ષી જ્ઞાનનું અંગ, સ્વ જ્ઞાન નહિ. એવું લક્ષ આવે પછી તે છૂટી જાય છે. આહા..હા..!

'**ચૈતન્ય દ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને,...**' ઓળખનારી છે એ વિશેષ પર્યાય છે. સમજાણું ? આહા..હા..! પણ ઓળખવામાં આવે છે એ ચૈતન્યદ્રવ્યનો સામાન્ય સ્વભાવ. આહા..હા..! '**તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય,...**' આહા..હા..! '**તો તેમાં વિભૂતિ છે...**' તો તેમાં વિભૂતિ છે, ચમત્કારિક શક્તિની વિભૂતિ છે. આહા..હા..! '**તે પ્રગટ થાય છે.**' એ વિભૂતિ અંદર છે એ પ્રગટ થાય છે. આહા..હા..! અનંત ચમત્કારિક વિભૂતિ છે અંદરમાં. એના ઉપર દૃષ્ટિ આપતા... આહા..હા..! '**તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે.**' તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. આહા..હા..! કહો ! આવી વાતું છે આ. તમારે ન્યાં બધા ઓલા વ્રત કરો ને આઠમ ને ચૌદશના થાય ને તમારે ... પહેલાં આવ્યા હતા. (સંવત) ૧૯૮૨માં જ્યારે ત્યારે બધા પોહા કરે ને આઠમના. વાત થતાં થતી કે, ભાઈ ! આ વિકલ્પ છે એ તો બધા પુણ્યબંધનું કારણ છે. જુઓ, તમારા 'જ્ઞાનસાગર'માં. ખબર છે તમારે 'પુનાતર'થી કરેલું છે. જ્ઞાનસાગર. આ તો ૧૯૮૨ની વાત છે. જુઓ ! મનનો ભાવ, વચનનો ભાવ આદિ છે એ તો પુણ્યનું કારણ છે, એ ધર્મ નથી. અરે..! મહારાજ ! લોકો ભડકશે. આહા..હા..! પણ જુઓ કીધું આ તમારા જ્ઞાનસાગરમાં 'પુનાતર' તરફથી છપાયેલું છે એમાં લખ્યું છે. મન સરળ, વચન સરળ, કાયા સરળ અવિસંવાદ. ચાર બોલ છે. એ ૧૯૮૨માં કહ્યું હતું. (એ ભાઈ) ભડક્યા. કેમ કે બહારથી વ્યવહારથી કહેનારા ને, સૂત્રના જાણનારા, વાંચનારા સાધુને સમજાવે. પણ માણસ

નરમ માણસ. બાપુ ! ભાઈ ! એ બધા વિકલ્પો છે, મનની સરળતા શુભભાવ પણ બંધનું કારણ છે. આહા..હા..!

એ અહીં કહે છે. **'વિભૂતિ પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.'** વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**જ્ઞાન સ્વભાવ તરફ ઢળે છે, તે સ્વભાવને ઉપાદેય માન્યો, ને રાગની રુચિ છૂટી તે રાગનું હેયપણું છે. સ્વભાવ ઉપાદેય ને રાગ હેય એવો વિકલ્પ ઉઠાવવો તે કાર્યકારી નથી. અજ્ઞાનીને વિકલ્પનો નાશ કરવાનો ઉદ્યમ નથી. વિકારની વિમુખતા ને સ્વભાવ સન્મુખતા અજ્ઞાની કરતો નથી. રાગાદિ પરિણામ હેય છે એવું શ્રદ્ધાન અજ્ઞાનીને સંભવતું નથી. આત્મા ઉપાદેય છે. સંવર-નિર્જરા કથંચિત્ ઉપાદેય છે ને પુણ્ય-પાપ, આસ્રવ, બંધ હેય છે એવા ભાન વિના સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. જીવ-અજીવ આદિ સાતે તત્ત્વોના શ્રદ્ધાનનું પ્રયોજન એ છે. 'પરમાગમસાર' બોલ નં. ૯૯૦.**

**સ્વ-પરનું જાણવું તે ઉપાધિ નથી, અને વિકારનું કારણ પણ નથી. અજ્ઞાની કહે છે કે અમને પરદ્રવ્ય જાણતાં રાગાદિ થાય છે માટે કોઈ પરદ્રવ્યનું લક્ષ કરવું નથી. તો તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનની સ્વચ્છતાને જાણતો નથી. જ્ઞાની તો જેને જાણે તેને સમ્યક્જ્ઞાનની સ્વચ્છતા જાણે છે. તેમાં રાગનો અભિપ્રાય નથી. તેથી તેનું જેટલું જ્ઞાતાભાવથી જાણવું છે, તેટલી વીતરાગતા જ છે. 'પરમાગમસાર' બોલ નં. ૯૯૧.**

**જિનાગમમાં વ્યવહારની મુખ્યતાથી ઉપદેશ છે પણ વ્યવહારની મુખ્યતાથી ધર્મનો લાભ છે એવું ક્યાંય કહ્યું નથી, છતાં અજ્ઞાની જીવ પરાશ્રય ભાવોને ભલા માની બાહ્ય સાધનાદિકનું જ શ્રદ્ધાનાદિ કરે છે, તેને ધર્મનાં સર્વ અંગ અન્યથા રૂપ થઈ મિથ્યાભાવને પ્રાપ્ત થાય છે. 'પરમાગમસાર' બોલ નં. ૯૯૨.**

**પોષ સુદ ૬, ગુરૂવાર તા. ૦૪-૦૧-૧૯૭૯.**
**વચનામૃત–૪૨૭ થી ૪૨૯, પ્રવચન–૧૭૯**

૪૨૭ 'વચનામૃત' છે, છે ને ? થોડું ચાલ્યું છે. ફરીને.

**'પ્રશ્ન :– મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?'** જેને મોક્ષની અભિલાષા છે એણે પ્રથમ શું કરવું ? એ પૂછ્યું છે. જેને આત્માની મોક્ષ–ધર્મ દશા, મોક્ષની જેને અભિલાષા છે એણે પ્રથમ શું કરવું ?

**'ઉત્તર :– પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે.'** આત્મા દ્રવ્ય શું છે, ગુણ શું છે ને પર્યાય શું છે, એનું જ્ઞાન કરે. એ રીતે સમજાવ્યું છે ને ? જેમ તેરમી ગાથામાં કહ્યું ને ? **'भूदत्थेणाभिगदा'**. નવ તત્ત્વને જાણે છે. એમ પહેલાં દ્રવ્ય એટલે આત્મા, અંદર આત્મા દ્રવ્ય એટલે શું ચીજ છે અને ગુણ એમાં શું ચીજ છે અને પર્યાય શું છે. દ્રવ્ય છે એ અનંત ગુણનો પિંડ છે, ગુણ છે તે અનંત શક્તિ છે અને એની વર્તમાન અવસ્થા તે એની દશા છે. તેમ એને ત્રણને ઓળખે. ઓળખીને **'ચૈતન્ય દ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને,...'** આ વાત છે ઝીણી, લ્યો ! પ્રથમમાં પ્રથમ કરવા લાયક આ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ તો શુભરાગ છે. એ તો અનંત કાળમાં અનંત વાર થયા. પણ આ આત્મા ચૈતન્ય દ્રવ્ય સામાન્ય જે ત્રિકાળી એકરૂપ છે એને ઓળખે. આવી વાત છે. ઓહો..!

ચૈતન્ય દ્રવ્ય વસ્તુ જે છે આત્મા ત્રિકાળ, એ સામાન્ય છે જે વિશેષ પર્યાય રહિત, ગુણભેદ રહિત, રાગ રહિત, નિમિત્ત રહિત. આહા..હા..! એવો ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ જે ભગવાન જિનેશ્વરદેવે જેને સામાન્ય જ્ઞાયકભાવ કહ્યો એને ઓળખે, લક્ષમાં લે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં તેને લક્ષમાં લે. આહા..હા..! છે ?

**'ચૈતન્ય દ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખે,...'** ત્રિકાળી જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ એની પીછાણ કરે, **'તેના ઉપર દૃષ્ટિ કરીને,...'** આ જ્ઞાન કરી અને દૃષ્ટિ કરે, એમ કહે છે. એને ઓળખે કે, આ ચૈતન્ય સામાન્ય એકરૂપ ધ્રુવ સદૃશ વસ્તુ છે

એનું જ્ઞાન કરીને એની દૃષ્ટિ કરે. આહા..હા..! આ કરવાનું છે, બાકી તો બધું ઘણું અનંતવાર કર્યું.

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

મહાવ્રત લીધા, નગ્નપણું દિગંબર અનંત વાર લીધું પણ આત્મા શું ચીજ છે અંદર, એના અંતરમાં જ્ઞાન વિના બધું નિરર્થક થઈ ગયું, ચાર ગતિમાં રખડવાનું (થયું).

**'તેનો અભ્યાસ કરતાં કરતાં...'** ચૈતન્ય સામાન્ય સ્વભાવ જે ત્રિકાળ એના ઉપર અભ્યાસ કરતાં. આહા..હા..! **'ચૈતન્ય તેમાં ઠરી જાય,...'** આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ત્રિકાળીને લક્ષમાં લઈને, તેમાં દૃષ્ટિ કરીને એમાં ઠરે. જ્ઞાન થયું, પ્રતીત થઈ ને ઠરે–સ્વરૂપ આચરણ. આવી વાત છે. પ્રથમ જેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીડી, ધર્મ–દર્શન જે કરવું હોય તો એ ધર્મી એવો જ્ઞાયકભાવ... આહા..હા..! એને ઓળખીને ત્યાં દૃષ્ટિ દેવી અને તેમાં પછી સ્થિર થવું. આહા..હા..! છે ?

**'તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે...'** આહા..હા..! ભગવાનઆત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, એવી અનંત અનંત વિભૂતિ આત્મામાં ભરી છે. આહા..હા..! આ ધૂળની વિભૂતિ નહિ. અંદરની વિભૂતિ. આહા..હા..! અનંત જ્ઞાન જેને હદ નથી એવું અનંત જ્ઞાન એક શક્તિ. જેનો અનંત આનંદ ઇ આનંદ જેની શક્તિનો પાર નથી. એવી એવી અનંતી શક્તિનો સાગર એના ઉપર દૃષ્ટિ કરતાં. આહા..હા..! **'વિભૂતિ પ્રગટ થાય છે.'** જે શક્તિમાં સ્વભાવ છે, તે દૃષ્ટિ આપતા પર્યાયમાં તેના ગુણના અંશો પ્રગટ થાય છે. આહા..હા..! આવી વાત છે. પહેલું આ ભક્તિ કરવી, પહેલાં વ્રત પાળવા, અપવાસ કરવા એમ ન કહ્યું. પહેલું દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે. શરૂઆત કરી. ૧૭મી ગાથામાં તો એ પણ મુકી દીધું, પહેલેથી આત્માને જાણવો. આહા..હા..!

ભગવાનઆત્મા આ દેહના પરમાણુ માટીથી ભિન્ન, કર્મથી ભિન્ન, અંદર દયા, દાન ને રાગ-દ્વેષના પરિણામથી પણ ભિન્ન, જુદો એક સમયની પર્યાય જેટલો પણ નહિ. આહા..હા..! સામાન્ય કીધું ને ? એ ત્રિકાળ જ્ઞાયકભાવ, ત્રિકાળ ધ્રુવભાવ, ત્રિકાળ સદૃશ સ્વભાવ, એના ઉપર દૃષ્ટિ દઈને ઠરે તો જે શક્તિ જે છે અનંત, એમાંથી

પર્યાયમાં વિભૂતિ પ્રગટે. સમ્યગ્દર્શન પ્રગટે, સમ્યગ્જ્ઞાન પ્રગટે, સમ્યક્ચારિત્ર, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભૂતિ, વિભૂ એવી અનંત શક્તિઓનો પિંડ છે તેના ઉપર દૃષ્ટિ આપતા તેની પર્યાયમાં અનંતી શક્તિમાંથી વ્યક્તરૂપે, પ્રગટરૂપે પર્યાય પ્રગટે એનું નામ ધર્મ. આહા..હા..!

મુમુક્ષુ :- દયા, ધર્મનું મૂળ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ દયા, આ દયા. જેવડો આત્મા જેવડો છે તેટલો તેને પ્રતીતમાં લેવો એ સ્વની દયા છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! એણે અનંત કાળમાં અંદર ચૈતન્યરત્ન (છે તેને ઓળખ્યું નથી). એક સમયની વર્તમાન પર્યાય અવસ્થા એના ઉપર જ અનાદિનું લક્ષ છે. ત્યાગી થયો, મુનિ થયો, દિગંબર સાધુ થયો. આહા..હા..! અગિયાર અંગના ભણતર કર્યા પણ બધી રમતું એક સમયની પર્યાય, અવસ્થા (ઉપર રહી). પર્યાયની અંદર તળિયે ધ્રુવ સ્વરૂપ ભગવાન સામાન્ય છે તેના ઉપર દૃષ્ટિ સ્થાપી નહિ. આહા..હા..! એથી તેના સ્વભાવની શક્તિ પ્રગટી નહિ. આહા..હા..! સમજાય છે ?

**'ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે,...'** આહા..હા..! ચૈતન્યનો અસલી કાયમી સ્વભાવ, એની લગની લાગે. આહા..હા..! છે ? **'તો પ્રતીતિ થાય;...'** તો તે સ્વરૂપ આવું પૂર્ણાનંદ છે તેનું જ્ઞાન થતાં તેની પ્રતીતિ થાય. આહા..હા..! આવી વાત છે. **'તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.'** પછી અંદરમાં એકાગ્ર થાય ને આનંદનો અનુભવ (થાય). આહા..હા..! નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય એને ચૈતન્યની શક્તિની વિભૂતિ પ્રગટે. એનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! ત્યાં સુધી તો આવ્યું હતું. ત્યાં સુધી કાલ આવ્યું હતું.

**'પહેલાંમાં પહેલાં...'** ઓ'લામાં પહેલું ઇ કીધું હતું કે દ્રવ્ય, ગુણ, પર્યાયને પ્રથમ (જાણવા). હવે અહીં કીધું કે, **'પહેલાંમાં પહેલાં ચૈતન્ય દ્રવ્યને ઓળખવું,...'** અજીવને ઓળખવું કે ભગવાનને તીર્થંકરને, કેવળીને ઓળખવા, એ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આવી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાનાની વાત છે. પરના દ્રવ્ય, ગુણ, પર્યાય તો વિકલ્પ છે. અહીં તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન (કરે) એ પણ હજી વિકલ્પ છે. સ્વદ્રવ્ય, ગુણ, પર્યાયની વાત છે અહીં તો. એમાંથી સામાન્ય ઉપર દૃષ્ટિ દેવી,

એમ કહ્યું. આહા..હા..!

**'પહેલાંમાં પહેલાં ચૈતન્ય દ્રવ્યને ઓળખવું,...'** ન્યાં પહેલું લીધું દ્રવ્ય, ગુણ, પર્યાય. એક સમયમાં ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ, તેને પહેલું ઓળખવું. આહા..હા..! **'ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો...'** આહા..હા..! એ ભરોંસો, બાપા ! એ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..! અનંત... અનંત... અનંત... ગુણનો પિંડ પ્રભુ, એને ઓળખીને એનો વિશ્વાસ કરવો કે, આ તો મહાપ્રભુ ચૈતન્ય ભગવાન પૂર્ણ અનંત ગુણનો પિંડ છે. એમ એની શ્રદ્ધા, વિશ્વાસ કરવો. આહા..હા..! **'અને પછી ચૈતન્યમાં જ ઠરવું...'** ત્રણ વાત આવી ગઈ. જ્ઞાન, શ્રદ્ધા અને ઠરવું. એ ચૈતન્ય સ્વરૂપ જે ભગવાન જ્ઞાતા અખંડાનંદ પૂર્ણ સ્વરૂપ એને ઓળખી, તેની પ્રતીત કરીને તેમાં ઠરવું, એમાં એકાગ્ર થવું. આહા..હા..! આવી વાત છે. મુદ્દાની રકમની વાત છે, ભાઈ ! આ તો.

**'તો ચૈતન્ય પ્રગટે,...'** ભગવાન શક્તિ ને સ્વભાવરૂપ છે એના ઉપર પ્રતીતિ આવતા... આહા..હા..! જેમ પાણીનો.. શું કહેવાય આ ? નળ. ઇ પાણી ભરેલું છે એને જરીક આમ દાબે તો પાણી નીકળે અંદરથી. તેમ ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન અનંત ગુણનો પિંડ પ્રભુ, એને એકાગ્રતાથી દાબે, આહા..હા..! તો પર્યાય અંદરથી પ્રગટ થાય. આવી વાત છે. અજાણ્યા માણસને તો લાગે કે આ શું છે ? એવી વાતું કરી નથી કોઈ દિ' અને એનો અભ્યાસ (નહિ). અત્યારે તો બહારની પ્રવૃત્તિ આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહા..હા..! અને કરવું છે ત્યાં તો મરવું છે. સવારમાં ન આવ્યું ? રાગને એક વિકલ્પને પણ કરવો, એ સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે એમાં વિકારને કરવું એ તો મરવું, શાંતિનો નાશ-ઘાત કરવાનો છે પર્યાયમાં. આહા..હા..!

**'ચૈતન્યમાં જ વિશ્વાસ કરીને તેમાં ઠરવું... તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે;...'** એમ. ચૈતન્ય પ્રગટે એટલે ચૈતન્યની શક્તિઓ જે અનંત ગુણ છે એમાં અંતર દૃષ્ટિ કરતાં પર્યાયમાં અનંતી શક્તિની પર્યાય પ્રગટે. સર્વ ગુણાંશ તે સમકિત. આહા..હા..! **'પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઈએ;...'** આહા..હા..! કોઈ બીજાનો સહાય, મદદ નહિ કામ આવે ત્યાં, એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ત્યાં કાંઈ (કામ ન કરે). દિશા દેખાડી અળગા રહે. ત્યાં તો પોતાની તૈયારી જોઈએ. આહા..હા..! **પ્રગટ કરવામાં**

**પોતાની તૈયારી જોઈએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે,...'** આહા..હા..! ચૈતન્ય દ્રવ્યમાં આમ વારંવાર આમ પ્રયત્ન કરે એ બાજુ. એવો ઉગ્ર પુરુષાર્થ કરે.

**'જ્ઞાયકનો જ અભ્યાસ,...'** રાગનો નહિ, પર્યાયનો નહિ. પર્યાય અભ્યાસ કરે જ્ઞાયકનો. પર્યાયનો અભ્યાસ નહિ પણ પર્યાય અભ્યાસ કરે જ્ઞાયકનો. આહા..હા..! આવી વાત છે. પહેલી તો (વાત) સમજવી કઠણ પડે શું કહે છે. અનંતકાળથી આથડે છે. જૈન દિગંબર સાધુ પણ અનંત વાર થયો, શાસ્ત્રના જ્ઞાન પણ અનંત વાર અગિયાર અંગના કર્યાં. આહા..હા..! પણ ચૈતન્ય વસ્તુ જે મહાપ્રભુ એના ઉપર નજરું ન કરી. તેનો સ્વીકાર, સત્કાર ન કર્યો અને એક સમયની પર્યાય ને રાગનો સ્વીકાર ને સત્કારથી, મિથ્યાત્વથી રખડે છે. આહા..હા..! મરાઠી આવ્યા છે એ ભાષા ન સમજે. આ ભાષા તો એક તો જાણે હિન્દી, મરાઠી આવ્યા. આહા..હા..!

**'પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઈએ;...'** એની ધૂન લાગવી જોઈએ. જ્ઞાયક તરફના અભ્યાસમાં પુરુષાર્થની ઉગ્રતા જોઈએ. આહા..હા..! **'જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન,...'** જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એવો જે જ્ઞાયક સ્વભાવ તેનું જ મંથન. આહા..હા..! **'તેનું જ ચિંતવન કરે,...'** મંથન ને ચિંતવન ભેદ પડ્યો છે એટલો હજી વિકલ્પ છે પણ એ કરે.

મુમુક્ષુ :- એમાં પર્યાયદૃષ્ટિની વાત....

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાયદૃષ્ટિ છૂટી જશે. ચિંતવન કરે છે એના બે અર્થ છે. એક ચિંતવનમાં ચિંતવન વિકલ્પ પણ છે અને એક ચિંતવનનો અર્થ ઓ'લામાં કહ્યો ને ? 'નિયમસાર', પ્રાયશ્ચિતના અધિકારમાં. એ ચિંતવન એટલે સ્વરૂપ જે આનંદ સ્વરૂપ છે તેમાં એકાગ્રતા એ ચિંતવન. તેમ એક ચિંતવન વિકલ્પ છે કે આ આવો છે, આ આવો છે, આવો છે. એ વિકલ્પથી પાર બીજું ચિંતવન એ એકાગ્રતા એ ચિંતવન કહ્યું. 'નિયમસાર'માં આવે છે. 'નિયમસાર'. પછી કહે છે, ચિંતવન કરવું એટલે ચિંતવન એટલે કે એકાગ્ર થવું. એટલે કે ચૈતન્યને ચેતવો. આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વભાવમાં, અંતરમાં લક્ષ કરીને એકાગ્ર થવું એનું નામ પરમાર્થ ચિંતવન છે. વિકલ્પથી ચિંતવન છે એ તો રાગ છે. આવે પહેલું પણ એ કાંઈ વાસ્તવિક નિર્ણય અને વાસ્તવિક અનુભવ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ....પર્યાયદૃષ્ટિનો

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાયદૃષ્ટિનો અર્થ જ એ પર્યાય અહીં વાળી એટલે પર્યાયદૃષ્ટિ છૂટી ગઈ. આહા..હા..! ....આવે છે. વર્તમાન જ્ઞાનની પ્રગટ પર્યાય છે એ પર્યાયની દિશાને બદલવી. જે પર તરફ દિશાની દશા છે, પર તરફની દિશાની દશા છે તે સ્વ તરફની દિશાની દશા કરવી. આવું છે. બીજું શું થાય ? ભાષા કેટલું કામ કરે ? આહા..હા..!

મુમુક્ષુ :– દિશા પલટવાથી દશા પલટાય જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પલટી જાય, કીધું ને. દિશા પલટે ત્યારે દશા પલટી ગઈ. દશાની દિશા સ્વ ઉપર ગઈ એટલે દશા પલટી ગઈ. આહા..હા..!

**'જ્ઞાયકનું તેનું જ ચિંતવન કરે, તો પ્રગટ થાય.'** એ બેને નાખ્યું પોતે એમ કે માર્ગ બતાવ્યો છે. ચારે કોરથી સ્પષ્ટીકરણ (કરે છે). આહા..હા..! ચારે કોરથી એને સામાન્ય શું છે, એને ઘણા પડખેથી સમજાવ્યું છે. હવે સમજવું તો એને છે. આહા..હા..! ૪૨૭ (બોલ પૂરો થયો)

**પ્રશ્ન :– આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.**

**ઉત્તર :– ચૈતન્ય તત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય ? ૪૨૮.**

૪૨૮. ભાઈ નથી આવ્યા. તમારા ઓ'લા 'લંડન'વાળા. આ તો કીધું એકાદ સાંભળેને મોકો આવ્યો છે. 'લંડન'વાળા છે.... આહા..હા..! ૪૨૮.

**'પ્રશ્ન :– આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.'** આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો. ....

**'ઉત્તર :– ચૈતન્ય તત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી.'** આહા..હા..! અનંત અનંત ચૈતન્યની શક્તિઓનો સાગર પ્રભુ, એને શું ઉપમા, કોની આપે. આહા..હા..! એની ઉપમા એને. આહા..હા..! **'ચૈતન્ય તત્ત્વમાં વિભૂતિ ભરી છે.'** આહા..હા..! દ્રવ્ય એટલે શું ! આત્મા નિશ્ચય સ્વતત્ત્વ ધ્રુવ તે શું ! આહા..હા..! અને તે સામાન્ય એટલે કે જેમાં ગુણનો ભેદ પણ નથી. આહા..હા..! પર્યાય ભેદ

નહિ, રાગ ભેદ નહિ, ગુણ-ગુણીનો ભેદ પણ નહિ. આહા..હા..!

એ તો આવ્યું છે ને અલિંગગ્રહણમાં. અર્થાવબોધરૂપ ગુણવિશેષ આલિંગન રહિત શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા..! અર્થાબોધરૂપ ગુણવિશેષ અઢારમો બોલ છે. અલિંગગ્રહણ. વીસ બોલ છે ને ? અર્થ આવી ગયા છે, બધા વ્યાખ્યાન થઈ ગયા છે. લખે છે કો'ક કહેતું હતું. વ્યાખ્યાનના અર્થ થયા છે ને એને લખે છે છોકરાઓ ગુજરાતીમાં લખે છે એમ કહે છે. (એક મુમુક્ષુ) કહેતો હતો. ચાર મહિના થઈ ગયા છે ને શક્તિનું, નયનું, અવ્યક્તના વ્યાખ્યાનના ગુજરાતી થાય છે. શેમાંથી લખે છે ?

મુમુક્ષુ :– ટેપમાંથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમાંથી ? એમાંથી ઉતારે છે. ઇ કહેતો હતો. આહા..હા..!

કહે છે કે, ચૈતન્ય ભગવાન વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? અસ્તિ–સત્તા સ્વભાવરૂપ વસ્તુ છે ને ? એની સત્તામાં અનંત અનંત સત્તાઓ ગુણની ભરી છે. વિભૂતિ કહો કે ગુણ કહો. આહા..હા..! અનંત અનંત વિભૂતિ ગુણની ભરી છે. આહા..હા..! એક એક ગુણની શક્તિ અનંતી પર્યાય થાય અને એક એક ગુણની શક્તિ અનંત ગુણના રૂપપણે છે. આહા..હા..! આત્માની અનંતી વિભૂતિ, એમાં એક એક ગુણ જે છે તેની પર્યાય અનંતી થાય અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. એવી જે ચૈતન્ય વિભૂતિ. આહા..હા..! એને શું ઉપમા દેવી ? એ ચૈતન્ય વિભૂતિ તેમાં કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી.

ચૈતન્યમાં જ જે વિભૂતિ ભરી છે, ચૈતન્યમાં જે વિભૂતિ અનંત... અનંત... અનંત... અનંત... અનંત આનંદ, અનંત અનંત જ્ઞાન, અનંત શાંતિ, ચારિત્ર, વીતરાગતા એવી જે અનંત શક્તિની **'વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે;...'** આહા..હા..! ઉપમા શું કહેવી ? એ અનુભવમાં આવે છે, વેદનમાં આવે છે. છે ને ? **'ઉપમા શી અપાય ?'** એને શું ઉપમા દેવી. આહા..હા..! અનંત અનંત વિભૂતિ જ્યાં, આહા..હા..! ચૈતન્ય તત્ત્વ એટલે સર્વોત્કૃષ્ટ તત્ત્વ, પૂર્ણ તત્ત્વ એક સમયમાં અનંત ગુણના અનંત... અનંત... અનંત... ગુણના રૂપો, એક એક ગુણમાં અનંત અનંત ગુણના રૂપો એવો જે ચૈતન્ય ભંડાર આખો. આહા..હા..! એ અનુભવમાં આવી શકે. સમજાણું કાંઈ ? **'ઉપમા શી અપાય ?'** આહા..હા..! અનુભવ ગમ્ય છે તે અનુભવથી જણાય. એને ઉપમા શી દેવી ? આહા..હા..!

મુમુક્ષુ :– રત્નની ઉપમા આપી છે, રત્નત્રય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નામ અપાય કે એ ચૈતન્ય રત્નાકર છે. પણ એ શું છે ? આહા..હા..! ચૈતન્ય રત્નાકર દેવ એ તો વિભૂતિ ભરી છે, એટલું. ઉપમા કોની ? જેમ સમુદ્રમાં અનંતા રત્ન ભર્યા છે, અસંખ્યાતા ભર્યા છે. સ્વયંભુરમણ સમુદ્રમાં. આમાં અનંતા ભર્યા છે. પણ એ શું ? એની ઉપમા શું લાગુ પડે ? સ્વયંભુ ભગવાનઆત્મા સ્વયં પોતે પોતાથી સિદ્ધ છે. આહા..હા..! એવું જે ત્રિકાળી તત્ત્વ, આત્મતત્ત્વ નિશ્ચય. આહા..હા..! જેમાં કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે એવો જે ભગવાન પૂર્ણ તત્ત્વ અવિનાશી. આહા..હા..! એને કઈ ઉપમા દેવાય ? આહા..હા..! એ તો એના સન્મુખથી અનુભવ થાય ત્યારે જણાય એમ કહે છે.

મુમુક્ષુ :– વાનગી તો હોય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાનગી પર્યાયમાં અનુભવ આવે એ વાનગી. અનુભવમાં આવે એ વાનગી છે. એ જ વાનગી છે પણ અનુભવ કેવો ? એ વિભૂતિ કેવી ? કેવો એનો વૈભવ ? એને શું કહે ? અનુભવમાં આવે વેદનમાં ત્યારે આ આખી ચીજ આવી છે એવી દૃષ્ટિ થાય. આહા..હા..! એ જ્ઞાનની ધારણાનો પણ વિષય નથી. એ તો જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે જે એને જાણતા અનંતી વિભૂતિનું જ્ઞાન થાય છે. અનંતી વિભૂતિ પર્યાયમાં આવે નહિ. આહા..હા..! અનુભવમાં એ પર્યાયમાં આ સ્વભાવ અનંત છે (એમ આવે છે). તળમાં, પર્યાયના તળમાં અંતર આત્મા ભગવાન અનંત અનંત વિભૂતિથી ભરેલો (છે) એનો અનુભવ થાય એટલે એની ખબર પડે. આહા..હા..!

મુમુક્ષુ :– પછી તો કોઈને પૂછવા જાવું ન પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૂછવાનું શું પૂછે ? અમારે પહેલું શું કરવું ? આત્માને જાણવો. હવે કેમ જાણવો ? જાણવાનો અર્થ જ ત્યાં અનુભવવો એમ છે. આહા..હા..! ૧૭ ગાથા. તે જ્ઞાનની પર્યાયમાં સદા, સર્વદા, સૌને અનુભવમાં આવે છે, કહે છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવડો છે, ભલે તે પરલક્ષી જ્ઞાન હોય પણ એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહા..હા..! પરલક્ષીના જ્ઞાન વખતે પણ એ પર્યાય દ્રવ્યને જાણે છે એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! શું કીધું ઇ ?

૧૭ ગાથા. સદા, સર્વદા, સૌને, આબાળ-ગોપાળને. આહા..હા..! બાળકથી માંડી

વૃદ્ધને એની પર્યાયમાં સ્વપ્રકાશક હોવાથી તે સ્વ અનુભવમાં આવે છે છતાં તેનું ત્યાં લક્ષ નથી. આહા..હા..! તેથી તે અનુભવમાં આવે છે પણ આવતો નથી. આહા..હા..! શું કીધું ઇ ?

રાગ વિનાની જ્ઞાનની જે પર્યાય છે, ભલે રાગ હોય એ કાળે, એ જ્ઞાનની પર્યાયમાં એનો સ્વભાવ છે સ્વ-પરપ્રકાશક માટે સ્વ દ્રવ્ય તો જ્ઞાનમાં જણાય તો છે. આહા..હા..! પણ તેનું લક્ષ ત્યાં દ્રવ્ય ઉપર નથી. આહા..હા..! પર્યાયમાં દ્રવ્ય આખું જણાય છે બાળ-ગોપાળ બધાને. આહા..હા..! એનું લક્ષ–પર્યાય એને જાણે છે તેના ઉપર લક્ષ નથી, પર્યાયનું લક્ષ પર્યાય ઉપર છે. એથી પર્યાયમાં જણાવા છતાં તેને જાણવામાં આવતો નથી. આહા..હા..! શૈલી તો જુઓ ! શૈલી. 'સમયસાર' ગજબ વાત છે ૧૭ ને ૧૮. ૧૭ આનાનો ધંધો. મોટા કરોડોનો ધંધો હોય ને સત્તર આના થાય. અમારે ન્યાં દુકાનમાં બહુ પૈસા પેદા થાય ત્યારે ગણતા. ૧૭ આના થયા છે એમ કહે. આહા..હા..! પહેલાં ઘણા વર્ષની વાત છે. પહેલાં ત્રણ વર્ષમાં પાંચ હજારની પેદાશ થઈ હતી ત્યારે એને કહ્યું કે, આ ૧૭ આના થયું. પછી તો પેદાશ વધી ગઈ. એ તો બધી વાત ધૂળની છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં કાંઈ નથી, રખડવાના રસ્તા છે. અરે..રે..! એ બહારના જડ ઉપર લક્ષ (છે). જે જ્ઞાનમાં સ્વનું લક્ષ છે. આહા..હા..! લક્ષ એટલે કે એનો અનુભવ છે. આહા..હા..! છતાં તેનું લક્ષ ત્યાં નથી, અહીં છે. પર્યાયમાં, રાગમાં લક્ષ છે. આહા..હા..! શું વાત કહી છે ! કેમ કે જ્ઞાનની પર્યાય એનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક એ પર્યાયનું સ્વરૂપ જ એટલું, એવડું છે. આહા..હા..! એ પર્યાયની એટલી તાકાત છે. સ્વ-પરપ્રકાશક સ્વ આત્મા ભગવાન જ આખો જણાય છે. આહા..હા..! જાણવા છતાં તેના ઉપર લક્ષ નથી એટલે જાણતો નથી એમ કહે છે. આહા..હા..! લક્ષ વર્તમાન પર્યાય ને રાગ ઉપર, શુભરાગ.. આહા..હા..! વિકલ્પ ઉઠે એના ઉપર એનું લક્ષ (છે). આહા..હા..! તેથી પર્યાયમાં સ્વ ને પરને જાણવાનો સ્વભાવ હોવા છતાં સ્વને જાણવા તરફનું લક્ષ નથી. તેથી તે સ્વમાં જાણવાનું સામર્થ્ય છે માટે સ્વ તરફ જો વળે તો સ્વને જાણી શકે. પર્યાયમાં સ્વને જાણવાનો સ્વભાવ છે એમ જણાય છે તો એ પર્યાય આમ વાળે તો એ જણાય છે, જણાય છે તે જણાય જાય. આહા..હા..! આવી વાતું

છે. એ ભાષા કરે તો એ કાંઈ એથી ભાષાથી કાંઈ મળે એવી નથી ચીજ. આહા..હા..!

મુમુક્ષુ :– ઇશારા ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇશારાથી પણ એ તો બીજી ચીજ છે. લક્ષ થાય એટલું શાસ્ત્ર કે ગુરુ એને લક્ષ કરાવે એટલું બસ. લક્ષ એટલે હજી કે, આ આવો છે એટલું લક્ષ પર્યાયમાં પરલક્ષી હજી લક્ષ (થયું). આહા..હા..!

મુમુક્ષુ :– ૧૭-૧૮ ગાથામાં તો ખુબ ચમત્કાર દર્શાવ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદરમાં જોવે ત્યારે બતાવ્યો છે એને કહેવાય. ત્યારે વ્યવહારથી પછી ગુરુને નિમિત્તથી કહેવાય, એણે આપ્યો અમને. આવે છે ને 'શ્રીમદ્'માં ? 'તે તો પ્રભુએ આપિયો વર્તું ચરણાધીન' એ નિમિત્તથી કથન છે. આહા..હા..! એણે બતાવ્યું હતું તેવું કર્યું એથી એણે કર્યું એ નિશ્ચય થયો ત્યારે વ્યવહાર ગુરુએ કર્યું એમ કહેવાય. આહા..હા..! ઇ વ્યવહાર ત્યારે કહેવાય.

ભાઈમાં આવે છે, નહિ ? 'સોગાની'માં. 'સોગાની'માં એક લેખ છે. એમ કે મહારાજે કહ્યું એ મેં કર્યું છે. હવે મારે બીજાને કહેવાનું કાંઈ (છે નહિ). એમ કે તમે બીજાને કહો. એ કાંઈ મારો સ્વભાવ નથી, મારા ભાવમાં નથી. છે ને ? એમાં ક્યાંક છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં છે ને ભાઈ ? તમે એમ કે કહોને મહારાજને જઈને. (તો કહ્યું). એ મારા સ્વભાવમાં છે નહિ. એવું લક્ષ કરીને જાવું એ મારામાં છે નહિ. આહા..હા..! છે ક્યાંક. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં.

મુમુક્ષુ :– જાવું એ ઠીક કે ન જાવું એ ઠીક ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવવા જવાની વાત જ ક્યાં છે. એ પોતે જાણ્યો એ જાણ્યો હવે એ બીજાને કામ શું છે એને બીજાને બીજાને બતાવીને કે મેં જાણ્યું છે. શું કીધું ?

મુમુક્ષુ :– ગુરુનો ઉપકાર માનવા તો જાવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉપકાર એ તો વ્યવહારે વિકલ્પ આવે એટલે એ તો કીધુંને અહીં થયું ત્યારે નિમિત્તનો ઉપકાર છે એમ વ્યવહારે કહેવામાં આવે. એ જ બધા નાખે છે ને ઓ'લા ? પુરુષાકારે લોક કરી... સમજ્યા ને ? 'પરસ્પર જીવ ઉપગ્રહ'. આવે છે ને સૂત્ર ? 'તત્ત્વાર્થ સૂત્ર'નું. (પરસ્પર ઉપગ્રહો જીવા નામ). એ આવે છે પુસ્તક. દરેકમાં બધાંમાં નાખે છે હમણાં હમણાં. આખો પુરુષાકાર બનાવી એકબીજાને ઉપગ્રહ (કરવો). ઉપગ્રહ એટલે શું છે ? ઉપકાર કરે એનો અર્થ કે અહીં થયું છે

ત્યારે નિમિત્તને એમ કહેવામાં આવે છે. એ 'સ્વાર્થસિદ્ધિ વચનિકા'માં એવો અર્થ કર્યો છે કે, ભાઈ ! આ ઉપકાર છે એનો અર્થ શું ? એ પોતે કર્યું ત્યારે આ હતું એટલે એને ઉપકાર તરીકે કર્યું. એનાથી કાંઈ થયું છે એમ નથી. 'સ્વાર્થસિદ્ધિ વચનિકા' છે ને ? એમાં અર્થ કર્યો છે. ઉપકાર પરસ્પર ... એ ગોઠે. પરસ્પર ઉપગ્રહો જીવા નામ. એક બીજાના ઉપકાર, ગુરુનો ઉપકાર .... એવું ગોઠે.

મુમુક્ષુ :– ... કાર્ય કરવું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પોતે કરે ત્યારે એને કહેવામાં આવે, બાપા ! અહીં તો ગુણ-ગુણીના ભેદના વિકલ્પ છોડે ત્યારે થાય હવે એને સામું લક્ષ રાખીને થાય (એમ બને નહિ). આહા..હા..! અગમ્ય વાતું છે. આહા..હા..!

એ જ કહે છે, ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે. ઉપમા શી અપાય ? આહા..હા..! નિર્વિકલ્પ અનુભવમાં આવે એને કહેવું શું ? આહા..હા..!

'શ્રીમદ્દે' એમ કહ્યું ને ? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દેખ્યું જ્ઞાનમાં કહી શક્યા...' અહીંયા તો વાણી ને આ ચૈતન્ય. આ જડ ને આ ચૈતન્ય. ઉગમણો-આથમણો ફેર. આહા..હા..!

**જે સ્વરૂપ (પદ શ્રી) સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**

અનંત વીર્ય જાગ્યું છે. આહા..હા..! એ પણ કહે છે કહી શકે નહિ. એ સ્વરૂપને અન્ય વાણી... અલ્પ પુરુષાર્થી પ્રાણી સાધક આદિ એને શું કહે ? આહા..હા..!

**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ. ૨૦.**

ઇ આ. આહા..હા..! અનુભવગમ્ય છે. એમ કહેવાય સપ્તભંગી આવે ને જ્યાં ? ત્યાં વ્યક્ત, વ્યક્તવ્યની સપ્તભંગી ચાલે ત્યારે એમ કહેવાય. સપ્તભંગી આવે છે ને એમાં ? કથંચિત્ વ્યક્તવ્ય, કથંચિત્ અવ્યક્તવ્ય, કથંચિત્ વ્યક્તવ્ય-અવ્યક્તવ્યથી રહિત. સપ્તભંગી આવે ને ? કથંચિત્ વ્યક્તવ્ય, કથંચિત્ અવ્યક્તવ્ય, કથંચિત્ વ્યક્તવ્ય-અવ્યક્તવ્ય, કથંચિત વ્યક્તવ્ય-અવ્યક્તવ્યથી રહિત. જ્ઞાનને બતાવવું હોય ત્યારે એ..ઇ..! આહા..હા..! એમ છે.

અહીં કહે છે કે એ અનુભવગમ્ય છે. વ્યક્તવ્ય છે એમ ક્યાં કીધું છે ? કઈ અપેક્ષાએ ? બાપુ ! એ તો વ્યવહાર બતાવ્યો છે. આહા..હા..! વ્યક્તવ્ય એટલું સર્વથા

સર્વથા જો ન હોય વ્યક્તવ્ય તો એને સમજાવવાની વાત જ ન રહે. એટલી અપેક્ષા. આહા..હા..!

શૂન્ય અશૂન્ય ચાલે છે ને ? 'પ્રવચનસાર'માં સપ્તભંગી. આહા..હા..! પોતાથી અશૂન્ય છે, પરથી શૂન્ય છે એની સપ્તભંગી. પોતાથી અશૂન્ય છે ભરેલો ભગવાન છે. પરથી શૂન્ય છે, પરથી ખાલી છે. આહા..હા..! નયમાં આવે છે, નહિ ? નયમાં આવે છે, નહિ ? વ્યક્તવ્ય ને અવ્યક્તવ્ય. નય નય. ૪૭ નય નથી આવતી ? આ 'પ્રવચનસાર' ૪૭ નયમાં આવે છે. અસ્તિત્વ-નાસ્તિત્વ એમ પહેલા લીધું છે. પછી ગુણીનયે ને અગુણીનયે ને ઈશ્વરનયે લીધું. પછી ક્રિયાનયે, જ્ઞાનનયે, વ્યવહારનયે, નિશ્ચયનયે છે ને ?

શરૂઆતમાં જ તે પહેલું લીધું છે. આ પહેલું જુઓ ! જુઓ ! આ લીધું. આત્મદ્રવ્ય અસ્તિત્વનયે લીધું ને ? ત્રીજું. અને ચોથું નાસ્તિત્વનયે. આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વનયે. આત્મદ્રવ્ય અવ્યક્તવયનયે યુગપદ્.... એ સાતમાં આવ્યું. અને આત્મદ્રવ્ય અસ્તિત્વ અવ્યક્તવ્યનયે સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ... અવ્યક્તવ્ય છે. છે ને ? આહા..હા..! આત્મદ્રવ્ય નાસ્તિત્વ અવ્યક્તવ્ય, પરદ્રવ્યથી નાસ્તિ છે. આહા..હા..! પણ અસ્તિ-નાસ્તિ બેયથી કહી શકાય નહિ એવું છે. જ્ઞાન-પ્રધાનની વાત. આ તો જ્ઞાનપ્રધાન કથન છે ને. નય છે ને. જ્યાં શક્તિનું વર્ણન છે એ તો દ્રવ્યપ્રધાન એકલું. 'સમયસાર'માં. આહા..હા..! એવું છે. એ ૪૨૮ થઈ. આ તો ભરેલા ભરેલાનું આવે છે ને ? વહાણ જેમ ભરેલું હોય..

મુમુક્ષુ :– ભરેલા વહાણની માફક.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા ઇ.

મુમુક્ષુ :– શૂન્ય અને અશૂન્યનયે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શૂન્ય, અશૂન્ય. હા હા શૂન્ય, અશૂન્ય. કાઢવું છે આ. ભાવ લક્ષમાં હોય. શૂન્યનય, અશૂન્યનય, હોં ! આહા..હા..! વિકલ્પનય, અવિકલ્પનય, નામ નય, સ્થાપના. સ્થાપનાનયે કહી શકાય છે. સ્થાપી શકાય. દ્રવ્યનય, ભાવનય, સામાન્યનય. જોયું ? નિત્યનય, અનિત્ય નય, સર્વગતત્વ, અસર્વગતત્વ. શૂન્યનયે, બસ ઇ. આત્મદ્રવ્ય શૂન્યનયે ખાલી ઘરની માફક એકલું અમિલિત. ભાસે છે. આત્મદ્રવ્ય અશૂન્ય.. મારે કહેવું છે, આ. પેલું અસ્તિત્વનું નહિ. શૂન્યનય ને અશૂન્યનય. શૂન્યનયે

એટલે આત્મા પરથી તદ્દન શૂન્ય છે. આહા..હા..! ખાલી ઘરની માફક. અશૂન્યનયે લોકોથી ભરેલા વહાણની માફક. આ લેવું છે, હોં ! બાહ્ય કહેવું હતું આ. ઘણી નયો છે. ૪૨૮ (બોલ પૂરો થયો).

**પ્રશ્ન :– પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય ?**

**ઉત્તર :– છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તત્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે, ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા-તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ ક્યો ?' તેનો સંબંધ નથી.**

**ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય; શબ્દથી વર્ણન ન થઈ શકે. અભ્યાસ કરે, ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે, તળમાં જઈને ઠરે. તો પ્રાપ્ત થાય-જ્ઞાયક પ્રગટ થાય. ૪૨૯.**

૪૨૯. **'પ્રશ્ન :– પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય ?'** આ પ્રશ્ન. આ 'વચનામૃત' તો વાંચ્યું હશે, ભાઈ. 'બહેનના વચનામૃત' હમણાં પહેલાં યાદ કર્યા હતા વ્યાખ્યાનની શરૂઆતમાં. કીધું આ આવ્યા હોત તો એકાદ સાંભળી જાયને આ. ક્યા અર્થમાં આવે છે કઈ રીતે. આહા..હા..! 'લંડન'માં વાંચે છે. **'પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય ?'** પ્રશ્ન (છે).

**'ઉત્તર :– છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી.'** આહા..હા..! આવો જ વિકલ્પ કોઈ નિયમ નથી, કોઈ વિકલ્પ આ છું એવો હોય, કોઈ આ નથી એવો હોય. અનેક પ્રકારના વિકલ્પમાં આવો જ વિકલ્પ છેલ્લો હોય એવો કાંઈ નિયમ નથી. આહા..હા..!

છેલ્લો વિકલ્પ હોય ખરો પણ આવો જ હોય, આ જ હોય એવો નિયમ નથી. આહા..હા..! છે વિકલ્પ એ રાગ, કાંઈ રાગથી તે વસ્તુ પમાતી નથી પણ એનો છેલ્લો વિકલ્પ રાગ કેવો હોય એ પણ નક્કી કરી શકાતું નથી. આહા..હા..! શું કહ્યું એ ?

ભગવાનઆત્મા આનંદસાગર પ્રભુ નિત્યાનંદ સામાન્ય સ્વરૂપ એને વિચાર કરતા વિકલ્પ અનેક આવે પણ એ વિકલ્પ છેલ્લો શુભરાગ કેવો હોય, છે એ વિકલ્પ શુભરાગ, પણ શુભરાગ કેવો હોય એનો નિર્ણય નહિ. એનું એકાંત નથી કે આવો જ વિકલ્પ આવે. આહા..હા..! છતાં તે વિકલ્પથી પમાય છે એમ પણ નથી. આહા..હા..! આવી વાત છે, ઝીણી વાતું બહુ બાપુ !

મુમુક્ષુ :– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય એમ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો સવિકલ્પ કીધું ને. વિકલ્પ આવો હોય છે એના દ્વારા, એનાથી ખસીને અહીં જાય છે એ બતાવવું છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે ને ? બતાવ્યું હતું ને. એમાં આવ્યું છે. સવિકલ્પ દ્વારા બતાવ્યું છે. છે બધો ખ્યાલ છે, એ એક વાત કહેતા ઘણો બધો ખ્યાલ મગજમાં હોય છે. બધું કાંઈ... આહા..હા..!

અહીંયા તો કહે છે ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણ આનંદઘન, એનો અનુભવ થતાં, સમ્યગ્દર્શન થતાં છેલ્લો વિકલ્પ કેવો હોય એમ પૂછ્યું છે શિષ્યે. આહા..હા..! તો એ વિકલ્પ છેલ્લો આવો જ હોય એવો કોઈ નિયમ નથી. **'છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મ તત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં...'** જોયું ? અહા..હા..! જે રાગ છે એના તરફનું લક્ષ છોડીને ભેદજ્ઞાન કરતાં, આત્મા તરફ અંદર વલણ કરતાં, રાગથી વિકલ્પ ગમે તે જાતનો હો પણ એનાથી પણ ભેદજ્ઞાન કરવું છે. આહા..હા..! એ વિકલ્પ રાગ છે એનાથી જુદું પાડવું છે, એને સાથમાં લઈને જુદું પડાતું નથી. શું કીધું ? જે વિકલ્પ છેલ્લો છે એ અહીં મદદ કરે છે એમ નથી. કેમ કે એનાથી તો જુદું પાડવું છે. આહા..હા..! છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી, બહુ ઝીણી વાતું, બાપુ ! આમાં એટલી સમાય ગઈ છે. ઓહો..હો..! **'ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વ...'** રાગથી ભિન્ન એવું જે ભેદજ્ઞાન, એનાથી **'શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો...'** શુદ્ધ સ્વરૂપની સન્મુખતાનો. આહા..હા..!

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મ તત્ત્વનો અનુભવ થાય. પરથી

ભિન્ન પડે ત્યારે શુદ્ધાત્મતત્ત્વની સન્મુખ થાય ને. રાગથી ભિન્ન પડે ત્યારે સ્વસન્મુખ થાય ને. રાગ છે એ તો પરસન્મુખ છે. હવે એનાથી ભેદ પાડે છે ત્યારે સ્વસન્મુખ થાય છે. એટલે ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખ થાય. ઝીણી વાતું બહુ, બાપુ ! માર્ગ વીતરાગતાનો એવો ઝીણો. આહા..હા..! એના એક એક શબ્દમાં, અર્થમાં ઘણી ગંભીરતા છે. આહા..હા..! ભેદજ્ઞાનપૂર્વક શું કીધું ?

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કાળ કામમાં ન આવે એ પણ વિકલ્પ છે. એનાથી ભિન્ન નિવૃત્તિનો વિકલ્પ જે છે ક્યા જાતનો છે એનાથી નિવર્તવું, એમ વિકલ્પ નથી. પરિણામનો ... પરિણામનો એને ખ્યાલ ન હોય ત્યારે. પરિણામનો ખ્યાલ કરવા જાય તો અંદર સ્વસન્મુખ થાય નહિ. આહા..હા..! તેથી અનિવૃત્તિકરણાદિના પરિણામને સમકિતી, સમકિત પામતા જાણી શકતો નથી. આવે છે, થઈ જાય છે, હોય છે. આહા..હા..! આવે છે ને એ ? આહા..હા..! બધા પ્રકાર છે.

શુદ્ધાત્મ ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વ એમ. આમ રાગથી ભિન્ન પડે છે ત્યારે શુદ્ધાત્મતત્ત્વ તરફ વલણ જાય છે. '**એવો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તત્ત્વની પ્રાપ્તિ થાય છે.**' લ્યો ! આવી વાત છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ ગુણ-ગુણીના ભેદનો એ વિકલ્પથી પણ જુદા પડતાં, આમ જુદું પડે ત્યારે સ્વસન્મુખ થાય છે, આત્માની સ્વસન્મુખ થાય છે. આહા..હા..! એ અભ્યાસ કરતાં તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! ટૂંકી ભાષાએ ઘણું (કહ્યું છે). શરીર, વાણી, મન તો ક્યાંય એકકોર રહ્યા પણ જે વિકલ્પ છે છેલ્લો એનાથી પણ આમ ભેદ પાડતા, જુદું પાડતા એનું લક્ષ છોડતા, એનું લક્ષ છોડ્યું એટલે સ્વસન્મુખ થયો.

મુમુક્ષુ :– અહીં અભ્યાસ કરતાં કરતાં એમ લખ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અભ્યાસ કરતાં ઇ. પર તરફના વલણને છોડતો ને સ્વ સન્મુખનું વલણ કરતો. આહા..હા..!

જેટલા કોઈ મુક્તિને પામ્યા '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन। अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।**' જે કોઈ અત્યાર સુધી અનંત સિદ્ધપદને પામ્યા એ ભેદજ્ઞાનથી પામ્યા એટલે પરથી જુદું પડીને સ્વસન્મુખ થઈને પામ્યા છે. અને '**अस्यैवाभावतो बद्धा**' કર્મને લઈને નહિ. રાગના ભેદજ્ઞાનનો અભાવ

એને લઈને બંધનમાં છે એ. આહા..હા..! **'अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन'**. જેટલા બંધાયેલા અનાદિકાળના એ ભેદજ્ઞાનના અભાવભાવથી બંધાયેલા છે. આહા..હા..! કર્મથી બંધાયેલા ને કર્મને લઈને, એ વાત નહિ. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ ! આ વીતરાગ માર્ગ તો અત્યારે ફેરફાર થઈ ગયો છે ને એટલે એકદમ ઝીણો પડે. આહા..હા..!

**'ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે.'** ભગવાન જ્ઞાયક સ્વરૂપ એની પર્યાયમાં અનુભવની પ્રાપ્તિ થાય. આહા..હા..! ભાષા શું કામ કરે ? ભાષા જડ, ચૈતન્ય અરૂપી એની વાતું ભાષા દ્વારા કરવી. આહા..હા..! **'જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે,...'** જોયું ? સન્મુખતાની વ્યાખ્યા કરી. જ્ઞાયક સ્વભાવ એના તરફ વર્તમાન પર્યાયની દશા ઢળી રહી છે. વર્તમાન જ્ઞાનની પર્યાય એ જ્ઞાયક તરફ ઢળી રહી છે, આ બાજુ ઢળી છે. આહા..હા..! આવી વાતું છે.

**'ઢળી રહી હોય છે, ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી.'** જ્ઞાયક સ્વભાવ તરફ ઢળતા છેલ્લો ક્યો વિકલ્પ હોય એવો કોઈ નિયમ નથી. આહા..હા..! આવું સ્વરૂપ.

મુમુક્ષુ :– 'ટોડરમલજી'એ તો લીધું, હું શુદ્ધ છું, બુદ્ધ છું એવો વિચાર..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વિકલ્પ આવે પણ એ કઈ જાતનો, આવો જ હોય એવો નિયમ નથી. કોઈને ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ છેલ્લો હોય. આહા..હા..! કોઈને દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદનો છેલ્લો વિકલ્પ હોય. પણ બધાને આવો જ હોય એવું કાંઈ નથી. આહા..હા..!

**'ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા-તીક્ષ્ણતા થાય...'** આહા..હા..! જ્ઞાયક સ્વરૂપ જે ભગવાન જ્ઞાનરસ ને ચિદાનંદ સ્વરૂપ વિજ્ઞાનઘન ત્રિકાળ. આહા..હા..! એક સમયમાં પૂર્ણ જ્ઞાનઘન, એક સમયની પર્યાયથી પણ ભિન્ન. જે પર્યાય તેનું લક્ષ કરે છે, એ પર્યાયથી પણ એ ચીજ ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવું છે.

**'એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા...'** એ જાણક

સ્વરૂપ એવો જ્ઞાયક જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એના તરફના પુરુષાર્થની જે ઉગ્રતા, તીક્ષ્ણતા. ઉગ્રતાની વ્યાખ્યા કરી આમ લીટી કરીને. ઉગ્રતા એટલે શું ? તીક્ષ્ણતા. આહા..હા..! જ્ઞાયકધારાની ઉગ્રતા. અંદર અખંડાનંદ પ્રભુ જ્ઞાયક સ્વભાવ એના તરફનો પુરુષાર્થ **'તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ ક્યો ?' તેનો સંબંધ નથી.'** આહા..હા..! આ સમ્યગ્દર્શન થતાં, રાગથી ભિન્ન પાડતા, અંદર સન્મુખ થતાં છેલ્લો ક્યો વિકલ્પ છે એવો કોઈ નિયમ નથી. આહા..હા..! અને એ વિકલ્પ હોય તો પણ તેનાથી ભેદ કરવો છે. એટલે વિકલ્પનો ત્યાં સહારો નથી. આહા..હા..! આવી વસ્તુ આકરી લાગે માણસને. શું થાય ? બાપુ ! માર્ગ તો આ છે. એની વિધી આ છે. આહા..હા..!

**'ભેદજ્ઞાનની ઉગ્રતા,...'** એટલે કે સ્વસન્મુખની દશામાં ભેદજ્ઞાનની ઉગ્રતા છે. રાગથી ભિન્ન પડીને સ્વસન્મુખની જે ઉગ્રતા છે, **'તેની લગની,...'** આહા..હા..! **'તેની જ તીવ્રતા હોય; શબ્દથી વર્ણન ન થઈ શકે.'** આહા..હા..!

મુમુક્ષુ :- કથંચિત્ વ્યક્તવ્ય છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કથંચિત્ કહેવાય ને કથંચિત્ ન કહેવાય ને કથંચિત્ કહેવાય ન કહેવાય એની પાર છે. એવી વાત છે. એ તો આવ્યું છે, વ્યક્તવ્ય-અવ્યક્તવ્ય કીધું ને. જ્યાં જ્ઞાનપ્રધાન કથન આવે ત્યાં એવું આવે. આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્યને પામવું છે તો વિકલ્પ દ્રવ્ય સંબંધીનો હોય, ગુણ-પર્યાયનો કઈ રીતે હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- દ્રવ્ય સંબંધીનો હોય એમ નહિ, ગુણ સંબંધીનો હોય, અખંડ સંબંધીનો હોય, સામાન્ય સંબંધીનો હોય. આહા..હા..! પણ આવો જ હોય વિકલ્પ ફલાણી જાતનો એમ નહિ.

મુમુક્ષુ :-

પૂજ્ય ગુરુદેવશ્રી :- એનાથી જુદું પાડવું છે એટલે ફલાણી જાતનું એવું કાંઈ નહિ. આહા..હા..! થઈ ગયા ચાર. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૭, શુક્રવાર તા. ૦૫-૦૧-૧૯૭૯.**
**વચનામૃત–૪૨૯ થી ૪૩૧, પ્રવચન–૧૮૦**

'વચનામૃત' ૪૨૯. બીજો પેરેગ્રાફ છે. બીજો પેરેગ્રાફ છે ને ? **'ભેદજ્ઞાનની ઉગ્રતા,...'** અહીંથી શરૂ થયું છે. આહા..હા..! કહે છે કે જ્ઞાયક સ્વરૂપ જે પ્રભુ એ પર્યાયમાં પ્રાપ્ત થાય એ કઈ એની વિધિ ? જ્ઞાયક જે ત્રિકાળી એક સમયની પર્યાયથી પણ ભિન્ન, એ પર્યાયમાં જ્ઞાયક પ્રાપ્ત થાય, મૂળ મુદ્દાની વાત છે આ તો. આહા..હા..! એ ભેદજ્ઞાનની ઉગ્રતા જોઈએ. વિકલ્પ જે છે ગુણ-ગુણીનો ભેદ એવા વિકલ્પથી પણ જુદાપણાનો પુરુષાર્થ અંદર જોઈએ. **'ભેદજ્ઞાનની ઉગ્રતા તેની લગની,...'** જ્ઞાયક સ્વભાવ ધ્રુવ છે તેમાં એની લગની. આહા..હા..!

**'તેની જ તીવ્રતા હોય;...'** ઉગ્રતા પહેલી કીધી પછી અહીં તીવ્રતા શબ્દ વાપર્યો છે. તેની જ અંદર ધ્રુવ સ્વભાવમાં એને પકડવાની ઉગ્રતા હોય. આહા..હા..! પકડે છે એ પર્યાય, ધ્રુવને. આહા..હા..! પણ એના અંતરમાં જવાની જેને ઉગ્રતા હોય, તીવ્રતા હોય, ધગશ હોય. આહા..હા..! બીજી ગમે તે વાત હોય બહારથી. જાણપણું ઓછું હોય, વધારે એની સાથે કાંઈ સંબંધ નથી. રાગની મંદતા ગમે તે જાતની હોય પણ એની સાથે સંબંધ નથી, એનાથી તો ભિન્ન પાડવું છે. આહા..હા..!

**'શબ્દથી વર્ણન ન થઈ શકે.'** રાગથી ભિન્ન અને પર્યાયથી તેને પકડવો. આહા..હા..! એને શબ્દથી શું કહી શકાય ? ઇશારાથી કહે. **'અભ્યાસ કરે,...'** તીવ્ર પુરુષાર્થથી રાગથી ભિન્ન કરવાનો, અંતર્મુખ થવાનો **'અભ્યાસ કરે, ઊંડાણમાં જાય,...'** આહા..હા..! પર્યાય ઉપર જે દૃષ્ટિ છે તે ઊંડાણમાં જાય એમ કહે છે.

મુમુક્ષુ :– દ્રવ્યમાં જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પછી ધ્રુવમાં જાય, આ ધ્રુવ ઉપર જાય. આહા..હા..! દૃષ્ટિ કરે છે પર્યાય. કારણ કે થાય છે કાર્ય પર્યાયમાં. વેદાંતી પર્યાય માનતા નથી, પ્રગટ પર્યાય માનતા નથી. એ તો કૂટસ્થ વસ્તુ છે. બસ એક જ. પણ એ સામાન્ય છે

એ નિર્ણય કોણે કર્યો ? એ પર્યાય નિર્ણય અંતર્મુખ થઈને કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો તદ્દન માખણની વાત છે. આહા..હા..!

**'ઊંડાણમાં જાય,...'** એટલે ? પર્યાય જે પ્રગટ છે બાહ્ય તે પર્યાયને અંદર ઊંડાણમાં લઈ જાય, ધ્રુવ તરફ લઈ જાય. આહા..હા..! શું થાય ભાષાનું ? પર્યાય છે તે ઉપર છે, ઉપર તરે છે અને પર્યાયની અંતરમાં, ઊંડાણમાં ધ્રુવ છે. આહા..હા..! એ પર્યાયને ઊંડાણમાં લઈ જાય, ધ્રુવ તરફ લઈ જાય. આવું છે ઝીણું, બાપુ ! આહા..હા..! **'તેના તળમાં જઈને ઓળખે,...'** તળ છે એ તળ. આહા..હા..! ધ્રુવ છે એ પર્યાયનું તળ છે. આહા..હા..! એક સમયની પર્યાય ઉપર ઉપર તરે છે. તે પર્યાયને ઊંડાણમાં એટલે જે અંતરમાં ચીજ છે... આહા..હા..! ત્યાં લઈ જાય. ઇ તેના તળમાં જઈને ઓળખે, ધ્રુવમાં પર્યાયને લઈ જાય અને તેને ઓળખે. ઓળખે એ પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ ? ઓળખે એમ કહ્યું ને ? તળમાં જઈને ઓળખે. ધ્રુવ તરફ દૃષ્ટિ કરી અને તેને ઓળખે. આવું ઝીણું છે. ભાઈ ! આવો માર્ગ ઝીણો બહુ, બાપા ! 'લંડન'માં વાંચે છે ને.

**'તેના તળમાં જઈને ઓળખે,...'** એટલે ? વર્તમાન જે પ્રગટ પર્યાય, જ્ઞાન છે તે તો પર તરફના લક્ષવાળી છે. હવેની પર્યાય,.. આહા..હા..! એને રાગથી ભિન્ન કરતાં દ્રવ્યની પર્યાય જે થાય, તે પર્યાયને તળમાં લઈ જાય. આહા..હા..! વિશેષ જે પર્યાય છે એને સામાન્ય જે ધ્રુવ, પર્યાયની તળમાં ધ્રુવ છે, અંતરમાં છે, બાહ્યમાં તો, પર્યાયની બાહ્યમાં તો રાગાદિ છે પણ પર્યાયને અંતરમાં ધ્રુવ.. આહા..હા..! પર્યાયને ધ્રુવમાં લઈ જાય ને તળમાં લઈ જાય ને. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયને ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇ જ કહે છે કે રાગથી પહેલું જુદું પડે અને એ પર્યાયના લક્ષમાં આવે એ પર્યાય એનામાં વાળે. આહા..હા..! જ્ઞાનની પર્યાય રાગથી આમ પૃથક છે. હવે એ પર્યાયને અંતરમાં વાળે. તળિયામાં લઈ જાય, ધ્રુવમાં લઈ જાય. આહા..હા..!

મુમુક્ષુ :- રાગથી પૃથક હોય એ તો આત્મા તરફ વળી જ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ એ પૃથક થયો છે એ પહેલો ભેદ સમજાવવો છે. પણ છતાં એ ભેદ થયો છે એ પર્યાય અંતરમાં જાય ત્યારે તેને તળને ધ્રુવને ઓળખે.

આહા..હા..! તળિયામાં મોટો પ્રભુ બિરાજે છે. પર્યાયની સમીપમાં, અંતરમાં, અંતર્મુખમાં પર્યાયની સમીપમાં, અંતર્મુખમાં. આહા..હા..! આખું તત્ત્વ, શુદ્ધ તત્ત્વ પ્રભુ એને નિશ્ચય આત્મા કહીએ, પર્યાયને તો વ્યવહાર આત્મા કહેવાય. આહા..હા..! અને અગિયારમી ગાથાના હિસાબે તો પર્યાય અભૂતાર્થ–નથી એમ કહેવાય. કઈ અપેક્ષાથી ?

ત્રિકાળી ધ્રુવ તરફ દૃષ્ટિ કરાવવા પર્યાય નથી, પર્યાય નથી એને ગૌણ કરવા. નથી–અભૂતાર્થ (છે). નહિતર અભૂતાર્થ કીધી પર્યાયને, નથી એમ કીધી છે. પણ પર્યાયને ગૌણ કરીને એનું લક્ષ છોડવા ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરીને નિશ્ચય કરાવવા તે મુખ્ય તે નિશ્ચય છે અને પર્યાય ગૌણ કરીને, વ્યવહાર કરીને નથી તેમ કહ્યું છે. આહા..હા..! પર્યાય નથી જ તો પછી કામ તો પર્યાયથી થાય છે. પ્રગટ પર્યાય નથી. આહા..હા..! આકરું કામ છે મોટું. કામ તો પર્યાયમાં લેવાનું છે. આહા..હા..! ધીરાના કામ છે, ભાઈ ! આ તો. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આ ? આહા..હા..! બધા છોકરાઓને પકડાય છે, હવે ઘણા છોકરાઓ વાતું કરે છે. ઓ'લો એક છોકરો નહોતો આવ્યો ? છોકરો ટાઢો છે. નાની ઉંમરનો ૧૮ વર્ષનો. જ્ઞાયક જ્યાં યાદ આવે છે ને ભારે આનંદ આવે છે. ભાષા તો આવી જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... ભગવાન. તમારે સગો થાય ને. છોકરો નરમ છે. આહા..હા..!

પહેલો જ્ઞાયક છે આ વસ્તુ એવો વિકલ્પથી એને ખ્યાલમાં આવે. ખ્યાલમાં આવે તો જ્ઞાનથી. સમજાય છે ? પણ વિકલ્પપૂર્વક એને જ્ઞાનની પર્યાયમાં આ વસ્તુ છે અંદર જ્ઞાયક છે, ધ્રુવ છે, સદૃશ છે, સામાન્ય છે, એકરૂપ છે. આહા..હા..! પર્યાયને ઊંડાણમાં, તળીયામાં લઈ જઈ. આહા..હા..! આથી બીજી ભાષા કેટલી થાય ?

**'તળમાં જઈને ઓળખે,...'** ઓળખે છે એ પર્યાય. આહા..હા..! આમ પર્યાય ગઈ એ પર્યાય નહિ પર્યાય ગઈ એ ઓળખે. ધ્રુવને ક્યાં ઓળખવું હતું ? આહા..હા..! એ ત્યાંથી તેથી કહ્યું છે ને વેદાંત(માં). પર્યાય છે જ નહિ. પર્યાય નથી તો પછી એકરૂપ અભેદ છે એ નિર્ણય શેમાં કર્યો ? આહા..હા..! અત્યારે બહુ વેદાંતનો આ સુધરેલામાં બહુ પ્રચાર છે, બાહ્યમાં પણ બહુ પ્રચાર છે. 'હિન્દુસ્તાન'માં સુધરેલ લોકો(ને) વાતું કરવી.

મુમુક્ષુ :– અદ્વૈત ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અદ્વૈત, બસ. બે નહિ. આત્મા અનુભવ કરે એ પણ નહિ.

એમ ના પાડે છે. આત્મા અને અનુભવ એ તો બે થઈ ગયું. કારણ કે અનુભવ તો પર્યાય થઈ ગઈ. આહા..હા..! છે ને. જેની દૃષ્ટિ એકાંત છે એને એ ભાસે નહિ. આહા..હા..! અને અસત્ય જ સત્ય લાગે. આહા..હા..! તેના તળમાં જઈને, તળમાં જાય કોણ ? પર્યાય. અને ઓળખે કોણ ? પર્યાય. આહા..હા..!

**'તળમાં જઈને ઠરે.'** પછી ઓળખ્યું ને. જ્ઞાન આમ થયું ને પછી અંદર ઠર્યો, એકાગ્ર થાય. આહા..હા..! ચાર લીટીનો છે પણ આખો સાર છે. આહા..હા..! **'તળમાં જઈને ઠરે.'** ધ્રુવને–પર્યાયને લઈ જઈ આ છે આત્મા, એમ ઓળખી અને એમાં ઠરે. **'તો પ્રાપ્ત થાય...'** જે વસ્તુ જ્ઞાયક છે એ પ્રાપ્ત થાય એટલે ? પર્યાયમાં જણાય. પ્રાપ્ત થાય એટલે પર્યાયમાં જ્ઞાયક આવી જતો નથી. આહા..હા..! અરે..! આવી વાત છે. જ્ઞાયકની પર્યાય જે વર્તમાન, એમાં જ્ઞાયક પર્યાયને અંતરમાં લઈ જતાં તળમાં જતાં ઓળખે અને ત્યાં ઠરે. એ પણ પર્યાય છે. આહા..હા..!

**'જ્ઞાયક પ્રગટ થાય.'** પ્રાપ્ત થાય એની વ્યાખ્યા. લીટી કરી છે ને લીટી ? પ્રાપ્ત થાય એટલે શું, એમ એનો અર્થ. **'જ્ઞાયક પ્રગટ થાય.'** આહા..હા..! જ્ઞાયક પ્રગટ થાય તો જ્ઞાયક છે જ. અગિયારમી ગાથામાં આવ્યું હતું ને ? અગિયારમી. જ્ઞાયકભાવ અજ્ઞાનીને તિરોભૂત છે. એને તિરોભૂત છે વસ્તુ તો કાંઈ તિરોભૂત (નથી). છે તો ઇ છે. આહા..હા..! અગિયારમી ગાથા. અને જે આમ ભેદ, રાગથી (જુદો) પડીને જ્યાં શુદ્ધનો આશ્રય લીધો ત્યારે જ્ઞાયક આવિર્ભાવ થયો. જ્ઞાયક તો જ્ઞાયક જ થયો પણ જ્ઞાનમાં, ખ્યાલમાં આવ્યો કે આ જ્ઞાયક, એ આવિર્ભાવ થયો. આહા..હા..! આકરું કામ છે, ભાઈ ! મૂળ વસ્તુને જાણવું હજી પહેલું આ રીત એની પદ્ધતિ છે ઇ કઠણ (છે). આહા..હા..!

**'ઠરે તો પ્રાપ્ત થાય એટલે કે જ્ઞાયક પ્રગટ થાય.'** એમ એનો અર્થ ઇ. એટલે કે પર્યાયમાં જ્ઞાન જણાય, એ જ્ઞાયક પ્રગટ થાય. પર્યાયમાં જ્ઞાયક જણાય, એ જ્ઞાયક પ્રગટ થાય એમ કીધું. જ્ઞાયક તો છે ઇ છે, પ્રગટ ને અપ્રગટ એમાં કાંઈ છે નહિ. આહા..હા..! દ્રવ્ય જે છે જ્ઞાયક વસ્તુ અને એનું સત્ત્વ જ્ઞાયકભાવ એ તો પરિપૂર્ણ, પરિપૂર્ણ એકરૂપ ત્રિકાળ શુદ્ધ છે. એને આવરણને એને અનઆવરણ એવો એને શબ્દ લાગુ પડતો નથી. સમજાણું કાંઈ ? પણ આ જાણવામાં નહોતો. પર્યાય જ્ઞાયકને જાણતી નહોતી, પર્યાય પર્યાયને જાણતી ને રાગને જાણતી (હતી) એથી તેને જ્ઞાયક

ઢંકાય ગયો એમ એની પર્યાયમાં આવ્યો નહિ એટલે ઢંકાય ગયો (એમ કહેવાય છે). આહા..હા..! અને જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતાં પર્યાયમાં જ્ઞાયક જણાણો એ જ્ઞાયક પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. જ્ઞાયક તો દ્રવ્ય છે ઇ છે. આહા..હા..! દેવ છે ને ભગવાન મોટો અંદર. આહા..હા..! કહો સંભળાય છે ? સમજાય છે કે નહિ ? ભાઈ ! ન્યાં 'કલકત્તા-બલકત્તા'માં ક્યાંય ન મળે વાત. આહા..હા..!

અરે..! પ્રભુ ! તું ક્યાં છો ? કે, હું તળમાં છું, ધ્રુવમાં છું. એ તળમાં પર્યાયને લઈ જાય તો તેને જ્ઞાયકના તળનું જ્ઞાન થાય. આહા..હા..! સામાન્યનું જ્ઞાન વિશેષમાં થાય. વિશેષ જ્ઞાન ધ્રુવમાં વળે ત્યારે વિશેષમાં ધ્રુવનું જ્ઞાન થાય. એ જ્ઞાયક પ્રગટ્યો એમ કહેવામાં આવે. આહા..હા..! આમ છે. એ ૪૨૯.

**પ્રશ્ન :– નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય ? દ્રવ્યનું કે પર્યાયનું ?**

**ઉત્તર :– દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય.**

**સ્વભાવે દ્રવ્ય તે અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે. ૪૩૦.**

૪૩૦, '**પ્રશ્ન :– નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય ? દ્રવ્યનું કે પર્યાયનું ?**' આત્મા જ્ઞાયક સ્વરૂપ ભગવાન એની અંતરમાં દૃષ્ટિ થતાં, નિર્વિકલ્પ દશા થતાં એટલે રાગનો વિચાર રાગમિશ્રિત છૂટીને ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ છે, ભગવાન સર્વજ્ઞે જોયો એવો આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર છે એની દૃષ્ટિ નિર્વિકલ્પ થતાં એટલે રાગમિશ્રિત વિચાર છૂટતાં. આહા..હા..! એકલી નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં, નિર્વિકલ્પ દશા થતાં એમ કીધું છે. આહા..હા..! એટલે શું ? કે, આત્મા જે આનંદ સ્વરૂપ ભગવાન 'ધ્રુવ સ્વરૂપ ચેતનરૂપ અનૂપ અમૂર્ત, સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું અને ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ દ્રવ્ય સ્વભાવ, આહા..હા..! તેની નિર્વિકલ્પ દશા થતાં તેનું

સમ્યગ્દર્શન. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું થાય ? કહે છે. શું કહે છે એ ? આત્મા જે નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ છે પ્રભુ ! એની પર્યાયમાં નિર્વિકલ્પ દશા થાય, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ એ નિર્વિકલ્પ દશા થઈ. સમ્યગ્દર્શન થયું એ નિર્વિકલ્પ દૃષ્ટિ છે, નિર્વિકલ્પ દૃષ્ટિ છે તે નિર્વિકલ્પ દશા છે. આહા..હા..! કેમ કે ભગવાનઆત્મા પોતે નિર્વિકલ્પ સ્વરૂપ છે ત્રિકાળ, એની દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ દૃષ્ટિ થાય. આહા..હા..! આ સમ્યગ્દર્શન.

એ નિર્વિકલ્પ દશા થતાં વેદન શેનું થાય ? કહે છે. ધ્રુવનું વેદન થાય કે પર્યાયનું વેદન થાય ? પ્રશ્ન સમજાય છે ? આ તો માર્મિક શબ્દ અંદર છે, ભાઈ ! આ કાંઈ કથા, વાર્તા (નથી). ભક્તિ કરવી ને પૂજા કરવી ને સ્તુતિ કરવી ને સ્તવન કરવા ને એ બધા વિકલ્પની વાતું નથી. આ તો પ્રભુ આત્મા અંતરના સ્વરૂપમાં જતાં નિર્વિકલ્પ જે સમ્યગ્દર્શન થતાં, ચોથું ગુણસ્થાન થતાં, નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં દશા નિર્વિકલ્પ થઈ તે નિર્વિકલ્પ દશામાં વેદન દશાનું છે કે વેદન ધ્રુવનું છે ? સમજાય છે કાંઈ ? ભાઈ ! સમજાય છે ને ભાષા ? નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય ? દ્રવ્યનું કે પર્યાયનું ? પ્રશ્ન તો બરાબર છે. એમ કે નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ એટલે પછી હવે વેદન શેનું ? દ્રવ્યનું ? દ્રવ્ય ઉપરની દૃષ્ટિ એ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ. વસ્તુ જે ત્રિકાળ છે ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો ઇ, જિનેશ્વરે જોયો આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ. આહા..હા..! જે નિત્યાનંદ પ્રભુ છે એની દશામાં નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં એ દશા થઈ, એ દશામાં વેદન કોનું છે ? દ્રવ્યનું વેદન છે કે પર્યાયનું વેદન છે ? સમજાય છે કાંઈ ? આ તો માર્ગ, બાપા ! એ અંતરની વાતું છે. આહા..હા..!

**'ઉત્તર :–'** પહેલો પ્રશ્ન સમજાણો ? કે આત્મા જ્ઞાયક સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ છે એના રાગમિશ્રિત વિચાર છૂટતા સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતા એને રાગ વિનાની નિર્વિકલ્પ અભેદ દૃષ્ટિ સમ્યક્ થાય છે, સમ્યગ્દર્શન હજી તો ચોથું ગુણસ્થાન પછી શ્રાવક ને મુનિ તો ક્યાંય રહ્યા, બાપા ! એ તો ચીજ આઘી (છે). સમજાણું કાંઈ ? એ નિર્વિકલ્પ દશા થતાં, દશા થતાં પૂછ્યું છે, દૃષ્ટિ થતાં એમ પૂછ્યું નથી. વસ્તુ છે એ તો નિર્વિકલ્પ ત્રિકાળ છે સામાન્ય. હવે નિર્વિકલ્પ દશા થતાં... આહા..હા..! વેદન શાનું હોય ? દ્રવ્યનું વેદન ? હજી દ્રવ્ય શું ને પર્યાય શું એની ખબરું ન મળે. જગતના પાપ આગળ નવરો ક્યાં છે. ભાઈ ! છોકરા, છોડીયું નથી એનેય નવરાશ

નથી, નિવૃત્તિ મળતી નથી. હુતો-હુતી બે જણા હોય તોય નિવૃત્તિ નથી. બરાબર છે ભાઈ ? આહા..હા..! કહે છે, એક વાર સાંભળ તો ખરો, પ્રભુ ! તું કેવડો અંદર છો અને વેદનમાં શું આવે ? કેવડો તું અંદર છો, એ દ્રવ્ય. અને પર્યાયમાં વેદન કોનું થાય ? દશા થતાં વેદન કોનું થાય.

**'ઉત્તર :– દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે;...'** આહા..હા..! પર્યાયની દૃષ્ટિ જે છે એ તો ધ્રુવ ઉપર જ હોય છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ, ધર્મના પહેલાં શરૂઆતના પાયાની દૃષ્ટિ. આહા..હા..! **'દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની 'જ'...'** ત્રિકાળ ભગવાન પૂર્ણ આનંદ જ્ઞાયકભાવ. આહા..હા..! દૃષ્ટિ તો ધ્રુવ ઉપર હોય છે, **'વેદાય છે આનંદ આદિ પર્યાય.'** આહા..હા..! સમજાય છે કાંઈ ? સામાન્ય જે જ્ઞાયક ત્રિકાળ છે એના ઉપર, દૃષ્ટિ તો એના ઉપર ધર્મીની (છે). એને-ધર્મીને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહા..હા..! ધર્મની પહેલી શરૂઆતવાળો એને કહીએ.

તો કહે છે કે એ દશા થઈ એમાં દશાનું વેદન પર્યાયનું છે કે દ્રવ્યનું છે ? આહા..હા..! **'દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે;...'** દૃષ્ટિ તો પર્યાય છે. એ પર્યાય, આહા..હા..! દૃષ્ટિ એટલે પર્યાય તો ધ્રુવસ્વભાવની જ હોય છે, દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ધ્રુવની હોય છે, **'વેદાય છે આનંદાદિ પર્યાય.'** ભાઈ ! પકડાય છે ? આ તો ભાષા સાદી છે. 'લંડન'માં વાંચે છે ને ભાઈ ! એને પ્રેમ છે. આવી વાત છે, બાપા ! આહા..હા..! શું થાય ? વેદાય છે પર્યાય, વેદાય દ્રવ્ય નહિ. આહા..હા..! જો બધી પર્યાય અંદરમાં ગરી ગઈ હોય તો વેદનની પર્યાય ક્યાં રહી ? સમજાણું કાંઈ ? આહા..હા..! મોટો ફેર. અંદર આંતરો કેટલો છે. પૂછવામાં આ પ્રશ્ન છે.

શરીર, વાણી, મન આ તો માટી, ધૂળ, જડ છે. આ તો માટી, જડ, ધૂળ. પૈસા-બૈસા ધૂળ તો ક્યાંય રહી ગયા. એ તો ભલે કરોડ હોય કે પાંચ કરોડ હોય કે દસ કરોડ (હોય), એ બધી ધૂળ ક્યાંય રહી ગઈ. એ કાંઈ આત્માની નથી ને આત્મામાં નથી. હવે આત્મામાં પુણ્ય ને પાપના વિકાર એ પણ એમાં નથી. હવે એમાં છે બે, એક સામાન્ય ધ્રુવ અને વિશેષ પર્યાય. સમજાણું કાંઈ ? સામાન્ય જે ત્રિકાળી છે એટલે ધ્રુવ અને વર્તમાન પર્યાય વિશેષ છે તે પર્યાય. હવે બે છે તેમાં દૃષ્ટિ ધ્રુવ ઉપર હોવા છતાં વેદન કોનું છે ? દૃષ્ટિ દ્રવ્યની થઈ અને સમ્યગ્દર્શન થયું, નિર્વિકલ્પ દશા (થઈ) એટલે દશામાં, દશાનું વેદન છે કે દશાવાન ધ્રુવનું વેદન છે ?

કહે છે કે, **'દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે;...'** આહા..હા..! **'પણ વેદાય છે આનંદાદિ પર્યાય.'** અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય વીર્યની જે અવસ્થા તે વેદનમાં, પર્યાય વેદનમાં છે. પર્યાયનું વેદન છે, ધ્રુવનું વેદન હોતું નથી. છતાં બીજે ઠેકાણે કહેશે પાછું કે ધ્રુવ ને પર્યાય બેયનું વેદન (છે). એટલે ઓ'લા ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ ને એટલે પર્યાયમાં ધ્રુવનું સામાર્થ્ય ખ્યાલ(માં) આવ્યો ને એટલે એ ધ્રુવનું વેદન છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ ? આમાં છે આગળ. ધ્રુવ ને પર્યાય બેય આમાં છે ને ? આમાંય છે. પહેલાંમાં છે.

મુમુક્ષુ :– 'સોગાની'માં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'સોગાની'માં છે. એમાં પણ છે. આહા..હા..! ધ્રુવ વેદાય છે એમ કહેવાય. એ વેદાય છે એટલે ? ધ્રુવ વેદાતું નથી. પણ જે ધ્રુવ ઉપર દૃષ્ટિ નહોતી અને પર ઉપર હતી ત્યારે પર્યાય એકનું વેદન આમ હતું, આ રાગનું. એ ધ્રુવ ઉપર દૃષ્ટિ થતાં ધ્રુવનું વેદન છે, એ વેદન છે તો પર્યાયનું. આહા..હા..! પણ એ ધ્રુવ તરફના જોરવાળી જે પર્યાય છે એથી તેને ધ્રુવનું વેદન ને પર્યાયનું વેદન બેય કહેવાય છે. સમજાણું કાંઈ ? છે તો પર્યાયનું વેદન. આહા..હા..! આવી વાતું હવે. ઓ'લું તો ભાઈ ! જાત્રા કરો, ભક્તિ કરો, વ્રત કરો, ભગવાનની પૂજા કરો. હવે એ તો બધું અનંત વાર કર્યું, સાંભળને. એ કાંઈ ધર્મ નથી. એ તો બધી રાગની ક્રિયાઓ છે. આહા..હા..!

અહીં તો રાગથી ભિન્ન પડી અને સ્વરૂપ શુદ્ધની નિર્વિકલ્પ દશા થઈ. જે રાગવાળી દશા, રાગની એકતાની બુદ્ધિની દશા હતી એ દશા. આહા..હા..! હવે નિર્વિકલ્પ દશા થઈ, સ્વરૂપ તરફની એકાગ્રતાની રાગમિશ્રિત વિચાર છૂટીને સ્વભાવની દૃષ્ટિ થઈ એ નિર્વિકલ્પ દશા થઈ. હવે દશા થઈ એમાં વેદન કોનું ? કહે છે. કે દશા થઈ છતાં દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે. વેદનમાં આનંદ ને જ્ઞાનની પર્યાય પ્રગટ વ્યક્ત છે તે વેદાય છે. આહા..હા..! કહો, 'પંડિતજી' ! આવી વાતું છે.

મુમુક્ષુ :– ધ્રુવનું વેદન માને તો કઈ ભુલ થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધ્રુવનું વેદન હોય નહિ ને. ધ્રુવ શું (વેદાય) ? એ તો સામાન્ય છે એકરૂપ. પરિણમે એનું વેદન હોય, ન પરિણમે એનું વેદન ન હોય. જે બદલે એનું વેદન હોય. એ કહેશે હજી, અહીં પછી કહેશે. બહુ સરસ વાત આવી છે. સહેજે

આવી ગઈ છે બહેનના ઓ’લામાંથી. (સ્વાધ્યાયમાંથી) કોઈએ પૂછ્યું હશે ને આવી ગયું. તે લખાઈ ગયું. તે લખનારને કાંઈ ખબર નહોતી કે, આ બહાર પડશે, કહેનારને કાંઈ ખબર નહોતી કે આ લખાય છે. આહા..હા..!

સહેજ મિલા સો દૂધ બરાબર, આવે છે ને ? માંગવા આવે ત્યારે. ખેંચ લીયા સો પાની, માંગ લીયા સો પાની, ખેંચ લીયા સો રક્ત બરાબર, ગોરખ બોલે વાણી. આહા..હા..! સતિયા સત્ મત છોડીએ સત્ છોડે પત જાય. એમ બોલતા. અમારે દુકાન પાસે આવતા ને. હંમેશા એક બાવો આવે. ‘પાલેજ’માં રિવાજ હતો. એક જણો આપે એને કાંઈક. માગવા આવે દરેક દુકાને, દરરોજ કાંઈક ફકીર હોય કે બાવો હોય રોજ આવે. એક પૈસો આપે એને બસ. તે દિ’ તો સીત્તેર વર્ષ પહેલાંની વાત. પૈસો આપે બસ ખુશી ખુશી થઈ જાય. દોઢસો ઘર હોય દોઢસો પૈસા આવે. આહા..હા..!

ઇ આમ બોલતા,

**સત્યા સત્ મત છોડીએ, સત્ છોડે પત જાય,**
**સત્‌ની બાંધી લક્ષ્મી ફિર મિલેગી આયે.**

સત્ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ તેની દૃષ્ટિ ન છોડ. આ સત્‌ની દૃષ્ટિ કર એની. આહા..હા..! એ દૃષ્ટિ કરતાં તને નિર્વિકલ્પ દશામાં આનંદ આદિનું વેદન આવશે, ધ્રુવનું વેદન નહિ. આહા..હા..! સામાન્ય જે છે દ્રવ્ય, સામાન્ય છે એ તો એકરૂપ છે એ કહેશે. એકરૂપમાં વેદન કેવું ? બદલે એનું વેદન હોય. આહા..હા..! આ શું કહે છે ? કઈ જાતનો આ તે ધર્મ ? બાપુ ! આ વીતરાગનો ધર્મ આવો છે, ભાઈ ! આહા..હા..! ભાઈ ! આવી વાત છે આ. ન્યાં ક્યાંય ‘કલકત્તા’માં નથી. આહા..હા..! પ્રભુ ! પ્રભુ ! તું ક્યાં છો ? ઇ છે તેને જાણ્યો, નિર્વિકલ્પ દશા થઈ તો પ્રભુ કહે છે કે અહીં પ્રશ્ન કરે છે કે નિર્વિકલ્પ દશા થઈ એ નિર્વિકલ્પ દશામાં દ્રવ્યનું વેદન છે કે પર્યાયનું ? કે ભાઈ ! દ્રવ્ય ઉપર દૃષ્ટિ તો ત્યાં છે. વેદન એનું નથી. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ છે જામી ગઈ છે અંદરથી. આહા..હા..!

**‘વેદાય છે આનંદાદિ પર્યાય.’** આહા..હા..! અતીન્દ્રિય આનંદ જે શક્તિરૂપે હતો તે નિર્વિકલ્પ દશા થતાં વ્યક્તરૂપે અતીન્દ્રિય આનંદનું વેદન, અતીન્દ્રિય જ્ઞાનનું વેદન, અતીન્દ્રિય સમ્યગ્દર્શનનું વેદન, અતીન્દ્રિય પ્રભુતાનું વેદન, અતીન્દ્રિય સ્વચ્છતાનું

વેદન, અતીન્દ્રિય કર્તા-કર્મ આદિ પર્યાયનું વેદન પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ ? કહો, ભાઈ ! આવી વાતું છે.

મુમુક્ષુ :– આ જ વાત કરવા ને સાંભળવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે..રે..! બાપુ ! આવું માણસપણું અરે..! ક્યારે મળશે ? ભાઈ ! આહા..હા..! આ તો આવે છે ને ભાઈ ! આ ભવ ભવના અભાવ માટે ભવ છે. બાપુ ! આ ભવને ભોગવવા માટે ભવ નથી. આહા..હા..! ભવ ભવના અભાવના ભોગવટા માટે આ ભવ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ધ્રુવ ભોગમાં આવી જાય તો એનો નાશ થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધ્રુવ છે પણ એ તો એકરૂપ છે. પલટતું હોય એનું વેદન હોય, ન પલટે એનું વેદન શું ? સમજાણું કાંઈ ? ઇ કહેશે નીચે.

**'સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે...'** જોયું ? વસ્તુ જે છે ભગવાનઆત્મા એ તો સ્વભાવથી અનાદિઅનંત છે. જે ફરતું નથી, જોયું ? આહા..હા..! મૂળ તો સિદ્ધાંત આખો આવે છે એમાં. જે ધ્રુવ છે એ તો ફરતું નથી, બદલતું નથી. બદલતું નથી, ફરતું નથી એનું વેદન શું ? આહા..હા..! સમજાણું કાંઈ ? ન્યાયથી, લોજીકથી પકડાય એવું છે. એના ખ્યાલમાં તો વાત પહેલી આવી જોઈએ. આહા..હા..!

સ્વભાવે દ્રવ્ય તો ભગવાનઆત્મા કાંઈ નવો થયો નથી. અનાદિનો છે, અનંત કાળ છે એ દ્રવ્ય સ્વરૂપ તો છે એ છે. એ દ્રવ્યને તો આવરણ પણ નથી ને અનઆવરણ થવું એ નથી. આહા..હા..! દ્રવ્ય તો અનાદિઅનંત છે. એની આદિ નથી ને અંત નથી. આહા..હા..! **'જે ફરતું નથી,...'** આહા..હા..! સામાન્ય જે છે ધ્રુવ એ પલટતું નથી, બદલતું નથી. આહા..હા..! **'બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી,...'** જે બદલતું નથી તેના ઉપર દૃષ્ટિ કરવાથી બદલતી દૃષ્ટિને તેના ઉપર લઈ જતા. આહા..હા..! પલટતી દશાને નહિ પલટતા તત્ત્વ ઉપર લઈ જતા. આહા..હા..! **'તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી,...'** આહા..હા..! ધ્યાન એ પર્યાય છે. પણ તેનું ધ્યાન એટલે ધ્રુવનું. ધ્યાનની પર્યાયમાં ધ્રુવને દૃષ્ટિમાં લેતા, લક્ષમાં લેતા. આહા..હા..! બહુ થોડા શબ્દમાં... **'તેનું ધ્યાન કરવાથી,...'** આહા..હા..! અરે..! આવું સાંભળવા મળે નહિ ને જિંદગી ચાલી જાય મજુરી કરી કરીને એકલી. ભાઈ ! આ સંસારની મજુરી છે બધા, ભલે કરોડોપતિ થાય બધા ભિખારા મજુર આખો દિ' આ કરું... આ કરું...

આ કરું... આ કરું... રાગને કરું, દ્વેષને કરું, આ કરું. આહા..હા..! ભિખારીઓ અંતરની લક્ષ્મીની ખબર નથી એને, બહારની લક્ષ્મીને પોતાની માનીને ભીખ માગે છે ભગવાન. આહા..હા..! ભગવાન, ભગવાનના પૂર્ણ ગુણોથી ભરેલો છે, પૂર્ણ લક્ષ્મીથી ભરેલો ધ્રુવ છે. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ હોવાથી જે ફરતું નથી તેના ઉપર દૃષ્ટિ હોવાથી, જે પલટતું નથી તેના ઉપર દૃષ્ટિ હોવાથી, તેના ઉપર દૃષ્ટિ શું ? તેનું ધ્યાન કરવાથી. આહા..હા..! ધ્રુવ ત્રિકાળ પરમાત્મા સામાન્ય ને વિશેષ સ્વરૂપ છે. એને વિશેષને– વિશેષ એ ધ્યાન, એને ધ્યાનમાં ધ્યેય દ્રવ્યને લેતા. આહા..હા..! **'પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે.'** આહા..હા..! થોડા શબ્દોમાં.

ફરીને **'સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે...'** ભગવાનઆત્મા કોઈ એનો કર્તા નથી કોઈ ઈશ્વર-બિશ્વર (નથી). કેમ કે એ નવો થયો નથી. એ તો અનાદિ છે. છે તેને આદિ શી ? છે તેનો નાશ શો ? છે તેના સ્વભાવની પૂર્ણતામાં ખામી શી ? આહા..હા..! એ તો પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન નિત્ય ઉદયરૂપ છે. એ આવી ગયું છે. આહા..હા..! **'તેના ઉપર દૃષ્ટિ કરવાથી,...'** આહા..હા..! **'તેનું ધ્યાન કરવાથી,...'** દૃષ્ટિ કરવાથી એટલે તેનું ધ્યાન કરવાથી. ધ્યાનનો વિષય ધ્રુવને બનાવવાથી. ઓ'લામાં છે 'પરમઅધ્યાત્મ તરંગિણી' બે, ત્રણ ઠેકાણે (આવે છે). પર્યાય ધ્યાન છે તેનો વિષય ધ્યેય–ધ્રુવને બનાવવાથી. પર્યાય ધ્યાન છે તેનો વિષય ધ્રુવ બનાવવાથી. આહા..હા..! આવી વાતું હવે. ઓ'લું તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય ચોઇન્દ્રિય ... મિચ્છામી દુક્કડમ, જાઓ. તસ્સઉત્તરી સામાયિક થઈ ગઈ. ધૂળેય નથી બાપા ! સામાયિક નથી ને એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! રાગનું કરવું ને ક્રિયા જડની કરવી. આહા..હા..! ભાઈ ! કાલ કહેતા હતા ને ? ક્રિયાકાંડનું છે બધું ન્યાં. કાલ કહેતા હતા. બધી ક્રિયાકાંડ આ કરો ને આ કરો ને આ કરો ને ... એ પણ સાચી સરખી ક્યાં છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ પણ જેવા જોઈએ એવા, વ્યવહારે અજ્ઞાનમય જેવા પણ ક્યાં છે. આહા..હા..! શું થાય ? પ્રભુ ! લાજપ આવે છે, કહેતા લાજ આવે છે પ્રભુ તારા સ્વરૂપની ભૂલ બતાવતા. આહા..હા..!

કહે છે કે પ્રભુ ! અંદર અનાદિ અનંત વસ્તુ છે તે તો ફરતી નથી, પલટતી નથી, પર્યાયમાં આવતી નથી, પરિણમન તે ધ્રુવનું થતું નથી. આહા..હા..! **'તેનું ધ્યાન કરવાથી,...'** ફરતી નથી ને પલટતી નથી તેનું ધ્યાન કરવાથી. ધ્યાન છે એ પર્યાય

છે પલટતી. પણ નથી ફરતું તેનું ધ્યાન કરવાથી. (પોતાની વિભૂતિ પ્રગટે છે.) આહા..હા..! બહુ ટૂંકા શબ્દમાં. એની મેળાએ વાંચી જાય ભાઈ ! એ તો બહુ સમજાય એવું નથી, તત્ત્વ ઝીણું બહુ. ભાઈ કહેતા હતા બે વાર વાંચ્યું છે. આહા..હા..! 'લંડન'માં બે વાર વાંચ્યું છે. આહા..હા..! અનાર્ય દેશ છે એ તો આખો. ખ્રિસ્તીનું ત્યાં જોર વધારે. આહા..હા..! ખ્રિસ્તી ઈશુ ઈશ્વરનો અવતાર હતો. ધૂળેય નથી. ઈશ્વરનો પુત્ર હતો. આહા..હા..! એ જુદી વાત. ગણધર છે એ તો સર્વજ્ઞના પુત્ર છે. પિતા પૂર્ણ દશા થાય ત્યારે થઈ જશે. આહા..હા..!

અરે..! સમકિતી પણ લઘુનંદન છે. ગણધર છે એ મોટા નંદન છે. આહા..હા..! ભગવાનઆત્માનું સ્વરૂપ પૂર્ણ, જેના અનંતા... અનંતા... અનંતા ગુણોનો પાર ન મળે. એવા અનંતા ગુણનો ધરનાર ધ્રુવ, જે પલટતો નથી, ફરતો નથી, બદલતો નથી. તેની દૃષ્ટિ કરવાથી અને તેનામાં ધ્યાનને લઈ જવાથી. આહા..હા..! પોતાની વિભૂતિ જે અંદર અનંત આનંદ આદિ ભર્યો છે ભગવાનઆત્મામાં, ત્રિકાળ આનંદ ભર્યો છે, એવી વિભૂતિ પ્રગટ થાય છે. આહા..હા..! એ પર્યાયમાં એની વિભૂતિ પ્રગટ થાય છે અને એ પર્યાયનું એને વેદન છે. પ્રગટ થાય છે તેનું એને વેદન છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે, ભાઈ ! બાપા ! ભાવ તો જે હોય તે હોય, બીજું શું લાવે ? આહા..હા..!

એ પર્યાયના અનુભવની વ્યાખ્યા કરી. એટલે '**તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિ...**' આહા..હા..! અનંત જ્ઞાન ને અનંત આનંદ આદિ અનંત અનંત ગુણનો ભંડાર પ્રભુ ધ્રુવ, તેનું ધ્યાન કરવાથી, દૃષ્ટિ તેના ઉપર લઈ જવાથી. અનંતી વિભૂતિ જે શક્તિ છે એની અનંતી શક્તિઓમાંથી દરેક શક્તિની પર્યાયની વ્યક્તતા વિભૂતિ પ્રગટ થાય છે. આહા..હા..! એ આત્માનો વૈભવ છે. આહા..હા..! રાગાદિ એનો વૈભવ નહિ, શરીરાદિનો નહિ, લક્ષ્મી, ધૂળનો તો ક્યાંય રહી ગયો. આહા..હા..! મોટા ઉદ્યોગપતિ આ ચાલીશ કરોડના ને ધૂળ કરોડના ને. ઉદ્યોગપતિ ! એણે ઉદ્યોગ બહુ વધાર્યો, મા-બાપ પાસે કાંઈ મળતું નથી પછી વધાર્યો ને પછી આમ કર્યું ને ધૂળેય કર્યું નથી. એનો કર્તા થઈને માન્યતા એક મિથ્યાત્વ હતી. આહા..હા..!

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ ભલે રહ્યો પણ રૂપિયાવાળો તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રૂપિયાવાળો નથી, રાગવાળો નથી. એ ધ્રુવવાળો છે. પર્યાયમાં

ધ્રુવવાળો છે એ. આહા..હા..! આવી વાતું હવે. દુનિયાથી જુદી જાતની લાગે. દુનિયાને જાણતા નથી ? બધાને જાણીએ છીએ. કહેતા હતા, અહીં આવવાનું બહુ મન થઈ જાય છે. દિલ્હી. આહા..હા..!

પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? ભાઈ ! આ બધી... આહા..હા..! સ્મશાનમાં જેમ હાડકા હોય મરી ગયેલાના. એમાંથી ફાસફૂસ આમ ચમક ચમક થાય. શું કહેવાય ઇ ? ફોસ્ફરસ. આહા..હા..! એમ આ જગતની બધી આ ફોસ્ફરસ છે, મસાણની. એ પૈસા ને બાયડી ને છોકરા ને કુટુંબ ને આબરૂ ને.. આહા..હા..! ભાઈ ! એ બહારની ચમકું બધી ચમક ફોસ્ફરસ છે. તારી અંદરની ચમક કોઈ જુદી છે, ભાઈ ! આહા..હા..! એ ચમક તેં પ્રગટ કરી નથી, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :– એ બધી ચમક આપ દેખાડો ત્યારે ને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેખાડનારો દેખે ત્યારે ને. ઇ કીધું ને ?

**'તેના ઉપર દૃષ્ટિ કરવાથી,...'** કોઈ કરાવે એને ? આહા..હા..! **'તેની પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે.'** પ્રગટ અનુભવ થાય છે એ પર્યાયમાં વેદાય છે એમ કહ્યું. આહા..હા..! ગુણ અને દ્રવ્ય તો ધ્રુવ છે એનું વેદન ન હોય. દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય પણ એ દૃષ્ટિ છે તે પર્યાય છે, પલટતી પર્યાય છે અને એનો વિષય છે તે નહિ પલટતું સામાન્ય ધ્રુવ છે. આહા..હા..! એવો પ્રગટ અનુભવ થાય છે. પોતાની વિભૂતિનો પર્યાયમાં પ્રગટ એટલે શક્તિમાંથી વ્યક્ત પ્રગટ અનુભવ થાય છે. વિભૂતિનો, વિભૂતિ ત્રિકાળ, એનો પ્રગટ અનુભવ શક્તિમાંથી સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાન થતાં, નિર્વિકલ્પ દશા થતાં, નિર્વિકલ્પ દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતા. આહા..હા..! એની પર્યાયમાં પ્રગટ વિભૂતિ, પ્રગટ અનુભવ થાય છે. આહા..હા..! હવે આવી સાદી ભાષા, તદ્દન ગુજરાતી ભાષા, સાદી ભાષા અને એકલું માખણ છે. આહા..હા..! એ ૪૩૦ થયો. ૪૩૧. બહુ સરસ વાત કીધી. આહા..હા..! કોઈ માણસ એમ માને ને કે ભાઈ ! પર્યાય છે એ તો અંતર ગરી ગયેલી છે. પર્યાય છે એ તો અંદર ગરી ગયેલી છે બધી. વેદનમાં પર્યાય ક્યાં રહી એને ?

મુમુક્ષુ :– એમ પણ કહેવાય કે પર્યાયને દ્રવ્યમાં અભેદ કરે તો અનુભવ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અભેદનો અર્થ–પર્યાય ત્યાં જાય, ત્યાં અનુભવ પર્યાયનો થાય. અનુભવ પર્યાયનો થાય, દ્રવ્યનો ન થાય. ચૈતન્ય સામાન્યમાં બધી પર્યાયો

અંદરમાં હોય તો આ સામાન્ય છે એવો નિર્ણય કોણે કર્યો ? સમજાણું કાંઈ ? એ વાત છે આ. આહા..હા..! વિશેષ છે એ વિશેષે દ્રવ્યનો નિર્ણય થયો. આહા..હા..! મોટો આંતરો. ઊગમણો, આથમણો ફેર છે. આહા..હા..!

અહીં કહે છે કે દ્રવ્ય ધ્રુવ વસ્તુ છે પ્રભુ અનાદિઅનંત નહિ પલટતું તત્ત્વ. એના ઉપર દૃષ્ટિ તો ત્યાં છે પણ એના ઉપર દૃષ્ટિ થતાં પર્યાયમાં વિભૂતિ–પ્રગટ અનુભવ થાય છે. શક્તિરૂપે જે અનંત વિભૂતિ છે તેનો પર્યાયમાં પ્રગટ એટલે વ્યક્તરૂપે અનુભવ પર્યાયમાં થાય છે. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..! હવે પ્રશ્ન છે.

**પ્રશ્ન :– નિર્વિકલ્પ અનુભૂતિ વખતે આનંદ કેવો થાય ?**

**ઉત્તર :– તે આનંદનો, કોઈ જગતના-વિભાવના-આનંદ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે, મેળ નથી. જેને અનુભવમાં આવે છે તે જાણે છે. તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી. એવો અચિંત્ય અદ્ભુત તેનો મહિમા છે. ૪૩૧.**

‘**પ્રશ્ન :– નિર્વિકલ્પ અનુભૂતિ વખતે આનંદ કેવો થાય ?**’ આહા..હા..! એકલા માખણ છે છેલ્લે. આહા..હા..! નિર્વિકલ્પ અનુભૂતિ. આહા..હા..! છે તો પર્યાય, નિર્વિકલ્પ અનુભૂતિ એ તો પર્યાય છે. એ વખતે આનંદ કેવો થાય ? આહા..હા..!

‘**ઉત્તર :– તે આનંદનો, કોઈ જગતના-વિભાવના-આનંદ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે, મેળ નથી.**’ આહા..હા..! ‘**તે આનંદનો,...**’ આહા..હા..! આનંદના વેદનનો, હોં ! આનંદ ગુણ તો ત્રિકાળ છે. પણ આનંદ અનુભવતા અનુભૂતિ વખતની વાત કરવી છે ને ? ત્રિકાળી આનંદની અનુભૂતિ વખતે પર્યાયમાં આનંદ કેવો હોય ? ‘**એ આનંદનો, કોઈ જગતના-વિભાવના-આનંદ સાથે,...**’ આહા..હા..! ‘**બહારની કોઈ વસ્તુ સાથે, મેળ નથી. જેને અનુભવમાં આવે છે તે જાણે છે.**’ આહા..હા..!

‘**તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી.**’ શું ઉપમા દે ? આહા..હા..! ‘**એવો અચિંત્ય**

**અદ્‌ભુત તેનો મહિમા છે.'** કોનો ? નિર્વિકલ્પ અનુભવમાં આનંદ થાય તેનો. આહા..હા..! સમ્યગ્દર્શન કાળે, નિર્વિકલ્પ દૃષ્ટિના કાળે જેનો અનુભવ છે એ કેવો છે ? કે એ તો અચિંત્ય અદ્‌ભુત તેનો મહિમા છે, બાપુ ! લ્યો ! ૪૩૧ થયો. એક બોલ રહ્યો હવે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**ધર્મ અને તેનું સ્વરૂપ તથા તેનું ફળાદિ શું છે તેનો બરાબર નિર્ણય કરીને ધર્મ અંગીકાર કરવો. પણ સમજ્યા વિના કુળાચાર જાણી વર્તે તો તે ધર્મ નથી. અનુભવી જ્ઞાનીના સમાગમમાં રહી પાત્રતાપૂર્વક યથાર્થ માર્ગ ઓળખીને જૂઠા માર્ગનું અન્યથાપણું જાણીને અસલી જૈનધર્મને જ માનવો. જો નિર્ણય વિના શાસ્ત્રમાં લખ્યું તે સાચું એમ માની લે તો હઠથી, પક્ષથી માન્યું છે. તેથી તેને હિતકર - અહિતકર માર્ગનો નિર્ણય નથી. તે તો અન્ય મતની જેમ જાણવું.**

'પરમાગમસાર' બોલ નં. ૯૯૩.

**દિગંબર જૈન મતનો અનુયાયી હોવા છતાં જેને યથાર્થ વસ્તુસ્વરૂપની ખબર નથી એકલા વ્યવહારમાં-રાગમાં ધર્મ માને છે તથા કુળપરંપરા માત્રથી જ પોતાને ધર્મી માને છે પણ સત્યનો નિર્ણય કરતા નથી તો તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે.**

'પરમાગમસાર' બોલ નં. ૯૯૪.

**જે જીવ આજીવિકા માટે વ્રતાદિ ધારણ કરે, વિવાહાદિ સંબંધની આશાથી, માનાદિ અર્થે, ભોજનાદિની સગવડતા અર્થે ઇત્યાદિ વિષયકષાય સંબંધી પ્રયોજન વિચારી કપટથી જૈની થાય છે તે તો પાપી જ છે. સંસારના નાશ અર્થે જૈનધર્મ છે. તેને સંસાર પોષણનું સાધન બનાવે તે મોટો અન્યાય છે.**

'પરમાગમસાર' બોલ નં. ૯૯૫.

પોષ સુદ ૮, શનિવાર તા. ૦૬-૦૧-૧૯૭૯.
વચનામૃત–૪૩૨, પ્રવચન–૧૮૧

પ્રશ્ન :– આજે વીરનિર્વાણદિન પ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.

ઉત્તર :– શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્ય શરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્ય બિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિ સુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકર ભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઇન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણ મહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણ કલ્યાણક મહોત્સવ કેવો દિવ્ય હશે ! તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવી મહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહ ક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી,

**સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીસ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.**

**જો કે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તો પણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીના રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્ય ભગવંતોએ દિવ્યધ્વનિના ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.**

**હાલમાં શ્રી કહાન ગુરુદેવ શાસ્ત્રોના સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાના સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમના ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ૪૩૨.**

'વચનામૃત' પ્રશ્ન હતો બહેનને પ્રશ્ન કર્યો.

**'પ્રશ્ન :– આજે વીરનિર્વાણદિન પ્રસંગે...'** ભગવાન પરમાત્માનો દિવાળીએ વીરનિર્વાણનો દિવસ હતો તે વખતનો આ પ્રશ્ન છે. **'કૃપા કરી બે શબ્દ કહો.'** એમ પૂછ્યું.

**'ઉત્તર :- શ્રી મહાવીર તીર્થાધિનાથ...'** મહાવીરથી લીધી છે ને વાત પૂછ્યું છે એટલે. ખરેખર મહાવીર તો પૂર્વે ભીલના ભવમાંથી એનો સુધારો થવા માંડ્યો હતો. ભીલનો ભવ હતો પહેલો. વચમાં બીજા ઘણા ભવ હતા, ૨૭ ભવમાં ભીલનો ભવ, ભીલ નીકળેલ એમાં મુનિ નીકળ્યા. ભીલનો રાજા હતો. મુનિ નીકળ્યા તો એને એમ લાગ્યું કે, આ કોઈ મૃગ છે, મૃગલો. એ બાણ ફેંકવા તૈયારી કરી. એમાં એની પત્નીએ કહ્યું, એ મૃગ નથી, એ સંત છે કોઈ મુનિ છે. એટલે ભીલે મુકી દીધું, જઈને વંદન કર્યું ભક્તિથી. આહા..હા..! શરૂઆત ન્યાંથી થઈ ભીલના ભવમાંથી. ભક્તિથી વંદન કર્યું અને પછી ન્યાંથી તો સ્વર્ગમાં ગયા. ભીલે વ્રત અંગીકાર કર્યું, માંસ આદિનો ત્યાગ કર્યો, શુભભાવ હતો, ધર્મ નહિ હજી કાંઈ. શુભભાવ હતો. વ્રતને અંગીકાર કર્યા સમ્યક્ વિના, પણ એનાથી સ્વર્ગમાં ગ્યા. કરતાં કરતાં છેલ્લો દસમો ભવ સિંહનો આવ્યો એને. એમાં સમકિત પામવાનો છે પહેલો.

સિંહના ભવમાં ભગવાન મહાવીર દસમા ભવમાં,.. આહા..હા..! આમ હરણને મારતા હતા, હરણને ફાડી ખાતા હતા. ત્યાં એક મુનિ ઉતર્યા ઉપરથી. મુનિરાજે એને કહ્યું અરે..! સિંહ શું છે આ ? જુઓ ! કુદરત શું કરે છે ? સિંહની ભાષા કઈ હશે ? મુનિની ભાષા કઈ હશે ? એ મુનિએ એને કહ્યું, અરે..! સિંહ ! આ શું કરે છે તું આ ? મેં તો સાંભળ્યું છે ભગવાન પાસે કે તમે તીર્થંકર થવાના છો. દસમા ભવે તીર્થંકર થવાના. આહા..હા..!

સિંહ આમ સામું જોઈ રહે છે. ભાષા ગમે તે જાતની પણ બરાબર સમજ્યા. આહા..હા..! કુદરત છે ને. આંખમાંથી આંસુની ધારા ચાલે છે. હરણ આમ પડ્યું છે. અને સિંહને ઉપદેશે છે. અરે..! સિંહ ! આ શું છે તને ? તારો આત્મા આનંદનો નાથ અંદર બિરાજે છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા..! વિજ્ઞાનઘનનો કંદ છે પ્રભુ અંદર, એની અનુભૂતિ કર ને, પ્રભુ ! આહા..હા..! સિંહને કહ્યું. અરે..! સિંહ ! હું કહુ છું કે કાળલબ્ધિ તારી પાકી ગઈ છે. આહા..હા..! કહો ક્યાં મુનિ ! એની દશા જ્યાં થવાની છે ને, એવા નિમિત્તો એને આવ્યા વિના રહે નહિ. આહા..હા..!

હે સિંહ ! તારો આત્મા અંદર આનંદકંદ છે ને, પ્રભુ ! આહા..હા..! એ શરીરથી તો ભિન્ન છે, પુણ્ય-પાપના શુભાશુભ વિકલ્પોથી પણ પ્રભુ અંદર ભિન્ન છે. આહા..હા..! એની અંદર તો અનંત આનંદ ને અનંત જ્ઞાન ને શાંતિ ભરી છે. સિંહ

એકવાર તું અંતર્મુખ થા. આહા..હા..! જુઓને ! એક યોગ. તારી કાળલબ્ધિ પાકી ગઈ છે, હું કહું છું. મુનિ એમ કહે. આહા..હા..! એની યોગ્યતા જોઈને, આહા..હા..! જોઈને ચેષ્ટાથી એને થઈ ગયું અંદર. આ જીવ સમકિત પામવાને લાયક થઈ ગયો છે. આહા..હા..! ઇ ચેષ્ટાથી જાણ્યું એકલું. અરે..! સિંહ દસમા ભવે તું મહાવીર તીર્થંકર ત્રણ લોકનો નાથ થવાનો છો. આ શું છે ? અને તારું સ્વરૂપ જ જેવું પૂર્ણાનંદ થવાનું છે એવું અંદર સ્વરૂપ જ છે. આહા..હા..!

અતીન્દ્રિય જ્ઞાનઘન, ચિદ્‌ઘન, આનંદઘન પ્રભુ આત્મા, એને તું અનુભવ, એની અનુભૂતિ પ્રગટ કર એમ કહ્યું. આહા..હા..! કહો, હવે સિંહના ભવમાં મુનિ ક્યાંથી આવ્યા ? ઉપરથી આવે છે આમ જોયું. મુનિએ સાંભળ્યું ભવિષ્યમાં, ભવિષ્યની વાત આ તીર્થંકરનો જીવ છે. એને ક્યાંથી ખ્યાલ આવી ગયો કે આ સિંહ છે એ તીર્થંકર (થવાનો છે). આહા..હા..! એમ સાંભળીને અંદરમાં, અંતરમાં ઉતરી ગયો છે સિંહનો જીવ. આહા..હા..!

ભગવાનઆત્મા આનંદનો ઘન ચિદાનંદ પ્રભુ એ રાગના વિકલ્પથી ભક્તિનો વિકલ્પ રાગ એ પણ ભિન્ન છે. આહા..હા..! એના ઉપર પ્રેમ હતો, મુનિ ઉપર જરી એ પણ કોઈ વિકલ્પ ને રાગ હતો. આહા..હા..! એ રાગથી અંદર ભિન્ન પડી અને જ્ઞાનની પર્યાયમાં ભગવાનને જોઈ લીધો અંદર, અંતર્મુખ થઈને, આહા..હા..! એ સમ્યગ્દર્શન પામ્યો. સિંહ ભવમાં અરે..! ભાઈ ! આહા..હા..! પાત્રતા હોય ત્યાં.. આમાં તો એ સિદ્ધ કરે છે કે પાત્રતા જ્યાં હોય ત્યાં નિમિત્ત તો આવી મળે છે, નિમિત્તને મેળવવા પડતા નથી. આહા..હા..! અને નિમિત્તથી થતું નથી એમાં કાંઈ. આહા..હા..! એને જ્યાં આમ કહ્યું ને પ્રભુ ! તું ચૈતન્ય છો ને, પ્રભુ ! તારો અંદર સ્વભાવ ભગવત સ્વરૂપ છે.

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

આહા..હા..! એમ એને કહ્યું, જિન સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ અંદર છે. આહા..હા..! 'શ્રીમદ્' પણ કહે છે ને...

**જિનસોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ,**
**કર્મ કટે જિનવચન સો તત્ત્વજ્ઞાનીનો મર્મ.**

આહા..હા..! જિન સોહી હૈ આત્મા. પ્રભુ ! તું તો જિન છો ને ! આહા..હા..! વીતરાગમૂર્તિ પ્રભુ તું છો ! આહા..હા..! ઓ'લો હરણ ફાડે છે ત્યાં. આહા..હા..! પાત્રતા થઈ છે ને ! મુનિરાજ ઉપરથી ઉતરીને કહે છે, ભાઈ ! તું જિનસ્વરૂપ છો અંદર, વીતરાગમૂર્તિ તારી ચીજ છે. આહા..હા..! તારી ચીજ છે એ રાગને અડતી નથી, સ્પર્શતી નથી એવી ચીજ છે અંદર. આહા..હા..! દયા, દાન, ભક્તિ આદિના પરિણામ પણ રાગ છે, પ્રભુ ! તું એને સ્પર્શતો નથી એવી તારી ચીજ છે અંદર. આહા..હા..!

આંસુની ધારા ચાલે છે આમ. અંદરમાં અશુદ્ધતાની ધારા ચાલી જાય છે અને શુદ્ધતાની ધારાનો અનુભવ થાય છે અંદર. ત્યારે એની શરૂઆત સમકિતની થઈ દસમા ભવમાં. એ પહેલાં ભાવ શુભ હતા અને એને ભગવાનના ભવ પહેલાં 'વાસુદેવ' થઈ ગયેલા. એનો આત્મા 'વાસુદેવ' ત્રિપુષ્ટ 'વાસુદેવ' છે ને. ચક્રવર્તી થઈ ગયેલા, છ ખંડનો રાજા ચક્રવર્તી થઈ ગયેલા. આહા..હા..! પણ પછી આ જ્યારે છેલ્લો ભવ હતો મહાવીર પહેલાંનો મુનિ થયા અને એના ધ્યાનમાં મસ્ત થયા. થતાં થતાં વિકલ્પ એવો આવ્યો એમાં તીર્થંકર ગોત્ર બંધાય ગયું. આહા..હા..!

અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, આહા..હા..! એમાં તું નજર કર, પ્રભુ ! ભગવાન બિરાજે છે અંદર. તારો નાથ ભગવાન છે, ત્રણ લોકનો સાગર છે, નાથ છે. આહા..હા..! આમ નજર જ્યાં અંદર કરે છે. વર્તમાન પર્યાયને જ્યાં અંતરમાં વાળે છે ઊંડે, ભાઈ ! આવી વાતું છે. આહા..હા..! ત્યાં તો પછી મુનિરાજની ભક્તિનો વિકલ્પ પણ ત્યાં નથી હવે. આહા..હા..! અંતર ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યદળ જે ચૈતન્ય આનંદનું દળ પ્રભુ એમાં અંતરમાં, પર્યાયમાં અંદર ઉતરી જાય છે, પર્યાયથી અંતરમાં અનુભૂતિ થાય છે. આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે પૂર્ણાનંદનો નાથ સમ્યક્ જે ચૈતન્ય સાહેબો સત્ સાહેબ છે અંદર પૂર્ણ, એનું અંદરમાં જ્ઞાન થઈ, આનંદ થઈ ને પ્રતીતિ થાય છે. આહા..હા..! એ વીરનું અહીં પૂછવામાં આવ્યું છે. મહાવીર થયા તે કાળનું. આહા..હા..! પ્રભુ ! આજે વીરનિર્વાણદિન પ્રસંગે કૃપા કરીને કહો.

**'ઉત્તર :– શ્રી મહાવીર તીર્થાધિનાથ...'** આહા..હા..! તીર્થના અધિનાથ. વ્યવહારથી. **'આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં...'** આત્માનો પૂર્ણ અલૌકિક આનંદ. સમ્યગ્દર્શનમાં તો આનંદ છે પણ બહુ અલ્પ છે. સમ્યગ્દર્શન પહેલું જ્ઞાન થતાં આનંદ હોય છે

પણ અલ્પ છે અને મુનિ થાય છે જ્યારે, સાચા મુનિ સંત દિગંબર મુનિ ત્યારે પ્રચુર આનંદનું વેદન હોય છે. પ્રચુર સ્વસંવેદન હોય. પાંચમી ગાથામાં છે 'સમયસાર'માં. આ તો કેવળજ્ઞાની પરમાત્માની વાત હવે છે. આહા..હા..!

**'આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં...'** પૂર્ણ શબ્દ કેમ લીધો છે ? કે ચોથે આનંદ હોય છે, છઠ્ઠે મુનિને પણ આનંદ આવે છે. આહા..હા..! મુનિની વ્યાખ્યા તો એવી કીધી છે આમાં 'પ્રવચનસાર'માં. સમકિત પામ્યા એ તો આત્માના અંતરની અનુભવની દૃષ્ટિ થતાં આનંદનો સ્વાદ આવતા સમ્યક્ પામ્યા. ત્યારે ધર્મની એને શરૂઆત થઈ પણ પછી સાધુ થાય છે ત્યારે 'પ્રવચનસાર'માં આવશે, 'પ્રવચનસાર' કાલ શરૂ કરશું રવિવાર છે, નોમ છે. આ તો છેલ્લું આ પૂરું થાય છે. આહા..હા..! એમાં એમ કહ્યું છે, પરમ શુદ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત છે આચાર્ય ને ઉપાધ્યાય, સાધુ. આહા..હા..! આ વીર કેવળ પામ્યા પહેલાં, આ મુનિ હતા પહેલાં. આહા..હા..! એ મુનિ પણ કેવા કેને કહીએ ? આહા..હા..! પરમ શુદ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત એને મુનિ કહીએ. અર..ર..! અત્યારે તો આ ચાલે છે, પંચમ કાળમાં શુભ યોગ હોય, અરે..રે..! પ્રભુ ! પ્રભુ ! તું શું કરે છે ? ભાઈ ! આહા..હા..! સાધુ થઈને અત્યારે આવું કહે છે. (એક સાધુ એમ કહે છે), અત્યારે પંચમ કાળમાં શુભ જોગ હોય. અરે..! પ્રભુ ! તો ધર્મ નથી ? આહા..હા..! અહીં કહે છે કે મુનિ થાય છે જ્યારે સાચા સંત, સાચા આચાર્ય, સાચા ઉપાધ્યાય, સાચા સાધુ એ પરમ શુદ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત હોય છે. શુભ જોગની વાત નહિ, રાગ આવે છે એ તો હેય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો ઓળંગી જશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઓળંગી જશે આવશે એમાં. આહા..હા..! સાતમું ગુણસ્થાન જ્યાં પ્રાપ્ત થાય છે મુનિને... આહા..હા..! પરમ શુદ્ધઉપયોગ. દયા, દાન, વ્રત, ભક્તિનો પરિણામ એ તો શુભ છે, રાગ છે, મેલ છે, દુઃખ છે. આહા..હા..! પ્રભુ ! તારા તત્ત્વની કોઈ અલૌકિકતા છે, ભાઈ ! આહા..હા..! પરમ શુદ્ધઉપયોગને પ્રાપ્ત આચાર્ય મુનિ ને સાધુ હોય છે. આહા..હા..! એ ભુમિ પ્રાપ્ત કરી અને પછી કેવળજ્ઞાન થયું એની વાત છે આ. સમજાણું કાંઈ ? અને તે દિવસે મુક્તિ પામ્યા, આસો વદ અમાસે.

**'અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.'** આહા..હા..! પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનમાં પરમાત્મા ત્રિલોકનાથ પરિણમતા હતા, પરિણમતા હતા અંદરમાં.

આહા..! **'આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી.'** આસો વદ અમાસ. આમ પરિણમતા હતા. અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન. આહા..હા..! તેરમે ગુણસ્થાને. આહા..! બાપુ ! એ મુનિપણાની દશા, એ સમ્યક્ દશા અને અરિહંત દશા કોઈ અલૌકિક છે. અત્યારે લોકોએ અંદરમાં ગડબડી બધી કરી દીધી. આહા..હા..! ત્રણ લોકના નાથ પરમાત્માનું વચન છે, દિવ્યધ્વનિમાં છે કે જ્યાં કેવળ પામે છે ત્યારે અલૌકિક આનંદ ને કેવળજ્ઞાનમાં પરિણમે છે. આહા..હા..! એ કેવળજ્ઞાની નગ્ન દશા હોય છે એને, એને વસ્ત્ર નહિ હોય. આહા..હા..! મુનિ હોય સાચા એને વસ્ત્ર ન હોય. અલૌકિક અંદર શુદ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત છે. આહા..હા..! એને વસ્ત્ર કેવું ? એવી દશા વીતરાગ માર્ગમાં આવ્યા મુનિને મુનિ કહેવામાં આવે છે. એ મુનિપણું એણે પ્રાપ્ત કર્યું અને પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અને પછી તે દિવસે આસો વદ અમાસે. **'આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી.'**

**'ચૈતન્ય શરીરી ભગવાન આજે...'** આહા..હા..! એ ચૈતન્ય શરીર છે પ્રભુને તો, આ દેહ તો જડ, માટી, ધૂળ છે. આહા..હા..! વિગ્રમ આવે છે ને ? ભાઈ ? જ્ઞાન વિગ્રમ, જ્ઞાન શરીર છે. આહા..હા..! પ્રભુનું તો જ્ઞાન શરીર છે. વિગ્રમ આવે છે. પ્રભુ એટલે આત્મા, હોં ! અહીંયા પ્રભુ એટલે. આહા..હા..! એનું તો જ્ઞાનશરીર છે. આ શરીર તો માટી, ધૂળનું, જડનું છે અને પુણ્ય-પાપના ભાવ છે એ પણ કાર્માણશરીરનો ભાવ છે, એ જીવનો નહિ. આહા..હા..!

**'આ તો અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્ય શરીરી ભગવાન...'** એકલો ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદનું પરિણમન થયું છે. **'આજે પૂર્ણ અકંપ થઈને...'** હવે ચૌદમું લીધું. ચૌદમું ગુણસ્થાન. આહા..હા..! **'અકંપ થઈને અયોગીપદને પામ્યા,....'** અજોગી પદને પામ્યા. **'ચૈતન્ય ગોળો છૂટો પડી ગયો,...'** આહા..હા..! સમ્યગ્દર્શનમાં છૂટો જણાણો હતો પણ પૂર્ણ છૂટો નહોતો. હજી રાગનો સંબંધ હતો. અહીં કહે છે **'પૂર્ણ અકંપ દશા થઈને ચૈતન્ય ગોળો છૂટો પડી ગયો,...'** આહા..હા..! **'પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્ય બિંબરૂપે...'** પૂર્ણ જ્ઞાનરૂપ થઈ જેવું એનું ચૈતન્ય સ્વરૂપ છે તેવી જ પરિણતિમાં પૂર્ણ રૂપ થઈ. આહા..હા..! **'ચિદ્રુપ થઈ ચૈતન્ય બિંબરૂપે, ચૈતન્ય બિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા;...'** આહા..હા..!

**'હવે સદાય સમાધિ સુખાદિ...'** હવે તો સદાય શાંતિ ને આનંદ ને સુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આહા..હા..! 'સાદિ અનંત, અનંત સમાધિ સુખમાં' શ્રીમદ્‌માં આવે છે.

**સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં,**
**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો,**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.**

સમકિતીની ભાવના તો આ હોય છે. આહા..હા..! હું પૂર્ણ દશાને ક્યારે પામું. એને દુનિયામાં માન કે અપમાન કે એની કાંઈ એને જરૂર નથી. આહા..હા..!

અહીં કહે છે ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં, સિદ્ધા આલય, આલય એટલે સ્થાન. બિરાજી ગયા. **'હવે સદાય સમાધિ સુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે.'** કરશે શું ત્યાં હવે ? કહે છે. પરિણતિમાં પર્યાયમાં અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ પરિણમ્યા કરશે. આહા..હા..!

**'આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા,...'** આહા..હા..! **'તીર્થંકર ભગવાનનો વિયોગ થયો,...'** ઋષભદેવ ભગવાન જ્યારે મોક્ષ પધારે છે અષ્ટાપદ પર્વત ઉપર, ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત મોક્ષ પધારે છે. ભરત ચક્રવર્તી જાય છે, આમ જોવે છે ત્યાં આંસુની ધારા.. અરે..રે..! ભગવાનના વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાંથી પરમાત્માના વિરહ પડ્યા. રાગ છે, પ્રશસ્ત રાગ છે, હજી વીતરાગ થયા નથી. આંખમાંથી આંસુ આવે. અરે..રે..! પરમ પરમાત્મા તો આ દેહ છૂટીને મોક્ષ વયા ગયા. આહા..હા..!

ઇન્દ્ર કહે છે, ઇન્દ્ર આવ્યા છે સાથે, ભગવાન મોક્ષ પધાર્યા તો ભરત ને ઇન્દ્ર (આવ્યા છે). હે ભરત ! તમે તો આ ભવમાં મોક્ષ જવાના છો ને ! તમે આ શું કરો છો ? સાંભળ, સાંભળ ઇન્દ્ર ! બધી ખબર છે અમને અમારી. અમે આ દેહે મુક્ત થવાના. ચરમ શરીર અમારું છે પણ આ ભગવાનના વિરહ પડ્યા એનો પ્રશસ્ત રાગ આવ્યો છે. આહા..હા..! એ પણ રાગ છે, હોં ! આહા..હા..! પણ જ્યાં સુધી વીતરાગ દશા ન થાય ત્યાં સુધી એવો રાગ સમકિતીને, મુનિને તો આવ્યા વિના રહે નહિ. પણ એ રાગ બંધનનું કારણ છે. આહા..હા..!

અહીંયા કહે છે **'ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકર ભગવાનનો**

**વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા.'** આહા..હા..! **'ઇન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણ-મહોત્સવ ઊજવ્યો.'** ઇન્દ્રો છે સુધર્મ દેવલોકનો ઇન્દ્ર તો એકાવતારી છે. શક્રેન્દ્ર છે એની પત્ની છે બેય એક ભવ કરીને મોક્ષ જનારા છે. આહા..હા..! ભગવાનના આગમમાં એ પરમાગમમાં રહ્યું છે એ શક્રેન્દ્ર છે એ બત્રીસ લાખ વિમાનનો સાહેબો પણ ત્યાંથી નીકળી મનુષ્ય થઈ ને મોક્ષ જવાનો છે. આહા..હા..! એવા ઇન્દ્રો પણ ભગવાન પાસે ત્યાં ઊતર્યા. આ તો સૌધર્મઇન્દ્ર દેવ અત્યારે છે પણ એ વખતે ઇન્દ્ર જે હતા એ. **'આજ નિર્વાણ-મહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણ કલ્યાણક-મહોત્સવ કેવો દિવ્ય હશે !'** કેવો દિવ્ય હશે ! આહા..હા..! **'તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવી મહોત્સવ ઊજવે છે.'** આહા..હા..!

**'આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા...'** આહા..હા..! શુદ્ધઉપયોગ ભૂમિકાને તો પ્રાપ્ત હતાં પણ હજી વિકલ્પ આવતો છઠ્ઠે આવે ત્યારે. આહા..હા..! ભગવાનનો જ્યાં મોક્ષ થયો કે અંતરમાં ઊતરી ગયા. આનંદના નાથના દરિયા અંદર ઊછળે છે ગુણના. એ ગુણમાં અંતરમાં ઊતર્યા. છે ? અંતરમાં ઊંડા ઊતરી ગયા, ધ્રુવમાં ગયા, અંદર સ્થિર થયા. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જે છે સમકિતનું ધ્યેય જે ધ્રુવ છે એ તો ધ્યેય તો છે જ પણ હવે સ્થિરતામાં અંદરમાં ઊતરી ગયા અંદર. આહા..હા..! પૂર્ણાનંદના નાથમાં **'અંદરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી...'** તે દિવસે, **'કેવળજ્ઞાનને પામ્યા.'** ગૌતમ કેવળજ્ઞાન પામ્યા. આહા..હા..!

**'આત્માના સ્વક્ષેત્રમાં રહીને...'** ભગવાનઆત્મા સ્વક્ષેત્રમાં રહીને. આહા..હા..! **'લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું,...'** આહા..હા..! એ તો પહેલેથી પ્રગટ થયું છે, આ તો પૂર્ણની વાત (કરે છે). **'આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની...'** આહા..હા..! આત્માને પ્રદેશ અસંખ્ય છે પણ ગુણ અનંત છે. આહા..હા..! એ અનંત ગુણને રહેવા માટે અનંત પ્રદેશની જરૂર નથી. એ તો ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી છે. આહા..હા..! એમાં અનંતા ગુણો અસંખ્ય પ્રદેશમાં રહેલા છે. **'આનંદાદિ અનંત ગુણોની...'** આહા..હા..!

**'અસંખ્ય પ્રદેશોમાં અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.'** આહા..હા..! દ્રવ્ય તો

પૂર્ણ હતું, ગુણ પણ પૂર્ણ છે ત્રિકાળી. પર્યાયમાં, પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ અંદર. આહા..હા..! ચૌદમે ગુણસ્થાને પણ હજી જરી થોડી અશુદ્ધતા હતી ને ! અસિદ્ધ દશા છે ને. આહા..હા..! છૂટો પડી ગયો ગોળો ત્યાં તો બધી પર્યાયો નિર્મળ થઈ ગઈ. આહા..હા..! સમય એક, પણ પર્યાય અનંતી વેદાય છે. આહા..હા..!

સામાન્ય જે છે ત્રિકાળી ધ્રુવ એ કાંઈ વેદાતું નથી. વેદવામાં તો એની પર્યાય વેદાય છે પણ એ પર્યાય કેટલી ? એક કાળ, એક સમયની જેટલી પણ અનંતી અનંતી પર્યાય. જેટલા ગુણો છે એટલી બધી પર્યાય પર્યાયમાં વેદાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાત છે ભગવાન. વીતરાગનો માર્ગ કોઈ એવો છે, ઝીણો છે. આહા..હા..! અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ ધ્રુવ, એની પર્યાયમાં પ્રગટ દશા થઈ જેટલા ગુણો છે તેટલી પર્યાય બહાર છે પ્રગટમાં. એ બધી અનંતી પર્યાયો પ્રગટ છે. એ તો અજ્ઞાનીને ગુણની પર્યાય અનંતી છે પણ બધી અશુદ્ધ ને મલિન કેટલીક છે. અહીંયા પૂર્ણ અનંત... અનંત... અનંત... આહા..હા..! સમય એક, વિશેષનું વેદન છે. એ કહે છે છે ને ? આહા..હા..!

**'અનંત આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો...'** આહા..હા..! પર્યાયનું વેદન છે ત્યાં. **'પર્યાયો પ્રકાશી નીકળી છે.'** આહા..હા..! ધ્રુવ છે એ તો અનંત ગુણનો પિંડ છે, એનું વેદન ન હોય. વેદન તો પર્યાયનું પ્રગટ પર્યાય જે અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... એ અનંતીને કોઈ હદ નહિ એટલી પર્યાય છે. ભલે એક સમય છે, સંખ્યાએ અનંત પર્યાય છે. આહા..હા..! એ વિશેષ પર્યાય છે એ પ્રકાશી નીકળી છે. આહા..હા..! દ્રવ્ય, ગુણ ને પર્યાયનું પૂર્ણ રૂપ. દ્રવ્ય પૂર્ણ, ગુણ પૂર્ણ પર્યાય પણ જે સમ્યગ્દર્શમાં થોડી ઓછી, અનંતી ખરી, સમ્યગ્દર્શનમાં પણ પર્યાય અનંતી તો ખરી જ. આહા..હા..! વેદનમાં, પણ થોડી, મુનિને અનંતી ખરી પણ વિશેષ અને કેવળીને અનંતી ખરી પણ પૂર્ણ. આહા..હા..! **'એ પર્યાયો પૂર્ણ પ્રકાશી નીકળી.'**

**'અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી.'** તીર્થંકરોનો તો વિરહ છે પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનો પણ કાળ નથી અત્યારે. આહા..હા..! એમ કહે છે. ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકર તો નથી અત્યારે પણ કેવળજ્ઞાન થવાનોય કાળ નથી. આહા..હા..! **'મહાવિદેહ ક્ષેત્રમાં કદી**

**તીર્થંકરનો વિરહ પડતો નથી,...'** પણ પ્રભુ બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં વીસ તીર્થંકર મોજૂદ છે. ત્યાં કોઈ દિ' તીર્થંકરનો વિરહ પડતો નથી. આહા..હા..! ભરતક્ષેત્રમાં તીર્થંકરના વિરહ પડે છે અને અત્યારે તો કેવળજ્ઞાનનો વિરહ પડ્યો છે, ઉત્પન્ન થવાનો. મહાવિદેહમાં તો સદા તીર્થંકરો બિરાજે છે અને સદા કેવળજ્ઞાન થવાને લાયક જીવો કેવળ પામે છે. આહા..હા..! છ મહિનાને આઠ સમયમાં છસો ને આઠ મુક્તિ પામે. અત્યારે ભરતક્ષેત્રમાં નથી તો ક્યાંથી પામે ? આહા..હા..!

**'મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી,...'** આહા..હા..! ત્યાં આવશે આમાં 'પ્રવચનસાર'માં. એમ કે વર્તમાન તીર્થંકર અહીં નથી તો વિદ્યમાન તીર્થંકરોને પણ હું નમસ્કાર કરું છું. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય' કહેશે. ભગવાનનો વિરહ છે અત્યારે પણ તીર્થંકરો બિરાજે છે ત્યાં. એ બધાને હું એક સાથે નમસ્કાર કરું (છું) વિકલ્પ અને નિર્વિકલ્પ બેય છે એક સાથે. જેટલો અભેદ થઈ ગયો છે તેટલો નિર્વિકલ્પ છે અને જેટલો પર તરફના લક્ષ તરફનો રાગ છે એટલો રાગ છે હજી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

એ અહીં કહે છે **'મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે.'** ધર્મકાળ વર્તે અહો ! આવે છે ને ? શું કહેવાય એ ? સમવસરણની સ્તુતિ, સમવસરણની સ્તુતિ. ભાઈએ બનાવી છે ને 'પંડિતજી'એ. ધર્મકાળ વર્તે અહો. આહા..હા..! મહાવિદેહમાં સદા તીર્થંકરો બિરાજે છે, સદા ધર્મકાળ વર્તે છે. આહા..હા..! ત્યાં વિરહ પડતો નથી. **'આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીસ તીર્થંકર વિદ્યમાન છે.'** આહા..હા..! હવે આ બધા ઓ'લા વિજ્ઞાનીઓ વાતુ કરે દેવલોકની ને ઢીંકણાની ને ફલાણાની ને. આ મહાવિદેહમાં ભગવાન બિરાજે છે એની કોઈને ખબર નથી એને. એની ખબર નથી. આહા..હા..! વિજ્ઞાન શેના વિજ્ઞાન તારા ? ત્રણ લોકના નાથ તીર્થંકર બિરાજમાન છે, મહાવિદેહક્ષેત્રમાં સમવસરણ છે. બે હજાર હાથના ઊંચા છે, કરોડ કરોડનું આયુષ્ય છે, એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ ને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. આહા..હા..! સાક્ષાત્ બિરાજે છે.

**'ભિન્ન ભિન્ન વિભાગમાં (જુદા જુદા ક્ષેત્રમાં) એક એક તીર્થંકર થઈને વીસ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં, અત્યારે હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે...'** સીમંધર ભગવાન

હજી વિચરી રહ્યા છે કેવળજ્ઞાનપણે. આહા..હા..! **'અને સમવસરણમાં બિરાજી...'** અરિહંત છે ને, દિવ્યધ્વનિ છે ને ! દિવ્યધ્વનિ **'સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે.'** દિવ્યધ્વનિ કેમ કીધી ? આવી ભાષા ન હોય એને. તીર્થંકર કેવળ પામે એને આવી ભાષા ન હોય. એને હોઠ બંધ હોય ઓમ ધ્વનિ ઊઠે અંદરથી આખા શરીરમાંથી,

**ઓમકાર ધ્વનિ સુનિ અર્થકર ગણધર વિચારે,**
**રચિ પરમાગમ આગમ ભવ્ય જીવ સંશય નિવારે.**

આહા..હા..! અરે..રે..! ક્યાં વિશ્વાસ માણસને. આહા..હા..!

**'હાલમાં વિદેહક્ષેત્રમાં, હાલમાં વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે.'** આહા..હા..! **'એ રીતે અન્ય વિભાગોમાં (બીજા ક્ષેત્રમાં પણ) અન્ય તીર્થંકર ભગવંતો વિચરી રહ્યા છે.'** બીજે ઠેકાણે પણ છે ને બીજા. આ પુષ્કલાવતીવિજયમાં છે ને બીજા બધા પણ છે. વીસ તીર્થંકર તો સદાય ત્રિકાળ હોય. ત્રણે કાળમાં, ત્રણ કાળના જાણનારનો જગતમાં વિરહ હોય નહિ. ત્રણ કાળ જ્ઞેય છે, એ ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો કોઈ દિ' વિરહ હોય નહિ. એને જ્ઞેય છે એટલે પૂર્ણ જ્ઞાનવાળાનો વિરહ હોઈ શકે નહિ. આહા..હા..! **'એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકર ભગવંતો વિચરી રહ્યા છે.'**

**'જો કે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તો પણ આ પંચમ કાળમાં...'** આહા..હા..! **'આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે,...'** મહાવીરનું શાસન પ્રવર્તી રહ્યું છે. આહા..હા..!

**મંગલં ભગવાનવીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો જૈનધર્મોસ્તુ મંગલમ્.**

આહા..હા..! **'એવું વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે.'** આહા..હા..! 'પ્રવચનસાર'માં લેશે.

મુમુક્ષુ :– સિદ્ધ ભગવાન...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને ક્યાં વાણી છે ? અહીં તો અત્યારે તીર્થંકર છે એને વાણી છે. સિદ્ધ થયા એ તો ણમો સિદ્ધાણં અશરીરી (થયા). એને વાણી નહિ, શરીર

નહિ. અરિહંત છે એને વાણી ને શરીર હોય છે. ચાર કર્મનો નાશ છે ને ચાર કર્મ બાકી છે. સિદ્ધને તો આઠેય કર્મનો અભાવ થઈને એકલું... (અશરીરીપણું છે). આહા..હા..! (અરિહંત ભગવાન) કર્મને લઈને અટક્યા છે એમ નથી, હોં ! કર્મ તો જડ છે, પર છે. પોતાની ભૂલને લઈને, પોતાની અશુદ્ધતાને લઈને અટક્યા છે. આહા..હા..! આકરું કામ છે. એમ કહે કેવળી છે એને ચાર ઘાતિનો નાશ, ચાર અઘાતિ કર્મ છે માટે તે રોકાણા છે. એમ નથી. હજી ત્યાં આગળ પર્યાયમાં એટલી અશુદ્ધતા ઉદયભાવની વર્તે છે. આહા..હા..! તેથી ત્યાં અસિદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! જે પર્યાય પૂર્ણ થઈ જાય છે પુરુષાર્થથી ત્યારે તેને સિદ્ધ કહેવામાં આવે છે.

**'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્ય ભગવંતો થયા...'** આહા..હા..! **'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્ય ભગવંતો થયા, જેમણે વીરભગવાનની વાણીના રહસ્યને વિધવિધ પ્રકારે...'** આહા..હા..! દિગંબર સંતો થયા. વીર ભગવાનના શાસનમાં દિગંબર સંતો એ સંતો. આહા..હા..! શ્વેતાંબર છે એ તો પછી નીકળ્યા છે. બે હજાર વર્ષ પહેલાં સનાતન દિગંબર જૈનધર્મમાંથી નીકળ્યા છે. એ જૈનધર્મનું શાસન નથી. આકરી વાત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે ને ? શ્વેતાંબર ને સ્થાનકવાસી પણ જૈન નથી, અન્યમતિ છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'.

મુમુક્ષુ :– દિગંબર....

પૂજ્ય ગુરુદેવશ્રી :– દિગંબર નહિ, વસ્તુની સ્થિતિ એ છે. સત્‌શ્રુતમાં 'મોક્ષમાર્ગ' પણ સત્‌શ્રુત છે. 'મોક્ષમાર્ગ'માં એ કહ્યું છે અને 'અષ્ટપાહુડ'માં પણ કહ્યું છે. **'नागेण'** નગ્નપણું છે કેવળજ્ઞાન સહિતનું વસ્ત્ર રહિત છે એનો મોક્ષ છે. બાકી એ બધા માર્ગ ઉન્માર્ગ છે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! આકરી વાત છે. વસ્ત્ર સહિત જે મુનિપણું માને છે એ ઉન્માર્ગ છે, એ જૈનમાર્ગ નથી. આહા..હા..! ભાઈ ! આવી વાત છે. આકરું પડે લોકોને. આ દિગંબર સંતો, પરંપરા એની વાત છે. શ્વેતાંબર તો બે હજાર વર્ષ પહેલાં દુકાળ મોટો પડ્યો. એમાં દૃષ્ટિ વિપરીત થઈ ગઈ અને પંથ જુદો કાઢ્યો. આહા..હા..! અરે...! કેમ બેસે જગતને ? પક્ષમાં પડ્યા એને આકરી લાગે વાત. એ અહીં પરંપરામાં એ ન લેવાય, એમ કહેવું છે.

**'જૈન વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્ય ભગવંતો થયા...'** આચાર્ય ભગવંતો થયા. આહા..હા..! જેને શુદ્ધઉપયોગ ભૂમિકા પ્રાપ્ત થઈ હતી. આહા..હા..!

એને આચાર્ય ભગવંત કહેવામાં આવે છે, ભાઈ ! આહા..હા..! તેથી આવે છે ને ? ણમો લોએ સવ્વ અરિહંતાણં. પણ ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એવો શબ્દ સિદ્ધાંતમાં છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં એટલો શબ્દ પણ સિદ્ધાંતમાં તો એથી વધારે પાઠ છે. 'ધવલ'માં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સવ્વ સાહૂણં. ત્રણેય કાળમાં વર્તનારા શુદ્ધ ઉપયોગ ભૂમિવાળા. એને અમારો નમસ્કાર છે. આહા..હા..!

'શ્રેણીકરાજા' તીર્થંકર થવાના છે એને પણ નમસ્કાર અત્યારથી થાય છે. છે નરકમાં. 'શ્રેણીકરાજા' નરકમાં છે, ચોરાશી હજાર વર્ષની સ્થિતિ છે. પણ નીકળીને પહેલાં તીર્થંકર થવાના અહીંના. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો પ્રતાપ ! ચારિત્ર નહોતું, વ્રત, તપ નહોતા. આહા..હા..! જેને સમ્યગ્દર્શન શુદ્ધ હતું, ક્ષાયિક સમકિત હતું. આહા..હા..! પણ આયુષ્ય પહેલેથી બંધાય ગયેલું નરકનું એટલે એ તો છૂટે નહિ. આહા..હા..! નરકમાં પણ સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. ત્યાંથી તીર્થંકર ગોત્ર શરૂ કર્યું છે ભગવાનના સમીપમાં, સમવસરણમાં ત્યારથી તીર્થંકર ગોત્ર સમય સમય બાંધે છે. આહા..હા..! નરકમાં રહ્યાં. આહા..હા..!

'શીલ પાહુડ'માં પાઠ નથી ? નરકમાં પણ શીલ છે, ભાઈ ! શીલ છે ન્યાંથી નીકળીને અરિહંતપદ પામશે એવું શીલ છે. શીલ એટલે ? જેને અનંતાનુબંધી ને મિથ્યાત્વનો નાશ થઈ ગયો છે. આહા..હા..! એનું નામ શીલ. એ..ઇ..! એવું શીલ તો નરકમાં પણ છે. 'શીલપાહુડ' છે, 'અષ્ટપાહુડ'. અને તે શીલમાં રહેલા છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદનમાં છે બાકી જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. સાધક છે ને. પૂર્ણ આનંદ સર્વજ્ઞ પરમાત્માને, પૂર્ણ દુઃખ મિથ્યાદૃષ્ટિ જીવને, સમ્યગ્દૃષ્ટિ સાધકને થોડો આનંદ ને થોડું દુઃખ બેય ભેગું હોય છે. આહા..હા..! એ અહીં કહે છે.

મુમુક્ષુ :– એને શુદ્ધોપયોગ કેટલા અંતરાળમાં થાય છે ? પહેલી નરકમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શુદ્ધઉપયોગ પહેલાં ક્યાં છે ? આ મુનિને તો તરત જ શુદ્ધ ઉપયોગ સાતમે થાય.

મુમુક્ષુ :– 'શ્રેણીકરાજા'ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'શ્રેણીકરાજા'ને મુનિ થશે ત્યારે. પણ અત્યારે એ લેખ લેવો

નથી. એ અમારા ખ્યાલમાં વાત છે. એ વિચાર તો બધા આવી ગયા છે. ઉપયોગ થાય ત્યાં પણ ગર્ભમાં આવે ત્યારે ક્યારે થાય એ બહુ ખ્યાલ નથી. આધાર શાસ્ત્ર આધાર જોઈએ ને. આધાર વિના કાંઈ (ન કહેવાય). પરમાત્માના શાસ્ત્રનો આધાર જોઈએ. ત્રણ લોકના નાથ 'કુંદકુંદાચાર્ય' આદિ એમણે બનાવેલા શાસ્ત્રો એના આધાર હોય તો... આહા..હા..! એ વાત છે.

**'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્ય ભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીના રહસ્યને, વીરભગવાનની વાણીના રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.'** આહા..હા..! 'શ્રીમદ્'માં આવે છે ને ? વીસ સત્‌શ્રુત. એમાં અઢાર સૂત્ર એકલા દિગંબરના છે ને એક બે તો .. છે. શ્વેતાંબરનું કોઈ શાસ્ત્ર વીસમાં આવતું નથી. સત્ શ્રુત એ છે, ભાઈ ! આહા..હા..! શાસ્ત્રોમાં ભગવાનની વાણીના રહસ્યને, રહસ્યને, જોયું ? આહા..હા..! **'વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.'** આહા..હા..! પૂર્ણ સ્વરૂપ છે અંદર. એક એક 'સમયસાર', 'પ્રવચનસાર' કોઈ પણ (લ્યો). 'નિયમસાર', 'અષ્ટપાહુડ', 'ગોમ્મટસાર' આદિ બધા ગ્રંથ છે ને. આદિ ઘણા પુસ્તકો 'શ્રીમદ્'માંય નામ આવે છે પાછળમાં. સત્ શ્રુત આને કહેવાય અને એ સત્ શ્રુતના સેવનથી અલૌકિક શાસ્ત્રનું ફળ આવે એને અમૃત આવે. એ શાસ્ત્રનું ફળ કીધું છે. આહા..હા..! ત્યાં શ્વેતાંબરના શાસ્ત્રના નામ નથી આપ્યા.

મુમુક્ષુ :- એ તો વગર કીધે આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વગર કીધે આવે જ નહિ આમાં. આ આવે છે અહીં તો અહીં.

**'વીરભગવાનની વાણીના રહસ્યને...'** રહસ્યને હોં ! આહા..હા..! **'વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્ય...'** આહા..હા..! 'કુંદકુંદાદિ' આચાર્યો. આદિમાં બધા દિગંબર સંત લેવા. શ્વેતાંબર નહિ, ઝીણી વાત છે, ભગવાન ! શું થાય ? આહા..હા..! ભાઈ ! આવું છે બાપુ ! કારણ કે ત્યાં તો દૃષ્ટિ ફેરે આખા શાસ્ત્ર રચાણા છે. ભગવાનને બે માતા-પિતા. ત્રણ કાળમાં હોય ભગવાનને બે માતા-પિતા ? એમાં લખ્યું છે. બ્રાહ્મણ પહેલાં પિતા હતા ને પછી ક્ષત્રિય પિતા થયા. અરે..! હોય ? ભગવાનને બે માતા, બે પિતા ત્રણ કાળમાં ન હોય. તીર્થંકર મલ્લિનાથ થયા, સ્ત્રી તીર્થંકર થયા. બિલકુલ જૂઠી વાત છે. બધું કલ્પીત રચ્યું છે. સત્યની પ્રસિદ્ધિ

તો આ છે. આહા..હા..! ભગવાનને રોગ ઠરાવે છે, ભગવાનને રોગ ઠરાવીને દવા લીધી છે.

મુમુક્ષુ :– સાજા થયા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાજા થયા ને બધા ખુશી થયા. એ બધી કલ્પીત વાતું છે.

મુમુક્ષુ :– આપને પહેલા શંકા પડી હતી, દીક્ષા લેતી વખતે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો લુગડું ફાટ્યું ત્યારે શંકા પડી. એ પણ ... એટલું. દીક્ષા લીધી (સંવત) ૧૯૭૦ના માગશર સુદ ૧૦. આમ ૯ હતી આપણી અને સ્થાનકવાસીની ૧૦. ઓ'લા હાથીને હોદ્દે ચડવા ગયા. મોટી હાથીની દીક્ષા હતી ને. આમ ૬૬ વર્ષ થયા દીક્ષાને. ત્યાં ઊંચા પહેરતા કપડા, અમસ્તા પણ લુગડા ઊંચા પહેરતા. એમાં લુગડું નીસરણીમાં ભરાયને ફાટ્યું. દીક્ષાના દિવસે. કંઈક શંકા પડી આ શું થયું ? આ શું થયું ? એટલો બધો કાંઈ વિચાર આવે નહિ લાંબો પણ શંકા પડી ગઈ. કંઈક ફેર છે. શું છે ?

પાત્રાની વાત (સંવત) ૧૯૭૩ની છે. ૧૯૭૩ ની સાલમાં અમારા ગુરુ હતા ને સંપ્રદાયના ? એ પાત્રા રંગતા હતા. વીસ-પચ્ચીસ પાત્રા રાખે વારા-ફરતી-વારા. બબ્બે કલાક દરરોજ રંગરોગન થાય અને હું તો સ્વાધ્યાય કરું. ઇ ન્યાં રંગતા હોય તો હું તો સ્વાધ્યાય કરું. પછી કહે ભાઈ ! અરે..! પણ 'કાનજી' આ ધ્યાન તો રાખ. કીધું, પણ આ શું ઉપાધિ પાત્રાની ? આ રંગવા ને બબ્બે કલાક. આ ૧૯૭૩ની વાત છે. ત્યારે એટલું બોલ્યા, બહુ ભદ્રિક હતા. 'હીરાજી' મહારાજી બહુ ભદ્રિક. ત્યારે પાત્રા વિનાનો સાધુ ગોતી લાવજે. બાપુ ! સાધુને પાત્રા ન હોય, સાધુને વસ્ત્ર ન હોય, જૈન શાસનમાં એ વાત બધી ગોટાળે ઉઠી છે. આહા..હા..! અહીં તો સત્ય છે એ આ છે, બાપા ! બેય સરખા છે ને બેય માને એ મિથ્યાત્વ, મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..! અહીં જે કહે છે એ દિગંબર સંતોની પરંપરામાં સંતો થયા એણે રહસ્ય ભર્યા છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં આ જ લેવું. શાસનમાં અનેક સમર્થ આચાર્ય ભગવંતો એ આ. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, પૂજ્યપાદ સ્વામી, સમંતભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય.

આહા..હા..! મહા સંતો થઈ ગયા. આભના થોભ જેવા. આહા..હા..!

**‘એવા મુનિઓ આચાર્ય ભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીના રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.’** આહા..હા..! ભાઈ ! આ શાસ્ત્ર કોના લેવા ? આ લેવા. આહા..હા..! દિગંબર સંતોએ કર્યાં શાસ્ત્ર એ શાસ્ત્રની વાત છે આ. આહા..હા..! વાત એવી છે, બાપુ !

**‘કુંદકુંદાદિ સમર્થ આચાર્ય...’** ‘અમૃતચંદ્રાચાર્ય’ ‘કુંદકુંદાદિ’ આહા..હા..! યોગીન્દ્રદેવ પૂજ્યપાદસ્વામી, આહા..હા..! કાર્તિકેયાનુપ્રેક્ષાના રચનારા. આહા..હા..! **‘કુંદકુંદાદિ સમર્થ આચાર્ય ભગવંતોએ...’** આચાર્ય ભગવંતોએ. આ આચાર્ય ભગવાન કહેવાય, બાપુ ! આહા..હા..! અહીં તો અત્યારે કહે, ક્રિયા મહાવ્રત પાળો ને આ કરો એ સાધુપણું. એ મહાવ્રત તો રાગ છે, એ સાધુપણું છે નહિ. મહાવ્રત છે એ તો રાગ છે, વિકલ્પ છે, આસ્રવ છે, બંધનનું કારણ છે. એને ધર્મ ચારિત્ર કહેવું ?

મુમુક્ષુ :- ઇ કહે, અમારા શાસ્ત્રમાં લખ્યું એ સાચું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ખોટું ખોટું. શાસ્ત્ર નથી, એ શાસ્ત્ર સાચા નથી. અહીં આચાર્ય ભગવંતોમાં એ લેવા, દિગંબરના આચાર્યો. આહા..હા..! અને ‘કુંદકુંદાદિ’ આચાર્ય એટલે વર્તમાન ‘અમૃતચંદ્રાચાર્ય’ આહા..હા..! ‘સમંતભદ્રાચાર્ય’ લ્યોને. ચોવીસ તીર્થંકરની સ્તુતિ બનાવી પણ લખ્યું છે કે, ભાઈ ! આ સ્તુતિ છે વિકલ્પાત્મક. ‘સમંતભદ્રાચાર્ય’ ‘અમૃતચંદ્રાચાર્ય’ પહેલાં થયા. એના અર્થ કર્યા છે ભાઈએ. ‘સમંતભદ્રાચાર્ય’ની સ્તુતિ આગમ છે, આગમ. અધ્યાત્મ જુદું. સ્તુતિ આગમમાં ગણાય.

મુમુક્ષુ :- એમાં બે કારણ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- બે કારણની વ્યાખ્યા છે ને, છે ને. નિમિત્ત ને ઉપાદાન બેય છે. ખબર છે બધી. સ્તુતિ છે ને. સ્તુતિમાં તો નિમિત્ત આવે. સ્તુતિ છે તે પરની છે, પરની સ્તુતિમાં રાગ છે. આહા..હા..! અહીંયા ‘સમંતભદ્રાચાર્યે’ બનાવ્યું છે. બાકી શ્વેતાંબરમાં તો ઘણી સ્તુતિ છે. કારણ કે ભગવાનની સ્તુતિમાં એને બધું મનાવવું છે ને. અને ભગવાનના વખાણ એ તો પરદ્રવ્યની સ્તુતિ છે. આહા..હા..! ... ત્રણ લોકના તીર્થંકર સાક્ષાત્ સમવસરણમાં બિરાજે એની સ્તુતિ તો શુભરાગ છે. એ આવશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– લખ્યું છે એ સંવર નથી. શુભજોગ એ આસ્રવ છે. આવશે આમાં આપણે. દ્વૈત અને અદ્વૈત નમસ્કાર. 'પ્રવચનસાર'. કાલે 'પ્રવચનસાર' બપારે શરૂ થશે, આજે આ પૂરું થાય છે. ૩ થી ૪. શરૂઆત હમણાં ઘણા વખતથી કર્યું નથી અને ભાઈએ પણ કીધું, (બીજા ભાઈએ) પણ કીધું. જ્ઞાનપ્રધાન ગ્રંથ છે ને કઈ શૈલી છે. આહા..હા..!

**'કુંદકુંદાદિ સમર્થ આચાર્ય ભગવંતોએ દિવ્યધ્વનિના ઊંડાં રહસ્યોથી...'** સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી 'કુંદકુંદાચાર્યે' તો. ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯ આઠ દિ' રહ્યા હતા ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આહા..હા..! **'આચાર્ય ભગવંતોએ દિવ્યધ્વનિના ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.'** આહા..હા..! બસ, પછી તો વાંચી લેવું. પૂરું થઈ ગયું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**સર્વ વિદ્યામાં આત્માની વિદ્યાને જ પ્રધાન કહેલ છે. તે અધ્યાત્મવિદ્યાનો રસિક વક્તા હોય તે શોભે છે. શસ્ત્ર બનાવવાની વિદ્યા યંત્ર-જંત્ર-તંત્ર આદિ વિદ્યા તે લૌકિક વિદ્યા છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. એની દ્રષ્ટિપૂર્વક સંસારનો રસ જેને છૂટ્યો છે, તે અધ્યાત્મરસનો રસિયો છે. 'પરમાગમસાર' બોલ નં. ૯૭૫.**

**યથાર્થ મુનિના ઉપદેશને કહેવાવાળાઓ હોય અને જૈનધર્મના શ્રદ્ધાળુ હોય એવા વક્તાનો ઉપદેશ શ્રવણ કરવા યોગ્ય છે. પણ મિથ્યાદષ્ટિ હોય શિષ્યનો લાલચુ હોય પૈસાનો લોભી હોય-એવા વક્તાનો ઉપદેશ સાંભળવો નહિ માત્ર ધર્મ ઉપદેશનો દાતા હોય તે પોતાનું અને પરનું ભલું કરે છે. પણ જે કષાય વડે ઉપદેશ આપે છે તે પોતાનું બૂરું કરે છે અને બીજાનું બૂરું થવામાં નિમિત્ત થાય છે. આ પ્રમાણે વક્તાનું સ્વરૂપ છે. 'પરમાગમસાર' બોલ નં. ૯૭૬.**



શ્રી મહાવીર ભગવાન દિગંબર જિનમંદિર, દાદર
સુવર્ણ જયંતી વર્ષ